આધ્યાત્મિક યોગ વિજ્ઞાન

પન્યાસ અરૂણ વિજય મહારાજ

આધ્યાત્મિક યોગ વિજ્ઞાન

પન્યાસ અરૂણ વિજય મહારાજ

✳ પુસ્તકનું નામ : આધ્યાત્મિક યોગવિજ્ઞાન - ભાગ-૧.

✳ પ્રવક્તા અને લેખક : **પ.પૂ. આચાર્ય દેવશ્રી સુબોધસૂરિ મ.**
ના ~~શિષ્યરત્ન પંન્યાસજી~~ શ્રી અરૂણવિજયજી ગણિ. મ.સા.
(રાષ્ટ્રભાષારત્ન, સાહિત્યરત્ન, દર્શનાચાર્ય)

✳ વિષય : અધ્યાત્મનું સ્વરૂપ દર્શાવતુ પુસ્તક

✳ પ્રકાશક : શ્રી મહાવીર રિસર્ચ ફાઉન્ડેશન - મુંબઈ.
શ્રી મહાવીર જૈન સાહિત્ય પ્રકાશન પુષ્પ

✳ આર્થિક સહયોગ : શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘ - મુંબઈ.

✳ નિમિત્ત : વિ.સં. ૨૦૫૪ - વીર સં. ૨૫૨૪ના વર્ષમાં શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘમાં થયેલ ચાતુર્માસ દરમ્યાન યોજાયેલ ચાતુર્માસિક રવિવારીય શિબિરની બપોરની "આધ્યાત્મિક યોગ વિજ્ઞાન" વિષયક પ્રવચનમાળાનું સંકલન... પુસ્તકરૂપે પ્રકાશન.

✳ પ્રતિ - ૧૦૦૦ વિ.સં. ૨૦૫૪ વીર સં. ૨૫૨૪ ઈ.સ. ૧૯૯૭

મૂલ્ય ૫૦ રૂપીયા પૂ. શ્રમણ-શ્રમણિયોને તથા જ્ઞાનભંડારોને ભેંટ અપાશે.

✳ મુદ્રક : રમણિકલાલ સલોત - પ્રભાત બુક બાઈન્ડર, મુંબઈ-૩૩.

: પ્રાપ્તિ સ્થાન :

✳ શ્રી ગોવાલીયા ટૈંક જૈન સંઘ, આરાધનભવન, ખંભાલા હિલ, ઑગસ્ટ ક્રાન્તિ મેદાન, મુંબઈ-૪૦૦ ૦૩૬.

✳ શ્રી મહાવીર રિસર્ચ ફાઉન્ડેશન-વીરાલયમ્ કાત્રજ ઘાટ, પો. આંબેગાવ, ખુર્દ, કોલેવાડી, પુણે-મુંબઈ ને. હાઈવે, દેહુ રોડ, કાત્રજ બાયપાસ, પુણે-૪૧૧૦૪૬.

✳ શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર જૈન ટ્રસ્ટ. હાઈવે, શંખેશ્વર મહાતીર્થ, તા. સમી, જિ. મહેસાણા-ઉ.ગુ.

✳ સરસ્વતી પુસ્તક ભંડાર, હાથી ખાના, રતનપોલ, રિલીફ રોડ, અમદાવાદ-૧.

✳ પાર્શ્વપ્રકાશન, નિશાપોળના નાકે, ઝવેરીવાડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

✳ શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર, ૪૮, વસન્તવિલાસ, ત્રીજે માળે, ડૉ. ડી. ડી. સાઠે માર્ગ, પ્રાર્થના સમાજ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

✳ રમણિકલાલ સલોત, ૨૦૪/એ, શ્રીપાલ નગર, ૧૨, હાર્કનેસ રોડ, મુંબઈ-૬.

સમર્પણ....

જેમની અસીમ કૃપાથી આ ભવસાગર
તરવાનો પંથ મળ્યો...
જેમની કૃપાથી શાસ્ત્રોમાં ચંચુપાત
કરવાનું સંભવ બની શક્યું...

એવા

સંયમદાતા પૂ. સ્વ. ગુરૂદેવ
પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય સુબોધસૂરિ મ.સા.
ના ચરણાવિન્દમાં...
પુષ્પાંજલી....
જ્ઞાનાંજલી રૂપે...
પ્રસ્તુત પુસ્તક સાદર સમર્પણ
કરતા..... ગૌરવ અનુભવું છું.

- પં. અરૂણવિજય મ.

વિ...ષ...યા...નું...ક્ર...મ...ણિ...કા...

ક્રમ	વિષય	પાના નં.
૧.	લેખકના મનોભાવ	૫
૨.	પ્રકાશકીય નિવેદન	૬
૩.	પ્રાસ્તાવિકમ્	૭
૪.	ચાતુર્માસની આછેરી ઝલક	૧૦
૫.	ધ્યાન-યોગ-સાધના કેન્દ્ર	૧૫
૬.	આધ્યાત્મિક જીવન	૧
૭.	સંસાર સ્વરૂપ	૫૪
૮.	આત્મદ્રવ્ય વિચાર	૧૦૦
૯.	ભવ-વૈરાગ્ય અધિકાર	૧૨૮
૧૦.	યોગ દૃષ્ટિયોનો ક્રમિક વિકાસ	૧૫૫

ક્ષમાપના

સર્વજ્ઞપરમાત્માના અગાધ જ્ઞાનના સિંધુમાંથી સ્વમતિમાં સમાય એટલું બિંદુ પણ પ્રસ્તુત કરતા... જિનાજ્ઞા વિરુદ્ધ સર્વજ્ઞ સિદ્ધાન્તથી વિરૂદ્ધ અંશ માત્ર કંઈ લખાઈ ગયુ હોય તો તે બદલ ત્રિવિધે... ત્રિવિધે અંતઃકરણપૂર્વક મિચ્છામિદુક્કડં પૂર્વક ક્ષમા યાચુ છું. ગીતાર્થ જ્ઞાની ભગવંતો ત્રુટિતરફ ધ્યાન દોરીને સુધારો કરાવે તેવી વિનંતિ કરૂં છું.

લેખકના મનોભાવ

આત્મા માટે ધર્મ સિદ્ધાન્ત અને દર્શન શાસ્ત્રનું તત્ત્વજ્ઞાન અત્યંત ઉપયોગી છે, જ્યારે વિજ્ઞાનના સાધનોની ભરમાર શરીર માટે સુખ સામગ્રીઓની વણઝાર ઊભી કરે છે. પરંતુ આશ્ચર્ય અને અફસોસ એ વાતનો છે કે... આટલી સુખની સાધન-સામગ્રીઓની વચ્ચે ભોગવિલાસી જીવન જીવવા છતાં પણ સમસ્ત માનવ જાતિ દુઃખી છે. અસંતુષ્ટ છે. અશાન્તિ અને અસલામતીનો રોજ અનુભવ કરે છે. યંત્ર યુગના વિજ્ઞાને માનવ જાતિને સેંકડો યંત્ર સાધનો આપ્યા પરંતુ સાથે સાથે અનેક રોગો, દુઃખોને પણ વારસામાં આપી દીધા છે. પરિણામે મૃત્યુ પણ સરલ અને આસાન બની ગયું છે. બાહ્ય દૃષ્ટિએ સુખ-સમ્પત્તિ અને સમૃદ્ધિ દેખાવા છતાં પણ આંતરિક કક્ષાએ અધીરો અને બેબાકળો બનેલો આજનો માનવ સુખ-શાંતિ માટે હવાતિયાં મારતો હોય છે. ત્યારે ખરેખર ભાવદયાને પાત્ર બનતો હોય છે. આધ્યાત્મિકતાની દિશા માનવીને જડતી નથી. પરિણામે સાચા સુખ-શાંતિ પણ મળતા નથી.

આવી જ કોઇ ભાવદયાના ઉંડાણમાંથી પ્રસ્તુત પુસ્તકનો જન્મ થયો છે. યોગાનુયોગ રાજસ્થાનથી વિહાર કરી મુંબઇ આવવાનું થયું. મધ્ય મુંબઇમાં ૫ શિખરી, ૭ ગભારા, બેમાળી વિશાળ મારબલનું જિનાલય તથા ૫ મંજિલી ઉપાશ્રયાદિ ધર્મસ્થળોથી શોભતા શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘની આગ્રહભરી વિનંતિથી શ્રી સંઘના આંગણે વિ. સં. ૨૦૫૩નું ચાતુર્માસ થયું. શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘે ચાતુર્માસિક ૧૫ રવિવારીય ધાર્મિક શિક્ષણ શિબિરનું યુવા પેઢી માટે સુંદર આયોજન કર્યું હતું. તેમાં ૧૫ રવિવાર સુધી બપોરે ''આધ્યાત્મિક યોગ-વિજ્ઞાન'' વિષયક પ્રવચનમાળા ચાલી, સચિત્ર પ્રવચનોની હારમાળામાં મુખ્યત્વે આધ્યાત્મિક યોગના વ્યાખ્યાનો થયા. પ્રાચીનકાલીન પૂ. હરિભદ્રસૂરિ મ., પૂ. હેમચંદ્રાચાર્ય મ., પૂ. મહોપાધ્યાય યશોવિજયજી મ. આદિ, ના યોગ દૃષ્ટિસમુચ્ચય, યોગ વિંશિકા, યોગબિંદુ, યોગશાસ્ત્ર, અને અધ્યાત્મસાર આદિ અનેક ગ્રંથોનો આધાર લઇને વાચનામાળાનું સંકલન કર્યું.

વર્તમાન ભોગવિલાસી અતૃપ્ત માનવીને અધ્યાત્મની સાચી દિશાનું ભાન કરાવવા તેમજ યોગ માર્ગ માત્ર દેહલક્ષી નહીં પરંતુ આત્મલક્ષી, મોક્ષલક્ષી છે એ દૃષ્ટિપથમાં લાવવાની દૃષ્ટિથી ''આધ્યાત્મિક યોગ વિજ્ઞાન'' વિષયક પ્રવચનોને લખવાની શરૂઆત કરી. વિષયોની સંકલના ના આધારે દીર્ઘકાય ગ્રંથ બનવાની સંભાવના લાગી. શ્રી મહાવીર રિસર્ચ ફાઉન્ડેશન-વીરાલયમ્-પુનાની સંશોધક સંસ્થા જે ધ્યાન-યોગ-સાધનાની દિશામાં કાર્યરત થવા આગળ વધી રહી છે તેણે આ ગ્રંથની મુદ્રણ વ્યવસ્થા ગોઠવી. શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘે જ્ઞાનખાતામાંથી આર્થિક સહયોગ પુરો પાડી આ સ્વપ્ન સાકાર કર્યું છે. પરિણામે પ્રથમ ભાગ વાચક વર્ગના કર કેમળમાં ઉપલબ્ધ થઇ શક્યો છે. દ્વિતીય-તૃતીય ભાગ પણ અલ્પ કાળમાં પ્રગટ થશે. વાચક વર્ગ વાંચન-મનન-ચિંતન કરીને સાધનાની દિશામાં આગળ વધે, અને મોક્ષાભિમુખ બનવામાં આ ગ્રંથને સાર્થક નિમિત્ત બનાવે તેમાં જ સફળતાની પ્રાપ્તિનો આનંદ અનુભવાશે.

આરાધના ભવન, ગોવાલીયા ટેંક, મુંબઇ. **—પં. અરૂણવિજય મહારાજ**

૨૪-૧૧-૯૭

પ્રકાશકીય નિવેદન-

''શ્રી મહાવીર રિસર્ચ ફાઉન્ડેશન''-વીરાલયમ્ પુનાની સંસ્થાનો જૈન શાસનની ક્ષિતિજ ઉપર નવો જ ઉદય થયો છે. જૈન શ્રમણ સંઘના જાણીતા તત્ત્વજ્ઞ, ચિંતક, લેખક અને પ્રવચનકાર પ.પૂ. પંન્યાસ શ્રી અરૂણવિજયજી ગણિવર્ય મહારાજની પ્રેરક પ્રેરણા,સદુપદેશ, તથા માર્ગદર્શનાનુસાર આ સંસ્થાનનો ઉદય થયો છે. સેવા-શિક્ષા અને સાધનાનું મુખ્ય લક્ષ્ય-ઉદ્દેશ્ય લઈને વિશ્વસ્તરીય કેન્દ્ર નિર્માણ થઈ રહ્યું છે. જેમાં યોગ-ધ્યાન-અને સાધનાની દિશામાં મુખ્ય કાર્ય થશે.

વર્તમાન તનાવ યુગમાં જીવતા માનવીને માનસિક શાંતિ મળે, અને રોગોની વૃદ્ધિના કાળમાં સરળતાથી સ્વસ્થતા પ્રાપ્ત થાય, તેમજ જ્ઞાન-ધ્યાનની સાધના પણ પ્રાપ્ત થઈ શકે તે માટે આ સંસ્થા કાર્યરત થઈ રહી છે. શ્રી સર્વજ્ઞ ભગવંતોએ આ જગત ઉપર અનંતગણો ઉપકાર કર્યો છે. અજ્ઞાનના અંધારામાં રાચતા જીવોને સાચું જ્ઞાન આપ્યું છે. આજે પણ આપણને કંઈજ મહેનત ન કરવી પડે અને સરલતા-સહજતાથી મળી જાય એટલો ઉંચો જ્ઞાનનો ભંડાર આપી ને ગયા છે. આ જ્ઞાન-ધ્યાનના વારસાને ભાવિ પેઢીના જીવો સુધી પહોંચાડવા માટે સંશોધન કરીને નવનીત પ્રગટ કરવાનું કાર્ય આ સંસ્થાએ હાથ ધર્યું છે.

ભૌતિક યુગના વર્તમાન ભોગવિલાસી જીવનવાળા માનવીને આધ્યાત્મિક ઓપ આપવા માટે સર્વજ્ઞ પ્રણીત આધ્યાત્મિકતાને સરલ ગુજરાતીમાં સચિત્ર શૈલીએ રજૂ કરવા પૂ. પંન્યાસ શ્રી અરૂણવિજયજી ગણિવર્ય મહારાજે ''આધ્યાત્મિક યોગ-વિજ્ઞાન'' નામની પુસ્તક લખી છે. તેના પ્રથમ ભાગનું આજે પ્રકાશન કરતા અમેં ગૌરવ અનુભવીએ છીએ. ભાગ બીજા અને ત્રીજાનું પ્રકાશન પણ થોડા સમયમાં થશે. વર્તમાન ભૌતિક ભોગવિલાસી યુગમાં આધ્યાત્મિકતાની અત્યંત આવશ્યકતા છે. સૌ કોઈ આ વાત સ્વીકારશે. એના ઉપાયમાં આવા ગ્રંથો જ વિકલ્પ પુરું પાડી શકશે. ઉંચું જ્ઞાન અને ધ્યાનનું સ્વરૂપ જ વર્તમાન કાળના માનવીને દિશા સૂચન કરી શકશે.

પૂ. પન્યાસ શ્રી અરૂણવિજયજી મહારાજ, મુનિ શ્રી ધનપાલવિજયજી મ. તથા **મુનિશ્રી હેમન્તવિજયજી મ.** આદિઠાણાનું વિ. સં. ૨૦૫૩ વીર સં. ૨૫૨૩ (ઇ.સ. ૧૯૯૭)ની સાલનું ચાતુર્માસ શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘે આરાધના ભવન-મધ્ય મુંબઈમાં કરાવ્યું હતું. દર રવિવારે બપોરે ''આધ્યાત્મિક યોગ-વિજ્ઞાન'' વિષયક પ્રવચનમાળા ચાલી હતી. તેમાં સચિત્ર વાચનાના પ્રવચનો પૂજ્યશ્રીએ આપ્યા હતા, અને તેનું લેખન કાર્ય પણ પૂજ્ય શ્રીએ કર્યું હતું. **પૂ. મુનિશ્રી હેમંતવિજયજી મહારાજે** પ્રુફ સંશોધન કરી આપ્યું અને સેવાભાવી કાર્યકર્તા **શ્રી રમણિકભાઈ રામચંદ સલોતે** વૃદ્ધાસ્થાની ઉંમરે છાપકામમાં અમૂલ્ય સાથ આપ્યો, તેમજ મલ્ટી ગ્રાફિક્સ પ્રેસે છાપી આપ્યું તે બદ્દલ સર્વેના અમેં આભારી છીએ. શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘે-જ્ઞાનખાતામાંથી આર્થિક સહયોગ આપી આ પ્રકાશન સંભવ બનાવ્યું છે તે બદ્દલ શ્રી સંઘને અભિનંદન. વાચક વર્ગ, તેમજ સાધકવર્ગને પ્રસ્તુત પ્રકાશન ઉપયોગી થશે એ જ અભ્યર્થના.

વીરાલયમ્-કાત્રજ ઘાટ. ૨૫-૧૧-૯૭ **-શ્રી મહાવીર રિસર્ચ ફાઉન્ડેશન**
કોલેવાડી-પુના-૪૬. -: ટ્રસ્ટ મંડળ :-

પ્રા...સ્તા...વિ...ક...મ્...

–પંન્યાસ અરૂણવિજય મહારાજ

વર્તમાન યુગમાં યોગના વિષયમાં જિજ્ઞાસા જાગેલી જરૂર દૃષ્ટિગોચર થાય છે. પરંતુ ક્ષુધાતુર માણસ વિવેક ભૂલીને ગમે તે ખાઈને ભૂખને સંતોષવા મહેનત કરે તો કદાચ આરોગ્ય ને નુકશાન થવાની સંભાવના વધે છે. યોગ-ધ્યાનના વિષયમાં પણ કંઈક એવું જ થયું છે એ પ્રત્યક્ષ દેખાય છે. સૌથી મોટી ભૂલ વર્તમાન કાળના માનવીની એ થઈ છે કે એને અધ્યાત્મથી યોગ-ધ્યાન સાધનાને છૂટા પાડી દીધા છે. અધ્યાત્મની આવશ્યકતા નથી લાગતી આજના માનવીને. માટે તેને સર્વથા ગૌણ બનાવી દીધું છે. વાત પણ સ્વાભાવિક છે. વિજ્ઞાનવાદના યંત્રયુગે માનવજાતને ભૌતિક સુખ-સાધનોની ભરમાર ખૂબ ઉભી કરી આપી છે. સુખની સાધન-સામગ્રીઓ અત્તિશય પ્રમાણમાં વધારી દીધી હોવાના કારણે માનવી વધુ ને વધુ વિલાસી-સુખશૈલીયા જીવન જીવવાની દીશામાં ઢળતો જાય છે. ભોગવાદમાં એટલો બધો લિપ્ત થઈ ગયો છે કે... આજના માનવીને નથી તો આત્માની ચિંતા કે નથી તો પરલોક, પરભવની ચિંતા નથી કોઈ પાપકર્મની ચિંતા કે નથી વર્તમાન જન્મ બગડે એની ચિંતા. ભોગની આસક્તિ એટલી વધારે છે કે... અધ્યાત્મ પણ એક માર્ગ છે તેને ઓળખવા જાણવા પણ તૈયાર નથી. એકમાત્ર સુખ મળે ને દુઃખ ટળે આ જ રટણ ચાલ્યા કરે છે. દુઃખ ટાળવાની ચિંતા અને સુખ મેળવવાની ચિંતા એટલી બધી વધારે છે કે માનવીની સ્થિતિ હિમાલયની નીચે દટાયેલા જેવી લાગે છે. સુખ અને તેના ભૌતિક સાધનો-સામગ્રીઓ મળી જાય તો પછી તેને ભોગવવાની લાલસા ખૂબ વધી જાય છે. ભોગો ન ભોગવાય, ઈચ્છા પૂરી ન થાય. અને રોગો, ચિંતા આપત્તિ વિઘ્નો કે દુઃખો વધી જાય તો સમસ્યા ઉભી થઈ જાય છે. અને સહનશક્તિ, ગંભીરતા ધીરજ આદિ એટલી હદ સુધી ખૂટી ગયા છે કે હવે ફરી સમતોલપણું લાવવું આકાશને આંબવા જેવું લાગે છે.

ભૌતિકવાદની પ્રાધાન્યતાવાળા આજના કળીયુગમાં ધન-પૈસાની કીંમત-મહત્ત્વ એટલી હદે વધી ગયા છે કે એની સામે માનવની કિંમત સાવ વામણી લાગે છે. પૈસાનું મહત્ત્વ એટલી હદ વટાવતું જઈ રહ્યું હોવાના કારણે માનવ ધનની પાછળ આંધળી દોટ મૂકતો જાય છે. આ રેસમાં પૈસો આગળ અને માનવ પાછળ એવી હરિફાઈ ચાલી રહેલી સ્પષ્ટ ભાષે છે. આવી સ્થિતિમાં અર્થોપાર્જનનો પુરૂષાર્થ એક ભગીરથ પ્રયાસ જેવો લાગે છે. એની સાથે ધર્મ-મોક્ષ પુરુષાર્થના શબ્દો ત્રો કદાચ શોધ્યા પણ જડતા નથી. અર્થ અને કામના પુરુષાર્થની ખૂબ બોલબાલા છે. આવી સ્થિતિમાં ''હાર્યો જુગારી બમણું રમે'' એવી પરિસ્થિતિમાં માનવી આવી ગયો છે, એમાં યોગ-ધ્યાનનો આશરો વર્તમાન માનવ લેતો જાય છે. હકીકતમાં યોગ-ધ્યાન-સાધના અને અધ્યાત્મ એ તૃપ્ત-સંતુષ્ટ અને ધરાઈ ગયેલા માનવીનો માર્ગ છે. અધીરા, અસંતુષ્ટ અને ભોગાસક્ત માનવીનો માર્ગ જ નથી. વાસના અને વિલાસિતા જેના મનમાં સદા રમતી રહેતી હોય એવા જીવો આધ્યાત્મિક યોગ માર્ગ

માટે અયોગ્ય-અપાત્ર ઠરે છે. અધ્યાત્મનું કામ જ જીવોને ધ્યાન-યોગ માર્ગ ઉપર આગળ વધવા યોગ પાત્ર બનાવવાનું છે. અધ્યાત્મ મમતા ઘટાડીને સમતા લાવવાનું કામ કરે છે. રાગ ઓછો કરાવી વૈરાગ્ય અને ત્યાગ વધારવાનું કામ કરે છે. સંસાર ભાવ નાબૂદ કરવાનું સૂચન કરી મોક્ષાભિમુખ થવાનું લક્ષ્ય પકડવાનું શીખવાડે છે. પાપ ભીરૂ બનાવી પાપના ત્યાગની દિશામાં લઇ જાય છે. અધ્યાત્મસાર આદિ યોગના પ્રતિપાદક ગ્રંથોમાં પૂ. મહોપાધ્યાયજી મ. આદિ મુખ્યરૂપે વર્ણવે છે.

''मुक्खेण जोयणाओ जोगो'' યોગવિંશિકા ગ્રંથની શરૂઆતની આ વ્યાખ્યા જ યોગનો મોક્ષલક્ષી અર્થ આપે છે. યોગનો ભોગલક્ષી અંર્થ જ ક્યાંય નથી. જ્યારે વર્તમાન કળીયુગના સેંકડો-લાખો લોકો યોગને દેહલક્ષી-મનોલક્ષી બનાવતા જાય છે. યોગને માત્ર રોગ નિવૃત્તિકારક, આરોગ્યપ્રદ માર્ગ, અથવા ચિંતા, શોક, વિષાદ ને દૂર કરવાના આધારભૂત માર્ગ તરીકે જ ઉપયોગ કરવા માંગે છે તે ઘણી મોટી ભૂલ છે. અને યોગ માર્ગનું અવમૂલ્યન છે. પાશ્ચાત્યોના હાથમાં યોગ-ધ્યાન સાધનાની પદ્ધતિ ગઇ, એમની પાસે અધ્યાત્મ માર્ગ ન હોવાના કારણે તેમજ આત્મા-પરમાત્મા અને મોક્ષનું દર્શન, તત્ત્વજ્ઞાન વગેરેનો સર્વથા અભાવ હોવાના કારણે એમણે યોગ-ધ્યાન માર્ગનો માત્ર શારીરિક, શરીરલક્ષી, અને મનલક્ષી ઉપયોગ જ વધારે કર્યો, અને ત્યાંથી આ યોગ માર્ગના પુસ્તકો વગેરે લખીને અનેક રીતે પ્રચાર-પ્રસાર કરીને વિસ્તાર્યો. પરિણામે ભારત જેવા આર્યદેશનો અહીંનું જ યોગ-ધ્યાન સાધનાનું આ દર્શન, આ માર્ગ પરદેશથી અહીં આવ્યો. અને અહીંનો મૂળ સિદ્ધાંત ગૌણ થઇ ગયો. જેમ વ્યાપારક્ષેત્રે કપડાલત્તા આદિ-ઘણી વસ્તુઓ જે ભારતમાં બનતી હોય છે તે વ્યાપારીઓ અહીંથી પરદેશ મોકલે અને ત્યાંથી તે લોકો ત્યાંની છાપ મારીને પાછી અહીં મોકલાવે એટલે તે કપડાલત્તા આદિ વસ્તુઓથી પરદેશીના મોહવાળા સામાન્ય લોભીયા લોકો જેમ ફસાય છે. તેવું જ કંઇક યોગ માર્ગમાં થયું છે.

વિદેશની ધરતી ઉપર જ્યાં માત્ર અર્થ અને કામ પુરુષાર્થની જ પ્રધાનતા છે. ધર્મ અને મોક્ષ પુરુષાર્થનું તો નામ સુદ્ધા ન જાણનારા પરદેશીઓ અર્થ-કામ સાધતા-સાધ્તા કાયબળ અને મનોબળ સર્વથા ખોઇ બેઠા ત્યારે તેમને હવે યોગમાર્ગ, ધ્યાન માર્ગ તરફ આશાની કિરણ દેખાણી અને એમ લાગ્યું કે યોગ આસન-પ્રાણાયામાદિ માર્ગથી રોગો મટશે, અને આરોગ્ય સારૂ પ્રાપ્ત થશે. તેમજ ધ્યાનમાર્ગથી માનસિક શોક, વિષાદ અને ચિંતા મટશે, ઘટશે અને માનસિક સુખ-શાન્તિની પ્રાપ્તિ થશે. પરિણામે સ્વસ્થતા સાધી શકાશે. અને સંસારના સુખ-ભોગો ભોગવી શકાશે. આવી મનોવૃત્તિવાળા પરદેશીઓની છાપ ભારતીય યોગ-ધ્યાનના માર્ગને લાગી, અને પછી ત્યાંના રંગે રંગાયેલો આ યોગ-ધ્યાનનો માર્ગ વાજતે-ગાજતે આપણા દેશમાં આવે ત્યારે કેટલો વિકૃત લાગે? કેટલો અશુદ્ધ લાગે?

ખરી રીતે અધ્યાત્મ આ યોગ-ધ્યાન માર્ગનો આત્મા છે. કેન્દ્રબિંદુ છે. આવા અધ્યાત્મ માર્ગનું પરદેશની ધરતી ઉપર નામ-નિશાન પણ નથી. ભોગવાદની બોલબાલા છે. માટે જ તે પરદેશી પ્રજાને યમ-નિયમ સહેજે નથી ગમતા. અને અષ્ટાંગ, યોગની પ્રક્રિયામાં પ્રથમ

પ્રવેશ દ્વાર જેવા યમ-નિયમના બે સોપાનોં મૂક્યા છે. તે બંને પગથિયા ચઢ્યા વગર આગળના સોપાનોં ઉપર જઇ શકાય તેમ નથી. સંભવ નથી. તેમ છતાંપણ લોકો યમ-નિયમ વગર આગળ વધવા મથે છે... તેઓ હકીકતમાં યોગ-ધ્યાન સાધનાના માર્ગનો પૂરો લાભ-ફળ મેળવી શકતા નથી. પછી પસ્તાય છે. પછી દંભ થાય છે. અમે યોગી-ધ્યાની છીએ નો માત્ર ડોળ જ કરે છે. પરિણામ વિહોણા રહી જાય છે. થોડીક માનસિક શાન્તિ ને જ મોટી ઉપલબ્ધી માનીને નાચવા માંડે છે. આવી જ વિચારસરણીમાંથી વિપશ્યનાનો જન્મ થયો છે. એવું આજે સ્પષ્ટ લાગી રહ્યું છે.

જૈન દર્શનનો મૂળ પાયો અધ્યાત્મ ઉપર હોવાના કારણે અહીં ભોગમાર્ગને સ્થાન નથી, ત્યાગ માર્ગને પ્રધાનતા આપવામાં આવી છે. મોક્ષના ચરમ લક્ષ્યને સાધવામાં અધ્યાત્મ પ્રધાન યોગ-ધ્યાન સાધના જ એકમાત્ર સહાયક છે. ઉપયોગી છે. તે વિનાની મોક્ષમાર્ગ તરફ આગળ લઇ જનારી નથી. જેવી કે વિપશ્યના પદ્ધતિ મોક્ષ માર્ગ તરફ એક ડગલું પણ આગળ લઇ જનારી નથી. તેમ છતાં પણ ભોગાસક્ત, અને તન-મન્નના રોગાસક્ત જીવો માટે તાત્પુરતી રાહત આપનારી લાગવાથી તેને પણ અજમાવવામાં આવે છે. વર્તમાન અધીરા જનમાનસનું મન અખતરા અને પ્રયોગો કરવામાં ટેવાયેલું છે. પહેલા ભાન ભૂલે છે, સાચા સમ્યગ્ જ્ઞાન માર્ગથી વિચલિત થઈને દિશા ભૂલે છે, અને પછી જે મળ્યું તે ઠીક, જેવું મળ્યું તેવું ચાલશે. એના મૂળતત્ત્વ અને તથ્ય સુધી પહોંચવા જેટલી ધીરજ પણ નથી. માત્ર ઉપર છલ્લી રીતે જ તાત્પુરતો લાભ મેળવીને આનંદ માનીને રહી જાય છે.

પૂ. હરિભદ્રસૂરિ મહારાજે યોગદૃષ્ટિ સમુચ્ચયમાં, યોગબિંદુ, યોગવિંશિકા, પૂ. હેમચંદ્રાચાર્ય મહારાજે યોગશાસ્ત્રમાં, પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે અધ્યાત્મસારમાં, જ્ઞાનાર્ણવ આદિ ગ્રંથોમાં સર્વજ્ઞ દૃષ્ટિએ જે અધ્યાત્મ યોગ, ધ્યાન સાધનાનું સ્વરૂપ વર્ણવ્યું છે તે ગ્રંથોના આધારે પાયાના આધારભૂત પદાર્થોને લઈને પ્રસ્તુત પુસ્તકમાં અધ્યાત્મ માર્ગ વર્ણવવાનો પ્રયાસ કર્યો છે. દીર્ઘકાય ગ્રંથ બનવાના ભયથી તેના ૩-૪ ભાગો પાડીને પ્રકાશન કરવાની વ્યવસ્થા હોવાના કારણે આ પ્રથમ ભાગમાં અધ્યાત્મનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું છે. જેથી સંસારી જીવોનો અભિગમ બદલાય અને સાચી દિશાતરફ વળી શકે, ભોગ માર્ગથી વિમુખ થઈને યોગમાર્ગ સન્મુખ થઈ શકે. પ્રથમ અધ્યાત્મનો પાયો મજબૂત થઈ શકે. અને પછી આ પાયા ઉપર યોગમકાનનું ચણતર થાય તો કલ્યાણ થાય. આ દૃષ્ટિથી આ પ્રસ્તુત પુસ્તક પ્રથમ ભાગ રૂપે જિજ્ઞાસુઓના કર કમળમાં મૂકતા હું આનંદ અનુભવું છું. આશા રાખું છું કે... વાચક સંતુષ્ટ થશે.

ચાતુર્માસની આછેરી ઝલક...

વિશ્વના અનેક ભોગવાદી ધર્મો-મતો, સંપ્રદાયો અને પંથોની વચ્ચે જૈન ધર્મ ત્યાગલક્ષી બનીને હજારો વર્ષોથી આજ સુધી પણ અડીખમ ઉભો છે. તપ ત્યાગના પાયા ઉપર જેની ઈમારત ચણાઈ છે એવા જૈન શાસનના અણગાર સાધુ-સાધ્વીજીઓ ખરેખર શાસનના શણગાર છે. ત્યાગ-તપની જીવંત મૂર્તિઓ છે. માટે જ જૈન ધર્મનાં કેન્દ્રમાં શ્રમણો પ્રધાન છે. તેથી જ શ્રમણ સંઘની કહેવાય છે. શ્રાવક-શ્રાવિકા જેવો ગૃહસ્થ વર્ગ પણ શ્રમણ અને શ્રમણિઓને કેન્દ્રમાં રાખીને ધર્મારાધના કરતો હોય છે. સાધુ સ્વયં સાધક બને અને સાધના કરતા-કરતા બીજાઓને પણ સાધના કરાવતા જાય એ રીતે સાધનાનો માર્ગ પ્રસરતો જાય અને જીવોનો આ સંસાર સાગરમાંથી નિસ્તાર થાય એ જ ઈચ્છનીય છે.

મુંબઈ નગરીના મધ્યવર્તી વિસ્તાર ગોવાલિયા ટેંકમાં ઘણા વર્ષોની જહેમત પછી પાંચ શિંખરી, સાત ગભારાવાળા બે માળી મારબલના ભવ્ય વિશાળ જિનાલયવાળા મહાન પ્રાસાદમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાદિ ભગવાનોના ભવ્ય જિનબિંબો સુપ્રતિષ્ઠિત છે. દીવડાઓના પ્રકાશનું સુંદર વાતાવરણ ભક્તોને શાંતિ અપાવે છે. પાસે જ આરાધનાર્થે પાંચ માળનો ભવ્ય ઉપાશ્રય છે. આયંબિલશાળા, પાઠશાળા આદિથી સુશોભિત શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘના આંગણે વર્ષોથી અનેક પૂજ્ય જ્ઞાની ગીતાર્થ મહાપુરુષોના ચાતુર્માસો થતા રહ્યા છે.

ચાતુર્માસની આ શ્રૃંખલામાં વિ.સં. ૨૦૫૩, વીર સં. ૨૫૨૩-૨૪માં વર્ષના ચાતુર્માસાર્થે શ્રી સંઘની વિનંતિને માન આપીને પ.પૂ. સ્વ. આચાર્ય દેવ શ્રી ભક્તિસૂરિ મ. સા.ના સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રી પ્રેમસૂરિ મ. સાહેબે પૂ. પંન્યાસ પ્રવર શ્રી અરૂણવિજયજી ગણિવર્ય મહારાજ આદિ ઠાણાને ચાતુર્માસાર્થે અમારા સંઘના આંગણે મોકલાવી મહાન ઉપકાર કર્યો છે. પૂજ્ય પંન્યાસજી મહારાજ રાજસ્થાનમાં ફાલના મુકામે અંજનશલાકા-પ્રતિષ્ઠા કરાવી રહ્યા હતા. ત્યાંથી વિહાર કરી રાજસ્થાન, ગુજરાત, અને મહારાષ્ટ્રમાં વિચરતા-વિહાર કરતા કરતા... જ્ઞાન અને ધ્યાનની અનેક શિબિરો યોજી શાસન પ્રભાવના કરતા કરતા. અમારા સંઘના આંગણે પધાર્યા સાથે-સાથે પૂ. કેશરસૂરિ મ.ના સમુદાયના સાધ્વીજી શ્રી કુસુમશ્રીજી મ. આદિ સાધ્વીવૃંદ પણ પધાર્યા અષાઢ શુદિ આઠમે ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયો. શ્રી સંઘમાં આનંદ-ઉત્સાહનું વાતાવરણ સર્જાયું.

ખરેખર ચાતુર્માસ એ ધર્મની મૌસમ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ-તપશ્ચર્યા વગેરેની આરાધના સામૂહિકરૂપે કરવાનો ઉલ્લાસ-આનંદ વધુ આવે છે. ગુરૂમુખે પ્રવચનોં શ્રવણ કરવાનો, વાચના આદિનો લાભ વધારે મળે છે. શ્રી સંઘમાં એક પછી એક આરાધનાઓ શરૂ થઈ તેની કેટલીક કડીબદ્ધ તવારીખ આ પ્રમાણે છે.

પંચસૂત્રની વાચના–પંચસૂત્રના પ્રથમ સૂત્ર ઉપર ચારે મહિના રોજ સવારે ૬.૩૦ વાગે પૂજ્ય શ્રી વાચના આપતા હતા. અત્યંત તાત્ત્વિક-સાત્વિક અને વૈરાગ્યમયી વાણીમાં પૂજ્યશ્રી પંચસૂત્ર સમજાવી ધ્યાન સાધના પદ્ધતિ પણ શીખવાડતા હતા. અનેક ભાવિક જિજ્ઞાસુઓ વહેલી પરોઢે પણ દોડતા આવતા હતા.

શ્રી આચારાંગ તથા વિપાકસૂત્ર વાંચન—૪૫ આગમોમાં જે ૧૧ અંગ સૂત્રો વર્ણવ્યા છે તેમાંના પ્રથમ આચારાંગ સૂત્ર-(અંગસૂત્ર)ના ''લોક વિજય'' અધ્યયન ઉપર પૂ. પંન્યાસ શ્રી અરૂણવિજયજી મહારાજે તાત્વિક પ્રવચનો શરૂ કર્યા. મોહનું સ્વરૂપ કેવું હોય છે. તે બ્લેક બોર્ડ ઉપર ચિત્રો દ્વારા સમજાવીને સ્પષ્ટ કર્યું હતું. સાથે સાથે ભાવનાધિકારે અમારા ટ્રસ્ટ મંડળના આગ્રહથી ૧૧મું અંગસૂત્ર શ્રી વિપાસૂત્ર પણ વાંચ્યું. એમાંના કેટલાક ચરિત્રો રજૂ કરતા ખાસ કર્મસિદ્ધાંતની પ્રક્રિયા ઉપર ખૂબ છણાવટ કરીને સમજાવ્યા હતા. ખરેખર આવા પ્રવચનો સૂતેલા આત્માને જગાડનારા હતા.

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુની સામૂહિક તપશ્ચર્યા—અમારા શ્રી સંઘના જિનાલયમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાને પધાર્યાને ૨૫ વર્ષ પૂરા થતા હતા, તેમજ નૂતન જિનાલયમાં બિરાજમાન થયાને ૨ વર્ષ થયા... સકળ શ્રી સંઘમાં ૧૦૮ પાર્શ્વનાથ ભગવંતોની સામૂહિક તપશ્ચર્યા પૂ. ગુરૂભગવંતોની નિશ્રામાં શરૂ થઈ હતી. લગભગ ૧૩૫ આરાધકો એમાં જોડાયા હતા. ૪૧ દિવસની આ તપશ્ચર્યામાં પારણાના બધા બિયાસણાં શ્રી સંઘના વિવિધ મહાનુભાવો તરફથી કરાવવામાં આવ્યા હતા. જાપ-આરાધના આદિ સુંદર થતી ગઈ. સામૂહિક આરાધનાનું માહોલ કંઈક અનોખું જ હોય છે. આ તપની સ્મૃતિમાં શ્રી સંઘ તરફથી ભારત ભરના ૧૦૮ પાર્શ્વનાથ ભગવંતોનું એક સુંદર રંગીન દર્શનીય ચિત્રપટ બધાને દર્શનાર્થે ભેટ આપવામાં આવ્યું હતું.

સામૂહિક અઠ્ઠમની તપશ્ચર્યા—શ્રી સંઘમાં શ્રાવણ સુદમાં સામૂહિક અઠ્ઠમની તપશ્ચર્યા યોજાઈ હતી. શ્રી શંખેશ્વરદાદાના જાપ સૌએ કર્યા હતા. એવી જ રીતે સકળ સંઘમાં ચાતુર્માસિક સાંકળીબદ્ધ અઠ્ઠમો નિયમિત ક્રમસર ચાલતા હતા. સંઘ તરફથી સર્વેનું બહુમાન કરવામાં આવતું હતું.

શ્રી વિશસ્થાનકની સામૂહિક તપશ્ચર્યા—સંઘમાં વીશસ્થાનક મહાપૂજનના ભક્તિ અનુષ્ઠાન સાથે એક જ દિવસમાં વીશસ્થાનક તપની સામૂહિક તપશ્ચર્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘણા આરાધકો જોડાયા હતા. ઘણાં આરાધકોએ વીશસ્થાનક તપની નવેસરથી શરૂઆત કરી હતી. ૧૦ વર્ષ સુધી ચાલતા આ તપમાં ઘણાં ભાગ્યશાળીઓ જોડાયા હતા. શ્રી સંઘે વીશસ્થાનક તપ વિધિની નવી પુસ્તક છપાવી બધાને ભેટ આપી હતી.

શ્રી ઋષિમંડળની આરાધના—જૈન ધર્મના પ્રાચીનતમ અને મહાપ્રભાવિક શ્રી ઋષિમંડળ સ્તોત્રની આરાધના ઘરે ઘરે થાય એ હેતુથી શ્રી ઋષિમંડળનું યંત્ર અને લઘુ પુસ્તિકા છપાવીને દરેક આરાધકને આપવામાં આવી. સામૂહિક ઋષિમંડળ મહાપૂજન આયંબિલની તપશ્ચર્યા સાથે રાખેલું હતું. પરિણામે આજે પણ ઘણા આરાધકો ઋષિમંડળ સ્તોત્ર પાઠ તથા જાપ રોજ કરે છે.

શ્રી સિદ્ધચક્ર મહાપૂજનસહ સામૂહિક ઓળી—આસોમાસની શાશ્વતી ઓળી સંઘમાં લગભગ ૨૫૦ આરાધકો કરી રહ્યા હતા. તેમાં શરદ પૂર્ણિમાએ અલૂણા આયંબિલ પાંચે ધાનના અલગ-અલગ એમ ૧ પદના ૯, એવા ૯ X ૯ = ૮૧ આયંબિલ થયા હતા. સિદ્ધચક્રની આરાધના મહાપૂજન તથા ભક્તિ અનુષ્ઠાન સાથે બધાએ કરી હતી.

ચાતુર્માસિક ૧૫ રવિવારીય યુવા શિબિર—પૂજ્યશ્રીના ચાતુર્માસ પ્રવેશ મછીથી શ્રી સંઘે યુવા પેઢીના કલ્યાણાર્થે ચાતુર્માસના ૧૫ રવિવારોની જૈન ધાર્મિક શિક્ષણ શિબિરનું વિશિષ્ટ આયોજન કર્યું હતું. લગભગ ૧૨૦૦ યુવક યુવતિઓએ એમાં ભાગ લીધો હતો. સુંદર ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો હતો. ધારાસભ્ય મંગલપ્રભાત લોઢા આદિનું પ્રેરક સંબોધન હતું. ભોગીભાઇ મહેતા પ્રમુખે ઉદ્‌ઘાટન કર્યું હતું. શિબિરોમાં અવસરે-અવસરે અન્ય વક્તાઓમાં મનુભાઇ ગઢવી આદિએ જૈન ધર્મના સિદ્ધાન્તોની ઝણાવટ કરી હતી. પૂ. પંન્યાસજી મહારાજે બ્લેક બોર્ડ ઉપર ચિત્રો સાથે નવતત્ત્વ તથા કર્મ સિદ્ધાન્તની પ્રક્રિયા સુંદર રીતે યુવકોને સમજાવી હતી. દર રવિવારે મયૂરભાઇ તથા ભરતભાઇ કવીઝના માધ્યમથી જ્ઞાન સાથે ગમ્મત કરાવતા હતા. સંઘ તરફથી ઇનામો અપાતા હતા, અને બધાની સાધર્મિક ભક્તિ કરવામાં આવતી હતી. આ રીતે ૧૫ રવિવારો સુધી સિલસીલો ચાલ્યો હતો.

આધ્યાત્મિક યોગ વિજ્ઞાન "વિષયક પ્રવચનમાળા"—દર રવિવારે બપોરે ૨.૩૦ થી ૪.૦૦ સુધી આધ્યાત્મિક યોગ વિજ્ઞાન વિષયક પ્રવચન માળા ચાલતી હતી. લોકોને અધ્યાત્માભિમુખી બનાવવાના લક્ષ્યથી પૂજ્ય શ્રી અધ્યાત્મસાર ગંથની વાચનાના આધારે તેમજ યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગબિંદુ આદિ પ્રાચીન ગ્રંથોના આધારે વાચના સ્વરૂપે પ્રવચનો આપી યોગદૃષ્ટિ તથા અષ્ટાંગ યોગની પ્રક્રિયા સમજાવતા હતા. સચિત્ર શૈલીના આ પ્રવચનોનું સંકલન કરી, લેખન કરી પૂજ્યશ્રીએ જિજ્ઞાસુઓ સમક્ષ આ પ્રથમ ભાગ રજૂ કર્યો છે. બીજો-ત્રીજો ભાગ નજીકના ભવિષ્યમાં રજૂ થશે.

દર શનિવારે બાલ સંસ્કાર સામાયિક શિબિર—૧૦થી ૧૫ વર્ષના બાળક-બાલિકાઓ માટે શ્રી સંઘે દર શનિવારે શિબિર યોજી હતી. ૨૫૦ વિદ્યાર્થીઓને સામાયિક કરાવીને પૂ. હેમંતવિજયજી મહારાજ તત્ત્વો શીખડાવતા હતા. ચિત્રો સાથે સમજાવતા હતા. સ્પર્ધાઓ યોજાતી હતી. સંઘ તરફથી ઇનામો તથા અલ્પાહારની સુંદર વ્યવસ્થા હતી.

પર્યુષણ મહાપર્વની અદ્‌ભૂત આરાધના—વિ. સં. ૨૦૫૩ની સાલના પર્યુષણની આરાધના બહુ જ સુંદર રીતે થઇ. મથુરાદાસ વસનજીના વિશાળ હૉલમાં પૂજ્ય શ્રી હજારો નર-નારિઓ સમક્ષચિત્રમય રીતે કલ્પસૂત્રાદિ તેમજ વિશેષ રીતે ગણધરવાદ વગેરેના પ્રવચનો આપતા હતા. સંઘમાં યુવક-યુવતિઓ આદિએ માસક્ષમણ-અઠ્ઠાઇ આદિની સુંદર તપશ્ચર્યા કરી હતી. શ્રી સંઘમાં સાધારણ ખાતાની, દેવ દ્રવ્યઆદિની વૃદ્ધિ ઘણી સારી થઇ હતી. શ્રી મહાવીર રિસર્ચ ફાઉન્ડેશન આદિની પણ સુંદર ટીપ થઇ હતી. શ્રી સંઘે ઉદાર હાથે લાભ લીધો હતો. પ્રતિક્રમણ તથા પૌષધની આરાધના પણ અનેક ભાગ્યશાળીઓએ કરી હતી. પૂજ્ય પંન્યાસજી શ્રી અરૂણવિજયજી મહારાજે સંવત્સરી પ્રતિક્રમણ સારી રીતે સમજાવીને કરાવ્યું હતું. ઘણાં પ્રભાવિત થયા હતા.

અર્હદ્‌મહાપૂજન-મહોત્સવ—શ્રી સંઘમાં થયલ તપ-તપશ્ચર્યાની અનુમોદનાર્થે તેમજ વાર્ષિક કર્તવ્યની ઉજવણીરૂપે ત્રણ દિવસના અર્હદ્‌ મહાપૂજનનું આયોજન સંઘે કર્યું હતું. જિનેશ્વર પરમાત્માના જન્માભિષેક કલ્યાણકની ઉજવણી રૂપે પૂજ્યશ્રીએ વિવરણ કર્યું હતું.

અને પાઠશાળાની બાલિકાઓએ પદ્ દિક્ કુમારીની નૃત્ય ભક્તિ કરી હતી.

પૂ. આચાર્યદેવશ્રી જયાનંદસૂરિ મ. ની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે શાંતિસ્નાત્ર સહ રત્નત્રયી મહોત્સવ આયોજિત કરવામાં આવ્યો હતો.

બૃહદ્ મુંબઈના સાધર્મિક બંધુઓની ભક્તિ—બૃહદ્ મુંબઈના ઉપનગરોમાં વસતા મધ્યમ તેમજ સાધારણ સ્થિતિવાળા અનેક જૈન પરિવારોની સાધર્મિક ભક્તિ શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ તરફથી પ્રતિવર્ષ કરવામાં આવે છે. લગભગ ૪૦૦થી ૫૦૦ પરિવારોને અનાજ, કઠોળ, ઘી, તેલ, ગોળ, સાકર આદિ સાધન-સામગ્રી આપવામાં આવે છે. આ પુણ્યકર્મ નિરંતર ચાલી રહ્યું છે.

સંસ્કૃત પંડિત પરિષદ-સેમિનારનું આયોજન—કારતક વદ ૭, ૮, ૯, તા. ૨૧, ૨૨ અને ૨૩મી નવેમ્બર ૯૭ ત્રણ દિવસ દરમિયાન અખિલ ભારતીય સંસ્કૃત પંડિત પરિષદના સાતમા અધિવેશનનું આયોજન શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ તરફથી પૂજ્ય શ્રી ની નિશ્રામાં યોજવામાં આવ્યું હતું. મદ્રાસ, બેંગલોર, હૈદ્રાબાદ, પૂના, અમદાવાદ, પાટણ, મુંબઈ, નાગપુર આદિ અનેક સ્થળેથી સંસ્કૃતના ધુરંધર વિદ્વાનો પધાર્યા હતા. જગતનું સ્વરૂપ કેવું છે? આ વિશ્વ કોણે બનાવ્યું? બનાવનાર છે કે નહીં? વિશ્વ અનાદિ અનંત છે કે સાદિ-સાન્ત છે? અનુત્પન્ન-અવિનાશી છે કે પછી ઉત્પન્નશીલ અને વિનાશી છે? ઇત્યાદિ વિષય ઉપર યોજવામાં આવેલા આ સેમિનારમાં મોટા ભાગના વિદ્વાનોએ સંસ્કૃત ભાષામાં પોતાના નિબંધો વાંચ્યા હતા. અને ચર્ચા કરી હતી. કેટલાકે અંગ્રેજી આદિ અન્ય ભાષામાં પણ વાંચ્યા હતા. પૂજ્ય પંન્યાસજી શ્રી અરૂણવિજયજી મહારાજે બ્લેક બોર્ડ ઉપર ચિત્રો સાથે જગતનું અનાદિ-અનંતપણું, અનુત્પન્ન-અવિનાશીપણું સંસ્કૃત ભાષામાં ધારાપ્રવાહ બદ્ધ પ્રવચનરૂપે રજૂઆત કરી હતી. ૩૫ જેટલાં પંડિતો, પ્રોફેસરો, ડોક્ટરો, વિદ્વાનો બધા મંત્રમુગ્ધ બની ગયા હતા અને ઘણાંઓએ પ્રશ્નોની ઝડી વરસાવી હતી. ચર્ચા ખૂબ લાંબી ચાલી હતી. પૂજ્ય પંન્યાસજી મહારાજે સ્વસ્થચિત્તે સંસ્કૃતભાષામાં તેમજ અંગ્રેજીમાં ઉત્તરો આપી સર્વજ્ઞ સિદ્ધાંતને પ્રભાવી રીતે સમજાવીને નિરૂત્તર કર્યા હતા. બધાનું સમાધાન કર્યું હતું. શ્રી સંઘ તરફથી બધા આગંતુક વિદ્વાનોનું શાલ ઓઢાડી બહુમાન કર્યું હતું. તેમજ આવવા-જવાનું ગાડીભાડું આપ્યું હતું. બધાની ભક્તિ સવિશેષ કરી હતી. ખૂબ જ સારી રીતે જૈન શાસનની પ્રભાવના કરી હતી. ખરેખર ગોવાલિયા ટેંક જૈન સંઘના આંગણે પૂજ્ય શ્રીના ચાતુર્માસ ઉપર આ સેમિનાર શિખર સ્વરૂપ રહ્યું.

આવી રીતે દર્શન, જ્ઞાન, ચારિત્ર તપાદિની આરાધના કરવા-કરાવવા રૂપ પ્રભાવક કાર્યો સાથે ચાતુર્માસ સંપન્ન થયું. બબ્બે વિશાળ વરઘોડા નિકળ્યા હતા. શ્રી સંઘમાં ચાંદીના રથ તેમજ ઇન્દ્રધ્વજા આદિ બનાવેલા છે. શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ સમૃદ્ધ અને સંપન્ન સંઘ છે. ડોઢ હજાર આસપાસ પરિવારો વસે છે. દર વર્ષે અનેક મહાપુરુષોના ચાતુર્માસો થતા રહે છે. ધર્મધ્યાન-આરાધના વગેરે થતી રહે છે, દર્શનાર્થે પધારવા વિનંતિ છે.

❋ **શુભં ભવતુ સર્વેષાં** ❋

મોહમયી મુંબઈ નગરીના મધ્યભાગમાં સમ્પન્ન અને સમૃદ્ધ વિસ્તારમાં ૫ શિખરી, ૭ ગભારાથી શોભતુ બેમાળી વિશાળ ભવ્ય મારબલના જિનાલયમાં બિરાજમાન મહાન પ્રભાવક

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન
શ્રી સીમંધર સ્વામી પરમાત્મા

આદિ અનેક જિન બિંબોથી સુશોભિત ભવ્ય વિશાળ જિનાલય, તથા ૫ મંજિલી ભવ્ય ઉપાશ્રય, પ્રવચન હૉલ, આયંબિલ શાળા, પાઠશાળા આદિથી સુશોભિત

શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘ - મુંબઈ

ના આંગણે

વિ.સં. ૨૦૫૩, વીર સં. ૨૫૨૩ - ઈ.સં. ૧૯૯૭ના

પૂ. પંન્યાસજી શ્રી અરૂણવિજયજી ગણિવર્ય મહારાજ સા. તથા મુનિશ્રી ધનપાલવિજયજી મ. તથા હેમન્તવિજયજી મ. આદિઠાણા

ના ચાતુર્માસ દરમ્યાન....

લખાયેલ પ્રસ્તુત પુસ્તકના પ્રકાશન અર્થે શ્રી સંઘના ટ્રસ્ટ મંડળે જ્ઞાનખાતામાંથી આર્થિક સહયોગ આપી પ્રસ્તુત પુસ્તક છપાવી પ્રસિદ્ધ કરેલ છે.

શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘ

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય, આરાધના ભવન
૮૭, ઑગસ્ટ ક્રાન્તિમાર્ગ, ખંભાલા હિલ, મુંબઈ-૪૦૦ ૦૩૬.

શ્રી મહાવીર રિસર્ચ ફાઉન્ડેશન-વીરાલયમ્-પુના

સેવા - શિક્ષા અને સાધનાનું ત્રિવેણી સંગમ તીર્થ

ધ્યાન - યોગ - સાધના કેન્દ્ર - વિશ્વસ્તરીય આયોજનનો પરિચય

શ્રી વીર પ્રભુના નિર્વાણને અઢીહજાર વર્ષો ઉપર કાળ વીતિ ગયો છે. ફરીથી જૈન શાસનનો અભ્યુદય કાળ આવી રહ્યો છે. જૈન ધર્મના સનાતન શાશ્વત સિદ્ધાન્તો અકાટ્ય અને વધુ વૈજ્ઞાનિક પૂરવાર થતા જ રહ્યા છે. સત્યની કસોટી ઉપર ખરા ઉતરે છે. જૈન શાસ્ત્રોના ખજાનામાં છૂપાયેલા અમૂલ્ય તત્ત્વોનું સુંદર શાસ્ત્રીય સંશોધન કરીને બહાર લાવીએ. લોકોપયોગી બનાવીએ. વિશ્વગુરુ બનવામાં સમર્થ અને સક્ષમ એવા સર્વજ્ઞ શાસનને એ દિશામાં લઈ જઈ પૂરવાર કરી આપવાની ઘડી પાકી ગઈ છે. આવી ઉમદા ભાવનાથી જૈન શ્રમણ સંઘના જાણીતા વિદ્વાન **પૂ. પંન્યાસ શ્રી અરુણવિજયજી ગણીવર્ય મહારાજ**ની પ્રેરક-પ્રેરણા સદુપદેશ અને માર્ગદર્શનાનુસાર **શ્રી મહાવીર રિસર્ચ ફાઉન્ડેશન-વીરાલયમ્ સંસ્થા**નો અભ્યુદય થયો છે.

લગભગ ૧૨૫ વિઘાથી પણ વધારે વિશાલ જમીન ઉપર વિશ્વસ્તરીય વિરાટ આયોજન કરવાનો સંકલ્પ કર્યો છે. સેવા-શિક્ષા અને સાધનાના ત્રણ ક્ષેત્રે કાર્યો કરવાનો નિર્ધાર કર્યો છે. ધ્યાન-યોગ સાધનાનું સુંદર કેન્દ્ર ઉભુ કરવાના મનોરથો છે.

કાત્રજ ઘાટની વિશાળ પર્વતમાળામાં પ્રકૃતિદેવીએ કુદરતી રીતે રચેલ હાથના પંજાના આકારવાળી મિનિહિલ સ્ટેશનની પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર રમણીય જગ્યામાં આ સંકુલ નિર્માણ થઈ રહેલ છે. જ્યાં પ્રદૂષણ મુક્ત હવા-પાણી ઉત્તમ ઉપલબ્ધ છે. નીરવ શાન્તિનું શાન્તવાતાવરણ મનમોહી લે છે. એવી વિશાલ જમીન ઉપર શ્રી મહાવીર પ્રતિષ્ઠાનનું પ્રકલ્પ આકાર લઈ રહ્યું છે. જેની વિવિધ યોજનાઓમાંથી મુખ્ય-મુખ્ય યોજના અત્રે દાનવીર દાતાઓ સમક્ષ રજૂ કરીએ છીએ.

શ્રી મહાવીર સમવસરણ ધ્યાન મંદિર :- કમલાકાર ગૉળ સુંદર સમવસરણાકારનું અદ્‌ભુત અનોખુ ધ્યાન મંદિર નિર્માણ થવાનું છે. જેમાં વિશાળ ભવ્ય ચૌમુખજી રૂપે શ્રી મહાવીર પ્રભુજી મધ્યમાં બિરાજમાન થશે. પરિકર-ભામંડળ-ગાદી, ચામરધારી ઈન્દ્ર-કિન્નર અને અષ્ટ પ્રાતિહાર્યથી સુશોભિત પ્રભુ પ્રતિમાજી ભરાવવાની ભાવના વાળાઓએ લાભ લેવા માટે **પૂ. પંન્યાસજી શ્રી અરુણવિજયજી મ.સા.** નો સંપર્ક કરવો. ચારે બાજુ ધ્યાન કક્ષની પિરામિડાકારની ૧૫૦ રૂમોનિર્માણ થશે. એક ધ્યાન કક્ષનો નકરો ફક્ત ૬૬,૬૬૬ રૂા.નો રાખેલ છે. દાતાના નામની તકતી લાગશે.

યોગ હૉસ્પીટલ :- પ્રાચીન યોગ તથા આયુર્વેદિક શુદ્ધ અહિંસક પદ્ધતિઓથી સારવાર કરવા માટે ૧૦૦ પથારી વાળી હૉસ્પીટલ નિર્માણ થશે. એમાં એક રૂમનો ફક્ત ૧,૨૫,૧૧૧ રૂા.નો નકરો રાખ્યો છે. આરસની તકતી ઉપર નામ આવશે.

પ્રાકૃતિક ચિકિત્સા કેન્દ્ર : ઉપવાસ-આયંબિલના ધાર્મિક નિયમોં સાચવવાની સાથે સાથે નિર્દોષ ઉપચાર પદ્ધતિથી નિરોગી-સ્વસ્થ જીવન જીવવા માટે ૧૦૦ પથારીવાળી સુંદર હૉસ્પીટલ નિર્માણ થશે. સાથે પ્રયોગશાલા તથા ડૉક્ટરોને રહેવાની સુવિધા પણ રહેશે.

એમાં પણ ફક્ત ૧,૨૫,૧૧૧ રૂા. નો નકરો ૧ રૂમ ઉપર નામ લખવાનો રાખવામાં આવેલ છે. નામની તકતી લાગશે.

શ્રમણ વિદ્યાલય :- સાંપ્રદાયિક તથા પંથ-ગચ્છના ભેદભાવવિના પૂ. શ્રમણ-શ્રમણિઓના, તેમજ મુમુક્ષુ આત્માઓના અભ્યાસાર્થે શ્રમણ વિદ્યાલયનું નિર્માણ થશે.

પ્રાચ્યવિદ્યા સંશોધન કેન્દ્ર :- પ્રાચીન સંસ્કૃત-પ્રાકૃત તેમજ આગમો અને યોગ-અધ્યાત્મ ધ્યાનના ગ્રન્થો ઉપર વિશેષ સંશોધન કરવા માટે સંશોધન કેન્દ્ર નિર્માણ થશે.

જ્ઞાન મંદિર :- વિશાલ હૉલ તથા અનેક રૂમોં સહિત હજારો ગ્રન્થો-પુસ્તકો સચવાય તેવું અદ્‌ભૂત જ્ઞાન મંદિર આકાર લઈ રહ્યુ છે. આ યોજનામાં ફક્ત ૧,૧૧,૧૧૧ રૂા. ની એક રૂમની યોજના છે.

ધર્મશાળા (યાત્રા ભવન) :- મોટી રૂમો તથા હૉલવાલી ૨ સુંદર ધર્મશાલા નિર્માણ કરવામાં આવશે. જેમાં ૧ રૂમ ઉપર નામ લખાવવા નો નકરો ફક્ત રૂા. ૧,૨૫,૧૧૧ રાખવામાં આવેલ છે.

વિશાળ ભોજનશાલા :- આરોગ્ય પ્રદ શુદ્ધ અને સાત્વિક આહાર માટે વિશાલ ભોજનશાળા ભવનનું નિર્માણ થશે.

યોગ વિદ્યાપીઠ :- આધ્યાત્મિક યોગ સાધનાના અભ્યાસાર્થે યોગ વિદ્યાપીઠ ભવનનું નિર્માણ થશે. સાથે સાથે સર્વજ્ઞ વિદ્યા તથા આરોગ્ય જ્ઞાનના અભ્યાસાર્થે પ્રણ ૫-વર્ષનો કોર્સ નિશ્ચિત કરી ૫૦ થી ૧૦૦ વિદ્યાર્થીઓને લઈને ભણાવવામાં આવશે તેમજ યુનિવર્સિટીથી ડિગ્રીઓ અપાશે.

આવી રીતે અને ૫ વર્ષના અભ્યાસ કોર્સપ્રમાણે વિદ્યાર્થીઓ સર્વજ્ઞશાસ્ત્ર, આધ્યાત્મિક યોગ વિજ્ઞાન, અને આરોગ્ય વિજ્ઞાનાદિ મુખ્ય વિષયોમાં ડિગ્રીધારી સ્નાતક બનશે. દેશ-વિદેશમાં પ્રચાર-પ્રસારાર્થે જશે. બીજાઓને શિક્ષણ આપશે, તેમજ સેવા કરશે, અને સ્વયંના જીવનમાં સાધના કરી સાધક બનશે. સાચા-સુખ શાન્તિ મેળવશે અને બીજાઓને અપાવશે. પથપ્રદર્શક બનશે. સ્વાત્મ કલ્યાણ કરશે.

હૉસ્પીટલ-વિદ્યાલય-સંશોધન કેન્દ્ર આદિની પ્રવૃત્તિઓ માટેની આપની દાનની રકમના ચેક/ડ્રાફ્ટ **શ્રી મહાવીર રિસર્ચ ફાઉન્ડેશનના** નામનો લખી મોકલવા વિનંતિ છે. પાકી પહોંચ લેવા આગ્રહ ભરી વિનંતિ છે. આપની દાનની રકમ ૮૦જી. ધારા હેઠળ કરમાફી પત્ર પ્રાપ્ત છે. દાનવીરોને દાનનો ધોધ વહાવવા વિનંતિ છે.

પધારવા અંગે માર્ગદર્શન :- મુંબઈ-પુના N.H. No. 4 ઉપર દેહુરોડ-કાત્રજ બાયપાસ હાઈવે ઉપર બાયરોડ આવતા આંબેગાંવથી અંદર વળી જાંભુલવાડી ગામથી ઉપર વીરાલયમ્ પધારવું. રેલથી આવતા પુના સ્ટેશનથી સ્વારગેટ બસસ્થાનકથી ૨૯૬ નંબરની બસમાં જાંભુલવાડી ઉતરી ઉપર વીરાલયમ્ પધારવા વિનંતિ છે. - શ્રી વીરપ્રભુની ભવ્ય મૂર્તિ, વિશાલ હૉલ, રહેવા માટે રૂમો - તથા ભોજનની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

ટ્રસ્ટીઓ તથા કાર્યાલયનો સંપર્ક કરી પધારવું.

- શ્રી માણેકચંદ નારાયણદાસ દુગડ (અધ્યક્ષ) - પુના.
- શ્રી વિજયરાજ વાલચંદ રાંકા (ખજાનચી) - પુના.
- વકીલ એસ. કે. જૈન (મંત્રી) - પુના.
- વકીલ મહેન્દ્રભાઈ એમ. કોઠારી - પુના.
- રાજેન્દ્ર હીરાભાઈ ચોખાવાળા - પુના.
- વિમલકુમાર કેશરીમલ જૈન - પુના.
- કિરણરાજ વસન્તરાજ ललવાણી - પુના.
- ઘેવરચંદજી સુરાણા - બેંગલોર.
- ચંદ્રકાન્તભાઈ ડી. ગાંધી - મુંબઈ.
- સેવન્તિભાઈ જે. શાહ - મુંબઈ.
- મોહનલાલ ડી. ગુર્જર - મુંબઈ.

– સમિતિ –

- શ્રી નરેન્દ્ર પોરવાલ
- શ્રી પ્રમોદ એમ. દુગડ
- શ્રી ગિરીશ એસ. શાહ
- શ્રી રતન ગુંદેશા
- શ્રી સુરેન્દ્રભાઈ બી. શાહ
- શ્રી સુભાષ આર. શાહ

કાર્યાલય

મુંબઈ કાર્યાલય :
ગિરીશભાઈ એચ. શાહ
ગીતાંજલી, ૧લે માળે, ૨૫૩/૫૯,
વી.પી. રોડ, પ્રાર્થના સમાજ,
મુંબઈ-૪૦૦ ૦૦૪. (મહારાષ્ટ્ર)

બેંગલોર કાર્યાલય :
સોહનલાલ તાલેડા
C/o. મહેન્દ્ર જ્વેલર્સ, ૨૪-૨ પિલ્લપ્પાલેન,
નગરથપેઠ ક્રોસ,
બેંગલોર-૫૬૦ ૦૫૩ (કર્ણાટક)

પૂના કાર્યાલય :
વિજયરાજ વાલચંદ રાંકા.
C/o. ગુલાબચંદ ચતરિંગજી એન્ડ સન્સ
૧૧૮૩, રવિવાર પેઠ,
પુના-૪૧૧ ૦૦૨.. ફોન : ૪૭૬૭૭૧

મદ્રાસ કાર્યાલય :
સંજીવ કુમાર દિનેશભાઈ શાહ
આદર્શ, ૮૦, વેપેરી હાઈ રોડ,
ચેન્નાઈ - ૬૦૦ ૦૦૭. (તામિલનાડુ)
ફોન નં.: ૫૩૨૫૮૪૨, ૫૩૨૫૮૯૨

આધ્યાત્મિક જીવન

વર્તમાન અવસર્પિણી કાળમાં ૨૪ તીર્થંકર ભગવન્તો થયા છે. શ્રી આદીશ્વર પ્રભુથી લઈ શ્રી મહાવીર પરમાત્મા સુધીની ચોવીશી કહેવાય છે. સર્વે તીર્થંકર ભગવન્તો નિયમા ચારિત્ર લઈને જ કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. એક પણ ભગવાન, ઘેર બેઠા-બેઠા કેવળજ્ઞાન પામતા નથી. જો કે તીર્થંકર સિવાયના બીજા ઘરમાં બેઠા, અથવા ચારિત્ર લીધા વિના ગૃહસ્થાશ્રમી જીવનમાં લગ્ન મંડપની ચોરીમાં કેવળજ્ઞાન પામ્યા છે. ઈલાચીકુમાર ગૃહસ્થવેષે દોરડા ઉપર નાચતા-નાચતા કેવળજ્ઞાન પામ્યા છે. ભગવાન આદિનાથની માતા મરૂદેવી ગૃહસ્થવેષે હાથીની અંબાડી ઉપર બેઠા હતા ત્યાં કેવળજ્ઞાન પામ્યા હતા. આવા અનેક દૃષ્ટાન્તો ઉપલબ્ધ છે. જેમણે દીક્ષા લીધા વિના ગૃહસ્થાશ્રમની અવસ્થામાંજ કેવળજ્ઞાન મેળવ્યું છે.

પરંતુ ભૂતકાળમાં થઈ ચૂકેલા અનન્તા તીર્થંકર ભગવન્તોમાંથી એકનું પણ એવું દૃષ્ટાન્ત નથી મળતું કે જેઓ ગૃહસ્થાવસ્થામાં જ કેવળજ્ઞાન પામ્યા હોય. ૧૦ પ્રકારના ''અચ્છેરાઓ''ના જે પ્રસંગો શ્રી કલ્પસૂત્રમાં દર્શાવવામાં આવ્યા છે તેમાં પણ ગૃહસ્થવેષે કોઈ તીર્થંકર કેવળજ્ઞાન પામ્યા હોય એવું એક પણ અચ્છેરૂ નથી. અનિવાર્યપણે બધા જ તીર્થંકર ભગવન્તો દીક્ષા ગ્રહણ કરે જ અને પછી જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય. આ સિવાય બીજો વિકલ્પ જ નથી. અને આ જ રાજમાર્ગ છે. ઉપરોક્ત પ્રસંગોમાં ગૃહસ્થાશ્રમમાં કેવળજ્ઞાન પામ્યા છે તે અપવાદિક છે. આપણા જેવા સામાન્ય જીવોએ લક્ષ્ય સામે અપવાદિક માર્ગ ન રાખતા રાજમાર્ગ જ રાખવો જોઈએ, અર્થાત્ ચારિત્રના પંથે સંચરીને સાધનાદિ કરીને કૈવલ્યની પ્રાપ્તિ કરવાનું લક્ષ્ય રાખવું ઉચિત છે.

વર્ષીદાન દ્વારા જગતનો ઉદ્ધાર :-

દેવાધિદેવ અરિહંત પરમાત્મા દીક્ષા લેવાના પૂર્વે ૧ વર્ષ સુધી આ જગત્ને વર્ષીદાન આપે છે. ૧ વર્ષ સુધી નિરંતર આપતા રહે છે માટે વર્ષીદાન કહેવાય છે. જ્યારે નવલોકાન્તિક દેવતાઓ પ્રભુનો દીક્ષા કાળ જાણીને પ્રભુને દીક્ષા લેવા અંગે વિનંતિ કરવા આવે છે... ''ભયવં ! તિત્થં પવત્તેહ !, હે ભગવન્ ! આપ તીર્થ પ્રવર્તાવો. પ્રભુ ! આપ દીક્ષા ગ્રહણ કરો. આપનો સમય પરિપક્વ થઈ ગયો છે. આ નવલોકાન્તિક દેવતાઓ પોતાના આચાર પ્રમાણે પ્રભુને વિનંતિ કરી જાય છે. તેમનો વિશેષ ભક્તિભાવ છે. બીજી બાજુ ત્રણજ્ઞાનના ધણી તીર્થંકર પરમાત્મા પણ જ્ઞાન યોગથી પોતાનો દીક્ષાગ્રહણ કરવાનો અવસર થઈ ગયો છે એમ જાણીને દીક્ષા લેવા ઉજમાળ

બને છે. અને વર્ષીદાન આપવાની શરૂઆત કરે છે. રોજ સૂર્યોદયથી સૂર્યાસ્ત સૂધી જગત્ ના જીવોને યથેચ્છ દાન આપતા જ જાય છે. આપવામાં ધન, ધાન્ય, સોનું-રૂપું હીરા-મોતી, વસ્ત્ર-પાત્રાદિ બધું જ જેને જેટલું જોઈએ છે તેટલું આપતા જ જાય છે.

આપણા જેવા સામાન્ય દાતાઓ જ્યારે દાન આપવા બેસે છે ત્યારે પોતાની ઈચ્છા મુજબ આપે છે કે પછી લેનારની ઈચ્છા મુજબ આપે છે સર્વ સામાન્યપણે દરેક દાતાઓ પોતાની ઈચ્છા મુજબ જ આપતા હોયછે. માંગનારની ઈચ્છા મુજબ આપવું શક્ય પણ કેટલું છે ? માંગનાર ગરીબ ભિખારી પણ ઘણી મોટી ઈચ્છા ધરાવે છે. આજીવનપર્યન્તનું દુઃખ દારિદ્ર મટી જાય તેટલું મળે એવી પણ એની અપેક્ષા હોય છે. પરન્તુ દાતા એકદમ આટલું ક્યાંથી આપી શકે ? માટે દાતા માટે સામેવાળાની ઈચ્છા મુજબ આપવું શક્ય નથી બનતું, પરંતુ પોતાની ઈચ્છા મુજબ આપવું જ શક્ય રહે છે. જ્યારે એકમાત્ર તીર્થંકર પરમાત્મા આ જગતમાં એટલા મોટા મહાન દાનેશ્વરી છે કે જેઓ જ્યારે વર્ષીદાન આપવા બેસે છે ત્યારે લેનારની ઈચ્છા મુજબ આપે છે, જેટલું જોઈએ તેટલું આપે છે. અને જે જોઈએ તે આપે છે એક દિવસમાં ૧૨॥ કરોડ સોનૈયા પ્રમાણ આપનારા પ્રભુ સતત ૧ વર્ષ સુધી આપતા રહે છે. અબજોનું યથેચ્છ દાન જગતને આપે છે.

''જ્ઞાનદાનં પરમ દાનં'' -

ભગવાને જગત્ને અઢળક દાન આપ્યું. યથેચ્છ દાન આપ્યું. એક વર્ષ સુધી ધન-ધાન્યાદિ યથેચ્છ આપવા છતાં શું આ જગત્નું દુઃખ દારિદ્રય બધુ દૂર થઈ ગયું ? શું જગત્ સુખી થઈ ગયું ? આમાં કોને તૃપ્તિ થઈ ? સંતોષ કોને થયો ? લેનારને કે દેનાર ને ? આપણે દાન આપતા હોઈએ તો આપણને સંતોષ થાય કે મેં મારી ધારેલી ઈચ્છા મુજબ આપ્યું. બસ, પરમાત્મા ના હાથે અપાયેલું દાન લેનાર પણ તૃપ્તિ-સંતોષ અનુભવતો હશે ? પરન્તુ તે પણ કયાં સુધી ? તેની પણ સીમા ખરી કે નહીં ?

બીજી તરફ દાનેશ્વરી પરમાત્મા સ્વયં આત્મ ચિંતન કરે છે. મનોમંથન કરે છે. મેં જગત ને આટલુ આપ્યું. શું આ જગતનું દુઃખ-દારિદ્રય સર્વથા દૂર થઈ ગયું ? હવે આ સંસારમાં શું કોઈ દુઃખી દરિદ્રિ રહ્યો જ નથી ? પરન્તુ કલ્પસૂત્રાદિ આગમ શાસ્ત્રો પણ સ્પષ્ટ જણાવે છે કે... દીક્ષા લીધા પછી પ્રભુ પાસે યાચના કરે છે. સર્વસંપત્તિના ત્યાગી પરમાત્મા પાસે હવે કોઈ પણ પ્રકારની ધન-ધાન્યાદિની સંપત્તિ છે જ નહીં. એકમાત્ર ઈન્દ્રમહારાજાએ ખભા ઉપર મૂકેલુ દેવદુષ્ય વસ્ત્ર જ છે. પ્રભુએ તેમાંથી અર્ધુ વસ્ત્ર આપી દીધું અને ત્યાર પછી દરજીની આપેલી સલાહ મુજબ તે યાચક વિપ્ર શેષ અર્ધુવસ્ત્ર પણ મળી જાય તેની આશામાં પાછળ-પાછળ ફરે છે. અને છેવટે તેની

ત પણ ઈચ્છા પૂરી થાય છે.

આ દ્રવ્ય દાન અઢળક પ્રમાણમાં આપ્યા પછી વર્ષના અન્તે શ્રી મહાવીરપ્રભુ દીક્ષા ગ્રહણ કરે છે. ૧૨॥ વર્ષો સુધી એકલા જંગલોમાં વિચરે છે. ઘોર અને ઉગ્ર તપશ્ચર્યા કરે છે. છ-છ મહિના ઉપવાસાદિ અનેક પ્રકારની તપશ્ચર્યા કરી, ધ્યાન સાધના કરી, કાયોત્સર્ગમાં પણ પ્રભુ ખૂબ રહ્યા. નિદ્રાનો પણ સર્વથા ત્યાગ કર્યો. સતત કર્મક્ષય કરતા પ્રભુએ ૧૨॥ વર્ષના અન્તે શુકલધ્યાન ધ્યાતા-ધ્યાતા ચારે ઘનઘાતિ ભવોપગ્રાહી કર્મોનો સર્વથા ક્ષય કરી કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત કર્યું. સર્વજ્ઞ સર્વદર્શી-વીતરાગી થયા.

પ્રભુનું કેવળજ્ઞાન કલ્યાણક ઉજવવા દેવલોકના દેવતાઓ આવ્યા. ત્રણ ગઢના સમવસરણની અદ્‌ભૂત અનોખી રચના કરી. સુવર્ણમય-રજતમય અને રત્નમય ત્રણ ગઢોની રચના કરીને તેની ઉપર વિશાળ અશોકવૃક્ષની તે અશોકવૃક્ષની નીચે ચારે દિશામાં ચાર સિંહાસનોની સ્થાપના કરી. મુખ્ય પૂર્વ દિશાના સિંહાસન ઉપર શ્રી વીર પ્રભુ બિરાજમાન થયા. દૈવી શક્તિ થી દેવતાઓએ ચારે દિશામાં બધાને એક સરખા પ્રભુના દર્શન થાય તેવી વ્યવસ્થા કરી. સર્વજ્ઞ એવા વીતરાગી પ્રભુએ જગતના જીવોના કલ્યાણાર્થે અપાર કરૂણા ભાવથી દેશના આપી. પ્રભુના આવા કલ્યાણકારી ટંકશાળી વચનામૃતો શ્રવણ કરી બારેપર્ષદાના જીવો તૃપ્ત થઈ ગયા.

પરમાત્માએ વર્ષભર સુધી આપેલા વર્ષીદાન થી જીવોનું દ્રવ્યકલ્યાણ થયું. દ્રવ્યથી કેટલુ કલ્યાણ થયુ હશે ? તેના કરતા કેવળજ્ઞાન પામી વીતરાગભાવે તારક દેશના આપી તેનાથી કેટલાય જીવો બોધપામીને તૃપ્ત બન્યા હશે ? દ્રવ્યદાન કરતા પ્રભુનુ આ ભાવદાન-જ્ઞાનદાન અનેકગણું ઉત્કૃષ્ટ દાન છે. આનાથી અનેક ભવ્યાત્માઓના અંતરના દ્વાર ઉઘડી ગયા. ઘણાં જીવો પામી ગયા.

''अन्नाणं खु महाभयं'' અજ્ઞાન એજ ભયંકર ભયરૂપ છે. દુઃખદાયી છે. આવા અજ્ઞાનની નિવૃત્તિ એકમાત્ર સાચા-સમ્યગ્‌જ્ઞાનની પ્રાપ્તિ થી જ સંભવ છે. અને સાચા સમ્યગ્‌જ્ઞાનથી જ અજ્ઞાનની નિવૃત્તિ થતા દુઃખની નિવૃત્તિ પણ થાય છે. આ સમ્યગ્‌જ્ઞાન જ કલ્યાણકારી છે. મોક્ષ પ્રાપ્તિમાં ઉપયોગી છે.

ચરમ સત્યના પ્રરૂપક એકમાત્ર સર્વજ્ઞ પ્રભુ-

ગૃહસ્થાશ્રમના ત્યાગરૂપ મહાભિનિષ્ક્રમણ કરી અણગાર બની ધ્યાન-તપ આદિ દ્વારા ૪ ઘાતી કર્મોનો સર્વથા ક્ષય કરી કેવળજ્ઞાન પામી પરમાત્મા સર્વજ્ઞ બને છે. કેવળદર્શન પામી સર્વદર્શી બને છે. મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય કરી વીતરાગ બને છે. કેવળજ્ઞાનથી અનન્તા પદાર્થો ને દ્રવ્ય-ગુણ-પર્યાયથી પ્રભુ જાણે છે. અને એને જ કેવળદર્શનથી જૂએ છે. અને રાગ-દ્વેષ રહિત વીતરાગ ભાવથી તેનું કથન કરે છે-

પ્રરૂપણા કરે છે. આ સમસ્ત સંસારના ભાવો-પદાર્થો આદિ જેવા જે સ્વરૂપે છે તેમને તે જ સ્વરૂપે તેવા જ સર્વજ્ઞપ્રભુ જૂએ છે અને જાણે છે. અને વીતરાગભાવથી જગતની સમક્ષ રજૂ કરે છે. આ યથાર્થ સ્વરૂપનું વર્ણન વીતરાગતા અને સર્વજ્ઞતાથી જ સંભવ છે. જીવ અથવા અજીવની જે અનન્તી પર્યાયો થઈ જાય છે. એકે એક દ્રવ્યના ગુણ-પર્યાયો બધા જ જાણવા અને જોવા અને પાછુ તેનું યથાર્થ-વાસ્તવિક સ્વરૂપ જગતની આગળ રજૂ કરવું એ એક માત્ર વીતરાગતા અને સર્વજ્ઞતાવડે જ સંભવી શકે છે. એથી વિપરીત જે સર્વજ્ઞ-વીતરાગી નથી તે કયારેય સંપૂર્ણ શુદ્ધ યથાર્થ સ્વરૂપ કહી શકતા નથી. માટે આ જગતમાં ચરમ કક્ષાનું (અન્તિમ) સત્ય એકમાત્ર સર્વજ્ઞ પરમાત્મા જ કહી શકે છે. અને આવા સર્વજ્ઞ પરમાત્માનું વચન જ અન્તિમ કક્ષાનું સત્ય હોય છે. તે સિવાય અન્ય કોઈનું નહીં. પૂ. ચિરન્તનાચાર્યજી મહારાજે "પંચસૂત્ર"ના પ્રથમ સૂત્રમાં "जहट्ठिअ वत्थु वाइणं" વિશેષણ વાપરીને ઉપરોક્ત અર્થ સ્પષ્ટ કર્યો છે. માટે આપણા જેવા સામાન્ય છદ્મસ્થ જીવો માટે એક માત્ર માર્ગ એ જ છે કે... આવા સર્વજ્ઞ-વીતરાગી પરમાત્માના વચનને જ ચરમ સત્ય તરીકે માનવા-સ્વીકારવા, અને એમના જ વચન ઉપર અતૂટ શ્રદ્ધા રાખવી. નિઃશંકભાવે પણ એમના વચન ઉપર જ રહેવુ. જે જે ચરમ સત્ય છે તે તે સર્વજ્ઞનું જ વચન છે, અને જે જે સર્વજ્ઞનું વચન છે તે ચરમ સત્ય જ છે. એમાં બે મત નહીં. એવી અન્યોન્ય વ્યાપ્તિભાવની શ્રદ્ધા રાખવી.

સર્વજ્ઞ પ્રણીત લોકાલોક સ્વરૂપ–

जीवा चेव अजीवा य एस लोए वियाहिए ।
अजीव देसमागासे, अलोए से वियाहिए ॥ ३६/२॥

– સર્વજ્ઞ શ્રી મહાવીર પ્રભુએ અન્તિમ દેશના સમયે જે ફરમાવ્યુ છે તે શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર નામના આગમ શાસ્ત્રમાં આજે પણ ઉપલબ્ધ છે. પ્રભુએ કહ્યું કે... આ સંપૂર્ણ લોક જીવ અને અજીવમય છે. અજીવમાં એક દ્રવ્ય આકાશ પણ છે. જ્યાં માત્ર આકાશ એક જ દ્રવ્ય પ્રસરેલુ છે તે અલોક છે. આ ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે અનન્ત અલોક છે. જેનો અન્ત જ નથી, અર્થાત્ જેનો છેડો જ નથી તે અન્તવગરનો અનન્ત કહેવાય. એટલા મોટા અનન્ત અલોકમાં એકમાત્ર આકાર દ્રવ્ય જ છે.

આકાશ સિવાય બીજા કોઈ પણ દ્રવ્યનું અસ્તિત્વ જ નથી. માટે અલોકગત આકાશ ને અલોકાકાશ દ્રવ્ય કહે છે.

અનન્ત અલોકના કેન્દ્રમાં અલોકના અનન્તમાં ભાગ જેવડો જ લોક છે. આ લોક ૧૪ રજ્જુ પ્રમાણ છે. માટે આને ૧૪ રાજલોક કહે છે. આ ૧૪ રાજલોકમાં જ બધા પદાર્થો રહે છે. આ લોકમાં આકાશ પણ રહે છે. અને આકાશ સિવાયના બીજા પણ બધા દ્રવ્યો-ગુણો-પર્યાયો રહે છે.

धम्माधम्मे य दोडवेए, लोगमित्ता वियाहिया ।
लोगालोगे य आगासे, समए समय खेत्तिए ॥३६/७॥
धम्माधम्मागासा तिन्नि वि एए अणाइया ।
अपज्जवसिया चेव सम्बद्धं तु वियाहिया ॥३६/८॥





——ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બન્ને દ્રવ્યો માત્ર લોક પ્રમાણ છે. જ્યારે આકાશાસ્તિકાય દ્રવ્ય લોક અને અલોક બન્નેમાં રહે છે. એટલે લોકાલોક વ્યાપ્ત છે. કાળ દ્રવ્ય માત્ર મનુષ્યક્ષેત્રમાં જ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય આ બધા દ્રવ્યો અનાદિ છે. અને અપર્યવસિત અર્થાત્ અન્ત વગરના અનન્ત છે. અર્થાત્ સદા કાળ રહેનારા નિત્ય છે.

પંચાસ્તિકાયાત્મક સમસ્ત બ્રહ્માણ્ડ છે. જો કે બ્રહ્માણ્ડ શબ્દ વૈદિક સંસ્કૃતિનો છે. જૈન શાસ્ત્રોમાં લોક સંજ્ઞા પ્રચલિત છે. પરન્તુ બ્રહ્માણ્ડ શબ્દ લોક રૂઢિમાં પ્રસિદ્ધ હોવાના કારણે સામાન્ય જનમાનસ ને ખ્યાલમાં આવે તે રીતે વાપરવાથી સમાનાર્થકતાનો ખ્યાલ આવી શકશે. જેને અંગ્રેજીમાં Cosmos કહે છે. સર્વજ્ઞ પરમાત્માએ આ ત્રણે દ્રવ્યોની સાથે બીજા બે દ્રવ્યો જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયના નામો ઉમેર્યા છે. એવી રીતે કુલ ૫ દ્રવ્યો થાય છે. આ પાંચ માટે પંચાસ્તિકાય શબ્દ વપરાય છે.

——આ સમસ્ત લોક-અલોક પંચાસ્તિકાયાત્મક છે. જેને માટે ઉત્તરાધ્યયન સૂત્ર નામના આગમ

શાસ્ત્રમાં ઉપરોક્ત શ્લોકોમાં અનાદિ-અનન્ત શબ્દો વાપરીને શ્રી વીરપ્રભુએ એ સ્પષ્ટ



કરી દીધુ છે કે આ બધા દ્રવ્યોનો બનેલો આ સંપૂર્ણ લોક-અલોક અર્થાત્ સંપૂર્ણ વિરાટ બ્રહ્માણ્ડ અનાદિ છે અને અનન્ત છે. અનાદિ કહેવાથી સ્પષ્ટપણે સિદ્ધ થઈ જાય છે કે તે અનુત્પન્ન છે. કારણ કે નિયમ એ છે કે જે જે ઉત્પન્ન દ્રવ્યો હોય છે તે તે અનાદિ નથી હોતા. અને જે જે અનાદિ દ્રવ્યો છે તેની ઉત્પત્તિ નથી હોતી. માટે એક માત્ર અનુત્પન્ન દ્રવ્યો જ અનાદિ હોઈ શકે છે. જ્યારે સોત્પન્ન દ્રવ્યો સાદિ હોય છે.

અનાદિપણું ન સ્વીકારતા સોત્પન્નપણું આ પાંચે દ્રવ્યોનું માનીએ તો ઉત્પત્તિ કરનારને પણ માનવો પડે. કોણે ઉત્પન્ન કર્યા ? ક્યારે ઉત્પન્ન કર્યા ? કયા અને કેવા ઘટક દ્રવ્યોમાંથી બનાવ્યા ? અલોકમાં પણ આકાશ બનાવ્યો કેવી રીતે ? અલોકમાં કોઈની પણ ગતિ-આગતિ છે જ નહીં. એક પરમાણુ



માટે પણ સંભવ નથી તો પછી કોઈપણ કેવી રીતે જાય અને કેવી રીતે નિર્માણ કરે ? બીજી તરફ આકાશાદિ દ્રવ્યો બનાવવા માટે તે યોગ્ય તેવા કોઈ ઘટક દ્રવ્યો- કે પરમાણુઓનુ અસ્તિત્વ આજ દિવસ સુધી આ જગત્માં છે જ નહીં કે જેનાથી બનાવી શકાય. અથવા કોઈ બનાવી શકે. માટે આ આકાશાદિ દ્રવ્યો પરમાણું જન્ય પણ નથી. માટે આ દ્રવ્યોની આદિ જ નથી માટે ઉત્પત્તિ પણ નથી. જે જે ઉત્પત્તિમાન દ્રવ્યો છે તે તે આદિવાળા દ્રવ્યો હોય છે. અને આવા દ્રવ્યો માનવ નિર્મિત અથવા કોઈ બનાવી શકે. માટે આ આકાશાદિ દ્રવ્યો પરમાણુ જન્ય પણ નથી. માટે આ દ્રવ્યોની આદિ જ નથી માટે ઉત્પત્તિ પણ નથી.

એક તરફ આદિ જ નથી માટે અનાદિ છે અને બીજી તરફ ''अपज्जवसिया'' પાઠ વાપરવાથી અપર્યવસિત અર્થાત્ છેડા-અન્ત વગરના અનન્ત કહ્યા છે. માટે આ આકાશાદિ દ્રવ્યોનો અન્ત અર્થાત્ નાશ ક્યારેય પણ સંભવ જ નથી, થવાનો જ નથી. અનન્તાનન્ત કાળ ગમે એટલો વિતી જાય તો પણ સંભવ જ નથી. હા, અન્ત કે નાશ

કોનો થઈ શકે ? જેની ઉત્પત્તિ હોય તેવા દ્રવ્યોનો જ નાશ થઈ શકે છે. જેવા કે



આપણા બધાના શરીરો છે, મકાનો છે. આ બધા નિર્મિત છે. ઉત્પત્તિમાન છે. માટે નાશવંત પણ છે અને ઉત્પત્તિવાળા હોવાના કારણે અનાદિ નથી. અને એવી જ રીતે નાશવન્ત-વિનાશી હોવાના કારણે અનન્ત નથી. અનન્તવાત્ દ્રવ્યોને અવિનાશી, શાશ્વત દ્રવ્યો કહેવાય છે.

આ રીતે આ સમસ્ત લોક (જગત્)માં બે પ્રકારના દ્રવ્યો થયા. એક જાતના દ્રવ્યો જે ઉત્પન્નશીલ અને નાશવન્ત છે. જ્યારે બીજા જાતના દ્રવ્યો અનુત્પન્ન - અવિનાશી છે. આવા અનુત્પન્ન - અવિનાશી દ્રવ્યો ને જ અનાદિ-અનન્ત કહેવાય છે. જ્યારે ઉત્પન્નશીલ-નાશવન્ત દ્રવ્યોને સાદિ-સાન્ત કક્ષાનાજ કહી શકાય છે. આ નિયમ છે. આ સિદ્ધાન્તાનુસાર આ એ સહજ સ્પષ્ટ સિદ્ધ થાય છે. અને તેથી જ જૈન દર્શનમાં આ લોકાલોકરૂપ બ્રહ્માણ્ડને અર્થાત્ સમસ્ત જગત્ને અનાદિ કાલીન શાશ્વત બતાવ્યો છે. અને કોઈનો બનાવેલો નથી માટે અનુત્પન્ન બતાવ્યો છે. અને ત્રણે કાળમાં સદા શાશ્વત જ રહેવાનો છે. માટે ક્યારેય નષ્ટ થવાનો નથી. અર્થાત્ શાશ્વત છે.

ઈશ્વર બનાવનાર કે બતાવનાર? –

વૈદિક સંસ્કૃતિમાં તેમજ ઈસ્લામ અને ખ્રિસ્તી આદિ ધર્મોએ ઈશ્વરની સત્તા, ઈશ્વરનું અસ્તિત્વ આ બ્રહ્માણ્ડના ઉત્પત્તિકર્તા તરીકે જ સ્વીકાર્યું છે. પહેલા ઈશ્વરનું સ્વરૂપ નક્કી કર્યું ? કે પછી પહેલા આ જગત્-બ્રહ્માણ્ડનું સ્વરૂપ નક્કી કર્યું ? એનો ઉત્તર તેઓ તેમના શાસ્ત્રોમાં કયાંય આપતા નથી. જો જગત્ પહેલા જ ઈશ્વરનું સ્વરૂપ નક્કી કરી લે તો જગત્ વિના ઈશ્વરનું અસ્તિત્વ કયાં સિદ્ધ કરવું ? જગત્નું જ અસ્તિત્વ નહોતું ત્યારે ઈશ્વર કયાં હતા ? કયા ક્ષેત્રનો તેના માટે વિચાર કરી શકાય ? સંભવ જ નથી લાગતુ અને બીજી બાજુ જગત્ કર્તવ્યવાદી પક્ષ ધરાવનારા આ બધા પક્ષો ઈશ્વરના બનાવ્યા વિના આ બ્રહ્માણ્ડરૂપ સંપૂર્ણ જગત્નું અસ્તિત્વ માનવા જ તૈયાર નથી. જગત્-બ્રહ્માણ્ડ અથવા લોક-અલોક બનાવે તો જ તેને ઈશ્વર કહેવાય ? અને બીજી તરફ ઈશ્વર બનાવે તો જ તેને જગત્ કહેવાય અન્યથા નહીં, આવી રીતે ઈશ્વરને સૃષ્ટિના સર્જનહાર કહીને અને માનીને આ બધા પક્ષો કે મતવાદિઓ ઉપરોક્ત

જવાબ આપવા માટે સદા મુંઝવણ અનુભવતા રહેશે. અને નિરૂત્તર બનીને ઉભા રહેશે ! કોઈ ઉત્તર જડવાનો જ નથી. અને પહેલા-પક્ષના ક્રમમાં એક-બીજાને કહે તો નિરર્થકતા સિદ્ધ થશે. દા.ત. ઈશ્વર પહેલા જો બ્રહ્માણ્ડનું અસ્તિત્વ હતુ એવું જો માનવા જાય તો પછી ઈશ્વરની નિરર્થકતા સિધ્ધ થઈ જાય. આવી આપત્તિ આવે છે. જો ઈશ્વર વિના, અથવા ઈશ્વરના બનાવ્યા પહેલા જ આ બ્રહ્માણ્ડનું અસ્તિત્વ હતું તો ઈશ્વર બનાવે છે તે વાત જ ઉડી જાય છે. નિરર્થક સિદ્ધ થશે. અને જગત્નું અનાદિ અસ્તિત્વ માનવાનો જૈનો જેવો મત સિદ્ધ થશે. જેથી જગત્-બ્રહ્માણ્ડનું અનુત્પન્નપણું અનાદિકાલીન સિદ્ધ થઈ જશે. અને જો અનાદિ અનુત્પન્નપણું સિદ્ધ થઈ જશે તો, અન્ત પણ સિદ્ધ થઈ શકશે નહીં અર્થાત્ અનન્તપણું સિદ્ધ થશે. અને તેથી અવિનાશી-શાશ્વતપણું સિદ્ધ થઈ જશે. તો જેમ ઈશ્વરને સૃષ્ટિ ઉત્પન્ન કરવામાં કંઈ જ કરવાની આવશ્યકતા જ નહીં રહે. કારણ કે... આ સૃષ્ટિ અન્ત વગરની અવિનાશી ત્રિકાલશાશ્વત જ રહેવાની હોવાથી ઈશ્વરને નાશ કરવાની કામગિરી રહેશે જ નહીં. આવી રીતે ઉત્પત્તિના પ્રથમ છેડે અને વિનાશના છેલ્લે છેડે બન્ને બાજુ ઈશ્વરની નિરર્થકતા સિદ્ધ થઈ જશે. જે કર્તૃત્વવાદીઓને પાલવશે જ નહીં. કારણ તેમને ઈશ્વરને સૃષ્ટિ વગર જૂદા માન્યા જ નથી. સૃષ્ટિની ઉત્પત્તિ, નાશ વિના ઈશ્વર રહી શકે જ નહીં. ઈશ્વરનું અસ્તિત્વ સૃષ્ટિની સાથે જોડીને એક સિક્કાની બે બાજુની જેમ જોડી દીધુ છે. માટે ઈશ્વર છે તો સૃષ્ટિ છે અને સૃષ્ટિ છે તો ઈશ્વર છે. બન્ને એક બીજાના પૂરક સાથે રહેવા થવા-બનવા-બનાવવાવાળા જ માની લીધા છે. માટે ઈશ્વરની મહત્તા માત્ર સૃષ્ટિરચના-નાશાદિના કારણે જ રહી શકે અને સૃષ્ટિની ઉત્પત્તિ, નાશાદિ બધું ઈશ્વર કૃત જ છે. એવી જગત્ કર્તૃત્વવાદીઓની દૃઢ માન્યતા છે. પરન્તુ આ વાતો ગધેડાનું પૂછડુ પકડ્યા જેવી જ માત્ર પૂરવાર થાય છે. જ્યારે હકીકતમાં વાસ્તવિકતા સાવ જૂદી જ છે.

સર્વજ્ઞ પ્રણીત જૈન ધર્મના સિદ્ધાન્તો એવા વિસંગત નથી. દીવા જેવા સ્પષ્ટ સત્ય છે. જૈન ધર્મમાં ઈશ્વરને (ભગવાનને) સૃષ્ટિની રચના-ઉત્પત્તિ-નાશ વગેરે કોઈ પણ વાત સાથે સંબંધ જોડીને માન્યા જ નથી. એટલે આવી અસંગતતા-વિસંવાદિતા આવવાનો કોઈ પ્રશ્ન ઉભો થતો જ નથી. કારણ કે સર્વજ્ઞ પ્રણીત જૈન ધર્મે ઈશ્વર (ભગવાન) ને સૃષ્ટિ બનાવનારા માન્યા જ નથી. સર્જન-વિસર્જનહાર જ નથી કહ્યા. માત્ર બતાવનારા જ કહ્યા છે. બનાવનારા ક્યારેય કહ્યા જ નથી. માટે દોષોનો ટોપલો જૈનોંના માથે ક્યારેય આવવાનો જ નથી. જૈનોએ ઈશ્વર અને આ સૃષ્ટિ બ્રહ્માણ્ડ કે લોકાલોક સાથે કોઈ જાતનો કાર્ય-કારણભાવનો સંબંધ રાખ્યો જ નથી. એક બીજાને

જન્ય-જનક કહ્યા જ નથી. સૃષ્ટિ વિના જ ઈશ્વરનું સ્વરૂપ - અસ્તિત્વ કલ્પ્યુ છે. માન્યુ છે. સ્વીકાર્યું છે. તેથી મોટો ફાયદો એ થયો કે ઈશ્વર (પરમાત્મા)નું સ્વરૂપ અત્યન્ત શુદ્ધ રહી શક્યું. વિકૃત ન થયું. અનેક દોષોથી ખરડાયું જ નહીં. જ્યારે બીજી તરફ બીજા જગત્કર્તૃત્વવાદી ધર્મો, મતો અને સંપ્રદાયોના ઘરમાં આ નિર્દોષતા ન રહી શકી. કારણ તેઓ ઈશ્વરને સૃષ્ટિના કાર્ય-કારણભાવ વિના કલ્પી જ શકતા નથી. ઈશ્વરને જ સૃષ્ટિનો બનાવનાર, પાલનહાર, અને પાછો પ્રલય-સંહાર કરનારો માન્યો છે. તે જ બનાવનાર છે. તેના સિવાય બીજો કોઈ ઈશ્વર હોઈ શકે જ નહીં.

આ જગત્ કર્તૃત્વવાદીઓએ ઈશ્વરનો મહિમા વધારવાના કહો યા ગૂંચ વધારવાના કહો... જોયુ કે... આ સૃષ્ટિ.... જગત્નું સ્વરૂપ અકળ છે. એની રચનાનો છેડો... કે રહસ્ય કોઈ પામી શકવાના જ નથી. માટે લાવને એનો સંબંધ ઈશ્વર સાથે જોડી દઈએ. અને તેથી કર્તા-હર્તાની વાતો બેસાડી દીધી. એક બાજુ બેસાડી તો દીધી પરન્તુ બીજી બાજુ એક પણ વાત બંધ બેસતી જ ન જડી... કોઈ પણ રીતે મેળ મળે તેમ જ નથી. ઉલ્ટાનું આવી વાહીયાત વાતોથી ઈશ્વરનું સ્વરૂપ સાવ વિકૃત થાય છે. અને હાથમાંથી બાજી સરી જાય છે. તે છતાં પણ હવે ગધેડાનું પૂછડુ પકડ્યુ છે તે છોડાતું જ નથી. ભલે ગધેડાની લાતો ખાવી પડે તે કબુલ છે પણ છોડાય તો નહીં. સાપે છછુંદર ગળ્યા જેવી સ્થિતિ છે.

જ્યારે સર્વજ્ઞ પ્રણીત આ જૈન ધર્મમાં આવી વાહિયાત વાતોને કોઈ સ્થાન આપવામાં આવ્યુ જ નથી. બિલ્કુલ દીવા જેવું સ્પષ્ટ જ કહી દીધું છે કે... ઈશ્વર-ભગવાન માત્ર સૃષ્ટિનું જે સ્વરૂપ જેવું છે તે બતાવનારા જ છે, બનાવનારાની કલ્પના પણ નથી. અને પંચાસ્તિકાયાત્મક-ષડ્દ્રવ્યાત્મક આ લોકાલોક સ્વરૂપ અનન્ત બ્રહ્માણ્ડ ને જ અનાદિ-અનન્ત, અનુત્પન્ન અવિનાશી ત્રણે કાળમાં અસ્તિત્વવાળુ શાશ્વત સ્વરૂપવાળુ જ સ્વીકારી લીધુ છે. એટલે ઈશ્વર (ભગવાન)ની સાથે બનાવવા-કરવા વગેરેનો કોઈ સંબંધ રાખ્યો જ નથી. એટલે વિસંગતતાનો કોઈ પ્રશ્ન જ ઉભો થતો નથી. માટે નિર્દોષ સ્વરૂપ છે ઈશ્વર-ભગવાનનું.

આવા મુદ્દામાં નિરૂત્તર થઈ ચૂકેલા આ જગત્ કર્તૃત્વવાદીઓએ કંઈ જ ઉત્તર ન જડ્યો એટલે જૈનો સામે કાદવ ઉછાળવાનું શરૂ કર્યું કે આ જૈનોં તો નાસ્તિક છે. ઈશ્વરને માનવા જ તૈયાર નથી. ઈશ્વરને નથી માનતા માટે સાવ નાસ્તિક છે. આ અનીશ્વરવાદી દર્શન છે. ઈર્ષ્યા પ્રેરિત આવી નિરર્થક વાહિયાત વાતો થી જૈન દાર્શનિકો ક્યારેય ઘબરાયા નથી. જડબાતોડ જવાબો દીધા છે. અને તે પણ તર્ક-બુદ્ધિ સુસંગત જવાબો આપ્યા છે. બીજું બાજુ પ્રત્યક્ષ પણે સિદ્ધ જ છે કે જૈન ધર્મના હજારો મંદિરો હજારો વર્ષોથી આ અવનિતલ ઉપર છે. પ્રાગ્ ઐતિહાસિક કાળથી છે અને મંદિરોમાં

ઈશ્વર-ભગવાનોની પૂજા-ભક્તિ વગેરે નિરંતર થતી આવી છે. હા, એક વાત ચોક્કસ છે કે આવી મિથ્યા પ્રરૂપણા કરનારા જગત્-કર્તૃત્વવાદીઓ જેને જે અર્થમાં, જે રીતે ઈશ્વર માને છે તે જ અર્થમાં તે રીતે જૈનો ઈશ્વરને નથી માનતા. ઉલ્ટા આવી માન્યતાને સર્વથા ગલત, વિપરીત અને વિકૃત માન્યતા માને છે. માટે તે જ માનવી એવી કોઈ આવશ્યકતા નથી લાગતી. ઉપરથી સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપ માનતા જૈનો ઈશ્વરને વીતરાગી-રાગ-દ્વેષ વગરના કહે છે. સર્વજ્ઞ-અનન્તજ્ઞાની, સર્વદર્શી-અનન્ત દર્શની-આદિ અનેક સ્વરૂપે માને છે. શુદ્ધ પરમાત્મા કહે છે. તીર્થંકર-અરિહંત ભગવાન કહે છે. સર્વ કર્મ મુક્ત માને છે. મોક્ષમાર્ગ દર્શક માને છે. અને પોતાના અનન્ત જ્ઞાન-દર્શનાદિના આધારે આ ચરાચર વિશ્વ સમસ્ત બ્રહ્માણ્ડ જેવો છે તેને તેવો જ બતાવનારા, વીતરાગભાવે કહેનારા માને છે. આવી માન્યતા સદા કાળ એક સરખી જ રહી છે. હજારો-લાખો વર્ષોના ઈતિહાસમાં પણ સિદ્ધાન્તની ધારા બદલી નથી. માટે સિદ્ધાન્ત શાશ્વત છે. જે સિદ્ધાન્ત હોય તે ચરમસત્ય સ્વરૂપ હોય અને ત્રણે કાળમાં એક સ્વરૂપે એકસરખો રહે, બદલાય નહીં, જે વારે વારે બદલાતો રહે તેને સિદ્ધાન્ત રૂપ નથી કહેવાતો, આવી ચરમસિદ્ધાન્તની અપરિવર્તનશીલ માન્યતા જૈન ધર્મની છે. એવી માન્યતાને જ સમ્યગ્ દર્શન કહે છે.

જીવાસ્તિકાય સ્વરૂપ -

संसारत्था य सिद्धा य, दुविहा जीवा वियाहिया ।
सिद्धाऽणेगविहा वुत्ता, तं मे कित्तयओ सुण ॥३६/४८॥



ઉત્તરાધ્યયન સૂત્રમાં જીવનું નિરૂપણ કરતા ફરમાવે છે કે... સિદ્ધ અને સંસારી એમ જીવો બે પ્રકારના છે. ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે ૧૪ રાજલોકના ઉપરી છેડે સિદ્ધાશીલા ઉપર લોકાન્તે (લોકાગ્રે) સિદ્ધના જીવો વસે છે. અને શેષ સંપૂર્ણ ચૌદે રાજલોકના ક્ષેત્રમાં સંસારી જીવો સર્વત્ર વસે છે.

एगविहमणाणत्ता, सुहुमा तत्थ वियाहिया ।
सुहुमा सव्व लोगम्मि, लोगदेसे य बायरा ॥३६/१००॥

વનસ્પતિકાયના જીવો સૂક્ષ્મ તથા સ્થૂલ બન્ને પ્રકારના છે. સાધારણ અને પ્રત્યેકના આ બન્ને વિભાગમાં સાધારણમાં સૂક્ષ્મ-સ્થૂલ બન્ને પ્રકારના જીવો છે, સૂક્ષ્મ સાધારણ

વનસ્પતિકાયના જીવો સંપૂર્ણ લોકમાં સર્વત્ર છે. આખા ચૌદરાજલોકનો એક ખૂણો પણ બાકી નથી. એટલું જ નહીં એક સોયની અણી મૂકીએ એટલી જગ્યાપણ લોકાકાશમાં ખાલી નથી કે જ્યાં અનન્તા સૂક્ષ્મજીવો ન હોય અર્થાત્ સર્વત્ર છે. અને સ્થૂલ - બાદર વનસ્પતિકાયિક જીવો લોકના એક દેશમાં છે અર્થાત્ લોક ક્ષેત્રના એક ભાગમાં છે.

पत्तेय तरुं मुत्तुं पंचवि पुढवाइणो सयल लोए ।
सुहूमा हवंति नियमा, अंतमुहूत्ताउ अद्दिस्सा ॥

ફક્ત પ્રત્યેક વનસ્પતિકાયના જીવો (સ્થૂલ ઝાડ-પાન વગેરે) ને છોડીને શેષ પૃથ્વીકાય, અપ્કાય, તેઉ (અગ્નિ) કાય, વાયુકાય, અને સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયના જીવો સકલ લોકમાં છે. આ બધા સૂક્ષ્મ જીવો ચૌદેરાજલોકમાં છે. એ જ બધા સૂક્ષ્મમાંથી સ્થૂલ (બાદર) સ્વરૂપમાં આવીને પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિ રૂપે થાય છે. અને દૃષ્ટિગોચર થાય છે. સૂક્ષ્મ બધા અદૃશ્ય છે. દેખાય તેમ જ નથી. અને અંતર્મુહૂર્ત માત્ર આયુષ્યવાળાજ હોય છે.

આ ચિત્રમાં પાંચે સ્થાવરોના સૂક્ષ્મ જીવો ચૌદે રાજલોકમાં સર્વત્ર વ્યાપ્ત છે. ચૌદે રાજલોકના ખૂણે - ખાંચરે સર્વત્ર સર્વ પ્રદેશોમાં ઠાંસી ઠાંસીને ભરેલા છે. અહીં સુધી કે સિદ્ધશીલાની ઉપરનો લોકાગ્ર (લોકાન્ત) ભાગ જે મોક્ષ ક્ષેત્ર, અથવા સિદ્ધ ક્ષેત્ર તરીકે ઓળખાય છે. ત્યાં પણ સર્વત્ર પાંચે સ્થાવરોના સૂક્ષ્મ જીવો બધા ત્યાં પણ રહે છે. આવી રીતે આ સમગ્ર લોક જીવોથી ભરેલો છે.



આ જીવો સ્વકૃત કર્માનુસાર પછી આગળ-આગળની યોનિઓમાં જન્મ લેતા લેતા સ્થૂલ જન્મો પણ ધારણ કરતા જાય છે. સ્થાવરમાંથી આગળ વધીને ત્રસમાં જાય છે - ત્રસમાં પણ વિકલેન્દ્રિયમાંથી પંચેન્દ્રિયમાં જાય છે. અને પંચેન્દ્રિયમાં દેવ-મનુષ્ય-તિર્યંચ અને નારક ના જન્મો કરતા કરતા સંસાર ચક્રમાં પરિભ્રમણ કરતા જ જાય છે. સંક્ષેપમાં ચાર્ટથી ભેદોનો ખ્યાલ આવશે.



સંક્ષેપમાં જગત્‌ના સમસ્ત જીવોના ભેદોનો આ ચાર્ટ છે. આ બધા ભેદોનો વિસ્તાર પણ થઈ શકે છે. છેલ્લે ૧) દેવ, ૨) મનુષ્ય, ૩) તિર્યંચ અને ૪) નરક એવી ૪ ગતિઓમાં રહેતા ૪ પ્રકારના જીવોનું સૂચન શાસ્ત્રોએ કર્યું છે. આ ચારે ગતિઓમાં કુલ મળીને દેવગતિમાં-દેવતાઓ પર્યાપ્તા-અપર્યાપ્તા મળીને ૧૯૮ પ્રકારના છે. + મનુષ્ય ગતિમાં ૧૦૧ ગર્ભજ પર્યાપ્તા + ૧૦૧ ગર્ભજ અપર્યાપ્તા + ૧૦૧ સંમૂર્છિમ એમ કુલ ૩૦૩ પ્રકારના મનુષ્યો છે એવી જ રીતે તિર્યંચ ગતિમાં એકેન્દ્રિય પાંચ સ્થાવરોના કુલ ૨૨ ભેદો છે + ૬ ભેદો વિકલેન્દ્રિયના છે. અને + ૨૦ ભેદો તિર્યંચ પંચેન્દ્રિયોના છે. એમ ૨૨ + ૬ + ૨૦ = ૪૮ ભેદો કુલ થાય છે. અન્તે ચોથી ગતિ નરક ની છે. એમાં પણ પર્યાપ્તા-અપર્યાપ્તા મળીને કુલ ૧૪ ભેદો કહ્યા છે.



દેવ ગતિના	- ૧૯૮
મનુષ્ય ગતિના	- ૩૦૩
તિર્યંચ ગતિના	- ૪૮
નરક ગતિના	- ૧૪
	૫૬૩

આ રીતે ચારેગતિના જીવોના કુલ ૫૬૩ ભેદો બતાવ્યા છે. સમસ્ત લોકક્ષેત્ર રૂપ બ્રહ્માણ્ડ - અર્થાત્ ચૌદેરાજલોકરૂપ સંપૂર્ણ સંસારની સમગ્ર જીવસૃષ્ટિના સૂક્ષ્મ-સ્થૂલ નાના-મોટા બધાજ પ્રકારના જીવોનો સમાવેશ આ ૫૬૩ ભેદોમાં કરવામાં આવ્યો છે. આની બહાર જગત્નો એક પણ જીવ નથી. સિદ્ધોની ગણતરી આ ૫૬૩ની સંખ્યામાં નથી કરવામાં આવી. સિદ્ધોમાં એવા કોઈ ભેદો પડતા નથી, થતા નથી. સિદ્ધો સર્વે એક સમાન છે. એક જેવા જ છે. ૧૫ ભેદ સિદ્ધ થવા પૂર્વેના છે. કયા લિંગે કોઈ જીવ સિદ્ધ થાય છે. તે દર્શાવવામાં આવ્યું છે. તેથી તેની ગણતરી સિદ્ધોના ભેદો કે પ્રકારો તરીકે ગણવામાં નથી આવી. વિશેષ રૂચિવાળા જીવોએ ઉપરોક્ત ૫૬૩ ભેદોના સંક્ષિપ્તરૂપે આ વિવેચન સમજીને આગળ જીવ વિચાર, પન્નવણા આગમ શાસ્ત્ર, તેમજ જીવાભિગમ આદિ શાસ્ત્રો ઉપરથી વિશેષ અભ્યાસ અવશ્ય કરવો જોઈએ. જેથી સર્વજ્ઞ ભગવન્તોએ જીવોનું આવુ અદ્ભૂત અને અનોખુ સ્વરૂપ સમજાવ્યુ છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે. અને બોધ વધશે. આ જીવ દ્રવ્ય સમગ્ર સંસારના ષડ્દ્રવ્યોમાંનો એક ઘટક દ્રવ્ય છે.

અજીવ દ્રવ્ય સ્વરૂપ

૧	૨	૩	૪	૫
ધર્માસ્તિકાય	અધર્માસ્તિકાય	આકાશાસ્તિકાય	કાળ	પુદ્ગલાસ્તિકાય
૩	૩	૩	૧	૪ = ૧૪

ધમ્મા-ધમ્માગાસા તિય તિય ભેયા તહેવ અદ્ધા ય ।
ખંધા-દેસ-પએસા

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયનું થોડું વર્ણન ઉપર કરી ગયા છીએ. અહીંયાં અજીવ દ્રવ્ય તરીકેની વિચારણામાં આ ત્રણે અસ્તિકાયો ઉપરાંત કાળ દ્રવ્યની ગણના તથા પાંચમા પુદ્ગલાસ્તિકાયની પણ સાથે ગણના કરીને અજીવ દ્રવ્યના કુલ મૂળ ૫ ભેદો દર્શાવ્યા છે. જો કે કાળ દ્રવ્યને દ્રવ્ય તરીકે ગણવા ના વિષયમાં મતભેદ રહ્યો જ છે. કાળને અસ્તિકાય રૂપે નથી ગણવામાં આવ્યો. કારણ કે તે પ્રદેશ સમૂહાત્મક પિણ્ડ નથી. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બન્ને દ્રવ્યો સંપૂર્ણ લોકવ્યાપી દ્રવ્યો છે સમસ્ત લોકના ખૂણે-ખૂણે સર્વત્ર વ્યાપ્ત થઈને રહેલા દ્રવ્યો છે. જ્યારે આકાશાસ્તિકાય દ્રવ્ય લોક અને અલોક બન્નેમાં વ્યાપીને રહેલા અનન્ત દ્રવ્ય છે. કાળ એકમાત્ર જૂના નવા આદિના પરિવર્તનો કરનારૂં દ્રવ્ય છે. અન્તિમ પાંચમું અજીવ દ્રવ્ય પુદ્ગલાસ્તિકાય છે. જે પૂરણ + ગલન અથવા બનવા બગડવાના સ્વભાવવાળું દ્રવ્ય છે. તેને પુદ્ગલાસ્તિકાય કહ્યુ છે. આ જડદ્રવ્ય છે. અવાન્તર ભેદોની વિવક્ષા કરતા ૧) સ્કંધ, ૨) દેશ, ૩) પ્રદેશ અને ૪) પરમાણુ એવા ૪ ભેદો દર્શાવ્યા

છે. પ્રથમના ૩ ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય તથા આકાશાસ્તિકાયના સ્કંધ-દેશ અને પ્રદેશ એવા ત્રણ-ત્રણ ભેદો જ દર્શાવ્યા છે. આ ત્રણે એક અખંડ સ્કંધસ્વરૂપ દ્રવ્ય છે. આ સ્કંધના જ એક નાના ભાગને દેશ કહેવામાં આવે છે. અને તેના જ સૂક્ષ્માતિસૂક્ષ્મ એક અણુ સ્વરૂપ નાના ભાગને પ્રદેશ કહેવામાં આવે છે. એ પ્રદેશાવસ્થામાં સ્કંધ, દેશની સાથે સંલગ્ન-જોડાયેલો હોય છે. અને એ જ પ્રદેશ જો સ્કંધ-દેશથી છૂટો પડીને સ્વતંત્ર બની જાય તો તેને પરમાણું કહેવાશે. ધર્માસ્તિકાયાદિ ત્રણમાં પ્રદેશ છૂટો પડતો જ નથી. એવી અખંડિતતા છે. માટે તે ત્રણેનો પરમાણુભેદ નથી થતો - સ્કંધ-દેશ-પ્રદેશના ૩-૩ ભેદો જ રહે છે.



કાળ પ્રદેશ સમૂહાત્મક ન હોવાથી તેને અસ્તિકાયરૂપ દ્રવ્ય જ નથી કહ્યો માટે સ્કંધાદિના ભેદો પડવાના જ નથી. તેથી અજીવના ૧૪ ભેદોની ગણતરીમાં ફક્ત એક જ ભેદ તરીકેની ગણના કરવામાં આવી છે.

અંતિમ અજીવ દ્રવ્ય છે, પુદ્ગલ. આ જડ દ્રવ્યના ચારે ભેદો પડે છે. એક સ્વતંત્ર અખંડ દ્રવ્યને પુદ્ગલ સ્કંધ કહેવાશે. એનો જ એક નાનો ભાગ દેશ તરીકે ઓળખાય છે. અને એ દેશનો એક નાનામાં નાનો અવિભાજ્ય સંલગ્ન ભાગ તેને પ્રદેશ કહ્યો છે. અને અન્તમાં એ જ પ્રદેશ દેશ-સ્કંધ થી છૂટો પડી જાય ત્યારે સ્વતંત્ર અખંડ-અવિભાજ્ય જેવી સૂક્ષ્મતમ નાની અવસ્થા આવી જાય છે. તેને પરમાણું કહેવાય છે. પરમાણું આ અન્તિમ અવસ્થા છે. Atom તરીકે ઓળખાય છે. જ્યારે વિજ્ઞાનના ક્ષેત્રમાં સ્કંધને Molecule કહે છે. પરમાણુ અવિભાજ્ય, અછેદ્ય, અભેદ્ય, અદાહ્ય, અકાટ્ય છે.



લોકમાં ૮ જાતિના પરમાણુઓ – (અષ્ટ મહાવર્ગણા)

આ ચિત્રમાં દર્શાવ્યાનુસાર સમગ્ર ચૌદે રાજલોકમાં અષ્ટ મહાવર્ગણાઓ છે. વર્ગણા એટલે મોટો જત્થો. સંપૂર્ણ ચૌદે રાજલોક ૮ જાતના (૮ પ્રકારના) પરમાણુઓથી ઠસોઠસ ભરેલો છે. જેમ એક ડબ્બીમાં કાજળ ઠાંસી ઠાંસીને ભરેલી હોય છે તેમ આ સંપૂર્ણ લોક ક્ષેત્રમાં ૮ જાતના પરમાણુઓ ઠાંસી ઠાંસીને ભરેલા છે. એક સોયની અણી મૂકવા જેટલી પણ જગ્યા ખાલી નથી. આ પરમાણુઓ

અસ્તિત્વની દૃષ્ટિએ શાશ્વત છે. ૧) ઔદારિક વર્ગણા, ૨) વૈક્રિય વર્ગણા, ૩) આહારક વર્ગણા, ૪) તૈજસ વર્ગણા, શ્વાસોચ્છ્વાસ વર્ગણા, ૬) ભાષા વર્ગણા, ૭) મનોવર્ગણા, તથા ૮) કાર્મણ વર્ગણા. આ ૮ પ્રકારના ભિન્ન-ભિન્ન જાતના પરમાણુઓના જત્થાને વર્ગણા કહેવામાં આવેલ છે. સમસ્ત લોકના બધા સંસારી જીવો માટે આ આઠે જાતની વર્ગણા ઉપયોગમાં આવે છે. જીવો પોતાના કામમાં લે છે. ઔદારિકાદિ વર્ગણાઓ ગ્રહણ કરીને જીવ પોતાની શરીરરચના કરે છે. દેવતાઓ વગેરે વૈક્રિય વર્ગણાનો જત્થો લઈને તેમાંથી વૈક્રિય શરીરનીરચના કરે છે. લબ્ધિધારી વિશિષ્ટ કક્ષાના મુનિ ભગવન્તો જેઓ આહારક લબ્ધિધારી હોય તેઓ આહારક વર્ગણાના પરમાણુઓ લઈને આહારક શરીરની રચના કરે છે. તૈજસ વર્ગણાના પુદ્ગલ પરમાણુઓલઈને જીવો તૈજસ શરીરની રચના કરે છે. સંસારના બધા જીવો શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પરમાણુઓ ગ્રહણ કરતા શ્વસન તંત્ર ચલાવે છે. ભાષાવર્ગણા, શબ્દોના પુદ્ગલ પરમાણુ અનન્તાનન્ત છે. એને ગ્રહણ કરીને જીવો ભાષા બોલે છે. શબ્દો બનાવે છે. એવી જ રીતે મનોવર્ગણાના કેટલાય પુદ્ગલ પરમાણુઓનો જત્થો ગ્રહણ કરી જીવો મન બનાવે છે. અને અન્તિમ સૂક્ષ્માતિ સૂક્ષ્મ કાર્મણ વર્ગણા છે. તમામ સંસારી જીવો રાગ-દ્વેષાદિ વૃત્તિથી કાર્મણવર્ગણાઓ ગ્રહણ કરીને કર્મ બાંધે છે. આ પ્રમાણે આઠે પ્રકારની ભિન્ન ભિન્ન વર્ગણાઓનો જત્થો ગ્રહણ કરીને જીવો તેને તે રૂપે પરિણમાવે છે. આ બધી વર્ગણા જડ પૌદ્ગલિક પરમાણુઓની છે. અને તેના જ કારણે આપણા શરીરાદિ બધા જડ પૌદ્ગલિક પિણ્ડરૂપ છે. જીવાત્મા સ્વ-સ્વ કર્મને અનુરૂપ આ અષ્ટ પ્રકારની વર્ગણાઓના પરમાણુઓનો તેટલા પ્રમાણમાં જત્થો ગ્રહણ કરે છે. આ વર્ગણાઓ તેયોગ્ય જ હોય છે. માટે તેમાંથી તે જ બની શકે. મનોવર્ગણાના પરમાણુંઓ ગ્રહણ કરીને જ જીવો મન બનાવી શકે છે. તે સિવાય સંભવ નથી. મન બનાવીને જ જીવ વિચાર કરી શકે છે. એ માટે જીવ પોતાની મન પર્યાપ્તિ નામકર્મની સત્તા હોવી જરૂરી છે. એવા ઘણાં અસંજ્ઞી જીવો હોય છે. તેમને આ મન પર્યાપ્તિ નામ કર્મની પ્રકૃતિ જ નથી હોતી. માટે એકેન્દ્રિય-બેઈન્દ્રિય-તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયાદિ ઘણા જીવો અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જીવો પણ મન બનાવી નથી શકતા. કારણ કે તેમની આ કર્મ પ્રકૃત્તિ વિશેષ સત્તામાંજ નથી હોતી. માટે તેવા જીવો મન બનાવી નથી શકતા. અસંજ્ઞી જ



તરીકે જ જીવે છે. રહે છે. એવી જ રીતે ભાષા બોલવા માટે પણ જીવો આકાશમાંથી અષ્ટ વર્ગણાના જત્થામાંથી ભાષા વર્ગણાના પરમાણુઓ ગ્રહણ કરીને જ જીવો ભાષા બોલી શકે છે. તે વિના સંભવ નથી. અન્તે આ લોકક્ષેત્રમાં ચૌદે રાજલોકમાં કર્મ બનવા યોગ્ય કાર્મણ વર્ગણાના અનન્તાનન્ત પુદ્ગલ પરમાણુઓ છે. તેમાંથી સ્વયોગ્ય-તથાપ્રમાણ ગ્રહણ કરીને આશ્રવમાર્ગે જીવો તેને સ્વ આત્મામાં પરિણમાવે છે. અને તેમાંથી આત્મપ્રદેશો સાથે કર્મ બનીને રહે છે. આ કર્મો બાંધેલી બધસ્થિતિના કાળસુધી રહે છે. ૧૮ પાપસ્થાનોનું સેવન કરીને સંસારમાં જીવો અનન્તા કર્મો બાંધે છે. વિચાર કરો કે આવી કાર્મણ વર્ગણાના અનન્તાનન્ત પરમાણુઓ છે. જેમાંથી જીવો ગ્રહણ કરીને કેટલા અનન્ત કર્મો ઉપાર્જન કરે છે ? આવા કર્મો થકી જ આ સંસાર ચાલતો જ રહે છે. અનન્તા જીવો આ અનન્તી કાર્મણવર્ગણા સતત ગ્રહણ કરતા રહે છે. છતાં પણ સમસ્ત ચૌદેરાજલોકક્ષેત્રમાંથી કાર્મણ વર્ગણા સમાપ્ત થઈ નથી. ખૂટી નથી. અનન્ત કાળ વીતિ જવા છતાં આજે પણ અનન્તાનન્ત છે. એવી જ રીતે ભવિષ્યના અનન્તકાળ સુધી પણ રહેવાની જ છે.

આ સંસાર અનાદિ-અનન્ત છે. આઠે-આઠ પ્રકારની વર્ગણાઓના પુદ્ગલ પરમાણુઓ અનન્તાનન્તની સંખ્યામાં છે. ભૂતકાળ અનન્તાનન્ત વીતિ ગયો છે. અનન્તા જીવો વડે અનન્ત વાર આ આઠે મહાવર્ગણાઓનો ગ્રહણ ઉપયોગ સતત થતો જ રહ્યો છે. એમાંની એક પણ વર્ગણાના પરમાણુઓનો સર્વથા સદંતર નાશ થયો નથી. માટે અનન્તા ભવિષ્યકાળ પછી પણ નાશ થવાનો નથી. માટે આ સંસાર અનન્તાનન્ત કાલીન અસ્તિત્વ વાળો છે. જે જીવો વર્ગણાઓના પરમાણુઓ ગ્રહણ કરે છે. તેઓ ફરીથી કાળાન્તરે તે પરમાણુઓનું વિસર્જન પણ કરે છે. એટલે પરમાણુઓની ગ્રહણ વિસર્જનની પ્રક્રિયા સતત થતી જ રહે છે. પરમાણુ પોતાના સ્વરૂપે અવિનાશી - શાશ્વત છે. માટે અનન્તા કાળે પણ એકે પરમાણુનો નાશ નથી થતો. અવિનાશી છે. સદા નિત્ય છે. હા... પર્યાયાન્તર-રૂપાન્તર થતું જ રહે છે. પરમાણુઓનું દ્રવ્યાન્તર થાય તેમ નથી.

संघात-विघात प्रक्रिया-

''संघात विघाताभ्यां'' પૂ. વાચકમુખ્યજી ઉમાસ્વાતિ ભગવન્તે તત્ત્વાર્થ સૂત્રમાં આ સૂત્રથી પરમાણુઓમાં સંઘાત-વિઘાતની પ્રક્રિયા થાય છે તે જણાવતા સ્પષ્ટ કર્યું છે કે પરમાણુઓનો સંઘાત થવાથી સ્કંધની રચના થાય છે. અને તે સ્કંધમાં ફરીથી વિઘાત થવાથી ફરીથી તે પરમાણુ સ્વરૂપમાં પરિવર્તિત થાય છે. ચૂનાના પાવડર (ચૂર્ણ)માંથી ચૉક બને છે. અને લખતા-લખતા ફરીથી તેનું પરમાણુ રૂપમાં રૂપાન્તર થતુ જાય છે. આ રીતે અનન્તાનન્ત પૌદ્ગલિક પદાર્થો છે જે સ્કંધાવસ્થામાંથી ફરી

પર્યાય પરિવર્તને પરમાણુ સ્વરૂપમાં પરિવર્તન પામતા જ જાય છે. અને ફરીથી વિઘાત થવાની પ્રક્રિયાથી પરમાણુ પર્યાયને પણ ધારણ કરતા જ જાય છે. આપણો જીવ માતાના ગર્ભમાં આવ્યો અને શરીર બનાવવા યોગ્ય એવા ઔદારિક વર્ગણાના અનન્તા પરમાણુઓ ગ્રહણ કર્યા. સંઘાત પ્રક્રિયાથી સ્વકર્માનુસાર તેમને ગોઠવીને જીવે પોતાના શરીરની રચના કરી અને આયુષ્યકાળ સમાપ્ત થઈ જવાથી જીવ તે સ્કંધ રૂપ પુદ્ગલ પિણ્ડ-આ શરીરને છોડીને ચાલ્યો જાય છે. પૂરણ-ગલન સડન અને બનવા-બગડવાના સ્વભાવવાળા આ પુદ્ગલ પરમાણુઓના પિણ્ડરૂપ શરીરને આપણે અગ્નિદાહ દઈને બાળી નાંખવાના, અગ્નિના સંયોગે શરીરાકારનો નાશ થઈ જશે. ફરીથી વિઘાત પ્રક્રિયાથી તે સ્કંધનો પર્યાયાન્તર રૂપાન્તર થતા જ તે ફરીથી પરમાણું સ્વરૂપમાં પરિવર્તિત થઈ જશે. અને પરમાણુ સ્વરૂપમાંથી ફરીથી કોઈ પણ પરમાણુ ગ્રહણ કરીને પાછા તેને પરિણમાવશે અને તેથી ફરી સ્કંધ બનશે. આ સ્કંધમાંથી પરમાણુ અને પરમાણુમાંથી ફરી સ્કંધરૂપે બનવા-બગડવાની પર્યાય પરિવર્તનની પ્રક્રિયા સંઘાતવિઘાતના આધારે અનન્તકાળ સુધી ચાલતીજ રહે છે. માટે પરમાણુના અસ્તિત્વનો લોપ ક્યારેય થતો જ નથી. પરમાણુઓ પણ અસ્તિત્વની દૃષ્ટિએ નિત્ય શાશ્વત જ છે.

દ્રવ્ય-ગુણ-પર્યાયની આ ત્રણે અવસ્થામાં પુદ્ગલાદિ દ્રવ્યો સતત રહે છે. અને ઉત્પાદ-વ્યય-ધ્રોવ્યની સ્થિતિના આધારે ગુણ-પર્યાયોમાં પરિવર્તન થતું જ રહે છે. ગુણ-પર્યાયો દ્રવ્યના જ છે. તેથી જે બદલાતા જ રહેશે. છતાં પણ દ્રવ્યનું અસ્તિત્વ શાશ્વતરૂપે નિત્ય જ રહે છે. ચોક્કસ દ્રવ્ય સ્કંધરૂપે જ નિત્ય રહે છે તેવું નથી પરમાણું સ્વરૂપે પર્યાયાન્તર-રૂપાન્તર થઈને નિત્ય રહે છે. જો મૂળમાંથી દ્રવ્યસ્વરૂપે જ નષ્ટ થઈ જાય અને તેમનું અસ્તિત્વ જ ન રહે તો ફરીથી ઉત્પાદ-વ્યય કોના થશે ? આધાર વિના આધેય કયાંથી ટકશે ? ઝાડનું મૂળ થડ જ ન હોય તો શાંખા-ડાળો કયાંથી હોય ? એમ સત્તારૂપે મૂળભૂત દ્રવ્ય જ ન હોય તો ગુણ પર્યાય કયાંથી ટકે ? દા.ત. આત્માનું અસ્તિત્વ જ નષ્ટ થઈ જાય તો પછી આગામી જન્મ-મરણ કોના થશે ? જન્મ-મરણ એ પર્યાય નિમિત્તક છે. જીવાત્મા જો નષ્ટ થઈ જાય તો મોક્ષ કોનો ? મોક્ષમાં સિદ્ધ તરીકે રહેશે કોણ ? સિદ્ધાત્મા એ પણ આત્મદ્રવ્યની પર્યાય વિશેષ જ છે. આવી રીતે પાંચે દ્રવ્યોમાં ઉત્પાદ-વ્યય થવા છતાં પણ ધ્રુવપણું પણ મૂળસ્વરૂપે રહે જ છે. સદાકાળ રહે છે. તેથી આ ધ્રુવપણાના આધારે મૂળ દ્રવ્યનું અસ્તિત્વ નષ્ટ નથી થતું. તે નિત્ય શાશ્વત રહે છે. આ પ્રમાણે ઉત્પાદ-વ્યય અને ધ્રુવપણાની આ ત્રિપદી સંસારના પ્રત્યેક દ્રવ્યોમાં ઘટે છે. સુસંગત છે. ઉત્પાદ-વ્યયથી ગુણ-પર્યાયોમાં પરિવર્તન થતું જ રહે છે. દ્રવ્યની પર્યાયોમાં પણ પરિવર્તન સતત થતું જ રહે છે. એવી જ રીતે ગુણમાં પણ થાય છે. દા.ત. એક વૃક્ષ ઉપર આંબો ઉગ્યો.

કેરી પ્રથમ અવસ્થામાં લીલા રંગની કડવી હોય છે. કાળાન્તરે ખટાશ આવે છે. કાળાન્તરે તે પીળાશ ઉપર, પછી કેશરી રંગ પકડે છે. અને મીઠાશ ઘણી સારી આવે છે. આ પ્રમાણે ગુણ-પર્યાયો સતત બદલાતા જ રહે છે. છતાં દ્રવ્યપણું કાયમ રહે છે. અને આ દ્રવ્યના આધારે જ ધ્રુવ- નિત્યપણું રહે છે.

બીજી તરફ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય આ ત્રણે દ્રવ્યો જે એક-અખંડ અસંખ્ય પ્રદેશી લોક અને આકાશ લોકાલોક વ્યાપી છે. તેમની પર્યાયો સ્થિર છે. માટે પર્યાય પરિવર્તન-રૂપાન્તર થતું નથી. અનન્તકાળ સુધી સ્થિર પર્યાયરૂપે છે. અને અનન્તકાળસુધી સ્થિર ગુણ રૂપે છે. અનન્તાકાળે પણ ગુણ પરિવર્તન પણ થતું નથી. થવાનું નથી. ધર્માસ્તિકાયનો ગતિ સહાયકગુણ શાશ્વતકાલીન છે. ક્યારેય પણ આ ગુણ નષ્ટ થવાનો નથી. એવી જ રીતે બધા દ્રવ્યોના ગુણોની બાબતમાં સમજવું. પરન્તુ પરમાણુમાં ગુણ-પર્યાયોનું પરિવર્તન રૂપાન્તર ઘણું છે. જીવદ્રવ્યના જ્ઞાનાદિ ગુણો ત્રિકાળ શાશ્વત છે. પરમાણુના નથી. પરન્તુ સંસારી અવસ્થામાં કર્મનિમિત્તક જ્ઞાનાદિ ગુણોની માત્રા-પ્રમાણમાં ઘણી વધ-ઘટ ઉત્પાદ-વ્યય થતો જ રહે છે. અનન્તજ્ઞાની આત્મા પણ આજે કર્મ સંયોગવશ અજ્ઞાની છે. અજ્ઞાની એ જ્ઞાનનુ વિરોધાભાસી સ્વરૂપ છે. માટે સંસારી અવસ્થામાં જીવાત્મામાં પણ ઉત્પાદ-વ્યયના આધારે ગુણ-પર્યાય પરિવર્તન-સમાન્તરણ સતત રહે છે. જ્યારે એ જ આત્મા સર્વ કર્મ રહિત થઈને સિદ્ધ-બુદ્ધ-મુક્ત બની જાય છે. ત્યારે હવે સ્થિર-ગુણ-પર્યાયપણું આવી જાય છે. કેવળજ્ઞાન - વીતરાગતાદિ જે ગુણો સિદ્ધમાં આવી ચૂક્યા છે તે અનન્તકાળ સુધી રહેવાના છે. અને જીવની જે સિદ્ધાવસ્થા પ્રગટ થઈ ચૂકી છે તે પણ અનન્ત કાળ સુધી રહેવાની છે. અપરિવર્તનશીલ સ્થિર ગુણ-પર્યાયની આ અવસ્થામાં હવે કોઈ ઉત્પાદ-વ્યય-નથી થવાના, પણ હા... આ ઉત્પાદ-વ્યય તેમના જ્ઞાન-દર્શનમાં ઉત્પન્ન થતાં તે તે વખતના વર્તમાનકાલિક વર્તતા જ્ઞાન ગુણ અને તેની પર્યાયના આધારે કહી શકાશે. અને તેને જે ઉત્પાદ-વ્યય રૂપે ઘટાડી શકાશે, પરન્તુ સિદ્ધાવસ્થાની પર્યાય એ વિનાશી નથી માટે સાદિ-અનન્ત કક્ષાની છે. આત્મ દ્રવ્યનું ધ્રુવપણું સદાકાળ હોવાથી અનાદિ-અનન્તકાલીન અવિનાશીપણું રહ્યું છે.

ષડ્ દ્રવ્યોના ગુણો-

चलण सहावो धम्मो, थिर संठाणो अहम्मोय ।
अवगाहो आगासं, पुग्गल जीवाण पुग्गला चउहा ।।
नवतत्त्व..

૧. ધર્માસ્તિકાય દ્રવ્યનો ગતિસહાયક ગુણ છે. જીવ અને પુદ્ગલ આ બન્ને દ્રવ્યો જે સ્વયં ગતિ કરનારા

છે તેમને એક સ્થાનથી બીજા સ્થાનમાં ગતિ કરવામાં, આવવા-જવાની ગતિમાં

સહાયક બને છે. ધર્માસ્તિકાય દ્રવ્ય - આ ગતિ સહયકપણાનો તેના ગુણ છે. સંપૂર્ણ લોકમાં સર્વત્ર સર્વ ક્ષેત્રમાં જીવ-પુદ્ગલ-પરમાણું બધાને ગતિમાં સહાયતા કરવાનો ગુણ છે. ગુણ ક્યારેય ગુણી-દ્રવ્ય વિના રહેતા જ નથી. માટે ગતિ સહાયક ગુણના કારણે તેનો ગુણીદ્રવ્ય ધર્માસ્તિકાય જ ઓળખાશે.

૨. ગતિ પછી જીવ તથા પુદ્ગલ દ્રવ્યોને જ્યાં સ્થિર થવું હોય તો તેને સ્થિર થવામાં મદદરૂપ થવાનો ગુણ જેનો છે તે અધર્માસ્તિકાય દ્રવ્ય કહેવાય છે. માટે સ્થિતિ સહાયક ગુણ અધર્માસ્તિકાયનો છે.

૩. આકાશ દ્રવ્યનો અવકાશ પ્રદાન કરવાનો ગુણ છે. પોતાના આશ્રયે રહેનારા જીવ તથા પુદ્ગલાદિ બધા દ્રવ્યોને રહેવા માટે જગ્યા-અવકાશ તો આકાશ દ્રવ્ય જ આપે છે. આ એનો વિશિષ્ટ ગુણ છે.

આ જગત્માં જેટલાય પુદ્ગલ પદાર્થો છે તે બધા વર્ણ-ગન્ધ-રસ-સ્પર્શાદિ ગુણોંથી યુક્ત છે. સંસારનો એક પણ પૌદ્ગલિક પદાર્થ રૂપ-રંગ, ગંધ, રસ, સ્પર્શાદિ ગુણોં વગરનો નથી.



ષટ્દ્રવ્યમાં જે જીવ દ્રવ્ય છે. તેને મૂળમાં આત્મા અથવા ચેતન દ્રવ્ય પણ કહેવાય છે. જે ૧) અનન્ત જ્ઞાન, ૨) અનન્ત દર્શન, ૩) અનન્ત ચારિત્ર (યથાખ્યાત ચારિત્ર), ૪) અનન્ત વીર્ય, ૫) અનામી-અરૂપી, ૬) અગુરૂ-લઘુ, ૭) અનન્ત સુખ, અને ૮) અક્ષયંસ્થિતિ, એવા મુખ્ય આઠ ગુણોં જેમાં ભરેલા છે જે આ આઠ ગુણોંથી પરિપૂર્ણ છે. તેને ચેતન આત્મા કહેવાય છે. કાળનુ વર્તના લક્ષણ છે. પરિવર્તનકારી ગુણવાન્ આ કાળ છે. જુના-નવા અને નાના-મોટા આદિ પહેલા-પછી આદિના પરિવર્તનો કાળના આધારે છે. આ રીતે ષડ્દ્રવ્યોના બધાના પોતાના ગુણોં છે.

લોકાલોકસ્વરૂપ - જગત્-

સર્વજ્ઞ પ્રણીત જિન શાસનમાં સમસ્ત બ્રહ્માણ્ડને લોકાલોક સ્વરૂપ કહ્યું છે. આ જ જગત્નું સ્વરૂપ છે. એને ષડ્દ્રવ્યાત્મક કહેવાય છે. પંચાસ્તિકાયાત્મક કહેવાય છે. ઉપરોક્ત વર્ણનાનુસાર આ છએ દ્રવ્યોવાળુ આ જગત્ છે. આ પંચાસ્તિકાયો, ષડ્દ્રવ્યો ત્રિકાળ શાશ્વત પદાર્થો છે. અનાદિ અનન્ત છે. અને અનુત્પન્ન-અવિનાશી છે. માટે

આવા વિશ્વની રચના કરવાવાળો, દુનિયા બનાવવાવાળો કોઈ નથી. આ જગત્ સ્વયંભૂ શાશ્વત છે. કોઈના વડે નિર્માણ કરેલુ - રચેલુ નથી. માટે પંચાસ્તિકાયાત્મક આ જગત્નો કર્તા વિશેષ (બનાવનાર) કોઈપણ નથી. તેથી બનાવનાર-કર્તાતરીકે ઈશ્વરની ખોટી કલ્પના કરવાની કોઈ આવશ્યકતા નથી. આવા સૃષ્ટિકર્તા ઈશ્વરની આ અર્થમાં કલ્પના કરવી અસત્ કલ્પના છે. મિથ્યા સ્વરૂપ કલ્પના છે. આવી ખોટી માન્યતા આપણા સાચા જ્ઞાનની અવરોધક બને છે.

આ અનન્ત સંસાર અનન્તકાલિક છે. ક્યારેય નષ્ટ થવાનો જ નથી. પંચાસ્તિકાયાત્મક આ સમસ્ત દ્રવ્યોનો સર્વથા લોપ-નાશ અથવા અનન્ત થવાનો નથી. પૃથ્વીતલ રૂપી જગતના એકદેશરૂપ ક્ષેત્ર વિશેષમાં પૂરાદિ કારણોંસર પ્રલય થાય, વિનાશ સર્જાય... તેથી આટલી વિશાળ સૃષ્ટિનો સર્વત્ર નાશ થવાનો નથી. એટલો વ્યાપક વિનાશ ક્યારેય સંભવ નથી. ભૂતકાળ અનન્તાનન્ત વિતી ગયો છે. જો અનન્ત ભૂતકાળમાં ક્યારેય સર્વવ્યાપી વિનાશ–અથવા સર્વનાશ આવ્યો હોત તો આજે આ જગત્નું આવું સ્વરૂપ ન રહ્યુ હોત. અને વીતેલો ભૂતકાળ અનન્ત છે. એ અનન્તાકાળમાં મહાપ્રલય આવ્યો જ નથી. માટે ભવિષ્યમાં પણ આવે તેવી કોઈ શક્યતા કે સંભાવના જ નથી. સમસ્ત લોકસ્વરૂપનો નાશ થવાનો નથી. કોઈ નાના સામાન્ય ક્ષેત્ર વિશેષમાં આવે એવી સંભાવના ખરી, પરન્તુ એના આધારે સમસ્ત બ્રહ્માણ્ડનો નાશ થઈ જશે, આવી માન્યતા સાવ ભૂલ ભરેલી છે.

સંસાર સ્વરૂપ વિચારણા–

અણાઇ જીવે, અણાઇ જીવસ્સ ભવે, અણાઇ કમ્મ સંજોગ નિવત્તિએ ।



પૂ. ચિરંતનાચાર્યજી પંચસૂત્રમાં જણાવે છે કે... આ સંસારમાં જીવો અનાદિકાળથી છે જીવનું અસ્તિત્વ પણ અનાદિ કાળથી છે. અને જીવની સાથે કર્મનો સંબંધ પણ અનાદિ કાળથી છે. જીવની સર્વ પ્રથમાવસ્થા આ નિગોદ છે. અનાદિકાલીન જીવનું અસ્તિત્વ હોવાના કારણે આદિ ભાવ, આદિરૂપ નથી. આદિ રૂપ ન હોવાથી જીવના અસ્તિત્વ સાથે કાળની કોઈ સંજ્ઞા નહીં જોડાય. અને બીજી બાજુ જીવનું અસ્તિત્વ અનાદિ કાળથી છે... તો પછી એની ઉત્પત્તિ કે નિર્માણ કરનાર અથવા જીવને બનાવનાર કોઈ નથી.. ઉત્પત્તિ નથી. અનાદિ

કહેવાથી ઉત્પત્તિ રહિત થઈ ગયો. જીવ અને ઉત્પત્તિ સિદ્ધ નથી થતા તો પછી ઉત્પન્ન કરનાર કેવી રીતે સિદ્ધ થશે ? અને જો ઉત્પત્તિ કરનાર-બનાવનાર જ સિદ્ધ નથી થતો તો પછી શેમાંથી ઉત્પન્ન કર્યો ? જીવના ઉત્પન્ન થવામાં કોઈ ઘટક દ્રવ્યો કારણરૂપ સિદ્ધ થઈ શકે જ નહીં. માટે એવો કોઈ ઘટક દ્રવ્ય નથી અથવા એવા કોઈ પરમાણુ પણ નથી જેમાંથી જીવની ઉત્પત્તિ થઈ હોય. માટે એવા કોઈ પરમાણુઓ પણ આ જગતમાં નથી કે જે જીવને બનાવી શકે. જેના સંમિશ્રણથી જીવ બની શકે. માટે જીવ બનતો જ નથી. જીવની ઉત્પત્તિ સિદ્ધ થઈ શકે જ નહીં. અને ઉત્પત્તિ નથી માટે અનાદિ કાલીન જીવનું અસ્તિત્વ સ્વીકારવું જ પડે.

ભૂતકાળમાં જીવનું અસ્તિત્વ અનાદિ કાળથી છે. પણ તે અનાદિકાળથી આજ દિવસસુધી કેટલા વર્ષો વીતિ ગયા ? એના ઉત્તરમાં... અનન્તા વર્ષો, અનન્ત પુદ્ગલ પરાવર્ત કાળ વીતિ ગયો છે. જીવનું અસ્તિત્વ આજે પણ છે. અને ભવિષ્યકાળની દૃષ્ટિએ ભવિષ્યમાં પણ અનન્ત કાળ સૂધી જીવનું અસ્તિત્વ એમનું એમ રહેવાનું જ છે. આત્માના અસ્તિત્વનો નાશ ક્યારેય નહીં આવે. અન્ત થવાનો નથી. જો અન્ત આવી જાય તો અસ્તિત્વ ખલાસ થઈ જાય. અને અસ્તિત્વનો જ નાશ થઈ જાય તો મોક્ષમાં કંઈ રહેજ નહીં. આત્મા નામનું દ્રવ્ય રહે જ નહીં. માટે કે આત્માનું અસ્તિત્વ અનાદિ-અનન્ત કહ્યું છે. અનુત્પન્ન અને અવિનાશી છે. નિત્ય સદા શાશ્વત છે.

ભવ = એટલે સંસાર. "अणाइ जीवस्स भवे" અનાદિ જીવનો આ સંસાર પણ અનાદિ કાળથી છે અર્થાત્ જીવનો આ સંસાર પણ અનાદિકાળથી છે. જીવ પોતે પણ અનાદિ અનુત્પન્ન છે. એવી જ રીતે જીવનો આ સંસાર અને સંસારી તરીકેનું જીવનું સ્વરૂપ સંસારની સાથેનો જીવનો સંબંધ બધું જ અનાદિ-અનુત્પન્ન છે. આ સંસાર જીવનો છે. અજીવનો નથી. સંસાર-જગત્ અજીવમય છે. ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય અનેં આકાશાસ્તિકાય, તથા પુદ્ગલાસ્તિકાય આદિ બધા અજીવ દ્રવ્ય છે તે બધા મય જ આ જગત્-વિશ્વ છે. લોકાલોક બધા અજીવ છે. અજીવમય આ સંસાર છે. તેમાં સક્રિયકર્તા, હર્તા, ભોક્તા, એકમાત્ર જીવ દ્રવ્ય છે. એટલે સંસાર જીવ નો છે, પરન્તુ અજીવ સંયોગિક છે. અજીવ થકી જીવનો સંસાર છે. અનન્તકાળમાં પણ જીવ ક્ષણમાત્ર જેટલો સમય પણ અજીવના સંયોગ સંબંધ વિનાનો ગયો નથી. આવી રીતે જીવ અનાદિ અનુત્પન્ન છે. એવી જ રીતે આ સંસાર પણ અનાદિ-અનુત્પન્ન છે.

મુખ્યરુપે કર્તા, હર્તા, ભોક્તા જીવ છે. માટે આ સંસાર કોનો છે ? જીવનો છે. અજીવ સંયોગિક છે. અજીવ નિમિત્તક છે. જીવે જે કર્મો બાંધ્યા છે તે પણ અજીવ અને બીજા જીવો નિમિત્તે રાગ-દ્વેષ કરીને બાંધ્યા છે. ચોરી કરવામાં પણ અજીવના જડ પુદ્ગલ પદાર્થો પ્રત્યે રાગબુદ્ધિ થઈ જવાથી જીવે તે વસ્તુની ચોરી કરી. તેની ખાતર જૂઠ બોલ્યો, તેની ખાતર ક્રોધાદિ કર્યા. પૈશૂન્યાદિ પાપોનું સેવન કર્યું. આ રીતે

અજીવ જડ પૌદ્‌ગલિક પદાર્થોના નિમિત્તે જીવ ઘણાં કર્મો બાંધે છે અને પોતાનો સંસાર વધારે છે. અને તે કર્મોના નિમિત્તે ઉદયમાં આવતા ચારે ગતિના સંસારમાં પરિભ્રમણ કરતા રહે છે.

ચિહું ગતિ ભવભ્રમણરૂપ સંસાર ચક્ર–

ચક્રનો અર્થ છે પૈડું. જે ગોળ-ગોળ ફર્યા કરે તે ચક્ર. જેમ ચાલતી ગાડીના ચક્રો (ટાયર-પૈડા) સતત ગોળ-ગોળ ફરતા જ રહે છે. એવી રીતે આ જ ગતિના સંસારમાં



જીવો સતત પરિભ્રમણ કરતા જ રહે છે. જન્મ-મરણ ધારણ કરતા-કરતા ફરતા જ રહે છે. દેવ-મનુષ્ય-તારક તિર્યંચ એવી ચાર ગતિઓ છે. આ ચિત્રમાં જોતા સ્પષ્ટ સમજાશે કે... નિગોદના ગોળામાં જે અનન્તા જીવો છે તેમાંથી કોઈ એક જીવના મોક્ષે જવાથી ગોળામાંથી બહાર નિકળે છે. અને સ્વકૃત કર્માનુસાર જન્મ-મરણધારણ કરતો-કરતો... ચારેય ગતિના આ સંસાર ચક્રમાં પરિભ્રમણ કરતો જ જાય છે.

આ સંસારમાં જીવોને આવવા માટે... જન્મ લેવા માટે ૮૪ લાખ યોનિઓ છે. જીવોને ઉત્પન્ન થવાના સ્થાનને યોનિ કહે છે. યોનિ જન્મ સ્થાન સૂચક છે. જન્મના કારણરૂપ છે. એવી આ સંસારના સમસ્ત જીવોની ૮૪ લાખ યોનિઓ છે. તેમાં જીવ જાય છે અને પોતાના શરીરની રચના કરીને કાળક્રમે જન્મ લે છે. આયુષ્ય કર્માનુસાર જે નિર્ધારિત કાળ મળે છે તેટલુ જીવન જીવે છે. અને આયુષ્ય પૂર્ણ થતા મૃત્યુ પામીને એક દિવસ આ સંસારમાંથી વિદાય લઈને ચાલ્યો જાય છે. ગયા પછી જીવ પૂર્વે-કર્મોના આધારે બીજો જન્મ લેશે. આ ભવમાં આવતા ભવને અનુરૂપ કર્મો બાંધીને જ જીવ જાય છે. મૂળ મેટરની પ્રતિના પેજ નં. ૧૯ જુઓ. ત્યાં સિદ્ધ-બુદ્ધ-મુક્ત બને છે. પરન્તુ મોક્ષમાં જવા વાળા જીવો સિવાય બાકીના બધા આગામી ભવ યોગ્ય કર્મો ઉપાર્જન કરીને જાય છે. અને પછી તે કર્મોના ઉદયે તેવા પ્રકારના દુઃખો આદિ ભોગવતા હોય છે. કર્મોના ઉદયે જીવોનો સંસાર ચાલતો હોય છે.

કર્મ જન્ય સંસાર કર્મથી જ ચાલે છે–

શ્રમણ સંસ્કૃતિના આર્હત્ દર્શનમાં સ્પષ્ટપણે સર્વજ્ઞ ભગવન્તે એક વાત જણાવી છે કે આ જીવોને સંસારના ૮૪ લક્ષ જીવયોનિઓમાં ભટકાવનાર ચારે ગતિઓમાં પરિભ્રમણ કરાવનાર ઈશ્વર જેવી કોઈ સત્તા નથી. અને ઈશ્વરનું આ કામ પણ નથી. એકમાત્ર જીવોના પોતાના ઉપાર્જન કરેલા કર્મો જ આમાં કારણભૂત છે.

પાછળ વિચાર કરી ગયા તેમ... કાર્મણ વર્ગણા સમસ્ત લોક ક્ષેત્રમાં ચારેયબાજુ ઢગલાબંધ છે. અને આના અનન્તાનન્ત પરમાણુઓ હોવા છતાં આ પરમાણુઓ આત્માને આપોઆપ ચોંટી જતા નથી. કોઈ કર્મો આપ મેળે નથી બંધાતા, પરન્તુ જીવાત્મા પોતે જ રાગ-દ્વેષરૂપ પાપાદિની પ્રવૃત્તિ કરે છે. તેથી આત્મ પ્રદેશોમાં સ્પંદન થાય છે. અને એથી બાહ્ય ક્ષેત્રમાં રહેલા કાર્મણ વર્ગણાના પુદ્ગલ પરમાણુઓને જીવ ખેંચે છે. આકર્ષે છે. અને પોતાની અંદર લે છે. આ આશ્રવની પ્રક્રિયા છે. આ આશ્રવની ક્રિયામાં ઈન્દ્રિયો, કષાયો, અવ્રત, યોગ, ક્રિયાઓ આદિ મુખ્ય કારણભૂત બને છે. આ આશ્રવ માર્ગે સર્વ પ્રથમ પ્રદેશ બંધ થાય છે. એટલે તેટલા પ્રમાણમાં કાર્મણ વર્ગણાના પરમાણુઓ આપણા આત્મ પ્રદેશો ઉપર આવીને છવાઈ જશે અને આત્માના પોતાના રાગ-દ્વેષના આધારે એમાં રસ ઉમેરાશે. આ રસની સાથે આ કાર્મણ વર્ગણા ભળીને આત્મપ્રદેશો ઉપર ચોંટશે. મિથ્યાત્વા, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગાદિ બંધ હેતુઓ એમાં ઘણો ભાગ ભજવે છે અને ત્યારે પ્રકૃતિ બંધ પડે છે. અહીં પ્રકૃતિ એટલે સ્વભાવ છે. આત્માનો જે જ્ઞાન-દર્શનાદિ ગુણાત્મક સ્વભાવ હતો તેના ઉપર હવે કર્માણુઓ છવાઈ જશે. ચોંટી જશે અને એકરૂપ થઈ જશે. એકમેક બની જશે. દૂધમાં સાકર ભળી જતાં જેમ દૂધનો મૂળ સ્વાદ બદલાઈ જાય છે ગળ્યો-મીઠો બની જાય છે તેમ આત્માના જ્ઞાનાદિ ગુણો આવરાઈ જશે. અને આત્મા પોતે જ્ઞાન-દર્શન-વીતરાગતાદિ ભાવોને આવરાયેલા હોવાથી અજ્ઞાની-અલ્પજ્ઞાની, અદર્શની અને રાગી દ્વેષી બની જશે. આત્માની પોતાની મુળભૂત પ્રકૃતિ બદલાઈને કર્મની પ્રકૃતિ પ્રમાણે એને રમવુ પડશે. સ્થિતિબંધ એની કાળ અવધિ નક્કી કરશે. કેટલા વર્ષો સુધી આ જીવને આવી કર્મબંધની સ્થિતિમાં રહીને કેટલો કાળ ભટકવું પડશે ?



સંસારમાં ૧૮ પાપની જાતિઓ છે. હિંસા-ઝૂઠ-ચોરીઓ વગેરે જે ૧૮ પાપો છે. તે જ ૮ પ્રકારના કર્મો બાંધવામાં મુખ્ય કારણરૂપ છે. કર્મો આપણને એમ કોઈ બીજા કોઈ બંધાવી નથી દેતા, પરન્તુ જીવ સ્વયં પોતે જ આ ૧૮ પ્રકારની પાપ પ્રવૃત્તિઓ કરેન્છે. મન-વચન-કાયાના માધ્યમથી આવી હિંસાદિ ૧૮ પાપોની પ્રવૃત્તિ કરતા કરતા જીવને કર્મો બંધાતા જાય છે. આ બંધાયેલા કર્મોના આધારે જીવની મતિ-ગતિ વગેરે નક્કી થાય છે. આ પાપોની જાતિઓ ૧૮ છે અને એની મન-

વચન-કાયાથકી થયેલી પ્રવૃત્તિઓથી આત્માને જ્ઞાનાવરણીયાદિ ૮-પ્રકારના કર્મો બંધાય છે. આ ૮ પ્રકારના કર્મોમાં અવાન્તર પેટાભેદોની ૧૫૮ પ્રકૃતિઓ છે. તેના બંધ થી આત્માના ગુણો બધા આવરાઈ જાય છે. આ ૮ કર્મોમાં મોહનીય કર્મ મુખ્ય રાજા છે. કર્મોનો રાજા મોહનીય કર્મ છે. શેષ બંધી પ્રકૃતિઓ આની સેના છે. નામકર્મની ૧૦૩ પ્રકૃતિઓમાં ગતિ નામકર્મ વગેરે છે. તે આત્માને દેવ-મનુષ્ય-નરક-તિર્યંચની ચારેય ગતિઓમાં પરિભ્રમણ કરાવે છે.

સંસાર કોનો છે ? જીવનો કે અજીવનો ? આના ઉત્તરમાં કોઈ પણ સ્પષ્ટ પણે કહેશે કે સંસાર જીવનો જ છે. અજીવનો નથી. જીવના આ સંસારમાં અજીવ નિમિત્તભૂત બને છે. કારણ છે કર્મો અજીવના ઘરના પુદ્ગલ પરમાણુ સ્વરૂપ છે. જીવ જડ પુદ્ગલ કે અજીવ પદાર્થથી સર્વથા ભિન્ન પોતાના જ્ઞાનાદિ ગુણોવાળો છે. આ જ્ઞાનાદિ ગુણોના કારણે જીવ સંસારની ચારે ગતિઓ આદિમાં ફરી શકે નહીં. પરિભ્રમણ કરી શકે નહીં, પરન્તુ આત્માના જ્ઞાનાદિ ગુણો ઉપર ૧૮ પાપની પ્રવૃત્તિઓથી આશ્રવમાર્ગે આવેલા કાર્મણ વર્ગણાના પરમાણુઓ આત્મપ્રદેશો સાથે બંધાદિ હેતુઓ વડે બંધાઈને એક-મેક થઈને આત્મ ગુણોને આવરી લે છે. ઢાંકી દે છે અને તે કર્મો આત્મગુણોથી વિપરીત અસર કરે છે. બધા કર્મો બંધાય છે. વિષય-કષાયથી ઘણાં કર્મો બંધાય છે. તેના આધારે નામકર્માદિ પણ નક્કી થાય છે. નામકર્મની ૧૦૩ પ્રકૃતિઓમાં ગતિ-જાતિ વગેરે પ્રકૃતિઓ આગામી ભવની ગતિ-જાતિ વગેરે નક્કી કરે છે અને આયુષ્ય કર્મ તે તે ગતિ યોગ્ય કાળનું પ્રમાણ નક્કી કરી આપે છે. આગામી ભવમાં ૪માંથી જીવ જે ગતિમાં જાય ત્યાં એને કેટલા વર્ષો સુધી રહેવું ? એ પ્રમાણે બીજી ગતિના મળેલા શરીરમાં જીવ એટલા વર્ષો સુધી રહે છે અને પછી તે બીજા ભવમાં બંધાતા નવા કર્મોના આધારે આગળના ત્રીજા ભવ યોગ્ય કર્મો બંધાશે. ત્યાં પણ તે રીતે આયુષ્ય નક્કી થશે. તે ચોથા ભવંમાં તેટલા કાળ સુધી જીવને એક શરીરમાં રહેવા યોગ્ય વ્યવસ્થા કરી આપશે. કર્મોનુ ઢગલા બંધ પ્રમાણ માથે રહેવાથી ચોથોભવ પૂરો થતા પાંચમો જન્મ મળશે. ગતિ નામકર્મની પ્રકૃતિના આધારે જીવ ચારમાંથી કોઈ પણ એક ગતિમાં જશે. ત્યાં જન્મ લેશે. ફરી પૂર્વે બાંધેલા આયુષ્ય કર્મ પ્રમાણે તેટલું જીવન જીવી ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી ફરી કર્માનુસાર છઠ્ઠા ભવમાં જીવ જશે. કદાચ કર્મોનુ પ્રમાણ ઘણુ ભારે હોય તો નરક ગતિમાં પણ જીવ જઈ શકશે. કેટલાય સાગરોપમોનુ સુદિર્ઘ આયુષ્ય ત્યાં પ્રાપ્ત કરશે. તે પણ ભોગવશે. તેટલો કાળ વીતાવશે. અને ભારે કર્માનુસાર છેદન-ભેદન આદિના ઘણાં દુઃખો સહન કરી ત્યાંના કાળની સમાપ્તિ પ્રમાણે ત્યાંથી નિકળીને જીવ ફરી સાતમો ભવ તિર્યંચ ગતિ અથવા કદાચ મનુષ્યગતિ પણ પામે. ફરીથી ત્યાંનું જીવન જીવશે. તિર્યંચગતિમાં જન્મ હશે તો ઘોડા-ગધેડા-કૂતરા બિલાડા આદિના ભવ પૂર્ણ કરશે. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી ૮માં

જન્મમાં ફરીથી કદાચ તિર્યંચ ગતિમાં જન્મ મેળવી શકે છે. આવી રીતે જન્મો થતા જ જશે. અનન્તા ભવો અનન્તાકાળમાં વીતિ જાય છે. આખરે ગતિઓ તો જે છે તે જ છે. એવી રીતે આ જીવ પણ ૪ ગતિઓમાં ફર્યાજ કરશે. ફક્ત ચાર જ ગતિઓમાં અનન્તા ભવો કરશે ત્યારે એક-એક ગતિમાં પણ અનન્તા ભવો કરશે.

આ અનન્તા જન્મો કરવા માટે ફક્ત ચોરાશી લાખ જીવ યોનિઓ છે. તેમાં જ જીવને જન્મ લેવાનો છે. જન્મો-ભવો અનન્તા કરવાના... અને તેમાં જન્મો લેવા માટે ઉત્પત્તિ સ્થાન સ્વરૂપ યોનિઓ ફક્ત ચોરાશી લાખ જ છે. એટલે એક-એક યોનિમાં પણ જીવને અનન્ત ભવો ધારણ કરવા પડે છે. એવી રીતે અનન્તા કાળમાં અનન્તા ભવો વીતિ જાય છે.

સાંકળી કર્મ–



આ ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે જીવ સ્વકર્માનુસાર જન્મધારણ કરે છે. અને આયુષ્ય કર્મ નિર્ધારિત કેટલાક વર્ષો (કાળ)નુ જીવન જીવે છે. જીવન નાના-મોટા હોય છે. જીવનના એ કાળ દરમ્યાન કેટલાય કર્મો નવા ઉપાર્જન કરે છે. અને કેટલાય કર્મો જૂના ક્ષય કરે છે. અને તેનો ઉદય પણ ભોગવે છે. કર્મોનો ઉદય ભોગવતા-ભોગવતા પણ તે કર્મો ક્ષય થતા જાય છે. પરન્તુ બીજી બાજુ પાપાદિની પ્રવૃત્તિઓ ચાલુ જ હોય છે. તેના કારણે ફરીથી નવા કર્મો પણ ઉપાર્જન થતા જાય છે. એક ભવ પૂરો થાય કે તરત જ જીવ શરીર છોડીને બીજા ભવમાં જાય છે. ત્યાં પણ આ જ પ્રવૃત્તિ ચાલે છે. અને પછી સીધો ત્રીજા ભવમાં જાય છે. જન્મ ધારણ કરવો.. જીવન જીવવુ, અને પાપાદિની પ્રવૃત્તિ કરી કર્મો બાંધવા... અને ભોગવવા અને એક દિવસ ફરી મૃત્યુ પામી જીવન પુરૂ કરી રવાના થવું. આ પ્રમાણે બધા ભવોમાં ચાલ્યા જ કરે છે. આવી રીતે ૪થો ભવ, ૫મો ભવ, ૬ઠ્ઠો ભવ, ૭મો ભવ અને એવી જ રીતે ૧૦૦મો ભવ, લાખમો ભવ... એમ કરતા-કરતા અનન્તા ભવો વીતતા જાય છે. ગતિ-જાતિ જરૂર બદલાયા કરે છે. ક્યારેક દેવગતિનો ક્યારેક મનુષ્યની ગતિ તો ક્યારેક નરકગતિ તો ક્યારેક તિર્યંચગતિના પશુ-પક્ષીના ભવો થાય છે. જાતિઓ પણ બદલાય છે. ક્યારેક એકેન્દ્રિયની જાતિ મળે છે, ક્યારેક



બેઈન્દ્રિયની જાતિ મળે છે તો ક્યારેક ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય, તેઈન્દ્રિય આદિની જાતિઓ પોતાના કર્માનુસાર મેળવતો જાય છે. અને ૮૪ લાખ યોનીઓમાં જન્મ-ધારણ કરતોજ જાય છે. આ ૪ ગતિઓમાં ૮૪ લક્ષ યોનીઓમાં જીવનું સતત પરિભ્રમણકરતા જ રહેવું, આનું નામ છે સંસાર ચક્ર, ચક્ર એટલે ગાડીનું પૈડું, Whell એ જેમ સતત ફરતુ જ રહે છે. તેમ જ આ જીવ જન્મ-મરણ ધારણ કરતો જ્યાં સતત-નિરંતર ફરતો જ રહે છે તેનું નામ સંસાર ચક્ર. આ સંસાર ચક્રમાં જીવના પરિભ્રમણનું મૂળભૂત કારણ છે પોતે જ ઉપાર્જન કરેલા કર્મો. આવા કર્મો આત્માએ ઢગલાબંધ બાંધી રાખ્યા છે. પોતે જ બાંધેલા કર્મોના શુભાશુભ ફળો જીવો પોતે જ ભોગવી રહ્યા છે.

અનન્તભૂતકાળનું નિર્ગમન–

સંસાર અનાદિ-અનન્તકાલીન અસ્તિત્વવાળો છે. એવી જ રીતે જીવ પોતે પણ અનાદિ-અનન્તકાલીન સ્થિતિવાળો છે. જે જે અનાદિ છે તે તે નિશ્ચિતપણે અનુત્પન્ન દ્રવ્ય છે. જે જે ઉત્પન્નભૂત (સોત્પન્ન) દ્રવ્ય છે તે તે સાદિ છે. અનાદિ ન જ હોઈ શકે. અને જે જે અનાદિ દ્રવ્યો છે તે તે ઉત્પત્તિમાન નથી માટે અનુત્પન્ન છે. બીજી તરફ જે જે દ્રવ્યો અનુત્પન્ન છે તે તે આદિ રહિત અનાદિ અવશ્ય છે. આ સંસાર ચક્ર અનાદિ અનુત્પન્ન છે, તેથી જીવ પણ સંસારનો ઘટક દ્રવ્ય હોવાથી અનાદિ-અનુત્પન્ન જ છે. ઉત્પન્નશીલ નથી અને જે અનુત્પન્ન છે તે આદિરૂપ નથી અને અન્તવાળા પણ નથી.

વસ્તુ સ્વરૂપ

પ્રથમ છેડો ⊢——————————————⊣ છેલ્લે છેડો

જેમ એક દોરડાને બે છેડા હોય છે. પ્રથમ છેડો અને છેલ્લો છેડો. એની વચ્ચે આખું દોરડું હોય છે. બન્ને બાજુ જેને છેડા હોય છે તેનાથી દોરડાનું પ્રમાણ ખ્યાલમાં આવી જાય છે. આ દોરડું ૧૦૦-૨૦૦ મીટરનું હશે. એના બન્ને છેડા ઉપરથી માપી શકાય છે. આ ઉપનય થી સ્પષ્ટપણે ખ્યાલ આવે છે કે આ જગત્માં એવા ઘણાં દ્રવ્યો-પદાર્થો છે જેના બન્ને છેડા હોય છે. પ્રથમ છેડો ઉત્પત્તિનો છે. આદિનો છે. આદિ એટલે શરૂઆત... અને છેલ્લો છેડો અન્ત નો હોય છે. એટલે વસ્તુ દ્રવ્યનો અન્ત છે. બસ, દોરડું પૂરૂ થઈ ગયું તેમ... દ્રવ્યનું અસ્તિત્વ પણ પુરૂ થઈ ગયુ. આ આદિ અને અન્તના બન્ને છેડાને માપવા માટે એક માત્ર કાલિક વ્યવસ્થા છે. માટે કાળ પોતે પોતાના અસ્તિકાય સ્વરૂપ એટલે પ્રદેશ સમૂહાત્મક અર્થાત્ પ્રદેશના પિણ્ડ સ્વરૂપ દ્રવ્ય નથી, પરન્તુ માપક સાધન છે. કાળના માપથી પણ પદાર્થોનું સ્વરૂપ માપી શકાય છે. કઈ વસ્તુ કેવી છે તેનું સ્વરૂપ કાળથી માપીને સ્પષ્ટ કરી શકાય છે. ઉપરોક્ત બન્ને છેડા-આદિ અને અન્તના માપી શકાય છે કાળથી. કાળ ઘણો લાંબો

છે. તેમાં કોઈ દ્રવ્યકાળ ગણનાથી પણ નાનો હોય. એની આદિ-શરૂઆત થઈ હોય તે પણ નિશ્ચિત કાળમાં... અને દ્રવ્યના સ્વરૂપનો, અસ્તિત્વનો (એની સત્તાનો) અન્ત આવી જાય છે અને કાળ હજી આગળ ચાલુ રહે છે.

કાળ દ્રવ્યનું અસ્તિત્વ

સાદિ-સાન્ત દ્રવ્યનું અસ્તિત્વ

આ સાદી સમજણથી ખ્યાલ આવી જશે કે કાળના બન્ને છેડાનો અન્ત દેખાતો નથી. એટલે એક બાજુ આદિનો પ્રથમ છેડો પણ નથી દેખાતો, અને બીજી બાજુ અન્તનો છેડો પણ નથી દેખાતો. માટે કાળ આદિ રહિત અનાદિ અને અન્તરહિત અનન્ત છે. જ્યારે એની સામે સાદિ-સાન્ત દ્રવ્ય જેના બન્ને છેડા સ્પષ્ટ દેખાય છે. પ્રથમ સાદિના છેડામાં વસ્તુ એક દિવસ બની છે. ઉત્પન્ન થઈ છે. અને બીજી બાજુ અન્તનો છેલ્લો છેડો સ્પષ્ટ સૂચવે છે કે વસ્તુ નષ્ટ થઈ છે. એનું સ્વરૂપ અસ્તિત્વ હવે રહ્યું નથી. સંસાર આવામાં સેંકડો દ્રવ્યો છે. જે આપણી દૃષ્ટિ સમક્ષ પ્રત્યક્ષ ગોચર છે. મોટા ભાગના આવા સાદિ-સાન્તવાળા પદાર્થો જ દૃષ્ટિ ગમ્ય હોય છે. એ જ દેખાતા હોય છે. એવા પદાર્થો સાથે જ આપણો વ્યવહાર ચાલતો હોય છે. દા.ત. આપણે શોધવા બહુ લાંબે જવું પડે એમ નથી. આપણું શરીર કેવા પ્રકારનું દ્રવ્ય છે ? સાદિ-સાન્ત છે. એક દિવસ બન્યુ છે. ઉત્પન્ન થયુ છે. માતાના ગર્ભમાં રહી આ જીવે આ શરીરની રચના કરી છે. ઉત્પન્ન કર્યું છે. શરૂઆત કરીને બનાવ્યું છે ક્યારે શરૂઆત કરી બનાવવાની ? આ પ્રશ્નનો ઉત્તર કાળ ગણનામાં આવશે. ક્યારે ? કયો એવો પ્રથમ દિવસ ગણાશે કે જીવે આ શરીરની સર્વ પ્રથમ બનાવવાની - રચનાની શરૂઆત કરી હોય ? એટલે સ્પષ્ટ જણાવાય છે કે... ગર્ભધારણાના દિવસે જીને પ્રથમ પ્રવેશ કર્યો અને ત્યારથી શરીર બનાવવાનું કામ શરૂ કર્યું. ૯॥ મહીનામાં બનાવવાનું કામ પુરૂ થઈ જતાં જન્મ લઈને જીવ ધરતી ઉપર આવ્યો. હવે આ શરીરને સાચવવા - ટકાવવા માટેની મહેનત ચાલી. ખાવા-પીવાની ક્રિયા-વિધિથી આ શરીરને આહાર નું પોષણ આપતા ગયા અને આ શરીર ૮૦-૯૦ કે ૧૦૦ વર્ષ સુધી ટકી શક્યું, ચાલ્યું અને એનો કાળ પરિપક્વ થઈ ગયો શરીર જીર્ણ-શીર્ણ થઈ ગયું. આવા જર્જરિત શરીરને જીવે આયુષ્ય કર્મની સમાપ્તિ થતાં મુકી દીધુ, છોડી દીધું. દુનિયાએ એને મૃત્યુનું નામ આપી સ્વીકારી લીધું. બસ, બનેલા આ શરીરનો અન્ત આવી ગયો. જે ઉત્પન્ન થયુ હતુ એનો નાશ પણ થઈ ગયો. મૃત્યુ પછી લોકોએ એ શરીરને શ્મશાનમાં બાળીને રાખ કરી દીધું. બસ, હવે એ શરીર રહ્યું નથી. એનું અસ્તિત્વ નથી. આ ઉત્પત્તિ એ ? સાદિ હતી. અને એનો અન્ત એ સાન્ત હતું. માટે એને વિનાશી દ્રવ્ય કહ્યું છે. પ્રથમ છેડો ઉત્પત્તિનો અને છેલ્લો છેડો નાશ નો છે, એને

શાસ્ત્રીય ભાષામાં સાદિ-સાન્ત કહેવાય છે.

આવા પ્રકારના સંસારના અનન્તા પદાર્થો છે. આ અનન્તા પદાર્થો એકમાત્ર પુદ્ગલ પરમાણુમાંથી બનતા હોય છે. પુદ્ગલની સ્કંધ-દેશ-પ્રદેશ અને પરમાણુ એવી ચાર અવસ્થા છે. અનન્તાનન્ત પરમાણુઓ છે. યાદ રાખવા જેવું એ છે કે પરમાણુઓનું અસ્તિત્વ અનાદિ-અનન્તની કક્ષાનું છે. અનુત્પન્ન-અવિનાશી છે. પરમાણુઓ ક્યારે બન્યા? અને ક્યારે નષ્ટ થયા કે થશે? નો પ્રશ્ન જ ઉભો નથી થતો. જો પરમાણુઓ સદંતર સર્વથા નષ્ટ થઈ જાય તો પછી પુદ્ગલ દ્રવ્યો-પદાર્થોની રચના ઉત્પત્તિ થશે શેમાંથી? પછી તો કદાચ કોઇ પણ વસ્તુનું અસ્તિત્વ જ નહીં રહે. વસ્તુનું નિર્માણ જ નહીં થઇ શકે. કારણ કે સમગ્ર સંસારમાં અનન્તી વસ્તુઓ જેટલી પણ બને છે તે બધાની ઉત્પત્તિ-રચના એક માત્ર પરમાણુઓના સંઘાતથી જ થઇ શકે છે. જો પરમાણુઓ નું અસ્તિત્વ જ ન હોય, પછી તેમના સંઘાતની પ્રક્રિયાનો સવાલ જ ઉભો ન થાય અને આ રીતે તો સંસારમાં કોઇ પણ વસ્તુનું અસ્તિત્વ જ ન રહે. પરંતુ એવું નથી. આ સંસાર અનન્તી વસ્તુઓથી ભરેલો પડ્યો છે. આ બધી વસ્તુઓ પરમાણુઓના સંઘાતની પ્રક્રિયાથી જ બનેલી છે. અનન્તાન્તની સંખ્યામાં પરમાણુંઓનું અસ્તિત્વ છે જ. અને પરમાણુઓમાં સંઘાત-વિઘાતની ક્રિયા થતી જ રહે છે. આ સંઘાતની ક્રિયાથી પરમાણુઓનો સંચય થાય છે. અને તેને આકાર પ્રકાર મળે છે. આ રીતે વસ્તુ નિર્માણ થાય છે. એક દિવસ પરમાણુઓનો વિઘાત થાય છે. અને પરમાણુઓ સ્કંધાવસ્થામાંથી-વસ્તુ સ્વરૂપમાંથી વિખરાય છે અને પાછા પરમાણું સ્વરૂપમાં આવી જાય છે. આ રીતે વસ્તુના આકાર-પ્રકારનું સ્વરૂપ નષ્ટ થઇ જાય છે. આ તો માત્ર પર્યાય પરિવર્તન થયું છે. જ્યારે પરમાણુઓનું અસ્તિત્વ સદાકાળ ટકી રહે છે. તે નષ્ટ થતા નથી. માટે પરમાણુઓનું અસ્તિત્વ અનાદિ-અનન્ત છે. જ્યારે પરમાણુઓના સંઘાતથી ઉત્પન્ન થયેલ સ્કંધરૂપ પદાર્થ અનાદિ-અનન્ત નથી. તે સાદિ-સાન્ત છે. સાદિ-સાન્ત પદાર્થો ઉત્પન્ન થઈને નષ્ટ થવાના છે. જ્યારે અનાદિ-અનન્ત પદાર્થો સદાકાળ રહેવાના છે-તે ઉત્પન્ન પણ થતા નથી અને નષ્ટ પણ થતા નથી.

પદાર્થોનું આવા પ્રકારનું જે મૌલિક સ્વરૂપ છે તે જાણવું અત્યંત અગત્યનું છે.

મૂળભૂત પદાર્થો-દ્રવ્યો બે પ્રકારના છે.

(૧) અનાદિ-અનન્ત	(૨) સાદિ-સાન્ત
અનુત્પન્ન-અવિનાશી	સોત્પન્ન-વિનાશી

પ્રથમ કક્ષાના પદાર્થો જે ક્યારેય ઉત્પન્ન થતા જ નથી, બનતા જ નથી માટે તે અનાદિકાલીન અસ્તિત્વ ધરાવે છે અને ક્યારેય તે નષ્ટ પણ થતા જ નથી. તેમનું અસ્તિત્વ ક્યારેય પણ વિલીન થતું જ નથી. માટે અનુત્પન્ન-અવિનાશી છે. આવા

પ્રથમ પ્રકારના પદાર્થો ને કાળની ગણનામાં માપી શકાતા જ નથી. માટે તે કાળની પરે છે. એવા કાલાતીત પદાર્થોને અકાળ કહેવાય. અથવા શાશ્વત કહેવાય. શાશ્વત એટલે ભૂત-વર્તમાન-અને ભવિષ્ય ત્રણે કાળમાં એક સરખું જેનું અસ્તિત્વ રહેવાનું જ છે. ભૂતકાળ પણ અનન્ત છે, અને ભવિષ્યકાળ પણ અનન્ત છે. ફક્ત વર્તમાન કાળ વચ્ચેનો છે. તે દૃષ્ટિગોચર છે. પરંતુ ભૂત-ભાવીના છેડાઓ તો કદાપિ દૃષ્ટિગોચર થવાના જ નથી. એવા પદાર્થોને આવા કોઈ છેડાઓ હોતા જ નથી. તે આદિ અન્ત રહિત જ છે. આવી કક્ષાના પદાર્થોનું અસ્તિત્વ ત્રણે કાળમાં સદા હોય જ છે. માટે સ્વીકારવું જ જોઈએ.

આત્મા, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, પરમાણુઓ વગેરે પદાર્થો પ્રથમ કક્ષાની ગણતરીમાં આવે એવા છે. અનાદિ-અનુત્પન્ન છે. અને અનન્ત-અવિનાશી છે. આત્મા, આકાશાદિ પદાર્થોનુ ત્રણે કાળમાં એક સરખું અસ્તિત્વ રહેવાનું જ છે. એમાં ક્યારેય પણ ફરક નહીં પડે. આ પદાર્થોનું જે મૂળભૂત સ્વરૂપ છે તે સદાકાળ શાશ્વત છે. ક્યારેય બદલાવાનું નથી. જ્યારે પદાર્થ પોતે જ બદલાવાના નથી, તો પછી તેમનું સ્વરૂપ ક્યાંથી બદલાય? દ્રવ્યના ગુણધર્મો જ બદલાવાના નથી તો પછી તેમનું સ્વરૂપ શા માટે બદલાય? પરંતુ માનવી એક એવો છે કે પોતાની સીમિત મતિથી તેમનું સ્વરૂપ પોતાની બુદ્ધિમાં બદલી નાંખે છે અને પોતાની માન્યતા-વિપરીત કરી નાંખે છે.

બીજી જાતના પદાર્થો સાદિ-સાન્તની કક્ષાના જ છે. તે સોત્પન્ન-વિનાશી-નાશવન્ત જ છે. સંસારની અનન્તી-ભૌતિક-પૌદ્ગલિક વસ્તુઓ છે તે બધી આવી કક્ષાની જ છે. તેમનું આવા પ્રકારનું જ મૂળભૂત સ્વરૂપ છે. માટે આવા પદાર્થોને આવા જ માનવા-જાણવા જોઈએ. કોનું પ્રમાણ વધારે છે?-સંખ્યા આદિ પ્રમાણની દૃષ્ટિએ વિચાર કરતા ઉપરોક્ત બન્ને પ્રકારના પદાર્થોમાંથી કોનું પ્રમાણ વધારે છે? સાદિ-સાન્ત-સોત્પન્ન-વિનાશી પદાર્થોમાં એકમાત્ર પુદ્ગલ પદાર્થની જ ગણના થાય છે. તે સિવાય બીજા કોઈપણ પદાર્થો આ કક્ષાના નથી. જ્યારે બીજી બાજુ અનુત્પન્ન-અવિનાશી-અનાદિ-અનન્તની ગણનામાં આત્મા, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશસ્તિકાય, લોક-અલોક, આદિ અનેક પદાર્થો આવે છે. એવી જ રીતે પુદ્ગલાસ્તિકાયના મૂળભૂત પરમાણુઓની ગણના પણ આવા અનાદિ-અનુત્પન્ન પદાર્થની ગણનામાંજ આવે છે. આવા અનાદિ-અનુત્પન્ન પદાર્થોનું પ્રમાણ સંસારમાં વધારે છે. ચોક્કસ પુદ્ગલ પદાર્થની વસ્તુઓ સંખ્યામાં ઘણી વધારે છે. આ સંસારમાં એટલા બધા અનન્તાનન્ત પરમાણુઓ છે કે એમાંથી અનન્તા સ્કંધો બને અને એમાંથી અનન્તી વસ્તુઓ બને તો પણ પરમાણુઓ ઓછા થતા નથી. અને એટલું જ નહીં અનન્તા કાળ સુધી આ ક્રમ ચાલતો રહે તો પણ અનન્તાનન્ત પરમાણુઓનો અન્ત

આવવાનો નથી. બીજી તરફ સ્કન્ધોનો પાછો વિઘાત થવાથી પરમાણુરૂપે રૂપાન્તર થતું રહે છે. આ રીતે ગુણ-પર્યાયોનું પરિવર્તન થતુ રહે છે. તેમ છતાં પણ મૂળભૂત દ્રવ્યોનું અસ્તિત્વ અનાદિ-અનન્તકાલીન છે. તે ધ્રુવ સ્વરૂપ છે.

સર્વજ્ઞ પ્રણીત સ્વરૂપ-

પદાર્થોનું ઉપરોક્ત સ્વરૂપ સર્વજ્ઞ ભગવન્તો દ્વારા પ્રણીત છે. સર્વજ્ઞ કેવલી પરમાત્મા પદાર્થોને આવા સ્વરૂપે બનાવવા નથી ગયા, પરંતુ પદાર્થો પોતાના ગુણધર્મ સ્વરૂપે જેવા હતા અને છે તેવા જ સર્વજ્ઞએ પોતાના જ્ઞાન યોગમાં જોયા અને જાણ્યા છે. માટે વીતરાગ ભાવથી તેવા જ કહ્યા છે. આપણા જેવા સામાન્ય અનભિજ્ઞ-અજાણ જીવો ને પદાર્થોનું આવુ સ્વરૂપ જણાવ્યું છે. હવે આપણી ફરજ છે કે સર્વજ્ઞના કહ્યા પ્રમાણે જ પદાર્થોને માનીએ-જાણીએ-ઓળખીએ એથી ભિન્ન-વિપરીત માન્યતા ન રાખવી જોઈએ. આવી સર્વજ્ઞ વચનથી વિપરીત માન્યતા એ જ મિથ્યાત્વ છે. જે અનન્તજ્ઞાની છે એણે પદાર્થોનું જેવું છે તેવું સ્વરૂપ જોયું અને જાણ્યું છે. એમાં વિસંગતિ થઈ નથી. અને બીજી તરફ રાગ-દ્વેષ વગરનો એટલો સુંદર કક્ષાનો વીતરાગ ભાવ છે તેથી કહીને આપણા જેવા જીવોને સમજાવ્યુ છે. એમાં ચરમ એટલે અંતિમ કક્ષાનું સત્ય સમજાવ્યું છે. એને પણ આપણે જો મૂઢ બુદ્ધિથી વિપરીત કરી નાંખીએ તો આપણા જેવા મૂઢ-ગમાર બીજા કોણ હોઈ શકે? અને શા માટે વિપરીત કરવું? એક માત્ર આપણા રાગ-દ્વેષો જેટલા અન્દર ભળે છે એટલા જ એ પદાર્થોને આપણે વિપરીત ભાવે જાણીએ અને જોઈએ છીએ. પછી આપણા અજ્ઞાન પ્રમાણે તેવા માનીએ છીએ. અને પછી જેવી આપણી માન્યતા બને છે તેવા આપણે જગતના બીજા જીવોને જણાવીએ છીએ. આ રીતે પરંપરા ચાલતી જાય છે. આને કહેવાય છે મિથ્યાત્વની વિચારધારા. સત્યની દિશામાં જેમને આગળ વધવું છે તેને આ શોભે જ નહીં. પદાર્થોનું યથાર્થ વાસ્તવિક જ્ઞાન થઈ જાય તો આપણા જેવાની બુદ્ધિ ઠેકાણે આવે, જ્ઞાન સાચુ અને પાકુ થાય છે. એજ સમ્યગ્ શ્રદ્ધાનો વિષય બને છે. સાચી સમ્યગ્ શ્રદ્ધાથી આત્માને લાભ થાય છે. વિપરીત મિથ્યા વિચારધારાથી આત્માને ઘણું નુકશાન થાય છે. ભવ પરંપરા વધે છે.

સાચા-સમ્યગ્ ભેદજ્ઞાનની ઉપયોગિતા-

સાદિ-અનાદિ, સાન્ત-અનન્ત એવા પદાર્થોના યથાર્થ વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થવાથી આપણને ભેદજ્ઞાન થાય છે. જે અનેક ગણું ઉપયોગી છે. આત્મા જ્ઞાનમય જ છે. જ્ઞાન એ જ આત્માનો ખોરાક છે. જ્ઞાન એકમાત્ર આત્માનો જ ગુણ છે. તે આત્માથી અભિન્ન છે. ભિન્ન નથી. ઉત્પન્ન કે નષ્ટ થતો નથી. માત્ર કર્મના કારણે આવૃત્ત થાય છે અર્થાત્ ઢંકાય છે. તેના આવરક કર્મોથી ઢંકાય છે. પુનઃ તે કર્મોનો

ક્ષય-ક્ષયોપશમ થતા ફરીથી જ્ઞાનની વૃદ્ધિ-હાનિ થાય છે. વધ-ઘટ થાય છે. ફરીથી સાધક નિર્જરા કરવા માંડે તો કર્મક્ષય થાય છે. આ ક્રમ ચાલતો જ રહે છે.



અધ્યાત્મની દિશામાં આગળ વધનારા જીવને માટે ભેદજ્ઞાન અત્યન્ત આવશ્યક છે. બેની વચ્ચે ભેદ કરવો અને બન્ને ને પોત-પોતાના સ્વરૂપે જેવા છે તેવા માનવા આ ભેદજ્ઞાન છે. અધ્યાત્મની શરૂઆત જ આ ભેદજ્ઞાનથી થાય છે. આપણા આ શરીરમાં ચેતન-આત્મા છે. અને એ ચેતન જ્ઞાનમય દ્રવ્ય છે-જે અનાદિ-અનુત્પન્ન, અનન્ત-અવિનાશી દ્રવ્ય છે. જ્યારે આત્માએ ધારણ કરેલ આ શરીર સાદિ-સાન્ત, સોત્પન્ન-વિનાશીદ્રવ્ય છે. આવી રીતે આ બન્ને પદાર્થોનું ભેદજ્ઞાન થઈ જાય તેથી આત્માને આવા શરીરમાં મારાપણાની, અથવા 'હું' પણાની બુદ્ધિ ન થઇ જાય. કારણ કે આત્મા શરીર રૂપ નથી ચોક્કસ શરીરમાં રહે છે. તેમાં ના નથી. પરંતુ આ શરીર રૂપ હું નથી. જ્ઞાન યોગથી ઓળખી શકીએ. શરીર જડ સાધન છે. નાશવન્ત છે. સોત્પન્ન કક્ષાનુ છે. એક દિવસ ઉત્પન્ન થયું છે, તો પછી એક દિવસ નષ્ટ પણ થવાનુ જ છે. આ જ્ઞાન શરીર વિષેનું સદા માટે-ત્રૈકાલિક શાશ્વત છે. પદાર્થનું સ્વરૂપ બદલાવાનું જ નથી. તો પછી તેના વિષેનું જ્ઞાન કે પછી માહિતી શા માટે બદલવી જોઇએ?

આત્મા નામક ચેતન દ્રવ્યના વિષયમાં પણ ભેદ જ્ઞાનથી આપણને સ્પષ્ટ સમજાઇ જવું જોઇએ કે... આત્મા એ શરીર નથી અને શરીરએ આત્મા નથી. શરીર જડ છે, અને આત્મા ચેતન છે. શરીરની ઉત્પત્તિ એકમાત્ર આપણો ચેતન જીવ જ કરે છે. તે સિવાંય બીજો કોઇ ઇશ્વરાદિ કરે છે એવી કલ્પના પણ ન કરવી જોઇએ. શરીરની રચનાના કારણે જીવના અસ્તિત્વની પરિકલ્પના કરી શકાય છે. જ્યારે જીવ સંસારી અવસ્થામાં હોય ત્યારે તે જન્માદિ ધારણ કરતી વખતે શરીરની રચના અવશ્ય કરે જ એમ સ્પષ્ટ છે. શરીર બનાવ્યા વિના જીવ આ સંસારમાં રહી શકે જ નહીં. શરીર જડ દ્રવ્યના પુદ્ગલ પરમાણુઓના સંમિશ્રણથી બનેલો પિંડ છે. શરીર શાશ્વત નથી. તે સાદિ-સાન્તની કક્ષાનું સોત્પન્ન વિનાશી દ્રવ્ય છે. એક માત્ર ચેતન-આત્મા જ અનાદિ-અનન્ત-અનુત્પન્ન-અવિનાશી દ્રવ્ય છે. માટે આત્મા જે કાયમ રહેનાર છે. તે વારંવાર શરીર બદલતા રહેશે. નાશવન્ત આ શરીરને મૃત્યુ સમયે છોડી દઇને જીવ ફરીથી બીજી ગતિમાં જાય અને ત્યાં જન્મ લઇને નવા શરીરની રચના કરવાની. શરીર રચના પૂરી કરવામાં પૂરતો કાળ લેવાનો છે. ચોક્કસ કાળ એમાં અપેક્ષિત છે. અને એટલા કાળના સમયમાં શરીરની રચના પૂર્ણ કરીને જન્મ લઇને ધરતી ઉપર અવતરવું

આ શરીરની સાથેનો સંયોગ એ જન્મ છે અને એ જ શરીરની સાથેનો વિયોગ તે મૃત્યુ છે. આ રીતે જન્મ-મરણ એ માત્ર સંયોગ-વિયોગાત્મક છે. કોની સાથે? જીવની સાથે. આ બન્ને દ્રવ્યોમાં કર્તા-સક્રિય દ્રવ્ય કોણ? જીવ છે. શરીર જડ હોવાથી નિષ્ક્રિય છે. કર્તા-ભોક્તા એક માત્ર ચેતન-આત્મા છે. શરીર કર્તા-ભોક્તા નથી. તે સાધન માત્ર છે. માધ્યમ માત્ર છે. સુખ-દુઃખનો અનુભવ કર્તા પણ જીવ છે. શરીર સુખ-દુઃખ કંઈ જ નથી ભોગવતું તે સાધન-માધ્યમ છે. માટે શરીર વડે સુખ-દુઃખ ભોગવાય છે. શરીર પોતે નથી ભોગવતું. ભોગવનાર આ શરીરમાં રહેનાર ચેતન કોઈ જૂદો છે.

શરીરને જ (આત્મા) ચેતન માની લેનારા ઘણી મોટી ભૂલ કરે છે. અને ચેતન ને જ શરીર માની લેનારા પણ ઘણી મોટી ભ્રમણામાં છે. આ બન્ને પદાર્થો એક બીજાના ગુણધર્મોની દૃષ્ટિએ સર્વથા વિપરીત છે. પરંતુ કર્મ નિમિત્તક સંયોગ સંબંધ અવશ્ય છે. અનાદિ કાળથી આ આત્મા સંસારમાં છે. અને સંસારમાં જીવ એક ક્ષણ પણ કર્મ રહિત નથી. શરીર વિના અશરીરી થઈને રહેતો જ નથી. જો અશરીરી થઈને રહે તો તે મુક્ત બની જાય. સંસારમાં રહીને અશરીરી-મુક્ત કેવી રીતે બનાય? ના સંભવ જ નથી. માટે કર્મના કારણે બનાવેલા આ શરીરરૂપી પાંજરામાં આ જીવ કેદીની જેમ બંદીસ્ત છે. બંધનમાં બંધાયેલો છે. દેહાત્મવાદીઓની વિચારધારા ઘણી મોટી ભ્રમણા-ભૂલથી ભરેલી છે. દેહ ભિન્નાત્મવાદીઓની વિચારધારા એ જ સાચા સમ્યગ્ જ્ઞાનની ધારણા છે.

એક વાત ચોક્કસ છે કે સંસારમાં જડ અને ચેતન આ બે જ મુળભૂત દ્રવ્યોનું અસ્તિત્વ છે. આ બન્નેમાં એક માત્ર ચેતન જીવદ્રવ્ય જ જ્ઞાનાત્મક અર્થાત્-જ્ઞાન-દર્શનાત્મક ચેતના શક્તિ સંપન્ન દ્રવ્ય છે. અને તે જ સુખ-દુઃખની સંવેદનાનો



અનુભવકર્તા દ્રવ્ય છે. તે સિવાય બીજો કોઈ નથી. બીજા કોઈ દ્રવ્યની જીવંના અર્થમાં પણ પરિકલ્પના કરવી એ પણ મિથ્યાવૃત્તિ છે. આ શરીરની સાથે સંકળાયેલી પાંચે ઈન્દ્રિયો પણ જડ રૂપ છે. વર્ણ-ગંધાદિ ગ્રહણ કરનાર જડ છે. તે પોતે ચેતન નથી. ચેતન જીવે પોતાને રહેવા માટે બનાવેલા આ શરીર રૂપી મહેલના બારી-બારણા રૂપે છે. જેમાંથી જીવ જોઈ શકે, જાણી શકે, સૂંઘી, ચાખી શકે, સ્પર્શાદિનો અનુભવ કરી શકે અન ધ્વનિ પણ સાંભળી શકે. એ માટે બનાવેલા સાધન માત્ર છે. મુળભૂત જ્ઞાનમય દ્રવ્ય એક માત્ર ચેતન જીવ છે. માટે પોતાને જ્ઞાનની જરૂર રોજ રહે છે. તેથી બહારનું જ્ઞાન અંદર લેવા માટે જીવ આ જ્ઞાનેન્દ્રિયો જીવ બનાવે છે. તે જીવના

પોતાના કર્માનુસાર ઓછી-વધારે ઇન્દ્રિયો પણ હોય છે. આ રીતે ઈન્દ્રિયાત્મા એ પક્ષ પણ સાચો ઠરતો નથી.

અને એવી જ રીતે ત્રીજું એક સાધન છે મનનું. મનના પિંડની રચના પણ જીવાત્મા પોતે કરે છે. જ્ઞાનમય એવા આ જીવ દ્રવ્યને પોતાનું જ્ઞાન વહાવવું પડે છે. તે માટે સંજ્ઞી જીવોને વિચાર કરવા પડે છે. આ વિચાર જ્ઞાનાત્મક છે. હવે આ વિચાર કરવા માટે જીવાત્મા પોતે લોકક્ષેત્રમાંથી મનોવર્ગણાના પુદ્ગલ પરમાણુઓને ગ્રહણ કરે છે. અને તેના પિણ્ડ રૂપે આ મનની રચના કરે છે. બનાવે છે. માટે મન પણ જડ પરમાણુઓના જત્થા રૂપ છે. પિણ્ડ રૂપે છે. આ જગત્‌ની સમગ્ર જીવ સૃષ્ટિને મન મળ્યું નથી. બધા મન બનાવી શકતા નથી. માટે એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય સુધીની સમસ્ત જીવસૃષ્ટિ સદંતર મન રહિત અમનષ્ક સ્વરૂપ છે. પંચેન્દ્રિયમાં મનવાળા અને મન વગરના એમ બન્ને પ્રકારના જીવો છે. મન-ઇન્દ્રિયો અને શરીરની રચના કરવામાં જીવ એકલો સ્વતંત્ર નથી જીવ કર્મ સંયોગથી બંધાયેલો છે. કર્માધીન સ્થિતિમાં છે. એટલે કર્મને આધીન થઈને કર્મને અનુરૂપ રચના કરવાનો જ છે. તે સિવાય સંભવ પણ નથી. અશરીરી કર્મ બંધન રહિત સિદ્ધ થયેલ જીવ મનાદિ કશાની રચના કરતો જ નથી. આ રીતે જીવ મનનો બનાવનાર છે. પણ જીવ મન રૂપ જ નથી. માટે મનોમયાત્માની વાતો પણ સર્વથા અસત્ય છે. કલ્પનામાત્ર છે.

આ રીતે દેહાત્મવાદ, ઇન્દ્રિયાત્મા, મનોમયાત્મા વગેરેના અજ્ઞાનમૂલક પક્ષો કે વિચારધારાઓને માનવી એ મોટું મિથ્યાત્વ છે. મહા અજ્ઞાન છે. જો પાયામાં મુળભૂત ઘટક દ્રવ્યોનું પાયાનું જ્ઞાન જ સર્વથા વિપરીત કક્ષાનું જ હશે તો તેના ઉપર અધ્યાત્મનું મકાન કેવી રીતે ચણાશે? શક્ય જ નથી. સત્યના મૂળમાં અજ્ઞાન કે વિપરીત-વિરૂદ્ધ-મિથ્યાજ્ઞાનનો પાયો હોવો જ ન જોઈએ. સાચા જ્ઞાનના પયા ઉપર જ સાચુ મકાન બાંધી શકાશે. યાદ રાખો આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રવેશ કરતી વખતે આ રીતે ભેદ જ્ઞાન કરવું અત્યંત અનિવાર્ય છે. આવા શુદ્ધ-સાચા ભેદજ્ઞાન વિના અધ્યાત્મમાં એક ડગલું પણ આગળ વધી નહીં શકાય. અને ભેદજ્ઞાનના જ્ઞેયભૂત ઘટક દ્રવ્યોની બાબતમાં પણ સાચું જ્ઞાન જ સહાયક છે. આવશ્યક છે. તેના વિના અંધારામાં બાચકા ભરવા જેવું થશે.

ઘણાં લોકો એવા છે જેને સાચું જ્ઞાન મળ્યું નથી. જેની પાસે આધારભૂત પાયાનું જ્ઞાનપણ શુદ્ધ સાચું નથી અને છતાં પણ મોટી-મોટી યોગની, ધ્યાનની વાતો કરતા હોય છે અને તેમાં પણ પાછા પોતાને ઘણી આગળની ઉંચી કક્ષાએ પહોંચેલા સૂચવતા હોય છે. દેખાડતા હોય છે. ત્યારે શું સમજવું? સામાન્ય કક્ષાના બાલ જીવો ભોળવાઇ જાય છે. ભરમાઇ જાય છે. ભ્રમમાં પડે છે. અને પોતાની પાસે જ જ્ઞાનની કચાશ હોય છે, ઉણપ હોય છે, સાચા જ્ઞાનની કમી હોવાને કારણે જે અને જેટલું

જ્ઞાન મળ્યું તેને જ સાચું માનીને ચાલતા હોય છે. આ જગતમાં ભ્રમ જ્ઞાનને પણ બ્રહ્મ જ્ઞાન માનીને આખુ જીવન વિતાવનારા પણ ઘણાં છે. માટે સાચા-યોગી કે ધ્યાનીની પ્રગતિ અથવા આગળની ઉંચી-ઉચ્ચતર કક્ષાએ વિકાસ ત્યારે જ માનવો કે જ્યારે એના સાચા જ્ઞાનની દિશાઓ ખુલતી જ ગઈ હોય. ત્રિકાળ શાશ્વત એવા શુદ્ધ ચરમ સત્યનું જ્ઞાન એને લાધ્યું હોય. જ્ઞાનનો પ્રકાશ સર્વત્ર પ્રસરતો હોય. એનું સાચુ જ્ઞાન અકાટ્ય હોય. અને આવા પ્રકારના જ્ઞાનની ઉપલબ્ધિમાં જ્ઞાનાનન્દ એ જ પરમાનન્દ બની જતો હોય. ભેદ જ્ઞાનમાં જ્ઞેય પદાર્થોમાં એક એક ઘટક દ્રવ્યોનું યથાર્થ જ્ઞાન થવું જ જોઈએ. જેમ ગણિતના સવાલોમાં એક જગ્યાએ ક્યાંય પણ ગુણાકાર-ભાગાકાર વગેરેમાં નાનકડી પણ ભૂલ થઈ ગઈ તો પછી એ સવાલનો જવાબ ગમે તેટલો બે પાના લાંબો પણ હશે તો પણ એ નાનકડી ભૂલ છેલ્લે સુધી ચાલતી જ જશે. અને સરવાળે આખો જવાબ ખોટો ઠરે છે. અને અંતે આનંદ ન આવતા ઉપરથી દુઃખ થાય છે. એવી જ રીતે આધ્યાત્મિક ધ્યાનમાં અથવા યોગમાં સાધનામાં ગમે તેમાં પ્રવેશ કરતા જો ખોટું અસત્ય જ્ઞાન ક્યાંય વચ્ચે ગયું, અથવા એક પણ ઘટક દ્રવ્યનું જ્ઞાન મિથ્યા-વિપરીત થઈ ગયું તો તેના આધારે કરાતી સાધનામાં છેલ્લે સુધી પણ અસત્ય-ભ્રમમાંજ રહેવું પડશે. અને અન્તે પણ મિથ્યાજ્ઞાનમાં દુઃખી થવું પડશે. અંતિમ સત્યસ્વરૂપ સાચાજ્ઞાનની ઉપલબ્ધિ નહીં થાય. અને સાચા જ્ઞાનનો મુક્ત આનંદ-મુક્તાનંદ-કે જ્ઞાનાનંદ પણ પ્રાપ્ત નહીં થાય-ઉપરથી ભ્રમ જ્ઞાન-મિથ્યા જ્ઞાનની જ વાતો સાચી લાગશે. મિથ્યાજ્ઞાનમાં આનંદ માનનારો મિથ્યાનંદ રહેશે. જેના પરિણામે જીવને યથાર્થ અંતિમ સત્યની પ્રાપ્તિ કદાપિ નહીં થાય. પોતાની આભિનિવેષિક ગ્રન્થિના કારણે કદાચ એવા જીવો છેલ્લે પસ્તાય છે. તેવી સ્થિતિ આ મિથ્યા જ્ઞાનીઓની થાય છે. અને પિત્તળને સોનું માનનાર જો તેનો જીવનમાં ક્યારેય ઉપયોગ જ નં કરે, અથવા પરીક્ષા કરીને ન પારખે તો તો પછી માત્ર સોનું જ છે, એવું માનીને જીવન વીતાવતો રહે છે. જોઈ-જોઈને રાજી થતો રહે. અને માનીને તેવી માન્યતા રૂઢ કરીને જીવન યાપન કરતો રહેશે. આ સંસારમાં એવા ઘણાં જીવોને અજ્ઞાનમાં પણ આનંદ આવતો હોય છે. ભૂંડને જેમ વિષ્ઠામાં પણ આનંદ આવતો હોય છે. એના માટે શું થઈ શકે? ઉપાય પણ શું થઈ શકે? સંભવ જ નથી. એક માત્ર એવા જીવોની અજ્ઞાનતા-અથવા મિથ્યાજ્ઞાનના આધારે ભાવદયા જ માત્ર ચિંતવવાની હોય, પરંતુ તેમની પ્રગતિ જોઈને અથવા પુણ્યાઈની માત્ર ઝાકઝમાળથી અંજાઈને તેમની ખૂબ પ્રશંસા અને ખુશામત કરવાની જરૂર નથી રહેતી. આવી રીતે અંજાઈને આવી ઘણી મોટી તેમની પ્રશંસા કરનારા અથવા તેમના મતના અનુયાયી બની જનારા પણ સંસારની ચાર ગતિમાં ભટકતા જ રહેશે. સામાન્ય ભિખારીને શું ખબર ઝવેરાતની? એ બિચારો કાચના ટુકડાને જ રત્ન સમજીને આખી જિંદગી વિતાવી

દેશે. તો શું લાભ થશે ?

આ ભયસ્થાનનો ખૂબ સારી રીતે વિચાર કરીને જ સુજ્ઞ-સમજુ જીવોએ આગળ વધવું જોઈએ. કદાચ ઘણાં આગળ ન પણ વધી શકાય તો અફસોસ માનીને દુઃખી થવાની જરૂર નથી. પરંતુ જે કક્ષાએ પોતે હોય તેની ચિંતા ન કરતા જે સાચા જ્ઞાનમાં છે તેમાં જ સાચા પરમાનંદની અનુભૂતિ કરતા રહેવું જોઈએ. જ્ઞાન વધારે હોવું જેટલું મહત્ત્વનું નથી તેના કરતા પણ હજાર ગણું મહત્ત્વ છે થોડાપણ સાચા જ્ઞાનનું. માટે જ અધ્યાત્મની દુનિયા ઘણી મોટી છે. આધ્યાત્મિક ક્ષેત્ર ઘણું મોટું વિસ્તૃત છે. આટલા વિશાળ ક્ષેત્રમાં પ્રવેશ કરવા માટે સર્વ પ્રથમ પાયાના પગથિયા ઉપર તેના ઘટક દ્રવ્યોનું યથાર્થ સત્ય સ્વરૂપ ભેદજ્ઞાન થવું જ જોઈએ.

અધ્યાત્મનો આધાર-આત્મજ્ઞાન

અધ્યાત્મના ક્ષેત્રમાં કેન્દ્રીભૂત-એકમાત્ર દ્રવ્ય "આત્મા" છે. આત્મા ને કેન્દ્રમાં રાખીને જ બીજી બધી વાતો થઇ શકે છે. જેમ એક વર્તુળનો આધાર કેન્દ્ર બિંદુ ઉપર રહેલો છે. અને વર્તુળના ગમે તે ભાગથી માપતા કેન્દ્ર બિંદુનું માપ એક સરખું જ રહે છે. એટલે વિસ્તૃત વર્તુળના સેંકડો અંશો થશે જ્યાંથી કેન્દ્ર બિંદુને માપી શકાય. એવી જ રીતે આ સંસારના ઘણી ઇન્દ્રિયો, કર્મ, આદિનો આધાર એક માત્ર આત્મા ઉપર છે. આ બધાના કેન્દ્રમાં જો આત્મા ન હોય તો આધાર વિનાના આ બધાનું અસ્તિત્વજ ન રહે. આત્મા ન રહે તો કર્મ પણ ન રહે. કર્મ કોને બંધાય છે? શરીરને કે મન ને? ના... ન તો શરીરને અને ન તો મનને કર્મ પણ જડ પુદ્‌ગલ પરમાણુરૂપ છે. અને શરીર પણ જડ છે. ઇન્દ્રિયો પણ જડ છે. અને મન પણ માત્ર જડ સાધન છે. એ પણ તથાપ્રકારના જડ પુદ્‌ગલ પરમાણુઓની વર્ગણામાંથી બનેલ છે. અને કર્મ પણ જડ છે. તો બન્ને જડ-જડ કેવી રીતે બંધાય? એમાં ક્રિયા કરનાર કોણ? ક્રિયા કરનાર તો એક માત્ર સક્રિય તત્ત્વ આત્મા જ છે. જે રાગ-દ્વેષની ક્રિયા પ્રવૃત્તિ કરી શકે છે. વિચાર પણ રાગ-દ્વેષ કરી શકે છે. જેથી કર્મ બંધાય છે. આવા વિચારો સ્વતંત્રપણે કરવાની શક્તિ ઇન્દ્રિયોમાં નથી, મનમાં પણ નથી અને શરીરમાં પણ નથી.



અહીં એક વાક્ય ઘણાંને ખૂંચશે? અરે! શું વિચારો મન નથી કરતું?... હા... હા... મન વિચાર કરે છે. આ વાક્ય બરાબર છે. આવો બધાનો અનુભવ છે. પરંતુ

શાન્તિથી ધ્યાન આપજો. આપણે બે-ચાર વાક્યો વિચારી જોઈએ એટલે સ્પષ્ટ ખ્યાલ આવશે. શું આંખ જૂએ છે કે આંખ વડે જોઈએ છીએ? કાન સાંભળે છે કે કાન વડે સાંભળીએ છીએ? બન્નેમાંથી કઇ વાક્ય રચના સાચી લાગે છે? શું ખરેખર આંખ જૂએ છે? તો તો પછી મૃત શરીરમાં પણ આંખો તો ખુલ્લી જ રહે છે, તે કેટલાને જૂએ છે? જેનાથી તેને કેટલું જ્ઞાન થાય છે? મડદાની બાજુમાં રેડિયો-સંગીત વગાડીયે તો તે સાંભળે છે? ના. બિલકુલ નહીં. માટે કાન હોવા છતાં પણ નથી સાંભળતું. માટે સ્પષ્ટ થાય છે કે કાન નથી સાંભળતા કાન વડે સાંભળનાર કોઇ જૂદો જ છે. અને તે છે આત્મા. આંખ નથી જોતી આંખ વડે જોઈએ છીએ. જોનાર ચેતન આત્મા આંખથી જૂદો જ છે. એવી જ રીતે બીજી ઇન્દ્રિયો અને શરીર વગેરે બધા જડ સાધનો વિષે પણ સમજી લેવું.

એવી જ રીતે મન વિષે પણ વિચાર કરી શકાય છે. મન વિચાર કરે છે. આ વાક્ય સાચું? કે પછી મન વડે વિચારીએ છીએ, આ વાક્ય રચના સાચી જેમ શરીર જડ સાધન છે. તેના જ અંગભૂત આંખ-કાન વગેરે ઇન્દ્રિયો પણ જડ સાધનરૂપ જ છે. એવી જ રીતે મન પણ જડ સાધન માત્ર છે. આંખ-કાન-વગેરે જોવા-સાંભળવામાં સહાયક-ઉપયોગી બને છે. તેવી જ રીતે મન વિચાર કરવામાં સહાયક બને છે. માટે મન વિચાર કરે છે આ વાક્ય કરતા મન વડે વિચાર કરીએ છીએ આ વાક્ય રચના સાચી છે. એમાં વિચાર કરનાર કર્તા તરીકે આત્માની સિદ્ધિ થાય છે. એનાથી સિદ્ધાન્તની સત્યતા આપણને સ્પષ્ટ સમજાઇ જાય છે કે.... આત્મા ન હોય તો એકલું મન પોતાની મેળે સ્વતંત્રપણે કોઇ વિચાર કરી શકતું જ નથી. આત્મા વિના મન નિષ્ક્રિય છે. આ રીતે આત્મ તત્ત્વની સિદ્ધિ થાય છે. માટે વિચારોના વિષયમાં મન માત્ર માધ્યમરૂપ છે. સાધનરૂપ છે. પરંતુ કર્તા એકમાત્ર ચેતન આત્મા જ છે. વિચાર શું છે? કેવી રીતે આવે છે? મન શું છે? મનની રચના કેવી છે? મન કેવી રીતે બને છે? કેવી રીતે કામ કરે છે? વગેરે વિચાર આગળ કરીશું.

આ રીતે સમગ્ર લોકરૂપ સંસારમાં પણ કેન્દ્રીભૂત પદાર્થ જો કોઇ હોય તો તે એકમાત્ર ચેતનાત્મા જ છે. આ સંસાર કોનો છે? શું માત્ર જડનો છે? ના, ચેતન જીવો તો જ છે. જીવો ન હોય તો આ સંસાર કોનો? એકલા જડનો આ સંસાર સંભવ નથી. જડ પદાર્થ જ્ઞાનાદિ ગુણવાળો નથી. રાગ-દ્વેષ તે કરી શકતો નથી. તેને કોઇ કર્મ બંધાતા-લાગતા જ નથી. તે જડ પદાર્થ સુખ-દુઃખ કંઇજ સહન કરી શકતો નથી. તેના માં એવી કોઇ જ સંવેદના નથી. આ બધાના અભાવે તે જડનો સંસાર કેવી રીતે ચાલે? રાગ-દ્વેષ વિના સંસાર બનતો જ નથી, ચાલતો જ નથી, વધતો જ નથી, અને બગડતો પણ નથી. એટલે સંસારનો બધો આધાર રાગ-દ્વેષ ઉપર રહેલો છે, પરન્તુ રાગ-દ્વેષ શું છે ? કોના આશ્રયે રહેલા છે? આ રાગ-દ્વેષ સ્વયં કોઇ દ્રવ્ય સ્વરૂપ

અસ્તિત્વ ધરાવનારા પદાર્થો નથી. આ તો એક માત્ર મોહનીય કર્મની પ્રકૃતિઓ છે. તો આ કર્મ કોના આશ્રયે છે? એના ઉત્તરમાં એકમાત્ર ચેતન-જીવનું જ નામ દઈ શકાય છે. જીવ અનાદિ કાળથી કર્મ સંયોગવાળો છે. કર્મનું વિશ્લેષણ વિભાજન કરતા તેને ૮ પ્રકારના કહ્યા છે. આ ૮ પ્રકારમાં ૧ પ્રકાર મોહનીય કર્મનો છે. આ મોહનીય કર્મની પેટા પ્રકૃતિ રાગ-દ્વેષની છે. જે જીવની સાથે બંધાયેલી-સંકળાયેલી છે. માટે સંસાર જીવનો છે. આખા સંસારનો આધાર જીવ ઉપર છે. હમણાં જીવ પોતે જ કર્મક્ષય કરીને કર્મોથી મુક્ત થઇ મોક્ષે ચાલ્યો જાય તો જીવના આશ્રય વિના સંસાર કોનો ચાલશે? કોનો કહેવાશે? શું જડ નો? ના, માટે એક માત્ર જીવ નો જ સંસાર કહેવાશે. જીવ નો સંસાર જીવના કરેલા કર્મોના કારણે માટે કર્મ જન્ય સંસાર છે. કર્મ આત્મજન્ય છે, જીવ-અજીવ સંયોગિક સંસાર છે.

આત્માનું અસ્તિત્વ –

સમસ્ત સંસારનો આધાર આત્મા અને કર્મ ઉપર છે, અને અધ્યાત્મનો સંપૂર્ણ આધાર આત્મા ઉપર છે. આત્મજ્ઞાન અત્યંત અનિવાર્ય છે. આત્માને સાચા-યથાર્થ સ્વરૂપમાં ઓળખવાથી જ સાચુ આત્મજ્ઞાન પ્રાપ્ત થશે. આત્મજ્ઞાન વિના અધ્યાત્મનું અસ્તિત્વ જ નથી. પરંતુ આત્મજ્ઞાનનો આધાર આત્માનું અસ્તિત્વ જાણવા-માનવા ઉપર આશ્રિત છે. માટે આત્માને માનનારો આસ્તિક છે. અને આત્માને ન માનનાર નાસ્તિક છે. નાસ્તિક વ્યક્તિ માટે અધ્યાત્મનુ કોઇ પ્રયોજન-ઉપયોગ રહેતો જ નથી. જેમ આધાર વિના આધેય સંભવ નથી, એવી રીતે આત્માના અસ્તિત્વને માન્યા વિના આત્મજ્ઞાન-અધ્યાત્મને માનવું શક્ય નથી. માટે નાસ્તિક ક્યારેય આધ્યાત્મિક હોતો નથી. અને આધ્યાત્મિક ક્યારેય નાસ્તિક હોતો નથી. બીજી બાજુ આધ્યાત્મિક સદા આસ્તિક જ હોય છે. અને આસ્તિક વ્યક્તિ જ આધ્યાત્મિક થઈ શકે છે. આ સમીકરણો સ્પષ્ટ છે. માટે આધ્યાત્મિક બનવા માટે પહેલા આસ્તિક બનવું અનિવાર્ય છે. એવી જ રીતે આસ્તિક બનવા માટે પાયામાં આત્માદિ અદૃષ્ટ-અગોચર તત્ત્વો-દ્રવ્યો ને સ્વીકારવા એટલા જ અનિવાર્ય છે.

આત્મજ્ઞાનની અનિવાર્યતા આ રીતે સ્પષ્ટ થાય છે. માટે જીવ માત્ર આત્માનું જ્ઞાન મેળવવું જ જોઈએ. સંસારના દૃશ્યભૂત પદાર્થોનું જ્ઞાન મેળવવા પાછળ જીવો જેટલો પુરૂષાર્થ કરી રહ્યા છે એનો પા ટકા પુરૂષાર્થ પણ જો એક માત્ર આત્મા ને ઓળખવા પાછળ કરતા હોય તો ઝડપથી ઓળખી શકે છે. "जे एगं जाणइ से सव्वं जाणइ"। આચારાંગ સૂત્રના આ સ્પષ્ટ વચનને આધારે જે એક આત્મા ને જાણે... ઓળખે તો તે બધું જ જાણી–સમજી શકે છે. અને એનાથી વિરૂદ્ધ જે એક આત્મા ને નથી ઓળખતો અને શેષ જગતના લાખો પદાર્થોને ઓળખે છે તો પણ તે જ્ઞાન

લાભદાયી કેટલું થવાનું?, આ જગતમાં નાશવંત ક્ષણિક એવા ભૌતિક પૌદ્‌ગલિક પદાર્થો અનંતા છે. એમના વિષેનું જ્ઞાન વધારવાથી આત્માને શું લાભ? કારણ કે આત્મા નિત્ય-અજર-અમર અને શાશ્વત છે. જ્યારે એની સામે પૌદ્‌ગલિક પદાર્થો બધા નાશવંત છે. અને એનું ઢગલાબંધ, ગમે તેટલું જ્ઞાન ભેગું કરતા પણ જઈએ તો પણ આત્માને રાગ-દ્વેષ સિવાય બીજું કંઈ જ મળી શકે નહીં.

એક માત્ર સંસારના વ્યવહારમાં શરીર ધારણ કરીને જીવન જીવવા માટે આ જડ-ભૌતિક-પૌદ્ગલિક પદાર્થોના જ્ઞાનની જરૂર પડતી હોય છે, તેટલા પુરતું જ ધારણ કરીને પછી તેમાંથી વિમુખ થઈને સ્વાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવાના કામે લાગી જવું જોઈએ. પૌદ્ગલિક જડ પદાર્થોનું જ્ઞાન મેળવવા તે તે પદાર્થોને ઓળખવા પડશે. જોવા પડશે. તેના વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિના ગુણોની ઓળખ કરવી પડશે. ત્યારે તે જડ પદાર્થોનું જ્ઞાન થશે. અને તેમાં પણ તે પદાર્થો નાશવંત છે. જે પરમાણુઓના સંઘાત-વિઘાતની અવસ્થાવાળા છે. કેટલીક વાર વસ્તુઓનું જ્ઞાન પ્રાપ્ત કરવા જીવ પુરૂષાર્થ કરે એટલામાં તો સંભવ છે કે તે પદાર્થનું સ્વરૂપ નષ્ટ પણ થઈ જાય, અથવા ગુણધર્મો બદલાઈ જાય, અથવા પર્યાયોનું પરિવર્તન થઈ જાય. જ્યારે આત્મદ્રવ્ય અવિનાશી અનુત્પન્ન છે. જે ક્યારેય નષ્ટ થતો નથી. માટે ચેતનાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવા વિશેષ પુરૂષાર્થ કરવો જોઈએ.

બીજી તરફ આ જડ પૌદ્‌ગલિક પદાર્થોનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં રાગ-દ્વેષની વૃદ્ધિની સંભાવના જ વધારે છે. અને એવા રાગ-દ્વેષથી આત્મામાં ઉદ્વેગ-સંતાપ-હર્ષ-શોક વધવાના છે. એ પદાર્થો પ્રત્યે ગમા-અણગમાના રતિ-અરતિના ભાવો વધારે વધવાના છે. પરિણામ સ્વરૂપ આત્માને અનેક કર્મોનો બંધ થવાનો અને જો ચેતનાત્મા આ પૌદ્‌ગલિક વિનાશી પદાર્થોની પાછળની દોટ છોડી દઈને સ્વનું જ્ઞાન મેળવવા પુરૂષાર્થ કરે તો તેને આત્મશાન્તિ મળશે. રાગ-દ્વેષોનું શમન થશે. રતિ-અરતિના ભાવો ઘટવાથી આત્મામાં કર્મોનો બંધ પણ નહીં થાય. આત્મામાં સાચા આનંદ અર્થાત્ આત્માનંદની વૃદ્ધિ થશે. આ સુખ જ સાચું સુખ છે. સંસાર અને સંસારના પદાર્થો પ્રત્યેનો રાગ મોહ-આકર્ષણ ઘટશે. સંસારસ્વરૂપની સાચી ઓળખ થતા આત્મા એનાથી વિમુખ બનશે. આ જ્ઞાન સંસારથી વિમુખીકરણ વિરક્તિ અને વિરતિ માટે સહાયક બનશે. અને વિરતિથી નિષ્પાપ જીવન જીવી શકાશે. જે એનો સંસાર ઘટાડવા-ઓછો કરવામાં સહાયક બનશે. આત્માનું પરંપરાએ કલ્યાણ થશે. મુક્તિ પ્રાપ્ત કરશે. આ રીતે આત્મજ્ઞાન સરવાળે લાભકારી છે. અને પૌદ્‌ગલિક પદાર્થોનું જ્ઞાન સરવાળે નુકશાનકારક છે. સંસારમાં ભટકાવનાર છે. પરિભ્રમણ વધારનાર છે.

આત્મજ્ઞાનનો આધાર-

આત્મા પદાર્થ છે, તેનું અસ્તિત્વ સર્વ પ્રથમ સ્વીકારવામાં આવે તો જ બુદ્ધિ

તથાપ્રકારની આત્માકાર બને છે. આત્માનું હોવાપણું એ જ અસ્તિત્વભાવ છે. અનાદિ મિથ્યાત્વ ના ગાઢ સંસ્કારોના કારણે આ જીવ ઉપર તથા-પ્રકારના સંસ્કારો પડી ગયા છે. તેથી આત્મા-પરમાત્મા-મોક્ષાદિ વિષયો ને ન માનવા-ન સ્વીકારવાના અથવા વિપરીત સ્વરૂપે માનવાના આ જીવના પરિણામો બની ગયા છે. આ મિથ્યાત્વના સંસ્કારોને દૂર કરવા ભગીરથ પુરુષાર્થ કરવો જ પડશે. આત્માદિ પદાર્થો છે ની વિધેયાત્મક બુદ્ધિ તથાપ્રકારની બનાવીને તે દિશામાં આગળ વધવાથી આત્માનું જ્ઞાન વધશે. અને બીજી તરફ આત્મજ્ઞાનની દિશા ખુલ્લી થવાથી તે તરફ આપણે સહેલાઈથી પ્રયાણ કરી શકીશું અને બીજી તરફ સંસારના ભૌતિક પૌદ્ગલિક પદાર્થોથી વિમુખ થઈ શકીશું.

સંસારના બધા પદાર્થોનું વર્ગીકરણ દૃશ્ય અને અદૃશ્યના બે વિભાગોમાં કરી શકાય છે. કેટલાક પદાર્થ દૃશ્યની કક્ષાના છે. જેમાં એક માત્ર પૌદ્ગલિક પદાર્થ-વસ્તુઓની ગણના થાય છે. બીજી બાજુ અદૃશ્ય પદાર્થોની ગણનામાં ૧) ધર્માસ્તિકાય નામક ગતિ સહાયક દ્રવ્ય, ૨) અધર્માસ્તિકાયનામક સ્થિતિ સહાયક દ્રવ્ય ૩) અવગાહના પ્રદાયક આકાશદ્રવ્ય, ૪) જ્ઞાન-સુખ-દુઃખ વાળો ચેતન આત્માનામક દ્રવ્ય આ અને આવા પરમાણુ આદિ ઘણા દ્રવ્યો છે. જે દૃષ્ટિગોચર થતા નથી. ધર્મ, અધર્મ, આકાશ, આત્માદિ જે અરૂપી ગુણધર્મવાળા છે. માટે નજરે જોઈ શકાતા નથી. આંખ પોતે જડ છે. વર્ણ એટલે રૂપ-રંગને ગ્રહણ કરનારી ઈન્દ્રિય છે. અને પાંચે ઈન્દ્રિયોનું કાર્ય વર્ણ-ગંધ રસ-સ્પર્શાદિના ૨૩ વિષયોને જ ગ્રહણ કરવાનું છે અને આ વર્ણાદિ જડના ગુણો છે. અને આત્મા સંસારી સકર્મી અવસ્થામાં ઐન્દ્રિય જ્ઞાનના ક્ષેત્રમાં આવા વર્ણાદિ ધારક જડ પૌદ્ગલિક પદાર્થોનું જ્ઞાન મેળવવામાં જ ટેવાયેલો છે. એમાં જ વ્યસની બની ગયો છે. બીજી બાજુ અદૃશ્ય પદાર્થોનું જ્ઞાન ઈન્દ્રિયગમ્ય નથી. એ પદાર્થો વર્ણ-ગન્ધાદિ ગુણધર્મોવાળા નથી. એટલે ઈન્દ્રિયોથી ગ્રાહ્ય પણ નથી, પરંતુ આપણને ઈન્દ્રિયગમ્ય નથી તેથી આવા પદાર્થોનું અસ્તિત્વ જ નથી આવો વિચાર મૂર્ખતા ભરેલો છે. પદાર્થોનું જ્ઞાન આપણે આપણી સીમાના સીમિત સાધનોના બંધનમાં રહીને કરી ન શકીએ. કરવું સંભવ જ નથી. જે પદાર્થો જેવા છે, જે સ્વરૂપે છે તેને તેવા તે સ્વરૂપે જ ઓળખીએ માનીએ તો જ વધું ઉત્તમ છે. તે જ યોગ્ય માર્ગ છે. માટે અરૂપી પદાર્થોને ઓળખવા ઈન્દ્રિયોનું સીમિત જ્ઞાન ત્યાં કામે નહીં આવે.

અલબત્ત આ પાંચે ઇન્દ્રિયો આત્માને જ્ઞાન પહોંચાડે છે. આત્માને જ્ઞાન પ્રાપ્ત કરાવવામાં સાધનસ્વરૂપ-માધ્યમરૂપ છે. માટે તે જ્ઞાનેન્દ્રિયો છે. પરંતુ આત્માને જ્ઞાન પ્રાપ્ત કરાવવામાં એક માત્ર ઈન્દ્રિયો જ છે, અને તેમનાથી જ જ્ઞાનપ્રાપ્તિ સંભવ છે. અને તે વિના સંભવ જ નથી. આવી આપણી માન્યતા ખોટી છે. આત્મા ને જ્ઞાન

પ્રાપ્ત કરાવવામાં મન પણ સહાયક સાધન છે, માધ્યમ છે, પરંતુ આ બધા જ્ઞાનો જે સાધન-માધ્યમથી થાય છે તે પરોક્ષ જ્ઞાનો છે. તેની સીમા હોય છે. જ્યારે સીધે સીધા આત્માથી જ થતા જ્ઞાનો પ્રત્યક્ષ જ્ઞાન છે. પ્રત્યક્ષ જ્ઞાન માટે સીમાનું બંધન નથી. માટે પ્રત્યક્ષ જ્ઞાન સીમાતીત છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન આ બન્ને જ્ઞાન પરોક્ષની કક્ષાના જ્ઞાનો છે. કારણ કે તેમાં આત્મા ઇન્દ્રિયો-મનને આધીન થઇ જાય છે. ઇન્દ્રિયો અને મન વડે જ્ઞાન થાય છે. તેમાં આત્મા સીધે સીધો જ્ઞેય પદાર્થોની સામે નથી હોતો પરંતુ વચ્ચે ઇન્દ્રિયો અને મન માધ્યમ તરીકે હોય છે. માટે થતું જ્ઞાન પરોક્ષ જ્ઞાન કહેવાય છે. આ જ્ઞાનો જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી થવાના છે. જેટલો મતિ–શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ વધારે તેટલું આ બન્ને જ્ઞાનનું પ્રમાણ વધારે રહેશે. બીજા અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન આ ત્રણે જ્ઞાનો ઇન્દ્રિયો-મનની અપેક્ષા વિના થાય છે. માટે તે પરોક્ષ નથી પ્રત્યક્ષજ્ઞાનો છે. અવધિજ્ઞાન-દર્શનમાં દૂર-સુદૂર સુધીના લોકક્ષેત્રો-પ્રદેશો અને પદાર્થો દેખાય છે, જણાય છે, તેમાં ઇન્દ્રિયો અને મન વચ્ચે નથી હોતા. અહીંયા બેઠા કોઇને લાખો-કરોડો માઇલોના અંતરની વસ્તુઓ આંખ વડે નહીં દેખાય. મન વડે નહીં જણાય. તે એક માત્ર સીધે સીધા આત્માથી જ સંભવ છે. તે વિના નહીં.

એવી જ રીતે સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવો, મનના માનસિક વિચારો પણ ઇન્દ્રિયો-મનથી નહીં જણાય. સીધે-સીધા આત્માથીજ જણાશે. આ રીતે આત્માથી સીધેસીધા જણાતા હોવાથી આ જ્ઞાનને પણ પ્રત્યક્ષજ્ઞાન જ કહેવાય છે. અને અંતિમ પાંચમું જ્ઞાન કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાન વડે લોકાલોકના અનન્તા પદાર્થો, અનન્તા ગુણધર્મો, અને અનન્તી પર્યાયોનું જ્ઞાન એકમાત્ર આત્માથી જ જાણી-જોઇ શકાશે. ઇન્દ્રિયો-મનની મદદથી આ જ્ઞાન સંભવ જ નથી. કેવળજ્ઞાન ને અનન્ત જ્ઞાન કહેવામાં આવ્યું છે. આનું કારણ છે કે જ્ઞેય પદાર્થો અનન્તા છે. તે અનન્તા જ્ઞેય પદાર્થો ને એકી સાથે જાણી જોઇ શકાય છે. તે જ્ઞાન પણ અનન્તજ્ઞાન કહેવાય છે.

આ પ્રત્યક્ષ જ્ઞાન જ્ઞાનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષય થવાથી જ થાય છે. માટે કેવળજ્ઞાનને ક્ષયોપશમિક ન કહેતા ક્ષાયિક કહ્યું છે. આત્મા સર્વથા જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરી નિરાવરણ થઇને જ આ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. આવી રીતે ઇન્દ્રિયોથી-મનથી, યોગજ શક્તિઓથી, અને સીધેસીધા આત્માથી એમ અનેક રીતે જ્ઞાન થાય છે. આત્મા-પરમાત્મા-લોક-અલોક, ધર્મ, અધર્મ, આકાશ અને પરમાણુઓ આદિના જ્ઞાનો ઇન્દ્રિયોથી શક્ય નથી. પણ સીધા આત્માથી પ્રત્યક્ષ જ્ઞાનથી જ શક્ય છે. અરૂપી-અદૃશ્ય એવા પદાર્થોનું જ્ઞાન રૂપી અને દૃશ્ય પદાર્થોનુ જેમ થવાનું નથી. ઇન્દ્રિયો રૂપી-દૃશ્ય પદાર્થોનું જ્ઞાન મેળવી શકે. પરંતુ અરૂપી-અદૃશ્ય પદાર્થોનું જ્ઞાન મેળવવા તે સક્ષમ નથી. માટે આત્મા સીધા પ્રત્યક્ષ જ્ઞાનથી જ તે અરૂપી અદૃશ્ય

પદાર્થોનું જ્ઞાન મેળવી શકશે. બીજી તરફ આત્મા સ્વયં અરૂપી-અદૃશ્ય છે અને બીજા ધર્માધર્માદિપણ અરૂપી-અદૃશ્ય પદાર્થો છે. બંને આ ગુણમાં સમાન છે. આત્મા આવા પદાર્થોનું જ્ઞાન સ્વયં મેળવી શકે છે. આથી એ નિશ્ચિત થાય છે કે આત્માદિ પદાર્થો જ્ઞેય અવશ્ય છે. જે જે જ્ઞેય પદાર્થો છે તેમનું જ્ઞાન અવશ્ય થવાનું. જ્ઞાનયોગ્ય પદાર્થોને જ જ્ઞેય કહેવામાં આવ્યા છે. જે જ્ઞાન યોગ્ય છે તે જ્ઞાનગમ્ય પણ છે. જે જે જ્ઞાનગમ્ય છે તે તે જ્ઞેય છે. તેમને આત્મા પોતાના જ્ઞાનનો વિષય સહેલાઈથી બનાવી શકે છે.

આ જીવ અનંતાકાળ સુધી મોહાધીન બનીને અનંતા રૂપી-દૃશ્ય પદાર્થોનું જ જ્ઞાન વધારે કર્યું છે. માટે આત્માને અનાદિ કાળના સંસ્કાર જ આ પડ્યા છે. દૃશ્ય-રૂપી પદાર્થો માત્ર પૌદ્ગલિક છે. પુદ્ગલ પોતે રૂપી-દૃશ્ય છે. રંગવાળો છે. અને આપણી ઈન્દ્રિયો પણ રૂપી-રંગ-વર્ણાદિવિષયોને ગ્રહણ કરનારી જડ પુદ્ગલ પદાર્થનીજ બનેલી છે. માટે તે પણ તેમને જ ગ્રહણ કરવામાં ટેવાયેલી છે. માટે આવા દૃશ્ય-રૂપી પદાર્થો ગ્રહણ કરવા-તેનું જ્ઞાન મેળવવું વગેરે આત્મા માટે બહુ જ સહેલું છે. સરળ કામ છે. બીજી બાજુ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવે.... મતિ-શ્રુતના જ્ઞાનો પણ જીવને માત્ર રૂપી-દૃશ્ય પદાર્થોના જ્ઞાનને ગ્રહણ કરવા માટે પર્યાપ્ત મળ્યાં છે. એનાથી આ પ્રમાણે જ ચાલતું આવ્યું છે. આ રીતે આત્મા પણ અનાદિકાલીન કર્મસંયોગવાળો છે. અને કર્મના કારણે આત્માના સંસ્કારો વગેરે એવા જ પડેલા છે. માટે અરૂપી-અદૃશ્ય પદાર્થોને સમજવા ઓળખવા કે તેમનું જ્ઞાન પ્રાપ્ત કરવાના સંસ્કાર બિલ્કુલ ન હોવાથી અને તેને યોગ્ય તેવા પ્રકારનું જ્ઞાન પણ ન હોવાથી તેવા સંસ્કાર પડી જ ન શક્યા. બીજી બાજુ રૂપી-દૃશ્ય પદાર્થો આત્માના મોહના વિષય બને છે. માટે ગમે છે. તેવા પ્રકારના પદાર્થોમાં જીવને વધારે રસ-રૂચિ જાગે છે. તે રાગના નિમિત્તિ બને છે. માટે મોહનીય કર્મથી ખરડાયેલો આ રાગી-દ્વેષી જીવ આવા પ્રકારના પદાર્થો તરફ જલ્દી વળે છે. તેમને ઓળખવા-સમજવા અનેકગણો પુરુષાર્થ કરે છે. આવી રીતે આ જીવે આજ દિવસ સુધી એવા કેટલા પદાર્થોનું જ્ઞાન મેળવ્યું છે? આનો વિચાર કરતા લાગે છે કે તેનો હિસાબ પણ આપણે કરી નહીં શકીએ. એવા લાખો-કરોડો રૂપી-દૃશ્ય પદાર્થોનું ઢગલાબંધ જ્ઞાન આત્માને પ્રાપ્ત થયું છે. એટલે એના જ સંસ્કારો આત્મા ઉપર ઘણાં વધારે પડેલા છે. માટે રાગ-મોહાદિ બધા ભાવો એવા જ દૃશ્ય-રૂપી પદાર્થો માટે જ જીવને વધારે રહ્યા છે. પરંતુ જીવને એ ખ્યાલ નથી કે મને વધુમાં વધુ કર્મો બંધાવનાર પણ આ જ રાગ મોહાદિ ભાવો છે. અને એના નિમિત્તરૂપ આ રૂપી-દૃશ્ય પદાર્થો છે. પરોક્ષરૂપે આ રૂપી-દૃશ્ય પૌદ્ગલિક પદાર્થો છે. જ્યારે પ્રત્યક્ષરૂપે તેમના મોહ-રાગાદિ ભાવો છે. આ જ મોહ એક કર્મ છે. એટલે પૂર્વના બંધાયેલા કર્મો વર્તમાનમાં ઉદયમાં આવે છે. અને તેના ઔદયિક ભાવથી ફરીથી આવા રૂપી-દૃશ્ય પદાર્થો પ્રત્યે રાગ-મોહ વધતો જાય છે. બીજી બાજુ

પુણ્યયોગે આવા પદાર્થોની ઉપલબ્ધિ પણ ઘણી થઈ છે. જે લોકોને પ્રાપ્ત થાય છે. તે પણ ઢગલાબંધ થાય છે. માટે જીવ એમાં મોહિત થઈ જાય છે. અને ફરીથી નવા કર્મો ઢગલાબંધ બાંધતો જ જાય છે. આવી રીતે કર્મોની પરંપરા પણ ચાલતી જ જાય છે.

બીજી બાજુ અરૂપી-અદૃશ્ય પદાર્થો તત્ત્વરૂપ છે. તેમનું જ્ઞાન રાગ-કે મોહભાવથી નથી થતું અને આવા પદાર્થો ઉપર રાગ પણ નથી અને મોહ પણ નથી. માટે એવા પદાર્થોનું યથાર્થ તાત્ત્વિક જ્ઞાન જો આત્મા પ્રાપ્ત કરે તો કર્મક્ષયનો વધારે ઉત્તમ વિશેષ લાભ થાય તેમ છે. આવા અરૂપી અદૃશ્ય પદાર્થોનું જ્ઞાન એક તરફ ઇન્દ્રિયો-મનથી નથી થતું અને બીજી તરફ રાગ-મોહવર્ધક પણ નથી. આવા અરૂપી-અદૃશ્ય પદાર્થોની તેમના ગુણ-પર્યાયાદિ યથાર્થ સ્વરૂપથી ઓળખ કરીએ તો ઉપરથી કર્મનિર્જરા થાય છે. ધર્મધ્યાનના ૪ ભેદોમાં ૪થા સંસ્થાન વિચય માં સમસ્ત લોક સ્વરૂપ બ્રહ્માણ્ડનો, તેના પદાર્થોનો વિચાર કરવાનું કહ્યું છે. અને આગળ વધતા ધર્મધ્યાનમાંથી શુક્લધ્યાનમાં પણ લોકના ઘટકદ્રવ્યો અને પરમાણુઓનું પણ ચિન્તન છે. આ ચિન્તનની પ્રક્રિયા સૂક્ષ્મથી સૂક્ષ્મતમ થતી જ જાય છે. શાસ્ત્રો જણાવે છે કે આવા પરમાણુ આદિ પદાર્થોના સૂક્ષ્મતમ ધ્યાનમાં પણ જીવની કર્મનિર્જરા કેટલા ગણી વધારે થાય છે? આ રીતે કર્મક્ષય-નિર્જરાનું પ્રમાણ પરાકાષ્ટાએ પહોંચતા-પહોંચતા જીવ કર્મબંધનોથી મુક્ત બને છે. પહેલા તબક્કે ૪ ઘાતી કર્મોનો ક્ષય થાય છે અને આત્મા સિદ્ધ-બુદ્ધ-મુક્ત બને છે. આ રીતે અરૂપી-અદૃશ્ય એવા તત્ત્વભૂત પદાર્થોનું યથાર્થ સ્વરૂપ ધ્યાનની ધારામાં જોતા-જોતા જીવ રાગ-દ્વેષ વગરની શુદ્ધ સ્થિતિમાં પહોંચે છે. માટે સંસારમાં જે જે દ્રવ્યો છે, જે ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય સ્વરૂપે છે આ પ્રમાણે જે કેવળજ્ઞાની-સર્વજ્ઞભગવન્તો એ જેવું જોયું છે અને આપણા જેવા જીવોને જેવું જણાવ્યું છે તેવું યથાર્થ સ્વરૂપ દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપે ચિંતવવામાં ધ્યાવામાં આવે તો જીવને કર્મનિર્જરા થાય છે. બંધનથી મુક્ત થવાનો લાભ મળે છે.

આ બ્રહ્માણ્ડના બીજા બધા જે અરૂપી-અદૃશ્ય પદાર્થો છે તેમાં હું (આત્મા) પણ એક ઘટક દ્રવ્ય છું. હું ચેતન આત્મા અરૂપી-અદૃશ્ય દ્રવ્ય છે. મારૂ સ્વરૂપ શું છે? કેવું છે? જ્યારે આ બ્રહ્માણ્ડમાં મારા જેવા બીજા પણ ઘટક દ્રવ્યો છે, તેમનું વાસ્તવિક સ્વરૂપ જેવું છે તેવું જ મારૂ પણ છે. કારણ કે અરૂપી-અદૃશ્ય સ્વરૂપની કક્ષા બન્ને દ્રવ્યોની સમાન છે. આવી સમાનતાના કારણે સ્વરૂપ એકસરખુ હોવાથી જો તે પદાર્થોની ઓળખ થાય તો મને પણ મારા ચેતન-આત્મ દ્રવ્યની ઓળખ થાય અને જો મને પહેલા મારી ઓળખ વાસ્તવિક થાય તો મારા જેવા બીજા પદાર્થોની ઓળખ પણ સારી થઈ શકે. આ રીતે જે આચારાંગ આગમ શાસ્ત્રનું જે વચન છે કે "જે એગં જાણઈ સે સવ્વં જાણઈ" અર્થાત્ જે આત્મ તત્ત્વને બરોબર ઓળખે છે, જાણે છે તે સમસ્ત પદાર્થોને પણ બરાબર ઓળખે છે, જાણે છે. આ પ્રમાણે એકના કારણે બીજા

પદાર્થોનું અથવા બીજા પદાર્થોના જ્ઞાનના આધારે પોતાના એક આત્મ તત્ત્વરૂપ દ્રવ્યનું જ્ઞાન સમ્યગ્ થઇ શકે છે. આવી રીતે સમાન ગુણધર્મોના કારણે પદાર્થોનું સાદૃશ્યતાના કારણે જગત્નું જ્ઞાન સારી રીતે થઈ શકે છે.

યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી એ રીતનું ચિંતન-મનન એક ધારૂ કરવામાં આવે તો તે પદાર્થોના ઉત્પાદ-વ્યય-અને ધ્રૌવ્ય સ્વરૂપની સાચી ઓળખ થાય છે. અને ગુણ-પર્યાયો થી દ્રવ્યની સાચી-સમ્યગ્ ઓળખ થવાથી તે પદાર્થોનો રાગ-મોહ ઘટે છે. જ્યારે આ જ જ્ઞાન વિકૃત અને વિપરીત થાય છે. ત્યારે મોહ દશા અને રાગ-દ્વેષની વૃત્તિઓ વધતી જાય છે. અને બીજી બાજુ આ જ્ઞાનને વિકૃત કે વિપરીત કરે છે કોણ? તો તેના ઉત્તરમાં પણ રાગ-દ્વેષ-મોહદશા જ છે. જો પદાર્થોમાંથી મોહભાવ-રાગ-દ્વેષના ભાવો ઘટી જાય તો સ્પષ્ટપણે વૈરાગ્ય ભાવ આવે છે. વિરક્તિ આત્માને ઉંચે ચઢાવે છે. મોહભાવ-રાગ-દ્વેષ ઘટાડે છે. તેથી કર્મબંધ થતો અટકે છે. આત્મપ્રદેશોમાંના સ્પંદનો સ્થિર થાય છે. અને તેથી કર્મનિર્જરાનું પ્રમાણ ઘણું વધે છે. ધ્યાનની કક્ષામાં આ સ્થિતિ આવે છે. માટે ધ્યાન જ્ઞાનપૂર્વક જ થાય છે. જ્ઞાન રહિત ધ્યાન થવું સંભવ નથી. અને આવા યથાર્થ જ્ઞાન વિના જે જીવો-સાધકો ધ્યાન કરતા હોય તો કર્મનિર્જરાનું આ ફળ મેળવવાથી વંચિત રહે છે.

આત્મજ્ઞાનનો આધાર આત્માસ્તિત્વ –

આત્માનું જે યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવું છે, તેના વિશુદ્ધ સ્વરૂપની ઓળખ જે કરવી છે તેના માટે આત્માનું અસ્તિત્વ સર્વ પ્રથમ સ્વીકારવું અત્યંત આવશ્યક છે. અનિવાર્ય છે. અસ્તિત્વ સ્વરૂપ ને જ સ્વીકારવામાં ઉણપ હોય તો પછી દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ સ્વીકારવું ઘણું મુશ્કેલ છે. માટે આત્મજ્ઞાનનો આધાર આત્માસ્તિત્વની સ્વીકૃતિ ઉપર છે. આત્મા છે એવું અસ્તિત્વ સ્વીકારવા માત્રથી જીવો આસ્તિક બને છે. પરંતુ આસ્તિક બનવા માત્રથી સમ્યકત્વી બની જાય છે એવો નિયમ નથી. એટલા માટે જે જે આસ્તિક છે. તે તે સમ્યકૃત્વી છે તે તે અવશ્ય આસ્તિક છે જ. માટે સાધકનું લક્ષ્ય ફક્ત આસ્તિક થવા પૂરતું જ નથી. આસ્તિક થવું એ પહેલું પગથિયું છે જ્યારે સમ્યકૃત્વી થવું એ એની પણ આગળનું બીજું પગથિયું છે. માટે આસ્તિક બનવા માત્રથી સંતોષ માનીને બેસી રહેવાનું નથી. હજી એક પગથિયું આગળ વધીને સમ્યકૃત્વી બનવામાં વિશેષતા છે.

આ સંસારમાં મિથ્યા માન્યતા ધરાવવા છતાં પણ આસ્તિકો ઘણા છે. આત્મા ને ક્ષણિક-નાશવંત અને શૂન્ય સ્વરૂપ માનનારા પણ પોતાની જાતને આસ્તિક જ ગણે છે. આત્માને અંગુષ્ઠ પ્રમાણ માનનારા પણ પોતાને આસ્તિક માને છે. એવી જ રીતે આત્માને સ્વીકારીને પણ પાછા એક જ આત્મા સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત છે આવી

માન્યતા ધરાવનારા પણ પોતાની જાતને આસ્તિક જ માને છે. આત્માને માની ને પણ તેની ઉત્પત્તિ માનનારા દાર્શનિકો પણ પોતાને આસ્તિક જ ગણાવે છે. આત્માને અમે પણ માનીએ છીએ આવું કહીને મન ને જ આત્મા માનવાની વાતો કરનારા પોતાની જાતને આસ્તિક જ ગણે છે. એવી જ રીતે આત્માને માનીને પણ તેમાં જ્ઞાનાદિ ગુણ પ્રથમ ક્ષણે નથી હોતા ક્ષણાન્તરે આવે છે આવું કહેનારા પણ પોતાને આસ્તિક માને છે. આ અને આવી અનેક જાતની માન્યતાઓ ભિન્ન ભિન્ન દર્શનવાદી દાર્શનિકોએ ઉભી કરેલી છે. તેથી તેઓ પોતાને આસ્તિક ગણાવે છે. અને જૈન દર્શન આત્માનું અને બધા તત્ત્વો-પદાર્થોનું અત્યંત શુદ્ધ-વિશુદ્ધ કક્ષાનું સ્વરૂપ માને છે છતાં તેમને નાસ્તિક કહેવામાં આવે છે. આમાં માત્ર દ્વેષ બુદ્ધિ સિવાય બીજું કોઇ કારણ નથી. માત્ર આત્માને માનવું એટલું જ પર્યાપ્ત નથી. બીજી બાજુ આત્મા કેવો છે? આ વિષયમાં જેવો છે તેવો જ માનવામાં આવે તો જ સમ્યક્ત્વની કક્ષા પ્રાપ્ત થાય છે. સમ્યક્ત્વની પ્રાપ્તિમાં મોક્ષના બીજ પડ્યા છે. માટે જ સમ્યકત્વ પ્રાપ્ત થવાથી જ મોક્ષ નક્કી થયો એમ સમજવું. પરંતુ આસ્તિકપણું પ્રાપ્ત થવાથી મોક્ષ નક્કી થઇ ગયો.એમ સમજવું નહીં. માટે પદાર્થનું માત્ર અસ્તિત્વ સ્વીકારવાથી સમ્યકત્વ આવી જતું નથી. આસ્તિકપણાનો આધાર જરૂર અસ્તિત્વ સ્વીકારવામાં છે. પરંતુ સમ્યકત્વનો આધાર તો પદાર્થનું યથાર્થપણું સ્વીકારવામાં છે. અને આ યથાર્થપણા પર્ણના નો આધાર સર્વજ્ઞ વચન ઉપર છે.

આત્માદિ પદાર્થો અરૂપી-અદૃશ્ય છે. તે ઈન્દ્રિયગમ્ય નથી. માટે મતિ-શ્રુત જ્ઞાનથી ગમ્ય કેટલા ? સર્વજ્ઞ-કેવળીએ પોતાના અનન્તજ્ઞાનમાં જે સ્વરૂપ આ · પદાર્થોનું જોયુ-જાણ્યુ છે તે જ વીતરાગ ભાવથી આપણને જણાવે છે. માટે આપણી ફરજ થાય છે કે સર્વજ્ઞ પ્રણીત જે પદાર્થ સ્વરૂપ છે તેને જ સ્વીકારવુ, સમજવું, અને માનવુ, તો જ આપણી શ્રદ્ધા સાચી તેવુ જ જ્ઞાન સમ્યગ્ જ્ઞાન ગણાશે. અને તદનુરૂપ આચરણ ને જ સમ્યગ્ ચારિત્ર કહેવાશે.

આ રીતે આસ્તિકપણું અને સમ્યકપણું બન્ને જૂદા છે. એક સ્વરૂપ નથી. આ પાયાના આધારે કેટલા દર્શનોને આસ્તિક દર્શન ગણવા ? અને ચાર્વાક વગેરે કેટલા દર્શનોને નાસ્તિક ગણવા ? ની માન્યતા સ્પષ્ટ પ્રચલિત છે. પરન્તુ સિદ્ધાન્તના આધારે બનેલી એવી માન્યતા હોવી જોઈએ, નહીં કે વ્યક્તિગત દ્વેષબુદ્ધિના આધારે આ નિર્ણય યોગ્ય ન જ કહેવાય. આ રીતે જૈન દર્શન ને જે નાસ્તિક દર્શન ગણ્યો છે, અથવા કહ્યો છે તે એક માત્ર વ્યક્તિગત દ્વેષ બુદ્ધિના આધારે કહ્યો છે. પરન્તુ આ વાતમાં તત્થ્ય અંશમાત્ર પણ નથી. નાસ્તિક કહેવા માટેની આધારભૂત વ્યાખ્યા એક પણ ઘટતી ન હોય અને તે છતાં પણ તે નાસ્તિક કહે એટલે દ્વેષ બુદ્ધિ અને દુર્ભાવશ આ કહેવાયુ છે એ સ્પષ્ટ થાય છે. હકીકત તો એ છે કે જૈનદર્શન જે ચરમ કક્ષાનું

સમ્યગ્ દર્શન છે એને પણ જો બીજા દર્શનો નાસ્તિક દર્શન કહે તો પછી આસ્તિક અને ચરમ કક્ષાનું સમ્યગ્ દર્શન કોને કહેશે ? કેવા દર્શન ને કહેશે. જૈનદર્શને માત્ર આત્મા આદિ તત્ત્વભૂત પદાર્થોને માન્યા જ છે એટલું જ પર્યાપ્ત નથી, પરંતુ એના કરતા પણ વિશેષ આ જૈન દર્શને સર્વજ્ઞ વચનાસુર ચરમ કક્ષાનું સમ્યગ્ સ્વરૂપ આ બધા પદાર્થોનું માન્યું છે. યાદ રાખો જે દર્શન સર્વજ્ઞ પ્રણીત દર્શન હશે તે જ સમ્યગ્ દર્શન છે અને જે સર્વજ્ઞ પ્રણીત નથી તેમજ જે સર્વજ્ઞ પ્રણીત તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ નથી સ્વીકારતા તે દર્શન સમ્યગ્ ક્યારેય હોઈ જ ન શકે. તેવા દર્શનની માન્યતા ચરમ યથાર્થ હોઈ જ ન શકે. અને પાછા સર્વજ્ઞ પણ કેવા હોવા જોઈએ? માત્ર સર્વજ્ઞપણાનું નામ મૂકી દેવા માત્રથી ન ચાલે, પરંતુ સર્વજ્ઞ થવા માટે કર્મક્ષયની સાચી પ્રક્રિયામાંથી પસાર થઈને જેમને સર્વજ્ઞપણું પ્રાપ્ત કર્યું હોય તે જ સર્વજ્ઞ સાચા સર્વજ્ઞ કહેવાશે અને તેવા સર્વજ્ઞ પરમાત્માના વચન, તેમની જ પ્રરૂપણા પ્રમાણેના આત્માદિ તત્ત્વોને યથાર્થસ્વરૂપે માનવામાં, સ્વીકારવામાં આવે તો જ સમ્યગ્ ગણાશે.. અન્યથા આથી વિપરીત માન્યતા તે મિથ્યાત્વ ઠરશે. આ વ્યાખ્યા સ્પષ્ટ સમજીને જ આત્માદિ તત્ત્વોને માત્ર માની લેવા પર્યાપ્ત નથી, પરંતુ સર્વજ્ઞ પ્રણિત સ્વરૂપે યથાર્થ માનવામાં આવે તો જ સમ્યગ્ ગણાશે. માટે આત્માદિ તત્ત્વોને તે જ સ્વરૂપે માનવા... જાણવા, અત્યન્ત જરૂરી છે.

અસ્તિપણાના આધારે સર્વ પ્રથમ આત્માદિ તત્ત્વોનું અસ્તિત્વ માનવું અને ત્યાર પછી તે તત્ત્વોનું યથાર્થપણું, સત્યસ્વરૂપ, સર્વજ્ઞ વચનને અનુરૂપ માનવું તે જ હિતાવહ છે.

અધ્યાત્મનો આધાર - ''ભેદજ્ઞાન'' -

અભેદ બુદ્ધિ અને ભેદબુદ્ધિ બન્ને પ્રકારની બુદ્ધિઓ ધરાવનારા જીવો આ સંસારમાં ઘણાં છે, પરંતુ અધ્યાત્મવૃત્તિવાળા સાધકે કેવા રહેવું જોઈએ? આધ્યાત્મિક તત્ત્વવેત્તા સાધકે.... ભેદજ્ઞાનના આધારે જીવવાનું છે. પરંતુ સંસારમાં પદાર્થો પોતાનું અસ્તિત્વ ભિન્ન-ભિન્ન ધરાવતા હોવા છતાં પણ એક બીજામાં, અને એક બીજા સાથે સમ્મિલિત-મિશ્રીત ભાવે રહેતા હોય ત્યારે તેમને મિશ્રીત કક્ષામાં જોવા છતાં પણ ભિન્ન ભિન્ન સ્વરૂપે જોવા માટે તથાપ્રકારની વિશિષ્ટ બુદ્ધિ જોઈએ. તેવી બુદ્ધિ-દૃષ્ટિનું નામ છે ભેદજ્ઞાન, પરંતુ અધ્યાત્મી એકાન્તે એક માત્ર ભેદજ્ઞાની જ ન હોય. જ્યાં જેમાં ભેદજ્ઞાન કરવાનું છે ત્યાં તે ભેદજ્ઞાન કરીને ચાલે, અને જ્યાં અભેદજ્ઞાનની જરૂર પડે ત્યાં અભિન્ન બુદ્ધિથી પણ ચાલે તે જ જરૂરી છે. દા.ત.: આત્મા અને શરીર આ બન્ને પદાર્થો જુદા જુદા ભિન્ન છે, પરંતુ સંસારી અવસ્થામાં દેહધારી થઈને જીવન જીવતા હોઈએ ત્યારે આ બન્ને મિશ્રીતભાવે મળીને એકરૂપ એકમેક બની

ગયેલા છે. તેમને કેવા સ્વરૂપે જોવા? આ સમયે જ કપરી કસોટી છે. ભલભલા લોકો અહીંયા ભૂલ કરી બેસે છે.

શરીર સંપૂર્ણ જડ સાધન છે. જડ પુદ્‌ગલ-પરમાણુઓનો બનેલો પિંડ માત્ર છે. જે નાશવન્ત છે. વિનાશી છે. સાદિ-સાન્ત છે. સોત્પન્ન-વિનાશી દ્રવ્ય છે, અને આવા દેહમાં સ્વકૃત કર્માનુસારે આત્મા રહે છે. આત્મા મૂળમાં પોતે અનાદિ-અનન્ત છે. અનુત્પન્ન-અવિનાશી શાશ્વત દ્રવ્ય છે. એને દેહની સાથે કંઈ જ લેવા-દેવા નથી. માટે આત્મા દેહ વિના સ્વતંત્ર સ્વરૂપે રહી શકે છે. જ્યારે આત્મા વિના દેહનું સ્વતંત્ર અસ્તિત્વ કેવી કક્ષાનું હશે? રહી શકશે કે કેમ? કોઈ રાખી શકશે કે કેમ? આ ભેદવિજ્ઞાન સ્પષ્ટપણે નજર સમક્ષ પ્રત્યક્ષપણે રાખીને, માની-સમજીને વર્તવું આધ્યાત્મિક ભાવ છે. એનાથી સર્વથા વિપરીત આ જડ દેહમાં આત્માને માનીને મિશ્રીત કક્ષાની અવસ્થામાં બન્ને દ્રવ્યો સર્વથા ભિન્ન છે, જુદા છે, એવી બુદ્ધિ ન રાખતા ઉપરથી દેહાત્મવાદી બનીને ચાલે તો ભેદજ્ઞાન કંઈ જ ન રહે. અભેદભાવે ચાલે. ચોક્કસ સંસારી દેહધારી અવસ્થા મિશ્રીત અવસ્થા જ છે. દેહમાં આત્મા છે, એમાં ના નથી. પરંતુ તત્ત્વતઃ બન્ને દ્રવ્યો સ્વતંત્ર જુદા છે. પરસ્પર વિરૂદ્ધ ગુણધર્મો ધરાવતા દ્રવ્યો છે. ચોક્કસ કર્મસંયોગવશ ભેગા થયા છે. ભેગા રહે છે એમાં ના નથી. પરંતુ બન્નેનું અસ્તિત્વ સર્વથા સંપૂર્ણપણે સ્વતંત્ર છે. જુદું છે. એ પણ એ જ સમયે સ્પષ્ટ હોવું જોઈએ.

અભેદમાં ભેદબુદ્ધિ અને ભેદમાં અભેદબુદ્ધિ જો બન્ને તરફ સંપૂર્ણપણે આવી અપેક્ષિત બુદ્ધિ કે દૃષ્ટિ ખુલી જાય તો ચોક્કસ એ જીવ અધ્યાત્મવાદી છે. ઉંચી કક્ષાનો આધ્યાત્મિક છે. દેહાત્મા જે ભેગા છે. તેમાં ભેદબુદ્ધિ જોઈએ અને સિદ્ધોથી આજે જે આપણે જુદા છીએ તેમાં તેવી અભેદબુદ્ધિ થવી જોઈએ, રહેવી જોઈએ. અરે! હું સિદ્ધ-સ્વરૂપી જ છું. સિદ્ધોનું આત્મ સ્વરૂપ સમરૂપ છે. એક સમાન છે. એક સરખું જ છે. એમાં બિલકુલ ભેદ નથી આવી અભેદબુદ્ધિ બતાવવી પડે છે. ચોક્કસ વર્તમાનમાં આપણે દેહધારી સંસારી સકર્મી છીએ, ના નથી. પણ મુળભૂત આપણી એ કક્ષા છે. એનું ભાન સતત આપણી જાગૃતિ માં રહેવું જોઈએ. તો જ સિદ્ધોનું ધ્યાન થઈ શકશે. તો જ પોતાનું સંપૂર્ણ શુદ્ધ સાચુ જ્ઞાન થઈ શકશે. સ્વરૂપની સાચી ઓળખ થઈ શકશે. આવી કક્ષાનું આધ્યાત્મિક જ્ઞાન ઘણું ઉંચું જ્ઞાન કહેવાશે.

વ્યવહાર નયની પ્રવૃત્તિમાં પણ દૃષ્ટિ નિશ્ચયનયની-

તરતના તાજા જન્મેલા સિંહના બચ્ચાને છોડીને એની સિંહણ-મા ભાગી જાય અને કોઈ ભરવાડ એ સિંહના બચ્ચાંને બકરીઓના ટોળામાં રાખી, બકરીઓનું દૂધ પીવડાવી તેમની વચ્ચે જ ઉછેર કરીને મોટો કરતો જ જાય. આ સિંહનું બચ્ચું પણ બકરીઓની જેમ બેં.... બેં.... કરતું થઈ જાય. કારણ રોજ સતત એના કાને આ બેં....

બેં....ની એક જ ધ્વનિ સંભળાતી હોય છે. સિંહગર્જના તો બકરીઓના ટોળામાં ક્યાંથી સાંભળવા મળે? આવા સમયે સિંહના બચ્ચાંને હું પણ સિંહનું બચ્ચું છું, હું સિંહની જાતિનો છું. આ ભાન નથી રહેતું. એના બદલે હું બકરી સ્વરૂપે છું એ જ વાત મુખ્ય બની જાય છે. આ દૃષ્ટાંતમાં સિંહના બચ્ચાંને હું સિંહની જાતનો છું ની ભેદબુદ્ધિ નથી રહેતી અને બકરીઓની જાતિ મારી જાતિ નથી. હું એમનાથી સર્વથા વિરુદ્ધ છું. એવું જે ભેદજ્ઞાન નથી હોતું ત્યાં સુધી તે બકરીઓ વચ્ચે એકમેક થઈને ભળી ગયો છું. અને ઉપરથી બકરીઓની સાથે પોતાનો અભેદ માનીને ચાલે છે. આમાં કોને ગુમાવવાનું છે? નુકશાન કોને છે? એનું બિલકુલ જ્ઞાન-ભાન કંઈ જ નથી.

કાંઈક આવી જ સ્થિતિ સંસારમાં આ જીવની પણ છે. આ વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળા જડ પૌદ્‌ગલિક શરીરની વચ્ચે આ આત્મારૂપી સિંહને રહેવા મળ્યું છે. જે શરીર સાદિ-સાન્ત, સોત્પન્ન-વિનાશી સ્વરૂપે છે. અને જડ છે. પૂરણ-ગલન સ્વભાવવાળા પુદ્‌ગલના પરમાણુઓના જત્થા રૂપે પિણ્ડમાત્ર છે. મારા (આત્માના) સ્વરૂપથી સર્વથા વિરુદ્ધ-વિપરીત ગુણધર્મોવાળો છે. છતાં પણ આ આત્મા સર્વથા પોતાનું ભાન ભૂલીને દેહભાવમાં એકરૂપ થઈને બેઠો છે. દેહાધ્યાસની વૃત્તિ બનાવીને એવો દેહરાગની થઈને બેઠો છે કે બસ હું જે છું તે દેહરૂપ જ છું. આત્મરૂપ છું, નું ભાન જ નથી. હું અજર-અમર-શાશ્વત છું નું ભાન બિલકુલ નથી. એકમાત્ર જન્મ-મરણ ધારણ કરવાવાળો છું. એવી દેહાકાર મતિ થઈ ગઈ છે. એમાં મૂર્છિત-મોહિત થઈને એવી બુદ્ધિ બનાવીને બેઠો છે. બસ, આ માન્યતા જે ઘર કરી ગઈ છે તે કેટલી દૃઢ થઈ ગઈ છે જે કેટલાય ભવો સુધી બદલાતી નથી.

જ્યારે વાસ્તવિકતા શું છે? એનો વિચાર કરતા જ્ઞાનદશા સ્પષ્ટ ખુલી જાય તેમ છે-હું એક શુદ્ધ ચેતન આત્મા છું. જ્ઞાનાદિ ગુણમય છું. આત્મ સ્વરૂપે હું અજર-અમર છું. અનાદિ-અનન્ત. મારૂં સ્વરૂપ છે. અનુત્પન્ન-અવિનાશી મારી અવસ્થા છે. આ જડ શરીરરૂપે હું નથી. આ જડ શરીરમાં મેં મારાપણાની મતિ કરી લીધી છે અને એવા દેહભાવમાં, દેહરાગમાં એકરસ બનીને હું જીવી રહ્યો છું. આ મારી અજ્ઞાનતા છે. અરે રે !.... ત્રિકાળ શાશ્વત એવા મેં આ વિનાશીના સંયોગે જન્મ-મરણની મારી આવી અવસ્થા શા માટે સ્વીકારી લીધી છે? અને રાગાદિ ભાવે મેં બધા પર પદાર્થોમાં મારાપણાની મતિ બનાવીને બધાને મારૂં મારૂં માની રહ્યો છું. આ મેં કેટલી મોટી ભારે ભૂલ કરી છે તેનું ભાન મને કેમ નથી થતું?

અંતરમાં નિશ્ચય નયની દૃષ્ટિ જાગૃત રાખીને વ્યવહારમાં આ દેહમાં રહીને સંસારમાં કાળ નિર્ગમન કરતા-કરતા જે જીવન જીવે છે તે જ સાચો અધ્યાત્મી છે. પરંતુ આ ભાન ભૂલીને સર્વથા જે વિપરીત ધારણા બનાવી લે છે કે - નિશ્ચય નયથી હું એ દેહસ્વરૂપે છું, મારૂં દેહાત્મક અસ્તિત્વ છે, હું જન્મ-મરણધર્મી છું. માટે હું સાદિ-સાન્ત-વિનાશી-સોત્પન્ન નાશવંત છું. આવી માન્યતા રૂઢ કરી લે અને આ

પ્રમાણે જ જીવન યાપન કરે તો તે અધ્યાત્મી ન જ કહેવાય. માત્ર સંસારી છદ્મસ્થ-અજ્ઞાની કહેવાશે. જેમ એક મકાનમાલિક પોતાના મકાનમાં રહેતો હોવા છતાં પણ પોતે મકાનથી જૂદો છે, ગાડી ચલાવતો હોવા છતાં પણ હું ગાડીથી સાવ જુદો છું. ગાડીરૂપ નથી. એવી જાગૃતિ સતત રાખતો હોય તેને વ્યવહારમાં સારો સાચો સમજદાર કહેવાય. તેવી જ રીતે કર્મસંયોગવશ આ જન્મ મળ્યો છે, આ શરીર મળ્યું છે. જીવન જીવી રહ્યો છું. ભલે, આજે આ શરીરમાં છું. પરંતુ આ શરીર મારૂં નથી. હું આ શરીરરૂપે નથી. મારા ગુણધર્મો આ શરીરથી સાવ જુદા જ છે. આવી ભેદ બુદ્ધિની જાગૃતિ રહેવી જોઈએ. આ નિશ્ચયનયની દૃષ્ટિ જાગૃત રહે તો જ સાચા અધ્યાત્મી કહેવાઈએ.

સિંહનું બચ્ચું મોટું થાય, અને અવસરે ક્યારેક જંગલમાં સિંહની ગર્જના સાંભળે, અને તે વખતે સિંહને પણ પ્રત્યક્ષરૂપે સામે જુએ તે વખતે સિંહના બચ્ચાને પોતાનું સાચુ ભાન થાય કે અરે! હું બકરી રૂપે નથી. મારૂં સાચું સ્વરૂપ તો આ સિંહનું છે. અરે! હું જંગલનો રાજા અને આ બકરીઓના ટોળામાં ક્યાંથી ફસાઈ ગયો? અરે...રે...! અફસોસ થાય પોતાની અજ્ઞાનતા ઉપર અને આજે સાચું જ્ઞાન થયા પછી હવે કંઈ સિંહનું બચ્ચું બકરીઓના ટોળામાં રહે ખરૂં? તરત ભાગી જાય ત્યાંથી જંગલના રાજા તરીકેનો સ્વતંત્રપણે રાજ્ય ભોગવે.

એવી જ રીતે આ ઉપનયથી આપણે પણ સ્પષ્ટપણે સમજવું જોઈએ કે.... આ સિંહની જગ્યાએ મારો આત્મા અને બકરીઓના ટોળા જેવો મારી ચારે બાજુનો સંસાર છે. મોહમાયાના આ સંસારમાં હું મારૂં સાચું આત્મસ્વરૂપ ભૂલી બેઠો છું. અને દેહરૂપ ઓળખ જ મેં મારી બનાવી દીધી છે. બસ, આ જ મારી સંસારી અવસ્થા છે. પરંતુ આ મારી મોટી ભૂલ છે, તેનું ભાન થવું જ જોઈએ. મહાન પુણ્યયોગે ક્યારેક અવસરે કોઈ તીર્થંકર સર્વજ્ઞનો ભેટો થઈ જાય, અથવા તેમના માર્ગે ચાલનારા તેમનાં અનુયાયી અનુગામી સાધુ મહાત્મા આદિ જ્ઞાની ભગવન્ત મળી જાય. સિંહની ગર્જનાની જેમ ગર્જના કરીને મને જગાડે, પોતાનું અસલી સાચું સ્વરૂપ દેખાડે, અને હું એ અસલી સાચું સ્વરૂપ જોઈને, ગર્જના સાંભળી જાગૃત થઈ જઉં, અને સ્વસ્વરૂપની સાચી ઓળખ કરીને આ દેહાધ્યાસથી, સંસારની મોહમાયાથી ભિન્ન થઈ જાઉં તો જ સાચો.

આવી જાગૃત ભાવની મારી દૃષ્ટિ સતત બની રહે અને એ રીતે હું જીવન જીવું. જાગૃત ભાવે જીવન જીવું તો જ સાચો અધ્યાત્મી છું. આવી આત્મ જાગૃતિવાળી અધ્યાત્મભાવવાળી મતિ-દૃષ્ટિ બનાવીને સતત એ જ રમણતામાં જાગૃત રહેવું એ નિશ્ચય નયની દૃષ્ટિ છે. અને વ્યવહાર નયથી આ શરીરથી આહાર-નિહાર-વિહાર-તથા સ્નેહી-સ્વજન-સંબંધીઓ પ્રત્યે પ્રવૃત્તિ કરતો રહે તે સાધકની અધ્યાત્મના ક્ષેત્રમાં ગણના થાય છે.

અધ્યાત્મ એક યોગ છે. જેમ એક તરફ દેહ-સ્વજન સંબંધી આદિ તરફથી આપણને છૂટા પાડે છે, જુદા અનુભવાવે છે. તેમ.... બીજી તરફ સિંહ પરમાત્મા સાથે આપણી સાચી ઓળખ કરાવે છે. એક તરફથી ભેદજ્ઞાન કરાવ્યું અને બીજી તરફ અભેદ જ્ઞાન કરાવે તેનું નામ છે અધ્યાત્મ જ્ઞાન. માટે આ સંસારમાં કર્મસંયોગી જીવન જીવતા છતાં પણ આપણી આંતરદૃષ્ટિ ખુલ્લી હોવી જોઈએ. અને આવી નિશ્ચય દૃષ્ટિથી જાગૃત ભાવે, વ્યવહાર નયથી જીવન જીવાતું હોય તો તેવી વ્યક્તિનું જીવન આધ્યાત્મિક જીવન ગણાશે.

જીવનમાં આધ્યાત્મિકતાનું મહત્ત્વ-

જીવનમાં અધ્યાત્મજ્ઞાનનું મહત્ત્વ ઘણું છે. આધ્યાત્મિક જીવન જ ખરેખર સાચું જીવન છે. અને સંસારી જીવન પશુ જીવન છે એમ કહીએ તો પણ ખોટું નથી. અધ્યાત્મસાર ગ્રંથ ના રચયિતા પૂજ્ય મહોપાધ્યાય યશોવિજયજી વાચક મહાપુરૂષ... પ્રથમ અધ્યાયમાં અધ્યાત્મનું મહત્ત્વ જણાવતા ફરમાવે છે કે.....

वने वेश्म धनं दौःस्थ्ये तेजो ध्वान्ते जले मरौ।
दरापमाप्यते धन्यैः कलावध्यात्मवाङमयम् ।। १-१७ ।।

મહાભયંકર અટવી (જંગલ)માં ભટકતા ક્યાંય ઘર મળી જવું, ભયંકર ભૂખમરાની ગરીબીમાં ધન-સંપત્તિની પ્રાપ્તિ થવી, ઘોર અંધારામાં પણ પ્રકાશની કિરણનું મળી જવું, મરૂભૂમિના સખત તાપમાં ભટકતા તરસ્યા માણસને પાણીની પ્રાપ્તિ થઈ જવી જેમ અત્યંત દુર્લભ-દુર્મિલ ગણાય છે. પણ જો સદ્‌ભાગ્યે મળી જાય તો એ જીવોની ઈચ્છાપૂર્તિ થઈ જાય. તેવી જ રીતે આ ભયંકર કળીયુગમાં જીવોને અધ્યાત્મ તત્ત્વની પ્રાપ્તિ થઈ જવી એથી પણ વધારે મુશ્કેલ છે. જેમ ઘોરજંગલમાં ઘરની પ્રાપ્તિ નિર્ભય બનાવે છે. ગરીબીમાં ધન, અંધારામાં એક તેજ પ્રકાશની કિરણ અને મરૂસ્થલીમાં પાણીની પ્રાપ્તિ જેમ રક્ષક બને છે, કલ્યાણકારી બને છે. તેવી જ રીતે આ ભયંકર હળહળતા કળીયુગમાં પણ ''અધ્યાત્મ''ની પ્રાપ્તિ થવી ચોક્કસ કલ્યાણકારી નિવડે છે. લાભદાયી છે. દ્રવ્યથી જે પદાર્થોની ઉપમા આપીને દુર્લભતા જણાવી છે. તેવી જ દુર્લભતા આ કળીયુગમાં ભાવથી અધ્યાત્મની પ્રાપ્તિમાં છે.

પૂ. ઉપાધ્યાયજી મ. તો અહીં સુધી જણાવે છે કે અધ્યાત્મ વિના સર્વ શાસ્ત્રોનું અધ્યયન પણ નિરર્થક છે.

वेदान्यशास्त्रवित् क्लेशं रसमध्यात्मशास्त्रवित् ।
भाग्यभृद्‌भोगमाप्नोति वहते चन्दनं खरः ।। १/१८ ।।

- આ જગતમાં વેદ વગેરે શાસ્ત્રો ઘણા છે. ઋગ્વેદ આદિ ચાર વેદ છે, મીમાંસા, સાંખ્ય, યોગ, ન્યાય-વૈશેષિક, ત્રિપિટક વગેરે ઘણાં શાસ્ત્રો છે. આ શાસ્ત્રો ભણનારા તેના પદાર્થો જાણનારા પણ ઘણીવાર વિદ્યાને અહંકાર વધારનાર સાધન ગણતા હોય

છે. તેથી માત્ર પોતાના અહંને પોષતા જ હોય છે. તર્ક-યુક્તિઓથી માત્ર વિતંડા જ ઉભી કરે છે. જ્યારે ખરેખર રસાસ્વાદ કરનારા તો એક માત્ર અધ્યાત્મવેત્તાઓ જ છે. દૃષ્ટાન્ત આપતા જણાવે છે કે.... જેમ... ગધેડો પોતાની પીઠ ઉપર સુખડના લાકડાઓનો ભાર વહન કરતો હોય તો ગધેડાને સુખડની ઉત્તમ સુવાસનો અનુભવ ક્યાંથી થવાનો? ઉપરથી તેને તો માત્ર ભાર વહન કરવાનું કષ્ટ-દુઃખ જ વેઠવાનું છે. પરંતુ મલયાચલ પર્વતના ઉત્તમ સુખડનો આસ્વાદ તો કોઈ અનુભવી પુણ્યાત્મા જે પામી શકે છે. તેવી જ રીતે જ્ઞાનનો રસાસ્વાદ તો એકમાત્ર અધ્યાત્મવેત્તા જ પામી શકે છે. જ્યારે બીજા શાસ્ત્રવેત્તાઓ અધ્યાત્મ વિના એક માત્ર ક્લેશ જ પામતા હોય છે. અનુભૂતિકારક તત્ત્વ અધ્યાત્મ છે.

अध्वा धर्मस्य सुस्थः स्यात् पापचौरः पलायते ।
अध्यात्मशास्त्र सौराज्ये न स्यात् कश्चिदुपप्लवः ।। १/१७ ।।

– અધ્યાત્મ શાસ્ત્રને એક સારા સુંદર રાજ્યની ઉપમા આપવામાં આવી છે. તે વિષે જણાવે છે કે અધ્યાત્મ શાસ્ત્રરૂપી અર્થાત્ વ્રત-મહાવ્રતાદિના પાલન કરવા વિષે અધ્યાત્મશાસ્ત્ર મુખ્યસ્વરૂપે છે. તેથી ધર્મનો માર્ગ સુખરૂપ સંચરવા યોગ્ય બને છે. રૌદ્રધ્યાન-અસૂયાદિ પાપકર્મરૂપી ચોરો નાસી જાય છે. અધ્યાત્મીઓ પ્રાયઃ પાપ કર્મ કરતા નથી. આવું સુંદર અધ્યાત્મીઓનું જીવન હોય છે. આવા અધ્યાત્મીઓની વસતિ જ્યાં વધારે હોય તે ક્ષેત્ર-નગર આખું સુંદર અધ્યાત્મનગર બની જાય છે. કેટલું સુંદર નિશ્ચિંતપણે રહેવા જેવું આ નગર હોય છે.

આવી રીતે અધ્યાત્મસાર ગ્રંથમાં પૂજ્ય ઉપાધ્યાયજી યશોવિજયજી જેવા મહાપુરૂષે અનેક રીતે ઉત્તમ કક્ષાની ઉપમાઓ આપીને અધ્યાત્મ શાસ્ત્રનું મહત્ત્વ દર્શાવ્યું છે. અને સર્વ શાસ્ત્રો કરતા પણ ઉપરી-સર્વોપરિ ગણના અધ્યાત્મની કરી છે. અધ્યાત્મશાસ્ત્રનું અનોખું-અદ્‌ભુત માહાત્મ્ય સાંભળ્યા પછી આપણને એમ થાય કે ખરેખર જીવનમાં અધ્યાત્મનું મહત્વ કેટલા ગણું વધારે છે. ખરેખર આવી ઉંચી કક્ષાનું અધ્યાત્મ જેના જીવનમાં આવી જાય તેનું જીવન સાર્થક થઈ જાય. અધ્યાત્મ પામ્યા વગરનું જીવન સદંતર નિરર્થક છે.

જીવનમાં અધ્યાત્મથી થતા લાભો

માનવનું જીવન ઘણા દુઃખોથી ભરેલું છે. અનેક જાતના રાગ-દ્વેષોથી ભરેલું છે. ક્લેશ કષાયોથી કલુષિત થયેલું છે. એવા અનેકરૂપે ક્લેશ-સંતાપ-ચિંતા-મોહ-મત્સર-કષાયાદિ ભાવોથી ભરેલું અત્યંત દુઃખી જીવન માનવનું છે. જેમાં આશા–અને સુખના કિરણો કદાચ જવલ્લેજ નજરે ચઢતા હોય છે. ખરેખર આ સંસારમાં અધ્યાત્મની પ્રાપ્તિ ઘણી દુર્લભ છે–યોગબિંદુ ગ્રંથમાં પૂ. હરિભદ્રસૂરિ મહારાજ ફરમાવે છે કે

सदुपायश्च नाध्यात्मादन्यः सन्दर्शितो बुधैः ।
दुरापं किन्त्वदोडपीह, भवाब्धौ सुष्ठ, देहिनाम् ॥ ७१ ॥

—આ સંસારના જીવો માટે કર્મોના બંધનથી છૂટવા માટેનો શ્રેષ્ઠ ઉપાય પંડિત પુરૂષોએ અધ્યાત્મ સિવાય બીજો નથી બતાવ્યો. સંસારમાં રહેલા પ્રાણીઓને તે અધ્યાત્મ સ્વરૂપ સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ ખરેખર અત્યંત દુર્લભ છે. આવા ઘોર દુઃખ રૂપ આ સંસારમાં જીવોને દુઃખ-શોક-તાપ-સંતાપ-વેદના-પીડા-ચિંતા-ઈર્ષ્યાદિ અનેક પ્રકારના દુઃખો ભરેલા છે. તેમાં પણ કષાયજન્ય તાપ સંતાપ કેટલા ખતરનાક છે? શરીરના દુઃખો રોગો-પીડાઓ-વેદનાઓ તો હજી પણ સહન કરી લેવા બહુ જ સરલ છે. જીવો માટે શક્ય પણ છે. પરંતુ વિષય-કષાયના તાપ-સંતાપો માનસિક સ્તર ઉપર સહન કરવા કદાચ અસંભવ લાગતા હોય છે. આવા દુખદાયી આ કષાયોને કાઢવામાં અધ્યાત્મ વિદ્યા ઘણી અસરકારક પૂરવાર થઈ છે. પૂ. ઉપાધ્યાયજી મહારાજ ફરમાવે છે કે—

येषामध्यात्मशास्त्रार्थ तत्त्वं परिणतं हृदि ।
कषायविषयावेशक्लेशस्तेषां न कर्हिचित् ॥ १/१४ ॥

—જેમના હૃદયમાં અધ્યાત્મશાસ્ત્રના અર્થનો મર્મ રહેલો છે, આ મર્મ જેને પરિણમ્યો છે, તેમને કદાપિ વિષય-કષાયના આવેશનો ક્લેશ પજવતો નથી. પીડતો નથી. આ કષાયોનું દુઃખ પણ તેમને અસર નથી પહોંચાડતું. કારણ કે એ મહાત્મા અધ્યાત્મ વિદ્યાને અંદર પચાવીને બેઠા છે. પોતાના અંતરાત્માને અધ્યાત્મ ના રંગે સારી રીતે રંગી રાખ્યો હોય તેમને આ રાગ-દ્વેષો કંઈજ અસર કરી શકતા નથી. અર્થાત્ તેઓ અધ્યાત્મના બળથી રાગ-દ્વેષરૂપ વિષય-કષાયના હુમલાને ખાળી શકે છે.

निर्दयः कामचंडालः पंडितानपि पीडयेत् ।
यदि नाध्यात्मशास्त्रार्थबोधयोधकृपा भवेत ॥ १/१५ ॥

સંસારમાં કામદેવને ચંડાલ કહેવામાં આવ્યો છે. પૂર્વોપાર્જિત વેદ મોહનીય કર્મના ઉદયે જે જીવોમાં વિષય-વાસનારૂપી કામચંડાળ જાગ્યો હોય તેવા કામજ્વરથી પીડાતા જીવો ક્યાં બચી શકે? ભલે તેવા પંડિતો બિચારા અનેક શાસ્ત્રો ભણેલા પારંગામી હોય તો પણ તે જ્ઞાન કરતા અધ્યાત્મનું જ્ઞાન ઘણું સક્ષમ શ્રેષ્ઠતર કક્ષાનું છે. વિષય-વાસના જગાડતા એવા કામદેવને પીડવામાં, શાન્ત કરવામાં બીજા કોઈપણ શાસ્ત્રો જેટલા અસરકારક નથી નિવડતા તેના કરતા અનેકગણું અસરકારક અધ્યાત્મશાસ્ત્ર છે. આ શ્લોકના ગર્ભમાં એક વાત એવી સ્પષ્ટપણે સૂચવી દીધી છે કે અનેક શાસ્ત્રો છે જેને ભણનારા પોતાને પંડિત સ્વરૂપે માને છે તેના શાસ્ત્રો આ કામદેવના સકંજામાંથી નથી બચાવી શકતા, જ્યારે એકમાત્ર અધ્યાત્મ શાસ્ત્રનું જ્ઞાન એવા પ્રકારનું છે કે જે આ વિષય-વાસનાના ઘરમાંથી તરત જ છોડાવી શકે છે. બચાવી શકે છે. કેટલો લાભ છે અધ્યાત્મશાસ્ત્ર ભણવાથી ?

પૂ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર

दंभ पर्वत दंभोलिः सौहार्दाबुधिचन्द्रमाः ।
अध्यात्मशास्त्रमुत्ताल मोहजाल वनानलः ॥ १/११ ॥

संसारमां जीवो दंभ-माया-कपट आदिथी भरेला होय छे. उपार्जन करेला तथाप्रकारना मोहनीय कर्मनी कषायनी प्रकृतिओ छे. आ प्रकृतिओ उदयमां आवे छे तेनाथी जीवो दंभी-मायावी-कपटी वगेरे स्वभाववाळा बने छे. आवा दंभ आदि आध्यात्मिक जीवनमां बाधकरूप छे. ज्यारे खरेखर विचारधारा आध्यात्मिक बने छे त्यारे अध्यात्मनुं बळ एटलुं सुंदर होय छे के ते दंभ-कपटना पर्वतोने पण भेदी शके छे. दंभ-मायावीवृत्ति घटता ज जीवो सरल बनी जाय छे. सरलता आत्मानो गुण छे. आध्यात्मिकतानो आधार आत्मगुणोनी जागृति उपर छे अने सरलता वगेरे आत्मगुणोनो विकास थाय, विषय-कषायनी वृत्तिओ घणी ओछी थती जाय त्यारे आत्मगुणों वधता जशे. बस, वधेला आत्मगुणोना आधारे जीवन जीवाय तेनुं ज नाम आध्यात्मिकता छे. आत्माना गुणों फरी जो गौण थता जशे अने फरी जो कर्मबंधना हेतुओ जेवी आश्रवादिनी प्रवृत्तिओ वधती जशे तो फरी कर्म बंधाता जशे. फरी कर्मोना उदये आत्मा मोहनीयकर्म आदिनी स्थितिमां आवी जशे. मोहनीयकर्मनी विषय-कषायनी प्रकृतिओना उदयमां क्रोध-मान-माया-लोभ-राग-द्वेषादिमां जीवातु जीवन ए आध्यात्मिक जीवन नथी. ते कर्मोना शमनथी जीवातुं जीवन ज आध्यात्मिक जीवन छे. दंभवृत्ति-छळ-कपटवृत्ति क्षीण थवाथी मैत्रीभाव वधे छे, मित्रतानी शुद्धि वधे छे. मित्रता त्यारे ज शुद्ध कहेवाय ज्यारे वच्चे छळ-कपट-दंभ न आवे. आ अध्यात्मशास्त्र मैत्री भावरूपी समुद्रनी तरंगोनी वृद्धि करवामां चंद्रमा समान निमित्त कारण स्वरूप छे. आ रीते अध्यात्मशास्त्र मोहनीय कर्मनो नाश करवामां अमोघ साधन छे. माटे जीवनमां आध्यात्मिकतानुं घणुं महत्त्व छे.

अध्यात्म एक उपाय–

अध्यात्ममत्र परम, उपायः परिकीर्तितः ।
गतौ सन्मार्गगमनं, यथैव ह्यप्रमादिनः ॥ ६८ ॥

–योगबिंदुमां जणावे छे के अनेक दुःखरूप आ संसारनो अन्त लावववा माटे अने परमसुखना धामरूप मोक्षनी प्राप्ति माटेना उपायरूप आ अध्यात्म एक मात्र साधन छे. आत्मिक गुणोनी विकास रूप अवस्था विशेष आध्यात्मिकता छे. जे आत्माओ अप्रमत्त बन्या छे. ते ज आत्म गुणोनो अनुभव करता जीवन जीवी शके छे अने जेओ अप्रमत्त नथी बन्या अने हजी पण प्रमादग्रस्त ज छे तेवा जीवो कर्मोना उदयनुं जीवन जीवे छे. ते कर्मोना उदयमां विषय-कषाय आदिनी प्रकृतिओ घणी छे. ते प्रकृतिओने अनुरूप प्रवृत्तिओ थाय छे. तेमांथी फरी कर्मनी प्रकृतिओ बंधाती रहे छे. परिणामे आत्मगुणोंनो रसास्वाद कर्मना उदयमां राचनारो जीव

નથી કરી શકતો. તે પ્રમાદી બનીને ઉપરથી આત્મગુણોથી વિપરીત માર્ગે વર્તવાનો છે. તેને તે જ ગમે છે. જેને કર્મનો માર્ગ નહીં ગમે તેને જ અધ્યાત્મનો માર્ગ ગમશે. માટે અધ્યાત્મનો માર્ગ અપ્રમત્તનો છે, જ્યારે કર્મનો અથવા કર્મ જન્ય સંસારનો માર્ગ પ્રમાદીનો છે. આ સંસારથી છૂટવું હોય, મુક્ત થવું હોય, મોક્ષ માર્ગે આગળ પ્રયાણ કરવું હોય તો એકમાત્ર અધ્યાત્મ માર્ગ જ પરમ ઉપાયસ્વરૂપ છે. અન્ય વિકલ્પ જ નથી. માટે આત્માર્થી ભાવિકોએ અધ્યાત્મ માર્ગને જ અનુસરવું જોઈએ.

मूक्तवाऽतो वादसंघट्ट-मध्यात्ममनुचिन्त्यताम् ॥
नाविधूते तमस्कन्धे, ज्ञेये ज्ञानं प्रवर्तते ॥ ६९ ॥

વાદ-વિવાદથી પરમાર્થની સિદ્ધિ થતી નથી. પરંતુ અધ્યાત્મથી જ સત્ય સ્વરૂપ પારમાર્થિક ભાવની પ્રતીતિ થાય છે. અધ્યાત્મ ભાવ પારમાર્થિક તત્ત્વોની યથાર્થ શ્રદ્ધાનું ઉપાદાન કારણ બને છે. માટે નિરર્થક વાદ-વિવાદથી શું હાથમાં આવવાનું છે? આ એકમાત્ર વાચિક-વૈચારિક સંઘર્ષરૂપ છે. સંઘર્ષ માર્ગનો ત્યાગ કરીને એકમેવ અધ્યાત્મ માર્ગને જ અનુસરવું હિતાવહ છે. સર્વ અજ્ઞાનરૂપ અંધકાર સમૂહનો નાશ કરવા માટે અધ્યાત્મનો ઉપાય સર્વશ્રેષ્ઠ છે. આ જ એકમાત્ર પર્યાપ્ત છે. અજ્ઞાનરૂપી અંધકારને દૂર કર્યા સિવાય જ્ઞેયને વિષે જ્ઞાનની પ્રવૃત્તિ થઈ શકતી નથી.

આધ્યાત્મિક સુખ-શાન્તિ–

સુખ-શાન્તિ ક્યારેય સાંસારિક હોતી જ નથી. સાચા અર્થમાં આ સુખ-શાન્તિ એકમાત્ર આધ્યાત્મિક જ હોય છે. સંસારી જીવોને ક્લેશ-કષાયનો ઉદય ઘણો તીવ્ર હોય છે. એવા વિષય-કષાયવાળી રાગ દ્વેષની વૃત્તિમાં જે જે સુખ-શાન્તિ આવશે તે બધી જ બળીને રાખ થઈ જશે. સગડી ઉપર તપેલી ગરમ તાવડી ઉપર થોડાક પાણીના ટીપાઓ બળીને ઉડી જશે. બીજી તરફ સંસારના સુખો પણ કેવા છે? જડ-ભૌતિક-પૌદ્ગલિક સાધનોંના આશ્રયે રહેલા છે. આ જડ વસ્તુઓ જ નાશવન્ત છે. ક્ષણિક છે જે સદાકાળ રહેવાની નથી એના આધારે સુખો ક્યાંથી સદા કાળ ટકે? ના, સંભવ જ નથી. સુખનું વાસ્તવિક સ્વરૂપ શું છે? કેવું છે? એનો વિચાર આપણે ખાસ કરવો જોઈએ. એનાથી સ્પષ્ટ ખ્યાલ આવશે કે આપણે સુખ વિષયક ભ્રમણામાં તો નથી ને? સુખ-આત્મિક જ હોય છે. આત્મા જ સુખનો ઉદ્ગમ શ્રોત છે. માટે સુખ જડ-ભૌતિક સુખ-સાધન સામગ્રીઓમાં નથી આત્મામાં છે. આત્મિક શાન્તિમાંથી સુખની પ્રાપ્તિની પ્રક્રિયા જાગે છે. મોહદશાના કારણે આત્મા રાગ-દ્વેષમાં સંકળાયેલો રહેતો હોવાથી આત્મશાન્તિ હણાય છે. અને રાગ-દ્વેષના સ્પંદનો ઓછા થઈ જાય તો આત્મ શાન્તિનું પ્રમાણ વધે છે. અને સુખાનુભૂતિ વધે છે. સાંસારિક સુખો, ભૌતિક-પૌદ્ગલિક અને વૈષયિક સુખો બધા બાહ્ય સુખો છે. તે હકીકતમાં સુખાભાસમાત્ર છે, સંસારમાં એની પ્રાધાન્યતા રહે છે.

સંસાર સ્વરૂપ

एवं अणोरपारे संसारे सायरंमि भीमंमि ।
पत्तो अणंतखुत्तो जीवेहिं अपत्त धम्मेहिं ॥

–પૂ. શાન્તિસૂરિ મહારાજ જીવવિચાર પ્રકરણમાં જણાવે છે કે... દુઃખે કરીને પણ જેનો પાર પામવો અત્યંત મુશ્કેલ છે એવા ભયંકર સમુદ્ર જેવા આ સંસારમાં ધર્મ ન પામેલા જીવો અનંત ગણાં ઉંડા ખાડામાં ખૂંચી જાય છે. ડૂબી જાય છે. આ શ્લોકમાં સંસારની ભયંકરતા બતાવવા માટે ''ભીમંમિ સાયરંમિ'' અને અણોરપારેના વિશેષણો વાપરીને આ દૃશ્ય ઉભું કર્યું છે. એક અગાધ મહા સમુદ્રને જોતા એમ લાગે છે કે એનો અંત ક્યાં હશે? કેટલો લાંબો-પહોળો વિસ્તૃત છે? કેટલો અગાધ હશે? એની ઉંડાઇ કેવી રીતે માપવી? એવી જ રીતે એનો પાર કેવી રીતે પામવો? કઇ દિશામાં ક્યાં કેટલે સુધી એનો છેડો હશે? આવી જ રીતે આ સંસારની પણ આવી જ સ્થિતિ છે. છેડા વગરનો આ સંસાર છે. આવા ઘોર સંસારમાં અનન્તા જીવોને અનંત કાળ વિતાવવો પડે છે. અનંતવાર જન્મ મરણો ધારણ કરવા પડે છે. જેમાંથી જીવ માટે સર્વથા છૂટી જવું-મુક્ત થવું ઘણું અસંભવ જેવું લાગે છે. એવો ભયંકર આ સંસાર છે.

સંસાર કોનો ? જીવનો કે જડનો ?

સંસાર કોઇ વસ્તુ વિશેષનું નામ નથી. સંસાર નામની કોઇ વસ્તુ વિશેષ નથી. તો પછી આ સંસાર છે શું? સંસાર જીવની અવસ્થા વિશેષ છે. આ સંસારના ઘટક દ્રવ્યો કયા? આ સંસારમાં દ્રવ્યો તરીકે મુખ્યરૂપે જીવ અને અજીવ આ બેની જ ગણના કરવામાં આવે છે. જગતમાં દ્રવ્યો તરીકે આ બેની સત્તા સિવાય ત્રીજા કોઇનું પણ અસ્તિત્વ જ નથી. તત્ત્વો જરૂર નવ બતાવ્યા છે. ૧. જીવ, ૨. અજીવ, ૩. પુણ્ય, ૪. પાપ,

૫. આશ્રવ, ૬. સંવર, ૭. બંધ, ૮. નિર્જરા અને ૯. મોક્ષ. આ નવ તત્ત્વોમાં દ્રવ્યસ્વરૂપ તો ફક્ત જીવ અને અજીવ બે જ છે. જે અસ્તિકાયાત્મક છે અર્થાત્ પ્રદેશ સમૂહાત્મક પિણ્ડ છે. અથવા ગુણ-પર્યાયાત્મક અવસ્થાવાળા હોય તે દ્રવ્ય કહેવાય છે. આ વ્યાખ્યા મુજબ એક માત્ર જીવ અને અજીવ આ બે સિવાય ત્રીજું કોઈ દ્રવ્ય નથી. પુણ્ય-પાપ-આશ્રવાદિ બધી જીવની ક્રિયાત્મક અવસ્થા વિશેષ છે. જરૂર આ ક્રિયા જીવ અજીવની સાથે કરે છે. બન્નેની ભેગી છે. પરંતુ અન્તિમ મોક્ષ તત્ત્વમાં જીવ અજીવથી જુદા થવાની ક્રિયા કરે છે. સર્વથા સંપૂર્ણપણે છૂટી જાય છે તેને મોક્ષ કહ્યો છે. આવી રીતે જીવ અને અજીવની વચ્ચે સંયોગ-વિયોગાત્મક થતી ક્રિયા સ્વરૂપ આ પુણ્ય-પાપ-આશ્રવાદિ તત્ત્વો છે. માટે આ બધાને તત્ત્વો કહી શકાશે, પરંતુ દ્રવ્ય સંજ્ઞા તો એક માત્ર જીવ-અજીવ ને જ અપાય છે. તે જ યોગ્ય છે. માટે આ સંસારના મુળભૂત ઘટક દ્રવ્યો તરીકે જીવ-અજીવની જ ગણના થાય છે. સંસાર પણ શું છે? ક્રિયાત્મક છે. જીવના જન્મ-મરણ ધારણ કરતા, સતત પરિભ્રમણ કરતા રહેવાની ક્રિયાને સંસાર કહ્યો છે.

જીવ અને અજીવ આ બન્ને પ્રકારના દ્રવ્યોમાં ક્રિયા કોણ કરે છે? ક્રિયા કરનાર સક્રિય દ્રવ્ય કોણ છે? અજીવ દ્રવ્ય સ્વયં કોઈ ક્રિયા કરતું નથી માટે નિષ્ક્રિય છે. અજીવના પેટા વિભાગમાં ૪ દ્રવ્યો મુખ્ય છે.–૧) ધર્માસ્તિકાય ૨) અધર્માસ્તિકાય, ૩) અકાશસ્તિકાય અને ૪) પુદ્ગલ આ ચારમાં પુદ્ગલ સિવાયના ૩ તો અરૂપી અને સ્થિર દ્રવ્યો છે. આકાશ દ્રવ્ય લોક અને અલોકમાં ઉભય ક્ષેત્રોમાં વ્યાપ્ત અનંત દ્રવ્ય છે. એની કોઈ સીમા નથી, અસીમ-અમાપ સત્તા છે. આકાશ સર્વથા નિષ્ક્રિય સ્થિર દ્રવ્ય છે. અનંતા કાળે પણ આકાશનો એક પણ પ્રદેશ હલન-ચલન કરવાનો નથી. એના પ્રદેશો છૂટા પડીને પરમાણુ સ્વરૂપ પણ ધારણ કરતા જ નથી. માટે અનંત પ્રદેશો હોવા છતાં પણ એક પણ પ્રદેશમાં ગતિ-આગતિ, હલન-ચલન વગેરે કોઈ પણ પ્રકારની ક્રિયા થતી જ નથી.

એવી જ રીતે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યો પણ આકાશ જેવા જ અજીવ દ્રવ્યો છે. આ બંને માત્ર લોકવ્યાપી દ્રવ્યો છે. અલોકમાં એ બંનેનો એક પ્રદેશ પણ નથી એના કારણે લોકની ચારે બાજુ-સીમા બને છે. આ બંને દ્રવ્યો પણ અસંખ્ય પ્રદેશી દ્રવ્યો છે. પ્રદેશ સમૂહાત્મક પિણ્ડપણું એમનું અખંડ છે. અખંડ હોવાના કારણે ખંડ ક્યારેય પડતો નથી, માટે એક પણ પ્રદેશ અનંતા કાળે પણ છૂટો-વિખૂટો પડતો નથી. માટે પરમાણુ બનતો નથી. એક પણ પ્રદેશ જો છૂટો પડી જાય તો તે પરમાણું બની જાય. પરંતુ આવું નથી થતું માટે ધર્મ-અધર્મ અને આકાશના પરમાણુ છોડીને સ્કંધ, દેશ અને પ્રદેશ એવા ત્રણ-ત્રણ ભેદો જ થાય છે જ્યારે પુદ્ગલના ચારેય ભેદો થાય છે.

પુદ્‌ગલ આ અજીવનો ચોથો ભેદ છે. આ પુદ્‌ગલ દ્રવ્ય સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ એવા ચારેય ભેદવાળુ છે. કારણ કે એના પ્રદેશો છૂટા પડી જાય છે. માટે પરમાણું બની જાય છે. આ પરમાણુઓમાં સંઘાત-વિઘાતની પ્રક્રિયા થતી હોવાના કારણે-સ્કંધ અને પરમાણુની અવસ્થા થાય છે. પરંતુ આવી સંઘાત-વિઘાતવાળી ક્રિયા ધર્મ-અધર્મ-અને આકાશ દ્રવ્યોમાં નથી થતી. તેથી તે ત્રણે સર્વથા નિષ્ક્રિય સ્થિર-સ્થાયી દ્રવ્યો છે. સ્વયં કર્તા નથી. પરંતુ તે ત્રણેના ગુણોનો સહયોગ જીવ અને પુદ્‌ગલ દ્રવ્યને મળે છે. માટે આ બંને દ્રવ્યો આકાશાસ્તિકાયના અવકાશ પ્રદાનપણાના ગુણનો સહયોગ મેળવીને, આધેય બનીને આકાશના આધારે લોકમાં રહે છે. અને ગતિસહાયક સ્વભાવવાળા એવા ધર્માસ્તિકાય દ્રવ્યની સહાયતા મેળવીને જીવ અને પુદ્‌ગલ બંને દ્રવ્યો ગતિ કરતા હોય છે. એવી જ રીતે અધર્માસ્તિકાયના સ્થિતિસ્થાપકતામાં સહાયક એવા ગુણના સહયોગથી જીવ અને પુદ્‌ગલ બંને સ્થિર થઇ શકે છે. ક્યાંય પણ અટકી શકે છે. આ ધર્મ-અધર્મ બંને દ્રવ્યો લોકવ્યાપી દ્રવ્યો હોવાના કારણે એમની મદદ જીવ-પુદ્‌ગલને ફક્ત લોકક્ષેત્રમાંજ મળે છે. માટે જીવ અને પુદ્‌ગલ બંને દ્રવ્યો લોકક્ષેત્રમાં જ ગતિ-સ્થિતિ કરી શકે છે. અલોકમાં જગ્યા અનંત ગણી પડી છે. આકાશનો જે ગુણ-સ્વભાવ લોકમાં છે તે જ ગુણ સ્વભાવ અલોકમાં પણ સમાનરૂપે જ છે. માટે આકાશ અલોકમાં પણ રહેવા માટે જગ્યા આપે છે. પરંતુ લોકક્ષેત્રમાંથી જીવ કે પરમાણુ કોઇ પણ દ્રવ્ય ગતિ કરીને અલોકમાં જઇ શકતા જ નથી. માટે રહેવા કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. એટલે વ્યાખ્યા એ પ્રકારની થશે કે.... જ્યાં જીવ, પુદ્‌ગલ પદાર્થોનું સર્વથા અસ્તિત્વ જ નથી તે અલોક ક્ષેત્ર છે. અને જ્યાં જીવ, પુદ્‌ગલ પદાર્થોનું અસ્તિત્વ-ગતિ-સ્થિતિ છે તે લોક ક્ષેત્ર છે. અલોક ક્ષેત્ર અનંત અસીમ, અમાપ છે. જ્યારે લોક ક્ષેત્ર અલોકના અનંતમા ભાગનો સીમિત-પરિમિત જ છે. તેને ૧૪ રાજલોક કહેવાય છે. આ લોકાંકાશમાં જીવ અને પુદ્‌ગલ દ્રવ્યો આધેય (રહેનારા) દ્રવ્યો છે. અને લોકાકાશ આધારભૂત દ્રવ્ય છે. આકાશના અવકાશપ્રદાતૃત્વ ગુણના આધારે આ બંનેને જગ્યા મળે છે અને ધર્માધર્મના આધારે ગતિ-સ્થિતિ કરતા હોય છે.

પુદ્‌ગલના સૂક્ષ્મતમ પરમાણુની ગતિ આગતિ ૧૪ રાજલોકના એક છેડેથી બીજા છેડા સુધી થઇ શકે છે. થાય છે. બસ, માત્ર ગતિ-આગતિની ક્રિયા થઇ શકે છે, પરંતુ તેની અંદર રાગ-દ્વેષાદિની કોઇ જ પ્રવૃત્તિ-ક્રિયા થતી નથી. કારણ કે તે જડ છે માટે જડ પુદ્‌ગલ માત્ર વર્ણ-ગંધ-રસ-સ્પર્શાત્મક હોય છે. આ જ એના ગુણો છે. આ જ ગુણો જ એની ઓળખ છે. જ્યારે જીવ દ્રવ્ય સુખ-દુઃખની સંવેદનાનો અનુભવ કર્તા દ્રવ્ય છે, રાગ-દ્વેષની પ્રવૃત્તિ કર્મ સંયોગવશ કરનારો દ્રવ્ય છે. સંસારી અવસ્થામાં જીવ અનાદિ કાળથી કર્મ સંયોગથી સંકળાયેલો છે. માટે રાગ-દ્વેષ અને

સુખ-દુઃખની સ્થિતિ છે. એ જ જીવ જ્યારે સર્વથા સંપૂર્ણપણે કર્મક્ષય થઈ જાય ત્યારે સિદ્ધાવસ્થામાં લોકાન્તે રહે છે. અને ત્યાં રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિની કોઈ અવસ્થા-પ્રવૃત્તિ વગેરે રહેતી જ નથી. સ્વયં માત્ર જ્ઞાનાદિમાં સ્વગુણો પરમાનંદપણું અનુભવતો હોય છે. જીવ દ્રવ્ય કર્તા-ભોક્તા અને જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવવાળો છે. કર્તા હોવાના કારણે સર્વ પ્રકારની ક્રિયાઓનો કરનાર તે પોતે જ છે. અને ભોક્તા સ્વભાવ હોવાના કારણે કરાતી ક્રિયાઓના ફળનો ભોગવનાર પણ તે પોતે જ છે. સુખ-દુઃખ પણ ભોગવનાર તે પોતે જ છે. સંસારી અવસ્થામાં જીવ અનાદિ કર્મસંયોગી અવસ્થાવાળો છે. માટે કર્મોનો કર્તા જીવ પોતે જ છે અને તે કર્મોના ફળરૂપે સુખ-દુઃખને ભોગવનારો ભોક્તા પણ તે પોતે જ છે.

કર્મો ક્રિયા-પ્રવૃત્તિ જન્ય છે. ''કિરઇ જીએણ હેઉહિં જેણં તો ભન્નએ કમ્મં''– કર્મગ્રંથકાર પૂ. દેવેન્દ્રસૂરિ મહારાજ પ્રથમ કર્મગ્રંથમાં વ્યાખ્યા આપતા સ્પષ્ટ લખે છે કે–જીવ વડે હેતુપૂર્વક જે કરાય છે તે કર્મ કહેવાય છે. અહીંયા કર્તા જીવ જ છે. પરંતુ 'હેતુ' શબ્દ જે વાપરવામાં આવ્યો છે તે મુજબ જીવની કોઇ પણ ક્રિયા માત્ર કર્મકારક નથી પરંતુ હેતુપૂર્વકની ક્રિયા જ કર્મકારક છે. હેતુપૂર્વકની ક્રિયા એક માત્ર જીવ જ કરી શકે છે, પુદ્ગલ નહીં. કર્મ સંયુક્ત સંસારી અવસ્થામાં જીવ માટે રાગ-દ્વેષના હેતુઓ જ પ્રધાનરૂપે હોય છે. અને એ રાગ-દ્વેષના કારણે જ કર્મોનો બંધ થાય છે. પુદ્ગલ દ્રવ્યના પરમાણુઓમાં ૮ જાતના ભિન્ન-ભિન્ન ગુણધર્મો ધરાવતા પરમાણુઓ છે. આ પરમાણુઓ અનંતાનંત છે. બીજી બાજુ પરમાણુઓ પણ અનાદિ-અનંતકાલીન સ્થિતિ ધરાવતા દ્રવ્ય છે. માટે અનુત્પન્ન-અવિનાશી દ્રવ્ય છે. અનાદિ હોવાના કારણે અનુત્પન્નપણું સિદ્ધ થાય છે અને અનન્તકાલીન અસ્તિત્વ હોવાના કારણે અવિનાશીપણું સિદ્ધ થાય છે. અનુત્પન્ન હોવાના કારણે કોઇ કર્તા વગેરેની સિદ્ધિ થઇ શકતી જ નથી. માટે પરમાણુઓના કર્તા-હર્તાની આવશ્યકતા જ નથી. એવા કર્તા માનીને પછી તેને ઇશ્વર કહી દેવામાં આવે એ મોટું મિથ્યાત્વ છે. અજ્ઞાનતા છે. આ પરમાણુઓમાં સંઘાત-વિઘાતની ક્રિયા થતી જ રહે છે. જીવ કર્તા દ્રવ્ય છે. તે જ પરમાણુઓનો કર્તા-હર્તા સિદ્ધ થઇ શકે છે. અને આવા જીવો આ જગતમાં અનંતા છે. અનંતા જીવો સ્વ-સ્વ વિષયમાં આ પરમાણુઓનો જત્થો ગ્રહણ કરવો, તેને આકાર આપવો, તેને ફરી પરિણમાવવો, અને ફરીથી છોડી દેવા-વિસર્જન કરવું આદિની ક્રિયાઓ કરતા હોય છે. કર્તા સ્વરૂપે જીવોને ઇશ્વર કહેવા હોય તો અનંત ઇશ્વરપણાનો વાંધો આવશે. માટે અનંતાને ઇશ્વર કહેવા કરતા અનંતા જીવો જ કહેવા વધારે ઉચિત છે.

કર્મોમાં ૮ વિભાગ પડે છે. તે આત્માના તે તે ગુણોને ઢાંકનારા આવરક બનીને રહે છે. માટે કર્મ આત્મગુણોને ઢાંકનાર-આવરક છે. આ કાર્મણ વર્ગણાના

પુદ્‌ગલ પરમાણુઓ આત્માના અસંખ્ય પ્રદેશો ઉપર અનન્તની સંખ્યામાં છે. વિચાર કરો કે આત્માના પોતાના પ્રદેશો અસંખ્ય જ છે. જ્યારે કાર્મણ પરમાણુઓ અનન્તા છે. એટલે કેટલા સૂક્ષ્માતિસૂક્ષ્મ હશે? એ વિચાર કરીને સમજવાની વાત છે. અનાદિકાળથી જીવ આ કર્મોથી સંકળાયેલો છે. જોડાયેલો છે. પરંતુ જે જે કર્મ પ્રકૃતિનો કાળ પરિપક્વ થયો હોય તે ઉદયમાં આવીને ભોગવાઈ જાય છે. અને નષ્ટ થાય છે. પરંતુ તે પહેલા તો બીજુ બંધાઈ જાય છે. આ રીતે કર્મોનું આવાગમન આત્મપ્રદેશો પર સતત થયા જ કરે છે બસ, આનું જ નામ છે સંસાર.

ભૌગોલિક સંસાર-

ભૌગોલિક સંસાર તો માત્ર લોક સ્વરૂપાત્મક છે. આ લોક ક્ષેત્રનો વિચાર કરવો તેટલો જ, માત્ર છે. પંચાસ્તિકાયાત્મક આ સમગ્ર લોકનો વિચાર તે ભૌગોલિક સંસાર માત્ર છે. લોક ક્ષેત્ર ૧૪ રાજલોક જેટલો સીમિત છે. આ લોકમાં અવાન્તર ૩ લોકો છે. ૧) ઉર્ધ્વલોક-જેને સ્વર્ગ અથવા દેવલોક પણ કહેવાય છે. ૨) અધોલોક જેને નરક અથવા પાતાળ લોક પણ કહે છે. અને ત્રીજો તિર્ચ્છાલોક અથવા જેને મૃત્યુલોક-(નરલોક) પણ કહેવાય છે. એક માટે બીજા પર્યાયવાચી સમાનાર્થક નામો ઘણાં હોય છે. આ ત્રણે લોકના નામો ત્યાં ત્યાં રહેનારા જીવોની પ્રાધાન્યતાના આધારે પડ્યા હોય એવું લાગે છે. દેવતાઓના રહેવાના ક્ષેત્રને દેવલોક નામ પડ્યું હોય. નારકી જીવોના



રહેવાના કારણે નરકલોક નામ સાર્થક છે. તિર્યંચ પશુ-પક્ષીઓની પ્રાધાન્યતાના આધારે તિર્ચ્છાલોક નામ પણ સાર્થક લાગે છે. નર લોક કહેવા પાછળનો મુખ્ય હેતુ છે જેના કેન્દ્રમાં મનુષ્યો રહેતા હોય. તે અઢી દ્વીપ ક્ષેત્ર પ્રધાન લોકનું નામકરણ નરલોક થયું હોય. અને મૃત્યુલોક કહેવા પાછળ જ્યાં જન્મ-મરણ નિરંતર થતા હોય તે કારણ સાર્થક છે.

ઉપરના ઉર્ધ્વલોકનું પ્રમાણ ૭ રાજલોક છે. એવી જ રીતે વૈક્રિય શરીરની રચના નીચેના અધોલોકનું પ્રમાણ પણ ૭ રાજલોક જેટલું છે. જૈન ભૌગોલિક શાસ્ત્રોમાં આ ''રાજ'' એટલે 'રજ્જૂ' માપ વિશેષ અર્થમાં પ્રયોગમાં લેવાયેલો શબ્દ છે. એક રજ્જુ બરોબર અસંખ્ય યોજન થાય છે. એવા અસંખ્ય યોજનનો ૧ રાજલોક કહેવાય છે. એવી જ રીતે ૭ રાજલોક ઉર્ધ્વલોક-દેવલોકના થયા. અસંખ્યને ૭ વાર ગુણાકાર કરો તો પણ અસંખ્ય જ આવશે. ઉર્ધ્વલોકના અસંખ્ય યોજન પ્રમાણ ૭ રાજલોકમાં વૈમાનિક જાતિના દેવતાઓનો વાસ છે. જેમાં કલ્પોપપન્ન નિકાયના ૧૨ દેવલોકો છે. જેમાં કલ્પવાસી, કિલ્લિષિક, નવલોકાન્તિક, લોકપાલ આદિ અનેક જાતિના દેવતાઓનુ નિવાસ ક્ષેત્ર છે. કલ્પાતીતમાં બે ભાગ પડે છે. જેમાં ૯ ગ્રૈવેયક દેવતાઓ અને તેની ઉપર ૫ અનુત્તર વિમાનવાસી દેવતાંઓનો વાસ છે. ઉત્તરોત્તર ઉંચી કક્ષાના આ દેવતાઓ છે. ઉત્તરોત્તર ક્રમે ક્રમે ઘણાં ઓછા ભવો કરવાવાળા આ દેવતાઓ હોય છે. અન્તમાં સર્વાર્થસિદ્ધ કક્ષાના દેવતાઓ એકાવતારી હોય છે. અર્થાત્ એક જ ભવ કરીને મોક્ષે જતા રહેવાવાળા દેવો છે.

અંતમાં સૌથી ઉપર સિદ્ધશિલા છે. જેના ઉપર સિદ્ધ ભગવન્તોનો વાસ છે. પીસ્તાલિશ લાખ યોજનના વિસ્તારવાળા ઉંધા છત્રાકાર સ્વરૂપ આ સિદ્ધશિલાની ઉપર લોકાન્તને અડીને અનંતા સિદ્ધ પરમાત્માનો નિવાસ છે. અનંતા કાળથી જેટલા અનંત જીવો સિદ્ધ બનીને આવતા ગયા બધા આ લોકાન્ત ક્ષેત્રમાં જ સ્થિર થતા ગયા છે.

અધોલોક ક્ષેત્ર–

નીચેના ક્ષેત્રને અધોલોક કહ્યો છે. આમાં પણ ૭ રાજલોક છે. અસંખ્ય યોજનોના વિસ્તારવાળો આ અધોલોક છે. અધોલોક ક્ષેત્રની સીમા શરૂ થાય છે. અધોલોકમાં ભવનપતિ અને વ્યન્તર નિકાયના દેવતાઓનો વાસ હોય છે. પછી પહેલી નરક પૃથ્વી આવે છે. એ બધી પૃથ્વીઓના માપો ઘણાં મોટાપ્રમાણમાં છે. ત્યાર પછી બીજી નરક પૃથ્વી. એવી રીતે ક્રમશઃ ૭ નરક પૃથ્વીઓ આવેલી છે. આ સાતે નરક પૃથ્વીઓના નામોં ક્રમશઃ ૧) ધમ્મા,. ૨) વંશા, ૩) શેલા, ૪) અંજના, ૫) રિષ્ટા ૬) મઘા અને ૭) માઘવતી આ નામની ૭ પૃથ્વીઓ છે. મુખ્ય રૂપે નરકના ૭ નામોં આ પ્રમાણે છે– ૧) રત્નપ્રભા, ૨) શર્કરાપ્રભા, ૩) વાલુકાપ્રભા, ૪) પંકપ્રભા, ૫) ધૂમપ્રભા, ૬) તમઃપ્રભા, અને ૭) તમસ્તમ (મહાતમ) પ્રભા છે.

આ સાતે નરક પૃથ્વીઓમાં અસંખ્ય નારકી જીવો રહે છે. જે મનુષ્ય અને તિર્યંચ ગતિઓમાં ઘોર પાપ કર્મો કરીને નરકમાં ગયા છે તેમણે અહીંયા કરેલા પાપ કર્મોની સજા દુઃખરૂપે ભોગવવાની છે. આ ત્રણ નરકોમાં પરમાધામી દેવતાઓ હોય છે. જે રાક્ષસ જેવા ક્રૂર-નિર્દયી હોય છે. ભવનપતિ દેવતાઓના ૨૫ પ્રકારમાં ૧૦ અસૂરકુમારો અને ૧૫ પરમાધામીઓ છે. એમાંના ૧૫ પ્રકારના પરમાધામી દેવતાઓ જે ભવનપતિ જાતિના છે. તેમને નારકી જીવોને મારવા, કાપવા, ઉકાળવા, પછાડવા, વગેરેમાં ખૂબ મજા આવે છે. માટે તેઓ એક એક નારકી જીવને અનેક ગણી ભારે પીડા આપે છે. ત્રાસ અને વેદના આપે છે. આ નારકી જીવો સ્વકૃતકર્માનુસાર ભોગવે છે. દુઃખી થાય છે. નરકમાં જીવોના આયુષ્યો પણ ઘણાં લાંબા હોય છે. સાતે નરકમાં જઘન્ય અને મધ્યમ કક્ષાના આયુષ્યો સાતે નરકમાં જેટલા પ્રમાણે છે તે ચિત્રમાં લખ્યા છે. તે પ્રમાણે સમજવા. નરકના વર્ણન માટે આખું સ્વતંત્ર પુસ્તક થઈ શકે છે. અહીંયા અત્યંત સંક્ષિપ્ત અણસાર માત્ર આપવામાં આવેલ છે. વિશેષ રુચિ-જિજ્ઞાસાવાળા ભાગ્યશાળીઓએ શાસ્ત્રોમાંથી જાણવું.



તિર્યંચ ગતિના જીવો માટે અસંખ્ય દ્વીપ-સમુદ્રો–

૪ ગતિઓમાં તિર્યંચ ગતિ એક સ્વતંત્ર ગતિ છે. એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના પશુ-પક્ષીઓ વગેરે બધા જીવોની ગણના તિર્યંચગતિમાં થાય છે. પૃથ્વી-પાણી વનસ્પતિ આદિના જીવો પણ એમાં ગણાય છે. અમીબા-કૃમિ વગેરે બેઇન્દ્રિયજીવો, કીડી, મકોડા, માંકણ, જૂ વગેરે તેઇન્દ્રિય જીવો, માખી-મચ્છર વગેરે ચઉરિન્દ્રિય જીવો, હાથી-ઘોડા વગેરે તિર્યંચ પંચેન્દ્રિય પશુઓ, અને માછલા વગેરે જલચર પંચેન્દ્રિયો, અને સાંપ વગેરે ઉરપરિસર્પ તિર્યંચો નોળીયા વગેરે ભૂજપરિસર્પજીવો, અને પક્ષીઓ વગેરે પશુ-પક્ષીઓની ગણના તિર્યંચગતિમાં થાય છે. જીવ સૃષ્ટિ જોવાથી સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે.

આ બધા તિર્યંચ ગતિના કૃમિ-કીટ-પશુ-પક્ષીઓને રહેવા માટે ક્ષેત્ર છે. અસંખ્ય-દ્વીપ સમુદ્રો છે. ઉર્ધ્વલોક અને અધોલોકના ૭+૭=૧૪ રાજલોક ક્ષેત્રની વચ્ચો વચ્ચ તિર્ચ્છા લોક છે. જંબુદ્વીપની પૃથ્વીની મધ્યમાં મેરૂપર્વત છે. આ મેરૂપર્વતની

સમતલા ભૂમિથી ૯૦૦ યોજન ઉપર અને ૯૦૦ યોજન નીચે એમ કુલ ૧૮૦૦ યોજનનું ક્ષેત્ર જ ફક્ત તિર્છાલોકનું ક્ષેત્ર છે. ઉર્ધ્વલોક ઉપર ઉપર વધેલો છે, અને એનાથી વિપરીત અધોલોક નીચે-નીચે વિક્સેલો છે. જ્યારે તિર્ચ્છાલોક તિર્યગ્ દિશામાં વધેલો છે. એક પૃથ્વી-પછી તેની ચારે બાજુ સમુદ્ર ફરી તેની ચારે બાજુ પૃથ્વી ફરી તેની ચારે બાજુ સમુદ્ર, એમ વલયાકાર સ્થિતિમાં એક દ્વીપ પછી બીજો સમુદ્ર ફરી દ્વીપ-ફરી સમુદ્ર આ રીતે અસંખ્ય દ્વીપ-સમુદ્રો આવેલા છે. આ દ્વીપ સમુદ્રો શુભ-શુભતર નામોંવાળા છે. બીજી તરફ આ અસંખ્ય દ્વીપ-સમુદ્રો ક્રમશઃ એક એકથી બમણા માપવાળા છે.

આ અસંખ્ય દ્વીપ-સમુદ્રોમાંથી કેન્દ્રના (વચ્ચેના) ફક્ત અઢી દ્વીપ સમુદ્રોમાં જ મનુષ્યોની વસતિ છે અને સાથે તિર્યંચ જીવોની પણ સાથે જ વસતિ છે. પરંતુ આ અઢી દ્વીપની બહાર માત્ર તિર્યંચગતિના પશુ પક્ષીઓની જ વસતિ છે. મનુષ્યોની નહીં. ૧) જંબુદ્વીપ, ૨) ધાતકી ખંડ અને ત્રીજો દ્વીપ-પુષ્કરાવર્ત દ્વીપ. આ ત્રીજા દ્વીપની વચ્ચોવચ્ચ માનુષોત્તર પર્વત પૂર્ણ વૃત્તાકાર પ્રસરેલો છે. માટે ત્યાં સુધી જ ફક્ત મનુષ્યોની વસતિ છે. તેની બહાર મનુષ્યોની વસતિ નથી. પુષ્કરાવર્તને અર્ધો ગણવા માટે પુષ્કરાર્ધ દ્વીપ કહેવામાં આવે છે. વચ્ચેના સમુદ્રોના નામો આ પ્રમાણે છે. ૧) લવણ સમુદ્ર, અને ૨ કાલોદધિ સમુદ્ર આ અઢી દ્વીપમાં ૧૫ કર્મભૂમિ ક્ષેત્રો છે. જેમાં ૫ ભરત ક્ષેત્રો છે, ૫ ઐસવત ક્ષેત્રો છે, અને ૫ મહાવિદેહ ક્ષેત્રો છે. આ ૧૫ ક્ષેત્રો જે કર્મભૂમિના છે એમાં જ દેવ-ગુરૂ અને ધર્મની પ્રાપ્તિ થાય છે. અહીંથી જ મોક્ષની પ્રાપ્તિ સંભવ છે. જ્યારે ૩૦ અકર્મ ભૂમિઓ છે. હરિવર્ષ ક્ષેત્રાદિની ગણના તેની અંતર્ગત થાય છે. એવી જ રીતે લવણ સમુદ્રમાં જંબુદ્વીપના મહાહિમવંતાદિ બે પર્વતોની હાથીના દાંત જેવી દાઢાઓ બહાર નિકળી છે. તેમાં ૫૬ દ્વીપો છે. આ દ્વીપોમાં પણ મનુષ્યોની વસતિ ખૂબ છે. એવી જ રીતે ૧૫ કર્મભૂમિ+૩૦ અકર્મ ભૂમિ+૫૬ અંતર્દ્વીપ એમ કુલ મળી=૧૦૧ ક્ષેત્રો છે. આ ૧૦૧ ક્ષેત્રોમાં જે મનુષ્યો જન્મે-મરે છે તે પણ ૧૦૧ પ્રકારના કહેવાય છે. બીજી તરફ અસંખ્ય દ્વીપ સમુદ્રો



તિર્યંચ ગતિના જીવો માટે છે. તિર્યંચ પંચેન્દ્રિય જીવોમાં-સ્થલચર અર્થાત્ ભૂમિ ઉપર ચાલનારા ચૌપગા પશુઓ હાથી-ઘોડા-બળદ આદિ જળચર પ્રાણીઓમાં માછલા-મગર-કાચબા વગેરે અને આકાશમાં ઉડનારા પક્ષીઓ-ખેચરો પણ ઘણાં છે. સમુદ્રોમાં જળચર પ્રાણીઓ રહે છે. તિર્યંચ ગતિના જીવો માટે અસંખ્ય દ્વીપ-સમુદ્ર પ્રમાણ તીર્ચ્છાલોકનું ક્ષેત્ર છે. તેમાં આગળ-આગળ બમણા-બમણાં દ્વીપ-સમુદ્રો છે. જેનો ક્રમ આ પ્રમાણે છે. ૧) જંબુદ્વીપ-૧ લાખ યોજન, પછી વલયાકાર ચારે બાજુ લવણ સમુદ્ર ૨ લોખ યોજન, પછી તેવો જ વલયાકાર ધાતકીખંડ ૪ લાખ યોજનના વિસ્તારવાળો, પછી-કાલોદધિ સમુદ્ર ૮ લાખ યોજનના વિસ્તારવાળો છે. તેના પછી પુષ્કરાર્ધ દ્વીપ ૧૬ લાખ યોજનના વિસ્તારવાળો છે. તેના પછીનો સમુદ્ર ૩૨ લાખ યોજન અને તેના પછીનો દ્વીપ ૬૪ લાખ યોજનનો, તેના પછીનો સમુદ્ર - ૧૨૮ યોજના વિસ્તારવાળો અને તે પછી ફરી દ્વીપ ૨૫૬ યોજનના વિસ્તારવાળો છે. તેના પછી ફરી વલયાકાર ચારેબાજુ પ્રસરેલો સમુદ્ર ૫૧૨ યોજન વિસ્તારવાળો છે. તેના પછી ફરી દ્વીપ ૧૦૨૪ યોજનના વિસ્તારવાળો છે. આ રીતે એક એકથી બમણા દ્વીપ-સમુદ્રો છે. તે બધામાં અસંખ્ય પ્રકારના અસંખ્ય જીવો છે. સ્વ-સ્વ કર્માનુસાર જીવો આવે છે, જન્મ લે છે, જીવન જીવે છે અને મૃત્યુ પામીને ફરી આગળના ભવોમાં જતા રહે છે. આ પ્રમાણે અખંડપણે નિરંતર આ સંસાર ચાલ્યા જ કરે છે.

આ પ્રમાણે સંપૂર્ણ સંસારના ક્ષેત્રોનો ભૌગોલિક પરિચય સંક્ષેપમાં કરાવ્યો છે. જેથી કઇ ગતિમાં જનારો જીવ કયા ક્ષેત્રમાં જન્મ લઈને ક્યાં રહે છે? તેનો આપણને સ્પષ્ટ ખ્યાલ આવી શકે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આદિ બધા નિક્ષેપાઓની દૃષ્ટિથી વિચારણા કરવામાં આવે છે. આ સંપૂર્ણ લોક ક્ષેત્ર અથવા જેને બ્રહ્માણ્ડ-(cosmos) કહેવામાં આવે છે.

સંસારના સમસ્ત જીવોનો પરિચય-

સમગ્ર વિશ્વની ભૌગોલિક વિચારણા કરતા જેટલા ક્ષેત્રોનો ખ્યાલ આવે છે. તેમાં અસંખ્ય ક્ષેત્રો છે. અને આશ્ચર્યની વાત એ છે કે આ અસંખ્ય ક્ષેત્રોમાંથી એક પણ ક્ષેત્ર એવું નથી કે જ્યાં જીવો ન હોય, જીવ સૃષ્ટિ ન હોય. અર્થાત્ સર્વત્ર સર્વ ક્ષેત્રોમાં જીવોનું અસ્તિત્ત્વ છે. જીવો ભિન્ન-ભિન્ન પ્રકારના દેહાદિને ધારણ કરીને રહેલા છે. નિયમ જ એવો છે કે આ સંસારમાં એક પણ જીવ શરીર ધારણ કર્યા વિના રહેતો નથી. સ્વ-કર્માનુસાર જીવ તે તે યોનિમાં જન્મ લઈને, શરીર ધારણ કરીને જીવન પૂર્ણ કરતા હોય છે. શરીર ધારણ કર્યા વિના અશરીરી અવસ્થામાં આ સંસારમાં કોઇ જીવ રહી શકતો જ નથી. જે અશરીરી હોય છે તેને સિદ્ધ કહેવામાં આવે છે આ સિદ્ધ જીવ સંસારી નથી કહેવાતા તે મુક્ત કહેવાય છે.

જે જીવોને શરીર ધારણ કરવાનું હોય છે તેમને જન્મ લેવો જ પડે છે. જન્મ

લેવા માટે જીવોને તે તે યોનિમાં ગર્ભકાળ પ્રમાણે રહેવું જ પડે છે. આ પ્રક્રિયા કર્માનુસાર ચાલ્યા જ કરે છે. આમાં વચ્ચે કોઇ ઇશ્વર કે બીજો કોઇ આવતો જ નથી. અનાદિ-અનંત કાળથી આ જન્મ-મરણ ચાલ્યા જ કરે છે. આત્મા જે પ્રકારના કર્મો કરે છે તેના આધારે તેને જન્મ-મળે છે અને આ જન્મ ધારણ કરી જીવ એક જીવન પુરું કરી મૃત્યુ પામી બીજી યોનિમાં જઇ ફરી બીજો જન્મ લે છે. આવી રીતે આ જન્મ-મરણનું ચક્ર ચાલ્યા જ કરે છે.

આ સંસારમાં આવી ૮૪ લાખ યોનીઓની સંખ્યા દર્શાવવામાં આવી છે. જે આ પ્રમાણે આવે છે–

૧) ૭ લાખ પૃથ્વીકાયિક જીવોને ઉત્પન્ન થવાની યોનીઓ છે.
૨) ૭ લાખ અપ્કાયિક જીવોને ઉત્પન્ન થવાની યોનીઓ છે.
૩) ૭ લાખ અગ્નિકાયિક જીવોને ઉત્પન્ન થવાની યોનીઓ છે.
૪) ૭ લાખ વાયુકાયિક જીવોને ઉત્પન્ન થવાની યોનીઓ છે.
૫) ૧૦ લાખ પ્રત્યેકવનસ્પતિકાયિક જીવોને ઉત્પન્ન થવાની યોનીઓ છે.
૬) ૧૪ લાખ સાધારણ વનસ્પતિકાયિક જીવોને ઉત્પન્ન થવાની યોનીઓ છે.
૭) ૨ લાખ બેઇન્દ્રિય જીવોને ઉત્પન્ન થવાની યોનીઓ છે.
૮) ૨ લાખ તેઇન્દ્રિય જીવોને ઉત્પન્ન થવાની યોનીઓ છે.
૯) ૨ લાખ ચઉઇન્દ્રિય જીવોને ઉત્પન્ન થવાની યોનીઓ છે.
૧૦) ૪ લાખ દેવતા જીવોને ઉત્પન્ન થવાની યોનીઓ છે.
૧૧) ૪ લાખ નારકી જીવોને ઉત્પન્ન થવાની યોનીઓ છે.
૧૨) ૪ લાખ તિર્યંચ પંચેન્દ્રિય જીવોને ઉત્પન્ન થવાની યોનીઓ છે.
૧૩) ૧૪ લાખ મનુષ્ય જીવોને ઉત્પન્ન થવાની યોનીઓ છે.

કુલ ૮૪ લાખ (યોનીઓ) ઉત્પત્તિસ્થાનો આ સંસારમાં જીવોને જન્મ લેવા માટેના છે. જ્યાં આવીને સતત જીવો શરીરની રચના કરીને જન્મ લઇને જીવન પસાર કરતા હોય છે. આ સંસારમાં જન્મની દૃષ્ટિએ જ્યારે જીવોનું વર્ગીકરણ કરવું હોય ત્યારે ૮૪ લાખ જીવયોનીઓની દૃષ્ટિથી જ કરી શકાય છે. શરીરની દૃષ્ટિએ સંસારમાં જીવો ૧૩ વિભાગમાં વહેંચાયેલા છે. તે ૧૩ વિભાગના જીવો ૮૪ લાખ પ્રકારની યોનીઓમાં જન્મ ધારણ કરે છે. ૮૪ લાખની આ સંખ્યા વર્ણ-ગંધ-રસ-સ્પર્શ, તેમજ સચિત્ત-અચિત્ત, સંવૃત્ત, વિવર્ત આદિ ઘણાં ભેદોથી થાય છે. સંસારમાં આવનાર-જન્મ લેનાર જીવ માટે આ યોનીઓમાં આવવું અનિવાર્ય છે તો જ જન્મ લઇને આ સંસારના વ્યવહારમાં જીવો આવી શકશે.

સ્વકૃત કર્માનુસાર જીવો તથાપ્રકારની યોનીઓમાં જાય છે. ગર્ભપ્રદેશમાં ઉત્પન્ન થાય છે. અને ગર્ભકાળ પૂર્ણ કરીને જન્મ લઇને સંસારના વ્યવહારમાં આવે છે. શરીરની અવગાહના-ઉંચાઇ વગેરે ઓછી-વધારે જે હોય તે, જેટલી હોય તેટલી મેળવે છે. એ પણ


જીવ
૧
મુક્ત
૧
સંસારી
સ્થાવર
ત્રસ
પૃથ્વીકાય (પૃથ્વી)
અપ્કાય (પાણી)
તેઉકાય (અગ્નિ)
વાયુકાય (હવા)
વનસ્પતિકાય
સૂક્ષ્મ
બાદર
સૂક્ષ્મ
બાદર
સૂક્ષ્મ
બાદર
સૂક્ષ્મ
બાદર
સાધારણ
પ્રત્યેક
પર્યાપ્ત
અપર્યાપ્ત
પ.
અપ.
પ.
અપ.
પ.
અપ.
પ.
અપ.
પ.
અપ.
પ.
અપ.
સૂ.
બા.
પ.
અપ.
પ.
અપ.
પ.
અપ.
આ રીતે ૫ સ્થાવરોના કુલ ૨૨ પ્રકાર થાય છે.
વિકલેન્દ્રિય
સકલેન્દ્રિય (પંચેન્દ્રિય)
બેઈન્દ્રિયવાળાજીવો
અળસિયા, કૃમિ વગેરે
તેઈન્દ્રિયવાળાજીવો
કીડી, મંકોડા વગેરે
ચઉરિન્દ્રિયવાળા જીવો
માખી, મચ્છર વગેરે
પર્યાપ્તા
અપર્યાપ્તા
પર્યાપ્તા
અપર્યાપ્તા
પર્યાપ્તા
અપર્યાપ્તા


સકલેન્દ્રિય (પંચેન્દ્રિય)
દેવતા
મનુષ્ય
તિર્યંચ
નારકી
ભવનપતિ ૨૫
વ્યંતર ૨૬
જ્યોતિષી ૧૦
વૈમાનિક
૧૫ કર્મભૂમિજ
૩૦ અકર્મભૂમિજ
૫૬ અંતર્દ્વીપજ
કલ્પોપન્ન ૨૪
કલ્પાતીત ૧૪
૧૫ + ૩૦ + ૫૬ = ૧૦૧
૧૦૧ ગર્ભજ
૧૦૧ સંમૂર્છિમ
૨૫ + ૨૬ + ૧૦ + ૨૪ + ૧૪ = ૯૯ પ્રકારના દેવતાઓ
૯૯ પર્યાપ્તા + ૯૯ અપર્યાપ્તા = ૧૯૮
૧૦૧ પર્યાપ્તા
૧૦૧ અપર્યાપ્તા
૧૦૧ અપર્યાપ્તા
સ્થલચર
જલચર
ખેચર
ઉરપરિસર્પ, સાપ આદિ
ભુજપરિસર્પ નોળીયા, વાંદરા આદિ.
ગર્ભજ
સંમૂર્છિમ
ગર્ભજ
સંમૂર્છિમ
કુલ ૧૦ ગર્ભજ સંમુર્છિમોમાંથી ૧૦ પર્યાપ્તા + અને ૧૦ અપર્યાપ્તા મળીને ૨૦ થાય છે.
૧ રત્નપ્રભજ
૨ શર્કરાપ્રભજ
૩ વાલુકાપ્રભજ
૪ પંકપ્રભજ
૫ ધૂમપ્રભજ
૬ તમાપ્રભજ
૭ મહાતમપ્રભજ
પર્યાપ્ત અપર્યાપ્ત
પ. અપ.
પ. અપ.
પ. અપ.
પ. અપ.
પ. અપ.
પ. અપ.
આ રીતે કુલ નારકી જીવો ૧૪ પ્રકારના થાય છે.

જીવના કર્મો ઉપર આધારિત છે. આવી રીતે સંસાર ચક્રમાં જન્મ-મરણરૂપ પરિભ્રમણ કેટલા જીવો કરી રહ્યા છે. અનંતા જીવો છે. આ અનંતા જીવો આ ૮૪ લાખ જીવ યોનીઓના ચક્કરમાં પરિભ્રમણ કરતા જ હોય છે. આ રીતે જ સંસાર ચાલતો હોય છે. આવો સંસાર અનાદિ-અનંતકાલીન છે. અનાદિકાળથી ચાલ્યો જ આવ્યો છે. અને હજી પણ ભવિષ્યના અનંત કાળ સુધી ચાલ્યા જ કરશે. એમાં કોઈ વિકલ્પ નથી. યોનીઓના આધારે જીવોના જન્મોનું વર્ગીકરણ આ રીતે કરવામાં આવ્યું છે.

૪ ગતિની દૃષ્ટિએ જીવો–

સંસારના તમામ જીવો ગતિની દૃષ્ટિએ ૪ ગતિઓમાં વહેંચાયેલા છે. આ ચાર સિવાય કોઇ પાંચમી ગતિ નથી. ઉપરોક્ત ચાર્ટ (તાલિકા) પ્રમાણે ચારે ગતિમાં વહેંચાયેલા આ જીવોની સંખ્યા કેટલી છે?

૩૦૩ મુનષ્યો+૧૯૮ દેવતાઓ+૪૮ તિર્યંચગતિના ૧૪ નારકી મળીને કુલ ૫૬૩ પ્રકાર જીવોના થાય છે. સંપૂર્ણ ચૌદે રાજલોકના આ સમગ્ર સંસારમાં કુલ ૫૬૩ પ્રકારના જીવો છે. બસ, આ અંતિમ સંખ્યા છે. અનાદિ-અનંત કાળથી આ જ સંખ્યા છે. માટે જીવોના કુલ પ્રકારોમાં આ સંખ્યા જ શાશ્વત રહે છે. સંસારનો એક પણ જીવ એમાંથી બાકી રહેતો નથી. છૂટી જતો નથી. અને અનંતા કાળે પણ આ સંખ્યામાં એક પણ સંખ્યાનો ઉમેરો થવાનો નથી. માટે આ ૫૬૩ની સંખ્યા શાશ્વતી છે. આ ૫૬૩ પ્રકારના બધા જીવો સંસારી છે. સંસારી અવસ્થામાં આ બધા પ્રકારના જીવો કોઇ પણ એક જન્મમાં, અથવા એક ભવમાં કાયમ માટે સ્થિર રહી શકતા નથી. સંસારમાં જીવો કર્માધીન છે. અને કર્માધીન અવસ્થામાં જીવને જન્મ-મરણના ચક્રોમાં સતત પરિભ્રમણ કરતા જ રહેવું પડે છે.

૮૪ લાખ યોનીઓમાં-૪ ગતિમાં પરિભ્રમણનો સંસાર–



આ સંસાર જીવોનો છે. એનું મુખ્ય ઘટકરૂપ જીવ દ્રવ્ય છે. પરંતુ અજીવના સંયોગે આ સંસાર છે. અજીવના સંયોગે વિશ્વ-બ્રહ્માણ્ડ કે જગતરૂપ ભૌગોલિક સંસાર પણ છે. અને જડ પુદ્ગલના પરમાણુઓમાં એક જાતના કાર્મણ પરમાણુઓના રંગે રંગાયેલા આ જીવનો ભાવ સંસાર-આભ્યંતર સંસાર ઘણો મોટો છે. બહાર રહેલા કાર્મણ વર્ગણાના પરમાણુઓ આત્મપ્રદેશોની સાથે ચોંટીને એક રસ બનીને કર્મ સંજ્ઞા પામ્યા છે. આ કર્મ સંયોગના કારણે સંસાર ચક્રમાં

આત્માને પણ જન્મ-મરણ ધારણ કરવા રૂપ પરિભ્રમણ કરવું પડે છે. જન્મ લેવો જીવન જીવવું, મૃત્યુ પામવું એટલે જીવનું ચાલ્યા જવું. ક્યાં જવું? કર્મ છે ત્યાં સુધી તો જન્મ-મરણના ચક્રમાંથી છૂટી શકાય એમ જ નથી. માટે ફરીથી જન્મ લેવા માટે કોઇ ન કોઇ ગતિમાં જવું પડે છે. અને તે તે ગતિમાં કોઇ ન કોઇ યોનિ અર્થાત ઉત્પત્તિ સ્થાન. ઉત્પત્તિ સ્થાનમાં જન્મ ધારણ કરવો જ પડે છે. આ પ્રક્રિયા કર્મ સંયોગના કારણે ચાલ્યા જ કરે છે. જ્યાં સુધી જીવની સાથે કર્મનો સંયોગ સંબંધ છે અને રહેશે ત્યાં સુધી જન્મ-મરણની આ પ્રક્રિયા અટકી જવાની કોઇ સંભાવના જ નથી.

બીજી તરફ એક વાત એટલી જ સ્પષ્ટ છે કે... જન્મ ધારણ કર્યા વિના જીવ સંસારમાં રહી શકે જ નહીં અર્થાત્ જન્મ ધારણ કરવાથી જ શરીરની રચના થાય છે. અને શરીર ધારણ કર્યા વિના એક સેકન્ડ પણ જીવ આ સંસારમાં રહી શકે જ નહીં. હા, સિદ્ધ થઇ ગયા પછી આ બંધન જીવને રહેતું નથી, પરંતુ જ્યાં સુધી આ કર્મનું બંધન નથી છૂટતું ત્યાં સુધી આ સંસારમાં જીવ ૧ સેકંડ માટે પણ શરીર વિના રહી શકતો જ નથી. આ રીતે જીવની બે જ અવસ્થાઓ છે. ૧) શરીરધારી અને બીજી શરીર વિનાની. શરીર વિનાની અવસ્થા એ જ મોક્ષાવસ્થા કહેવાય છે. અને શરીરધારી-સશરીરી અવસ્થા એ જ સંસારી અવસ્થા કહેવાય છે. આ બે સિવાય ત્રીજી કોઇ અવસ્થા છે જ નહીં. જીવે આ કર્મોના સંયોગના કારણે સશરીરી-સંસારી અવસ્થામાં જ અનંતકાળ વિતાવ્યો છે.

એક તરફ સંસારનો કાળ અનંત છે. જ્યારે બીજી તરફ જીવનો આ સંસારમાં ગમે તે કોઇ એક શરીર ધારણ કરીને તેમાં રહેવાનો કાળ બિલકુલ મર્યાદિત છે. સીમિત છે. સાવ અલ્પમાત્ર જ છે. અને તે પણ જીવના આયુષ્ય કર્મને આધીન છે. આવી રીતે આયુષ્ય કર્મ ઉપાર્જન કરીને જીવ આ સંસારના એક ભવમાં મર્યાદિત, અને નિર્ધારિત કાળ સુધી જ રહી શકે. ત્યાર પછી આયુષ્ય પૂર્ણ થતા મૃત્યુ થાય છે. મૃત્યુ એટલે આ જીવે રહેવા માટે ધારણ કરેલું એક શરીર છોડીને ચાલ્યા જવું. ઔદારિક આદિ શરીરની સાથેનો જીવનો વિયોગ એનું નામ મૃત્યુ છે. મૃત્યુ એ માત્ર એક જન્મથી બીજા જન્મમાં જીવને જવા માટેનો પ્રવેશ દ્વાર માત્ર છે. આ દરવાજાથી જીવ એક જીવન પુરુ કરીને અર્થાત્ સમાપ્ત કરીને બીજા ભવમાં જાય છે. ત્યાં ફરીથી નવો જન્મ ધારણ કરીને રહે છે.

મૃત્યુપામીને આ સ્થૂલ શરીર છોડીને જીવ જ્યારે બીજા જન્મમાં જઇ રહ્યો. તેટલા સમય માટે પણ એની સાથે સૂક્ષ્મ કાર્મણશરીર તો હોય જ. તે જ જીવને નિર્ધારિત-ગતિ-જાતિ અને યોનિમાં લઇ જાય છે. સંસારી અવસ્થામાં ગતિ-જાતિ-આદિ બધાનું નિર્ણાયક કર્મ જ છે. માટે તે કર્મ જ લઇ જાય છે. ગતિ-જાતિ તે તે

જીવને પોતાના કર્માનુસાર અપાવે છે. તેને યોગ્ય તે તે યોનિમાં લઈ જાય છે. અને જન્મ પણ આ કર્મ જ અપાવે છે. ત્રીજી કોઈ અન્ય વ્યવસ્થા નથી. અર્થાત્ આ જન્મ-મરણની પ્રક્રિયામાં વચ્ચે કોઇ ઇશ્વર આદિ અન્ય વ્યવસ્થાપક વગેરે નથી. આ રીતે આ જન્મ-મરણની પ્રક્રિયા અનંત કાળથી ચાલ્યાજ કરે છે. બસ, આનું જ નામ સંસાર છે.

ગતિઓ ૪ છે દેવ, મનુષ્ય, નરક અને તિર્યંચ. આ ૪ ગતિઓમાં સંસારી જીવો વસે છે. રહે છે. આવાગમન ચાલ્યા કરે છે. ૮ કર્મોમાં એક નામકર્મ છે. તેમાં પણ ગતિ નામકર્મની વિશિષ્ટ પ્રકૃતિ છે. જે આ જીવને તે તે ગતિમાં લઇ જાય છે. માટે જ સ્વ-સ્વ કર્માનુસાર જીવને તે તે પ્રકારની ગતિ મળે છે. અને આયુષ્ય કર્માનુસાર જીવને તે તે ગતિમાં તેટલું આયુષ્ય મળે છે. આયુષ્ય એટલે જન્મથી મરણ વચ્ચેનો જીવન કાળ. આ આયુષ્ય કાળ દરેક જીવનો એક સરખો હોતો નથી. દરેક જીવનો જુદો જુદો જ હોય છે. અને બીજી તરફ પ્રભુ ફરમાવે છે કે આયુષ્ય ક્ષણિક છે. એનો ભરોસો નથી. આપણા જેવા જીવો જાણી નથી શકતા, ગમે ત્યારે આયુષ્ય સમાપ્ત થઇ જાય છે. અને જીવ મૃત્યુના મુખમાં ચાલ્યો જાય છે. આયુષ્ય કાળની સમાપ્તિ એનું જ નામ મૃત્યું છે. એક રસ્સીના જેમ બે છેડા હોય છે. તેમ જીવનના પણ બે છેડા છે. એમાં પ્રથમ છેડાને જન્મ અને અંતિમ છેલ્લા છેડાને મરણ કહેવાય છે.



જન્મનો સમય પણ સાવ નજીવો છે. અને બીજી બાજુ મરણનો સમય પણ સાવ નજીવો નામમાત્ર જ છે. જન્મ ધારણ કરવા માટે શરીર બનાવવાનો ગર્ભકાળ દરેક ગતિ-જાતિ અને યોનિમાં જુદો જુદો છે. જીવ સ્વકૃત કર્માનુસાર તે તે યોનિમાં જઇને જન્મ ધારણ કરે છે. જીવના માટે જન્મ તેનું જ નામ છે જેમાં યોનિમાં જઇને ઉત્પન્ન થવું. ત્યાર પછી શરીર બનાવવાની પ્રક્રિયા શરૂ થાય છે. મનુષ્ય, તિર્યંચની ગતિમાં જીવ ઔદારિક વર્ગણાના પુદ્ગલ પરમાણુઓ ગ્રહણ કરીને ઔદારિક શરીરની રચના કરે છે. આ મનુષ્ય અને તિર્યંચની ગતિમાં તે તે જીવોની યોનીઓમાં જઇને જીવને શરીર બનાવવા માટે નિર્ધારિત સમય ગર્ભકાળ લાગે છે. મનુષ્યોમાં પ્રચલિત અને પ્રસિદ્ધ ગર્ભકાળ ૯॥ માસનો છે. છતાં વધ-ઘટ થાય છે. અને વધારે-ઓછા દિવસો જીવોને લાગે છે અને આ ગર્ભકાળ પૂર્ણ થયા પછી જીવ માતાના ગર્ભમાંથી જન્મ લે છે. અવનિતલ ઉપર આવે છે. પૂર્ણપણે પોતાના શરીરની રચના કરીને આ સંસારના વ્યવહારમાં આવે છે.

તિર્યંચ ગતિમાં પશુ-પક્ષીઓ તથા કૃમિ-કીટ ની યોનીઓમાં પણ જીવો પોત-પોતાના કરેલા કર્માનુસાર આવે છે. કેટલાક સંમુર્ચ્છિમની કક્ષાના હોવાથી ગર્ભમાં નહીં પણ બહાર જન્મ લે છે. અને ત્યાં પણ પોતાનું શરીર બનાવી લે છે. જ્યારે ગર્ભ જ જન્મ ધારણ કરનારા યોનિમાં પ્રવેશી ગર્ભકાળ પૂરો કરે છે. અને એ નિર્ધારિત કાળમાં શરીરની રચના પૂરી કરીને પછી સંસારના વ્યવહારમાં આવે છે. આ ગર્ભકાળ ૬, ૯, ૧૦, ૧૨ માસ સુધીનો હોય છે. ઓછો-વધારે પણ હોય છે. આ રીતે હાથી-ઘોડા-ઉંટ-બળદ-ગાય-બકરી-ભેંસ આદિ અનેક તિર્યંચ-પશુ-પક્ષીઓ જન્મ લઈને સંસારમાં આવે છે. આ અનાદિ-અનંત પ્રક્રિયા છે. સંસારી અવસ્થામાં આ પ્રક્રિયા ચાલ્યા જ કરે છે. દેવ-નરક ગતિમાં આખી વ્યવસ્થા જુદી જ છે. દેવગતિમાં પુષ્પોની શય્યારૂપ યોનિ હોય છે. એમાં જઈને જીવ ઉત્પન્ન થાય છે. ફક્ત ૨ ઘડીનો જ ગર્ભકાળ હોય છે. અને વૈક્રિય વર્ગણાના પરમાણુઓનો જત્થો લઈને જીવ તેને શરીરાકારે પરિણમાવે છે. અને શરીરરચના પૂર્ણ થઈ જતા જન્મ લઈને સંસારના વ્યવહારમાં આવે છે. જન્મે છે ત્યારે જ દેવનું શરીર ૧૬ વર્ષની ઉંમરના રાજકુમાર જેવું હોય છે. દેવ-નરકની ગતિમાં માતા-પિતા નથી હોતા. માટે ત્યાં દેવ-દેવીઓના સ્ત્રી-પુરૂષોની જેમ શારીરિક સંબંધ હોવા છતાં પણ મનુષ્ય ગતિમાં સ્ત્રી ગર્ભવતી બને છે તેવી કોઈ વ્યવસ્થા દેવ-નરકમાં નથી. માટે દેવતાઓની ૪ લાખ યોનિ સંખ્યા પુષ્પ-શય્યા જેવી જ કહી છે.

અધોલોકની ૭ નરકપૃથ્વીઓમાં પણ એવી જ વ્યવસ્થા છે. નરકમાં કુંભીઓ હોય છે. કુંભ એટલે ઘડો. આ ઘડાના આકાર જેવી ભિન્ન ભિન્ન પ્રકારની કુંભીઓ છે. એને જ નારકી જીવો માટે ઉત્પન્ન થવાની યોનિ કહેવામાં આવે છે. અને એની સંખ્યા પણ વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિ ભેદથી ૪ લાખની બતાવવામાં આવી છે. સ્વકર્માનુસાર ઉપાર્જન કરેલી નરકગતિમાં આવનાર જીવ આ કુંભીરૂપ યોનિમાં ઉત્પન્ન થાય છે. ફક્ત બે ઘડીના અલ્પ ગર્ભકાળમાં વૈક્રિય શરીર યોગ્ય વર્ગણાના પુદ્‌ગલ-પરમાણુઓનો જત્થો ગ્રહણ કરીને વૈક્રિય શરીરની રચના કરે છે. અને આ રીતે નારકી તરીકેનો જન્મ લે છે. પોતાના આયુષ્ય કર્માનુસાર ૧, ૩, ૭, ૧૦, ૧૭, ૨૨, અને ૩૩ સાગરોપમ વર્ષોનું આયુષ્ય ભોગવે છે. પોતાના કર્મોના વિપાકે સજા પણ ભોગવે છે. અતિશય દુઃખ પામે છે.

વિકલેન્દ્રિયના જીવો કીડી-મકોડા-વગેરે પણ આ રીતે પોતાના કર્માનુસાર આવે છે, તે તે યોનિમાં જન્મ ધારણ કરે છે. જીવન જીવે છે. અને એક દિવસ આયુષ્ય સમાપ્ત થતા મૃત્યુ પામીને ચાલ્યા જાય છે. ફરી બીજી યોનિમાં બીજા જન્મો ધારણ કરે છે. ફરી-મૃત્યુ પામે છે. મરીને ફરી બીજા જન્મમાં જાય છે. જન્મ-મરણ આ રીતે ચાલ્યા જ કરે છે.

આ રીતે જીવોના જન્મ-મરણ નિરંતર ચાલ્યા જ કરતા હોય છે. બસ, આનું જ નામ છે સંસાર. યોનીઓની દૃષ્ટિએ ૧૩ વિભાગ પાડીને જ્ઞાનીઓએ જીવોની વહેંચણી કરી છે. જે ''સાત લાખ''ના સૂત્રમાં સ્પષ્ટ દર્શાવવામાં આવેલ છે. એક વિભાગમાં પૃથ્વીકાયિક જીવોને ઉત્પન્ન થવા માટેની યોનીઓની સંખ્યા ૭ લાખ આપવામાં આવી છે. આ એક વિભાગ છે. એવી જ રીતે અપ્કાય, તેઉકાય, વાયુકાયના વિભાગની પણ ૭-૭ લાખ યોનીઓ બતાવી છે. વનસ્પતિકાયના વિભાગમાં પ્રત્યેક અને સાધારણના વિભાગમાં ક્રમશઃ ૧૦ અને ૧૪ લાખની યોનીઓની સંખ્યા દર્શાવી છે. વિકલેન્દ્રિય જીવોના વિભાગમાં ૨, ૩ અને ૪ ઇન્દ્રિયોવાળા ઘણાં જીવો સંસારમાં છે. તેમને ઉત્પન્ન થવા માટે ૨-૨-૨ લાખ યોનીઓની સંખ્યા સૂચવવામાં આવી છે. અને દેવતાઓના વિભાગમાં ૪ લાખ, એવી જ રીતે નારકી જીવોની પણ ૪ લાખ તેમજ તિર્યંચ પંચેન્દ્રિયના પશુ-પક્ષીઓની પણ ૪ લાખ યોનિ સંખ્યા છે. અને અન્તે ૧૩માં વિભાગના વર્ગીકરણમાં મનુષ્યોને ઉત્પન્ન થવા માટે ૧૪ લાખ યોનીઓની સંખ્યા બતાવવામાં આવી છે. તથાપ્રકારના ભિન્ન-ભિન્ન વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સચિત્ત-અચિત્ત-શીત-ઉષ્ણ-સંવૃત્ત, વિવૃત્ત, આદિ ઘણાં ભેદો છે. તેના પરસ્પર ઓછા વધતા અંશે હોવાપણાના આધારે યોનીઓના ભેદ પડે છે. આવી રીતે ગણિતના આધારે વર્ણાદિ ભેદે યોનીઓની સંખ્યા ૮૪ લાખની થાય છે. આમાં ખાસ યાદ રાખવા જેવો ખુલાસો એ છે કે આ ૧૪ લાખની સંખ્યા માત્ર મનુષ્યોની નથી. વસતિ ગણતરીની દૃષ્ટિએ જે માત્ર સંખ્યા ગણવામાં આવે છે. તે રીતે મનુષ્યોની વસતિની સંખ્યા નથી. મનુષ્યોની વસતિ ગણતરીની દૃષ્ટિની સંખ્યા આજે ભારત દેશમાં ૯૩ કરોડ ઉપર છે. આખી દુનિયાની માનવ વસતિ ૬૦૦ કરોડ (૬ અબજ) ઉપર છે. માટે માનવની વસતિ સંખ્યા એ જ યોનિ સંખ્યા નથી. અહીં યોનીઓ તો માત્ર ઉત્પત્તિ સ્થાન છે. મનુષ્ય ગતિમાં જીવોને જન્મ ધારણ કરવા માટે ઉત્પત્તિ સ્થાન સ્વરૂપ યોનીઓ છે. આવી યોનીઓની ગુણધર્મ-તથા વર્ણાદિની તેમજ સચિત-અચિત, સંવૃત્ત વિર્વતાદિ પ્રકારની સમાનતાઓના આધારે યોનીઓની સંખ્યા સમાન ગણાશે. આવી રીતે ફક્ત ૧૪ લાખ મનુષ્ય યોનીઓ હોવા છતાં પણ તેમાં ઉપજતા મનુષ્યોની સંખ્યા ૬૦૦ કરોડ વર્તમાન વિશ્વમાં છે. જ્યારે સમસ્ત અઢી દ્વીપમાં જેટલી માનવ જાતિ છે તે બધાને પણ ઉત્પન્ન થવા માટે યોનીઓની સંખ્યા ૧૪ લાખની જ છે. યાદ રાખજો આ સંખ્યા શાશ્વત છે. સદા કાળ આટલી જ સંખ્યા રહેવાની છે. વસતિમાં ગમે તેટલો વધારો-ઘટાડો થાય તેથી યોનીઓની સંખ્યામાં વધ-ઘટ થવાની નથી. આ રીતે જીવો આવતા જાય છે, ઉત્પન્ન થતા જાય છે. અને જન્મ-મરણનો આ સંસાર ચાલ્યા જ કરતો હોય છે, આ રીતે પૃથ્વીકાયથી મનુષ્યો સુધી જીવોની ઉત્પત્તિ યોનીઓની

દૃષ્ટિએ ૧૩ વિભાગ પાડ્યા અને તેમાં બધાની અલગ-અલગ યોનિ સંખ્યાનું સૂચન કર્યું છે, આ રીતે કુલ ૮૪ લાખ યોનીઓની સંખ્યા આવે છે, નહીં કે સમસ્ત જીવ સૃષ્ટિની સંખ્યા. સમસ્ત જીવનસૃષ્ટિના જીવોની સંખ્યા આ સંસારમાં અનંતની છે. અનંતની સંખ્યાને કેવી રીતે ફક્ત ૮૪ લાખમાં સમાવી શકાય? માટે ભ્રમણા ન થવી જોઈએ. આ સમગ્ર લોકમાં અનંતા જીવોને ઉત્પન્ન થવા માટે અર્થાત્ શરીર ધારણ કરીને સંસારના વ્યવહારમાં આવવા માટે ફક્ત ૮૪ લાખ ઉત્પત્તિયોનીઓ છે. આમાં જ જીવો આવીને ઉત્પન્ન થઈને શરીર ધારણ કરીને જીવન જીવે છે. જીવન કાળ સમાપ્ત થતા મૃત્યુ પામે છે અને જીવો પાછા બીજી ગતિમાં જાય છે. બીજો જન્મ ધારણ કરે છે. અને ત્યાં પણ આયુષ્ય કાળ પ્રમાણે જીવન જીવે છે. ફરી તે જીવન (આયુષ્ય) પૂર્ણ થતા ત્યાંથી પણ જીવ બીજા જન્મમાં બીજી ગતિમાં જાય છે, અને જન્મ લઈ ત્યાનું જીવન જીવે છે. આ રીતે અનાદિકાળથી જ ગતિઓમાં ૮૪ લાખ જીવ યોનીઓમાં જન્મ-મરણ ધારણ કરતા-કરતા જીવો આ સંસાર ચક્રમાં પરિભ્રમણ કરતા જ રહે છે.



૪ ગતિઓમાં ગમનાગમન–

આ સંસારમાં ૪ ગતિઓ છે. ૧) તિર્યંચ ગતિ, ૨) નરક ગતિ, ૩) મનુષ્યગતિ, અને ૪) દેવગતિ, ગતિઓની અપેક્ષાએ જીવો ૪ પ્રકારના છે. ચારે ગતિઓમાં રહે છે માટે ૪ પ્રકારના કહેવાય છે. નામકર્મના વિભાગમાં ગતિ નામકર્મ નામની એક વિશિષ્ટ પ્રકારની પ્રકૃતિ છે. જે જે જીવની જેવા પ્રકારની આ ગતિ નામકર્મની પ્રકૃતિ બંધાઇ હોય છે તેના આધારે જીવો તે તે ગતિમાં જાય છે.

સંસારમાં જીવો શુભ-અશુભ બન્ને પ્રકારના કર્મોનું ઉપાર્જન કરે છે. અને આ કર્મોના આધારે જીવો શુભ-અશુભ ગતિઓ નિર્માણ કરે છે. માટે જીવો સ્વકૃત કર્મોના કારણે તે તે ગતિઓમાં જાય છે. અને જન્મ લે છે.

પ્રથમ ચિત્રમાં ૪ ગતિઓ દર્શાવવામાં આવી છે. કેન્દ્રમાં રહેલા અનંતા જીવો ચારે ગતિઓમાં જતા હોય છે. બીજા ચિત્રમાં દેવગતિના દેવતાના જીવો-મૃત્યુ પામ્યા પછી ૨ ગતિઓમાં જાય છે તે દર્શાવવામાં આવ્યું છે. દેવતાના જીવે સ્વર્ગના દેવભવમાં ઉપાર્જિત કરેલા કર્માનુસાર તેતે ગતિમાં જાય છે. શુભ પુણ્ય ઉપાર્જન કર્યું હોય તો દેવતા મનુષ્યની સારી ગતિમાં જાય છે. અને અશુભ નામ કર્મના કારણે તિર્યંચની પશુ-પક્ષીની ગતિમાં જઇને જન્મ લે છે. લગભગ આ દેવતાઓની સંખ્યામાંથી ૯૦% દેવતાઓ તિર્યંચની ગતિમાં જઇને જન્મ લેતા હોય છે. જ્યારે માંડ ૧%થી ૧૦% દેવતાઓ એ જેણે શુભ પુણ્ય યોગે મનુષ્ય ગતિ ઉપાર્જિત ફરી હોય તેઓ મનુષ્ય ગતિમાં જઇને જન્મ ધારણ કરે છે. દેવતા બે ગતિઓમાં જ જાય છે.

એવી જ રીતે નરક ગતિના નારકી જીવોનું ગમન પણ ૪ માંથી ફક્ત ૨ ગતિમાં જ થાય છે. ૯૯% નારકી જીવો નરકનું પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને તિર્યંચ ગતિમાં જાય છે. જ્યારે બચેલા ૧% ટકા જ નારકી જીવો બહુ મુશ્કેલીથી મનુષ્યની શુભ (સદ્) ગતિમાં જાય છે. યાદ રાખવા જેવી સ્પષ્ટ વાત એ છે કે દેવતા મરીને સીધા નરક ગતિમાં જતા નથી, નારકી બનતા નથી. એવી જ રીતે નરકગતિના નારકી જીવો પણ સીધા નરકમાંથી દેવ ગતિમાં જતા નથી, દેવ બનતા નથી. એવી જ રીતે દેવ મરીને તરત જ પાછો દેવ બનતો નથી અર્થાત્ તરત જ પાછો બીજો ભવ દેવગતિમાં કરતો નથી. માટે દેવતા દેવગતિમાં તરત જ જઇને દેવ ભવ લેતો નથી. એવી જ રીતે નારકી જીવ પણ મરીને તરત જ નારકી થતો નથી. અર્થાત્ તરત બીજો ભવ નરક ગતિમાં કરતો નથી. આ રીતે દેવતા નારકી નથી બનતા અને નારકી તુરંત દેવતા નથી બની શકતા. હા, એક ભવ મનુષ્ય કે તિર્યંચગતિમાં કરીને પરી પાછા દેવ કે નારકી બની શકે છે. માટે દેવ-નારકને જવાની ગતિઓ માત્ર ૨ જ બતાવી છે.

ચિત્ર નંબર ૪માં મનુષ્યની ગતિ મનુષ્યો ચારે ગતિઓમાં જઇ શકે છે તે દર્શાવ્યું છે. મનુષ્યો મરીને નરક ગતિમાં પણ જાય છે. એવી જ રીતે સ્વકૃત કર્માનુસાર તિર્યંચ ગતિમાં જઇને પશુ-પક્ષીના ભવો પણ લે છે. સારા શુભ પુણ્ય કર્યા હોય તો મનુષ્યનો જીવ મૃત્યુ પછી મનુષ્યગતિમાં પણ પાછો જન્મ ધારણ કરીને મનુષ્ય બને છે. અને એનાથી પણ વધારે સારા પુણ્યના બળે દેવગતિમાં પણ જાય છે. ત્યાં સ્વર્ગમાં દેવતા તરીકે જન્મે છે. દેવ બને છે. આ રીતે મનુષ્ય ગતિના માનવો મૃત્યુ પછી ચારે ગતિઓમાં જાય છે અને ચારેય ગતિઓમાંથી જીવો મનુષ્ય ગતિમાં આવે પણ છે. ગમના-ગમન ચારેય ગતિઓમાં થાય છે.



પાંચમાં ચિત્રમાં તિર્યંચ પશુ-પક્ષીના જીવોની ગતિ બતાવવામાં આવી છે. અને એ તિર્યંચના જીવો મૃત્યુ પછી ચારેય ગતિઓમાં જાય છે. પશુ-પક્ષીઓ કૃમિ-કીડા-મકોડા આદિ પણ જીવસૃષ્ટિના જીવો જ છે. એમને પણ રાગ-દ્વેષાદિના આધારે કર્મોનો બંધ થાય છે. અને એ જીવો પણ મૃત્યુ પછી મરીને ચારેય ગતિઓમાં જઇને જન્મે છે. તિર્યંચો મરીને ઘણા નરક ગતિમાં જઇને નારકી બને છે. ૭ નરક પૃથ્વીઓ છે. સાતેય નરકમાં ઉપજે છે. ઘણા તિર્યંચો મૃત્યુ પછી પાછા તિર્યંચ ગતિમાં જ જન્મતા હોય છે.

એકેન્દ્રિય-વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય એમ એકથી પાંચ ઈન્દ્રિયોવાળા બધા જીવો તિર્યંચગતિમાં ગણાય છે. આ એકેન્દ્રિ-વિકલેન્દ્રિય ના જીવો નું ગમનાગમન સ્વકાયસ્થિતિ આદિના કારણે... ફરી-ફરીને તિર્યંચ ગતિમાંજ થાય છે. એવા અસંખ્યાતા ભવો સુધી વારંવાર તિર્યંચની એકજ ગતિમાં જન્મતા-મરતા હોય છે. ગતિ પરિવર્તન કર્યા વગર પણ તિર્યંચ ગતિના જીવો ને અસંખ્ય વર્ષોનો કાળ વીતિ જાય છે. એક જ તિર્યંચ ગતિમાંજ જન્મ-મરણ ધારણ કરતા-કરતા આટલો લાંબો કાળ વિતાવી દે છે. એક તિર્યંચ ગતિમાંથી બહાર જ નથી નિકળતા જ્યારે સિંહ-વાઘ-ચિત્તા વગેરે કેટલાય તિર્યંચ પંચેન્દ્રિય સ્થલચર પશુઓ ૧ જ ભવ કરીને તરતજ મૃત્યુ પછી નરક ગતિ માં જાય છે.

તિર્યંચ ગતિમાંથી મનુષ્ય ગતિમાં પણ જીવો જાય છે. મનુષ્યો બને છે. તિર્યંચ ગતિમાં પણ પશુ-પક્ષીઓમાંથી ઘણાં પરોપ્કાર આદિ દ્વારા શુભ પુણ્ય ઉપાર્જન કરે છે. ગાય-ભેંસ વગેરે આખી જિન્દગી પોતાનું દૂધ આપીને પરોપકાર કરીને મનુષ્ય

ની સારી ગતિમાં જન્મ મેળવે છે. એટલું જ નહીં ઘણાં તિર્યંચ પશુ-પક્ષીઓ મૃત્યુ પછી દેવગતિમાં જઈને દેવતા તરીકે પણ જન્મે છે.

શાસ્ત્રોમાં એવા સેંકડો દૃષ્ટાન્તો મળે છે જેવા કે ચંડકૌશિક સાંપ પણ છેલ્લે-છેલ્લે ભ. મહાવીર થી પ્રતિબોધ પામીને ૧૫ દિવસનું અણસણ કરીને પાપ કર્મો ઓછા કરીને, મરીને ૮માં દેવલોકમાં દેવતા બને છે.

એવી જ રીતે જિનદાસ શેઠ ગાયના બે વાછરડાઓને રોજ ધર્મ સંભળાવતા હતા, આરાધના કરાવતા હતા એ રીતે વાછરડાઓ પણ વ્રત-નિયમ પચ્ચકખાણ કરતા થઈ ગયા હતા... અને આવી સુંદર આરાધના કરીને મૃત્યુ પછી દેવગતિ માં જન્મ લઈ દેવતાઓ બન્યા હતાં. આ રીતે તિર્યંચ ગતિ ના જીવો ચારેય ગતિઓ માં જઈને જન્મ લે છે. અને દેવગતિમાંથી આવી દેવતાઓ તિર્યંચ ગતિમાં એકેન્દ્રિય ની જાતિમાં પૃથ્વીકાય માં હીરા, રત્નો, સોના, ચાંદી તરીકે પણ જન્મે છે. કોઈ જીવ ઉંચી સારી સદ્‌ગતિ માંથી સ્વકૃતકર્માનુસાર નીચે દુર્ગતિઓમાં જઈને જન્મે છે. નરક અને તિર્યંચ બે દુર્ગતિ છે. જ્યારે દેવ અને મનુષ્યની આ બે ઉંચી કક્ષાની સારી સદ્‌ગતિ કહેવાય છે. શુભ પુણ્યકર્મના ઉદયે જીવને ઉંચી સદ્‌ગતિ મળે છે. જ્યારે અશુભ પાપકર્મના ઉદયે જીવોને દુર્ગતિની પ્રાપ્તિ થાય છે. જેવા કરેલા કર્મ હશે તેને અનુરૂપ તેવી ગતિની પ્રાપ્તિ થશે.



આ ૪ ગતિઓમાં એક નય બીજો પણ છે તે રીતે પણ વિચારી શકાય છે. મોટા ભાગે સ્થૂલ દૃષ્ટિથી મનુષ્યની તથા તિર્યંચની ગતિ કર્મ કરવાની ગતિ છે. જ્યારે આ ઉપાર્જિત કર્માનુસાર ફળ ભોગવવાની ગતિ દેવ અને નરકની છે. આ સ્થૂલ દૃષ્ટિથી જોવામાં આવે છે. જો કે મનુષ્યના ભવમાં પાપ કર્મોનું પ્રમાણ ઓછું હોય તો જીવ તિર્યંચ ગતિમાં જઈને પશુ-પક્ષી બનીને પણ પાપ કર્મોના ફળ ભોગવે છે. પરંતુ પાપ કર્મોનું પ્રમાણ અત્યંત વધારે હોય છે ત્યારે જીવ નરક ગતિમાં જઈને ઉત્પન્ન થાય છે. અને ઘણાં વધારે પ્રમાણમાં અશુભ વિપાકો લાંબા કાળ સુધી ભોગવતો રહે છે. એવી જ રીતે શુભ પુણ્ય કર્મ ઉપાર્જન કર્યું હોય તો તેના વિપાકો મનુષ્ય-દેવની ગતિમાં જઈને ભોગવે છે. આવી રીતે વિપાક સૂત્ર નામક આગમ શાસ્ત્રના આધારે કર્મકરણીની પ્રાધાન્યતાની દૃષ્ટિથી મનુષ્ય તથા તિર્યંચની ગતિની વહેંચણી અને તે બન્ને ગતિઓમાં કરેલા શુભાશુભ કર્મોના ફળ અર્થાત્ વિપાકો ભોગવવા માટે જીવો દેવ-મનુષ્યની ગતિઓમાં જાય છે. શુભ પુણ્ય કર્મના આધારે સુખની પ્રાપ્તિ થાય

છે તે ભોગવવા જીવ દેવગતિમાં જાય છે. જ્યારે ઉત્કૃષ્ઠ કક્ષાના અશુભ (પાપ) કર્મોના વિપાકે દુઃખની પ્રાપ્તિ જીવોને વધારેમાં વધારે નરક ગતિમાં થાય છે. આ રીતે વિપાકની દૃષ્ટિએ ૨ ગતિ ફળ ભોગવવાની અને ૨ ગતિ કર્મ કરવાની મળે છે. આ પ્રમાણે જ જીવોનો સંસાર ચાલ્યા કરે છે.

સતત ગતિશીલ સંસાર ચક્ર–

સંસ્કૃત ભાષાની ''સૃ-ગતૌ'' ધાતુથી સંસાર શબ્દ બનેલો છે. જેની વ્યુત્પત્તિ કરતા સ્પષ્ટ અર્થ જણાવવામાં આવે છે કે... સતત-નિરંતર-અખંડપણે ગતિ ચાલતી જ રહે એનું નામ સંસાર છે. પહેલા આપણે ભૌગોલિક-ખગોલિક સંસારની વાત કરી જે લોક સ્વરૂપે છે. બ્રહ્માણ્ડ સ્વરૂપે છે. અનંત જીવોના અસ્તિત્વવાળો છે. અનંત અજીવ-જડ-પુદ્ગલ પરમાણુઓનો ભરેલો છે. આ સ્થિર જગતની વાત થઈ. આ પંચાસ્તિકાયાત્મક લોકસ્વરૂપ બ્રહ્માણ્ડ સ્થિર સંસાર છે. એવી ઓળખ થાય છે. જ્યારે આ સંસારનું આંતરિક સ્વરૂપ કંઈક જુદું જ છે. સતત અખંડપણે નિરંતર જ્યાં જીવો ગતિ કરતા જ હોય છે એનું નામ છે સંસાર. આ સંસારમાં જીવોની સંખ્યા અનંતની છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ દેહધારી નિગોદના અદૃશ્ય જીવોથી લઈને મનુષ્ય-દેવ-સુધીના સ્થૂલ મોટા દેહધારી અનંત જીવો છે. ૪ ગતિ અને ૫ જાતિના વિભાગમાં વહેંચાયેલા અનંતા જીવો સંસારી અવસ્થામાં કાયમ-માટે એક જ ગતિમાં બેસી રહેતા જ નથી. સંસારી જીવ માત્ર કર્માધીન છે. કર્મગ્રસ્ત છે. કર્મોના બંધનથી બંધાયેલા છે. એક માત્ર સિદ્ધ પરમાત્મા જ કર્મ રહિત છે. જે કર્મ રહિત થઈને સિદ્ધ થઈ ચુક્યા છે તે લોકાગ્રે સ્થિર છે. તેમને ગતિ-આગતિ કંઈ જ નથી. તેમને જન્મ-મરણ પણ નથી. તેમને દેહ ધારણ કરવાપણું નથી માટે અશરીરી છે.



સંસારી જીવ સશરીરી-દેહધારી છે. દેહ ધારણ કરવા માટે જન્મ લેવો જરૂરી છે. જન્મ લેવા માટે કોઈ પણ યોનિમાં જવું જરૂરી છે. તે યોનિ-ઉત્પત્તિસ્થાનમાં જઈને સ્વકર્માનુસાર શરીરની રચના કરે અને શરીર રચનાનો કાળ પૂર્ણ થઈ ગયા પછી ગર્ભકાળની સમાપ્તિ પછી, જન્મ લઈ આ અવનિતલ ઉપર અવતરે. પછી પોતાનું જીવન જીવે. આયુષ્ય કર્મને આધીન જેટલા વર્ષો સુધી જીવવાનુ હોય તેટલું જીવન જીવીને આયુષ્યની સમાપ્તિ પછી મૃત્યુ પામીને બીજી ગતિમાં બીજા જન્મમાં

જઈને જન્મ લે. ત્યાં પણ આ રીતે જ જીવન જીવીને મૃત્યુ પામીને ફરી ત્રીજા જન્મમાં જાય. એમ કરતા-કરતા સંસારના વ્યવહારમાં ૮૪ના ચક્કરમાં ફેરા ફર્યા જ કરે છે.

ચિત્રમાં દર્શાવ્યા અનુસાર નિગોદના ગોળામાં અનન્તા જીવો છે. કોઈ એક જીવના મોક્ષમાં જવાથી નિગોદના ગોળામાંથી એક જીવ બહાર આવે છે. અને તે આ સંસારના ચક્રમાં જન્મ-મરણના ફેરા ફરે છે. ચિત્રમાં જે વર્તુળો દર્શાવવામાં આવ્યા છે તે પ્રમાણે વલયાકારે એક પછી બીજો, બીજા પછી ત્રીજો એમ અનંતા વલયોમાં જે ચિન્હો દેખાડ્યા તે એક-એક ભવના ચિહ્ન છે. આ બધા જન્મોના નામ વગેરે બધી વિગતો કેવળીઓના જ્ઞાનમાં નિશ્ચિત છે. એમાં બે મત નથી, પરંતુ એટલા બધા અનંતા ભવો તેના નામો વગેરે જાણવા જેટલી ફુરસદ કે સમય કોની પાસે છે? સર્વજ્ઞ કેવળજ્ઞાની ભગવાન પોતાના જ્ઞાનયોગથી જાણે છે માટે કહી શકે. એમાં ના નથી પરંતુ વીતેલા અનંતા ભવો કહેવામાં પણ તેમને સમય તો લાગવાનો જ છે. કેવળજ્ઞાનનો ગુણ છે કે એકી સાથે અનંતા ભવો જાણી શકે છે. કેવળદર્શનનો ગુણ છે કે એ અનંતા જન્મોને એકી સાથે જોઈ પણ શકે છે. પરંતુ કહેવા બેસે તો એકી સાથે અનંતા ભવો કોઈ કેવળી પણ કહી ન શકે. ક્રમશઃ જ કહેવાશે અને ક્રમપૂર્વક કહેવામાં કાળ લાગવાનો જ છે. કલ્પના કરો કે - ૧ સેકન્ડનો ૧ ભવ કહે. ફક્ત તે ભવનો ગતિ-જાતિથી નામોલ્લેખ કરે અને આગળ વધતા જ જાય. આ રીતે ફક્ત નામોલ્લેખ કરે અને બીજી કોઈ વિસ્તૃત માહિતી ન પણ આપે તો પણ ૧ મિનિટમાં ૬૦ ભવો જ કહી શકશે. અને એવા એક કલાકમાં ૩૬૦૦ ભવો કહી શકો. અને ૨૪ કલાકના આખા એક દિવસમાં અખંડપણે કહેતા-કહેતા ૮૬૪૦૦ ભવો કહી શકશે. એવી રીતે અખંડપણે ૧ મહિના સુધી (૩૦ દિવસ)માં ૨૫૯૨૦૦૦ ભવો કહે અને હજી અખંડપણે કહેતા-કહેતા ૧૨ મહિનાના ૧ વર્ષ દરમિાન-૨૩૩૧૮૦૦૦૦ એક જીવના ભવો કેવળી ભગવાન બતાવે અને બીજા ત્રીજા વર્ષે આગળ આગળ અખંડપણે કહેતા જ જાય તો એક કેવળી ભગવાન ૧૦૦ વર્ષ સુધી અખંડપણે કહેતા-કહેતા ૨૩૩૧૮૦૦૦૦૦૦ ભવો કહી શકે. માની લઈએ કે કેવળજ્ઞાનીનું આયુષ્ય ૧૦૦૦ વર્ષનું છે. અને હજાર વર્ષો સુધી અખંડપણે આ રીતે ભવસંખ્યા જ કહેતા રહે તો... ૨૩૩૧૮૦૦૦૦૦૦૦૦ ભવો માંડ કહી શકે. એ પછી એ કેવળી ભગવાનનું પોતાનું આયુષ્ય પુરૂ થઈ જાય અને તેમના પછી બીજા કેવળી ભગવાન તે ભવસંખ્યાની આગળ કહેવાની શરૂઆત કરે. અને તે પણ આવી જ રીતે ૧૦૦૦ વર્ષ સુધી અખંડપણે કહેતા જ રહે તો કેટલા ભવો કહી શકે? અને એવા કદાચ ૧૦૦૦ કેવળી ભગવન્તો ક્રમશઃ કહેતા જ જાય... કહેતા જ જાય... તો ૧૦૦૦ કેવળીઓના અંતે ૧ જીવની ભવસંખ્યા કેટલી

કહેવાઈ અને હજી કેટલી કહેવાની બાકી રહે? આ ઉત્તર આપણે કેવી રીતે સમજવો શું એ જીવના ભવોની સંખ્યા પૂરી થઇ ગઇ હશે?

ના... જ્યાં સુધી સંખ્યાની ગણતરીના માપમાં આવશે-ગણાશે ત્યાં સુધી બધી સંખ્યાત અંકોની જ સંખ્યા આવશે. અને સંખ્યાતની કક્ષા પૂરી થઇ ગયા પછી અસંખ્યની સંખ્યા આવશે. અને અસંખ્યની મહા સીમા પૂરી થઇ ગયા પછી અનંતની સંખ્યા આવશે. આવી રીતે જૈન શાસ્ત્રોમાં સંખ્યાત-અસંખ્યાત અને અનંતની એવી ત્રણ પ્રકારની સંખ્યાઓ ગણવામાં આવે છે. શીર્ષ પ્રહેલિકા સુધી સંખ્યાની સીમા છે. અસંખ્યની ગણતરી એના પછી પણ ઘણી લાંબી-મોટી છે. અને અનંતની સંખ્યા તો સર્વથા ગણતરીની બહાર જ છે. એક પાણીના ટીપામાં જીવોની સંખ્યા અસંખ્યની છે. જ્યારે કાંદા, બટાકા વગેરે અનંતકાયમાં અનંતા સાધારણ વનસ્પતિકાયિક જીવોની સંખ્યા છે. આ અનંતકાય નામકરણની પાછળ સ્પષ્ટ હેતુ જણાય છે કે કાયા એક છે અને એ એક કાયામાં રહેનારા જીવોની સંખ્યા અનંતની છે. અનંત જીવોનો એક પિણ્ડ છે માટે અનંતકાય છે.

સંસાર ચક્રમાં પરિભ્રમણ કરતા કરતા જીવે કેટલો કાળ વિતાવ્યો? એનો જવાબ પણ કેવળી અનંતની સંખ્યાના શબ્દનો પ્રયોગ કરીને જ આપશે. એવા અનંત પુદ્ગલ પરાવર્તકાળ આ સંસારમાં વીતી જાય છે. એટલા લાંબા કાળમાં એક જીવે જન્મો (ભવો) કેટલા કર્યા? એનો ઉત્તર પણ સર્વજ્ઞપ્રભુ અનંતની સંખ્યામાં જ આપશે.

કેટલા ભવો કહ્યા ? અને હજી કેટલા ભવો કહેવાના બાકી છે?–

હજારો કેવળજ્ઞાનીઓ એક સંસારી જીવના ફક્ત થઇ ગયેલા (વિતેલા) ભવોની સંખ્યા કહેવા માંડે... અને એમાં ૧ સેકંડનો એક ભવ કહે. આ તો ઘણી સ્થૂલ ગણતરી થશે. એના કરતા અસત્ કલ્પનાથી વિચાર કરીએ... એક કેવળી પોતાના





હજાર મોઢાની રચના કરે છે, અને તે હજાર મોઢાથી જો ૧ સેકંડમાં એક એમ હજાર ભવો ફટાફટ કહેવા માંડે અને પછી તે કેવળી ભગવંત હજાર-હજાર વર્ષોના આયુષ્યવાળા હોય અને અખંડપણે ૧ સંસારી જીવના ભવો જો કહેતા જ જાય... અખંડપણે કહેતા જ જાય તો કેટલા ભવો કહી શકે? હજારો કેવળી ભગવંતો અખંડપણે લાખો વર્ષો સુધી ૧ જીવના થઇ ગયેલા ભવોની સંખ્યા કહે... ''અનંત'' ભવો કર્યા છે. પરંતુ આ

અનંતની સંખ્યા આપણા જેવા સામાન્ય માણસની સમજમાં ન આવે. કારણ કે પરમાત્મા સર્વજ્ઞનું જ્ઞાન જેટલું અનંતગણું છે. એટલું આપણું અજ્ઞાન વધારે છે. જ્ઞાનાવરણીય કર્મના ઉદયે અજ્ઞાનનું પ્રમાણ વધારે છે. એટલે કેવળીનું જ્ઞાન અનંતગણું અને આપણું અજ્ઞાન અનંતગણું હોય ત્યાં કેવળીની વાત આપણને કેવી રીતે સમજાય? બીજી બાજુ માત્ર સ્વપક્ષે આપણા આત્માનો વિચાર કરીએ તો સ્પષ્ટ ખ્યાલ આવશે કે... આપણું પોતાનું જ્ઞાનાવરણીય કર્મ કેટલું છે? જ્ઞાન અનંત છે તો તે જ્ઞાનનું આવરક-આચ્છાદક કર્મ પ્રણ અનંતગણું જ હોય. એ સત્તામાં રહેલા જ્ઞાનાવરણીય કર્મની સામે આપણું જ્ઞાન કેટલું ઉદયમાં છે? એ પણ પાછું ક્ષયોપશમ ભાવનું? એના ઉત્તરમાં આ રીતે કહેવાશે કે અનંતગણા જ્ઞાનાવરણીય કર્મના ઉદયની સામે માત્ર અનંતમા ભાગનું જ જ્ઞાન પ્રગટ હોય છે. આવી અનંતમા ભાગના જ્ઞાનોદયની સ્થિતિમાં આપણે અનંતજ્ઞાનીના જ્ઞાનની વાતો સમજવી છે. ગળે ઉતારવી છે. અને એ પણ પાછી તર્ક-યુક્તિ-બુદ્ધિપૂર્વક જ... કેવી રીતે સંભવે? એમાં પણ અહંવૃત્તિ પડી છે... મને ગળે ઉતરે તો જ સાચું માનું? મને સમજાય તો જ સાચું? અરે! આ શું? સર્વજ્ઞ કેવળી-અનંતજ્ઞાનીની વાતને આ અનંત ગણો અજ્ઞાની જીવ સાચુ કહે તો જ સાચુ? નહીંતર ખોટું આ શું વાત છે? આવી વાત ક્યાં સુધી યોગ્ય ગણાય?

કાલ્પનિક દૃષ્ટાન્તથી અનંતા ભવોની વાત સમજાવવા ઉપમા તરીકે એ રીતે કહેવામાં આવે કે... એક મહાસાગરમાં પાણીનું પ્રમાણ કેટલું? એ મહાસાગરના પાણીના ટીપાઓ કરીએ તો તે ટીપાઓની સંખ્યા કેટલી આવે? અનંતાનંતની આવી શકે... તેવા મહાસાગરના કાંઠે એક ચકલો પાણી પીવા આવે અને તે ચકલાએ જેટલું પાણી પીધું છે. તે પાણીના જેટલા સૂક્ષ્મ ટીપાઓ થાય છે તે તેટલા જ ભવો એક જીવના લાખો કેવળીઓએ કહ્યા છે. અને એ મહાસાગરના સમસ્ત પાણીના જેટલા ટીપાઓ બાકી છે. તેટલા ભવો કહેવાના હજી બાકી છે. આટલા બધા ભવો કહેવામાં કેટલો સમય લાગશે? એના ઉત્તરમાં સ્પષ્ટ છે કે... તે ચકલાને બધુ પાણી પીતા જેટલો સમય લાગે તેટલો કાળ કેવળીઓને એક જીવના ભૂતકાળના ભવો કહેવામાં આવશે.

3 જગ્યાએ અનંતકાળ નિર્ગમન-

સર્વ પ્રથમ આ જીવે નિગોદના સૂક્ષ્મતમ ગોળાઓમાં અનંતોકાળ વિતાવ્યો છે. એક શ્વાસ જેટલા સમયમાં ૧૭॥ જન્મો નિગોદમાં કરતો હોય તો કલ્પના કરો કે આપણે ૧૦૦ વર્ષો સુધીમાં કેટલા શ્વાસ લઈએ છીએ. અને એક એક શ્વાસે ૧૭॥ ભવ કરતા કરતા નિગોદમાં જીવો કેટલા ભવો કરે? એક તરફ અનાદિકાળથી







જીવો આ નિગોદાવસ્થામાં છે. અને અનંતોકાળ વિતી ગયો તે છતાં પણ હજી અનંતા નિગોદિયા જીવો એ નિગોદના ગોળામાં જ છે. બધા એમાંથી બહાર નિકળી ગયા નથી. અનંતા કાળમાં એ નિગોદાવસ્થામાં જીવને એમાંને એમાં જ જન્મ-મરણ ધારણ કરતા કરતા કેટલા ભવો થયા? એના ઉત્તરમાં માત્ર નિગોદના જ ભવો અનંતા થયા અને અનંતો કાળ વિતી ગયો છે. પ્રથમ ચિત્રમાં આ દર્શાવાયુ છે. આ રીતે પ્રથમ નિગોદાવસ્થામાં જ જીવનો અનંત કાળ વિતી જાય છે.

નં. ૨) ના ચિત્રમાં નિગોદના ગોળામાંથી બહાર નિકળીને સંસારના વ્યવહારમાં જીવ આવ્યો. હવે આ સંસાર ચક્રમાં પરિભ્રમણ કરતા કરતા જીવને કેટલો કાળ થયો? એમાં પણ અનંતો કાળ વિતી જાય છે. અનંત કાળમાં અનંતા ભવો થઇ જાય છે. આ બીજો અનંતકાળનો તબક્કો જીવ સંસાર ચક્રમાં પરિભ્રમણ કરતા કરતા વિતાવે છે.

ચિત્ર નં. ૩)માં ૧૪ રાજલોકમાં લોકાન્ત (લોકાગ્ર) ક્ષેત્રે અનંત સિદ્ધાત્માઓ વસે છે. ફક્ત ૪૫ લાખ યોજનના વિસ્તારવાળી સિદ્ધશિલાની ઉપર લોકાન્તને અડીને અનંતા સિદ્ધાત્માઓ અશરીરી અવસ્થામાં છે. સંસારનું ૮૪નું ચક્ર પુરું કરીને જન્મ-મરણના અને શરીરના જ બંધનને તોડીને સદાને માટે આત્મા સિદ્ધ-બુદ્ધ-મુક્ત બની સિદ્ધાત્માના સ્વરૂપમાં મોક્ષમાં રહે છે. અહીંયા સિદ્ધોની સાદિ-અનંતની સ્થિતિ છે. સાદિ એટલે આદિ સહિત. શરૂઆતવાળી અવસ્થા એક દિવસે સંસારી આત્મા સંસારની સ્થિતિ સમાપ્ત કરીને ત્યાં મોક્ષમાં આવે છે. તે સાદિ છે. પરંતુ મોક્ષમાં રહેવાપણું અનંતકાલીન

છે. જેનો ક્યારેય અન્ત આવવાનો જ નથી તે અનંત છે. એવી અનંતકાલીન સ્થિતિ મોક્ષમાં સિદ્ધાત્માની છે.

ઉપરોક્ત ત્રણ જગ્યાએ અનંતપણું છે. ૧) નિગોદમાં જીવોના ભવો-અનંત છે. ૨) સંસાર ચક્રમાં પરિભ્રમણ કરતા કરતા ભવોની થયેલી સંખ્યા અનંત છે. અને ૩) મોક્ષમાં સિદ્ધાત્માનો કાળ અનંત છે. આ ત્રણેય અનંતામાં કાળ અનંત વીતે છે. ત્રણે અવસ્થામાં જીવ છે. નિગોદાવસ્થામાં જન્મ-મરણ કરતા કરતા જીવે અનંતા ભવો કર્યા અને અનંત કાળ વિતાવી દીધો અને ત્યાર પછી ૮૪ લાખ યોનીઓમાં-૪ ગતિમાં જન્મ-મરણ ધારણ કરતા-કરતા અનંતા ભવો કર્યા છે. અનંત કાળ વિતાવ્યો છે. અહીં સંખ્યા અનંતની થાય છે. અને અંતમાં સિદ્ધાવસ્થામાં હજી અનંતકાળ વિતવાનો છે તેનો અંત ક્યારેય આવવાનો જ નથી.

નિગોદાવસ્થામાં જીવની સ્થિતિ અનાદિ સાંત હતી એટલે અનાદિપણું હોવાથી આદિ રહિતતા આવે છે. શરૂઆતનો કોઇ છેડો નથી. પરંતુ સાંત એટલે અંત સહિતની અવસ્થા હોવાના કારણે એકવાર તેનો અંત આવી જાય છે. અંત આવવા છતાં પણ ભવસંખ્યા તથા કાળ સંખ્યા પણ અનંતની થઇ છે. ૮૪ લાખના સંસાર ચક્રમાં જીવોની ભવાસ્થિતિ સાદિ-સાંત છે. અર્થાત્ નિગોદમાંથી સંસારના વ્યવહારમાં આવ્યો તે સાદિ-આદિ થઇ. શરૂઆત થઇ અને ક્યાં સુધી રહેશે? કેટલા વર્ષો અને કેટલા ભવો સુધી રહેશે? એના ઉત્તરમાં અનંતની સંખ્યા સૂચવી છે. તે છતાં પણ આ સંસાર ચક્રના જન્મ-મરણ રૂપ ભવવાળી સંખ્યાનો અંત-છેડો એક દિવસે આવે છે. ભવ્યજીવો જે દિવસે મોક્ષે જાય છે તે દિવસે સંસારી અવસ્થાનો અંત આવે છે અને સિદ્ધાવસ્થાની સાદિ શરૂઆત થાય છે. માટે સંસારી અવસ્થા ભવ્યાત્માઓની સાદિ-શાંત છે. હા... અભવ્ય-જાતિભવ્ય (દુર્ભવ્ય) જીવોની સંસારી અવસ્થા સાદિ-અનંત છે. કારણ કે અભવ્યો મોક્ષે જતા નથી. માટે સદા કાળ આ સંસારમાં જ રહે છે. માટે જ અભવ્યપણાનો સીધો અર્થ છે મોક્ષે જવાની યોગ્યતા-પાત્રતાનો સદંતર અભાવ અભવી જીવોને મોક્ષ વિષયક ઇચ્છા-રૂચિ કે ભાવના જ થતી નથી. અને એથી પણ વધારે મોક્ષ નામનું કોઇ તત્ત્વ છે, કે સ્થાન છે કે, આત્માની કર્મ રહિત વિશુદ્ધાવસ્થા છે. તે પણ પામવા જેવી છે. એવી પણ કોઇ રતીભર ઇચ્છા થતી જ નથી. શ્રદ્ધા-સદ્‌ભાવના કંઇ જ નથી થતી. માટે તે મેળવવાની દિશામાં કોઇ નામમાત્રપણ પ્રયત્ન-પુરૂષાર્થ તે જીવ કરતો જ નથી. માટે અભવ્યનો સંસાર અનાદિ-અનંતકાલીન છે.

ભવ્ય જીવોમાં મોક્ષ મેળવવાની યોગ્યતા પુરેપૂરી છે. પરંતુ એકલી યોગ્યતા માત્રથી મોક્ષ મળી નથી જતો. મોક્ષાદિ તત્ત્વો ને જાણવા, માનવા-સતત પુરૂષાર્થ કરવો જ જોઇએ. આ પુરૂષાર્થી મિથ્યાત્વના આવરણ ટળી જાય અને જો સમ્યક્‌ત્વ

પામી જાય તો ભવ્યાત્માનો મોક્ષ નિશ્ચિત થાય જ. ભવ્યપણામાં મોક્ષ વિષયક પાત્રતા-યોગ્યતા ચોક્કસ પડી છે. પરંતુ તે પણ જો સમ્યક્ત્વ પામે તો જ મોક્ષે જઈ શકે, તે વિના નહીં. ઘણાં જીવો ભવ્ય હોવા છતાં પણ સમ્યક્ત્વ પામતા જ નથી માટે મોક્ષે જઈ શકતા નથી. સમ્યક્ત્વ પામવા યોગ્ય દેવ-ગુરૂ-ધર્માદિ તત્ત્વોનો યોગ-સંયોગ જ નથી મળતો માટે તે જીવો વંચિત રહી જાય છે. સમ્યક્ત્વ પામવાની દિશામાં સતત પુરૂષાર્થ કરતા રહેવાથી તથાભવ્યત્વની સ્થિતિ પરિપક્વ થઈ જાય છે અને યથાપ્રવૃત્તિકરણ અપૂર્વકરણાદિ કરીને આત્મશક્તિ ફોરવીને ગ્રંથી ભેદ કરીને જીવ સમ્યક્ત્વ પામી જાય છે. બસ, સમ્યક્ત્વ પામે તે જ દિવસે તે જ ક્ષણે ભવીજીવનો મોક્ષ નક્કી થઈ જાય છે. હવે આ સમ્યક્ત્વ પામેલો જીવ અર્ધ પુદ્ગલપરાવર્તકાળમાં અવશ્ય મોક્ષે જશે જ. આ જ વાતને નવતત્ત્વકારે સિદ્ધાંતરૂપે ફરમાવી છે કે...

अन्तोमुहूत्तमित्तं पिं फासियं हुज्ज जेहिं सम्मत्तं ।
तेसिं अवड्ढ पुग्गल, परियट्टो चेव संसारो ॥ नवतत्त्व ५३ ॥

ફક્ત અંતર્મુહૂર્ત અર્થાત્ ૨ ઘડી જેટલા સમય માટે પણ જે ભવ્ય જીવે સમ્યક્ત્વનો સ્પર્શ કરી લીધો છે તેનો સંસાર હવે ફક્ત અર્ધ પુદ્ગલપરાવર્તકાળ જ શેષ રહે છે. જે સંસાર અનંત પુદ્ગલ પરાવર્તકાળનો હતો. અને આ જીવ ને અનાદિ મિથ્યાત્વના કારણે અનંત પુદ્ગલપરાવર્તકાળ સંસાર ચક્રમાં વીતિ ગયો છે આ રીતે લખવામાં શાસ્ત્રીય ભાષા વિશેષ ઉંચી કહેવાય છે. ૧ પુદ્ગલ પરાવર્તકાળ પણ અસંખ્ય વર્ષોનો હોય છે. ત્યાં અનંત પુદ્ગલપરાવર્ત કાળની ગણના ક્યાં કરવી? કેવી રીતે કરવી? છદ્મસ્થ જીવો માટે અશક્ય પ્રાયઃ છે. જ્યારે સર્વજ્ઞો માટે શક્ય છે. તેઓ ગણના કરીને બતાવે તો કાળનું પ્રમાણ ખ્યાલમાં આવે તે સર્વજ્ઞોની ભાષાપ્રયોગમાં આવેલા શબ્દો છે. અનંત પુદ્ગલપરાવર્ત કાળ. મિથ્યાત્વની અવસ્થામાં આ સંસારમાં જીવનો અનંત પુદ્ગલ પરાવર્તકાળ વીતી ગયો છે. પરંતુ ભવીજીવ સમ્યકત્વ પામી જાય તે દિવસથી આ અનંત પુદ્ગલ પરાવર્તકાળ ભાવિમાં હવે ફક્ત અર્ધ પુદ્ગલ પરાવર્તકાળ જ શેષ રહે છે. બસ, આટલા કાળમાં સમ્યક્ત્વી જીવને મોક્ષની પ્રાપ્તિ અવશ્ય થશેજ, પરંતુ અભવી જીવ માટે અનંતા કાળે પણ મોક્ષની કોઇ સંભાવના રહેતી જ નથી. માટે અભવી અને જાતિભવ્ય-દુર્ભવ્ય જીવો સંસારમાં અનંતકાળ સુધી રહે છે. અને ઘણાં ભવ્યાત્માઓ જે સમ્યકત્વ પામી નથી શકતા તે પણ આ સંસાર ચક્રમાં પરિભ્રમણ કરતા જ રહેશે. આ રીતે આ સંસારનો અંત ક્યારેય આવતો જ નથી. હા... વ્યક્તિગત એક જીવ વિશેષ નિર્ણય કરે તો તેના સંસારનો અંત આવી શકે છે. સમ્યક્ત્વી જીવ ભૂતકાળમાં અનાદિ અનંત કાળ નિગોદના ભવોમાં, તેમજ સંસાર ચક્રમાં જ ગતિઓમાં ૮૪ લાખ જીવયોનીઓમાં

જન્મ-મરણ ધારણ કરતા-કરતા વિતાવી જાય છે. પરંતુ હવે ભાવિકાળ સમ્યક્ત્વી માટે અનંતનો નથી. હવે માત્ર અર્ધ પુદ્ગલ પરાવર્ત કાળ જ શેષ રહે છે. ભલે આટલા કાળના અસંખ્ય વર્ષો થતા હોય અને અસંખ્ય ભવો પણ થતા હોય તો પણ અનંતની સામે ઘણાં ઓછા છે અને અસંખ્ય થવાના પણ નિશ્ચિત નથી. સંખ્યાના ભવોમાં પણ છૂટકારો થઈ શકે છે. એના કરતા પણ સમ્યક્ત્વી જીવ વિશેષ પ્રબળ પુરૂષાર્થ કરીને આગળના સમ્યગ્ જ્ઞાન-ચારિત્ર-તપાદિની સાધના ઉત્તમ કરી લે તો સાવ અલ્પ ભવોમાં પણ સંસારનો અંત આવી શકે છે.

નિગોદ અને સંસાર ચક્રમાં પરિભ્રમણની અવસ્થામાં જે કાળ અને ભવોનું પ્રમાણ અનંત હતું... તેમાં અનંતની સંખ્યામાં ભવો અને વર્ષો વીતિ ગયા પછી અંત આવ્યો અને જીવ મોક્ષે ગયો. પરંતુ મોક્ષમાં ગયા પછી ત્યાંના કામનો અંત ક્યારેય આવવાનો નથી. અનંતાકાળે પણ અંત આવવાની કોઈ શક્યતા નથી. માટે સિદ્ધાવસ્થાનો અનંત કાળ ઘણો મોટો છે. મોક્ષમાં નથી કોઇ કર્મબંધ, ફરી કર્મો બંધાવાના નથી, ફરીથી સંસારમાં પાછા આવવાનું નથી. માટે ફરીથી જન્મ-મરણ ધારણ કરવાના નથી. માટે સદાકાળ અનંતપણું જ રહેવાનું છે.

લક્ષ્યહીન અવસ્થામાં પરિભ્રમણ–

ઘાણીનો બળદ ગોળ-ગોળ ફર્યા જ કરે છે. આંખે પાટા બંધાયા હોય અથવા ન પણ બંધાયા હોય તો પણ બળદને ફરતા જ રહેવું પડે છે. કૂવામાંથી પાણી કાઢવા માટે પણ બળદને ફરતા જ રહેવું પડે છે. ભ્રમ વશ બિચારો મૂકપશુ બળદ એમ વિચારતો હશે કે આખો દિવસ ચાલતા ચાલતા હું કેટલું ચાલ્યો હોઈશ? ૫૦-૧૦૦ કિ.મી. નીકળી ગયો હોઈશ? પરંતુ જ્યારે તેને છોડવામાં આવે છે, પટ્ટાના બંધન ખોલવામાં આવે છે ત્યારે ખબર પડે છે કે હું જ્યાં હતો ત્યાં જ છું. એક ડગલું પણ આગળ નથી વધ્યો. એવી જ રીતે આ



સંસાર પણ ચક્કરડા જેવો છે. ચક્રસ્વરૂપ છે. આ જન્મ-મરણના ચક્રમાં જીવો ગોળ-ગોળ ફરતા જ રહે છે. જે જન્મમાં જ્યાં જાય છે. ત્યાં ફરી પાપો કરતા જ રહે છે અને કર્મો બાંધતા જ રહે છે. ફરી એ બંધાયેલા કર્મોના ઉદયે સુખ-દુઃખ સામે આવે છે. તેને ભોગવવા ફરી જન્મ ધારણ કરીને જીવન જીવવું પડે છે. ફરી તે જન્મમાં નવા પાપો થતા જ જાય છે. અંતે મરણ આવે છે. મૃત્યુ પછી પાછા જીવો બીજા ભવમાં, બીજી યોનિમાં જઈને જન્મ ધારણ કરે છે. તે જન્મમાં જીવન જીવતા ફરી પાપો કરે છે. અને ફરી કર્મો બાંધે છે. આ બાંધેલા સત્તામાં પડેલા કર્મો ફરી ઉદયમાં આવે છે. કર્મોના ઉદયે ફરી દુઃખ-સુખ મળે છે. તેને ભોગવવા પડે છે. ફરી જીવો પાપ કરે છે. ફરી તે પાપો કરતા કરતા નવા ઢગલાબંધ કર્મોનું ઉપાર્જન કરે છે, ફરી તે કર્મો ઉદયમાં આવશે અને ફરી જન્મ-મરણ ધારણ કરતા કરતા આ સંસાર ચક્રમાં ચાલ્યા જ કરવું પડે છે. આ પ્રમાણે આ સંસાર એક ફરતા ચક્ર જેવો છે જે અખંડપણે ચાલ્યા જ કરે છે. જન્મ-મરણ પ્રધાન આ સંસારનું ચક્ર છે. જે અનંતા કાળથી અખણ્ડપણે અને અવિરતપણે ચાલ્યા જ કરે છે. નથી એમાં ક્યારેય ખંડ પડતો કે નથી આ ચક્ર બંધ પડતું. અનંતા જીવોની દૃષ્ટિએ અનંત ભૂતકાળથી આ જ પ્રમાણે ચાલતો આવ્યો છે. અને યાદ રાખજો કે ભવિષ્યમાં પણ અનંત કાળ સુધી અવિરતપણે ચાલ્યા જ કરશે. અનંતા તીર્થંકર ભગવાનો ભેગા થઈને પણ આવી જાય તો પણ આ સંસારનો અંત આવે તેમ નથી. સંસારનો પ્રવાહબદ્ધ ચક્ર અટકે તેમ નથી. માટે સંપૂર્ણ સંસારનો નાશ પણ સંભવ નથી.

સંસાર ચક્ર અનાદિ-અનંત છે. અનંતા જીવોની દૃષ્ટિએ એ અનાદિ-અનંત છે. એક સમ્યક્ત્વી જીવની દૃષ્ટિએ ચોક્કસ આ સંસાર અનાદિ-સાંત છે એમાં ના નહીં. પરંતુ અનંતા જીવોની દૃષ્ટિએ શું? જીવ આ સંસારનો ઘટક દ્રવ્ય છે. આ જીવના જ કારણે સંસાર છે. જીવ જ જો ન હોય તો સંસારનું અસ્તિત્વ જ નહીં રહે અને જીવનું અસ્તિત્વ ત્રિકાળ શાશ્વત છે. જીવ અનાદિ-અનંત કાલીન સત્ સ્વરૂપ દ્રવ્ય છે. જીવના અસ્તિત્વનો નાશ અનંતાકાળે પણ સંભવ નથી. ભલે ભાવી જીવો હોય કે પછી અભવી જીવો હોય. એમાં ના નથી. જીવત્વ સ્વરૂપનું અસ્તિત્વ નષ્ટ થવાવાળું નથી. માટે જીવો શાશ્વત છે. શાશ્વતપણું ત્રૈકાલિક હોય છે. આવી સ્થિતિમાં કાળના બંધનમાં જીવ નથી આવતો. માટે તે કાળથી ઉપર ઉઠતો હોવાથી... અકાળ છે. અથવા કાળના બંધનની બહાર છે. કાલાતીત છે.

જીવ અનાદિ-અનંતકાલીન અસ્તિત્વ ધરાવનાર દ્રવ્ય છે. અને તે સદા કાળ રહેવાનો જ છે. તેના આધારે જન્મ-મરણરૂપ-આ સંસાર ચક્ર સતત ચાલી રહ્યું છે. જીવ શાશ્વત છે. માટે આ સંસાર પણ શાશ્વત છે. સંસારનો સર્વથા નાશ કે મહાપ્રલય ક્યારેય થયો નથી અને અનંત ભવિષ્યમાં ક્યારેય થવાનો પણ નથી. જો આ

સંસારનો નાશ કે મહાપ્રલય થતો જ હોત તો વીતેલા અનંત ભૂતકાળમાં ક્યારનોય થઇ ગયો હોત. તો તો આજે આપણે જે સંસારનું સ્વરૂપ જોઇ રહ્યા છીએ તે કદાચ કંઇ જ જોવા ન મળત. પરંતુ આજે આપણે જે સંસારનું સ્વરૂપ જોઇ રહ્યા છીએ તેમાં જન્મ-મરણ અનંત જીવ સૃષ્ટિ વગેરે બધું જ જોઇ રહ્યા છીએ. બટાટા ડુંગળીમાં અનંત જીવો છે તે પણ ઉત્પન્ન થાય છે. નષ્ટ થાય છે. તે નજરે જોઇ રહ્યા છીએ. કીડી-મકોડા-વગેરેની સંખ્યા કેટલી મોટી છે? એવી જ રીતે સમુદ્રમાં માછલા વગેરે છે તે પણ આપણે જોઇ રહ્યા છીએ. એવી જ રીતે મનુષ્ય જાતિની પણ કરોડોની સંખ્યા આપણે જોઇ રહ્યા છીએ. બીજી તરફ તે તે જીવોના જન્મ-મરણ પણ નિરંતર થઇ રહ્યા છે તે પણ જોઇ રહ્યા છીએ અને જીવોમાં રાગ-દ્વેષ ઇર્ષ્યા-વૈર-વૈમનસ્ય, કલહ-કંકાસ ક્રોધાદિકષાયો વિષય-કષાયની પ્રવૃત્તિઓ અને પરિણતિઓ ભરેલી પડી છે. આ બધું સ્પષ્ટપણે જોઇ રહ્યા છીએ. જે સંસારનું બીજ કારણ છે. તે રાગ-દ્વેષ છે તેના આધારે આ સંસાર ચાલી રહ્યો છે. આ રીતે ભૂતકાળમાં સંસાર આવો જ હતો, આ રીતે જ ચાલતો હતો એના પૂરાવા રૂપે વર્તમાન સંસાર નજર સમક્ષ સ્પષ્ટ છે અને વર્તમાનકાળે જેવું આ સંસારનું અસ્તિત્વ છે એના આધારે ભવિષ્યમાં પણ સંસારનું અસ્તિત્વ રહેવાનું જ છે. આમાં ના નહીં પાડી શકાય. જો વીતેલા ભૂતકાળમાં સંસારના અસ્તિત્વનો સર્વથા-સદંતર લોપ થયો નથી. અભાવ થયો નથી. તો પછી ભવિષ્ય કાળમાં પણ અનંતકાળ સુધી આ સંસારનું અસ્તિત્વ સદા કાળ રહેશે. એમાં ના ન પાડી શકાય. આ રીતે સમષ્ટિગત જીવોની અપેક્ષાએ સંસાર શાશ્વત છે. સદાકાળ રહેનાર નિત્ય છે.

બીજી તરફ જીવમાત્ર સંસારની સંસારી અવસ્થામાં કર્માધીન છે. અનાદિ કાલીન કર્મસંયોગવાળો જ છે. કર્મથી સંયુક્ત-બંધાયેલો હોવાના કારણે જીવ સંસારમાં અનાદિ કાલીન છે. અનાદિ કર્મ સંયોગવાળો હોવાના કારણે અનાદિ સંસારનો યોગ પણ જીવના આધારે અનાદિકાળથી છે જ... પૂ. ચિરંતનાચાર્ય મહારાજ પંચસૂત્ર ના પ્રથમ સૂત્રમાં ફરમાવે છે કે – "अणाइ जीवे, अणाइ जीवस्स भवे, अणाइ कम्मसंजोग निव्वत्तिए" જીવનું અસ્તિત્વ આ જગતમાં અનાદિકાળથી છે. ભવ એટલે સંસાર જીવોનો સંસાર પણ અનાદિકાળથી છે અને અનાદિકાળથી જીવ અને કર્મનો સંયોગ છે. અનાદિ કહેવાથી અનુત્પન્નપણું સિદ્ધ થાય છે. આ જ દિવસ સુધી વીતેલા અનંત ભૂતકાળમાં આ જીવનું અસ્તિત્વ નષ્ટ થયું નથી માટે અવિનાશીપણું પણ સિદ્ધ થાય છે. એટલા જ માટે ભાવીના અનંતકાળમાં પણ જીવનું અવિનાશીપણું એવું ને એવું જ રહેવાનું છે. આ રીતે જીવદ્રવ્ય અનાદિ-અનંત અનુત્પન્ન-અવિનાશી શાશ્વત છે. હવે કર્મસંયોગ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી આ સંસાર પણ રહેવાનો જ છે. માટે સંસાર કર્મજન્ય છે. કર્મ નિમિત્તક છે. કર્મના

કારણે છે. ચોક્કસ સંસાર છે જીવનો, એમાં અંશ માત્ર પણ શંકાને સ્થાન નથી.

અજીવ-જડ પદાર્થનો સંસાર નથી. કારણ કે અજીવ-જડ પુદ્‌ગલ અને પરમાણુઓમાં સુખ-દુઃખની સંવેદનાની અનુભૂતિ નથી. એમાં જ્ઞાન-દર્શનાદિ ગુણો નથી. અજીવને કર્મ લાગતા નથી. અજીવ જડ પોતે જ કાર્મણ વર્ગણાના પુદ્‌ગલ પરમાણુ સ્વરૂપે છે જે આત્માની સાથે ચોંટીને કર્મ બને છે. પણ એને કોઈ ચોંટે એમ નથી. માટે અજીવ-જડનો સંસાર નથી. હા, એ અજીવ દ્રવ્યોનું બનેલું આ ભૌગોલિક ક્ષેત્ર છે. ૧૪ રાજલોક છે. ધર્માસ્તિકાય આદિ એના ઘટક દ્રવ્યો છે. અનંતા પરમાણુઓ છે. પુદ્‌ગલ દ્રવ્યના આ જડ પરમાણુઓનું અસ્તિત્વ પણ શાશ્વત છે. અનાદિ-અનંતકાલીન છે, અવિનાશી નિત્ય છે. હા... ચયાપચય થતું જ રહે છે. સંઘાત-વિઘાત આદિ થતું રહે છે. માટે સ્કંધ-દેશ-પ્રદેશ-પરમાણુની પર્યાયોનું પરિવર્તન થતું જ રહે છે. આ રીતે ઉત્પાદ-વ્યય પણ સતત ચાલ્યા કરે છે. અનંતવાર પરમાણુ અવસ્થામાંથી સ્કંધાવસ્થામાં પરિવર્તન થયું અને ફરી ઉત્પાદ-વ્યય થવાથી અનંતીવાર સ્કંધમાંથી ફરી પરમાણુ અવસ્થા (પર્યાય)માં પરિવર્તિત થતા ગયા આ પ્રમાણે અનંતકાલીન અસ્તિત્વ છે. ધ્રુવ-નિત્યપણું અનાદિ-અનંત છે.

એવી જ સ્થિતિ જીવ દ્રવ્યની પણ છે. દ્રવ્યથી જીવનું અસ્તિત્વ શાશ્વત છે. જડ પરમાણું સ્વરૂપ કર્મોને આધીન સ્થિતિમાં જીવના પણ ઉત્પાદ-વ્યય થતા રહ્યા અને કર્મના નિમિત્તે જન્મ-મરણ થતા ગયા. આવા જન્મ-મરણ પણ અનંતાનંત થઈ ગયા. આ જન્મ-મરણોમાં જીવની પર્યાયો બદલાતી ગઈ. ચારે ગતિની ૮૪ લાખ જીવ યોનિમાં જઈને જીવે જન્મ લીધા છે. આ જન્મો લેવાની પ્રક્રિયાને જ ઉત્પાદ સ્વરૂપે ઓળખવામાં આવે છે. એ જન્મોમાં જેવું સ્વરૂપ ધારણ કર્યું એ એની પર્યાય થઈ. આયુષ્ય કર્મના કાળ પ્રમાણે તે તે જીવન જીવીને એક દિવસ મૃત્યુ પામીને જીવ ચાલ્યો જાય છે. સ્વકૃત કર્માનુસાર બીજી ગતિમાં બીજી યોનિમાં જાય છે. મૃત્યુ પામવું અને એક જીવન સમાપ્ત કરવું એ વ્યય છે. નાશ છે પણ કોનો નાશ? જીવત્વ સ્વરૂપનો-જીવ દ્રવ્યનો સર્વથા નાશ નથી. આ તો માત્ર પર્યાયનાશ છે. વ્યયની આ ક્રિયા પર્યાય પરિવર્તન સ્વરૂપ છે. પણ મૂળભૂત દ્રવ્ય તરીકે જીવ તો અનાદિ-અનંત શાશ્વત છે. પરંતુ આત્મા ઉપર કર્મના થર ઘણાં જામેલા છે તેના કારણે સંસારી અવસ્થામાં ચારે ગતિઓમાં ૮૪ લાખ જીવયોનીઓમાં જન્મ-મરણ સ્વરૂપ ઉત્પાદ-વ્યય થતા જ રહેશે. અને એનાથી પર્યાયો બદલાતી જ રહેશે.

ઉત્પત્તિ યોનીઓ તો ફક્ત ૮૪ લાખ જ છે. જ્યારે જીવોના જન્મ-મરણો અનંતા થયા છે. તો કેવી રીતે અનંતની સંખ્યા સંભવે? એના ઉત્તરમાં સર્વજ્ઞ પ્રભુ ફરમાવે છે કે... એક એક યોનિમાં અનંત-અનંતવાર જીવ જન્મે છે. ઉત્પન્ન થાય છે. મરે છે. તો જ અનંતાનંત જન્મ-મરણો સંભવી શકે છે. આવી રીતે સંસારના

અનંતા જીવોના અનંતા ભવો થયા છે, થાય છે. અને થતા રહેવાના છે. જ્યાં સુધી જીવ કર્મબંધનથી નથી છૂટતો, સંસારથી સર્વથા નથી છૂટતો ત્યાં સુધી નિરંતર આ જન્મ-મરણરૂપ ઉત્પાદ-વ્યયની પ્રક્રિયા ચાલતી જ રહેવાની છે. અખંડપણે ચાલવાની છે. બીજી બાજુ ધ્રુવપણું-નિત્યપણું જીવ દ્રવ્યનું છે તે ત્રૈકાલિક છે. માટે દ્રવ્યસ્વરૂપથી જીવત્વ નષ્ટ થવાનું નથી. ભલે અનેકવાર નરક ગતિમાં છેદન-ભેદન થાય, કપાઈ જાય, ટુકડે-ટુકડે થઈ જાય. અથવા અગ્નિમાં બાળી દેવાય તો પણ જીવ દ્રવ્ય બળતો નથી. માત્ર આ પૌદ્ગલિક શરીર બળે છે. શરીર જડ પુદ્ગલ છે. એ પણ બળીને પરમાણુ સ્વરૂપમાં પરિવર્તિત થાય છે. પરમાણુઓનું પણ અસ્તિત્વ શાશ્વત છે.

આવી રીતે જીવાત્મા અને પરમાણુ બંને દ્રવ્ય શાશ્વત સ્વરૂપે છે. પછી ક્યાં સવાલ છે. સંસારના આ બન્ને મૂળભૂત ઘટક દ્રવ્યો છે. અને બંનેનું અસ્તિત્વ શાશ્વત-ત્રૈકાલિક છે. અનાદિ-અનંત છે. માત્ર પર્યાયોમાં ઉત્પાદ-વ્યય સ્વરૂપે પરિવર્તન થતું રહે છે. બીજી તરફ જીવ અને કર્મનો સંયોગ પણ અનાદિકાલીન છે. જીવનો જડની સાથેનો સંયોગ પણ અનાદિકાલીન છે. જેના આધારે જીવ જડનો સાથ લઈને શરીર ધારણ કરતો જ રહ્યો છે. શરીર જડના ઘરનું છે, શ્વાસોચ્છવાસ, ભાષા મન, ઈન્દ્રિયો, કર્મ આદિ બધા જડના છે. બનાવનાર કર્તા જીવ પોતે છે. જીવ જ પોતાની આવશ્યકતાનુસાર આ બધી રચના કરે છે. બનાવે છે. અને એમાં એમની સાથે રહે છે. આ રીતે આ જીવે જડના સંયોગે અનાદિ કાળથી લઈ આજ દિવસ સુધી અનંત કાળ વિતાવ્યો છે. આ અનંતકાળમાં એક પણ દિવસ... અરે! એક ક્ષણ પણ એવી નથી વીતિ કે જેમાં આ જીવ જડના સંયોગ વગરનો રહ્યો હોય. શરીર પણ જડનું, મન પણ જડ પરમાણુનું, શ્વાસોચ્છ્વાસ પણ જડ પરમાણુની વર્ગણા છે, ભાષા વર્ગણાના પરમાણુઓ પણ જડ છે. અવિરત-નિરંતર જે કર્મો બાંધીએ છીએ તે પણ જડ છે. આવી રીતે અનંત કાળ સુધીમાં જીવ ૧ ક્ષણ માટે પણ જડના સંયોગ વગરનો રહ્યો નથી.

બીજી તરફ એક જ જડ શરીરમાં અનંતકાળ સુધી જીવ રહી શકતો નથી. આયુષ્ય કર્મને આધીન આ જીવની સ્થિતિ છે. માટે આયુષ્ય કર્મે જેટલો કાળ-જેટલા વર્ષોનો સમય આપ્યો હોય એટલા જ વર્ષો સુધી જીવ એક શરીરમાં રહી શકે છે. એ કાળ સમાપ્ત થતા આ શરીર છોડીને જીવને ચાલ્યા જવું પડે છે. એનું નામ જ મૃત્યુ છે એ પછી જીવ બીજી ગતિમાં જાય છે. ત્યાં ફરી સ્વકર્માનુસાર જન્મ લે છે. જીવન જીવે છે. અને ફરીથી ત્યાં પણ આયુષ્યકાળ સમાપ્ત થતા મૃત્યુ પામી ફરી આગળની બીજી ગતિમાં જાય છે. બીજો જન્મ લે છે. ત્યાં ગર્ભસ્થાનમાં ફરીથી ઔદારિક આદિ વર્ગણાના પરમાણુઓનો જત્થો ગ્રહણ કરે છે, અને ફરી શરીરની રચના સ્વકર્માનુસાર કરે છે. તે શરીરમાં પણ આયુષ્ય કર્માનુસાર જીવન જીવે છે અને

એનો પણ આયુષ્યકાળ પૂર્ણ થતા ફરી આગળના જન્મોમાં જાય છે. આ રીતે આ ક્રમ સ્વકર્માનુસાર અનંતા કાળ સુધી-અનંતા ભવો સુધી ચાલ્યા જ કરે છે. બસ, આનું જ નામ છે સંસાર ચક્ર. આવું સંસાર ચક્ર અનાદિ કાળથી ચાલ્યા જ કરે છે અને ભવિષ્યમાં પણ અનંતકાલ સુધી ચાલ્યાજ કરશે. ભૂતકાળમાં અનંત કાળ સુધી ચાલ્યું છે. માટે ભવિષ્યમાં પણ અનંતકાળ સુધી ચાલ્યા જ કરશે. અનંતી જીવ સૃષ્ટિ છે. અનંતા જીવો છે. માટે સંસાર પણ અનંત કાળ સુધી ચાલ્યા જ કરશે. સંસારનો અંત આવવાનો નથી. એવો એક પણ દિવસ આવવાનો નથી કે જે દિવસે આ સંસારમાં એક પણ જીવ નહીં હોય. એક પણ જીવ જન્મ-મરણ નહીં ધારણ કરે, હવે જન્મ-મરણ કરનાર કોઇ છે જ નહીં અથવા કોઇ બચ્યો જ નથી એવું પણ બનવાનું જ નથી. એવું વિતેલા ભૂતકાળના અનંતા વર્ષોમાં બન્યું જ નથી. અને ભવિષ્યના અનંતા વર્ષોમાં પણ બનવાનું જ નથી. માટે આ સંસાર અનાદિ-અનંત કાળથી ચાલ્યા જ કરે છે અને ચાલતો જ રહેશે. એનો અંત સંભવ નથી.

આવા અનાદિ-અનંતકાલીન સંસારના શાશ્વત અસ્તિત્વના સિદ્ધાન્તના આધારે કોઇ એવા ઇશ્વર પણ સંભવ નથી કે જે આ સૃષ્ટિનું સર્જન કરતા હોય કે પ્રલય કરતા હોય. ના સંભવ જ નથી. માટે આવા સર્જનકર્તા, પ્રલયકર્તા ઇશ્વરની કલ્પના કરવી એ પણ મિથ્યા-વિપરીત ધારણા છે. મિથ્યા માન્યતા છે. નિરર્થક છે. સત્યથી સર્વથા વિપરીત છે. આવા ઇશ્વરને કપોલ કલ્પિત માન્યતાવાળા માનવા એ ભ્રમણા છે. એના કરતા પરમેશ્વર પરમાત્માનું જે વાસ્તવિક યથાર્થ સ્વરૂપ છે તે જ માનવું સાચું સમ્યગ્ દર્શન છે. પરમેશ્વર ને સર્વ કર્મ મુક્ત-વીતરાગી અને સર્વજ્ઞ માનવા, જે આવા સંસાર ચક્રથી કર્મબંધનથી મુક્ત થવાનો માર્ગ દેખાડે મોક્ષ માર્ગ અગ્રેસર કરે એવા દૃષ્ટા-માર્ગદર્શકને પરમેશ્વર માનવા વધુ વાસ્તવિક છે. સુસંગત છે. એ જ સાચી શ્રદ્ધા છે. એ જ સાચું જ્ઞાન છે. સર્જક કે સંહારકની ઇશ્વર વિષયક કલ્પના એ મહા મિથ્યાત્વ છે: ભ્રમણા છે.

ભવાભિનંદિ જીવ-



ત્રણે કાળમાં શાશ્વત સ્વરૂપે રહેનારા આ અનાદિ-અનંત સંસાર ચક્રમાં અનંતા જીવો કર્મ સંયોગવશ નિરંતર પરિભ્રમણ કરતા જ રહે છે. જન્મ-મરણરૂપ આ પરિભ્રમણમાં જીવ અનંતકાળ વિતાવે છે, અનંતા ભવો વિતાવે છે. એમાં સર્વથા લક્ષ વિહોણી સ્થિતિ છે. નથી તો સંસારમાંથી મુક્ત થવાનો વિચાર, અને નથી આ જન્મ-મરણના ચક્રોમાંથી છૂટકારો મેળવવાનો વિચાર એક તરફ આ અને આવો

સંસાર શાશ્વત છે. ત્રણે કાળમાં સંસાર ચક્રનું આવું સ્વરૂપ સદા એક સરખું રહેવાનું છે. બીજી બાજુ જીવ દ્રવ્ય પોતે પણ શાશ્વત છે. ઉત્પાદ વ્યય થતાં હોવા છતાં પણ દ્રવ્ય સ્વરૂપે નિત્ય ધ્રુવ છે. ત્રીજી તરફજે જડ કાર્મણ વર્ગણા છે તેનું પણ અસ્તિત્વ ત્રૈકાલિક શાશ્વત છે. અને ચોથી તરફ જીવાત્માની સાથે કર્મનો સંયોગ પણ અનાદિકાલીન છે જેને અનંતકાળ વિતી ગયો છે. જીવાત્માનો પોતાનો મૂળભૂત સ્વભાવ આ સંસારમાં જન્મ-મરણ ધારણ કરવા રૂપ પરિભ્રમણ કરવાનો નથી. આ તો કર્મ સંયોગિક છે. જેમ ઘાણીના બળદનો ગોળ-ગોળ ફરવાનો સ્વભાવ નથી. પરંતુ બેઠેલો માલિક એને ચાબુક મારીને ચલાવતો જાય છે. બળદ તક મળતા ઉભો રહી જાય છે. ત્યાં માલિક તરત ચાબુક મારીને ફરી ચલાવે છે. અને બળદ ત્યાં ઘાણીએ બંધાયેલો હોવાથી માલિકની ચાબુકના આધારે ચાલ્યા જ કરવું પડે છે. ગુલામીમાં ગુલામ વ્યક્તિની હાલત કેટલી ખરાબ હોય છે તેના કરતા પણ અનેક ગણી ભૂંડી બદતર અવસ્થા આ જીવાત્માની કર્મસંયોગે હોય છે. આ કર્મજન્ય સ્વભાવ છે. જીવ માટે તો વિભાવ છે, છતાં સકર્મી અવસ્થા આ જ સ્વભાવ બની જાય છે. પૂજ્ય હરિભદ્રસૂરિમહારાજ આ જીવનું કર્મસંયોગિક અવસ્થાનું લક્ષણ બાંધતા સંસારી પર્યાયના જીવનું સ્વરૂપ જણાવતા સ્પષ્ટ કહે છે કે–

य: कर्ता कर्म भेदानां, भोक्ता कर्मफलस्य च।
संसर्ता-परिनिर्वाता, सह्यात्मा नान्य लक्षण: ॥

–શાસ્ત્રવાર્તા સમુચ્ચય ગ્રન્થમાં લખે છે કે... જે કર્મનો કર્તા છે, જે કર્મના ફળોનો ભોક્તા છે, અને કર્મજન્ય અવસ્થામાં સંસારમાં સંસરણ-પરિભ્રમણ કરતો જ રહે છે તે જ આત્મા છે. જીવ છે. બસ, એના કરતા બીજું લક્ષણ નથી. અનાદિકાલીન કર્મસંયોગના કારણે જીવ આ સંસારમાં અનાદિ કાળથી છે માટે આ સંસારી અવસ્થાનું લક્ષણ દર્શાવ્યું છે. જ્યારે સિદ્ધાવસ્થાના મુક્ત જીવનું લક્ષણ સર્વથા જુદું જ થશે. આ લક્ષણથી તે સાવ વિપરીત થશે, પરંતુ સંસારી પર્યાય માટેનું આ લક્ષણ બિલકુલ બરોબર છે. આ કર્મસંયોગના કારણે જીવની સંસારી જીવ તરીકેની છાપ કાયમની થઇ ગઇ છે. સર્વ સામાન્ય ઓળખ થઇ ગઇ છે. જીવનું સાચું સ્વરૂપ મુક્તાવસ્થાનું છે. સિદ્ધસ્વરૂપી અકર્મી સ્વરૂપ અજન્મા સ્વરૂપ-અમરસ્વરૂપ જ જીવાત્માનું સાચું સ્વરૂપ છે. એના બદલે પર જડ દ્રવ્ય પુદ્ગલ-સંયોગી જીવની ઓળખ થાય એ ક્યાં સુધી ઉચિત છે? સસરાના નામે અથવા કામે જમાઇની ઓળખ જેમ સંસારના વ્યવહારમાં ખોટી છે. એમ... જીવની પણ સંસારી અવસ્થાની ઓળખ એ સાચી ઓળખ નથી. ઓળખ પોતાના જ્ઞાનાદિ ગુણોના આધારે થવી જોઇએ એના બદલે કર્મ સંયોગી ઓળખ બને એ સર્વથા ઉચિત નથી. ચેતન એવો જીવાત્મા પોતાથી સર્વથા વિરુદ્ધ ધર્મી અજીવના જડ-પુદ્ગલના આધારે ઓળખાય એ ખરેખર શરમજનક સ્થિતિ છે. ગુલામીની અવસ્થામાં ગુલામ માણસની

ઓળખ કેવી હોય? કોના આધારે હોય? એમ અત્યારે આ જીવ અનંત શક્તિશાળી ચેતન હોવા છતાં પણ જડ એવા કર્મોના આધારે ઓળખાય એ કેટલી શરમજનક ઓળખ છે? જ્યારે સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ ઓળખવાથી પોતાના શુદ્ધ સ્વરૂપની ઓળખ થાય... કે હું સાચા અર્થમાં મૂળમાં આવો સિદ્ધ સ્વરૂપી છું.

તાજું જન્મેલું સિંહનું બચ્ચું માં (Mother)થી વિખુટું પડી ગયું હોય અને ભરવાડ તેને બકરીઓની વચ્ચે દૂધ પીવાડીને જીવાડતો હોય અને તે પણ બકરીઓની વચ્ચે બેં... બેં... કરતો જીવતો હોય તો ક્યાં સુધી ઉચિત કહેવાય? પોતાનું વાસ્તવિક સ્વરૂપ ભૂલીને આ સિંહનું બચ્ચું પણ નિર્બળ બનીને બેં... બેં... કરતું કરતું દિવસો વિતાવતું જાય. પરંતુ એક દિવસ યોગાનુયોગ કોઈ સ્વજાતિય સિંહની ગર્જના સાંભળે અને તેને નજરે જૂએ એટલે તરત જ એ સિંહના બચ્ચાંમાં રહેલા સંસ્કારો જાગૃત થઈ જાય છે અને એને ખ્યાલ આવતા બકરીઓના ટોળામાંથી દોટ મૂકીને સિંહની સાથે જતો રહે... હવે સિંહ સ્વરૂપ પોતાને સાચા અર્થમાં માનીને જીવન જીવે છે ત્યારે બકરીઓ એને પોતાનું ભક્ષ્ય લાગે છે. ગઈ કાલ સુધી જે બકરીઓના ટોળામાં રહીને પોતાને પણ તે સ્વરૂપે માનતો હતો તેને હવે વાસ્તવિક સ્વરૂપ સમજાઈ ગયું છે.

એવી જ રીતે આ સંસારમાં આ ચેતનાત્માની પણ આવી સ્થિતિ થઈ ગઈ છે. જડ-ભૌતિક-પૌદ્‌ગલિક પદાર્થોની વચ્ચે આ જીવ એવો મૂર્છિત બની ગયો છે કે જેમાં... પોતે પોતાનું સ્વરૂપ સાવ ભૂલી ગયો છે. અને પોતાને એક સંસારી કઠપુતળી તરીકે ગણાવતો માનતો ચાલે છે. અત્યારે સાવ બિચારાની હાલતમાં મૂકાઈ ગયો છે. અને પોતાના જ વિરુદ્ધ ધર્મી એવા જડ પુદ્‌ગલને આધીન બની ગયો છે. બસ, એના જ કારણે પોતાનો ખ્યાલ આપે છે. લક્ષણ પણ એના જ નામના બનાવી બેઠો છે. જ્યારે શાસ્ત્રો ગ્રન્થ અને ગુરૂદેવોપાસેથી સિદ્ધનું સ્વરૂપ સમજે છે ત્યારે આ જીવ પોતાનું સાવ સાચું-શુદ્ધ સ્વરૂપ ઓળખે છે. જીવને ભાન થાય કે અરે! હું તો સિદ્ધની જાતનો છું. મારું સાચું સ્વરૂપ સિદ્ધાત્મા જેવું છે. હું સિદ્ધ છું અજર-અમર નિત્ય શાશ્વત છું. નિરંજન-નિરાકાર મારૂ સાચું સ્વરૂપ છે. અને અત્યારે આ સંસારી અવસ્થામાં રુપરંગ-આકાર-પ્રકારવાળો ક્યાંથી બની ગયો? એવું કેમ બની ગયું? અરે! હું મૂળમાં અનંત અવ્યાબાધ સુખી છું. અનંત સુખ મારી સત્તામાં અનંતકાળથી પડ્યું છે પણ હું અનંતગણો દુઃખી થઈને રડતો, દુઃખી થતો સંસારમાં ફરું છું. અરે...રે.... મારા વિરુદ્ધ ધર્મી આ જડ કર્મોને આધીન મારી હાલત અત્યારે કેવી બિચારા જેવી દીન હીન થઈ ગઈ છે? કોઈને પણ મારી સામે જોતા દયા આવે છે. એવી સ્થિતિ મારી થઈ ગઈ છે. હું ચેતનાત્મા આ સંસારી અવસ્થામાં મારા પોતાના શુદ્ધ સ્વરૂપે નથી ઓળખાતો પરંતુ મારા જ સ્વરૂપથી સર્વથા વિરુદ્ધ વિપરીત ધર્મી મારા શત્રુ સ્વરૂપ એવા જડ-પુદ્‌ગલ-પરમાણુઓના પિંડસ્વરૂપ કર્મોથી ઓળખાઉં

છું. કર્મે મારી જે ઓળખ ઊભી કરી દીધી છે. એવી સંસારી સ્થિતિવાળા તરીકે ઓળખાઉં છું. મારી પોતાની ઓળખ મારા શત્રુ તરફથી થાય એ શેની સાચી ઓળખ હોય? પણ તે છતાં આ હકીકત બની ગઈ છે મારા વિષે... અને એ વાતને અનાદિથી આજ સુધી અનંતકાળ વીતિ ગયો છે. હજી સુધી પણ મને મારૂ સાચુ ભાન થયું નથી. સાચી ઓળખ થઈ નથી.

ક્યાંથી થાય? સ્વજાતિય સિદ્ધ ને હજી સુધી નજરે નિહાળ્યા નથી. તેમનું સાચું સ્વરૂપ સમજ્યો નથી. સાંભળ્યું નથી, ગમ્યું પણ નથી અને હજી સુધી ગમતું પણ નથી. મોહાધીન બનેલા મારા જેવાને હજી સંસાર ગમે છે. સંસારના સુખો ગમે છે. ભૌતિક પુદ્‌ગલ પદાર્થો ગમે છે. આ દેહ ગમે છે. દેહમાં પણ ખૂબ આસક્ત છું. જે નશ્વર-નાશવંત છે. મળ-મૂત્રનું ઘર છે. જડ-ભૌતિક પૌદ્‌ગલિક પરમાણુઓના પિંડસ્વરૂપ માત્ર છે. જે કાયમ ટકવાનું નથી કર્માધીન તેની રચના છે. હું ચેતનાત્મા શુદ્ધ શાશ્વત સ્વરૂપી દ્રવ્ય છું છતાં પણ આ શરીરમાં રહીને દિવસો વિતાવું છું. અશરીરી અરૂપી એવો હું અત્યારે સશરીરી રૂપી બનીને કર્મ નચાવે તેમ નાચતો જાઉં છું. એની ગુલામી ભોગવી રહ્યો છું. જ્યારે આ જડ કર્મમાં કોઇ આવડત નથી. કશી જ સમજણ નથી. છતાં પણ અનંતજ્ઞાની એવો હું ચેતનાત્મા એ કર્મોની ગુલામી ભોગવી રહ્યા છું, અને પોતાની જાતને સકર્મી માનતો-માનતો બિચારાની સ્થિતિ ભોગવી રહ્યો છું. આવી દયનીય મારી હાલત થઈ ચુકી છે. એક-એક પૈસા માટે પાગલ બનીને દોડી રહ્યો છું. સ્વશરીરથી સુખો ભોગવવા મથી રહ્યો છું. અરે...! પર શરીરથી પણ સુખો મળે છે એવી બુદ્ધિ બનાવીને પર શરીરી ને પણ ચૂંથી રહ્યો છું. પુત્ર-પુત્રી-પૌત્રી-પત્ની વગેરેને મારા માનીને, એમને જ સગા માનીને એમની સાથે, એમના ઉપર પૂરો વિશ્વાસ મૂકીને જીવન જીવી રહ્યો છું. અરે...! એટલું જ નહીં એના કરતા પણ મારી હાલત બદતર થઈ ગઈ છે. અને હું એક એક જડ-ભૌતિક વસ્તુઓમાં સુખ માની બેઠો છું. એવી નષ્ટ થવાના સ્વભાવવાળી નાશવંત વસ્તુઓના સંગ્રહ-પરિગ્રહમાં સુખ માનીને તેમાં જ આસક્ત બનીને મારૂ પોતાનું શુદ્ધ સ્વરૂપ ભૂલીને આ વસ્તુઓમાં મારાપણાની બુદ્ધિ રાખી રાગ-મોહભાવથી જીવન જીવી રહ્યો છું. દુઃખી-દુઃખી એવી આ સંસારી અવસ્થાને મેં સુખી અવસ્થા માની લીધી છે. અને એમાં હું સુખ-બુદ્ધિથી સુખની આશા-તૃષ્ણામાં ભવો વિતાવતો-વિતાવતો અનંત કાળથી પરિભ્રમણ કરી રહ્યો છું.

આજ મારી ભવાભિનંદીપણાની અવસ્થા છે. ભવ એટલે સંસાર ૪ ગતિઓમાં ૮૪ લાખ જીવયોનીઓમાં જન્મ-મરણ સ્વરૂપ આ સંસાર ચક્રમાં આનંદ માનીને ભવાભિનંદી બનીને કાળ નિર્ગમન કરી રહ્યો છું. આ રીતે અનંત પુદ્‌ગલ પરાવર્ત કાળ વીતિ ગયો છે અનંતી વાર ઠોકરો ખાધી, કર્મની થપેડો ખાધી છતાં પણ સમજી શક્યો નથી. ભાન આવ્યું નથી. યોગબિંદુ ગ્રંથમાં અધ્યાત્મયોગી પૂ.

હરિભદ્રસૂરી મહારાજ ભવાભિનંદી જીવની દશા જણાવતા લખે છે કે–

भवाभिनंदिन: प्राय-स्त्रिसंज्ञा एव दु:खिता: ।
केचिद् धर्मकृतोऽपि स्युर्लोकपंक्ति कृतादरा: ॥ ८६ ॥

–આ સંસારના લોક વ્યવહારમાં કેટલાક જીવો આદર-સત્કાર કરનારા થયા છે. તેવા આદર બહુમાનના પ્રલોભનની વૃત્તિથી પણ ધર્મક્રિયા વગેરે કરે છે. તો પણ તે જીવો ૩ પ્રકારની સંજ્ઞાવાળા થયા હોવાથી પ્રાયઃ દુઃખ જ મેળવે છે. તેવા જીવોને ભવાભિનંદી કહેવાય, જાણવા જોઈએ. આહારસંજ્ઞા, ભયસંજ્ઞા અને મૈથૂનસંજ્ઞા એવી ત્રણ સંજ્ઞાઓ બતાવી છે તેવી ત્રણ સંજ્ઞાની વૃત્તિવાળા જીવોને ભવાભિનંદી જીવ કહેવાય છે. ભવ=એટલે સંસાર અને અભિનંદીપણું આનંદને સૂચવે છે. બસ, આ સંસારમાં જ જેને વધુ આનંદ આવતો હોય એવા જીવો ભવાભિનંદીની કક્ષાના છે. આહારાદિની સંજ્ઞાઓ ભવ-સંસાર વધારનારી છે. સંસાર પોષક છે. માટે આવી આહારાદિની સંજ્ઞાઓમાં મસ્ત રહે, તે ભોગવવામાં આનંદિત રહે અને રાત-દિવસ તે સંજ્ઞાઓને અનુરૂપ પદાર્થોની શોધખોળ કરતા જ રહે, એને મેળવે એટલે ભોગવવામાં આનંદ માણતા રહે એવા જીવો આ ભવાભિનંદીની કક્ષાના કહેવાય છે. બસ, હવે આ પદાર્થોથી ઉપર ઉઠવાની તૈયારી નથી. ભવ-સંસારના સુખો પામવા-ભોગવવા સિવાય બીજું કોઈ લક્ષ્ય પણ નથી. જન્મ-મરણનું જે ભયંકર ચક્ર છે તેનો તેમને કોઈ ભય નથી રોગ-શોક-પીડાઓનો પણ કોઈ ભય નથી. એવી રોગાદિની સ્થિતિમાં પણ 'સાજા થઈ જઈશું'ની એક જ તમન્ના છે. સુખની લાલસા ઘણી વધારે પડી છે. સંજ્ઞાઓ જીવોની વૃત્તિ જ તેવા પ્રકારની કરી દેતી હોય છે. એટલે કદાચ ન પણ ભોગવવા મળે તો પણ અંદર સંજ્ઞાઓનું જોર ઘણું વધતું હોય છે. એના કારણે તૃષ્ણા ખૂબ રહે છે. વસ્તુ ન હોવા છતાં પણ વસ્તુના મોહને છોડી નથી દેતો. બસ, એક જ વિચારધારા હોય છે કે સંસાર સુખભોગવવા માટે જ છે. સુખભોગવો, મસ્ત રહો, મસ્તિથી જીવન જીવો....

કદાચ કોઈ પ્રબલ નિમિત્તોના આધારે અથવા પ્રેરક પરિબળોના આધારે ધર્મ કરતો થઈ જાય તો પણ ભવાભિનંદી જીવની ઉંડે ઉંડે સુખ પ્રાપ્તિની જ સંજ્ઞા જોર કરતી હોય છે. એની ધારણા-સમજણ અને બુદ્ધિ એવી જ બની ગઈ હોય છે કે... ધર્મ તો માત્ર સંસારના સુખો મેળવવા માટેનું સાધન છે અથવા સંસારના સુખો ભોગવવા વચ્ચે આવતા અંતરાયો-વિઘ્નો જે સુખમાં બાધક છે તેને દૂર કરવા માટે ધર્મ એક સાધન માત્ર છે. આવી વિચારધારામાં પણ ધર્મ આરાધવો ગૌણ બને છે, પરંતુ સુખ પ્રાપ્તિનું લક્ષ્ય જ પ્રધાનપણે હોય છે. એવા જીવો માટે લોકોત્તર કક્ષાનો ધર્મ અને લૌકિક કક્ષાનો ધર્મ બંને સરખા જ હોય છે. સમ્યગ્ ધર્મ હોય કે મિથ્યા ધર્મ હોય, એવી જ રીતે વીતરાગી સર્વજ્ઞ ભગવાન હોય કે રાગી-દ્વેષી દેવ દેવીઓ હોય બધા એક સરખા છે. ગમે તે અને ગમે તેવા ગુરૂઓ હોય તો તે બધા એક

સરખા છે-કોઈમાં કોઈ પણ જાતનો ભેદભાવ નથી. માત્ર સુખબુદ્ધિ જ છે બધામાં સુખ મળવું જોઈએ. સુખપ્રાપ્તિમાં આવતા વિઘ્નો ટળવા જોઈએ. સુખની સાધન સામગ્રીઓ સુલભ થવી જોઈએ. બસ, એ સિવાય બીજું કોઈ લક્ષ્ય જ નથી. અંતિમ સાધ્ય જ સંસારના સુખો ભોગવવાનું છે એટલે સુખલક્ષી બનીને ધર્મ કરવો છે. મોક્ષલક્ષી નહીં. તપ-ત્યાગલક્ષી નહીં. માટે આવા ભવાભિનંદી જીવો મોક્ષલક્ષી નહીં પણ માત્ર સંસારસુખલક્ષી જ હોય છે.

મહામોહની ગાઢ વૃત્તિઓમાં જીવો જીવન જીવી રહ્યા છે. લૌકિક ક્રિયામાં આનંદ પામનારા આવા ભવાભિનંદી જીવો લોક પંક્તિમાં રહેનારા હોય છે. સ્વર્ગ મળે, રાજઋદ્ધિ, સત્તા, સંપત્તિ, સ્ત્રી, આદિ મળે... તેને ભોગવતા રહે... અને તેમાં જ આનંદ માનતા રહે છે. આવા જીવોનું લક્ષણ બતાવતા યોગ બિન્દુ ગ્રંથમાં જણાવે છે કે

ક્ષુદ્રો લાભ (લોભ) રતિર્દીનો, મત્સરી ભયવાન્ શઠઃ ।
અજ્ઞો ભવાભિનંદી–સ્યાન્નિષ્ફલારમ્ભસંગતઃ ॥ ૮૭ ॥

-ભવાભિનંદી જીવ સ્વભાવાદિથી ક્ષુદ્રવૃત્તિવાળો હોય, લોભવૃત્તિવાળો હોય, લાભ થાય તેમાં રાજી થનારો હોય, દીનવૃત્તિવાળો હોય, ઈર્ષ્યાદ્વેષની મત્સરવૃત્તિવાળો હોય છે. ભયથી વ્યાકુળ હોય છે. શઠ અને અજ્ઞાની હોય છે. આવા ભવાભિનંદી જીવો પ્રાયઃ જે જે પ્રકારની ક્રિયા-પ્રવૃત્તિ કરતા હોય છે તે સાચા ફળને આપનારી થતી નથી. ક્ષુદ્ર એટલે સાવ હલકી વૃત્તિવાળા હોય છે. બીજાને દુઃખી જોવા છતાં પણ દયા-દાનની વૃત્તિ નથી જાગતી. લોભ પૂર્તિ કરવા ખાતર કોઈનો ઘાત પણ કરવા તૈયાર થઈ જાય છે. જર-જમીન-સ્ત્રી, આદિ સંસારની સાધન-સામગ્રીઓ મેળવવાના લાભ (લોભ)માં સદા રાજી હોય છે, સદા પ્રવૃત્તિશીલ રહે છે. પારકાને દુઃખી થતા જોઈને પણ વિશે આનંદ પામનારા, અને બીજાને દુઃખી કરીને પણ રાજી થનારા આવા શઠવૃત્તિવાળા ભવાભિનંદી જીવો હોય છે. બીજાના સુખો જોઈને ઈર્ષ્યા કરનારા હોય છે. માયાવી, વિશ્વાસઘાતી બનીને બીજાને ઠગનારા હોય છે. દુષ્ટતા અને દોષોથી ભરેલા દુષ્ટ દુર્જન કક્ષાના હોય છે. સુખો ભોગવવાની લાલસા એટલી હદ સુધી હોય છે કે તે ખાતર ગમે તેટલા પાપો કરવા પડે તો તે પણ કરવા તૈયાર થઈ જાય છે. પરસ્ત્રી સેવન કરવામાં પણ તત્પર થઈ જાય છે. કારણ કે સુખ ભોગવવા મળે છે. આવા લક્ષણોવાળા ભવાભિનંદી જીવો પાપરૂચિ-પાપવૃત્તિવાળા હોય છે માટે પાપભીરૂ બની શકતા નથી. જો પાપથી ડરતા થઈ જાય તો સંસારના સુખો ભોગવવાના ઘટી જાય. આ સંસારના સુખો ન ભોગવી શકાય, પ્રમાણ ઘટી જાય... એ ભવાભિનંદી જીવને પોષાય તેમ નથી. આ એને મોટું નુકશાન લાગે છે. માટે ધર્મ જતો કરવો સારો પણ સુખ જતું કરવા તે જીવ તૈયાર નથી. સુખ મેળવવા, સુખ ભોગવવા, સુખ વધારવા કોઈ પણ રીતે બધુ જ કરવા મથતો હોય છે. ધર્મ

પણ સુખ પ્રાપ્તિના મૂળ કારણ રૂપે લાવીને મૂકી દેશે અને એ ખાતર કરવા તૈયાર થઈ જશે. આટલી હદ સુધી સુખની લાલસા પડી છે. સુખ લાલચું થવાથી સુખ ભોગવવાની વૃત્તિ ખાતર ગમે તેટલા પાપો કરવા તૈયાર છે. બીજી બાજુ સંસારના સુખો પાપાચરણ વિના ભોગવવા ઘણાં મુશ્કેલ છે. પરસ્ત્રીગમન કરી તેના સેવનથી પણ સુખ ભોગવવાની ઇચ્છા પ્રથમ પરસ્ત્રીગમનનું પાપ તો કરાવશે કે નહીં? આ પાપની પ્રવૃત્તિ ભલે કદાચ થોડી મિનિટોની જ હોય પણ મજાના સુખ ભોગવવા પાછળ જીવને એના વિપાકે સજાનો ખ્યાલ ક્યાં આવે છે. સંસારના મોટા ભાગના સુખો ભોગવવા પાછળ પાપો કર્યા વિના ચાલતું નથી.

સુખના લોભે થતા પાપો–

જીવો પાપ પ્રવૃત્તિ શા માટે કરે છે? એક તરફ તો પાપ કર્મોના વિપાકોથી સર્વથા અજાણ છે માટે કરે છે. બીજી બાજુ આ પાપો આચરવાથી જ સુખ મળે છે. એવી નિરર્થક માન્યતા હોવાના કારણે, સુખ પ્રાપ્તિની લાલસા ઘણી વધારે પડી છે માટે કરે છે. પાપ કરતી વખતે હું પાપ કરૂં છું. એનો ખ્યાલ નથી રહેતો. સુખૈષણાખૂબ હોય છે. માટે જીવો એ પ્રવૃત્તિ કરી લે છે. ખોટું બોલવાથી પણ સુખી થવાય છે. ચોરી કરવાથી પણ સાધન-સામગ્રી-ધન-લક્ષ્મી બધું મળી જાય છે. અને એ પણ સુખ પ્રાપ્તિમાં સહાયક બનશે. માટે ચોરી કરી લઈએ. મૈથૂન સેવનમાં પણ વિષય સુખની તૃષ્ણા મનમાં ઉંડે-ઉંડે પડી છે. દૃઢ થઈ ગઈ છે. બસ, ગમે તે ભોગે વિષય-વાસના જન્ય કામક્રિડાનું સુખ ભોગવવું છે. આ એક જ લક્ષ્ય પ્રધાન છે. એની ખાતર પછી સ્વ સ્ત્રી હોય અથવા પર સ્ત્રી ગમે તે હોય તો પણ તે ચાલે. વિધવા હોય કે કન્યા હોય તો પણ વિવેક-ભાન ભૂલીને તે પાપ કરવા તૈયાર થઈ જાય છે. હિંસા-અન્ય જીવોની હિંસા કરીને તેમાંથી પણ ખાદ્ય પદાર્થની વાનગી બનાવીને ખાય છે. તેનાથી પણ રસનેન્દ્રિયની તૃષ્ણાને પોષે છે. સંસારમાં ઘણાં જીવો ખાવા-પીવામાં સુખ-માનીને ભોગવતા હોય છે. એવી જ રીતે પાંચે ઇન્દ્રિયોના ૨૩ વિષયોના બધા સુખો ભોગવવા જીવ તલપાપડ થાય છે. ઇન્દ્રિયો જો કે આત્માને જ્ઞાન પહોંચાડતી હોવાથી જ્ઞાનેન્દ્રિયો કહેવાય છે. પરંતુ મોહ-માયાને આધીન થઈને જીવોએ ઇન્દ્રિયોનો ઉપયોગ ૯૯% મનોરંજન-સુખાનુભૂતિ માટે જ કરી લીધો છે. જેમાં ઘણા પાપોનું સેવન કરવું પડ્યું અને એ રીતે પણ જીવ પાપના રસે આગળ વધતો જાય છે એમ કરતા કરતા ઇન્દ્રિયો જ્ઞાનેન્દ્રિયો ન રહી કામેન્દ્રિયો થઈ ગઈ, સુખેન્દ્રિયો બની ગઇ. વિષયેન્દ્રિયો બની ગઇ છે. સુખની લાલસા જ વધુ પાપ કરાવે છે.

બીજી બાજુ મહા મોહ અને મિથ્યાત્વાદિ પડ્યા છે. આત્માની સાથે અનાદિકાળથી કર્મ રૂપે ચોંટેલા છે. એટલે એ અંદરથી જોર કરેછે. એ પ્રમાણે

ઈન્દ્રિયો બહેકતી હોય છે. સંસાર ચક્રમાં પરિભ્રમણ કરતી વખતે અનન્તા કાળમાં જીવે અનન્તા ભવો કર્યા. એ અનન્તા ભવોમાં એકપણ ઈન્દ્રિય ન મળી હોય એવું બન્યું જ નથી. દર વખતે શરીર ધારણ કર્યા છે. ત્યારે ૧-૨, ૩, ૪ અથવા ૫ એમ ઓછી-વધારે ઈન્દ્રિયો મળતી જ હોય છે. ઈન્દ્રિયો વગરનું શરીર મળ્યુ જ નથી. જ્યારે - જ્યારે ઈન્દ્રિયો મળી છે ત્યારે ત્યારે તે તે જીવોએ પોતાની ઈન્દ્રિયથી સુખ ભોગવવાની પ્રવૃત્તિ વધારી છે. ઈન્દ્રિયો ૫ છે અને એમને ભોગવવાના વિષયો ૨૩ છે. વર્ણ-૫ + ગંધ-૨, + રસ-૫, + સ્પર્શ-૮, + ધ્વનિ-૩ આ ૨૩ વિષયો પાંચે ઈન્દ્રિયોના છે માટે ઈન્દ્રિયોથી જ ભોગવાય છે. જીવે આજ દિવસ સુધી આ પાંચે જ્ઞાનેન્દ્રિયોથી જ્ઞાન વધારવાના બદલે એમનાથી મોહ-રાગ દ્વેષ વધારે વધાર્યા છે. જેના કારણે કર્મબંધ વધારે થયો છે. આ રીતે ઈન્દ્રિયોને જ્ઞાનેન્દ્રિય તરીકે સાર્થક નથી કરી. સંસારમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિ ગુણધર્મોવાળા અનન્તાજડ પુદ્ગલ પદાર્થો ઉપલબ્ધ છે. આ પાંચે ઈન્દ્રિયોનું કાર્યક્ષેત્ર માત્ર જડ પુદ્ગલના વર્ણાદિ વિષયોને ગ્રહણ કરવાનો છે. એટલે જ્યારે - જ્યારે જીવને આ વર્ણાદિયુક્ત જડ સાધન-સામગ્રિયો પ્રાપ્ત થાય છે ત્યારે જીવ એમાં સુખ ભોગવવાની બુદ્ધિથી આસક્ત બની જાય છે. અને એ સુખ ભોગવવા પાછળ ઢગલાબંધ કર્મો બાંધે છે.

અનન્તા કાળમાં દુઃખ ઉદયમાં આવે ત્યારે જેટલા નવાકર્મો જીવોએ નથી બાંધ્યા એના કરતા અનેક ગણાં કર્મો સુખ ઉદયમાં આવે ત્યારે સુખ ભોગવવા જીવે અનેક ગણા કર્મો વધારે બાંધ્યા છે. વર્તમાન સંસારમાં જૂઓ તો સ્પષ્ટપણે ખ્યાલ આવશે કે... વધુ પડતા પાપો કોણ કરે છે ? કયો વર્ગ કરે છે ? જે સુખી સમ્પન્ન છે તે ? કે પછી જે દુઃખી વર્ગ છે તે ? દુઃખી વર્ગની પાસે દારૂ-જુગાર - અને વેશ્યા ગમનાદિ માટે પૂરતા પ્રમાણમાં પૈસા નથી. ઈચ્છા હોય તો પણ સાધન-ધન-સંપત્તિ આદિના અભાવમાં એટલા પાપો કરી નથી શકતો.. જ્યારે ધન-સપંત્તિ-સાધન-સામગ્રી જેની પાસે વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે તેવા ધની શ્રીમંતવર્ગને દારૂ-જુગાર, વેશ્યાગમન આદિ બધી જાતના પાપો કરવા સુલભ થઈ પડે છે. આ પાપોના સેવન થકી સુખ મળે છે માટે કરવા છે. પાપોથી દુઃખ મળે છે. ભાવિમાં ઘણાં દુઃખી થવું પડશે એવી જ્ઞાનદશા જાગ્રત નથી. અરે...રે ! કયાંક નરકમાં જવું પડશે. કેટલા ભવો સુધી ભટકવું પડશે ? એવી પણ વિચારધારા નથી. આવા મૂઢ જીવો તો એમજ સમજે છે કે આ પાપો સેવવામાં મજા ખૂબ મળે છે. મજાની પાછળ એ પાપો પાપરૂપે નથી લાગતા. ચોક્કસ ભયથી ભરેલા છે આવા બધા સુખો... પરન્તુ તે છતાં પણ... મિથ્યાત્વ - મોહાદિની પ્રબલતાથી ખરડાયેલા જીવો આ પાપોને પાપરૂપે જોવા - માનવા - સમજવા પણ તૈયાર નથી. અને પાપો દુઃખદાયી છે, દુઃખ ફળદાતા છે એવી પણ માન્યતા નથી. લાંબા ભવિષ્યનો પણ કોઈ વિચાર નથી. જે છે તે માત્ર વર્તમાનકાલીન વિચાર છે. અત્યારે તરત સુખ-ભોગવવા મળે

છે.... ને... બસ.... આવા પાપોના સેવનમાં સુખ - મજા માની લીધી છે. આ પણ મિથ્યા-વૃત્તિ છે. સદંતર ખોટી વિપરીતવૃત્તિ છે. છતાં મોહ મિથ્યાત્વવશ આ મનોવૃત્તિ બદલાય તેમ નથી. ઉપરથી દેખાતા સુખો-મજા-માત્ર સુખાભાસ માત્ર છે. છતાં પણ મતિભ્રંશસ્થિતિમાં... તે સુખો જ વધારે સારા ગમે છે. જીવો વેશ્યાગમન કરતા હોય, પરન્તુ એ ક્ષણિક વિષયભોગના સુખો ભોગવવાની તીવ્ર લાલસાના કારણે એને નરકના કારણરૂપ ન ગણતા તરત જ ભોગવી લેવાની જીવની તીવ્રતા હોય છે. આવી રીતે સુખોની જે લાલસા અન્દર પડી છે તેણે આજ દિવસ સુધી ઘણાં પાપકર્મો કરાવ્યા છે. ખરેખર જે સાચું સુખ નથી, જે સ્વાધીન સુખ નથી. જે ભયરહિત સુખ નથી, જે પરતન્ત્ર, પરાધીન સુખ છે, જે સાધનજન્ય સુખો છે, જે ઈન્દ્રિયો - શરીર અને મનથી ભોગવાતું પરાધીન - પરંતત્ર સુખ છે. જે ક્ષણિક સુખ છે, જે કાયમ ટકવાવાળું નથી, જે સુખાભાસમાત્ર છે. જેમાં મૃગજળ જેવી ભ્રાન્તિ છે તેવા સુખોને ભોગવવાની જે અજ્ઞાનતા છે, મિથ્યા ભ્રમણા છે,મોહાન્ધતા છે તે ઉંડે-ઉંડે પડી છે તે ઘણાં પાપો કરાવે છે. આવી રીતે પાપો કરતા કરતા તેમાં સુખની બુદ્ધિ રાખીને અનન્તાકાળમાં અનન્તીવાર આ પાપજન્ય સુખો અને સુખજન્ય પાપો જીવ કરતો જ ગયો છે. પાપજન્ય સુખો અને સુખજન્ય પાપોનું આ ભયંકર વિષચક્ર ચાલતું જ ગયું છે. અને એના આધારે અનન્તા જન્મો પણ થતા જ ગયા છે. જીવો આવી રીતે ચારે ગતિમાં ૮૪ લાખ યોનીઓમાં અનન્તા ભવો કરતા જ ગયા છે. જીવને મિથ્યાત્વ-મોહાન્ધતાના તીવ્ર નશામાં કોઈ ભાન રહ્યું જ નથી. દારૂનો નશો -૬ કલાકે ઉતરી જાય પરન્તુ મોહ-મિથ્યાત્વનો નશો સેંકડો જન્મો સુધી પણ નથી ઉતરતો.

આ વિષચક્રમાંથી બચવું જ હોય, અને બહાર નિકળવું જ હોય તો સૌપ્રથમ સુખૈષણા - સુખ પ્રાપ્તિની વૃત્તિ જ જીવે ઓછી કરવી જોઈએ. ઘટાડવી જોઈએ. સર્વથા નિર્મૂળ કરવી જોઈએ. જેથી આ સુખેષણા નવા પાપ-કર્મો ન કરાવે અને ભવપરંપરા ન વધારે. આશ્રવ-સંવર-નિર્જરા-બંધ-પુણ્ય-પાપઆદિ તત્ત્વોનું સાચુ જ્ઞાન મેળવવું જોઈએ. અને કર્મના અપાય-વિપાકોને ઓળખવા જોઈએ. જેથી જીવોને ખ્યાલ આવે સુખ દુઃખનું સાચુ યથાર્થ સ્વરૂપ વ્યવસ્થિત સમજી લેવું જોઈએ. જેથી ખોટી મિથ્યા ભ્રમણા ટળી જાય, અજ્ઞાન નિવૃત્તિ થાય. અને એમાંથી આત્માને સાચું ભાન થાય મોહનો ખોટો નશો ઘટે. મિથ્યાત્વનું જોર શમી જાય. વાસ્તવિકતાનું સાચું ભાન થવાથી જન્મ-મરણરૂપ ભવપરંપરાથી બચી જવાય. આ રીતે સંસાર ઘટાડવા માટે મૂળમાં પડેલી સુખૈષણા સુખ ભોગબુદ્ધિ કાઢવી પડે. ઓછી કરવી જ જોઈએ. જેથી ચેતનાત્માને સાચાનું ભાન થાય.

મોક્ષસુખની અભિલાષા–

ઉપરોક્ત સંસારનું સુખ જે મિથ્યા છે. ભ્રમણા સ્વરૂપ છે, મૃગજળ જેવું છે. ખરેખર જે સાચુ સુખ જ નથી એનું યથાર્થ સ્વરૂપ ઓળખીને એમાંથી નિવૃત્ત થઈ મોક્ષના સાચા સુખ તરફ જીવે વળવું જોઈએ. જે સાચુ સુખ છે. જે શાશ્વત-કાલીન સુખ છે, જે સુખને વેદવા-અનુભવવા માટે મન, વચન, કાયા ઈન્દ્રિયો આદિ કોઈ માધ્યમની આવશ્યકતા જ ન રહે. જે કર્મની મહેરબાનીવાળુ સુખ નથી. જે કર્મ રહિત એકલા આત્માથી અનુભવાતુ સુખ હોય જે સુખ અનન્ત સ્વરૂપે હોય, જે સુખ પરમ આનન્દ સ્વરૂપ હોય તે મોક્ષનું સુખ છે આત્માનું સાચું સુખ છે આવું મોક્ષનું સુખ પૌદ્ગલિક નથી. ભૌતિક નથી. વસ્તુ કે વ્યક્તિજન્ય નથી. પ્રાપ્ત થતું નથી પણ પ્રગટ થાય છે. પરાધીન-પરતંત્ર નથી. આવીને અર્થાત મળી ને પાછુ જાય તેવું નથી. આવા સુખને જ મોક્ષસુખ કહ્યું છે. એ જ સાચું છે. આવા સુખને મેળવવા - ભોગવવા જીવે ભગીરથ પુરૂષાર્થ કરવો જોઈએ. હકીકતમાં જેટલો અનન્તગણો પુરૂષાર્થ જીવે અનન્તાકાળમાં અને અનન્તાભવોમાં ભૌતિક-પૌદ્ગલિક સાંસારિક, દૈહિક, વસ્તુ તથા વ્યક્તિજન્ય સુખ માટે આજ દિવસ સુધી કર્યો છે. એની સરખામણીમાં એના કરતા અનન્તમાં ભાગ નો પણ પુરૂષાર્થ જીવોએ મોક્ષ સુખ મેળવવા માટે કર્યો હોત તો તે ક્યારનોય મળી ગયો હોત. અને જીવ મુક્ત થઈ ગયો હોત. આજે તો આપણે મોક્ષમાં હોત, પરન્તુ એનાથી વિપરીત આપણે હજી આ સંસારની જેલમાં જ છીએ. ને કર્મોની મહેરબાની હેઠળ કેદી જેવું જીવન જીવી રહ્યા છીએ. મૃગજળ જેવી તૃષ્ણા રાખીને, સુખો માટે ચાતક જેવી તૃષ્ણા રાખીને રાહ જોતા બેઠા છીએ. ખરી રીતે તો એમાં આપણે બીજા કોને દોષ દેવો ? બીજો કોઈ એવો છે પણ નહીં કે જેને આપણે દોષ દઈ શકીએ. આપણી અજ્ઞાનતા આપણી તીવ્ર મોહદશા સિવાય બીજો કોઈ નથી જેને આપણે દોષ દઈ શકીએ.

મોહ-રાગ જન્ય સુખો–



સંસારમાં રહેલા અનન્તાત્માઓએ આઠે કર્મો ઉપાર્જન કર્યા છે. એમાં મુખ્ય રાજા તરીકે મોહનીય કર્મ છે. એના થકી જ બીજા બધા કર્મો બંધાય છે. આ મોહનીય કર્મના ઘરમાં રાગ-દ્વેષો એના માણસના બે હાથ જેવા છે. પક્ષી જેમ બે પાંખો વડે ઉડતું હોય છે, એવી જ રીતે આ જીવ મોહનીય કર્મની રાગ-દ્વેષરૂપ બે પાંખો વડે જ સંચરતો હોય છે. કદાચ એટલે સુધી કહી શકાય કે... પાખ વિના પક્ષીનું ઉડવુ સંભવ નથી તેમ મોહના રાગ-દ્વેષ વિના સંસારી જીવોનું જીવવું સંભવ નથી. મોહજન્ય રાગના ઘરમાં રહેનારા આ

જીવને સંસારના સુખો ગમે છે. એમાં મોહબુદ્ધિ થાયછે. ભલે આભાસ સ્વરૂપ ભ્રમણા સ્વરૂપ હોય તો પણ મોહદશાની તીવ્રતાના કારણે એની ગંધ આવવી પણ સંભવ નથી. મોહ જન્ય રાગ અને ફરી રાગ જન્ય મોહ... ફરી મોહજન્ય રાગ અને ફરી રાગજન્ય મોહ એમ આ બન્નેનો વિષચક્ર ચાલ્યા જ કરતું હોય છે, ગાડીના પૈડાંની જેમ, ઉપરનો ભાગ નીચે અને નીચેનો ભાગ ઉપર આવતો જ જાય એવી રીતે આ મોહ અને રાગનું ચક્ર ચાલ્યા જ કરતું હોય છે. કારણ કે સંસાર ચક્ર સતત-નિરંતર-અખંડ ગતિશીલ જ છે. ઉત્તરાધ્યયન સૂત્ર નામના આગમ શાસ્ત્રના 'કમ્મપયડી' અધ્યયનમાં શ્રી વીરપ્રભુએ તો.... "रागो य दोषो वि य कम्मबीयं" રાગ અને દ્વેષને કર્મના બીજ રૂપે કહ્યા છે. જેમ બીજમાંથી ઝાડ ઉગે અને ઝાડને છેલ્લે ફળ લાગે છે. એ ફળમાં ફરી બીજ આવે છે. એ બીજ ઉગાડવાથી ફરી ઝાડ ઉગે છે. અને ઝાડના ફળને ફરી આ બીજ લાગે છે. એવી રીતે બીજમાંથી ઝાડ-ફળ અને ઝાડ-ફળમાંથી ફરી બીજ એમ અનાદિ-અનન્તકાલીન ચક્ર ચાલ્યા જ કરે છે, એવી જ રીતે મોહમાંથી રાગ-દ્વેષ અને એમાંથી ફરી મોહ એમ આ સંસારનું અનાદિ-અનન્તકાલીન ચક્ર ચાલ્યા જ કરતું હોય છે. એનો અન્ત નથી આવતો માટે જીવો અનન્તકાળ આ મોહ અને રાગના વમળમાં જ વિતાવી દેતા હોય છે.

આ બીજ અને ઝાડના ચક્રમાં બે માંથી એકનો પણ નાશ થઈ જાય તો અખંડ ક્રમનો પણ નાશ થઈ જાય. જન્ય-જનકની આખી પ્રક્રિયા તૂટી જશે. જો બીજ નષ્ટ થઈ જાય, અર્થાત બળી જાય અથવા સડી-ગળી જાય, અથવા બીજમાં છેદન ભેદન થઈ જાય તો કોઈ સંજોગોમાં તેમાંથી ઝાડ બનશે જ નહીં. અથવા ઝાડ જ નષ્ટ થઈ જાય, બળી જાય, છેદન-ભેદન થઈને કપાઈ જાય તો ફળ આવશે જ નહીં અને બીજ બનશે જ નહીં. આવી રીતે આખી પ્રક્રિયા નષ્ટ થઈ જશે. એવી જ રીતે રાગ-દ્વેષ-ક્રોધાદિ કષાયો નષ્ટ થઈ જાય તો એનાથી બંધાતા મોહાદિ કર્મો નષ્ટ થઈ જશે. અને મોહાદિ કર્મો જો બંધાય જ નહીં તો પછી રાગ-દ્વેષ ફરી થશે જ નહીં. આવી રીતે રાગ-દ્વેષ અને મોહાદિ કર્મોના વિષચક્ર રૂપ જાળમાંથી બચી જશે. છૂટી જશે. બસ, આ છૂટેલો જીવ જ સિદ્ધ-બુદ્ધ-મુક્ત બનશે. કર્મસંગરહિત અવસ્થા જ મુક્તાવસ્થા છે. આ અને આવુ સ્વરૂપ સમજીને જીવે પુરૂષાર્થ કરવો જોઈએ જેથી કર્મબંધનમાંથી છૂટી શકાય. આપણા પુરૂષાર્થની દિશા જ આ રાખવી જોઈએ.

સંસાર ચક્ર કે કર્મચક્ર ?-

આ બે ચિત્રો છે. ૧ પ્રથમ ચિત્ર સંસાર ચક્રનું છે. વચ્ચે નિગોદનો ગોળો છે. એમાં અનન્તા જીવો છે. એક આત્માના મોક્ષે જવાથી એક જીવ નિગોદમાંથી બહાર નિકળીને સંસારના વ્યવહારમાં આવે છે. અને ચાર ગતિરૂપ ચોર્યાશી લાખ જીવ યોનીઓમાં જન્મ-મરણ ધારણ કરતો-કરતો જીવ અનન્ત પુદ્ગલ પરાવર્તકાળ વિતાવે છે. એટલા કાળમાં જીવ ચારે ગતિઓમાં અનન્તા ભવો કરી લે છે. અને

જન્મ-મરણ ધારણ કરતો કરતો અનન્તોકાળ વિતાવે છે. બસ, આનું નામ છે, સંસારચક્ર સંસાર એટલે ગતિ કરતા જ રહેવું. સંસરણશીલ જે છે તેનું નામ છે



સંસાર. નિરંતર-સતત અને અખંડરૂપે ગતિ કરતો જ રહે એ સંસાર છે. અહીં ગતિ કોની છે ? જીવની. જીવ જન્મ - મરણ ધારણ કરતો-કરતો એક ભવથી બીજા ભવમાં ગતિ કરતો રહે એનું નામ છે સંસારચક્ર ગાડીના પૈડાંની જેમ, ઘરિયાળના વ્હીલની જેમ આ સંસારની ગતિ નિરંતર અખંડપણે અનાદિ - અનન્તકાળથી ચાલ્યા જ કરે છે. આવો છે આ સંસાર.

બીજી બાજુ છે કર્મ ચક્ર ૪ ગતિ અને ૮૪ યોનીઓમાં જન્મ-મરણ જીવના થાય છે કયા કારણે ? એના ઉત્તરમાં કહે છે - "એક માત્ર કર્મના કારણે" કૃત કર્માનુસાર ગતિ જન્મ-યોનિ આદિ પ્રાપ્ત થાય છે. જીવ ફરે છે પરન્તુ કરેલા કર્મોના કારણે ફરે છે. કર્મો મૂળમાં કારણ રૂપ છે. માટે સંસારચક્ર જેનો બીજો ચક્ર છે કર્મ ચક્ર. આ બીજા કર્મચક્રના ચિત્રમાં વચ્ચે આત્મા છે. એના બાંધેલા ૮ કર્મો છે. ૧) જ્ઞાનાવરણીય કર્મ, ૨) દર્શનાવરણીયકર્મ, ૩) મોહનીયકર્મ, ૪) અંતરાયકર્મ, ૫) -નામ કર્મ, ૬) ગોત્રકર્મ, ૭) વેદનીયકર્મ, ૮) આયુષ્ય કર્મ. આ નામના ૮ કર્મો છે. આ આઠેય કર્મોનું આવરણ રૂપ એક પડ બની ગયું છે. આત્મપ્રદેશો ઉપર બધા કર્મોનું પોતાનું કાર્ય છે. એમાં નામકર્મ ગતિ-જાતિ નક્કી કરીને જીવને મોકલે છે. આયુષ્ય કર્મ તે ગતિમાં ધારણ કરાયેલાને શરીરમાં કેટલા વર્ષો સુધી જીવવું, રહેવું આદિ નક્કી કરે છે. એ પ્રમાણે એટલા વર્ષો સુધી જ જીવ એ શરીરમાં રહી શકે છે. આ ચિત્રમાં આઠ કર્મોની (૮ ભાગની) રેખાઓમાંથી બે સ્વસ્તિક બને છે. આ બે સાથીયા સતત ગતિ રૂપે ફરતા હોય છે. સાથીયો તો શું ફરે જીવો સતત એક ગતિમાંથી બીજી ગતિમાં જતા - આવતા હોય છે. જીવોનું આ સંસારમાં જન્મ-મરણ કરતા-કરતા ગમન-આગમન શા માટે થાય છે ? એના ઉત્તરમાં કર્મચક્રમાં કર્મો દર્શાવવામાં આવ્યા છે - આત્મા આવા ૮ કર્મોથી બંધાયેલો છે, ગ્રસ્ત છે. મૂળમાં આવી કર્મ પરિણતિ જબરદસ્ત છે. સંસારચક્રના મૂળમાં કર્મચક્ર કારણભૂત છે. કર્મો બાંધ્યા હોય તો સંસારમાં પરિભ્રમણ અવશ્ય થતુ રહેશે. માટે કર્મોના કારણે સંસાર છે અને સંસારના કારણે કર્મો છે. સંસારમાં બેઠા છીએ માટે કર્મો બાંધવા જ પડે છે. બીજો વિકલ્પ જ નથી. અને બીજી બાજુ કર્મો ઉદયમાં આવવાથી આ ચાર ગતિરૂપ સંસાર

સામે દેખાય છે. આવી રીતે અન્યોન્યભાવે સંસાર અને કર્મોનો મેળ એક ચક્રની જેમ ચાલે છે. કર્મ અને સંસારની વચ્ચેનો આ કાર્ય-કારણભાવ છે. જન્ય-જનકભાવ સંબંધ છે. માટે કર્મનો સંસારની સાથે સંબંધ છે. પરન્તુ મોક્ષની સાથે બિલકુલ વિપરીત ભાવે છે. કર્મો ન હોય એનું જ નામ મોક્ષ છે. આત્માનો મોક્ષ થાય છે. પણ એ મોક્ષ કોના આધારે ? કર્મક્ષયના આધારે. સર્વથા સંપૂર્ણપણે બધા કર્મોનો સમૂળ નાશ-ક્ષય થઈ જાય. અને આત્મા કર્મરહિત શુદ્ધ થઈ જાય એનું જ નામ મોક્ષ છે. એવો જ મોક્ષ અપેક્ષિત છે. માટે જે જીવોને મોક્ષ મેળવવો હોય તેમણે કર્મક્ષયનું લક્ષ્ય બનાવવું જોઈએ. અને કર્મક્ષયની ભાવનાવાળા માટે મોક્ષ મેળવવાનું લક્ષ્ય કાર્યરૂપે હોવું જોઈએ. કર્મક્ષય કારણ છે અને મોક્ષ એ કાર્ય છે. સર્વથા કર્મક્ષય થઈ ગયા હોય એવી અવસ્થા વિશેષ જ મોક્ષ છે. માટે મોક્ષાર્થીએ કર્મક્ષયનો લક્ષ્ય રાખીને ધર્મારાધના કરવી જોઈએ. કદાચ ભૌગોલિક દૃષ્ટિએ જગ્યા સંબંધી વિચારણા કરવાથી મોક્ષ દેખાય તેમ ન હોવાથી અશ્રદ્ધેય બની જાય તે સંભવ છે. એના કરતા ક્રિયા-કાર્યની દૃષ્ટિથી કર્મક્ષય કરવાના લક્ષ્યથી મોક્ષ પ્રાપ્ત છે એ નજર સમક્ષ સ્પષ્ટ છે. કારણ કે થતા કર્મો, બંધાતા કર્મો ને બધા ઓળખે છે. પાપોની પ્રવૃત્તિ નજર સમક્ષ છે. જે આપણે કરી રહ્યા છીએ અને કર્મોના ઉદયે વિપાક-ફળ-(પરિણામ) રૂપ સુખ-દુઃખ આપણે બધા (જીવો) ભોગવી રહ્યા છીએ એ જ કર્મના અસ્તિત્વનો પૂરાવો છે. આ કર્મોનો એવો ક્ષય કરી લઈએ કે જેનાથી સામેસુખ-દુઃખના વિપાકો નામ માત્ર પણ ન રહે. આ શરીર એ કર્મના ઉદયનો જીવતો જાગતો પ્રત્યક્ષ પુરાવો છે. જે બધાના અનુભવનો વિષય છે. જન્મ-મરણ-દુઃખ-વેદના રોગ-બિમારી-દુઃખાવો-દર્દ આદિ બધા કર્મઉદયના પ્રત્યક્ષ પૂરાવા રૂપ પ્રમાણ છે. જે બધા અનુભવે છે. બસ એ કર્મોનો જ સર્વથા સંપૂર્ણ રૂપે ક્ષય-નાશ થઈ જાય અને શરીર તથા આત્માનો સર્વથા સંપૂર્ણપણે વિયોગ થયા અને કોઈ કર્મ અંશ માત્ર પણ ન રહે ત્યારે મોક્ષ થાય છે માટે મોક્ષ પ્રાપ્તિ એ ચરમ લક્ષ્ય છે. એના માટે કર્મક્ષયએ નજદીકનું લક્ષ્ય છે. અને કર્મક્ષય માટે સર્વ પાપોનો ક્ષય-નાશ એ સર્વ પ્રથમ લક્ષ્ય હોય તો જ સાધક મોક્ષાર્થી - મુમુક્ષુ કહેવાશે. માટે મુમુક્ષુના જીવનમાં પાપ પ્રવૃત્તિનો સર્વથા અભાવ દેખાવો જોઈએ. આ પાપો થી બચવા, ભૂતકાલના કરેલા પાપોને ખપાવવા માટે ધર્મની વ્યવસ્થા છે, એનું આચરણ છે. માટે સર્વથા નવા પાપો ન કરનારો અને જૂના થઈ ગયેલા પાપોનો સર્વથા નાશ કરનારને જ સાચા અર્થમાં સાધક કહ્યો છે. આવો સાધક સર્વકર્મોનો સમૂળ સંપૂર્ણ ક્ષય કરી લે એ દિવસે મોક્ષની પ્રાપ્તિ થઈ જશે. આ રીતે મોક્ષ પ્રાપ્તિની લગામ આપણા હાથમાં છે. આપણે સ્વયં એના કર્તા છીએ. બીજો કોઈ આવીને આપણને મોક્ષ આપશે એવું પણ નથી. માટે નિશ્ચિતજ છે કે આપણે પોતે એવો જબરદસ્ત પુરૂષાર્થ કરવો પડશે જેથી પાપો સર્વથા ટળે, કર્મો સંપૂર્ણ ખપી જાય અને મોક્ષ અવશ્ય મળી જાય.

આત્મ દ્રવ્ય વિચાર

ખાસ યાદ રાખવા જેવી પાયાની વાત એ છે કે.. જીવાત્મા શાશ્વત છે. આત્મા ત્રણે કાળમાં અખંડપણે રહે છે. અનાદિકાળથી જેનું અસ્તિત્વ છે. અને ભવિષ્યમાં અનન્તકાળ સુધી જેનું અસ્તિત્વ સદા રહેવાનું છે તે છે આત્મા. જે અજર-અમર છે. અછેદ્ય-અભેદ્ય-અદાહ્ય-અકાટ્ય-અખંડ દ્રવ્ય છે. કોઈથી છેદાતો નથી. ભેદાતો નથી, કપાતો નથી, બળતો નથી. નષ્ટ થતો નથી. એનો ખંડ પડતો નથી. ટુકડા થવા તો દૂર રહ્યા પરન્તુ આત્માના અસંખ્યમાંથી એક પણ પ્રદેશ અનન્તાકાળે પણ છૂટો પડતો નથી. માટે અખંડ છે. આ જીવ અનન્ત વાર નરક ગતિમાં જઈ આવ્યો છે. નરકમાં પરમાધામી નરાધમ રાક્ષસો છે. તે પરમ અધર્મી છે. જીવોને મારવા કાપવા-ટુકડે-ટુકડા કરવામાં જ જેને ખૂબ મજા આવે છે. એવા ભયંકર કક્ષાના પરમાધામીઓ



નારકી જીવના રેતીના કણ-કણ જેવડા ઝીણાં ટુકડા-કટકા કરી નાંખે છે છતાં પણ આત્માના પ્રદેશો કપાઈને અલગ થઈ જતા નથી. શરીરની રચના વૈક્રિય કક્ષાની છે માટે બધા અંગો ફરીથી ભેગા થઈ જાય છે અને ફરી તે નારકી જીવ અખંડ શરીરવાળો થઈને ઉભો થઈ જાય છે. આવી પ્રક્રિયાતો નરકના એક જ ભવમાં અનેકવાર સતત થતી રહેતી હોય ચે. જો પરમાધામીઓના કાપવાંથી આત્મ પ્રદેશો છૂટા પડી જતા હોત તો અનન્તા ભવ કે કાળ પછી આજે આત્મ દ્રવ્યનું અસ્તિત્વ જ ન રહ્યું હોત. કારણ કે જીવોનરકમાં અનન્તા ભવો કરી ચૂક્યા છે. આ તો એક નરકગતિની વાત થઈ પણ તિર્યંચ પશુ-પક્ષીની ગતિમાં પણ જીવ અનેકવાર કપાયો છે. કતલખાનામાં કસાઈઓએ અનેક વાર કાપીને એના શરીરના ટુકડે-ટુકડા કરી નાંખ્યા છે. એવા અનન્તા જન્મોમાં પણ જો આત્માનો એક-એક પ્રદેશ નષ્ટ થઈ ગયો હોત, અથવા આત્મદ્રવ્યથી છૂટા પડી ગયા હોત તો આજે આત્માનું અસ્તિત્વ રહ્યું જ ન હોત. કારણ આત્માના બધા મળીને પ્રદેશો માત્ર અસંખ્ય જ છે. જ્યારે ભવો અને કાળ અનન્ત વિત્યા છે. સ્વાભાવિક રીતે અસંખ્યની સંખ્યા કરતા અનન્તની સંખ્યા અનેકગણી મોટી છે. એટલે ક્રમશઃ એક-એક ભવમાં, એક-એક આત્મપ્રદેશ નષ્ટ થઈ ગયો હોત તો પણ ફક્ત અસંખ્ય ભવોમાં જ અસંખ્ય

પ્રદેશો નષ્ટ થઈ જાત. અને પછી પ્રદેશોના અભાવમાં દ્રવ્યરૂપ આત્માનું અસ્તિત્વ જ ન રહેત. આ એક આત્માની વાત નથી. સંસારમાં અનન્તાનન્ત આત્માઓ છે. સંસારી આત્માઓ સંસાર ચક્રમાં સતત પરિભ્રમણ કરતા જ રહે છે. કર્માધીન અવસ્થામાં આત્માને જન્મ-મરણ ધારણ કરતા-કરતા ચારે ગતિના ૮૪ના ચક્કરમાં પરિભ્રમણ કરતા જ રહેવું પડે છે. જન્મ-મરણનું આ ચક્ર નિરંતરપણે-અખંડપણે ચાલ્યા જ કરતું હોય છે. જન્મ ધારણ કર્યા વગર જીવ એક ક્ષણ માત્ર પણ કયાંય વિશ્રામ કરવા બેસી શકતો નથી. એક-એક પ્રદેશો નષ્ટ થવાની પ્રક્રિયા જો સ્વીકારીએ તો અનન્તા આત્માઓને સંસારચક્રમાં પરિભ્રમણ કરતા અનન્ત કાળ-અનન્ત ભવો વીતિ ગયા છે. અને બધા અનન્તાત્માઓના પ્રદેશો નષ્ટ થઈ ગયા હોત અને તેથી દ્રવ્યરૂપ અનન્તાત્માઓના પ્રદેશો નષ્ટ થઈ ગયા હોત અને તેથી દ્રવ્યરૂપ અનન્તાત્માઓના અસ્તિત્વનો જ લોપ થઈ ગયો હોત તો આજ દિવસ સુધીમાં સંસારનો અન્ત આવી ગયો હોત. એક પણ આત્મા સંસારમાં બચ્યો જ ન હોત. આજે એક પણ આત્મા આપણને જોવા જ ન મળત. સંસાર કોનો છે ? જીવ દ્રવ્યનો છે. આ સંસારના ઘટક દ્રવ્યોમાં જીવ અને અજીવ આ બે જ દ્રવ્યો મૂળભૂત અસ્તિત્વ - સત્તા - ધરાવે છે. ત્રીજું કોઈ છે જ નહીં. અને એમાં પણ અજીવ દ્રવ્ય તો જડ છે - નિષ્ક્રિય છે. સંવેદના રહિત છે. એના જન્મ-મરણ થતાં નથી. અજીવને કર્મો બંધાતા નથી. માટે અજીવનો સંસાર નથી. સંસાર જીવ-આત્માનો છે. અને પ્રદેશો નષ્ટ થવાની પ્રક્રિયામાં અનન્તાત્માઓના પ્રદેશો નષ્ટ થઈ જવાથી આત્માઓના અસ્તિત્વનોજ અભાવ થઈ ગયો હોત તો આજે એક પણ જીવ સૃષ્ટિ આ જગતમાં બચી જ ન હોત ? પરન્તુ પ્રત્યક્ષ વિરોધ નજર સામે સ્પષ્ટ આવે છે. પ્રત્યક્ષ પણ એક પ્રમાણ છે. પ્રમાણ શાસ્ત્રોમાં એને સર્વ પ્રથમ પ્રમાણ ગણ્યું છે. પ્રત્યક્ષ પ્રમાણથી વસ્તુનું અસ્તિત્વ સિદ્ધ થઈ જતું હોય તો બીજા પ્રમાણોનો ઉપયોગ કરવાનો નિરર્થક દ્રવિડ પ્રાણાયામ કરવાનો શ્રમ શા માટે લેવો ? અહીંયા સંસારમાં અનન્તા જીવો સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે - દરિયામાં માછલા આજે પણ કેટલા છે ? ધરતી ઉપર કીડીઓ કેટલી છે ? વનસ્પતિના વૃક્ષો - પાંદડા - ફળો કેટલા છે ? અરે ! બટાટા, ડુંગળી, લસણ વગેરે કેટલા છે ? એક એક બટાટા ડુંગળીમાં અનન્તા-અનન્તા જીવો છે. એવા પિણ્ડોમાં બટાટા કાંદા લસણ, ગાજર, મૂળા, આદુ (અદ્રક) આદિની સંખ્યા કેટલી છે ? આ રીતે દેહ પિણ્ડરૂપે એક એકની સંખ્યા ગણો તો કેટલી મોટી સંખ્યા થાય ? અને એક-એક દેહ પિણ્ડરૂપ બટાટા, કાંદામાં રહેનારા જીવોની સંખ્યા અનન્તની છે. તો પછી કુલ મળીને બધા જીવોની સંખ્યા કેટલી થાય ? અનન્ત x અનન્ત= અનન્તાનન્તની સંખ્યા આજે પણ આ સંસારમાં સ્પષ્ટ પણે મોજૂદ છે.

આપણે મનુષ્ય છીએ ભૂતકાળમાં અનન્તા ભવો કરીને આવ્યા છીએ.

આત્મપ્રદેશો નષ્ટ થઈ જાય, એવી વિચારણા અને આજે પણ આપણો આત્મા જન્મ લઈને આ શરીર ધારણ કરીને રહ્યો છે. આ પુરાવારૂપ પ્રત્યક્ષ પ્રમાણથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે... આત્માનો એક પણ પ્રદેશ આત્માથી છૂટો પડતો નથી. અને થતો નથી.

હા, જડ પુદ્ગલ દ્રવ્યના પ્રદેશો જરૂર છૂટા પડી જાય છે. એના પ્રદેશો છૂટા પડીને પરમાણુ રૂપે પરિણમે છે. આમ સંઘાત-વિઘાતની પ્રક્રિયા આ જડ પુદ્ગલ દ્રવ્યમાં ચાલ્યા જ કરતી હોય છે. સતત ચાલતી હોય છે. પરમાણુઓનું ચયાપચય થતું જ રહે છે. માટે પર્યાય - પરિવર્તન ઉત્પાદ-વ્યયના આધારે થતું જ રહે છે. આ પુદ્ગલ દ્રવ્યનો સ્વભાવ છે. દ્રવ્ય ગુણ-પર્યાયમાં ઉત્પાદ-વ્યય થતાંજ રહેવા છતાં દ્રવ્યસ્વરૂપે એક પરમાણુ પણ નિત્ય સ્વરૂપે છે. ધ્રુવ છે. માટે આ સંપૂર્ણ બ્રહ્માણ્ડમાંથી અનન્તાકાળમાં એક પરમાણુ નષ્ટ નથી થતું. માટે પરમાણુના અસ્તિત્વની પણ ત્રૈકાલિક શાશ્વતતા છે. પછી ભલે તે સંઘાત સ્વરૂપે સ્કંધની સાથે રહે અથવા વિઘાત થઈ ગયા પછી સ્વતંત્ર પરમાણુ સ્વરૂપે રહે. બન્ને અવસ્થામાં પરમાણુનું અસ્તિત્વ સદાકાળ રહે છે.

આ રીતે સંસારના જડ-ચેતન બન્ને દ્રવ્યોનું પોતાનું સ્વરૂપ છે. આ બે જ દ્રવ્યો સંસાર (લોક)ના મૂળભૂત ઘટક દ્રવ્યો છે. યાદ રાખજો, આ બે સિવાય સંસારમાં ત્રીજા કોઈ દ્રવ્યનું અસ્તિત્વ નથી. આ બેમાં ચેતન દ્રવ્ય એક જ છે. એના કોઈ ભેદ-પ્રભેદો નથી. સંખ્યામાં ચેતન આત્માઓ અનન્તાનન્ત છે. બીજી તરફ જડ દ્રવ્ય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાયના સ્વરૂપે ચાર છે. અને કાળની ગણનાની વિવક્ષા સાથે પાંચ થાય છે. જ્ઞાન-દર્શન-સુખ-દુઃખની સંવેદના જેવા ચૈતન્ય ગુણોનો સર્વથા અભાવ હોવાના કારણે જડપણું બધામાં એક સરખું છે. એ માટે જ અજીવ કહેવાય છે. નિષેધવાચી 'અ' જીવનો નિષેધ કરે છે. માટે અજીવ શબ્દની રચના સાર્થક છે. જો કે વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિ જે જડ-પુદ્ગલના ગુણો દર્શાવ્યા છે. તે બધા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશમાં નથી. આ ત્રણે અજીવ દ્રવ્યો ચોક્કસ છે. પરંતુ ગુણધર્મોની ભિન્નતા હોવાના કારણે જડથી પણ જૂદા પડે છે. અલગ પ્રકારના જ છે. ધર્માસ્તિકાયાદિમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિના ગુણો નથી. એમાંનો એક પણ ગુણ નથી. ધર્માસ્તિકાયાદિ અરૂપી-અમૂર્ત છે. જે રૂપી હોય તે જ વર્ણ ગંધાદિ ગુણોવાળો હોય છે. જ્યારે ધર્માસ્તિકાયાદિ રૂપી નથી. અરૂપી છે. એમાં રૂપ-રંગ (વર્ણ) ગંધાદિ એક પણ ગુણધર્મ નથી હોતા. ધર્માસ્તિકાયાદિમાં પોતાના સ્વતંત્ર ગુણો મુખ્યરૂપે છે. ગતિસહાયકપણું, સ્થિતિસહાયકપણું અને અવકાશદાનપણું વગેરે ગુણો ધર્માસ્તિકાયાદિમાં સ્પષ્ટપણે, પ્રધાનપણે છે. એના પોતાના મૂળભૂત ગુણોથી પોતાની સ્વતંત્ર ઓળખ આ ત્રણે દ્રવ્યોએ સ્પષ્ટ બનાવી રાખી છે. એના જ કારણે ધર્માસ્તિકાયાદિ પુદ્ગલ દ્રવ્યમાં ભળતા નથી. ભળી નથી જતા. પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ રાખ્યું છે. સ્વતંત્ર અસ્તિત્વ હોવા છતાં પણ છે અજીવની

કક્ષાના જ. જીવમાં પણ ભળી જતા નથી.

સ્વયં જીવ દ્રવ્ય પણ પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્ર અને સુખ દુઃખની સંવેદનશીલતા આદિ ગુણોના કારણે ધર્માસ્તિકાયાદિ બધા દ્રવ્યોથી જૂદો તરી આવે છે. ગુણો ભેદક છે. દ્રવ્યોનું અસ્તિત્વ ભિન્ન-ભિન્ન સ્વતંત્ર રાખવાનું કાર્ય ગુણો કરે છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય બન્ને દ્રવ્ય તરીકે સમાન દ્રવ્યો છે. એક સરખા દ્રવ્ય છે. પરન્તુ બન્નેના ગુણો જુદા-જુદા છે. એ ગુણો ભિન્ન હોવાના કારણે દ્રવ્યો સમાન હોવા છતાં પણ સ્વતંત્ર અસ્તિત્વ રાખે છે. ધર્માસ્તિકાય ગતિ સહાયક દ્રવ્ય છે તો અધર્માસ્તિકાય સર્વથા એનાથી વિરૂદ્ધ ધર્મ-સ્થિતિસ્થાપકતાના ગુણવાળો છે. ગતિ અને સ્થિતિ બન્ને પરસ્પર વિરુદ્ધ ગુણધર્મો છે. એના કારણે બન્ને દ્રવ્યોનું ભિન્ન-ભિન્ન સ્વતંત્ર અસ્તિત્વ છે.

જીવ દ્રવ્ય અને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય દ્રવ્યોમાં થોડી-ઘણી સમાનતા છે. પરંતુ આ સાદશ્યતા આંશિક છે. ધર્માસ્તિકાયાદિ ત્રણે એક - અખંડ અસંખ્ય પ્રદેશી છે. અહીં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનો વિચાર કરીએ છીએ ત્યારે આકાશ દ્રવ્યમાં પણ લોકાકાશ દ્રવ્ય અભિપ્રેત છે. જ્યારે આકાશ બે પ્રકારે છે. ૧ લોકાકાશ, અને ૨ અલોકાકાશ. અલોક અને લોક આ બન્ને મળીને આકાશ પ્રદેશો અનન્ત થઈ જાય છે. અલોકાકાશ અનન્ત-અસીમ-અપરિમિત-અમાપ છે. જ્યારે લોકાકાશ સીમિત, પરિમિત છે. સાન્ત છે. છેડાવાળો - અર્થાત્ અન્તવાળો છે. માત્ર ૧૪ રાજલોક પ્રમાણ જ છે. ઉર્ધ્વ દિશામાં જાઓ તો ૧૪ રાજલોકે અન્ત આવી જાય છે. અને અધો દિશામાં જાઓ તો પણ ૧૪ રાજલોકમાં અન્ત આવી જાય છે. માટે સાન્ત છે. એવી જ રીતે ડાબે-જમણે તિર્યક દિશામાં જતા પણ ક્યાંય ૭, ૫, ૩, ૨, ૧ રાજનું અંતર છે. ત્યાં લોકનો અન્ત આવી જાય છે. અને પછી આગળ અલોક છે. અલોકનું કોઈ જ માપદણ્ડ નથી. કોઈ પણ દિશામાં જતા અલોકનો છેડો - અન્ત આવતો નથી. કોઈ પણ અસીમ-અમાપ અને અનન્ત છે. એવા લોક-અલોકના આકાશ - (લોકાલોકાકાશ)નાપ્રદેશો અનન્ત થઈ જાય છે.

ધર્માસ્તિકાય જે લોક પરિમિત અજીવ દ્રવ્ય છે તે પણ અસંખ્ય પ્રદેશોવાળું દ્રવ્ય છે. એના અસંખ્ય પ્રદેશોમાંથી એક પણ પ્રદેશ અનન્તાકાળે પણ છૂટો પડતો નથી. માટે તે પણ અખંડ દ્રવ્ય છે. એવી જ રીતે અધર્માસ્તિકાયની બાબતમાં પણ સમજવું. અસંખ્ય પ્રદેશો અધર્માસ્તિકાયના છે છતાં એક પણ પ્રદેશ અનન્તાકાળે પણ છૂટો પડતો નથી. તે અખંડ લોકવ્યાપી દ્રવ્ય છે. અનન્ત પ્રદેશો લોકાલોકાકાશના છે. અને ફક્તે લોકાકાશના અસંખ્ય પ્રદેશો છે. એમાંથી એક પણ પ્રદેશ અનન્તકાળે છૂટો પડતો નથી. માટે એ પણ એક અખંડ, અસંખ્ય પ્રદેશી દ્રવ્ય છે. અલોક અનન્તગણોં મોટો છે. એની વચ્ચેના આકાશને અર્થાત્ લોકક્ષેત્રગત આકાશને લોકાકાશની સંજ્ઞા

આપવામાં આવી છે. હકીકતમાં આકાશ દ્રવ્ય તો સંપૂર્ણ અખંડ છે. અનન્ત છે. એનો પણ પ્રદેશ છૂટો પડતો નથી. આ ત્રણે અજીવ દ્રવ્યો આવા સમાન દ્રવ્યસ્વરૂપવાળા છે. ગુણોની ભિન્નતાના કારણે ત્રણેયનું સ્વતંત્ર અસ્તિત્વ છે. સ્કંધ-દેશ અને પ્રદેશ આ ત્રણ-ત્રણ ભેદ જ આ ત્રણેના થાય છે. પરમાણુંનો ચોથો ભેદ થવો સંભવ નથી.

આત્મ પ્રદેશો - એક આત્મા પણ અસંખ્ય પ્રદેશોવાળો અખંડ સ્વતંત્ર દ્રવ્ય છે. એમાં એવા પ્રકારની સંકોચ-વિકાસશીલતાની વિશેષતા રહેલી છે કે તે ગમે તેટલો નાનો પણ થઈ શકે છે અને ગમે તેટલો મોટો પણ થઈ શકે છે. પ્રદેશો માત્ર અસંખ્ય જ છે. જેટલા ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાયના અસંખ્ય પ્રદેશો છે તેટલા જ આત્માના પણ છે. આ રીતે આત્મદ્રવ્યની બાબતમાં ત્રણે-દ્રવ્યોની પ્રદેશસંખ્યાની દૃષ્ટિએ એક સરખી સમાનતા છે. પરન્તુ ચેતનાત્મદ્રવ્યના પ્રદેશોની સંકોચ-વિસ્તારની જેવી વિશેષતા છે એવી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયમાંથી કોઈની પણ નથી. માટે ચેતનાત્મા ધર્માસ્તિકાયાદિના લોકાકાશ જેટલા અસંખ્ય પ્રદેશો હોવા છતાં પણ તેને સંકોચીને એક કોડીમાં સમાવી શકે છે. એના કરતા પણ નાના એક અમીબામાં સમાવી શકે છે, એના કરતા પણ કાચા પાણીમાં પલાડી રાખેલા મગમાં અથવા કોઈપણ ધાન્યમાં ફણગો (અંકુરો) ફૂટ્યો હોય તેટલા નાના શરીરમાં પણ અનન્તા જીવો ભેગા રહી શકે છે. જેનું એક શરીર જ કેટલું નાનું, અને વળી પાછા અનન્તાએ એકી સાથે ભેગા રહેવું. કેટલું મોટું આશ્ચર્ય છે ? અને એના કરતા પણ નાનું સ્વરૂપ છે ભીંત ઉપર ચોમાસામાં જામેલી લીલફૂગનું. એક સોયની અણી ઉપર આવે એટલા નાનકડા ભાગમાં પણ અનન્ત આત્માઓ ભેગા થઈ ને રહ્યા હોય છે. કેટલું નાનું સ્વરૂપ છે ? અને અન્તમાં એના કરતાં પણ છેલ્લી કક્ષાનું સ્વરૂપ છે, સૂક્ષ્મ સાધારણ નિગોદનું આ અદૃશ્ય ગોળાઓમાં સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયની જાતિમાં એક શરીરમાં અનન્ત આત્માઓનું ભેગા મળીને રહેવું. જ્યાં શરીર જ એટલું સૂક્ષ્મ હોય છે કે દૃષ્ટિગોચર થવું સંભવ જ નથી. એવા એક શરીરમાં પણ અનન્ત આત્માઓ પિણ્ડીભૂત થઈને ભેગા રહે છે. આ સર્વજ્ઞ વચન છે. આવી અવસ્થામાં આપણે કલ્પના પણ કરવા જઈએ છીએ તો બુદ્ધિ પણ કામ નથી કરતી. એક એક આત્મા જે લોકાકાશ જેટલા અસંખ્ય પ્રદેશો ધરાવે છે. અને તે આટલું બધું સંકુચન કરીને અનન્તા ભેગા રહી જાય છે... અરે.. રે... આ અને આવું સ્વરૂપ સાંભળતા આપણને ખરેખર અધ...ધ...થઈ જાય... ખરેખર આમાં તો સર્વજ્ઞ જ માત્ર પ્રમાણભૂત છે. આપણા માટે તો આ બુદ્ધિગમ્ય પણ નથી.

બીજી બાજુ ખૂબીની વાત તો એ છે કે... આત્મ દ્રવ્ય નિગોદમાં જેટલું સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરે... અર્થાત્ અસંખ્ય આત્મપ્રદેશોને સંકોચીને એટલા સૂક્ષ્મીભૂત થઈ સકે છે... અને જરૂર પડે ત્યારે કેવલી સમુદ્ઘાત વખતે સંપૂર્ણ લોકાકાશ વ્યાપી પણ

બનાવી શકે છે. આવી રીતે સંકોચ-વિકાસ કરતી વખતે એક પણ આત્મ પ્રદેશ છૂટો નથી પડી જતો કે વિખરાઈ નથી જતો અનન્તવાર જીવાત્મા આત્મપ્રદેશોનો સંકોચ-વિસ્તાર કરે છે. કારણ કે દરેક વખતે ભવો-જન્મ જૂદા-જૂદા શરીરોમાં ધારણ કરવા પડે છે. કર્માધીન સ્થિતિમાં આ બનાવવાનું જ છે. 'માટે દરેક વખતે જૂદા-જૂદા નાના-મોટા જે શરીરો મળે છે. તેમાં આમ પ્રદેશોને સંકોચીને શરીરમાં સમાવવા પડે છે. અને ફરી પાછા પ્રસરાવીને મોટા શરીરમાં સમાવવા પડે છે. આવી પ્રક્રિયા જીવ અનન્તવાર કરે છે. પરન્તુ ક્યારેય આ પ્રક્રિયામાં એક પણ આત્મપ્રદેશ છૂટો પડતો નથી, અલગ ખરી પડતો નથી. વિખૂટો પડતો નથી. અનન્તીવાર નરક અને તિર્યંચની ગતિઓમાં ભવો કર્યા તેમાં છેદન-ભેદનની વેદના સહન કરતી વખતે કપાઈ ગયો. શરીરના ટુકડે-ટુકડા થઈ ગયા. રાઈના દાણા જેટલા ઝીણા-ઝીણા નાના-નાના ટુકડા થઈ ગયા. છતાં પણ આત્માના પ્રદેશોમાંથી એક પણ પ્રદેશ છૂટો પડ્યો નથી. આ વિશેષતાના આધારે જ અખંડપણું અને શાશ્વતપણું રહેલું છે. દ્રવ્ય સ્વરૂપથી આત્માના ધ્રુવપણાનો આધાર આ મુખ્યગુણ છે. આ ગુણવિના ત્રણે કાળની શાશ્વતતા સંભવી શકે નહીં.

આ રીતે આત્માદિ દ્રવ્યોનું દ્રવ્ય સ્વરૂપ પણ વિચારવું જોઈએ. ઉત્પાદ-વ્યયપણું દ્રવ્યમાં હોવા છતાં પણ ધ્રુવપણું કેવી રીતે સંભવે છે. એ પણ સ્પષ્ટપણે ખાસ સમજવું જોઈએ. દ્રવ્યગત વિશેષતાનો સ્પષ્ટ ખ્યાલ આવશે. સર્વજ્ઞ વચન ઉપર અનહદ શ્રદ્ધા જાગશે. અનોખુ બહુમાન અને પૂજ્યભાવ જાગશે. પંચાસ્તિકાયાત્મક જગત્ યથાર્થ-વાસ્તવિકપણું નજર સામે સ્પષ્ટ થશે. ભ્રમણા અને અજ્ઞાનતા ટળી જશે. મિથ્યાત્વના આવરણો ખસી જશે. સમ્યગ્ દર્શન પ્રગટ થશે. અફસોસ એ વાતનો છે કે જે અસર્વજ્ઞો ના દર્શનો-મતો છે એમાં આવી વિચારણા કરવામાં આવી જ નથી. અને હકીકત સ્પષ્ટ જ છે કે જેઓ સ્વયં સર્વજ્ઞ નથી એમના છદ્મસ્થપણાના જ્ઞાનમાં આ સર્વજ્ઞ ગમ્ય તત્ત્વના વિચારો આવી પણ ક્યાંથી શકે ? છતાં પણ ઘણાં અસર્વજ્ઞ પ્રણીત મતો-પંથો-ગચ્છો અને ધર્મો પોત-પોતાના ભગવાનોને સર્વજ્ઞ કહી દે છે, માની લે છે, ભલે પછી સર્વજ્ઞપણાની વાત ને સાચી ઠરાવવા એક પણ પૂરાવો ન મળતો હોય તો પણ કદાગ્રહની બુદ્ધિથી માનીને ચાલે છે. ભલે અમારા ધર્મમાં - દર્શનમાં આવા સિદ્ધાન્તોની પ્રરૂપણા - વિચારણાં કંઈ જ નથી.તેમ છતાં પણ પોતાના ધર્મના પ્રણેતા ભગવાન સર્વજ્ઞ જ છે. એવું કહી દેવું. જેથી સંસારના બીજા સર્વજ્ઞવાદી ધર્મો કરતા અમારૂં સ્તર નીચુ ન ઉતરે. આવુ કરીને પાછા દ્રવ્યની કે તત્ત્વની પ્રરૂપણા કરવામાં તો છબરડા જ વાળવાના રહે છે. આત્મા છે જ નહીં, આત્માનું અસ્તિત્વ જ નથી. આત્મા અંગુષ્ઠ માત્ર જ છે. આત્મા પણ ક્ષણિક જ છે. આત્માનું સ્વરૂપ લુપ્ત થઈ જાય છે. કંઈ રહેતું જ નથી. આત્મા વિલીન થઈ જાય છે. આત્મા શાશ્વત નથી.

આત્મા પ્રકાશમાત્ર છે. આત્મા સંખ્યાની દૃષ્ટિએ માત્ર એક જ છે. અનન્ત આત્માઓનું અસ્તિત્વ જ નથી. સંભવે જ નહીં. એક જ આત્મા અનન્ત શરીરમાં ઉપાધિ ભેદથી ભિન્ન-ભિન્ન ભાષે છે. એક જ આત્માના પ્રતિબિમ્બો માત્ર ભિન્ન-ભિન્ન શરીરમાં ભાષે છે. બાકી બીજા બધા જીવો તો કઠપુતળી માત્ર છે. આત્મામાં પણ સતત ઉત્પાદ-વ્યય થતા જ રહે છે. માટે એ પણ ક્ષણિક છે. આત્મા પણ નાશવંત છે. કાંદા-બટાકા વગેરેમાં અનન્તાત્મા છે જ નહીં. આત્મા સંકોચ-વિકાસ પામે જ નહીં. અનન્તા ભેગા થઈને એક શરીરમાં રહી જ ન શકે. એવું સ્વરૂપ સંભવતું જ નથી, અને આત્મા પણ ઉત્પન્ન થાય છે. મદ શક્તિની જેમ ઉત્પન્ન થઈ શકે છે. નષ્ટ પણ થઈ શકે છે. ગુણ વગરનો પણ છે. ગુણો પછી પણ આવે છે. ગુણો સર્વથા નષ્ટ થઈ જાય છે. આત્મા શક્તિ માત્ર છે. આત્મા રૂપી છે. આત્મા ત્રૈકાલિક શાશ્વત નથી. કૂટસ્થ નિત્ય છે. આત્માને પણ ઉત્પન્ન કર્યો છે. આ શરીર એ જ આત્મા છે. શરીરથી જૂદો આત્મા નથી. આત્મા ઈન્દ્રિયો રૂપે છે. આત્મા મન રૂપે છે. મન એ જ આત્મા છે. મનથી જૂદો નથી. આવા સેંકડો જાતના મતભેદો, ત મતાનન્તરો એક આત્માના વિષયમાં આજે પણ પ્રચલિત છે. આ બધી મતાન્તરો એક આત્માના વિષયમાં આજે પણ પ્રચલિત છે. આ બધી જાતના મત મતાન્તરો મતભેદો એકાન્તવાદના કારણે છે. એકાન્તવાદના કારણે મત-મતાન્તરો મતભેદો એકાન્તવાદના કારણે છે. અનેકાન્તવાદના કારણે મત-મતાન્તરોનો સંભવ જ નથી. કારણ કે અનેકાન્તવાદ સ્વ અને પર બન્નેની અપેક્ષાઓ લઈને ચાલે છે. સાપેક્ષવાદ એ અપેક્ષા સહિતનો વાદ છે. 'અહિત' એટલે છેની અપેક્ષાનો ભંગ પણ સ્વીકાર્યો છે. અને નાસ્તિક નથી.''ની અપેક્ષાનો ભંગ પણ સ્વીકારવામાં આવ્યો છે. પરસ્પર વિરોધી દેખાતી એવી બન્ને જાતની વિચારધારાઓ (અપેક્ષાઓ)ને લઈને ૭ ભંગોની રચના થાય છે. માટે સપ્તભંગી નામ આપ્યું છે. આ સાતે ભંગો દ્વારા - અર્થાત્ સાત પાંસાઓથી વસ્તુ તત્વનો વિચાર કરતા સર્વાંગીણ બોધ થાય છે. પરસ્પર વિરોધી ગુણ-ધર્મોમાં અસ્તિ અને નાસ્તિ છે, સામાન્ય-વિશેષ છે. દ્રવ્ય તરીકે વસ્તુ ઘડા રૂપે હોય અને એ ઘડાની બાબતમાં છે અને નથીના બન્ને પરસ્પર વિરોધી વક્તવ્યો જે થાય છે તે બન્નેને ભંગ તરીકે લઈને (૧) ''સ્યાદસ્તિ ઘટ.'' અને બીજો ભંગ (૨) 'સ્યાન્નાસ્તિ ઘટ.' આ રીતે બન્ને ભંગ થયા. 'સ્યાદ્' શબ્દ અપેક્ષા વાચક-સૂચક છે. જે ભંગની વાક્ય રચના વખતે સાથે વપરાય છે. એટલે એક વાક્યથી ઘડા વિષે જે મત રજૂ કર્યો તે સંપૂર્ણ બોધકારક નથી. માટે સ્યાદ્ શબ્દ બીજી અપેક્ષાના બીજા વાક્ય માટે રસ્તો ખુલ્લો રાખે છે. અર્થાત્ સ્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાથી આ ઘડો હોવા છતાં પણ પર-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી આ ઘડો નથી. અપેક્ષા બદલાઈ ગઈ. દ્રવ્યાદિના ચારેય નિક્ષેપાઓ ઉમેરવાથી હજી વસ્તુનો ચારે બાજુનો વિશેષ બોધ થાય છે. જેમાં અપેક્ષાઓ ઉપર મોટો આધાર છે. આ ઘડો

હોવા છતાં પણ જે હેતુ અને આશયની અપેક્ષા છે. તે પૂર્ણ થાય છે કે નહીં ? તેનો ખ્યાલ આવે છે. અર્થાત્ પાટણનો ઘડો હોવા છતાં અમદાવાદી નથી માટે નથી જોઈતો. આ એક ક્ષેત્રના નિક્ષેપની અપેક્ષા થઈ. એવી રીતે ભાવમાં આ ઘડો લાલ છે પણ કાળો નથી. જ્યારે રસોઈ કરવા કદાચ કાળો અપેક્ષિત છે. અને કાળો ને હોવાના કારણે ગ્રાહ્ય નથી. એવી રીતે કાળી માટીનો હોવા છતાં લાલ માટીનો નથી. ઉનાળામાં બનેલો નથી અને શિયાળામાં બનેલો છે. જે કાળવાચી વ્યવસ્થા થાય છે. આ બધી રીતે કરાતી બધી અપેક્ષાઓને ''સ્યાદ્'' શબ્દથી અભિપ્રેત ગણવામાં આવી છે. એટલે સ્યાદ્વાદ નામકરણ કરવામાં આવ્યું છે. ''સ્યાદ્'' શબ્દ સહિત જ વાક્ય રચના વાક્યપ્રયોગ વખતે કરવાની વાત કરી છે. ''સ્યાદ્'' એ મુદ્રાલેખ થઈ ગયો છે. ''સ્યાદ્વાદમુદ્રા મતિભેદિ વસ્તુ'' આવા શબ્દો હેમચન્દ્રાચાર્ય મહારાજે અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકામાં વાપર્યા છે. જેનો વિસ્તાર સ્યાદ્વાદ મંજરીમાં કરવામાં આવ્યો છે. ''સ્યાદ્'' શબ્દ trade mark બની ગયો છે.

નયવાદ અને સ્યાદ્વાદ બંને વાદો છે - અહીં વાદ એટલે કથન કરવાની કહેવાની પદ્ધતિ. આ બન્ને જૈન દર્શન શાસ્ત્રમાં વાદ રચના તરીકે વર્ણવવામાં આવેલ છે. નયવાદ અપ્રમાણ છે. બીજાની અપેક્ષાઓ સ્વીકારવા તૈયાર નથી. જ્યારે સ્યાદ્વાદ સાપેક્ષ છે. બીજાની બધી જ અપેક્ષાઓ સ્વીકારે છે. એવા વક્તા બીજી અપેક્ષાને ધ્યાનમાં રાખી શકતા નથી. બીજા નયો શું કહે છે ? કયા નય ને શું શું કહેવું છે ? એવા બીજા સાતે નયોની કોઈ જ અપેક્ષાને એક નય જોતો વિચારતો નથી. એક નય ને પોતાને જે કહેવું હોય તે કહી દે છે. ''गच्छतीति गौ'' જાય છે - ચાલે છે એટલે ગાય કહેવાય છે. આટલી વાત કરીને છોડી દે છે. અને જો કોઈ પૂછે કે બેઠી હોય તો ? ઉંઘતી હોય તો ? ખાતી હોય તો? એવા ઘણાં બધા પ્રશ્નો પૂછવામાં આવે તો પણ આ નયવાદિ ઉત્તર ન આપી શકે. પોતાની જ વાત પકડી રાખે છે. એ નયવાદ છે. બીજા નયોની પણ અપેક્ષા નથી રાખતા. જ્યારે સ્યાદ્વાદ નયવાદથી સર્વથા જૂદો જ છે. એક ભંગ જે પ્રરૂપણા કરે છે તે ભંગ બીજા ભંગોની અપેક્ષા રાખે છે. માટે સાપેક્ષવાદ કહ્યો છે. આ સાપેક્ષવાદના સાતે ભંગો પ્રમાણ સપ્તભંગી તરીકે ઓળખાય છે. વસ્તુ સ્વયં જ્યારે અનન્ત ધર્માત્મક છે અને આપણે તેનું સર્વાંગીણ જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો સર્વ સાપેક્ષવેાદ સ્યાદ્વાદની સપ્તભંગીથી જ સંભવ છે. નયવાદ સર્વાંગીણ જ્ઞાન પ્રાપ્ત નથી કરાવતો. માત્ર આંશિક જ્ઞાન જ પ્રાપ્ત કરાવે છે અને તે પણ નિરપેક્ષ હોય છે. જ્યારે સ્યાદ્વાદ કોઈ પણ વસ્તુ-તત્ત્વનું સંપૂર્ણ સર્વાંગીણ જ્ઞાન કરાવે છે અને તે પણ સાપેક્ષભાવે દા.ત. સ્યાદ્ અસ્તિ આત્મા, સ્યાદ્ નાસ્તિ આત્મા, આત્મા વિષયક સ્યાદ્ સાથેની સપ્તભંગીના એ બે પદો સૂચવે છે કે સ્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષા એ આત્મા છે. અને પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ એ જ

આત્મા નથી. અર્થાત્ આત્મ દ્રવ્યની અપેક્ષાએ આત્માનું અસ્તિત્વ છે. પરન્તુ પર દ્રવ્ય અર્થાત્ જડ પુદ્ગલ-અજીવ દ્રવ્યાદિની અપેક્ષાએ તે નથી. અથવા અસ્તિત્વની વિવક્ષા કરીને જો સપ્તભંગી બનાવીએ તો આત્મા પોતાના સ્વ દ્રવ્યાદિની અપેક્ષાએ અસ્તિત્વ ધરાવે છે. અને પરદ્રવ્ય-જડ આદિની અપેક્ષા નહીં. એવી જ રીતે ''નિત્ય''ની વિવક્ષા કરીને આત્માની સપ્તભંગી આ પ્રમાણે બનશે - સ્યાન્નિત્ય આત્મા, સ્યાદનિત્ય આત્મા, આત્મા સ્વ દ્રવ્યાદિની અપેક્ષાએ નિત્ય છે. અને પર દ્રવ્ય શરીરાદિની અપેક્ષાએ અનિત્ય છે. પરદ્રવ્યમાં શરીર ઉત્પન્ન થાય છે. અને નષ્ટ પણ થાય છે. જન્મ-મરણ કરતો આત્મા શરીર બનાવે છે અને મૃત્યુ સમયે શરીર છોડીને ચાલ્યો જાય છે. પ્રશ્ન એ થાય છે કે નિત્ય રહેનારો આત્મા જન્મ-મરણ કેવી રીતે કરી શકે ? કારણ કે એમાં આત્માનું નિત્યપણું જતુ રહે છે. તો શું કરવું ? અહીં સપ્તભંગીથી સ્પષ્ટ જણાવે છે કે... આત્મ દ્રવ્ય સ્વદ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે. ત્રૈકાલિક શાશ્વત છે. પોતાના દ્રવ્યપણાની દૃષ્ટિએ એનું નિત્યત્વ શાશ્વત છે. માત્ર સંયોગિક પર દ્રવ્ય-શરીર છે. જે કર્મ જન્ય છે. માટે કર્મોપાર્જિત આ શરીરને ધારણ કરવું અને એનું વિસર્જન કરવું એ કર્મના કારણે ચાલે જ છે. એવા સમયે નિત્ય એવો આત્મા સંયોગભાવથી પર દ્રવ્ય શરીર ધારણ કરે છે. અર્થાત્ જન્મે છે. અને શરીરનો વિયોગ અર્થાત્ મરણ થતા ચાલ્યો જાય છે. એથી શરીર સંયોગિક જન્મ-મરણ ધારણ કરવા અને પરિવર્તન કરવામાત્રથી આત્માનું નિત્યપણું નષ્ટ થઈ જતું નથી. માટે સ્યાદ્વાદી આત્મ દ્રવ્ય વિષે અંતિમ નિર્ણય આપતી વખતે કહેશે કે... આત્મા નિત્યાનિત્ય છે. અન્ય નિરપેક્ષ મતવાદિઓ એકાન્તવાદી છે. માટે કોઈ તો આત્માને કૂટસ્થ નિત્ય પક્ષવાળો જ માને છે. કોઈ એકાન્ત અનિત્ય છે એવો મત ધરાવે છે. તો કોઈ હજી બીજા મતો ધરાવે છે. આ અને આવા બધા મતો એકાન્તવાદી એકપક્ષી મતો હોવાના કારણે સ્યાદ્વાદી નથી વસ્તુ તત્ત્વનો સર્વાંગીણ સંપૂર્ણ જ્ઞાન નથી આપી શકતા. જ્યારે સ્યાદ્વાદના ઘરમાં આ સમસ્યા નથી રહેતી. જો આ એકાન્ત નિત્યવાદી ને પૂછો કે આત્મા જો કૂટસ્થ નિત્ય દ્રવ્ય જ છે તો પછી તેના જન્મ-મરણ કેવી રીતે સંભવે ? બીજી બાજુ સંસારના વ્યવહારમાં જન્મ-મરણ તો અખંડપણે અવિરતપણે ચાલી જ રહ્યા છે. જે પ્રત્યક્ષગોચર છે. હવે આનો જવાબ શું આપશે ? જો જન્મ-મરણ પક્ષ સ્વીકારવા જાય તો કૂટસ્થ નિત્યપણું ચાલ્યુ જાય છે. રહેતું નથી. અને જન્મ-મરણ સ્વીકાર્યા વિના પણ ચાલવાનું નથી. તો પછી એકાન્ત કૂટસ્થ નિત્યપણું પણ રહેવાનું નથી. આમ બન્ને બાજુ આપત્તિ આવે છે.

એવી જ રીતે એકાન્તે અનિત્ય પક્ષ જ જો સ્વીકારે અને તેના આધારે જન્મ-મરણની પ્રક્રિયાનો ક્રમ સ્વીકારે તો પણ ઘણી મોટી આપત્તિ આવશે. મૃત્યુ થાય... એટલે મરણ સમયે અનિત્ય હોવાના કારણે મરી ગયા પછી હવે અસ્તિત્વ કોનું રહ્યું,

મને અસ્તિત્વ જ ન રહે તો ફરી બીજો જન્મ કોણ ધારણ કરે ? બીજા જન્મના અભાવે આગામી જન્મ-મરણની પ્રક્રિયા સમાપ્ત થઈ જાય. આ પરંપરા રહે જ નહીં. કારણ કે જન્મ-મરણ ધારણ કરનાર હોવાના કારણે મરણ પછી અસ્તિત્વ ક્યાંથી રહે ? અને મરણ પછી પણ જો અસ્તિત્વ રહેતુ હોય તો એકાન્તે અનિત્ય ન કહેવાય. અનિત્યનું અસ્તિત્વ નથી રહેતુ. નિત્યનું જ અસ્તિત્વ રહે છે. પરન્તુ એકાન્ત નિત્ય માનવા જાય તો મરણ સ્વીકારવું અયોગ્ય ઠરે છે. અસંભવ બને છે. આવી રીતે નિરપેક્ષભાવે એકાન્તવાદી એક - એક પક્ષ સ્વીકારે તો બન્ને બાજુ આપત્તિ આવે છે. જેમાં તે પોતે ફસાઈ જાય છે. અને જન્મ-મરણની વ્યવસ્થા બેસાડી નથી શકતા. સરવાળે અજ્ઞાનતાનું પ્રદર્શન કરે છે. એવા એકાન્તવાદી ઘણાં મતો છે. જે ઘણાં પદાર્થોની બાબતમાં સ્પષ્ટ નથી.

જ્યારે એકમાત્ર સ્યાદ્વાદિ અનેકાન્તવાદિ એવો છે જે સ્પષ્ટ સાચો ન્યાય આપે છે કે... સ્યાન્નિત્યાત્મા, અને સ્યાદનિત્યાત્મા બન્ને ભંગોના આધારે આત્માને ''નિત્યાનિત્ય'' ઉભયરૂપે માનો. આમાં બન્ને અપેક્ષાઓ સમ્મિલિત છે. એક-બીજા ભંગોની અપેક્ષાઓને સાથે મેળવીને જ વિવક્ષા સાચી થઈ શકે છે. આત્મા સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ ''નિત્ય'' છે. અને એ જ વખતે એ જ આત્મા પરદ્રવ્ય-જડ શરીરના સંયોગ વિયોગની અપેક્ષાએ અનિત્ય પણ છે. આવી રીતે નિત્યાનિત્ય ઉભય સ્વરૂપી આત્માને માનીએ તો જ જન્મ-મરણની વ્યવસ્થાને પણ બરાબર સાચો ન્યાય આપી શકીએ છીએ. ચોક્કસ આ સંસારમાં જન્મ-મરણની પ્રક્રિયા અનાદિ-અનન્તકાલીન છે. અનન્તકાળ ભૂતકાળમાં વીતિ ગયો છે. અને આ જન્મ-મરણ આત્મ દ્રવ્ય સિવાય બીજા કોઈના પણ સંભવ જ નથી. હવે આત્મ દ્રવ્યનું સ્વરૂપ આ એકાન્તમતવાદિઓ સ્પષ્ટ સત્યસ્વરૂપે સાપેક્ષભાવે ન સ્વીકારતા અર્થાત્ નિરપેક્ષપણે સ્વીકારવાના કારણે સંસારની અખંડપણે ચાલતી જનમ-મરણની વ્યવસ્થાનું રહસ્ય નહીં પામી શકે. એનો ઉકેલ-ઉપાય પણ નહીં સૂચવી શકે. સંસાર તો જન્મ-મરણની પ્રક્રિયાનું જ નામ છે. જન્મ-મરણની પ્રક્રિયા બન્ધ પડી જાય તો સંસાર જેવું કંઈ રહે જ નહીં. જન્મ-મરણના અભાવનું જ નામ મોક્ષ છે. આશ્ચર્ય તો એ છે કે બૌદ્ધમતવાદિઓ એકાન્તે આત્માને અનિત્ય માને છે. ક્ષણિક અને નાશવન્ત કહે છે તો પછી જન્મ-મરણની અવિરત - અખંડ અને અનન્તકાળ ચાલનારી આ શાશ્વત વ્યવસ્થાનો શું જવાબ આપશે ? એમની પાસે કોઈ જ જવાબ નથી. જો આત્માનામક દ્રવ્યનું અસ્તિત્વ મરણ પછી રહે જ નહીં તો સંસ્કારો - વાસના આદિ દ્રવ્યના આધાર વિના રહેશે કેવી રીતે ? દ્રવ્યને તો અનિત્ય - ક્ષણિક - નાશવન્ત - શૂન્યરૂપ માની મરણ સમયે નષ્ટ થઈ જાય છે તેમ તો માની લઈએ જન્મ-મરણની સંસારની આ અખણ્ડ અવસ્થાનું શું થાય ? એનામાટે બૌદ્ધો પાસે શું જવાબ છે ? અથવા શું બીજો વિકલ્પ સૂચવશે ?

આત્મા જેવો બીજો વિકલ્પ કોનો સૂચવશે ? અને એ જે દ્રવ્ય હશે.. સૂચવશે તેને આ ''સર્વં અનિત્યં, સર્વં શૂન્યં, સર્વં ક્ષણિકં'' નો સિદ્ધાન્ત લાગુ પડશે કે નહીં ? અને જો ન લાગુ પડતો હોય તો ''સર્વં'' કહેવું ખોટું ઠરશે. અને જો લાગુ પડે તો જે આપત્તિઓ આત્માને માનવામાં આવે છે એની એ જ બધી આપત્તિઓ બીજા વિકલ્પદ્રવ્યને માનવામાં પણ અવશ્યપણે આવવાની છે. અને બીજી બાજુ નિત્યપણું માનવા જાય તો તેમનો ''સર્વં ક્ષણિકં'', ''સર્વં અનિત્યં''નો સિદ્ધાન્ત ચાલ્યો જાય છે. સિદ્ધાન્ત હાનિ કરવી કે દ્રવ્યસ્વરૂપની હાની કરવી? આ પ્રશ્ન તેમને ઘણાં સતાવતો હોય છે - આવા સંજોગોમાં - મમત્વપણાનો મિથ્યા મોહ વધુ જોર પકડે છે અને સ્વપક્ષમાન્ય સિદ્ધાન્તની પક્કડ વધારે જોરદાર રીતે પકડી રાખવામાં આવે છે. દુરાગ્રહ અને આભિનિવેષિક ભાવો એમાં વધુ કામ કરે છે. દ્રવ્યસ્વરૂપનું યથાર્થ જ્ઞાન ન થવાના કારણે જો સિદ્ધાન્તો સાવ ખોટા બેસાડી દેવામાં આવે અને પછી એને જ સાચા માનીને વળગી રહેવામાં આવે તો એમાં ભૂલ કોની છે? દ્રવ્યનું દ્રવ્ય-ગુણ-પર્યાયનું, ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય સ્વરૂપ યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થવું જોઈએ. અને એ કોને થાય ? છદ્મસ્થોને કે કેવળજ્ઞાની સર્વજ્ઞોને ? છદ્મસ્થમાં અજ્ઞાનની માત્રા પણ વધારે હોય છે. એટલે દ્રવ્ય-પદાર્થ યથાર્થ સ્વરૂપ એમના જ્ઞાનમાં કયાંથી આવશે ? સંભવ નથી. માટે પદાર્થનું સંપૂર્ણ ત્રણેકાળમાં સાચું અર્થાત્ અંતિમ સત્ય કોણ જાણી શકશે ? એક માત્ર સર્વજ્ઞ ત્રિકાળજ્ઞાનીઓ જ જાણી શકશે. સર્વજ્ઞો પાસે જ્ઞાન ક્ષાયિક કક્ષાનું અંતિમ કક્ષાનું છે, એવી જ રીતે જ્ઞાનની સાથે દર્શન પણ ચરમકક્ષાનું છે. આ રીતે સર્વજ્ઞ-સર્વદર્શી હોવાના કારણે પદાર્થનું અંશમાત્ર સ્વરૂપ પણ એમનાથી અજાણ્યું-રહેવાનું નથી. પૂર્ણજ્ઞાન થયા પછી વીતરાગભાવ પણ સર્વોપરિ કક્ષાનો છે. કેવળદર્શનથી સર્વદર્શી પરમાત્મા પદાર્થનું દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ યથાર્થ જોઈ લે છે. અને કેવળજ્ઞાન થી એ જ સર્વજ્ઞ પરમાત્મા એ જ દ્રવ્ય-ગુણ-પર્યાયનું ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્ત પદાર્થનું યથાર્થ સ્વરૂપ જાણી લે છે. અને સમ્યગ્ પ્રકારે જાણી લીધા પછી સર્વથા રાગ દ્વેષ વિનાના વીતરાગી એ જ સર્વજ્ઞપરમાત્મા પદાર્થનું એ સ્વરૂપ આપણા જેવા સામાન્ય જીવોને જણાવે છે. કહે છે. સંપૂર્ણ વીતરાગભાવ હોવાના કારણે, ચરમ સત્ય જગત્ સમક્ષ આવે છે. બસ, એ જ ચરમસત્ય ત્રૈકાલિક સિદ્ધાન્ત બને છે. જે ત્રણે કાળમાં શાશ્વતપણે એક સરખું રહે છે. માટે જ જે બદલાયા કરે તે સિદ્ધાન્ત ન કહેવાય અને જે સિદ્ધાન્ત હોય તે કોઈ કાળે બદલાય નહીં. આવા ત્રિકાળ શાશ્વતસિદ્ધાન્તો એ જ ચરમ સત્ય સ્વરૂપ હોઈ શકે છે. વિજ્ઞાનના ક્ષેત્રમાં તમામ સિદ્ધાન્તો પરિવર્તનશીલ છે. બદલાતા જ રહે છે. માટે એને ચરમ સિદ્ધાન્તની સંજ્ઞા ન આપી શકાય. સર્વજ્ઞ પ્રણીત ધર્મ સિદ્ધાન્ત ને જ ચરમસિદ્ધાન્ત કહી શકાય. કારણ કે આત્મા-પરમાત્મા... મોક્ષ... તથા અજીવ આદિ દ્રવ્યોનું સ્વરૂપ જે સર્વજ્ઞોએ પ્રરૂપ્યુ છે તે શાશ્વત છે.

ત્રણેકાળમાં અપરિવર્તનશીલ છે. ભૂત-વર્તમાન-ભવિષ્યકાળમાં ક્યારેય પણ આત્માદિના સિદ્ધાન્તો બદલાવાના નથી. આત્માદિ પદાર્થોનું જ્ઞાન બદલાશે નહીં.સ્વરૂપ બદલાશે નહીં. વ્યાખ્યા પણ બદલાશે નહીં. માટે ત્રિકાળ શાશ્વત સત્ય સ્વરૂપ છે. બસ, આવું જ સ્વરૂપ આપણે જાણીએ, જ્ઞાનરૂપે મેળવીએ તો આપણને સમ્યગ્ જ્ઞાન થાય, અને એ પદાર્થો - તત્ત્વો ઉપર સાચી શ્રદ્ધા રાખીને માનવાનું રાખીએ તો સમ્યગ્ દર્શન થશે. અને એને અનુરૂપ આચરણ કરીએ એટલે સમ્યગ્ ચારિત્ર કહેવાશે. અને આ ત્રણેના સંયુક્ત સ્વરૂપને સમ્યગ્ રૂપે આચરવાથી આરાધાવાથી અન્તે મોક્ષની પ્રાપ્તિ થાય છે. તત્ત્વાર્થ સૂત્રમાં પૂ. ઉમાસ્વામિજી મ. "सम्यग् दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः। " આ પ્રથમ સૂત્રમાં આ-દર્શન-જ્ઞાન-ચારિત્રના સમ્યગ્ સ્વરૂપને જ મોક્ષ મેળવવાનો માર્ગ જણાવે છે. આ જ માર્ગે મુક્તિ મળી શકશે. ભૂતકાળમાં અનન્તા આત્માઓને મોક્ષ આ જ માર્ગે મળ્યો છે. અને આ જે વર્તમાનકાળે પણ મહાવિદેહમાંથી જીવો આ માર્ગે મોક્ષે જઈ રહ્યા છે અને ભવિષ્યના અનન્ત કાળમાં પણ મોક્ષ આ જ રીતે મળવાનો છે. બીજો કોઈ વિકલ્પ જ નથી. બીજો માર્ગ જ નથી. માટે આ ત્રૈકાલિક શાશ્વત માર્ગ છે.

બીજી બાજુ આ દર્શન - જ્ઞાન - ચારિત્રાદિ આત્માના પોતાના મૂળભૂત ગુણો છે. એ જ ગુણો ને પ્રગટ કરવા, નિરાવરણ કરવા અર્થાત્ કર્મના આવરણથી આચ્છાદિત થયેલા છે તેને આવરણ રહિત કરવાની પ્રક્રિયાનું નામ જ ધર્મ છે. આત્માના ગુણોની ઉપાસના એ જ આત્મ ધર્મ છે. અને સર્વે ગુણો સર્વથા નિરાવરણ થઈ ને પૂર્ણ-સંપૂર્ણપણે વિકસી જાય અર્થાત્ ચરમ કક્ષાએ પહોંચી જાય બસ, એનું જ નામ છે. મોક્ષ માટે મોક્ષ આત્મધર્મની ઉપાસનાથી જ મળશે. એ વિના સંભવ નથી. અને જ્ઞાન-દર્શનાદિ આત્મધર્મની ઉપાસના કરવી, એમાં જ ઉપયોગ ભાવની જાગૃતિ રાખવી એ જ આધ્યાત્મિક છે. આવું આધ્યાત્મિક જીવન સદા જીવવું જોઈએ.

નિશ્ચિતપણે બધો આધાર એકમાત્ર આત્મા ઉપર છે. આત્મા છે તો બધુ છે. અને આત્મા નથી... અર્થાત્ મૂળભૂત આધાર તત્ત્વ જ નથી તો કંઈ જ નથી. આધાર વિના નિરાધાર થવાય. આધાર વિના અંધારૂ થાય. માટે આત્મા વિના કંઈ જ સંભવ નથી. આત્મા ત્રણેકાળમાં રહેનાર શાશ્વત દ્રવ્ય છે. કોઈપણ કાળે અને અનન્તા જન્મ-મરણો વિતી જાય તેમ છતાં પણ આત્માનું અસ્તિત્વ કોઈ કાળે કોઈ પણ રીતે નષ્ટ થાય તેમ નથી. અનન્તવાર ઉત્પાદ-વ્યય થવા છતાં પણ મૂળભૂત દ્રવ્યસત્તારૂપે એનું અસ્તિત્વ રહે જ છે. બસ આ જ ધ્રુવપણું છે. નિત્યપણુ છે. બીજી તરફ આપણે પહેલા વિચારી ગયા તે મુજબ... અનન્તા કાળે પણ આત્માનો એક પ્રદેશ પણ નષ્ટ થાય તેમ નથી. અરે ! નષ્ટની કયાં વાત રહી... છૂટો જ પડે તેમ નથી છૂટો પડે તો નષ્ટ થાય ને. એવી આત્માના અસંખ્ય પ્રદેશોની અખંડ પિણ્ડરૂપ દ્રવ્ય વ્યવસ્થા છે.

ઉત્પાદ-વ્યય, તેમજ જન્મ-મરણ... થતા જ રહેવાના છે. જ્યાં સુધી મોક્ષ ન થાય ત્યાં સુધી પર્યાયોનું પરિવર્તન નિરંતર થતું જ રહે છે. અને તે કર્મ સંયોગિક છે. કર્મ કારણિક છે. નરકાદિમાં અનન્તવાર છેદન-ભેદન થવા છતાં એક પણ આત્મપ્રદેશ વિખૂટો પડ્યો નથી. નષ્ટ થઈ શક્યો જ નથી માટે આત્માના અસ્તિત્વનો લોપ થઈ શકે જ નહીં. માટે આ સંસારમાં જે અનન્તાનન્ત આત્માઓ છે તેમનું બધાનું અસ્તિત્વ અનન્તાન્ત કાળથી એકધારૂ છે...છે... ને છે જ. એક પણ આત્મા નષ્ટ થયો નથી. અને એક પણ આત્મા નવો બન્યો નથી. હા... પર્યાય પરિવર્તનથી કોઈ કયાં હશે? કોઈ કયાં કેવા સ્વરૂપે હશે ? કોઈ મોક્ષમાં સિદ્ધ સ્વરૂપે હશે ? કોઈ સંસ્કારમાં દેવ-મનુષ્યાદિ સ્વરૂપે હશે ? પરન્તુ અસ્તિત્ત્વમાં છે. સિદ્ધાવસ્થા એ પણ આત્માની પર્યાય વિશેષ છે. સંસારી-દેવ-મનુષ્યાદિની અવસ્થા એ પણ પર્યાય વિશેષ છે. સંસારી પર્યાયો કર્મજન્ય છે માટે નિરંતર પરિવર્તનશીલ છે. જ્યારે સિદ્ધાવસ્થાની પર્યાય એ ચરમ-અંતિમ કક્ષાની પર્યાય છે. બસ હવે કોઈ પરિવર્તન સંભવ નથી. એ છેલ્લા-માં છેલ્લી સ્થિર પર્યાય છે. અને છેલ્લી કક્ષાની ચરમ પર્યાય હોવાના કારણે સ્થિર પર્યાય છે. જે કર્મક્ષય જન્ય છે. હવે પર્યાય પરિવર્તનકારક તત્ત્વ જે કર્મ છે તે નથી. માટે પર્યાય બદલાય તેમ નથી. માટે આત્માની અંતિમ સ્થિર પર્યાયનું નામ જ મોક્ષ છે. જ્યારે સતત બદલાતી પરિવર્તન પામતી પર્યાયનું નામ જ સંસાર છે. આ રીતે પર્યાયની વિવક્ષાથી પણ મોક્ષનું સ્વરૂપ સ્પષ્ટ કરી શકાય છે. સંસારના પ્રત્યેક જીવોએ ચરમ સ્થિરસ્થાયી પર્યાય મેળવવા એ દિશામાં સમજીને સુયોગ્ય પુરૂષાર્થ કરવો જોઈએ.એ જ સાચો પુરૂષાર્થ છે. આ સાચો પુરૂષાર્થ જ સાચા ધર્મ સ્વરૂપે છે.

શું વિલીનીકરણ સંભવ છે ?-

બૌદ્ધ દર્શન નિર્વાણને આત્માના વિલીનીકરણ રૂપ માને છે અન્તે આત્મા લોપ થઈ જાય છે. વિલીન થઈ જાય છે. બસ, પછી આત્માનું અસ્તિત્વ રહેતું જ નથી. એનું નામ મોક્ષ છે. આ વિચાર બુદ્ધની અસર્વજ્ઞતાનું સ્પષ્ટ પ્રદર્શન કરે છે. શું સાકર કે મીઠાના કણ પાણીમાં વિલીન થઈ જાય એવી રીતે આત્મા નામનો દ્રવ્ય વિલીન થઈ જાય છે ? થતો હોય તો શેમાં થાય છે ? સાકર-મીઠાની સામે પાણી એક દ્રવ્ય પદાર્થ છે. જેમાં એ બન્ને વિલીન થઈ શકે છે. પરન્તુ આ અવસ્થામાં વિલીન થઈ ગયા પછી પણ સાકર-મીઠાનું અસ્તિત્વ રહે છે. અસ્તિત્વનો લોપ નથી થતો. માત્ર પર્યાય પરિવર્તન થાય છે. જે ઠોસ દ્રવ્ય સ્વરૂપે હતી તે પર્યાય પરિવર્તન પામીને પ્રવાહી પાણી કે દૂધમાં ભળી જાય છે. આ તો પર્યાય પરિવર્તન થયું. દ્રવ્યના અસ્તિત્વનો અભાવ નથી થયો. કારણ કે સાકરની મીઠાસ - દૂધ કે પાણીમાં સ્પષ્ટ અનુભવાય છે. એવી રીતે મીઠાનું પણ છે. ઠોસ પર્યાય અને દ્રવ પર્યાય બન્ને દ્રવ્યોની પર્યાયરૂપે છે.

પારો ધાતુ હોવા છતાં પણ દ્રવ્ય સ્વરૂપી દ્રવ છે. જ્યારે અન્ય ધાતુઓ સોના-ચાંદી વગેરે દ્રવ સ્વરૂપે નથી, ઠોસ સ્વરૂપે છે. ગેસરૂપે પણ છે, માટે આ ત્રણેય પર્યાય સ્વરૂપે છે. ઠોસ, દ્રવ, અને ગેસ એ દ્રવ્યરૂપે નહીં પણ પર્યાયરૂપે છે. દ્રવ્ય આ ત્રણે રૂપે હોઈ શકે છે. એક દ્રવ્યની અનેક પર્યાયો થાય છે. ઉત્પાદ-વ્યયના આધારે પર્યાયોમાં પરિવર્તન અનેકવાર થાય છે. એજ મીઠું જે પાણીમાં ઓગળીને દ્રવ પર્યાય ધારણ કરીને રહ્યું છે. ફરી કોઈ પ્રક્રિયા વિશેષથી પાણીનું બાષ્પીભવન કરીને પાછુ મીઠું, ઠોસ દ્રવ્ય સ્વરૂપે મેળવી શકાય છે. ફરી પાછુ મીઠું મૂળપર્યાયમાં આવી જશે.

શું આત્મા નામક દ્રવ્યની પણ આવી જ સ્થિતિ છે ખરી ? શું આત્મા નામના દ્રવ્યની પ્રવાહી પર્યાય સંભવ છે? દેહની પર્યાયો પ્રવાહી પાણી સ્વરૂપ થાય છે. પણ આ જ અખંડ - અસંખ્ય પ્રદેશી આત્મા એ જ અપ્કાયમાં જન્મ ધારણ કરે છે. પાણીની દેહ ધારણ કરે છે. આત્મ પ્રદશોમાં સંકોચ વિકાસ કરવાનો પોતાનો સ્વભાવ હોવાના કારણે એ પર્યાય પરિવર્તન સંભવ છે. જ્યારે જન્મ ફરી બીજી યોનિમાં થશે ત્યારે ફરી પર્યાય બદલાશે. ત્યારે આત્મા પોતાના દ્રવ્યસ્વરૂપે એમનો એમ રહે છે. દ્રવ્ય સ્વરૂપ આત્મા છે. પણ દ્રવ સ્વરૂપ દ્રવ્ય નથી. દ્રવ-ઠોસ અને ગેસરૂપી ત્રણે પર્યાયોમાં આત્મા રહી શકે છે. જઈ-આવી શકે છે. આ પર્યાયો બદલાઈ શકે છે. બાહ્ય સ્વરૂપે આ જડ પુદ્ગલ-પરમાણુઓની પર્યાયો બદલાઈ શકે છે. બાહ્ય સ્વરૂપે આ જડ પુદ્ગલ-પરમાણુઓની પર્યાયો રહેશે. જો જીવ એમાં આવીને એવા જન્મો ધારણ કરીને રહેશે તો રહી શકે. પરન્તુ જીવ ઠોસ કે ગેસ કે પ્રવાહી સ્વરૂપે નહીં કહેવાય. જડ શરીરની પર્યાયો આ રહેશે, અને આત્મા પોતાના મૂળ સ્વરૂપમાં રહેવા છતાં એ પર્યાયાકાર બનીને રહેશે. એમાં આત્માને કયાંય વાંધો નથી.

બૌદ્ધોના મતે આત્માના વિલીનીકરણની અવસ્થા કેવી છે ? કેવી રીતે થાય છે? શું સાકર-મીઠું જેમ દૂધ-પાણીનામના દ્રવ પદાર્થોમાં વિલીન થાય છે. તેમ આત્મા



શેમાં વિલીન થાય છે ? સામે વિલીન થવા માટે કયુ દ્રવ્ય છે ? કેવું દ્રવ્ય છે ? શું આકાશમાં વિલીન થાય છે ? કે પછી વાયુમંડળમાં વિલીન થાય છે ? અથવા આ સિવાય બીજા કોઈ દ્રવ્યમાં વિલીન થાય છે ? બૌદ્ધોને ફક્ત આટલું જ પુછવું છે કે... આકાશદ્રવ્ય ને કેવું માનો છો? અને આ આકાશ દ્રવ્યમાં શું અનન્તા કાળમાં પણ કોઈ દ્રવ્ય વિલીન થયુ છે ખરૂં ? આકાશમાં વિલીનીકરણનો અર્થ એ થશે કે કોઈ પણ જીવ-અજીવ દ્રવ્યના પ્રદેશો કે પરમાણુઓ આકાશરૂપે પરિણમવા. જો આકાશમાં વિલીન થતાં હોય તો આકાશ દ્રવ્ય જેવા બની જાય અને એ રૂપે થઈને રહે. જૈન દર્શન તો સ્પષ્ટ જણાવે છે કે... અનન્તા કાળમાં

પણ જીવ કે અજીવ એક પણ દ્રવ્ય આકાશમાં વિલીન થઈ શકતા જ નથી. એક તો આકાશ દ્રવ્યના પ્રદેશો બીજા કોઈ દ્રવ્ય જેવા છે જ નહીં. કોઈ ને પોતામાં વિલીન કરતો જ નથી. નથી તો એ ગેસરૂપે કે નથી એ દ્રવ-પ્રવાહી રૂપે. નથી એ ઠોસ સ્વરૂપે આકાશને શરીર વગેરે કંઈ હોતુ નથી. એ જીવ જેવો દ્રવ્ય નથી. અનન્તપ્રદેશી દ્રવ્ય છે. અને અવકાશદાતૃત્વનો એનો સ્વભાવ છે. જગ્યા આપવાનો એનો ગુણ છે. આકાશ જેવો ગુણ જડનો નથી. બીજા પુદ્ગલાદિ દ્રવ્યોનો નથી. એવી જ રીતે ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાયનો પણ નથી. એ સ્વતંત્ર દ્રવ્યો છે. એમના પોતાના ગતિ-સ્થિતિ સહાયકતાના ગુણો છે. પોતાના આ વિશિષ્ટ ગુણોના આધારે આ બન્ને દ્રવ્યો સંપૂર્ણપણે સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. બીજી મહત્ત્વની સમજવા જેવી વાત તો એ છે કે... અનાદિ-અનન્ત કાળથી આ ત્રણે દ્રવ્યો એક સાથે જ રહે છે. ભેગા જ રહે છે. લગભગ એક બીજામાં મળીને - રહે છે. છતાં પણ ત્રણેય દ્રવ્ય સદંતર ભળીને એકરૂપ થઈ નથી ગયા. આ પ્રમાણે આકાશ એ આધારભૂત દ્રવ્ય છે. જ્યારે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બન્ને દ્રવ્યો આધેય છે. યાદ રાખવા જેવી વાત તો એ છે કે... આ ત્રણેય એક જ અજીવના ઘરના દ્રવ્યો છે. બીજુ આ ત્રણે દ્રવ્યો અરૂપી છે. લોકાકાશ ક્ષેત્રમાં ત્રણેય અસંખ્ય પ્રદેશી દ્રવ્યો છે. આકાશ માત્ર એક જ દ્રવ્ય એવું છે કે જે લોક અલોક ઉભયક્ષેત્ર વ્યાપી દ્રવ્ય છે. માટે અનન્ત છે. માટે એના પ્રદેશો અનન્ત છે. જ્યારે બીજા બે દ્રવ્યો ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય ફક્ત લોકાકાશવ્યાપી જ છે. અને તેમ છતાં પણ લોકક્ષેત્રમાં ત્રણેય ભેગા રહેતા હોવા છતાં પણ ત્રણેય એકરૂપ બની નથી ગયા. ભેગા - સાથે રહેતા હોવા છતાં પણ એક બીજામાં ભળીને એક નથી થઈ ગયા. આ વિશેષતા છે. એ વિશેષતાનો પ્રત્યક્ષ અનુભવ આપણે બધા કરી રહ્યા છીએ. એક આકાશ આપણને જગ્યા આપે છે તો બીજો ધર્માસ્તિકાય જીવો ને ગતિમાં સહાયતા કરે છે. અને ત્રીજો અધર્માસ્તિકાય સ્થિરતામાં સહાયક બને છે. આ ત્રણેય ગુણોનો ફાયદો જીવ અને પુદ્ગલ બન્ને દ્રવ્યો રોજ ઉઠાવે છે જો આ ત્રણેય દ્રવ્યો એક થઈ ગયા હોત ? એકરૂપ બની ગયા હોત તો આમાંથી બે દ્રવ્યનું અસ્તિત્વ નષ્ટ થઈ ગયુ હોત. લોપ થઈ ગયા હોત ? તો આજે ગુણોની સહાયતા આપણે અનુભવીએ છીએ એનું શું ? સ્વતંત્રપણે અનુભવીએ છીએ એ પૂરાવો જ સ્પષ્ટ કરે છે. કે આ ત્રણેય સ્વતંત્ર અલગ - અલગ અસ્તિત્વ ધરાવે છે. કોઈનું સ્વરૂપ લુપ્ત થયું નથી. કોઈનું અસ્તિત્વ નષ્ટ થયું નથી.

જો આકાશમાં ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય દ્રવ્યો વિલીન થઈ નથી શકતા તો શું આત્મા એમાં વિલીન થઈ શકશે ? શું સંભવ છે ? આત્માને પણ પ્રદેશો છે. આત્મા પણ અરૂપી છે. અને આકાશાદિ પણ અરૂપી દ્રવ્ય છે. આવી ગુણાત્મક સમાનતા આંશિક અંશે હોવા છતાં પણ નથી તો આત્મા આકાશ આદિ દ્રવ્યોમાં

વિલીન થઈ શકતો કે નથી તો આકાશ આદિ દ્રવ્યો આત્મામાં વિલીન થઈ શકતા. જો આત્મા વિલીન થતો હોય તો આત્માનું જ્ઞાન કયાં જાય ? શું આત્મા આકાશમાં વિલીન થવાથી આત્માનું જ્ઞાન આકાશમાં આવી જશે ? આકાશ જ્ઞાનમય બની જશે ? શું વિતેલા અનન્ત ભૂતકાળમાં આવું બન્યું છે ખરૂં ? જો બની શકતું હોત તો વિતેલા અનન્તભૂતકાળમાં અનન્ત આત્માઓ આકાશમાં વિલીન થઈ ગયા હોત અનન્ત આકાશ જ્ઞાનમય બની ગયો હોત. અને આજે આકાશ દેશના (પ્રવચન) આપતો હોત.

પરન્તુ ન ભૂતો ન ભવિષ્યતિ. અનન્ત ભૂતકાળમાં આવું બન્યું નથી. બનતું અને બનશે પણ નહીં. આજે અનન્ત આત્માઓનું અસ્તિત્વ છે એ જ એનો પ્રત્યક્ષ પૂરાવો છે. આથી સ્પષ્ટપણે સિદ્ધ થાય છે કે આત્મા આકાશાદિ બીજા કોઈ દ્રવ્યમાં વિલીન થઈ શકતો જ નથી. આત્માના અસંખ્ય પ્રદેશો છે. એમાંનો એક પણ પ્રદેશ નથી તો છૂટો પડતા, અને નથી તો બીજામાં ભળી જતો. જો એક પ્રદેશ વિલીન થઈ શકતો હોત તો અસંખ્ય પ્રદેશો પણ વિલીન થઈ શકે. બીજી બાજુ કાળ અનન્ત વીતિ ગયો છે. આટલા અનન્તા કાળમાં અસંખ્ય પ્રદેશો શું હિસાબમાં? અસંખ્ય કાળ પહેલા જ બધા આત્માઓનું વિલીનીકરણ થઈ ગયું હોત. તો આજે સંસારમાં એક પણ આત્માનું અસ્તિત્વ જ ન રહ્યું હોત. પરન્તુ સંસારમાં આજે પણ અનન્તાનન્ત આત્માઓનું અસ્તિત્વ પ્રત્યક્ષ ગોચર છે. જે જીવસ્વરૂપે જન્મ ધારણ કરીને જીવન જીવી રહ્યા છે.

આ રીતે કોઈ પણ પ્રમાણથી બૌદ્ધોનો આત્માનું વિલીન થવાનો સિદ્ધાંત સિદ્ધ થઈ શકતો નથી. સાવ મિથ્યા - ખોટો સિદ્ધાન્ત છે - એક વાત સ્પષ્ટ સર્વમાન્ય સિદ્ધાન્ત જેવી છે કે... જે જે સત્ય છે અરે ! ચરમ કક્ષાનું સત્ય છે. તે તે બધુ સર્વજ્ઞ પ્રણીત જ છે. જે જે સર્વજ્ઞ પ્રણીત ન હોય તે ચરમ સત્ય સ્વરૂપ ન જ હોઈ શકે. માટે સર્વજ્ઞ ભાષિત વચનને જ ચરમસત્ય સ્વરૂપે સ્વીકારવું જ ક્ષેયષ્કર છે. બૌદ્ધ સિદ્ધાન્ત કસોટી ઉપર બિલ્કુલ ખરો ઉતરતો જ નથી. માટે આવા સિદ્ધાન્તો રજુ કરનારા બૌદ્ધો ને અસર્વજ્ઞપ્રણીત વાત કરનારા કેમ ન કહેવા ? વધુ યોગ્ય આ જ છે. એટલે આવી પ્રરૂપણા કરવી એ બકવાસ માત્ર છે. પ્રલાપ માત્ર છે. આ જગતમાં પંચાસ્તિકાય આદિ દ્રવ્યોની અને છઠ્ઠા કાળ ને દ્રવ્યરૂપે ગણીને વિચારવાથી ષડ્દ્રવ્યોની જે વિચારણા સર્વજ્ઞવાદી આર્હતોએ કરી છે તે જ સુયોગ્ય છે. સુવાચ્ય છે. આ બધા દ્રવ્યો પોતપોતાના ગુણોના આધારે સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. અનાદિ અનન્તકાલીન અસ્તિત્વ ધરાવનારાં આ છએ દ્રવ્યો સ્વતંત્ર છે. એક-બીજામાં એક-બીજાનું મિશ્રણ - સંમિશ્રણ કે વિલીનીકરણ થતું જ નથી. માટે આખું જગત પંચાસ્તિકાયાત્મક - ષડ્દ્રવ્યાત્મક છે. અનન્તાકાળે પણ આ સંખ્યામાં એક વધવાનો નથી અને એક ઘટવાનો પણ નથી.

આત્મા કર્મના ઉદયવશ જ્યારે જડ પુદ્‌ગલનું શરીર ધારણ કરે છે. અને એ શરીરમાં નિયતકાળ સુધી એક મેક થઈને રહે છે. તે છતાં પણ આત્મા જડ બની જતો નથી. પુદ્‌ગલ રૂપ થઈ જતો નથી. એટલું જ નહીં સ્થૂલ શરીરનું પરિવર્તન થતું રહે છે. પરન્તુ આત્મા જે સુક્ષ્મતમ કાર્મણ-તૈજસ શરીર જે અનન્તાકાળથી પોતાની સાથે જ રહે છે. તે છતાં આત્માનો એક પ્રદેશ માત્ર પણ પુદ્‌ગલ કે જડ બની શકતો નથી. તો પછી પૂર્ણ આત્માનો તો પ્રશ્ન જ નથી રહેતો. આવી રીતે આત્માના વિલીનીકરણની વાત કોઈ પણ રીતે સંભવ જ નથી. માટે બૌદ્ધોનો નિર્વાણ વિષયક વિલીનીકરણનો આ સિદ્ધાન્ત સર્વથા ગ્રાહ્ય નથી. માન્ય ન જ થઈ શકે. સિદ્ધાન્તની કક્ષાપણ ધારણ કરવાની એમાં યોગ્યતા નથી. માટે આવા મિથ્યાત્વપૂર્ણ વિચારથી સમ્યક્ત્વીઓએ સર્વથા દૂર જ રહેવું જોઈએ.

બીજી બાજુ શૂન્યવાદ, ક્ષણિકવાદ અને અનિત્યવાદનો સિદ્ધાન્ત પાયામાં લઈને ચાલનારા બૌદ્ધો કયા મોઢે વિલીનીકરણની વાત કરી શકે છે ? સર્વં શૂન્યં સર્વં ક્ષણિકં, સર્વ અનિત્યંના સિદ્ધાન્તો રજૂ કરનારા બૌદ્ધોના મતમાં સર્વ શબ્દથી કોઈને પણ બાકી રાખ્યા જ નથી. સમસ્ત બ્રહ્માણ્ડ - સંસારના બધા જ પદાર્થો ને ક્ષણિક, શૂન્ય અને અનિત્યની કક્ષાના માની લીધા છે. માટે જડ-ચેતન બધા પદાર્થો એક સરખા જ કહ્યા છે. ચેતન આત્મા હોય તો તે પણ શૂન્ય નાશવન્ત, અને ક્ષણિક છે. અને અજીવ અચેતન - જડ પદાર્થો હોય તો તેમને બધાને પણ શૂન્ય ક્ષણિક, નાશવન્ત જ માન્યા છે. પદાર્થ માત્ર આવો જ હોય છે. આવી બૌદ્ધોની માન્યતા છે.

બૌદ્ધો ને ફક્ત એક જ સાવ નાનકડી વાત પૂછીએ કે... જો આકાશ શૂન્ય-નાશવન્ત હોય તો પછી આજ દિવસ સુધીના અનન્ત કાળમાં સર્વથા તે નષ્ટ કેમ ન થઈ ગયો ? અનન્ત કાળ વિતવા છતાં પણ આકાશ-આત્માદિ બધા અનન્તા પદાર્થો વિદ્યમાન કેમ છે ? કયો આકાશ ? કયાંનો આકાશ ક્યારે નષ્ટ થયો ? કોઈપણ કાળે નહીં. આજે પણ અનન્ત અસીમ-અમાપ આકાશ દ્રવ્યનું અસ્તિત્વ છે. જે અનન્તા જીવો-અજીવોના ઉપયોગમાં આવે છે. અનન્તા જીવોના અનુભવનો વિષય બને છે. દરેકને અવકાશ મળે છે. તો પછી પુદ્‌ગલ સર્વક્ષણિકં, સર્વં અનિત્યંનો સિદ્ધાન્ત પણ સર્વથા ખોટો ઠરે છે.

આકાશ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આત્મા અને પુદ્‌ગલ આ બધા દ્રવ્યો ત્રૈકાલિક શાશ્વત અસ્તિત્વ ધરાવનારા અનાદિ અનન્તકાલીન છે. એમનું અસ્તિત્વ જ શૂન્યવાદ - ક્ષણિકવાદનું નિરસન સહજતાથી કરે છે. આવા ત્રિકાળનિત્ય પદાર્થો ને સર્વથા અનિત્ય ક્ષણિક અને શૂન્ય કહેવા કયાં સુધી ઉચિત છે ? કહેવાય જ નહીં, એક તરફ આત્માદિ પદાર્થોને અનિત્ય - ક્ષણિક - અને શૂન્ય કહેવા છે અને બીજી તરફ એ જ પદાર્થોને અનાદિ - અનન્તકાલીન પણ માનવા છે. આ કેવો ન્યાય છે ?

ક્ષણસંતતિ થી રહે છે. એમ કહેવું પણ કયાં સુધી ઉચિત છે ? જે ક્ષણિક નાશવન્ત હોય તેમની અનન્તકાલીન સ્થિતિ રહી શકે જ નહીં. અને જે અનન્તકાલીન અસ્તિત્વ ધરાવનારા પદાર્થો છે તેમની સ્થિતિ કયારેય ક્ષણિક હોતી જ નથી. નાશવન્ત પદાર્થો અનન્તકાલીન શાશ્વત થવા સંભવે જ નહી. નાશવન્ત અને શાશ્વત આ બન્ને શબ્દો પરસ્પર સર્વથા વિરૂદ્ધાર્થવાળા છે.

બીજી તરફ બૌદ્ધોના આ ત્રણ સિદ્ધાન્તોમાંજ પરસ્પર વિરોધાભાસ દેખાય છે. જે શૂન્ય સ્વરૂપ જ હોય તે પદાર્થો ક્ષણિક કે નાશવન્ત કેવી રીતે હોય ? શૂન્યપણાનો અર્થ અભાવાત્મકપણું સૂચવે છે. ક્ષણિકપણું કે નાશવન્તપણું અસ્તિત્વ ધરાવતા પદાર્થનું હોઈ શકે. વસ્તુ હોય અને તે ક્ષણિક હોય. અને નાશ થવાના સ્વભાવવાળી હોય. આ ક્ષણિકપણું અને નાશવન્તપણું જો વસ્તુગત સ્વભાવજ હોય તો આ લોકના આકાશ-આત્મા આદિ બધા પદાર્થોનો લોપ ક્યારનોય થઈ ગયો હોત. આ સંસારને આજ દિવસ સુધી અનન્તકાળ વિતી ગયો છે. અનન્તાકાળથી સંસારનું અસ્તિત્વ એમને એમ છે. જેવો હતો તેવો જ છે. આત્મા - આકાશ આદિ એક પણ પદાર્થના અસ્તિત્ત્વનો લોપ થયો નથી. સર્વ શૂન્ય કહેવાના આધારે તો આજે સંપૂર્ણ પણે બધા પદાર્થોનો અભાવ હોવો જોઈએ. એક પણ પદાર્થનું અસ્તિત્વ આ સૃષ્ટિમાં રહેવું જ ન જોઈએ. હોવું જ ન જોઈએ. તેમ છતાં પણ પ્રત્યક્ષપણે આજે અનન્ત આત્માઓ અનન્ત આકાશ, અનન્તા જડ પુદ્ગલ પદાર્થો બધા સ્પષ્ટ દેખાય છે. એમનું અસ્તિત્વ છે તે આ બાલગોપાલ પ્રસિદ્ધ વાત છે. જે વિદ્યમાન છે અને પ્રત્યક્ષ છે તેનો અભાવ કેવી રીતે માની લેવો ? અને સર્વ પ્રથમ જ્યારે સર્વં શૂન્ય કહી દીધુ. એવી બધા પદાર્થોના અસ્તિત્વનો આભાવ રજૂ કરી દીધો, જગત્ આખુ અભાવાત્મક છે. તો પછી ક્ષણિક શું છે ? નાશવન્ત શું રહેશે ? જો નાશવન્ત અને ક્ષણિક પહેલા કહીને પછી શૂન્યવાદ બેસાડતાં હોય તો શું પહેલા પદાર્થોનું અસ્તિત્વ માની લેવું, અને પછી તે પદાર્થો ક્ષણિક અને નાશવન્ત છે એમ કહેવામાં આવે તો શું તે વધારે ઉચિત છે ? આ રીતે આત્મા-આકાશ આદિ પદાર્થોને ક્ષણિક કે નાશવન્ત કેવી રીતે કહેવા ? એમનું અસ્તિત્વ છે. એ પદાર્થો ક્ષણિક નથી. નાશવન્તની કક્ષાના નથી. માટે એમનો નાશ નથી થયો. ભૂતકાળમાં આજથી પાછળના કાળમાં આત્મા-આકાશ-જડ પુદ્ગલ પરમાણુ આદિ પદાર્થોનો નાશ થયો જ નથી, તો પછી આજે કેવી રીતે થશે ? બીજી તરફ ભાવિકાળ પણ અનન્ત જ છે. માટે ભવિષ્યના અનન્તકાળ સુધી આત્મા-આકાશાદિનું અસ્તિત્વ બરાબર રહેશે. કારણ કે અનન્ત ભૂતકાળમાં રહ્યા છે માટે. હા, જો આ પદાર્થો નાશવન્ત કે ક્ષણિકની કક્ષાના હોત અને નષ્ટ થઈ ગયા હોત તો આજે શૂન્યપણું બરાબર બેસીજાત ? પરન્તુ આજે અનન્ત આત્માઓને, અનન્ત આકાશને, અને અનન્ત પરમાણુઓ વગેરે પદાર્થોને અસ્તિત્ત્વ ધરાવતા પ્રત્યક્ષ જોવામાં આવે છે.

માટે નાશવન્તપણું કે ક્ષણિકપણું એ સર્વથા નિરાધાર લાગે છે.

બીજી બાજુ નાશવન્ત અને ક્ષણિકપણું શું બધા જ પદાર્થો સાથે જોડવાનું છે. પછી અમુક પદાર્થો શાશ્વત છે અને અમુક પદાર્થો જ નાશ્વન્ત છે. એમ છે ? ના એવું પણ નથી. કારણ કે સર્વ શબ્દ સાથે જોડ્યો છે. સર્વ શબ્દ સંખ્યાવાચી છે. એટલે બધા જ પદાર્થોનો સમાવેશ આ સર્વ શબ્દમાં કરી દીધો છે. બૌદ્ધ દર્શનમાં ક્યાંય એવો ઉલ્લેખ નથી મળતો કે આટલા પદાર્થો શાશ્વતની કક્ષાના છે અને આ પદાર્થો નાશવન્ત છે. અને જો એવી પ્રરૂપણા બૌદ્ધોની હોય તો પછી 'સર્વ' શબ્દ ક્યાંથી આવ્યો ? આ વિચારવાળા જો બનતા હોય તો જૈન દર્શન સાથે સમાનતા આવશે. કારણ કે જૈન દર્શન સ્પષ્ટ ભેદ કરે છે કે સર્વ શબ્દ વપરાય જ નહીં. હા ઘણા પૌદ્ગલિક પદાર્થો છે કે જે ક્ષણિક અને નાશવન્ત છે. આ શરીર જે છે તે નાશવન્ત ક્ષણિક છે. પરન્તુ એમાં રહેનારો આત્મા શાશ્વત છે. હા ત્રણેકાળ શાશ્વત રહે તો જ ભવિષ્યના ભવો-જન્મો ધારણ કરી શકે. આજ દિવસ સુધીના વીતેલા અનન્ત ભૂતકાળમાં એક એક આત્માએ અનન્ત જન્મો-ભવો ધારણ કર્યા છે. અનન્તીવાર જન્મ-મરણ ધારણ કરતો જ રહ્યો છે. જો આત્મા શાશ્વત ન હોત તો અનન્તા ભવો કોના થાત ? શરીર તો અહીં જ બળીને નષ્ટ થઈ જાય છે. અને જીવાત્મા દેહ છોડીને આગામી જન્મોમાં જાય છે. અને ત્યાં બીજા શરીરો ધારણ કરીને રહે છે. આ રીતે સુસંગત છે. શું બૌદ્ધો આ પ્રમાણે માનવા તૈયાર છે ? ના, તેમના શાસ્ત્રોમાં ક્યાંય આવો ઉલ્લેખ પણ નથી. અને ક્યાંય આવો ભેદની વિવક્ષા કરીને કહેતા નથી. અને આ પ્રમાણે જો માને તો જૈન દર્શનની માન્યતા સ્વીકારી લીધી એવી આપત્તિ આવી જાય છે. માટે "મિંયાભાઈ પડે તો પણ તંગડી ઉંચી" જેવી હાલત છે બૌદ્ધોની. માટે ગમે તેટલુ મોટું નુકશાન થાય તો પણ આ રીતે માનવા તેઓ તૈયાર જ નથી. અને આ નુકશાન કેટલું મોટું છે ? અસર્વજ્ઞપણાનો આરોપ આવશે. બુદ્ધ સર્વથા અસર્વજ્ઞ ઠરશે - અને તેમનું દર્શન પણ સર્વથા મિથ્યા અસત્ય ઠરશે.

શૂન્યમાનીને પણ નાશવન્ત - ક્ષણિક માનવા એ પણ પરસ્પર વિરોધાભાસી સિદ્ધાન્ત છે. બીજી બાજુ આ ત્રણેની સાથે 'સર્વ' શબ્દ જોડીને બૌદ્ધોએ મોટો અનર્થ કર્યો છે. 'સર્વ' શબ્દ ન વાપર્યો હોત તો હજી થોડા ઘણાં બચી જવાની શક્યતા હતી. હા. ચોક્કસ પદાર્થો નાશ થવાના સ્વભાવવાળા પણ છે. એવી જ રીતે ક્ષણિક પદાર્થો પણ ઘણાં છે. અને શૂન્યાત્મક એવા અત્યન્તાભાવવાળા પદાર્થો પણ છે. જેમકે શશશૃંગ, વંધ્યાપુત્ર સર્વથા અભાવવાળા છે. જેનું અસ્તિત્વ ત્રણેય કાળમાં સંભવ જ નથી. તે શૂન્ય સ્વરૂપ જ છે. અને જડ ભૌતિક - પૌદ્ગલિક એવા ઘણાં પદાર્થો છે દા.ત. શરીર આદિ ઘણાં પદાર્થો ક્ષણિક છે. નાશવન્ત છે. તેમાં પણ ના નથી. પરન્તુ એની સામે આત્મા, આકાશ, પરમાણુ આદિ ત્રિકાળ શાશ્વતપણું ધરાવનારા પદાર્થો પણ ઘણાં

છે. આ અપેક્ષા પણ સ્વીકારવી જ જોઈએ. તો જ બૌદ્ધો પદાર્થના યથાર્થ સ્વરૂપ ને સાચા અર્થમાં સ્વીકારી શકશે.

એક વાત ચોક્કસ છે કે.... પદાર્થો પોતાના સ્વરૂપમાં જેવા છે તેવા જ સ્વરૂપે આપણે સ્વીકારવા જોઈએ. અને કહેવા જોઈએ. પદાર્થોનું સ્વરૂપ જ જેવું નથી તેવું સ્વરૂપ એમના માથે આરોપિત કરીને જો જગતની સામે રજુ કરીએ તો એ મોટામાં મોટી મૂર્ખામી છે. ભ. મહાવીરે આ ભૂલ સર્વથા નથી કરી. આવી ઉંચી કક્ષાના મહાન સર્વજ્ઞ ભગવાન છે તો આવી બાળક જેવી ભૂલ શા માટે કરે ? એક તરફ જાણવા માટે કેવળજ્ઞાન છે, બીજી તરફ જોવા માટે કેવળદર્શન છે. અને ત્રીજી તરફ કહેવા માટે વીતરાગભાવ ઘણોં ઉંચો છે. પછી શા માટે પદાર્થોનું યથાર્થ સ્વરૂપ વર્ણવામાં કચાશ રાખે ? ના સંભવ જ નથી. માટે એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે દ્રવ્યો - પદાર્થો વાસ્તવમાં જેવા છે. તેવા જ આપણેં માનવા - જાણવા જોઈએ. પરન્તુ જેવા નથી તેમ છતાં પણ તેમને તેવા માની લેવાની ભૂલ ન કરાય. વિપરીત ભાવે માનવું એ જ મિથ્યાત્વ છે.

ભ. મહાવીર જેવા સર્વજ્ઞ પ્રભુ તો એટલે સુધી સ્પષ્ટ કરે છે કે... વસ્તુ માત્ર ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપે છે. પર્યાયાદિમાં ઉત્પાદ-વ્યય થયા જ કરતા હોય છે. એના કારણે ક્ષણિકપણું - નાશવંતપણું દેખાય છે. પરન્તુ અન્તમાં ધ્રુવપણું છે તે પણ સ્પષ્ટ દૃષ્ટિગોચર થવું જ જોઈએ. દા.ત. સોનું દ્રવ્ય છે. તેની ચેન તરીકેની પર્યાયનો વ્યય (નાશ) કર્યો અને અંગુઠી-હાર વગેરે નવી પર્યાય (આકૃતિ) ઉત્પન્ન કરી. આ ઉત્પાદ કહેવાય છે. અને ફરી ૨-૫ વર્ષે બીજી પર્યાય બદલી, ફરી ૨-૫ વર્ષે ત્રીજી પર્યાય બદલી, ફરી....ફરી.... એમ આપણે હજાર વર્ષ સુધી પર્યાય પરિવર્તન કરતા જ જઈએ... તો કેટલી પર્યાય બદલી જાય ? આ ઝડપથી વારંવાર બદલાતી પર્યાયને વ્યય કહેવામાં આવે છે. આવી રીતે વારંવાર ઉત્પાદ-વ્યય થતા જ જાય છે. પરન્તુ દ્રવ્યસ્વરૂપે મૂળભૂત સોનું એમનું એમ જ અસ્તિત્વ ધરાવે છે. માત્ર આકાર-પ્રકાર બદલાતા જાય છે. અને આકાર-પ્રકાર બદલાય એમાં મુળભૂત દ્રવ્યને શું વાંધો છે. દ્રવ્ય ને શું ફરક પડે છે. દ્રવ્ય તરીકે સોનું છે. તે હવે ધાતુ માત્ર છે. એને ગમે તે પ્રકારના આકાર-પ્રકાર મળે એમાં એને રાજી-નારાજ થવાનું નથી. બીજી બાજુ દ્રવ્ય છે તો ઉત્પાદ-વ્યય થતા રહે છે. જો દ્રવ્યનું જ અસ્તિત્વ ન રહે તો ઉત્પાદ-વ્યય કોના થાય ? કોના આધારે થાય ? માટે દ્રવ્ય મૂળ સ્વરૂપે ધ્રુવ - (નિત્ય) રહે છે. અને વાત પણ સાવ સાચી છે કે જો દ્રવ્ય મુળભૂત સ્વરૂપે ધ્રુવ=ત્રિકાળનિત્ય રહે તો જ એના આધારે ઉત્પાદ-વ્યય થઈ શકે. ગુણ-પર્યાયો બદલાતા રહે.

દ્રવ્યનું સ્વરૂપ દર્શાવતા સર્વજ્ઞ ભગવન્તો સ્પષ્ટ સમજાવે છે કે... અખિલ બ્રહ્માણ્ડમાં મુળભૂત બે જ દ્રવ્યો છે. ૧) ચેતન - જીવ અને ૨) અજીવ. જીવ દ્રવ્ય

એક અખણ્ડ - અસંખ્ય પ્રદેશી છે. જ્ઞાન-દર્શનાદિ ચેતનાશક્તિ સંપન્ન ચેતન દ્રવ્ય છે. અનાદિ - અનન્તકાલીન અસ્તિકાય ધરાવતું આ દ્રવ્ય અનુત્પન્ન - અવિનાશી છે. ત્રિકાળ શાશ્વત છે. અર્થાત્ ભૂત, વર્તમાન, અને ભવિષ્યના ત્રણ કાળમાં એક સરખુ અસ્તિત્વ સદા ધરાવતો જ હોય છે. એને સુખ-દુઃખની સંવેદના હોય છે. અરૂપી છે.

બીજું અજીવ દ્રવ્ય છે. જ્ઞાન-દર્શનાદિ ચેતના રહિત, સુખ-દુઃખાદિની સંવેદના રહિત અજીવ દ્રવ્ય ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય સ્વરૂપે છે. પુદ્ગલ દ્રવ્યના પરમાણુઓ છૂટા પડી શકે છે. અને પાછા સ્કંધરૂપે ભેગા થઈ શકે છે. માટે આ દ્રવ્ય સંઘાત વિઘાતની પ્રક્રિયા વાળું છે. પરન્તુ અન્તિમ અવસ્થામાં પરમાણુ પણ નિત્ય છે. ત્રિકાળ નિત્ય છે. નષ્ટ થતા નથી. અસ્તિત્વ તેમનું લુપ્ત થતું નથી. હા... ફરી સંઘાત થાય છે અને નવા સ્કંધરૂપ પરિણમે છે. અને સ્કંધ ફરી દેશ-પ્રદેશમાંથી પરમાણુની કક્ષામાં વિલય પામે છે. આ વિઘાતની પ્રક્રિયા છે. હા... વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિ ગુણધર્મો પરિવર્તન પામતાં જ હોય છે. વર્ણાદિ બદલાતા, દ્રવ્યપણું નથી બદલાતું. અને વર્ણાદિ બધા એક માત્ર પુદ્ગલ દ્રવ્યોના જ ગુણો છે. વર્ણ - ૫, ગંધ - ૨, રસ - ૫, સ્પર્શ - ૮, ધ્વનિ - ૩, આદિ ૧ વર્ણ, ૧ ગંધ, ૧ રસ અને ૨ સ્પર્શ રહે. અને ફરી સ્કંધરૂપે સંઘાત થતા ફરી બધા વધે એથી દ્રવ્યના સ્વરૂપને અર્થાત્ પુદ્ગલને કંઈ જ ફરક નથી પડતો. એક આંબો (કેરી) કાચી અવસ્થામાં લીલી હોય છે. પછી ધીમે-ધીમે પીળી પડતી જાય છે. પછી લાલાશ ઉપર આવે છે. પછી કેસરી થતી જાય છે. એવી જ રીતે કડવાપણાના રસમાંથી - ખાટો રસ અને અન્તે મધુર રસ પણ પરિવર્તનને પામે છે. એવી જ રીતે ગંધ - સ્પર્શાદિપણ પરિવર્તનશીલ ધર્મો છે. આ કેરીની અંદર રહેનાર વનસ્પતિકાયનો એકેન્દ્રિય જીવ છે. પરન્તુ દૃશ્યમાન શરીર પુદ્ગલનું છે. માટે પુદ્ગલ દ્રવ્યમાં પુદ્ગલના જ ગુણધર્મો હોય છે. જીવમાં જીવગત ગુણો હોય છે.

આ રીતે સર્વજ્ઞની કહેવા પ્રમાણે જીવ - અજીવ દ્રવ્યો એમના પાંચે પેટાભેદો બધા ત્રિકાળ શાશ્વત સદાકાલીન નિત્ય દ્રવ્યો છે. એમનામાં સતત ઉત્પાદ - વ્યય સત્તાથી નિત્યપણું - અસ્તિત્વ સદા ત્રણેકાળમાં રહેતો જ તેના આધારે ઉત્પાદ-વ્યય થતા રહે. જો અસ્તિત્વ નષ્ટ થઈ જાય તો ઉત્પાદ વ્યય કેવી રીતે થવાના ? દા.ત. સોનાના દાખલાની જેમ જ આત્મા નામક ચેતન-જીવ દ્રવ્ય છે. આ દ્રવ્ય દેહરૂપે ઉત્પન્ન થયો. અને તે પછી જીવનકાળ સમાપ્ત થતા વ્યય (નષ્ટ) થયો. અર્થાત્ જે દેહ ધારણ કર્યો હતો તે છોડીને બીજી ગતિમાં ચાલ્યો ગયો. ત્યાં ફરી સ્વકૃતકર્માનુસાર બીજો દેહ ધારણ કરે છે. જન્મ ગ્રહણ કરે છે. માટે ફરી ઉત્પન્ન થતા ઉત્પાદ થાય છે. આ ઉત્પાદથી જે પ્રકારનો દેહ ધારણ કરે છે તે પર્યાય (આકાર-પ્રકાર) કહેવાય છે. માટે બધો જ વ્યવહાર હવે આ દેહની પર્યાયના આધારે થવાનો છે. કારણ કે આત્મા-

ચેતન દ્રવ્ય અનામી છે. અરૂપી છે. જ્યારે પુદ્‌ગલ દ્રવ્ય રૂપી છે. તેના નામાદિ પડે છે. ફરી જીવનકાળ સમાપ્ત થતા એ દેહરૂપે ધારણ કરી રાખેલા પુદ્‌ગલનો ત્યાગ કરીને જીવ સ્વકૃતકર્માનુસાર બીજી ગતિમાં જવાનો, બીજા ભવમાં જઈને બીજો જન્મ ધારણ કરીને રહેશે. આ બીજી પર્યાય છે. હવે એ જ જીવ દ્રવ્ય બીજી પર્યાયના આધારે ઓળખાશે. એ રીતે એની સાથે વ્યવહાર થશે. સંભવ છે કે ઘોડો થાય, ગધેડો થાય, માણસ થાય, માછલો થાય કે દેવ પણ થાય. આ બધી દેહની પર્યાયો માત્ર છે. આ બધા દેહ - શરીરો પુદ્‌ગલ દ્રવ્યના પરમાણુઓને જીવે આપેલા આકાર માત્ર છે. દેહ વિનાશી છે. આત્મા અવિનાશી દ્રવ્ય છે. આ રીતે ફરીથી જીવનકાળ સમાપ્ત થશે અને ફરીથી જીવ ત્રીજા-ચોથા-પાંચમા-દસમા, સોમાં, હજારમાં, લાખમાં, કરોડમાં, અરબમાં, ખરબમાં, સંખ્યાતમાં, અસંખ્યાતમાં ભવોમાં ધારણ કરતો જ જશે, કરતો જ રહેશે... ધારણ કે દ્રવ્યગત સત્તાની અસ્તિત્વની દૃષ્ટિએ એ શાશ્વતા છે. અવિનાશી



દ્રવ્ય છે. ક્યારેય નષ્ટ થવાનો જ નથી. અને તો જ નિત્ય (ધ્રુવપણા) ના આધારે ઉત્પાદ-વ્યયના આધારે પર્યાયો બદલાતી જ રહે છે. બસ, આનું જ નામ છે સંસાર અનન્તકાળ-અનન્ત જન્મ-મરણ વિતતા જ જાય છે. અને ચાર ગતિનું ચક્કરડુ ગાડીના પૈડાંની જેમ ગોળ-ગોળ ફરતું જ જાય છે. ૮૪ લાખ જીવ યોનીઓ છે. એમાં જન્મ-ધારણ કરવાનું અને ફરીથી આયુષ્ય કાળ પૂર્ણ થતા મૃત્યુ પામીને મરી જવાનું અને પાછા આગળના બીજા જન્મમાં ચાલ્યા જવાનું. આ ક્રમ ચાલ્યા જ કરે છે. આ જન્મ-મરણ ઉત્પાદ-વ્યય સ્વરૂપે છે. કાળ તત્ત્વ વચ્ચે ભાગ ભજવે છે. આયુષ્ય મર્યાદિત સીમિત-પરિમિત કાળ પ્રમાણે જ હોય છે. તે પ્રમાણે તેટલાજ વર્ષો સુધી તેટલા જ કાળ સુધી તે જન્મમાં રહેવાનું અને પછી કાળ સમાપ્ત થતા એ દેહ છોડીને બીજી ગતિમાં, બીજી યોનિમાં જવાનું. ત્યાં બીજો જન્મ ધારણ કરીને રહેવાનું. આ રીતે એક નિત્ય ત્રિકાળ શાશ્વત આત્મા નામક દ્રવ્યને દેહના આધારે ઉત્પાદવ્યય ધારણ કરતા-કરતા પર્યાય બદલતા જ રહેવું પડે છે.

જો બૌદ્ધોની જેમ "સર્વં ક્ષણિકં, સર્વં શૂન્યં, સર્વં અનિત્યં" મત માનીએ તો ઉપરોક્ત વ્યવસ્થા કેવી રીતે બેસશે? આ અનાદિ-અનન્તનો સંસાર કેવી રીતે ચાલેશે? જ્યાં આધારભૂત જીવ દ્રવ્યોનો જ લોપ કે વિલીનીકરણ માનતા હોય અને એને જ મોક્ષ કહેતા હોય તો મોક્ષ સ્વરૂપ રહ્યું શું ? શું માત્ર આત્માનું અભાવાત્મક સ્વરૂપ મોક્ષ છે ? તો તો પછી મોટી પાષાણની શિલા છેદન-ભેદન પછી અચિત થઈ જાય.

અર્થાત્ અજીવ સ્વરૂપે રહે એને આત્માનો અભાવાત્મક સ્વરૂપ માનીને જે એમાંજ મોક્ષ કહી દઈએ તો બૌદ્ધ મતે ભેદ ન આવે. તો શું મોક્ષ પાષાણસ્વરૂપે માનવો ? અરે...રે! આવી કેવી બૌદ્ધોની મતિ પાષાણ જેવી જડ બની ગઈ છે કે જેના કારણે મોક્ષ-નિર્વાણ જેવા અંતિમ તત્ત્વના સ્વરૂપને પણ સાવ જડ-પાષાણ જેવું માને છે ? એના આધારે તો આત્માનું જડ થઈ જવું એ જ નિર્વાણ થશે. કારણ કે સત્તા - અસ્તિત્ત્વની દૃષ્ટિએ બે જ દ્રવ્યો છે. જીવ અને અજીવ. ત્રીજું કોઈ દ્રવ્ય છે જ નહીં. અને જીવ-આત્મા નિર્વાણ સમયે વિલીન થાય છે તો શેમાં થાય છે ? કયા રૂપે વિલીન થાય છે ? શું જડ રૂપે ? શું અજીવ રૂપે ? તો શું બૌદ્ધોનો મોક્ષ જીવાત્માનું અજીવ થવા સ્વરૂપ છે ?

પરન્તુ આવો અજીવાત્મક-જડાત્મક મોક્ષ માનવા જવામાં પણ બૌદ્ધધર્મિઓ ઠરેઠામ ઠેકાણે સ્થિર બેસી શકશે ? કેમ ભાઈ ! જીવાત્મા જ વિલીન થઈ શકે છે ? નષ્ટ થઈ શકે છે ? શું અજીવ-જડ પદાર્થ નિત્ય રહે છે ? કે જેના આધારે મોક્ષને નિત્ય સ્વરૂપે માનવા તૈયાર થાઓ છો ? મોક્ષ શું છે? દ્રવ્ય સ્વરૂપે કે પર્યાય સ્વરૂપે ? અને જો પર્યાય સ્વરૂપે માનો તો તેનો આધારભૂત દ્રવ્ય કોણ ? શું દ્રવ્ય વિના પર્યાય રહેશે ? અને શું પર્યાય વિના પણ દ્રવ્ય રહેશે ? બૌદ્ધ મતમાં દ્રવ્ય-ગુણ-પર્યાયની કેવી વ્યવસ્થા છે ?... પર્યાય તો આકાર-પ્રકાર માત્ર છે. દ્રવ્ય વિના તેનું રહેવું સંભવ જ કેવી રીતે ? અને પર્યાય વિના પણ દ્રવ્ય રહે જ કેવી રીતે ? માટે મોક્ષ એ દ્રવ્ય નથી પર્યાય સ્વરૂપ છે. પરન્તુ પર્યાય દ્રવ્ય વિના રહી જ ન શકે. માટે મોક્ષ જો માનવા તૈયાર થાઓ તો તેના આધારભૂત ઘટક દ્રવ્ય તરીકે આત્માને માન્યા વિના ન જ ચાલે. શું આત્માને નાશવન્ત માનશો અને જડ દ્રવ્યને શાશ્વત માનશો ?... અરે..રે ! કેવી જડ બુદ્ધિ છે આ બૌદ્ધોની ? સાવ જડ જેવા જ લાગે છે. અને જડની મુક્તિ સંભવ છે ? આત્મા વિલીન થઈ જાય છે. લોપ થઈ જાય છે. અને આવા મત. મતાન્તરો ઉભા કરીને પોતાની જડ બુદ્ધિનું પ્રદર્શન માત્ર કર્યું છે બૌદ્ધોએ. સર્વથા-જ્ઞાન-દર્શનાદિ-ચેતના રહિત અને સુખ-દુઃખની સંવેદનારહિત એવા જડ પદાર્થની મુક્તિ માનવાની આપત્તિ જેમના માથે આવશે એ બૌદ્ધને પૂછો કે જડ કેવી રીતે નિત્ય રહેશે ? શું જડ પદાર્થ નિત્ય રહી જશે તો તમારા "સર્વં અનિત્યં, સર્વં ક્ષણિકં, સર્વ શૂન્યંના કહેવાતા સર્વજ્ઞ એવા બુદ્ધના સિદ્ધાન્તને આંચકો નહીં લાગે ? બોલો શું કરવું છે ? સિદ્ધાન્તને સાચવવો છે કે પદાર્થના સત્યસ્વરૂપને સાચવવું છે ? સિદ્ધાન્તને સાચવવા ખાતર પદાર્થના સત્ય સ્વરૂપનો ભોગ લેવો છે કે પછી પદાર્થના સત્ય સ્વરૂપને સાચવવા ખાતર સિદ્ધાન્તનો ભોગ લેવો છે ? શું કરવું છે ? પરન્તુ બહુ સારી રીતે બુદ્ધિ પૂર્વક વિચાર કરજો... પદાર્થનું સ્વરૂપ તો જે છે તે છે જ. તે કંઈ તમારા હાથમાં નથી. પદાર્થમાં જ ઉત્પાદ-વ્યય થાય છે. તે થાય જ છે. જે ધ્રુવપણું એમાં છે તે રહે જ છે. એમાં કંઈ ફરક પડતો નથી. અને એમાં કોઈ પણ કંઈ ફરક

કરી શકતા નથી. સેંકડો બૌદ્ધો આવી જાય તો પણ અજીવ જડને જીવ કરી શકે નહીં. અને જીવને જડ કરી શકે નહીં. આ તો પદાર્થગત પારિણમિક ભાવસ્વરૂપ છે. જીવકે અજીવનું જે સ્વરૂપ છે તે જ. નિત્ય છે. બૌદ્ધો જો ખરેખર બુદ્ધિવાળા હોત તો તેમની ફરજ હતી કે પ્રથમ પદાર્થનું ચરમ સત્ય સ્વરૂપ જે છે તેવું જાણવું જોઈતુ હતું. અને તે પણ યથાર્થ - વાસ્તવિક સ્વરૂપ જાણવું જોઈતું હતું. મનઘડંત કે કપોલ કલ્પિત નહીં. અને પછી સિદ્ધાન્ત બાંધવો જોઈતો હતો. કે જેથી સિદ્ધાન્ત અફર અપરિવર્તનશીલ રહી શકે. કમ સે કમ એટલું તો સમજવું જ જોઈતું હતું કે જે સિદ્ધાંત હોય તે ક્યારેય ફરે નહીં' અને જે ફરે તે ક્યારેય સિદ્ધાંત કહેવાય જ નહીં. સિદ્ધાંત એ પદાર્થના યથાર્થ-વાસ્તવિક સ્વરૂપને સમજવાનો અરીસો છે. અરીસો બિલકુલ ચોક્ખો સારો હશે તો જ પદાર્થ ચોક્ખા-સાચા દેખાશે જેવા છે તેવા દેખાશે. આ તો બૌદ્ધોએ મિથ્યાત્વના આભિનિવેશિકભાવના અરીસામાં પદાર્થનું સ્વરૂપ જોયું છે. માટે પદાર્થો ખરેખર જેવા હતા તેવા તેમને દેખાયા જ નથી. એના બદલે તેમને જેવા જોવા હતા, જે દૃષ્ટિએ જોવા હતા તેવા જ દેખાયા છે. અને દેખાવાને અનુરૂપ એમને જગતની સામે રજૂ કરી દીધા. પોતાને જ ચરમસત્ય સ્વરૂપે નથી દેખાયા તો પછી જગતની સમક્ષ રજૂઆત શા માટે કરી? પોતાનો દૃષ્ટિકોણ જગત્‌ના બધા જીવોની સમક્ષ શા માટે રજૂ કર્યું? જે પૂર્ણ સંપૂર્ણ નહોતું, સાચું નહોતું એ જ્ઞાન જગતની સમક્ષ નહોતું રજું કરવું જોઈતું. મૌન રહેવું જ વધારે સાર્થક હતું.

આર્હત્ દર્શનમાં ચોવીસે તીર્થંકરો જે જે થયા છે તે બધા કેવળજ્ઞાન થયું ન હતું વીતગાગતા પ્રાપ્ત નહોતી થઈ ત્યાં સુધી પોતાના છદ્મસ્થપણાના કાળમાં સર્વથા સદંતર મૌન રહ્યા હતા. અહીં સુધી મૌન રહ્યા કે જગતના જીવોને ઉપદેશ પણ નહોતો આપ્યો, સંપૂર્ણપણે મૌન રહ્યા હતા. એ એમનો સાધના કાળ હતો. સ્વયં સ્વની સાધનામાં મસ્ત હતા. આપણને આપણી દૃષ્ટિએ એ છદ્મસ્થાવસ્થામાં પણ ભગવાન ઘણાં જ્ઞાની લાગે. હા પણ સંપૂર્ણ, સર્વજ્ઞ નથી. પ્રભુ ચાર જ્ઞાનના ધણી છે માટે લાગે પણ ખરા. વાત સાચી છે, પરંતુ એમાં આપણા જ્ઞાનની સાથે સરખામણી કરી છે માટે આપણને બરોબર લાગે છે. જ્યારે ચતુર્જ્ઞાની પરમાત્મા પોતાની છદ્મસ્થાવસ્થા સમજે છે. એટલે એ સર્વજ્ઞતા અને ચતુર્જ્ઞાની છદ્મસ્થાવસ્થામાં તફાવત કરી શકે છે. બીજા ચાર જ્ઞાના ક્ષયોપશમિક ભાવના છે. જ્યારે પાચમું કેવળજ્ઞાન ક્ષાયિક ભાવે છે. જે ક્ષાયોપશમિક કક્ષાના જ્ઞાનો છે તે સંપૂર્ણ નથી. પરિપૂર્ણ નથી. કેવળજ્ઞાનની સામે અધૂરા છે. અપૂર્ણ છે. કેવળજ્ઞાન બધી રીતે પૂર્ણ સંપૂર્ણ છે. અનંત છે. માટે અસીમ છે. અમાપ છે. અપરિમિત છે. અનંત વસ્તુ વિષયક છે. અનંત દ્રવ્ય-પદાર્થોનું છે. અનંતાનંત ગુણ-પર્યાયોના જ્ઞાન સ્વરૂપ છે. એટલું જ નહીં... એક જ દ્રવ્યની ભૂત-વર્તમાન અને ભાવિની અનંતાનંત પર્યાયોનું જ્ઞાન પણ જેનાથી કરી શકાય છે તે કેવળજ્ઞાન છે. આટલું બીજા ચાર જ્ઞાનો ન કરી શકે. તેમના સીમા

ક્ષેત્રની બહારની વાત છે. માટે આવું વિશાળ અનંત વસ્તુ વિષયક અનુપમ કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી, દીક્ષા લેતાની સાથે જ ચોથું મનઃ પર્યવજ્ઞાન થવા છતાં પણ તીર્થંકર પરમાત્માઓ સંપૂર્ણપણે મૌન રહે છે. આ સાધનાનો કાળ તેમનો છદ્મસ્થાવસ્થાનો કાળ છે. પ્રભુ મૌન પણે સાધના કરે છે. તપ-તપશ્ચર્યા કરે છે. ધ્યાન ધરે છે. અરે! સતત ધ્યાનમાં જ રહે છે. કાયોત્સર્ગ ધારણ કરીને રહે છે. વિહાર કરે છે. મૌન રાખે છે. ઉપસર્ગો સહન કરીને કર્મોની નિર્જરા કરે છે. ખપાવે છે, આવી અદ્‌ભૂત સાધના મહિનાઓ અથવા વર્ષો સુધી કરે છે. અને અંતે ચારેય ઘનઘાતી કર્મોનો ક્ષય થતાં પૂર્ણ સંપૂર્ણ વીતરાગતા, કેવળજ્ઞાન-કેવળદર્શન, અનંતવીર્ય-શક્તિ પ્રાપ્ત થયા પછી જ પોતાનું મૌન ખોલે છે. દેવતાઓએ બનાવેલા સમવસરણમાં બિરાજમાન થઇ ને, જગતના જીવો સમક્ષ દેશના આપે છે. સર્વ પ્રથમ-ગણધરો સમક્ષ ''ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની ત્રિપદી''ની પ્રરૂપણા કરે છે. આ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો સિદ્ધાંત સર્વજ્ઞોએ કહ્યો છે. જે અકાટ્ય છે. શાશ્વત છે. ત્રણે કાળમાં આ સિદ્ધાંત ચરમ સત્ય સ્વરૂપે જ રહે છે. આ સિદ્ધાંત અનંતા કાળે પણ કોઇ પણ બદલી શકતો નથી. કોઇ પણ બદલવા સમર્થ નથી. સક્ષમ નથી. સંભવ પણ નથી. બદલાય ક્યારે? ખોટું ઠરે તો બદલવું પડે. પરંતુ બદલવાનો કોઇ પ્રશ્ન જ ઉભો થતો નથી. અને સર્વજ્ઞના સિદ્ધાંતને બદલે કોણ? શું છદ્મસ્થ બદલે? અરે... અરે...! શું છદ્મસ્થમાં એવી જ્ઞાન શક્તિ અને સામર્થ્ય છે કે જેનાથી તે પોતે અસર્વજ્ઞ હોવા છતાં સર્વજ્ઞના સિદ્ધાંત ને ખોટો ઠરાવીને બદલી શકે? ના. ના. આ તો બાલીશ ચેષ્ટા છે. કલ્પના માત્ર પણ ધ્રૂજારી ઉભી કરાવે એવી છે. તો શું સર્વજ્ઞના સિદ્ધાંતને બીજા સર્વજ્ઞ બદલે? ના. ના. સર્વજ્ઞો બધા એક સરખા જ હોય છે. એક સર્વજ્ઞ જેવું જ કેવળજ્ઞાન બીજા સર્વજ્ઞને હોય છે. અંશ માત્ર પણ તફાવત નથી હોતો. સર્વજ્ઞનો કહેવાય છે. सर्वं जानातीति सर्वज्ञः જે બધું જ જાણે તે સર્વજ્ઞ હોય છે. સંપૂર્ણ જ્ઞાની છે. અનંત જ્ઞાની છે. લોકાલોક વ્યાપી જ્ઞાન ધરાવે છે. યાદ રાખજો કે જે અંશમાત્ર પણ અસત્ય કે અસમ્યક્ સ્વરૂપ રજૂ કરે તે સર્વજ્ઞ ન કહેવાય અને જે સર્વજ્ઞ હોય તે અંશમાત્ર પણ અસમ્યક્ અથવા અસત્ય સ્વરૂપ વર્ણવે જ નહીં. ચરમ કક્ષાનું સત્ય-યથાર્થ સ્વરૂપ રજૂ કરે... પ્રરૂપે તે સર્વજ્ઞ કહેવાય છે. માટે કોઇપણ સર્વજ્ઞની ભૂલ કાઢવાની જરૂરત જ નથી પડતી. માટે બીજા કોઇ સર્વજ્ઞની ભૂલ કાઢવા માટે રહેતી નથી. ઉપરથી એક સર્વજ્ઞ બીજા સર્વજ્ઞના વચનની પુષ્ટિ કરતા હોય છે. એને સમજાવતી વખતે વધુ સ્પષ્ટ કરતા હોય છે. માટે સર્વજ્ઞનું વચન શાશ્વત જ હોય છે. એમાં બે મત નહીં. આ આર્હત્ દર્શન... જિન ધર્મ એ સર્વજ્ઞ વચન છે. સર્વજ્ઞના વચનના આધારે બનેલો ધર્મ છે.

બીજે બહાર ક્યાં આવું સ્વરૂપ મળે છે? બીજા ધર્મોમાં ભગવાન બનતા નથી. તૈયાર બનેલા ભગવાન જ ઉતરી આવતા હોય છે. અવતરતા હોય છે. ભગવાન

બનવું અને બનેલા ભગવાન અવતરવા આ બંને વાતોમાં આસમાન જમીનનું અંતર છે. જો કોઈપણ આપણી નજર સામે અહીં આ ધરતી ઉપર ભગવાન બનતા હોય તો ભગવાન બનવાની રીત, પ્રક્રિયા આપણા જેવા સામાન્ય જીવોને પણ સમજાય. અને આપણેપણ એ માર્ગનું અનુસરણ કરી શકીએ. એમની રીત કે પ્રક્રિયા કેવી છે? કેવી સાધના કરી હતી? કઈ રીતે શું શું કર્યું હતું આ બધું નજરે નિહાળિએ તો આપણને ખબર પડે કે... હા, આ રીતે ભગવાન થવાય છે. પરંતુ એના બદલે જો ભગવાન રેડીમેડ તૈયાર ઉપરથી જ અવતરતા હોય તો સામાન્ય માનવને ભગવાન થવાની કોઈ પ્રક્રિયા સમજાય જ નહીં. એટલે બીજો કોઈ માનવ ભગવાન બની શકે જ નહીં. ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મના કુરાન અને બાઈબલ જેવા ધર્મશાસ્ત્રોમાં ભગવાનને રેડીમેડ-તૈયાર જ ઉપરથી અવતરેલા સ્વીકારવામાં આવ્યા છે. અને એવી જ રીતે હિન્દુ ધર્મમાં પણ આ જ વિચારધારા છે. તૈયાર ભગવાન જ અવતર્યા છે. અને બધો ઈજારો એમનો જ રહે છે. વારંવાર ભગવાન થવાનો, વારેવારે ભગવાન તરીકે અવતાર લેવાને ઈજારો એકમાત્ર એ ભગવાનોનો જ રહેશે. આ ઈજારાશાહીને કોઈ પણ તોડી નહીં શકે અર્થાત્ સંસારનો કોઈ સામાન્ય જીવ વચ્ચે આવીને ભગવાન બની નહીં શકે. આ સિદ્ધાંત હિંદુ, ખ્રિસ્તી, અને ઈસ્લામ આ બધા ધર્મોનો છે. માટે વેદ-વેદાંતમાં અથવા રામાયણ-મહાભારત વગેરે એકેય ધર્મ ગ્રંથોમાં ભગવાન થવાની રીત-પ્રક્રિયા કંઈ જ બતાવવામાં આવી નથી. હિંદુ ધર્મમાં આગળ વધીને એટલે સુધી કહી દીધું છે કે ભગવાન શું કરે છે? શા માટે અવતર્યા છે? અને એ જે કરે એને લીલા સમજી લેવાની એ અવતરેલા ભગવાન એકને મારે કે લાખો ને મારે, એક ને પરણે કે હજારને પરણે, અથવા ગમે તે કરે એ તમારે નહીં જોવાનું. એ તો બધી લીલા છે. આવી બધી ઘણી વાતો કરી છે.

આર્હત્ પરંપરામાં ભગવાન બનવાની પ્રક્રિયા

આર્હત્ પરંપરામાં ઉપરોક્ત અવતારવાદની લીલા કરવા માટે ભગવાન, અને ભગવાન બનવામાં એકની જ ઈજારાશાહી વગેરે કંઈ જ સ્વીકારવામાં નથી આવ્યું. જૈન ધર્મના સિદ્ધાંત પ્રમાણે આ સમસ્ત લોક રૂપ વિશ્વમાં અનંત આત્માઓ છે. આમાં ભવ્યાત્માઓ જે મનુષ્યપણું પામ્યા છે. તેઓ જગત્ના સર્વ જીવોનું કલ્યાણ કરવાની ભાવદયા ચિંતવતા-ચિંતવતા જીવનમાં વીશસ્થાનકની સાધના કરે. અને એનાથી પોતાનું જીવન અત્યંત પવિત્ર બનાવી દે છે. પૂર્વના ત્રીજા જન્મમાં આ સાધના કરે છે. અને એ પછી છેલ્લા જન્મમાં જન્મ ગ્રહણ કરે છે. મોટા થાય છે. સંસારનું મહાભિનિષ્ક્રમણ કરીને દીક્ષા અંગીકાર કરે છે. આવા સુંદર શ્રમણ-સાધુ જીવનમાં સાધના કરે છે. શેની? સ્વયં પોતાના આત્મા ઉપરના કર્મોનો ક્ષય કરવા માટે ઘોર તપશ્ચર્યા, ઉગ્ર વિહાર, કઠોર મરણાંત ઉપસર્ગો સહન કરવા, સતત ધ્યાન-

કાયોત્સર્ગ કરવા અને એ રીતે સાથે મૌનની અખંડ સાધના આટલું બધું મહિનાઓ-વર્ષો સુધી કરતા-કરતા અન્તે ચારેય ઘનઘાતી કર્મોનો ક્ષય થતા વીતરાગતાદિ-સર્વજ્ઞપણું આદિ ગુણો પૂર્ણ સંપૂર્ણ પણે પ્રગટ થાય છે. દેવકૃત સમવસરણમાં બિરાજમાન થઈને જગતને મોક્ષમાર્ગ સમજાવે છે. તપ-અને ત્યાગનું ઉત્કૃષ્ટ જીવન જીવે છે. બસ, જૈન ધર્મમાં એમને ભગવાન માન્યા છે. જે તીર્થંકર સ્વરૂપે વીતરાગી અરિહંત છે. સર્વજ્ઞ-સર્વદર્શી છે એ ભગવાન છે. એ એમનો એક જ જન્મ પૂર્ણ કરીને મુક્ત થઈ જાય છે. મોક્ષે જઈ સિદ્ધ-બુદ્ધ-મુક્ત બની જાય છે. ફરી ક્યારેય પાછું સંસારમાં આવવાનું હોતું જ નથી. એમણે પ્રરૂપેલા માર્ગે ચાલનારા અને આ પ્રક્રિયા મુજબ સાધના કરનાર કોઈ પણ આત્મા પરમાત્મા બની શકે છે. અને એ રીતે જ બધા સ્વતંત્ર આત્માઓ જ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરીને પરમાત્મા બન્યા છે. આ પ્રક્રિયા સતત ચાલતી રહે છે. એક પછી બીજા અને બીજા પછી ત્રીજા એમ ભગવાન બનતા જાય છે. આ રીતે પણ જૈન ધર્મમાં અવતારવાદને અવકાશ નથી. બીજા-બીજા આત્માઓ જ પરમાત્મા બનતા હોય છે. માટે ક્યારેય એક ભગવાનની ઈજારાશાહી પણ રહેતી નથી. તપ અને ત્યાગમય શ્રમણ-સાધુ જીવન હોય છે ભોગ માર્ગ કે વૈભવી-વિલાસી જીવન હોતું જ નથી. ગૃહસ્થાશ્રમનો સર્વથા ત્યાગ કરીને અર્થાત્ મહાભિનિષ્ક્રમણ કરીને ઘોર-તપશ્ચર્યા અને ધ્યાન આદિની અદ્‌ભૂત સાધના કરીને ભગવાન બનતા હોય છે માટે લીલા કરતા જ નથી ભોગી ભગવાન નથી બનત. વૈભવી-વિલાસી નહીં પરંતુ જૈન ધર્મમાં ત્યાગી-તપસ્વી ભગવાન બને છે. એવી ૪ રીતે જૈન ધર્મમાં એક પણ ભગવાન સંસારી-ગૃહસ્થાશ્રમી-પત્ની-પુત્રાદિની વચ્ચે ક સાથે નથી બનતા. પરંતુ એના બદલે ત્યાગી-તપસ્વી, સંસારના ત્યાગી શ્રમણ-સાધુ અણગાર જીવનમાં ભગવાન બને છે. માટે ભગવાન બન્યા પછી પત્નીનો કોઈ પ્રશ્ન ક્યારેય ઉઠતો જ નથી. માટે જ જૈન મંદિરોમાં ભગવાની મૂર્તિઓ વીતરાગી ધ્યાનસ્થ અવસ્થાની જ બને છે. ક્યારેય કોઈપણ ભગવાનની પત્ની વગેરે સાથે હોતી જ નથી. રાખવાનો સવાલ જ નથી રહેતો. વળી એવા સંસારના ત્યાગી નિષ્પૃહી પરમાત્માને યુદ્ધ વગેરે કરવાનો સવાલ જ નથી હોતો. કોઈ પણ પ્રકારની સંસારની મોહમાયાજાળમાં નથી ગૂંથાતા. માટે બધા જીવોને મોક્ષમાર્ગ કર્મક્ષયના માર્ગનો ઉપદેશ આપે છે.

બીજી તરફ સંસારના સુખ-દુઃખની લગામ પોતાના હાથમાં નથી રાખતા. અને પોતે સંસાર બનાવતા નથી. સર્જન-વિસર્જન કે પાલનહાર તરીકેની કોઈ જવાબદારી માથે લેતા જ નથી. ભક્તોનો ઉદ્ધાર કરવા, ધર્મી આત્માઓને તારવા અને અધર્મિઓનો સંહાર કરવાની કોઈ જવાબદારી માથે નથી રાખતા. એવી જ રીતે સૃષ્ટિનું સર્જન કરવું, વિસર્જન કરવું, (પ્રલય કરવા) અને પાલન કરવા વગેરેની કોઈ જ જવાબદારી માથે રાખતા નથી. બીજી બાજુ પોતે કેવળજ્ઞાનથી જાણે છે કે આ જગત્ શાશ્વત છે. સંસારની ઉત્પત્તિ-નાશ વગેરે જેવી કોઈ પ્રક્રિયા છે જ નહીં. આ તો ઉપજાવી કાઢેલી

મનઘડંત કપોળ કલ્પના માત્ર છે. ભગવાન થવા માટે આમની કોઈ જરૂરિયાત નથી કંઈ જ આવશ્યકતા નથી અજ્ઞાનતા વશ લોકો આવી મનઘડંત કપોળ કલ્પના ઉભી કરી દે એથી કંઈ ભગવાન થોડા જ આવા થઈ જાય છે? અને અજ્ઞાની લોકો... પોતાના સ્વાર્થની ખાતર ભગવાનને દુઃખહર્તા, વિઘ્નહર્તા, સુખદાતા વગેરે કલ્પી લે એથી ભગવાન કંઈ એવા થોડા જ થઈ જાય છે? ખરેખર ભગવાન લોકોની આવી સ્વાર્થી મિથ્યાવૃત્તિના ભોગ બની ગયા છે. માટે આ ગ્રહણ ભગવાનને લાગી ગયું છે. હકીકતમાં લોકોએ લગાડી દીધું છે. પરંતુ આ દૂષણ રાગ-દ્વેષ વગરના વીતરાગી ભગવાનને નથી લાગ્યું. अष्टादश दोषरहितो जिनः ૧૮ દોષથી રહિત જિનેશ્વર ભગવાન છે. મહાવીર આદિ ભગવાન વીતરાગી અરિહંત છે. માટે વ્યક્તિ કરતાં ગુણોથી મહાન છે. આવી ગુણ ગરિમાથી એમનું અરિહંતપણાનું પદ મહાન છે. માટે એ પદ ઉપર આરૂઢ થયેલા પ્રભુ મહાન છે. માટે વ્યક્તિગત નામથી મહાનતાને બદલે ગુણોની અને ગુણવાચ્ય એવા અરિહન્તાદિ પદજન્ય મહાનતા એ પરમાત્માની ઘણી ઉંચી મહાનતા છે. આ સ્વરૂપ બીજે... બીજા ભગવાનોમાં જોવા પણ નથી મળવાનું.

આત્મા જ પરમાત્મા બને છે. સંસારનો કોઈ પણ ભવ્યાત્મા કર્મક્ષયની પ્રક્રિયાના અંતે પરમાત્મા બને છે. સર્વજ્ઞ પ્રણીત જૈન શાસન કહેવા પ્રમાણે સંસારમાં અનંતાનંત જીવ સૃષ્ટિ છે. આજે જે જીવો સૂક્ષ્મ અથવા સ્થૂલ દેખાતા હોય તે તેમના કર્માનુસાર તે તે યોનિમાં જન્મ ધારણ કરી રહ્યા છે. તે જીવોની તેવા પ્રકારની કરણીના આધારે આત્મિક વિકાસ થતા-થતા કેટલાય જન્મો પછી મનુષ્યના જન્મમાં આગમન થાય સર્વજ્ઞ પ્રણીત ધર્મ પામે, આચરણમાં ઉતારે અને અરિઓના હનનની ક્રિયા અર્થાત્ આત્માના અરિ-શત્રુ રૂપ જે કર્મો છે તેનો ક્ષય કરતા જાય અને અંતે સર્વ કર્મ ક્ષય થઈ જતા નિર્વાણ પામી મોક્ષે પહોંચી સિદ્ધ-બુદ્ધ-મુક્ત બની જાય છે. સિદ્ધ પદ એ પણ પરમાત્માનું પદ છે. અરિહંત એ સદેહી પરમાત્મા કહેવાય છે. જે આ દેહ ધારણ કરીને ધરતી ઉપર વિચરતા હોય છે. ધર્મતીર્થની સ્થાપના કરતા હોય છે. જે આત્મા માટે તારક શાસનની સ્થાપના સ્વરૂપ છે. જેનાથી આ જગતના જીવો તરવાના છે.

અરિહંત કોણ? કેવા હોય છે? ૮ કર્મોમાંથી ૪ ઘનઘાતી કર્મોનો જેમણે સર્વથા ક્ષય કરી દીધો હોય છે તે સર્વજ્ઞ-સર્વદર્શી અને વીતરાગી-અનંત શક્તિ-સામર્થ્યના સ્વામી અરિહંત પરમાત્મા હોય છે. પરંતુ શેષ ૪ અઘાતી કર્મો આયુષ્યાદિ બાકી હોવાના કારણે દેહધારી-સદેહી અવસ્થામાં વિચરતા હોય. પૂર્વના ત્રીજા ભવમાં બાંધેલા તીર્થંકર નામકર્મના રસોદયે તીર્થની સ્થાપના કરનારા, અરિહંત ભગવંતો તીર્થંકર કહેવાય છે. એ સિવાયના બીજા કોઈ પણ જીવો આઠે કર્મોનો ક્ષય કરી સિદ્ધ પરમાત્મા બને છે. પરમાત્માનું આવું શુદ્ધ સ્વરૂપ સંસારના બીજા કોઈ ધર્મોમાં નથી આ વિશેષતા એકમાત્ર જૈન ધર્મ પાસે જ છે.

ભવ-વૈરાગ્ય અધિકાર

સંસ્કૃત ભાષાના વ્યાકરણમાં ''ભૂ'' ધાતુ છે. તેને ''ભવ'' આદેશ થાય છે. આ 'ભવ' આદેશને વિકરણપ્રત્યય લાગીને રૂપો ચાલે છે. હોવા.... થવા.... અર્થમાં વપરાતી આ ધાતુ આધ્યાત્મિક અર્થમાં આત્માના સંસારમાં કર્મજન્ય જન્મ-મરણ-રૂપ ભવો હોવા... થવા...ના રૂપમાં પણ એક ઇશારો કરે છે. માટે ''ભવ'' શબ્દનો અર્થ સંસાર પણ છે. સંસાર શબ્દ વિશ્વ, જગત કે દુનિયાના અર્થમાં કરીએ ત્યારે માત્ર ભૌગોલિક અર્થ થાય છે. જ્યારે જન્મ-મરણની પરંપરારૂપ સંસાર અર્થ કરીએ છીએ ત્યારે આ સંસાર અર્થ ભવશબ્દથી વાચ્ય બને છે. કર્મગ્રંથ અભિપ્રેત આ અર્થ છે. સંસાર શબ્દ પણ સંસ્કૃતિ ભાષાની 'સૃ-ગતૌ' ધાતુથી બન્યો છે. ''સૃ'' ધાતુ ગતિ અર્થમાં છે. ગતિ કરવી, ચાલવું નિરંતર ચાલતા જ રહેવાના અર્થમાં છે. પણ આ ગતિ એટલે ચાલ કેવી છે? સર્પાકાર છે. સાંપ જેમ વાંકો ચૂકો ચાલ્યા જ કરતો હોય છે. એવી વક્રગતિ છે. બીજી તરફ નિરંતર ગતિ કહી છે. સદા ચાલતી જ રહે એવી છે. અને જીવો આ સંસારમાં ચાલતા હોય છે. અહીંયા ચાલવું એટલે પગે ચાલવું એવું નથી. પરંતુ જન્મ મરણની ચાલ છે. કર્મો કરવાની ચાલ છે. પાપ-કર્મની ગતિ (ચાલ) આવી વક્રાકાર છે.

જીવ સૃષ્ટિ

આ સંસાર જીવોનો છે. જે જન્મ-મરણ રૂપ છે. સુખ દુઃખાત્મક છે. જો આ વાત કાઢી નાંખીએ તો સંસાર કોને કહેવો? સંસાર નામની કોઇ અસ્તિત્વ ધરાવતી એવી કોઇ વસ્તુ વિશેષ નથી ના... સંભવ નથી. એવી કોઇ વસ્તુ વિશેષ નથી. માટે જ્યાં અનંતા જીવો સતત સ્વ-સ્વ-કર્માનુસાર જન્મ-મરણ ધારણ કરતા-કરતા ફરતા જ જાય તેનું નામ સંસાર છે. આ સંસાર સ્વરૂપ આખો લોક.... જે ૧૪ રાજલોક પ્રમાણે છેતે અનંતાનંત જીવ સૃષ્ટિથી ભરેલો છે. સોયની અણી જેટલો ભાગ પણ જીવ વગરનો ખાલી નથી. અસંખ્ય યોજનોના વિસ્તારવાળા આ ૧૪ રાજલોકમાં એક ખૂણો... પણ ક્યાંય ખાલી નથી. અનંતાનંત જીવ સૃષ્ટિ છે. અને યાદ રાખજો કે જીવ બનાવી



શકાતા નથી. જીવાત્માઓ જેં અનાદિ-અનંતકાલીન અસ્તિત્વ ધરાવે છે. અનાદિ હોવાથી અનુત્પન્ન છે. માટે કોઈ ભગવાન કે કોઇપણ આવી ને આ જીવાત્માઓને બનાવતા નથી. અને જીવ સ્વયં જ આ સંસારનો મુળભૂત ઘટક દ્રવ્ય છે. માટે એવા બીજા કોઇ ઘટક દ્રવ્ય નથી કે દ્રવ્યાંશો પણ નથી કે જેમાંથી જીવાત્મા બનાવી શકાતા હોય. જીવાત્મા છે તો સંસાર છે. અને સંસાર છે તો જીવો છે. આ બંને પરસ્પર અનંદિ-અનંત છે. શાશ્વત છે. માટે યાદ રાખજો કે સંસાર અનંતકાલીન છે. જીવો પણ અનંતકાલીન સત્તા ધરાવે છે. અનંતાકાળે પણ... એવો એકે દિવસ નહીં આવે કે જે દિવસે એકય પણ જીવ રહેશે જ નહીં, અને તે છતાં સંસાર કહેવાતો હોય મહાપ્રલય થઇ જશે... અને કોઇ ધર્મની માન્યતા પ્રમાણે કહે છે કે... અમુક ભગવાન આવીને... મહાપ્રલય કરી નાંખશે. અને પછી કોઇ જીવસૃષ્ટિ જ નહીં બચે. બસ, આ સંસારનો અંત આવી જશે. પછી સંસાર વગેરે કંઇ જ નહીં રહે. બુદ્ધિશાળીઓ! થોડોક બુદ્ધિપૂર્વક વિચાર કરજો... આજ દિવસ સુધી કાળ કેટલો વિત્યો? અનંતાનંત પુદ્‌ગલ પરાવર્તકાળ વીતિ ગયો છે. અને આ વીતેલા અનંત ભૂતકાળમાં ક્યારે આવો મહાપ્રલય આવેલો? કેટલી વાર કયા ભગવાને મહાપ્રલય કર્યો હતો? એવો કોઇ ઉલ્લેખ કોઇ વેદ-વેદાન્ત આદિ ધર્મશાસ્ત્રોમાં ક્યાંય મળે છે? એવા કોઇ ઐતિહાસિક પૂરાવાઓ વગેરે મળે છ? સંભવ જ નથી. જો વેદ શાસ્ત્રોને અનુત્પન્ન-અવિનાશી ત્રિકાળ શાશ્વત અને પાછા અપૌરૂષેય કહેવામાં આવે છે તો એમાં આવા પ્રમાણો-પૂરાવાઓ મળવા જોઇતા હતા. પરંતુ નામ માત્ર પણ નથી.

જીવાત્મા સ્વયં અનાદિ-અનુત્પન્ન દ્રવ્ય છે. જે અનુત્પન્ન અવિનાશી ત્રિકાળ અસ્તિત્વ ધરાવનાર શાશ્વત દ્રવ્ય છે. અને જે સંખ્યામાં અનંતાનંત છે. દરેક સ્વતંત્ર છે એને ઇશ્વર કે જગતની કોઇ સત્તા બનાવી શકતી જ નથી. માટે જીવાત્મા ઇશ્વર નિર્મિત માનવાની મૂર્ખતા ક્યારેય ન કરવી. બીજી બાજુ આ બ્રહ્માંડમાં એવા ઘટક દ્રવ્યો કે પરમાણુઓ છે જ નહીં કે જેના મિશ્રણ-સંમિશ્રણથી આત્મા નામક દ્રવ્ય બનાવી શકાય.... આવા અનંતાનંત જીવાત્માઓ આ સંસારમાં સ્વ-સ્વકર્માનુસાર શરીર ધારણ કરતા ચારેય ગતિમાં ૮૪ લક્ષ યોનીઓમાં પરિભ્રમણ કરે છે. બસ આનું જ નામ સંસાર છે. અને આ સંસાર ચકના ચક્કરમાં ઘાંચીના બળદની જેમ ગોળ ગોળ ફર્યા કરે છે. એમાં પોતાના કર્માનુસાર એકેન્દ્રિય કક્ષામાં જન્મ-લઇ પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિના સ્વરૂપો (દેહ) ધારણ કરે છે. માટે આ જીવસૃષ્ટિ છે. ઇશ્વરનિર્મિત સૃષ્ટિ માનવી એ મોટી ભૂલ છે. અજ્ઞાનતા-મિથ્યા માન્યતા માત્ર છે. માટે ઇશ્વર, એ જીવ સૃષ્ટિનું સર્જન-વિસર્જન કરવાનું કામ કરતો જ નથી.

અજીવ સૃષ્ટિ

જેવી રીતે જીવસૃષ્ટિ અનાદિ-અનંત-અનુત્પન્ન, અવિનાશી સ્વરૂપમાં શાશ્વત

છે. એવી જ રીતે અજીવ સૃષ્ટિ પણ આ સંસારમાં અનાદિ-અનંત, અનુત્પન્ન-અવિનાશીપણે શાશ્વત છે. કારણ કે આ સંસારના મુળભૂત ઘટક દ્રવ્યોમાં જેમ જીવ એક દ્રવ્ય છે તેમજ અજીવ પણ એક મુળભૂત ઘટક દ્રવ્ય છે. બંને પોતપોતાની રીતે સંપૂર્ણપણે સ્વતંત્ર દ્રવ્યો છે. આ બંને જીવ-અજીવ દ્રવ્યો સ્વયંભૂપણે અસ્તિત્વ ધરાવે છે. આ જગતમાં કોઇ ઇશ્વર અથવા કોઇપણ અન્ય સત્તા, જીવ અથવા અજીવને બનાવી શકતી નથી. આ બંને દ્રવ્યોનું મુળભૂત સત્તા સ્વરૂપે અસ્તિત્વ છે જ... જે અનાદિકાલીન છે. અનુત્પન્ન અવિનાશી છે. માટે તેમને નિર્માણ કરવાનો કે બનાવવાનો પ્રશ્ન જ ઉભો નથી થતો. અનંત આકાશ દ્રવ્ય છે. લોકાલોક વ્યાપી છે. અનંતપ્રદેશી છે. એમાંનો લોકક્ષેત્રવ્યાપી લોકાકાશ જે અસંખ્યપ્રદેશાત્મક અખંડ એક દ્રવ્ય છે. પ્રદેશ સમૂહાત્મક છે. પરમાણું નિર્મિત પણ નથી. અવકાશ પ્રદાન કરવાનો એનો ગુણ છે. અને એવા બીજા ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય દ્રવ્યો પણ લોકવ્યાપી છે. જેના ગતિસ્થિતિના ગુણો છે. જે જીવ અને પુદ્‌ગલ પરમાણુઓના ઉપયોગમાં આવતા, વ્યવહારમાં આવતા ગુણો છે. એ પણ પરમાણુ જન્ય નથી. સ્કંધ-દેશ-અને પ્રદેશાત્મક-ત્રયાત્મક જ એમનું સ્વરૂપ છે. એવા કોઇ પરમાણુઓ જ આ જગતમાં અસ્તિત્વ નથી ધરાવતા કે જેના સંમિશ્રણથી આ પદાર્થોની રચના થઇ શકે. સંભવ જ નથી.

અજીવના ઘરનું અંતિમ એક દ્રવ્ય છે પુદ્‌ગલ. એ સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણું રૂપે છે. પરમાણુઓ અનંતાનંતની સંખ્યામાં અખિલ બ્રહ્માણ્ડમાં અસ્તિત્વ ધરાવે છે. ભિન્ન-ભિન્ન ગુણધર્મો તેમના છે. એમાં સંઘાત-વિઘાતની પ્રક્રિયા થતી જ રહે છે. સંઘાતક્રિયામાં સ્કંધ, દેશ, પ્રદેશની રચના થતી હોય છે. અને ફરી વિઘાતની પ્રક્રિયાથી પાછા પરમાણુ સ્વરૂપમાં આવી જાય છે. આવા ગુણધર્મોવાળા અનંતાનંત પરમાણુઓની ઉત્પત્તિ શું ઇશ્વર કરવાના છે? અરે! અનંત ઇશ્વરો ભેગા થઇ જાય તો પણ અનંતાકાળે પણ સંભવ નથી. આ સ્વયંભૂ, શાશ્વત અસ્તિત્વ છે. અનાદિ-અનંત છે. આ સંસારનું આ ભૌગોલિક તેમજ દ્રવ્યગત પદાર્થ જન્ય સ્વરૂપ છે. જ્યારે આ ચાલુ અધિકારમાં આપણે "ભવ"નો વિચાર કરવાનો છે. ભવ એટલે સંસાર અર્થ કર્યો છે. પણ એમાં ભૌતિક સંસાર અપેક્ષિત નથી. જીવોનો કર્મજન્ય જન્મ-મરણરૂપ સંસાર અપેક્ષિત છે. ભવશબ્દથી ભવપરંપરા અર્થ ગ્રાહ્ય છે. અહીંયા ભૌગોલિક અર્થ નથી લેવો.

અનંત પુદ્‌ગલ પરાવર્તકાળ-પરિભ્રમણ

આ સંસારચક્ર અનંતાનંતકાળ ચક્રોથી ચાલતો જ આવે છે. કાળચક્રનું સ્વરૂપ ચિત્રના આધારે થોડું સમજવામાં આવે તો વધારે સહેલું પડશે. આ ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે ૨ સાપ સામસામે આવ્યા હોય, એવી એમની ચિત્રાકૃતિની માફક સ્થિતિમાં,

એક તરફ અવસર્પિણી કાળ છે, અને બીજી તરફ ઉત્સર્પિણી કાળ છે બંનેમાં ૬-૬ આરાઓ છે. ૧૦ કોડાકોડી સાગરોપમ વર્ષોનો એક અવસર્પિણી કાળ થાય છે, અને એવી જ રીતે ૬ આરોઓનો બીજો ૧૦ કોડાકોડી સાગરોપમનો ઉત્સર્પિણી કાળ થાય છે. આ ઉત્સર્પિણી અને અવસર્પિણી બંને કાળ મળતાં, ૧૦+૧૦=૨૦ કોડા કોડી સાગરોપમનું એક કાળચક્ર થાય છે. કોઇ પણ જીવ અવસર્પિણીકાળના ૧લા આરાની શરૂઆતથી જ જન્મ મરણધારણ કરતો કરતો અવસર્પિણીના ૬ આરા પૂરા કરી દઇ પછી ઉત્સર્પિણીકાળના ઉંધા ક્રમે ૬, ૫, ૪, ૩, ૨, અને છેલ્લે ૧લા આરાના અંત સુધી જન્મ-મરણ ધારણ કરતો-કરતો સંસાર ચક્રમાં પરિભ્રમણ કરતો જ જાય... એણે કેટલો કાળ વિતાવ્યો? જ્યાં સુધી મોક્ષે ન જાય ત્યાં સુધી એક જીવ સંસારમાં કેટલો કાળ વિતાવે છે? જીવ અનંતાનંત પુદ્ગલ પરાવર્ત કાળ સંસારમાં વિતાવે છે એવો કેવળીઓનો જવાબ છે. ષડ્દ્રવ્યોમાં ૫ દ્રવ્યોનું વિવેચન આપણે ઉપર કરી ચુક્યા છીએ. કાળને પણ એક દ્રવ્ય તરીકે સ્વીકારવામાં આવ્યું છે. તો જ ષડ્દ્રવ્ય થાય છે. ભલે પ્રદેશ સમૂહાત્મક પિંડ ન હોવાના કારણે, ''અસ્તિકાયાત્મક'' દ્રવ્ય ન હોય તેમ છતાં પણ વ્યવસ્થાપક દ્રવ્ય તરીકે એની પણ ગણના થાય છે. નવા-જૂના, નાના મોટા આદિનો વ્યવહાર કોના આધારે કરવો? આ પહેલાનો છે અને આ પછીનો છે એવો વ્યવહાર, કાળના આધારે જ થશે. આ નાનો ભાઇ છે અને આ મોટો ભાઇ છે. એનું કારણ શું? શા કારણે આ ભાઇ નાનો અને શા કારણે આ ભાઇ મોટો? આત્મા તો નાનો-મોટો હોતો નથી. તો પછી આ વ્યવહાર કેવી રીતે કરવો? આ વ્યવસ્થામાં કાળ અપેક્ષિત દ્રવ્ય છે. એક જીવ માતાની કુક્ષીએ આવીને પહેલા જન્મ્યો છે. અને એના ૨-૪ વર્ષ પછી બીજો જીવ આવીને એ જ માતાની કુક્ષીએ જન્મ્યો છે. એટલે આ બીજો જીવ એ પહેલાનો ભાઇ થયો. અને પહેલા આવનારો ૨-૪ વર્ષ પહેલા જન્મ્યો છે. જ્યારે બીજો ૨-૪ વર્ષ પછી આવીને જન્મ્યો છે. માટે કાળની અપેક્ષાએ બીજો ભાઇ ૨-૪ વર્ષ નાનો થયો, અને પહેલા જન્મેલો ૨-૪ વર્ષ મોટો ગણાશે. આ રીતે નાના-મોટાનો વ્યવહાર કાળના આધારે થશે. એવી જ રીતે, નવા-જૂનાની વ્યવસ્થા પણ કાળના આધારે જ થશે. ઘણાં વર્ષો પહેલા આ કાપડ બન્યું હતું અને ઘણાં વર્ષો પછી આ બીજું કાપડ બનાવવામાં આવ્યું છે. માટે પહેલાવાળું જુનું થશે અને પછીવાળું નવું કહેવાશે આ પ્રમાણે નવા-જૂના, પહેલા-પછી આદિના વ્યવહારો કાળના આધારે થાય છે કાળ આ વ્યવહારમાં, આ વ્યવસ્થામાં અપેક્ષિત દ્રવ્ય છે.

અનંત પુદ્ગલ પરાવર્તકાળ–

સમસ્ત સંસારના અસ્તિત્વને કાળની પરિભાષાથી માપવામાં આ કાળચક્રની સંજ્ઞા પણ ઘણી નાની પડે છે. જો કે પલ્યોપમ પછી સાગરોપમની ગણનામાં પણ અસંખ્ય વર્ષોનો કાળ ગણાય છે. તેમ છતાં પણ આ સંસારના કાળને માપવામાં આ સંખ્યા ઘણી વામણી છે. આયુષ્ય કર્મને માપવા કરવાની વ્યવસ્થા સાગરોપમ દ્વારા



કરી શકાય છે. જ્યારે આયુષ્ય સિવાયના બાંકી ૭ કર્મોની કાળસ્થિતિ ન માપવા માટે એ જ સાગરોપમો ને કોડાકોડીનો ગુણાકાર કરીને માપવા પડે છે. દા.ત.: મોટામાં મોટું અને છેલ્લામાં છેલ્લું આયુષ્ય કર્મ ફક્ત ૩૩ સાગરોપમ જ હોય છે. જ્યારે મોહનીય કર્મનો ઉત્કૃષ્ટ બંધ સ્થિતિ કાળ ૭૦ કોડા કોડી સોગરોપમનો છે. જ્યારે એની સામે એક કાળચક્ર તો ફક્ત ૨૦ કોડાકોડી સાગરોપમનું જ છે. એટલે કેટલો નાનો કહેવાય. ૭૦ કોડાકોડી સાગરોપમની એક મોહનીય કર્મની બંધ સ્થિતિ ખપાવવા માટે જીવને ૩॥ કાળચક્રો વિતાવવા પડશે. ત્યારે એ એક કર્મ આત્મપ્રદેશો ઉપરથી સદંતર નષ્ટ થશે. જ્યાં આત્માને કર્મના કાળનો હિસાબ કરવા માટે કાળચક્રની સંજ્ઞા નાની પડે છે તો પછી સમગ્ર સંસારચક્રને માપવા માટે કાળની કંઈ સંજ્ઞા લેવી?

આ વિષયમાં જૈન શાસ્ત્રકારો... "પુદ્ગલ પરાવર્ત" કાળની વ્યવસ્થા આપે છે. આ પુદ્ગલ પરાવર્તની સંજ્ઞાને પણ સ્થૂલ-સૂક્ષ્મ આદિની અપેક્ષાએ ૬ પ્રકારની કહી છે. માટે સૂક્ષ્મ પુદ્ગલ પરાવર્તકાળ વગેરે ઘણા લાંબા કાળની સંજ્ઞા છે. એમાં કેટલા વર્ષો વીતે છે? એવો પ્રશ્ન જો ઉપસ્થિત કરીએ તો એના ઉત્તરમાં કેટલા બધા અસંખ્યો વર્ષો વિતતા હશે? એનો હિસાબ કરવો જોઈએ. આ રીતે આ જીવને આ સંસાર ચક્રમાં પરિભ્રમણ કરતાં કરતાં કેટલા વર્ષોનો કાળ વિત્યો? એના ઉત્તરમાં શું જવાબ આપશું. બીજી તરફ એ ભૂલતા નહીં કે જીવનું અસ્તિત્વ અનાદિ-અનંત છે. આ અનાદિ-અનંતની સંજ્ઞા કાળના આધારે નથી, કાળાતીત છે. જેને



કાળ અડી પણ નથી શકતો, અને કાળ પોતાની સીમામાં, પરિધિમાં બાંધી પણ નથી શકતો એવી આ જીવાત્માની સ્થિતિ છે. માટે અસ્તિત્વની દૃષ્ટિએ આત્માનું અસ્તિત્વ અકાળ છે. અનાદિ કહેવાથી ઉત્પત્તિ નહીં, અને અનંત કહેવાથી નાશ પણ નહીં. એવી અનાદિ-અનંતની સ્થિતિ ધરાવતો આ આત્મા છે. એ કર્મ સંયોગવશ આ શરીર ધારણ કરતો કરતો જન્મ-મરણના ચક્રમાં ફસાઈ ગયો માટે કાળની સીમામાં ફસાઈ ગયો છે. હવે જ્યાં સુધી આ શરીરના, કર્મોના બંધનમાંથી છૂટી નહીં શકે ત્યાં સુધી તો આ કાળના બંધનમાંથી પણ છૂટી નહીં શકે. માટે જ, કાળની સીમાના બંધનમાં ગણાય છે. બસ આત્માની આ કાળ બંધનની સ્થિતિને જ સંસાર કહેવામાં આવ્યો છે.

અનાદિ-અનંતકાલીન અસ્તિત્વવાળો આત્મા પણ શરીરધારી રહીને જન્મ-મરણ ધારણ કરતા કરતા આ સંસારમાં કેટલો કાળ વિતાવે છે? ક્યાં કઈ અવસ્થામાં કેટલો કાળ વિતાવે છે? આ પ્રશ્નના ઉત્તરમાં સર્વજ્ઞો ત્રણ અવસ્થામાં જીવ અનંતકાળ વિતાવે છે એવી વાત ફરમાવે છે.–

૧) નિગોદાવસ્થામાં અનંત જન્મ-મરણ.

૨) સંસારના વ્યવહારમાં ૪ ગતિ-૮૪ના ચક્કરમાં અનંતોકાળ અને

૩) અંતે મોક્ષમાં સિદ્ધાવસ્થામાં અનંતકાળ.

(૧) અનાદિ અનુત્પન્ન એવો આત્મા સર્વ પ્રથમ નિગોદાવસ્થામાં હોય છે. નિગોદ, જીવોની ખાણ છે. એમ સમજો... કારણ કે આત્માની ઉત્પત્તિ નથી. અનુત્પન્ન દ્રવ્યનું અસ્તિત્વ ત્રણે કાળમાં એક સરખું માનવામાં આવ્યું છે. પરંતુ આ અસ્તિત્વ આત્માનું સર્વ પ્રથમ નિગોદાવસ્થામાં છે. નિગોદાવસ્થામાં આત્મા શરીરધારી જ હોય છે. જન્મ-મરણ નિગોદમાં બહુજ ઝડપી હોય છે. નિગોદાવસ્થામાં જીવ કર્મ સહિત જ હોય છે. યાદ રાખજો નિગોદ એ એકેન્દ્રિય જીવોના વર્ગમાં વનસ્પતિકાયના વિભાગમાં સાધારણના પેટા ભેદમાં પણ સૂક્ષ્મસાધારણના અવાંતર પેટાભેદના વિભાગની કક્ષાની ગણાય છે. આ સૂક્ષ્મતમ શરીરધારી નિગોદના જીવો માત્ર એક ગોળામાં પણ અનંતની સંખ્યામાં એકત્રિત હોય છે. જ્યાં શરીર એક હોય છે. અને એમાં રહેનારા આત્માઓ અનંતની સંખ્યામાં હોય છે. અત્યંત સૂક્ષ્મતમ એવી અવસ્થા હોય છે કે પુદ્ગલનું શરીર બનાવ્યું છે જે રૂપી છે. છતાં પણ સૂક્ષ્મતાના કારણે દૃષ્ટિગોચર થાય તેમ નથી. માત્ર કેવલી ગમ્ય છે.

સાધારણ વનસ્પતિકાયના જીવો પણ સૂક્ષ્મ અને સ્થૂલ એમ બંને પ્રકારના હોય છે. સૂક્ષ્મ, દૃષ્ટિગોચર થાય તેમ નથી. એને નિગોદના ગોળા તરીકે કહ્યા છે. જ્યારે સ્થૂલ બટાટા, કાંદા, ગાજર, મૂળા, શકરકંદ, લસણ, આદુ, અંકુરા-(ફણગા) આદિ રૂપે કહ્યા છે. આ બધા સ્થૂલ સાધારણ વનસ્પતિકાય છે. સૂક્ષ્મતમ નિગોદાવસ્થામાં

ગોળાઓમાં પણ આયુષ્ય માત્ર ૨૫૬ આવલિકાનું જ છે. જો કે એક આવલિકા અસંખ્ય સમય પ્રમાણની છે. આવલિકા એ કાળની નાનામાં નથી સંજ્ઞા છે.અને સૂક્ષ્મતમ કાળની અંતિમ સંજ્ઞા ''સમય'' આપી છે. આ સમય અવિભાજ્ય છે. જેમ પરમાણુ એ પુદ્‌ગલની અંતિમ ઈકાઈ છે. તેમ જ સમય એ કાળની અંતિમ ઈકાઇ છે. જેમ પરમાણું એ અંતિમ અવસ્થા છે. એના પછી આગળ બીજી કોઈ સંજ્ઞા થાય તેમ નથી. કારણ કે પરમાણુ અવિભાજ્ય છે. એવી જ રીતે સૂક્ષ્મતમ એક સમય અવિભાજ્ય છે. એના પણ બે ભાગ થઇ શકે તેમ નથી. કેવળીની દૃષ્ટિએ પણ બે ભાગ થવા સંભવ નથી. એવા અસંખ્ય સમયની એક આવલિકા થાય છે. માટે આવલિકા સમય કરતાં ઘણી સ્થૂલ સંજ્ઞા વાળી છે. આવી ૨૫૬ આવલિકાનો આયુષ્ય કાળ આ નિગોદસ્થ જીવોનો છે. એટલો કાળ પૂરો થાય કે મૃત્યુ પામીને એ જીવો ફરી ફરી નિગોદાવસ્થામાં જ જન્મ લેતા રહેવાના. એમાંથી બહાર નથી નિકળવાના. આયુષ્ય પુરું થતાં, એ શરીર છોડી ફરી બીજું શરીર ધારણ કરવાનું, એમાં પણ ૨૫૬ આવલિકા જેટલો કાળ રહીને એ પણ છોડીને નવું શરીર ધારણ કરવાનું અને ફરી... ત્રીજું શરીરધારણ કરવાનું. શરીર ધારણ કરવા માટે જન્મ લેવો પડે છે. અને શરીર છોડવાની પ્રક્રિયા મરણ તરીકે ઓળખાય છે. આ રીતે જન્મ-મરણ થતાં જ જાય છે. આવા જન્મ-મરણ એક વખત ધારણ કરે એને એક ભવ કહેવાય છે. અને આવા ૧૭॥ ભવ (જન્મ) આપણા ૧ શ્વાસોચ્છવાસ જેટલા સમયમાં નિગોદના જીવોના થઈ જાય છે. અને આપણે ૨ ઘડી ૪૮ મિનિટની એક સામાયિક કરીએ એટલી વારમાં તો ૬૫૫૩૬ ભવોએ નિગોદના જીવોના થઈ જાય છે. એવી ૩૦ ઘડીનો ૧ દિવસ થાય છે. આ રીતે ગુણાકાર કરતા ૩૦ ઘડીના એક દિવસમાં નિગોદના જીવોના ૬૫૫૩૬x૩૦=૧૯,૬૬,૦૮૦ ભવો થાય છે. અર્થાત્ એટલીવાર જન્મ-મરણ ધારણ કરવા પડે છે. કેવળજ્ઞાનીઓ ફરમાવે છે કે જન્મ-મરણની વેદના અવર્ણનીય છે. અને એમાં પણ આટલી મોટી સંખ્યામાં સતત જન્મ મરણ થતા જ રહે તો અંત ક્યારે આવે? એમાં પણ નિરંતર-અખંડપણે આ જન્મ-મરણનો ક્રમ ચાલ્યા જ કરે છે. અવિરત ચાલે છે. જ્યાં સુધી જીવ નિગોદાવસ્થામાંથી બહાર ન નિકળી જાય ત્યાં સુધી આ જન્મ-મરણનો ક્રમ અવિરતપણે અખંડપણે સતત ચાલતો જ રહેશે. આવી રીતે નિગોદાવસ્થામાં જીવના જન્મો કેટલા થવાના અને મરણોં કેટલા થવાના? આ સંખ્યા કેવી રીતે શોધવી? એ માટે સર્વજ્ઞ ભગવંતો એને અનંતની સંખ્યા બતાવે છે. અને આ અનંતા જન્મ-મરણો વીતે એમાં કેટલો કાળ લાગશે? એના ઉત્તરમાં પણ અનંત કાળ કહેવા સિવાય બીજો શું ઉત્તર હોય?

બીજી તરફ શાશ્વત વ્યવસ્થાનો ઉત્તર એ છે કે એક જીવ સંસારમાંથી મુક્ત થઈને મોક્ષે જશે ત્યારે બીજો એક જીવ આ નિગોદના ગોળામાંથી બહાર નિકળશે



અને એમાં પણ એવો પ્રશ્ન ઉઠે છે કે... જ્યારે એક-એક ગોળામાં અનંતા જીવો છે, તો કયો જીવવિશેષ એમાંથી બહાર નિકળશે? એના ઉત્તરમાં એટલું જ કહ્યું છે કે, જે જીવવિશેષની ભવિતવ્યતા પરિપક્વ થઇ ગઇ હશે તે જીવ નિગોદના ગોળામાંથી બહાર નિકળીને સંસારના વ્યવહારમાં આવશે. પહેલીવાર વ્યવહારમાં આવશે. આ રીતે અનંતા જન્મ-મરણો કરવા પૂર્વક અનંત કાળ જીવ નિગોદાવસ્થામાં વિતાવી દે છે. અનંત કાળ વિતાવવાનો આ પ્રથમ તબક્કો છે.

બીજા તબક્કાનો અનંતકાળ–

હવે જેવો જીવ નિગોદાવસ્થામાંથી બહાર નિકળીને સંસારના વ્યવહારમાં આવ્યો... તેવો સર્વ પ્રથમ તો સ્થૂલ સાધારણ વનસ્પતિકાયમાં આવશે અને ત્યાં ફણગા (અંકુરા) આદુ (અદ્રક), ડુંગળી, કાંદા, બટાટા, લસણ, ગાજર, મૂળા, શકરકંદ, આદિ અનંતકાયમાં જન્મશે. એવા જન્મો ગ્રહણ કરશે. આ સ્થૂલની કક્ષામાં છે. પછી ફરી પ્રત્યેક વનસ્પતિકાયમાં આવતા સર્વ પ્રથમ (પહેલીવાર) જીવ અનંતા જીવો જે એક જ શરીરમાં ભેગા રહેતા હતા, એ પિણ્ડમાંથી છૂટશે. અને પ્રત્યેકમાં આવશે. યાદ રાખજો સાધારણપણું એ પાપકર્મની પ્રકૃતિ છે. અને એની સામે પ્રત્યેકપણું એ પુણ્યની શુભ પ્રકૃતિ છે. પ્રત્યેક વનસ્પતિકાયમાં આવવાથી સૌથી પહેલીવાર આ જીવને એક જ શરીરમાં એકલાને રહેવા મળ્યું જીવ કેટલો રાજી થયો હશે? એક જ શરીર નાનુ અથવા મોટું હોય પણ, આપણને એકલાને જ રહેવા મળે તો કેટલું સારૂં? માટે એક પુણ્ય પ્રકૃતિ છે. જે શુભ ફળ રૂપે સુખ આપે છે. હવે જીવ, આ ચારે ગતિરૂપ સંસારની ૮૪ લાખ જીવયોનીઓમાં જન્મ-મરણ કરશે. ભવ ધારણ કરતો કરતો, પરિભ્રમણ કરશે. જો કે નિગોદના ગોળામાં થતા હતા તેવા નાના-નાના ભવો હવે બહાર નિકળી ગયા પછી નહીં થાય. હવે લાંબા લાંબા મોટા આયુષ્યવાળા ભવો પણ થશે. અને નાના ટૂંકા ભવો પણ થશે. ગમે એટલા નાના ભવો થશે તો પણ





નિગોદના જેવા ભવો તો નથી જ થવાના. આવી રીતે અનંતાકાળ અને અનંત ભવોની નિગોદાવસ્થામાંથી છૂટીને બહાર આવીને આગળ વધતો જીવ એકેન્દ્રિયાદિના ભવોમાં આગળ વધતો વધતો જન્મ-મરણ ધારણ કરે છે. એકેન્દ્રિયમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાયના પાંચ પ્રકારના શરીરધારી જીવો છે. નિગોદમાંથી બહાર નિકળીને જીવ સર્વ પ્રથમ બાદર સાધારણ વનસ્પતિકાયમાં આવે છે. ત્યાંના ભવો કરો છે. વનસ્પતિકાયમાં બાદર સાધારણમાં પણ ઘણાં પ્રકારો છે. જે સ્થૂલ છે. ડુંગળી, બટાટા, લસણ, ગાજર, મૂલા, શકરકંદ, આદુ, આદિ અનેક આકાર-પ્રકારો છે. તે બધામાં જન્મ-મરણ ધારણ કરતા-કરતા જીવના કેટલા ભવો થાય? અને એ પછી સાધારણ વનસ્પતિકાય પ્રત્યેક વનસ્પતિમાં જીવ આવે અને એમાં પણ કેટલા પ્રકારો છે? અગણિત પ્રકારો છે. એમાં આ જીવ જન્મ-મરણ ધારણ કરે અને વનસ્પતિકાયમાંથી બહાર જ ન નિકળે અને એ વનસ્પતિકાયના ઘરમાં જ ગોળ-ગોળ ફરતો-ફરતો ભવો ધારણ કરતો જ જાય અને કાળ વિતાવતો જ જાય તો કેટલો કાળ વિતાવે? કેટલા ભવો કરે? આ પ્રશ્નના ઉત્તરમાં ઉત્તરાધ્યયન સૂત્ર જિનાગમમાં પ્રભુ શ્રી મહાવીર દેવ સ્વયં ફરમાવે છે કે...

वणस्सइकायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।
कालमणंतं दुरंतं, समयं गोयम! मा पमायए ॥ १०-९॥

–સાધારણ વનસ્પતિકાયમાં ગયેલ જીવ અનંત ઉત્સર્પિણી અવસર્પિણીરૂપ અનંતકાળ વિતાવે છે. આટલો લાંબો અનંતોકાળ એ વનસ્પતિકાયમાં જ રહે છે. આ છે વનસ્પતિકાય જીવોની સ્વકાયસ્થિતિ. ઉત્કૃષ્ટથી સ્વકાય

સ્થિતિનોકાળ કેટલો રહે? એ માટે આટલો કાળ જણાવે છે આ વનસ્પતિકાયમાં જીવ જઈને જન્મ ધારણ કરે એને પણ આયુષ્ય કર્મ તો હોય જ છે. આયુષ્ય જેટલું હોય તેટલું... એમ કરતા કરતા જીવ એક આયુષ્ય પુરું થતા બીજા જન્મમાં જાય છે. કાંદામાંના જીવો બટાટામાં જાય છે, લસણમાંના જીવો આદુ તરીકે જન્મે છે. લીંબડાના જીવો બાવળમાં જાય. વનસ્પતિની જીવ સૃષ્ટિ છે. આ બધા જીવો કર્માધીન છે. માટે સ્વ. સ્વના આયુષ્યકાળની સમાપ્તિ એ મૃત્યુ પામીને ફરીથી જન્મ લેવાના જ છે. વનસ્પતિકાયની સ્વકાયસ્થિતિ અનંતકાળની હોવાના કારણે અનંતકાળ વનસ્પતિકાયમાં જ વિતાવી દે છે. ત્યાર પછી બહાર નિકળી-આગળ વધી. એકેન્દ્રિયના બીજા ભવોમાં જાય છે. અને જન્મો ધારણ કરે છે. આ ઉત્કૃષ્ટ કક્ષાથી સ્વકાય સ્થિતિનો કાળ કહ્યો છે. પરંતુ બધા જ જીવોને અનિવાર્યપણે આટલા કાળ સુધી આ એક વનસ્પતિની જાતિમાં રહેવું જ પડે એવો નિયમ નથી. જીવ વિશેષની ભવિતવ્યતા ઉપર આધાર રાખે છે.

પુઢવીક્કાય મइગઓ, અક્કોસં જીવો ઉ સંવસે ।
કાલં સંખાइઅં, સમયં ગોયમ! મા પમાયए ॥ ૧૦/૫ ॥
આउક્કાયમइગઓ, ઉક્કોસં જીવો ઉ સંવસે ।
કાલં સંખાइઅં, સમયં ગોયમ! મા પમાइए ॥ ૧૦/૬ ॥
તેઉક્કાયમइગઓ, અક્કોસં જીવો ઉ સંવસે ।
કાલં સંખાइઅં, સમયં ગોયમં! મા પમાયए ॥ ૧૦/૭ ॥
વાઉક્કાય મइગઓ, ઉક્કોસં જીવો ઉ સંવસે ।
કાલં સંખાइઅં, સમયં ગોયમ! મા પમાયए ॥ ૧૦/૮ ॥

–એકેન્દ્રિયની કુલ પાંચ જાતિઓમાં વનસ્પતિ પછી બીજી ચાર છે. પૃથ્વી-પાંણી, અગ્નિ, અને વાયુકાયની આ ચાર જાતિઓમાં જીવ ક્રમશઃ સ્વકર્માનુસાર જાય છે. જન્મ-મરણ ધારણ કરે છે. એમાં ઉત્કૃષ્ટથી એક એકમાં જન્મો ધારણ કરતો કરતો જીવ સ્વકાયમાં જ વારંવાર જન્મ ધારણ કરતો જ રહે તો અસંખ્ય ઉત્સર્પિણી-અવ સર્પિણી જેટલો લાંબો કાળ વિતાવી દે છે. પૃથ્વીકાયમાં પણ અસંખ્ય વર્ષોનો કાળ અને એવી જ રીતે અપ્કાય (પાણી)માં, અગ્નિમાં તેમજ વાયુકાયમાં જઈને જન્માદિ ધારણ કરતો જીવ જો એમાંને એમાં જ અસંખ્ય વર્ષો સુધી જન્મ-મરણ રૂપ ભવો ધારણ કરતો રહે છે આવી રીતે ઉત્કૃષ્ટથી અસંખ્ય વર્ષોનો કાળ એકેન્દ્રિયની જાતિમાં વિતાવે છે. કલ્પના પણ ન કરી શકીએ.

પૃથ્વીકાયમાં અનેક પ્રકારો છે. અર્થાત્ પૃથ્વીકાયિક જીવો અનેક પ્રકારના જાત-જાતના જન્મો ધારણ કરીને જીવે છે. જેમાં સોના-ચાંદિ-તાંબું-પીતલ-એલ્યુમિનિયમ, કાંસુ, જસત, લોખંડ આદિ બધી જ જાતની ધાતુઓ આવે છે. હીરા, બધી જ જાતના

રત્નો, અને મારબલ-સંગમરમર, આદિ બધી જ જાતના પત્થરોની પણ ગણતરી થાય છે. એવી જ રીતે સંસારની લાલ, કાળી, પીળી આદિ બધી જ જાતની માટીઓનો પણ સમાવેશ થાય છે. એ સિવાય પણ હિંગુલ, હરતાલ, ફટકડી, પારો, સિંધવ, મીઠું, મણશીલ આદિ અનેક જાતના પદાર્થો છે. યાદ રાખજો આ બધી જ જીવ સૃષ્ટિ છે. એકેન્દ્રિયની કક્ષાના જીવો છે. કર્મો એવા બાંધ્યા છે માટે એવા શરીરો ધારણ કરીને જન્મ્યા છે. આ બધામાં વારં-વાર જઈને જીવ, જન્મ ધારણ કરે છે. આટલી બધી જાતમાં જઈને જન્મ ધારણ કરે અને પછી પોતાના આયુષ્ય કાળ પ્રમાણે જીવે તો એટલો લાંબો સમય તો પસાર કરવાનો જ છે. પૃથ્વીકાયનાં પત્થરાદિમાં હજારો વર્ષોનું એક આયુષ્ય હોય છે. ભલે ને આપણે જેને ૮૪ પ્રકારના રત્નો કહીએ. પરંતુ અંતે તો એ બધાય પૃથ્વીકાયિક જીવો જ છે એ તો એમના વર્ણાદિ નામ કર્મના આધારે કોઇ લાલ, પોઇ પીળા, કોઇ લીલા વગેરે ભિન્ન-ભિન્ન પ્રકારના રંગો હોય છે. તે રહેવા ા જ છે. હવે જીવ કેટલાક જન્મો પત્થરમાં કરે, પછી માટીમાં કરે, પછી ધાતુઓમાં ધારણ કરે, અને પછી પારાકે હિંગૂલ-હરતાલ આદિમાં જાત-જાતના જન્મો ધારણ કરતો જ રહે તો જીવ ઉત્કૃષ્ટથી અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ સુધી ફરતો જ રહે. આ છે સ્વકાય સ્થિતિ.

એ પછી પાણીના શરીર ધારણ કરીને અપ્કાયમાં આવે. વળી પાછો એમાં પણ અસંખ્ય વર્ષોનો કાળ વિતાવે. અને એ પછી અગ્નિ કાયમાં આવીને જીવ અસંખ્ય વર્ષો વિતાવે છે. અગ્નિમાં પણ અનેક જાત છે. કોઇ જ્યોતિ તરીકે છે, કોઇ જ્વાલા તરીકે છે. કોઇ કણ-કણ તરીકે છે. કોઇ તણખલા તરીકે છે. કોઇ ભઠ્ઠીમાં છે. એવી રીતે અનેક જાતના અગ્નિકાયમાં જન્મો છે. જીવો આવે છે અને એમાં પણ જન્મ ધારણ કરીને રહે છે. એવી જ રીતે વાયુકાયમાં પણ કોઇ જીવો ગુંજારવ કરતો વાયુ, કોઇ મંદ-મંદ વાહે તો વાયુ, કોઇ દરિયા ઉપરનો વાયુ, કોઇ મહાવાયુ, વાવાઝોડાનો વાયુ, એવા અનેક જાતના પ્રકારો છે. આવા શરીરો ધારણ કરીને એકેન્દ્રિયના જીવો જન્મે છે. જન્મ લે છે અને કાળ વિતાવે છે. ઉત્કૃષ્ટથી પોત-પોતાના પાણી, કે અગ્નિ અથવા વાયુની યોનીઓમાં જ વારંવાર જન્મ-મરણ ધારણ કરતો જ જાય આમ અસંખ્ય-ઉત્સર્પિણી-અવસર્પિણી જેટલો કાળ વિતી જાય છે. એક-એક કાયમાં અસંખ્ય વર્ષોનો કાળ વિતાવી દે જીવ તો વિચાર કરો. કેટલા ભવો પછી એ જીવ ઉપર ઉઠે? અને પછી આગળ વધે? વિકાસ કઇ રીતે થાય? આ વિકાસની દિશા બતાવતા ચિત્રમાં એકેન્દ્રિયમાં પાંચ પ્રકાર બતાવીને વિકાસની સીડીના ૫ પગથિયા દર્શાવ્યા છે. એ એક-એક પગથિયા ઉપર ગોળ-ગોળ ચક્કરો (આવર્તો) જે બતાવ્યા છે, અને એમાં નિશાની આપી છે તે એ જીવના ભવો છે. એવા જન્મો ધારણ કરતો કરતો એમાં ને એમાં જ ગોળ ગોળ ફરતો જ જાય છે. એના સૂચક

આવર્તો છે. એ પછી આગળ વધે છે. અને પૃથ્વીમાંથી પાણીમાં, પાણીમાં કેટલાય ભવો કરીને અગ્નિમાં જાય છે. અગ્નિના જાત-જાતના શરીરો ધારણ કરીને આગળ વધતો જીવ વાયુકાય ધારણ કરે છે. અહીંયા પણ ઘણાં પ્રકારો છે. અને પાછો સ્વકાય સ્થિતિનો કાળ અસંખ્ય વર્ષોનો છે. આ રીતે જો એક-એક કાયમાં અસંખ્ય વર્ષો વિતાવતો જ જાય તો ક્યારે આગળ વધે? ક્યારે ઉપર ઉઠે? કેટલો ધીમો વિકાસ છે? અને આ તો હજી શરૂઆતની પ્રથમ એકેન્દ્રિય જાતિના જન્મો છે. હજી આગળના બીજા જન્મોની વાત તો શું કહેવી?

એકેન્દ્રિયના ભવોમાં તો કલ્યાણ થઈ જવાનું નથી. આ સંસારમાં વિકાસની દિશામાં આગળ વધતા જીવોને અનેક જન્મો ધારણ કરવા જ પડે છે.



૧) બેइन्दियकाय मइगओ...,
૨) तेइन्दिय काय मइगओ...,
૩) चउरिन्दिय काय मइगओ...
उक्कोसं जीवो उ संवसे ।
૪) कालं संखिज्ज संमायं..., समयं गोयम!
मा प्रमायए ॥ १०/१०, ११, १२ ॥

–શ્રી વીર પ્રભુની અંતિમ દેશના સ્વરૂપ ઉત્તરાધ્યયન સૂત્રના ૧૦મા અધ્યયનના ૧૦, ૧૧ અને ૧૨માં શ્લોકમાં ફરમાવે છે કે... એકેન્દ્રિયપણાના જન્મો વીતાવીને આગળ વધી વિકલેન્દ્રિયમાં આવે એટલે એમાં, ૨, ૩, અને ૪ ઈન્દ્રિયોવાળા અનેક ભવો કરે છે. અને એમાં પણ વિકાસ આ પ્રમાણે થાય છે. એકેન્દ્રિયના પાંચે કાયોના ભવો કરીને પ્રથમ જીવ બેઈન્દ્રિયમાં આવે છે. એમાં કરમિયા વગેરેના જન્મો ધારણ કરે છે. બાળકોનાં પેટમાં જે કીડા પડે છે તે બધી જ જાતના કરમિયા worms અમીબા, બધીજાતના બેક્ટેરિયા, શંખ-શંખલા અને કોડી વગેરે, જળો અને પગના નાસૂરના કીડા અને અળસિયા

વગેરે આવા જન્મો ધારણ કરતો કરતો જીવ જો બેઇન્દ્રિયના ભવોમાં જ ભટક્યા કરે તો સંખ્યાતા વર્ષો સુધી ભટકતો જ રહે છે. જ્યાં સુધી આપણે સંખ્યા ગણી શકીએ છીએ તેને સંખ્યાતા વર્ષોનો કાળ કહેવાય છે. આટલો લાંબો કાળ અને આટલી જાતના બે ઇન્દ્રિયના જાત-જાતના શરીરોમાં જન્મ-મરણ ધારણ કરતો ભવો વિતાવે એટલે અસંખ્ય કાળ વીતાવી દે છે. અને એ પછી તેઇન્દ્રિયમાં આવે છે. જેને ત્રણ જ ઇન્દ્રિયો છે એવા જન્મો ધારણ કરે છે. પહેલી, બીજી અને ત્રીજી અર્થાત્ સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, અને ઘ્રાણેન્દ્રિય આ ત્રણ ઇન્દ્રિયો ધારણ કરીને જીવનારા જીવોમાં કીડી, મકોડા, માંકડ, જૂ, લીખ, ધનેડા, ઇયળ, કોશેટા, ઉધઇ, આદિ અનેક જાતના જીવોનો સમાવેશ થાય છે. આ અને આવા ઘણાં કીડાઓ જીવો છે. જેઓ આંખ-ચક્ષુ નથી ધરાવતા. પણ એ પહેલાની ત્રણ ઇન્દ્રિયો છે. આમાં જન્મો અનેક છે. સંખ્યાતી જાતો કે પ્રકારો એમાં નથી. પરંતુ સંખ્યાતો કાળ કાઢી શકે છે. એટલે કે એ જીવ જે આ તેઇન્દ્રિયમાં જઇને જન્મે છે તે સંખ્યાતી વાર વારંવાર કીડી, મંકોડા તરીકે જન્મ લે છે, ફરી કીડી મરીને મંકોડામાં જન્મે અથવા માંકડ મરીને જૂ તરીકે જન્મે આ બધું ચાલતું જ રહે છે. ગણવા યોગ્ય સંખ્યા તો પરાર્ધ સુધી છે. એટલે જીવ વારંવાર એ જન્મોમાં ભવધારણ કરતો કરતો સંખ્યાતો કાળ વિતાવી દે છે. અને પછી આગળ વધી ચઉરિન્દ્રિયના જન્મોમાં આવે છે.

ચઉરિન્દ્રિયપણામાં આવેલો જીવ માખી, મચ્છર, ભમરા, તીડ, પતંગિયા, તિતલી, વાંદા, વીંછી, આદિ અનેક પ્રકારના જન્મો ધારણ કરે છે. આ નાના-નાના જીવો છે. ચોથી ઇન્દ્રિય આખં તેમને મળી છે. બીજી બાજુ ચઉરિન્દ્રિયમાં જાતો સાવ થોડી જ ગણતરીની છે. એટલા માટે વારંવાર એમાં ને એમાં શરીર ધારણ કરવું પડે છે. એમ કરતા કરતા આ ચઉરિન્દ્રિયપણામાં પણ જીવને સંખ્યાતો કાળ સ્વકાય સ્થિતિમાં ઉત્કૃષ્ટથી વિતાવવો પડે છે. એ પછી આગળ વધતા જીવ પંચેન્દ્રિયની કક્ષામાં પહોંચે છે. આ જીવના વિકાસની પ્રક્રિયા છે.

પંચેન્દ્રિયપણામાં સ્વકાયસ્થિતિ-



અત્યાર સુધી જે પૃથ્વી, પાણી વગેરેના બધા ભવો કર્યા તે બધા એકેન્દ્રિયના ભવો એક માત્ર તિર્યંચની ગતિમાં જ થયા. સંસાર ચક્રમાં ચાર ગતિઓ છે, તેમાં એક માત્ર તિર્યંચ ગતિ એવી છે જેમાં એકથી લઇને પાંચે ઇન્દ્રિયો સુધીના જીવોની ગણના થાય છે. એકેન્દ્રિયના પૃથ્વી, પાણી વગેરેના બધા સ્થાવર જીવો રહે છે. અને વિકલેન્દ્રિયમાં ૨, ૩, અને ૪ ઇન્દ્રિયવાળા બધા ગતિની દૃષ્ટિએ માત્ર તિર્યંચ ગતિમાં જ રહે છે. જ્યારે ચઉરિન્દ્રિયથી વિકાસની દિશામાં આગળ



પંચેન્દ્રિપણામાં જીવ આવે છે ત્યારે ચારે ગતિની દિશા ખુલ્લી થાય છે. અર્થાત્ ચારે ગતિઓમાં પંચેન્દ્રિય કક્ષાના જીવો છે. પરંતુ એમાં વિશેષતા એટલી જ છે કે દેવ-મનુષ્ય અને નરક આ ત્રણે ગતિઓમાં એકલા (માત્ર) પંચેન્દ્રિય જીવો જ રહે છે. બીજા એકેન્દ્રિયો-વિકલેન્દ્રિયો નથી હોતા. જ્યારે તિર્યંચ ગતિમાં સ્થાવર-બધા એકેન્દ્રિયો હોય છે, વિકલેન્દ્રિય જીવો પણ તિર્યંચ ગતિમાં ગણાય છે. અને પશુ-પક્ષીઓ પંચેન્દ્રિય હોવા છતાં પણ ગતિની દૃષ્ટિએ તો તિર્યંચની ગતિમાં જ ગણાય છે. એટલે જ પંચેન્દ્રિય ચાર પ્રકારના કહ્યા છે–

पंचिंदिया य चउहा, नारय-तिरिय-मणुस्स-देवा य ॥

આત્માના વિકાસની દિશામાં આગળ વધતી-વધતી અવસ્થામાં જીવ ચઉરિન્દ્રિયના ભવો પતાવીને પંચેન્દ્રિયની કક્ષામાં જરૂર આવ્યો. એમાં સર્વ પ્રથમ તિર્યંચ ગતિમાં જ પંચેન્દ્રિય તિર્યંચોના જન્મો કર્યા જેમાં ઘણાં ભેદો છે.

આ તાલિકા (ચાર્ટ)માં તિર્યંચ જીવોને મુખ્યરૂપે ૧) જળચર, ૨) સ્થલચર, અને ૩) ખેચર. આ ત્રણ વિભાગોમાં બતાવવામાં આવ્યા છે. પાણીમાં રહેનારા જીવો માછલા વગેરે જળચર જીવો ગણાય છે. એ પછી સ્થલચર જીવોમાં ત્રણ પ્રકાર પાડીને ગણવામાં આવ્યા છે. ૧) ચતુષ્પદ. ચાર પગવાળા ચૌપગા જીવો ગતિની દૃષ્ટિએ તિર્યંચગતિમાં જ ગણાય છે. જેમાં

ગાય, ભેંસ, ઘોડા, બળદ, ઉંટ, હાથી, જીરાફ, બકરી, બિલાડી, આદિ નાના-મોટા ઘણાં જીવો ગણાય છે અને ઉરપરિસર્પ એટલે પેટે ચાલનારા જીવો (ઉર એટલે પેટ), પેટના આધારે ચાલનારા સાપ વગેરે છે. અને ૩) ભૂજ પરિસર્પ એટલે હાથનો ઉપયોગ પણ પગ તરીકે કરી લેનારા જીવો જેમાં ઉંદરડા, વાંદરા વગેરેની ગણતરી થાય છે. આવા બધા, સંસારમાં ઘણાં જીવો છે. આ તિર્યંચ પંચેન્દ્રિય જીવો, સંખ્યાની દૃષ્ટિએ અસંખ્ય છે. એમાં એક વિભાગ પક્ષીયોનો છે. જેને હાથ નથી પણ પાંખ છે. પાંખ એ જ હાથ. એનો ઉપયોગ કરીનેં આકાશમાં ઉડી શકે એવા પક્ષીઓ પણ ગતિની દૃષ્ટિએ તિર્યંચની ગતિમાં જ ગણાય છે. એ પક્ષીઓ અઢી દ્વીપના નરલોકની અંતર્ગત પણ ઘણાં છે. અને અઢી દ્વીપની બહાર અસંખ્ય દ્વીપ-સમુદ્રોમાં પણ ઘણાં છે. વિયયપક્ખી-એટલે વિસ્તારેલી પાંખવાળાં પક્ષીઓ અને સમુગ્ગ પક્ખી-એટલે સમુદ્ગક અર્થાત્ બીડેલી પાંખવાળા જીવો અસંખ્ય દ્વીપ-સમુદ્રોમાં અસંખ્ય તિર્યંચ પંચેન્દ્રિય જીવોની વસતી છે. સતત જન્મ-મરણ ધારણ કરીને ભવ પરંપરા ચલાવે છે. આ એમનો પર સંસાર છે. તિર્યંચ ગતિ માટે ઉત્કૃષ્ટથી સ્વકાય સ્થિતિ જે ઉત્તરાધ્યયનમાં કહી છે. તે આ પ્રમાણે છે–

पंचिंदिय कायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।
सत्तट्ठभवग्गहणे, समयं गोयम! मा पमायए ॥१०-१३॥

–પંચેન્દ્રિયપણું ધારણ કરીને જે જીવ તિર્યંચ ગતિમાં આવ્યો કે પછી મનુષ્ય ગતિમાં આવ્યો તે ઉપરાઉપરી તિર્યંચ અથવા મનુષ્યના જ ભવો કરતો રહે, કરતો રહે તો ઉત્કૃષ્ટથી ૭ અથવા ૮ જ ભવો કરી શકે છે. આ એની સ્વકાય સ્થિતિ બતાવી છે. પંચેન્દ્રિયપણું ઘણું પુણ્યાત્મક છે. પુણ્યયોગે મળે છે. બધાને ક્યાં પંચેન્દ્રિયપણું મળી જાય છે. ઘણાં જીવો એકેન્દ્રિય-વિકલેન્દ્રિયની કક્ષામાં પરિભ્રમણ કરતાં જ રહે છે. મહા પુણ્યોદયે પંચેન્દ્રિયપણું મળે છે. પરંતુ આ પુણ્ય એકધારૂ એકસરખું ટકતું નથી. જો ટકી જાય અને વારંવાર ઉપરા ઉપરી પંચેન્દ્રિય પણામાં જ જન્મ ધારણ કરવા મળે તો મનુષ્ય-તિર્યંચમાં ફક્ત ૭ થી ૮ ભવ થઈ શકે છે. બસ, વધારે નહીં. ગતિ બદલાતા એની એ જ ગતિ રહે અને એકની એક જ ગતિમાં વારંવાર અને તેમાં પણ ઈન્દ્રિયોની જાતિ પણ ન બદલાય અને પંચેન્દ્રિયપણું જ ઉપરા-ઉપરી મળતું હોય તો તે વધુમાં વધુ ઉત્કૃષ્ટથી ૭થી ૮ વાર જ પ્રાપ્ત થઈ શકે છે. તેથી વધારે વાર શક્ય નથી. પછી ગતિ-જાતિ બદલાઈ જાય છે. દેવ અથવા નરક ગતિમાં જાય છે. દેવગતિના દેવતાઓ અને નરક ગતિના નારકી જીવો માટે કહે છે–

देव-नेरइए अइगओ, उक्कोसं जीवो उ संवसे ।
इक्किक्क भवग्गहणे, समयं गोयम ! मा पमायए ॥ १०/१॥

–દેવગતિના દેવતાઓ અને નરકગતિના નારકી જીવો માટે ઉત્કૃષ્ટથી

સ્વકાયસ્થિતિ એક જ ભવની છે. દેવલોકમાં વૈમાનિક આદિ ઉંચી કક્ષામાં દેવતાઓ ગમે એટલા રાજી થાય, સુખ-આનંદ અને વૈભવને ભોગવતા ભોગવતા ખુબ ખુશ થઈ જાય અને કોઈ પણ સંજોગોમાં ફરીથી આ દેવજન્મ-દેવગતિ છોડીને બીજે ક્યાંય જવા ન ઇચ્છતા હોય. તો પણ નિયમની વ્યવસ્થા જ એવી છે કે એક ભવથી વધારે દેવલોકમાં રહી જ ન શકે. એવી જ રીતે નરક ગતિના નારકી જીવો પણ એક ભવથી વધારે નરકગતિમાં રહી શકતા જ નથી, અર્થાત્ તરતને તરત, દેવ-કે નારકનો ભવ પૂરો કરીને તરત જ પાછો દેવ-નારક તરીકે જન્મ ન લઈ શકાય. હા એક ભવ તિર્યંચ કે મનુષ્ય ગતિમાં કરીને આવીને પાછા દેવ-નારક થઈ શકાય છે, અને ફરી પાછા દેવ-નારક ગતિમાંથી પાછા મનુષ્ય કે તિર્યંચની ગતિમાં આવવું જ પડે. ઉપરા ઉપરી તરત જ દેવભવ પછી પાછા દેવ ન થવાય તેમ જ નારક ભવ પછી ઉપરા ઉપરી તરત જ પાછા નારકી ન જ થઈ શકાય. હા, એક ભવ અથવા વધારે ભવો તિર્યંચ મનુષ્યમાં કરીને પાછા આવી શકાશે. જેમકે ભ. મહાવીરની ૨૭ ભવની ભવપરંપરામાં થયું. આ દાખલો જોતાં ઉપરોક્ત નિયમની શાશ્વતતા વધુ સારી રીતે સમજાઈ જશે. ૧૯માં ભવમાં ભ. મહાવીરનો જીવ... નરકગતિમાં જઈ નારકી થયા અને પછી ૨૦મો ભવ તિર્યંચ ગતિમાં આવી સિંહનો કર્યો. અને ત્યાર પછી ૨૧મો ભવ ફરી નરક ગતિમાં નારકીનો કર્યો એવી જ રીતે ૧૫મો ભવ દેવગતિમાં દેવનો હતો. તે પછી ૧૬માં ભવ મનુષ્ય ગતિમાં વિશ્વભૂતિ રાજકુમારનો થયો. અને ત્યાર પછી ૧૭મો ભવ ફરી દેવગતિમાં દેવનો થયો. એવી રીતે આ નિયમ સ્પષ્ટ પળાય છે. અનંતા કાળમાં અનંતા જીવોની જે ચારે ગતિમાં ભવભ્રમણા ચાલે છે તેમાં બરોબર આ નિયમાનુસાર જ વ્યવસ્થા ચાલે છે. ઉપરા ઉપરી કોઈ પણ દેવ-નારકના ભવો વધારે ન જ કરી શકે.

સંસાર ચક્રનું શાશ્વતપણું-

આ સંસાર ચક્ર શાશ્વતપણે, અખંડપણે ચાલે છે. ચારેય ગતિઓના અનંતા જીવો આ સંસારચક્રમાં ઘોડાની દોડમાં જેમ ઘોડાઓ દોડતા હોય છે તેમ દોડતા જ જાય છે. આ એક જાતની રેસ છે. યાદ રાખજો, સંસારનું અસ્તિત્વ ત્રણે કાળમાં શાશ્વતપણે છે, અને રહેવાનું જ છે. સંસાર ચક્રનો નિરંતર-સતત ગતિશીલપણાનો સ્વભાવ જ એવો છે કે તે ચાલ્યા જ કરે. ચાલ્યા જ કરે. એનો ક્યારેય અંત જ નથી આવવાનો હા, સંસારમાંથી તમારે છૂટવું હોય તો તમે પ્રબળ પુરુષાર્થ કરીને છૂટી શકો છો. બાકી આ સંસારચક્ર તમને છોડી દેશે એ સંભવ જ નથી. સંસારમાં દયા લાવનાર કોણ છે. જેમ નદીનો પ્રવાહ શાશ્વતપણે અખંડપણે વહેતો જ હોય છે. રાત હોય કે દિવસ હોય? સહેજ ક્ષણભર માટે ક્યાંય ન અટકતા નિરંતર અખંડપણ

ચાલ્યા જ કરે છે. માટે જ એને ચક્રની સંજ્ઞા આપી છે.

સંસારનું અસ્તિત્વ શાશ્વત છે. જેમ મોક્ષનું અસ્તિત્વ ત્રૈકાલિક શાશ્વત છે. અનાદિ-અનંતકાલીન શાશ્વતપણું છે. ઠીક એવી જ રીતે સંસારનું અસ્તિત્વ, સંસારનું સ્વરૂપ, અને આ ૪ ગતિઓ અને ૮૪ લાખ જીવયોનીઓમાં ગમનાગમન અને જન્મ-મરણ ધારણ કરવા રૂપે સંસાર શાશ્વત છે. પ્રવાહથી અનાદિ-અનંતપણું રહે છે. જો સંસારનો અંત આવી જશે તો મોક્ષનો પર અંત આવી જશે. કારણ કે મોક્ષમાં જીવો જાય છે ક્યાંથી? સંસારમાંથી જ મોક્ષમાં જાય છે. આ એકપક્ષી માર્ગ છે. એકાંગી માર્ગ વ્યવસ્થા છે. અર્થાત્ માત્ર સંસારમાંથી જીવો મોક્ષમાં જાય છે. પરંતુ પાછા કોઈ મોક્ષમાંથી સંસારમાં આવતા નથી. જેથી એમ લાગે છે કે મોક્ષમાં રોજ સંખ્યા વધે છે. અને સંસારમાંથી રોજ સંખ્યા ઘટે છે. એમ કરતા-કરતા, આપણા જેવા અલ્પ મતિઓને એમ લાગે છે, ભય વ્યાપે છે કે કદાચ આ સંસાર એક દિવસ સાવ ખાલી થઈ જશે. પછી સંસારનું અસ્તિત્વ શું રહેશે? તો પછી ત્રૈકાલિક શાશ્વતપણું ક્યાં રહેશે?

પરંતુ આ બાબતમાં પ્રત્યક્ષ પૂરાવા સાથે વિચાર કરી આજ દિવસ સુધીના ભૂતકાળમાં અનંતાનંત કાળ વિતી ગયો છે. અને સંસારમાંથી જીવો મોક્ષે જતા જ રહ્યા છે. મોક્ષ પણ શાશ્વત છે. મોક્ષમાં જવાનું પણ જીવો માટે શાશ્વતપણે રહેવાનું જ છે. એમ અનંત જીવો વીતેલા અનંત કાળમાં મોક્ષે ગયા છે. આજ દિવસ સુધી તો સંસારનો અંત આવ્યો નથી. આજે પણ સંસારમાં અનંતા જીવોનું અસ્તિત્વ સ્પષ્ટપણે છે. જે દૃષ્ટિગોચર છે. માટે અનંતકાળ વીતવા છતાં જ્યારે આજે પણ સંસારનો અંત નથી આવી શક્યો તો પછી ભવિષ્યના અનંતકાળ વિતી ગયા પછી અંત આવી જશે એવી વાતો માનવા માટે કોઈ આધાર રહેતો નથી. આ પ્રત્યક્ષપ્રમાણ સ્પષ્ટ છે. આ રીતે મોક્ષનું સ્વરૂપ અને સંસારનું સ્વરૂપ બન્ને ત્રણેકાળમાં શાશ્વત છે. આ બંને દ્વન્દો શાશ્વત છે. આ શાશ્વતપણાનો અંત આવે તેમ જ નથી. માટે સંસારનું અને મોક્ષનું ત્રૈકાલિક શાશ્વતપણું સદાકાળ રહેશે.

હવે... આપણે વિચાર કરવાનો રહ્યો કે આપણે ક્યાં રહેવું છે? સંસારમાં કે મોક્ષમાં? યાદ રાખજો, આપણી લગામ બીજા કોઈના હાથમાં નથી. આપણા કર્મોનાં જ હાથમાં છે. કર્મો જડ છે. અને તે આપણે જ બાંધ્યા છે. માટે આપણા સિવાય બીજા કોઈનાય હાથમાં નથી. આપણે જ નક્કી કરવાનું છે કે ક્યાં રહેવું છે? સંસારમાં કે મોક્ષમાં? જો સંસારમાં જ રહેશું તો નુકશાન ઘણું છે. કોઈ પણ ગતિમાં સ્થિર પણે શાન્તિથી રહી શકાશે નહીં. કોઈ પણ યોનિમાં જન્મ લઈને જ રહેવું પડશે. જન્મ-મરણ ધારણ કરતાં જ રહેવું પડશે. જન્મ-મરણના ચક્કરમાંથી નહીં છૂટી શકાય. કર્મોના વમળમાંથી નહીં બચી શકાય. રાગ-દ્વેષ અને સુખ-દુઃખના ચક્કરમાંથી પણ

છૂટી શકાશે નહીં. નામમાત્ર પણ શાન્તિ મળવાની નથી. અને જ્યાં સ્થિરતાનું જ ઠેકાણું નથી ત્યાં સુખ-શાંતિની વાત જ ક્યાં રહી? આ અને આવી પરિસ્થિતિ સંસારવાસમાં સતત રહેવાની છે. એમાં કોઈનું કંઈ ચાલતું પણ નથી. અને કોઈ પણ જીવ આમાં અપવાદરૂપ પણ બની નહીં શકે. સંસારમાં ૮૪ના ચક્કરમાં અને ૪ ગતિના વમળમાં બધા જ જીવો એક સરખા છે. આવો સંસાર છે. આ સંસારનું સ્વરૂપ આવું છે.

જે ઉપર મુજબનું સંસારનું સ્વરૂપ છે એનાથી સર્વથા વિપરીત કક્ષાનું મોક્ષનું સ્વરૂપ છે. અર્થાત સંસારમાં જે જન્મ-મરણ, રાગ-દ્વેષ, સુખ-દુઃખ છે, ગત્યંતર, જન્માંતર વગેરે જે જે છે એમાંનું જ્યાં કંઈ જ ન હોય એનું નામ છે મોક્ષ. મોક્ષ એ આત્માની કર્મ રહિત અવસ્થા છે. દુઃખરહિત અવસ્થા છે. જ્યાં કર્મો જ નથી ત્યાં દુઃખ ક્યાંથી આવવાનું? એવી જ રીતે જન્મ-મરણ રહિત અવસ્થા છે. જન્મ-મરણ પણ કર્મ જન્ય છે. કર્મો નથી માટે ત્યાં જન્મ-મરણ પણ થતા જ નથી. અને જન્મ-મરણ નથી માટે ત્યાં ગત્યંતર, જન્માંતર, ભવાંતર વગેરે કંઈ જ નથી. અને જન્મ ધારણ કરવાનું જ નથી. ત્યાં યોનિ પણ ન જ હોય. માટે જીવ વિચારમાં સ્પષ્ટ કહ્યું છે કે... **सिद्धाणं नत्थि देहो न आउ, न कम्मं न पाणजोणिओ ।** સિદ્ધભગવંતોને દેહ-શરીર જ નથી, આયુષ્ય નથી, કર્મો જ નથી. પ્રાણો પણ નથી અને ઉત્પન્ન થવા માટે યોનિ પણ નથી. આ રીતે સિદ્ધો અશરીરી અકર્મી છે. એક માત્ર શુદ્ધ આત્મા છે. શુદ્ધનો અર્થ કર્મ રહિતપણું છે. કર્મોના કારણે જ આત્મામાં અશુદ્ધિ આવે છે. અને કર્મો હોય જ નહીં તો શુદ્ધ આત્મ સ્વરૂપ જ હોય છે. આવી મોક્ષાવસ્થા છે. આ સિદ્ધોનું ધામ મોક્ષ શાશ્વત છે. ત્રણે કાળમાં શાશ્વત છે. અનંતા કાળ પહેલા નહોતું એમ નહીં, અને અનંતા કાળ પછી પણ નહીં રહે એવું પણ નથી. મોક્ષ ત્રણે કાળમાં સદા અસ્તિત્વમાં રહેવાનો જ છે. માટે સંસાર અને મોક્ષ બંને દ્વૈત સત્તા શાશ્વત છે. મોક્ષમાં ગયા પછી આત્માને પૂર્ણ સ્થિરતા મળી જાય છે. સદાકાળની સ્થિરતા અને શાન્તિ પણ ચરમકક્ષાની પ્રાપ્ત થઈ જાય છે. અનંતા કાળે પણ આ શાન્તિ નષ્ટ થાય તેમ નથી, હણાય તેમ નથી. સુખ પણ આનંદનું રૂપ લઈને અનંતની કક્ષાનું બની જાય છે. માટે પરમાનંદપણું પ્રગટે છે. પરંતુ સંસારમાં સાવ વિપરીત વાત છે–

સંસારનું બિહામણું સ્વરૂપ–

न सा जाइ न सा जोणी, न तं ठाणं न तं कुलं ।
न जाया न मुआ जत्थ, सव्वे जीवा अणंतसो ॥

–આ સંસારનું બિહામણું સ્વરૂપ જણાવતા વૈરાગ્ય શતકમાં લખે છે કે આ સંપૂર્ણ લોક ક્ષેત્રમાં ૮૪ લાખ જીવયોનીઓમાં એવી કોઈ જાતિ કે એવી કોઈ યોનિ બાકી નથી, અને આવા લોકમાં એવુ કોઈ સ્થાન (જગ્યા વિશેષ) બાકી નથી, અને

એવું કોઈ કુલ બાકી નથી કે જ્યાં બધા જીવો અનન્તીવાર જનમ્યા-કે મર્યા ન હોય. ભાવાર્થ એ છે કે પાંચે ઈન્દ્રિયોની બધી જ જાતિઓમાં, ૮૪ લાખ યોનીઓમાં, અને બધા જ સ્થાનોં, ક્ષેત્રો અને કુલોમાં અનન્તા જીવો અનન્તીવાર જન્મ-મરણ ધારણ કરી ચૂક્યા છે. આ રીતે સંસારચક્ર અખંડપણે - નિરંતર ચાલ્યા જ કરે છે. એવા આ સંસારનું સ્વરૂપ કેવું છે? - કહે છે

જમ્મદુક્ખં જરાદુક્ખં, રોગા મરણાણિ ય ।
અહો દુક્ખો હુ સંસારે, જત્થ કીસંતિ જંતુણો ॥

- જ્યાં જન્મ લેવો એ પણ દુઃખ રૂપ છે, અને વૃદ્ધાવસ્થા પણ દુઃખરૂપ છે, અરે! રોગો ઘેરી લે તો તે પણ દુઃખરૂપ છે અને અન્તે મૃત્યુ આવે એ પણ દુઃખાત્મક છે. ઓહો... હો... આવો દુઃખમય સંસાર.... જેમાં અનન્તા જીવો પીડાય છે.

चुलसीह किर लोए, जोणीणं पमुहसयसहस्साई ।
इक्किक्कंमि अ जीवो, अणंतखुत्तो समुप्पन्नो ॥

- અરે ! આ ૮૪ લાખ જીવ યોનીઓમાંથી એક એક યોનિમાં પણ જીવ અનન્તીવાર ઉત્પન્ન થયો છે. જન્મ લઈને મરતો ગયો છે. વિચાર કરો... અરે ! ૧-૧ યોનિમાં જો અનન્તીવાર જન્મ-મરણ થતા હોય તો ૮૪ લાખ યોનીઓમાં થઈને કેટલા જન્મ-મરણ થશે ? એ આંકડો કેટલો મોટો આવશે ?

कालंमि अणाइए, जीवाणं विविह कम्म वसगाणं ।
तं नत्थि संविहाणं, संसारे ज न संभवइ ॥

- એક તરફ સંસાર અનાદિ-અનન્ત છે, બીજી તરફ કાળ પણ અનાદિ-અનન્ત છે. સંસારમાં જીવો પણ અનાદિ કાળથી કર્મને વશ પડેલા છે. કર્મથી ખરડાયેલા જ છે આવી સ્થિતિમાં આ જીવની શી દશા થાય ? કઈરીતે એમાંથી છૂટી શકે ?

घणकम्म पासबद्धो, अवनयर चउप्पहेसु विविहाओ ।
पावइ विडंबणाओ, जीवो को इत्थ सरणं ले ॥

- ભારે ઘનીભૂત થઈ ગયેલા કર્મોની સાથે બંધનમાં બંધાયેલો આ જીવ ભવસંસાર નગરરૂપ વિવિધમાં કેટલી વિડંબણા પામી રહ્યો છે આ જીવ ? હે જીવ ! આવા સંસારમાં તને શરણ આપનાર કોણ છે ? તને કોણ બચાવશે ?

एगो बंधइ कम्मं, एगो वह-बंध-मरण-वसणाइ ।
विसहइ भवंमि भमडइ, एगुच्चिअ कम्मवेलविओ ॥

- હે જીવ ! તું એકલો જ કર્મો બાંધે છે, અને બાંધેલા કર્મોના ઉદયે તું એકલોજ તેના ફળરૂપે વધ, બંધન, મરણાદિને વશ થઈને દુઃખ સહન કરે છે. આવી રીતે આ ભવ સંસારમાં એકલો જ કર્મની વેલડીઓથી વિટંળાયલો દુઃખો સહન કરતો જાય છે. આ રીતે ૮૪ના ચક્કરમાં ગોળ-ગોળ ફરતો જ જાય છે. એક તરફ સંસારનું આવું

સ્વરૂપ શાશ્વત છે. એમાં જીવ દ્રવ્ય પણ શાશ્વત છે. અને કર્મોના બંધનના કારણે જો આમજ ચાલ્યા કરશે તો અંત કયાંથી આવવાનો ?

એક સિદ્ધાન્તની સાથે સહેજ અડપલું કરવા જઈએ તો ઘણી મોટી અવ્યવસ્થા ઉભી થઈ જાય છે. આ સંસારનું જે ત્રૈકાલિક શાશ્વતપણું છે, અનાદિ-અનુત્પન્ન, અવિનાશી-અનંતપણાનું જે સ્વરૂપ છે તે નષ્ટ થઈ જશે. અને સંસાર સાદિ-સાન્ત સ્થિતિવાળો થઈ જશે. તો સાદિ-સાન્તનો કાળ ઘણો નાનો હશે. અને એક દિવસ સંસારનો અંત આવી જશે. હા... સંસારના અંતની વાત તો આપણને ગમે તેવી છે. એમાં ના નથી. બે મત નથી. પરંતુ સંસારના અંતની સાથે મોક્ષનો પણ અંત આવી જશે. હવે પછી મોક્ષમાં જનાર રહેશે કોણ? સંસારનો અન્ત આવી ગયા પછી કોઈ જીવ રહેશે જ નહીં તો મોક્ષમાં જશે કોણ ? બીજી બાજુ બધા જીવોના કર્મોનો ક્ષય તો થયો નથી. તો શું કર્મક્ષય વગર અથાત્ કર્મ સહિત પણ મોક્ષ માની લેવો છે? અરે અરે...! આ તો ઘણી મોટી આપત્તિ આવી સિદ્ધાંત ઉપર? અને તમે જો ના પાડો કે ના... ના... મોક્ષમાં બધા નથી ગયા? તો અનંતા જીવો ક્યાં સંતાઈ ગયા છે? તો શું સંસાર અને મોક્ષ આ બન્ને દ્વૈતની સત્તાના અસ્તિત્વ સિવાય શું ત્રીજી કોઈ સત્તાનું અસ્તિત્વ સ્વીકારવું? શું તે ઉચિત છે? એ ત્રીજી કઈ સત્તાનું અસ્તિત્વ સ્વીકારશો? પછી એને કેવી સ્વીકારશો? શું એને ત્રૈકાલિક શાશ્વત સ્વીકારશો? અરે... રે...! તો તો પછી સંસારને જ શાશ્વત અનાદિ-અનંત સ્વીકારી લો. અનવસ્થાના દોષમાંથી બચી શકશો. મોક્ષ નથી એ બધી અવસ્થા સંસારની જ છે. ભલે પછી.... એમાં સ્વર્ગ-દેવલોક આવે કે ગમે તે આવે? મનુષ્યમાં રહે અથવા તિર્યંચમાં રહે કે ગમે ત્યાં જાય પણ કહેવાશે સંસારમાં જ ચાર ગતિઓ સંસારની જ સૂચક છે. અથવા આ ચાર ગતિઓને સંસારના પર્યાયવાચી શબ્દ તરીકે વાપરીએ તો પણ બરોબર કહેવાશે. એનાથી ચાર ગતિમાં રહેલો જીવ સંસારી કહેવાશે અને સંસારી જીવ આ ચારે ગતિઓમાં જ રહેશે. અર્થાત્ સંસારની બહાર ચાર ગતિઓ નથી અને એવી જ રીતે ચાર ગતિઓની બહાર સંસાર નથી. બીજી બાજુ સંસાર અને મોક્ષ આ બેનું જ અસ્તિત્વ છે. આ બે સિવાય ત્રીજાનું અસ્તિત્વ નથી. સંસાર શબ્દથી વાચ્ય ચાર ગતિ અને ૮૪ લાખ જીવયોનીઓમાં જન્મ-મરણ ધારણ કરતા જીવના પરિભ્રમણનો અર્થ છે. અર્થપરક આ વ્યાખ્યા સાચી છે. જો ચાર ગતિ અને (અથવા) ૮૪ લાખ જીવ યોનીઓમાં જન્મ-મરણ આદિ કોઈ પણ અર્થ અથવા વ્યાખ્યા કાઢી નાંખીએ તો સંસાર શબ્દ નિરર્થક થઈ જશે. સંસાર શબ્દથી સ્વતંત્ર કોઈ ઠોસ વસ્તુ વિશેષનું એવું અસ્તિત્વ છે જ નહીં કે જેને આપણે સંસાર કહી શકીએ. સંસાર શબ્દથી નવાજી શકીએ. માટે સંસાર શબ્દની અર્થગત સાર્થકતા ત્યારે જ સાચી આધારભૂત ગણાશે કે જ્યારે ૮૪ લાખ જીવયોનીઓ જન્મ-મરણ ધારણ કરતો કરતો કર્મવશ ચારે ગતિયોમાં

જીવ પરિભ્રમણ કરતો જ રહે એવી વ્યાખ્યા કરીએ.

સિદ્ધ કે મોક્ષ શબ્દ સ્વતંત્રપણે સાર્થક છે. મોક્ષ શબ્દથી વાચ્ય-અભિપ્રેત સ્થાન વિશેષ પણ છે. સિદ્ધશિલાનો જે લોકાન્ત પ્રદેશ છે તે મોક્ષસ્થાન, મોક્ષ ક્ષેત્ર, મુક્તિધામ આદિ શબ્દોથી વાચ્ય છે. સિદ્ધ ભગવન્તો જ્યાં રહે છે તે સિદ્ધાયતન સિદ્ધશિલા ઉપર લોકાન્ત (લોકાગ્ર) સુધીનો પ્રદેશ છે. તે મોક્ષ શબ્દથી વાચ્ય છે. સિદ્ધો આધારભૂત છે. માટે મોક્ષ શબ્દ સાર્થક છે. વ્યાખ્યાયુક્ત છે. આધારભૂત છે. એવી જ રીતે સંસાર શબ્દથી વાચ્ય-અભિપ્રેત અને આધાર માટે ૮૪ લાખ યોનીઓમાં અનંતા જીવો જન્મ-મરણ ધારણ કરતા-કરતા ચારે ગતિઓમાં સતત પરિભ્રમણ કરતા રહે છે. સમસ્ત લોકક્ષેત્ર છે. ત્રણે લોકનું અસ્તિત્વ છે, ચારે ગતિઓનું અસ્તિત્વ છે. મનુષ્ય અને તિર્યંચ પશુ-પક્ષીઓ તો આ અવનિતલ ઉપર પ્રત્યક્ષ છે. બીજા દેવ-નારકો ઉર્ધ્વ-અધોલોકમાં છે. અને ૮૪ લાખ યોનિયો છે. જેમાં જીવો સ્વ-સ્વકર્મવશ ઉત્પન્ન થઇ જન્મ લે છે. અને જીવનકાળ સમાપ્ત કરી મૃત્યુ પામે છે. એનું પણ અસ્તિત્વ છે. અને આ રીતે કર્મવશ પરિભ્રમણ કરે છે. આ બધા પદાર્થો આધારભૂત છે. સાધાર છે. અસ્તિત્વ-ધરાવે છે. માટે એનું નામ સંસાર છે. તે સાર્થક છે. સાધાર છે. વ્યાખ્યા સહિત છે.

શુભાશુભ કર્માત્મક ભવસંસાર-

એવં ભવસંસારે, સંસરઇ સુહાસુહેહિં કમ્મેહિં ।
જીવો પમાય બહુલો, સમયં ગોયમ! મા પમાયએ ॥ ૧૦/૧૫॥

–પરમાત્મા શ્રી મહાવીર દેવ અંતિમ દેશનામાં (શ્રી ઉત્તરાદયયન સૂત્રમાં) ફરમાવે છે કે... આ પ્રમાણે દેવ-મનુષ્ય-તિર્યંચાદિ ચારે ગતિઓમાં શુભ-અશુભ કર્મોના આધારે જીવ પર્યટન કરતો જ રહે છે. પ્રમાદની બહુલતાવાળો હોવાના કારણે જીવ કર્મો બાંધે છે અને ઉદયે તેના વિપાકો ભોગવે છે. આ રીતે સંસારનો પ્રવાસી બને છે. માટે હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ કરવા જેવો નથી. પ્રભુએ આ સંસારને ભવસંસાર કહીને 'ભવ' શબ્દનો વધુ પ્રયોગ કર્યો છે. 'ભવ' એટલે પણ સંસાર થાય છે. જીવ જે જન્મો ધારણ કરે છે તેને પણ 'ભવ' કહે છે તો આ સંસાર શું છે? કેવો છે? જન્મરૂપ છે. માટે ભવરૂપ છે. અને જન્મ ધારણ કરે તેને મરવું જ પડે છે. જન્મ પછી મરણ અવશ્યંભાવી છે. અનિવાર્ય છે. જન્મેલો અવશ્ય મરવાનો જ છે. માટે જન્મની સાથે મરણ શબ્દ જોડાઇ જ ગયો છે. બોલચાલના ભાષાકીય વ્યવહારમાં જન્મ-મરણ શબ્દ સાથે જ વપરાતા હોય છે. એ પણ જન્મ પછી મરણની અખંડ નિયમિતતાને સૂચવે છે. માટે ભવ શબ્દથી જન્મ-મરણરૂપ પૂરો એક ભવ લેવાય છે. આવા ભવો એક-પછી એક ઉપરાઉપરી થતા જ જાય, અટક્યા વિના અખંડપણે

ચાલ્યા જ કરે છે એને ભવ સંસાર કહેવાય છે.

સંસાર સ્વરૂપનું ચિંતન–

तदेवं निर्दंभाचरणपटुना चेतसि भवस्वरुपं ।
संचिन्त्यं क्षणमपि समाधाय सुधिया ॥
इयं चिन्ताध्यात्म प्रसर सरसीनीर लहरी;
सत्तां वैराग्यस्थाप्रियपवनपीना सुखकृते ॥ ७६ ।।

–અધ્યાત્મસાર ગ્રંથમાં પૂજ્ય મહોપાધ્યાયજી મહારાજ ખાસ જણાવે છે કે દંભ રહિત થઈને અર્થાત્ માયા-કપટની દંભવાળી વૃત્તિ સર્વથા છોડીને.... નિર્દંભી બની ને બુદ્ધિશાળી સાધકે એક ક્ષણવાર માટે પણ મનને સ્થિર કરીને ચિત્તમાં આ ભવસંસારનું ચિંતન કરવું જોઈએ. આહો...! આ સંસાર કેવો છે? ચાર ગતિરૂપ અને ૮૪ લક્ષ જીવયોનિયોમાં જન્મ-મરણ ધારણ કરતા કરતા ઘાણીના બળદની જેમ ફરતા જ રહેવાનું આ સંસાર આવો છે? આવી રીતે વાસ્તવિક સ્વરૂપ જો આપણે ચિંતવતા રહીએ. અને આ ચિંતનની પ્રક્રિયામાં સૂક્ષ્મ-સૂક્ષ્મતર સૂક્ષ્મતમ દૃષ્ટિ બનાવતા જઈએ તો યથાર્થતાનું ચિત્ર સ્પષ્ટ થતું જશે. આ ચિન્તનધારા અંતરાત્મામાં આધ્યાત્મિક ચિંતન વધારનારી થશે. જે જલકલ્લોલ સમી ઉછળશે અને એમાંથી વૈરાગ્યનો પવન ફૂંકાશે જે સત્પુરુષોને સુખદાયી નિવડશે અને પરમાનંદ પમાડશે.

એટલે અધ્યાત્મભાવનાની જાગૃતિમાં, ઉદ્ભવમાં આ ભવસંસારનું ચિંતન અત્યંત કારણભૂત છે આવશ્યક છે. સંસારી જીવો મોહમાયાના શેખ ચિલ્લીના ખયાલોમાં જ રહી જાય છે. વાસ્તવિકતામાં આવી શકતા જ નથી. માત્ર કલ્પનાની ઉડાનો જ ભરતા રહે છે અને એના કારણે નિરર્થક રાગ-દ્વેષ વધારતા રહે છે. માટે ક્ષણભર મનને સ્થિર કરીને ધ્યાનની પ્રક્રિયામાં લઈ જઈને ચિત્તની સ્થિરતા લાવી વાસ્તવિક ચિંતન કરતા આ સંસારનું સાચું માનસ ચિત્ર ઉપસ્થિત થશે, અને એના પરિણામ સ્વરૂપે અધ્યાત્મભાવ, વૈરાગ્યભાવ જાગૃત થશે.

આ સંસારનું બિહામણું ભયંકર સ્વરૂપ જોવા-જાણવા માટે વિવિધ ઉપમાઓ આપીને અધ્યાત્મસાર ગ્રંથમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજે અદ્ભૂત વર્ણન કર્યું છે. તે રીતે આપણે ચિંતન કરવું જોઈએ. એ વિવિધ પ્રકારની ઉપમાઓમાં– ૧) આ સંસારને મહાભયંકર સમુદ્ર જેવો કહ્યો છે. આપણે તોફાની સમુદ્રને જોવો જોઈએ. સમુદ્રના તાગને કોઈ પામી શકતા નથી, તેમ આ સંસારના છેડાને પણ જીવો ક્યાં પામી શકે છે? ભરતીના ઉછળતા મોજાઓવાળા અને એમાં પણ વાવાઝોડાના સમયે આ તોફાની સમુદ્રને જોવો જોઈએ અને એવું જ સ્વરૂપ આ સંસારનું ચિંતવવું જોઈએ. પૂ. વાદિવેતાલ શાન્તિ સૂરિમહારાજ જીવવિચારમાં ફરમાવે છે કે...

एवमणोरपारे संसारे सायरंमि भीमंमी ।
पत्तो अणंत खुत्तो, जीवेहिं अपत्त धम्मेहिं ॥

–ભયંકર સંસારરૂપી સમુદ્ર જેનો પાર પણ પામી શકાય તેમ નથી એવા આ સંસારમાં જીવ અનંતીવાર ધર્મ પામ્યા વિના... ખૂંચ્યો છે. જેમ પાણીમાં અર્થાત્ સમુદ્રમાં કોઈ જીવ ડૂબતો હોય, એમ જીવો ધર્મ વિના અનંતીવાર ડૂબ્યા છે. અને ધર્મ હોય તો જીવ તરવા સમર્થ થઈ શકે છે. એવી જ રીતે વહાણ હોય તો જીવ દરિયો પણ તરવા સક્ષમ થઈ શકે છે. આમાંથી એક વાત સ્પષ્ટ થાય છે કે ધર્મથી જીવ તરી શકશે. ધર્મ વિના આ જીવ સંસારમાં ડૂબશે.

બીજી ઉપમામાં આ સંસારને અગ્નિની જ્વાળાસમાન ચિંતવવો. જેમ વિકરાળ અગ્નિની જ્વાળાઓ બધું જ બાળી નાખે છે. સર્વસ્વનો નાશ કરવા સમર્થ છે, એવી જ રીતે આ રાગ-દ્વેષ-ક્લેશ કષાયવાળો સંસાર દાહક છે. આત્માના બધા ગુણોને બાળીને રાખ કરી નાંખશે. પરિણામે દોષો-દુર્ગુણો જ વ્યવહારમાં આવશે. એ આત્મામાં દાહ ઉભો કરશે.

આ સંસારને કસાઈખાના-કતલખાનાની ઉપમા પણ આપી છે. જ્યાં ઘોર હિંસા થતી હોય છે, નિર્દયતા અને ક્રૂરતા નજરે દેખાતી હોય છે, એવી જ રીતે આ સંસાર પણ કસાઈખાના જેવો જ છે. પોતાનો સ્વાર્થ સાધવા માટે કોઈ પણ નાનો-મોટો માણસ ગમે તેને કાચી મિનિટમાં ગમે તેવા માંધાતાઓને પણ નિર્દયતા પૂર્વક રહેંસી નાંખતા વિચાર નથી કરતો. આ સંસારમાં બાપ દીકરાને મારી નાંખે છે, ભાઈ ભાઈને મોતને ઘાટ ઉતારી દે છે, પત્ની ઝેર આપીને પતિને યમઘરે પહોંચાડી દે છે, દીકરો બાપને મારી નાંખે છે. આવું તો છાશવારે રોજ બનતું જોવામાં આવે છે.

ઉપાધ્યાયજીએ આ સંસારને ઘોર (અટવી) જંગલની ઉપમા પણ આપી છે. જેમ ભયંકર જંગલ કેવું બીહામણું હોય છે? લાગે છે? ભયંકર હિંસક પશુ-પક્ષીઓ એમાં રહેતા હોય છે. એવો જ આ સંસાર છે. શિકારીઓ શિકાર કરતા હોય છે. હિંસક પશુઓ એક બીજાને મારી નાંખતા હોય છે. ફાડી ખાતા હોય છે. એવું જ આ સંસારના વ્યવહારમાં પણ સ્પષ્ટ દેખાય છે. જેમ જંગલમાં નિશ્ચિત માર્ગ ન જડે તેમ આ ભવરૂપી અટવીમાં મોક્ષનો સીધો માર્ગ નથી જડતો. માટે આ સંસારને બિલકુલ જંગલ સ્વરૂપે જોવો જોઈએ.

આ સંસાર ખરેખર એક જેલ જેવો છે. લોખંડના સળિયા પાછળ ગોંધી રખાતા કેદીની જેમ આ સંસારના બંગલાઓમાં જીવો રહે છે. ફરક એટલો જ છે કે જેલ અનિચ્છાએ છે. આ બંગલાઓ સ્વૈચ્છિક જેલ જ કહેવાયઃ મોહ-માયાના બંધનમાં બંધાયેલા જીવો મારું-મારું કરીને મોહપાશના બંધનમાં પડે છે. અતિશય રાગદશામાં આસક્ત બનતા હોય છે. જેલમાં જેમ આર્ત-રૌદ્ર ધ્યાન હોય છે. તેવી જ રીતે આ

સંસારમાં પણ આર્ત-રૌદ્ર ધ્યાનની તીવ્રતા હોય છે. આવા અશુભ ધ્યાનની તીવ્રતામાં જીવ કષાયોની આગમાં બળતો હોય છે. જેમ કરેલા અપરાધના આધારે જેલની સજા ભોગવવી પડે છે, તેમ આ જીવો જે જે શુભ કે અશુભ કર્મો બાંધે છે તેના વિપાકકાળે કાળાન્તરે, તે કર્મોના ઉદય સમયે, જીવને સુખ-દુઃખ ભોગવવા પડે છે. આ સંસાર એક જેલ જેવો જ છે. કર્મરાજા જ એના નિયંતા છે.

આ સંસારને જ્ઞાનીઓએ સ્મશાન જેવો પણ ગણાવ્યો છે. સ્મશાનગૃહ બીહામણું હોય છે. જ્યાં મૃત-મડદા બાળવામાં આવતા હોય છે. આ દશ્ય બધાની નજર સમક્ષ હોય છે. એવી જ રીતે વિચાર કરો, ચિતા મડદાને બાળે છે. જ્યારે ચિંતા જીવતા માણસને બાળે છે. ચિતા અને ચિંતા આ બંને શબ્દોમાં ફરક કેટલો છે? માત્ર એક અનુસ્વારનો જ માટે આ સંસાર જીવતા સ્મશાન જેવો છે. રોજ આ ચિંતા આપણા અંતરને બાળી દે છે. સ્મશાન જેમ ભૂત-પ્રેત, બળતી અગ્નિની જવાળાથી બિહામણો લાગે છે. સહસા કોઇ અનાયાસે જવાની હિમ્મત નથી કરતો, એવી જ રીતે આ સંસાર પણ ક્રોધ, માનના કષાયોરૂપી ભૂતોથી નિંદા-રૂપી ડાકણથી બિહામણો લાગે છે. દરેક માણસને પોતાની નિંદા થવાનો ભય સતાવે છે. કરેલા પાપો પ્રગટ થવાનો ભય સતાવે છે. સ્મશાનમાં હિંસક પશુઓ પણ રખડતા હોય છે, તેમ આ સંસારી માનવોમાં હિંસક વૃત્તિ અંદર જ ભડકતી હોય છે. મારવા અને મરવાના વિચારો ઘણાના મનમાં આવતા હોય છે. ભૂત-પ્રેત-પિશાચોથી સ્મશાન જેવી રીતે બિહામણું લાગે છે. તેમ... આ સંસાર પણ દ્વેષિયો, દુશ્મનો, નિંદકો, વગેરેથી બિહામણો લાગે છે.

આ સંસારને જ્ઞાનીઓએ વિષ વૃક્ષ જેવો પણ કહ્યો છે. જેમ વિષ વૃક્ષોની વેલડીયોને ખાતાં, પશુ-પક્ષીઓ મરણને શરણ થાય છે. તેમ આ જીવને મળેલા પાંચે ઇન્દ્રિયના ૨૩ વિષયો, બધા જ... વિષ એટલે ઝેર જેવા જ છે. જે ભોગવતાં મધૂર લાગે છે. પણ કાળાંતરે વિષ જેવું કામ કરતા હોય છે. ધીમા-ઠંડા અને મીઠા ઝેર જેવા આ વિષયો, માણસનું આયુષ્ય ટૂંકાવી દે છે. અને સંસારથી વહેલી વિદાય અપાવે છે. વિષયવૃક્ષ ઉપર જેમ રંગબિરંગી ફૂલો-ફળો હોય છે, તે રમણીય-મનોહર લાગે છે. એવી જ રીતે પાંચે ઇન્દ્રિયના ૨૩ વિષયો-કામભોગો બધા ઉપર-ઉપરથી રમણીય-મનોહર લાગે છે. પરિણામે ભયંકર દુઃખદાયી હોય છે. તેમ છતાં મૂઢ જીવો પરિણામનો વિચાર કર્યા વિના, ભોગવવામાં આસક્ત બનેલા છે. માટે વિષયો વિષતુલ્ય છે.

વિષ, વિષય જેવો જ એક શબ્દ છે વિષમ.... અર્થાત્ અસમાન-એક સરખાપણું જ્યાં કંઇ જ નથી રહેતું. કોઇ વખતે રાજા અને કોઇ વખતે રંકપણું પણ આ સંસારમાં એક જન્મમાં પણ ભોગવવું પડે છે. ક્યારે સુખી અને ક્યારે દુઃખી, ક્યારે અમીર અને ક્યારે ગરીબ, ક્યારે ઉચ્ચ પદ સત્તા ઉપર અને ક્યારે ભોંય ભેગા, એવી જ રીતે ક્યારે કરોડપતિ તો ક્યારે રોડપતિ કંઇ જ કહેવાય નહીં. એવી જ રીતે કોઇ જન્મમાં ઉચ્ચગોત્રમાં અને કોઇ જન્મમાં નીચ ગોત્રમાં જન્મ લેવા પડે છે. ક્યારેક મનુષ્ય તો ક્યારેક પશુ

અને ક્યારેક નરકના દુઃખદાયી જન્મો પણ લેવા પડે છે. આવી વિષમ સ્થિતિના આ સંસારમાં સંપૂર્ણ સમસ્થિતિ અનંતા કાળે પણ સંભવ નથી. માટે આ કર્મજન્ય સંસારમાં સમાનતા-સંપૂર્ણ સમસ્થિતિ સંભવ જ નથી. વિષમસ્થિતિ જ સદાકાળ રહે છે.

સુખની આશા-તૃષ્ણાના મૃગજળમાં જીવો જીવતા હોય છે. જેમ રેતી પર પડતાં સૂર્યના કિરણો અમુક એંગલથી જોતાં પાણીનો ભાસ કરાવે છે. અને તરસ્યા માણસો લોભાઈને દોડે છે, પરંતુ મૃગજળની સ્થિતિનું ભાન થતાં હતાશ થઈને પાછા વળે છે, દુઃખી થાય છે. એવી જ રીતે આ સંસારનાં સુખો ભોગો પણ આપણને મૃગજળ જેવા અનુભવાય છે. માણસ ધારે છે શું અને બને છે શું? આ રીતે આ સંસાર આખો મૃગજળ જેવો છે.

જ્ઞાનીઓએ સંસારને સ્વપ્ન સદૃશ કહ્યો છે. જેમ સ્વપ્નમાં માનસ પટલ ઉપર ઉપસ્થિત થતા દૃશ્યો આંખ ઉઘડ્યા પછી વાસ્તવિક નથી હોતા. સ્વપ્નમાં ક્ષણભર માટે માણસ રાજા બની જાય છે. રાજગાદી ઉપર બેસી રાજ્ય સત્તા ચલાવતો પોતાને જૂએ છે. એવી રીતે હજારો લાખો જાતના સ્વપ્નાઓ આવે છે. ખ્યાલ પણ નથી આવતા. વળી આ સ્વપ્ન સૃષ્ટિ સચિત્ર હોય છે. માત્ર વિચાર આવીને ચાલ્યા જ જાય છે, એવું પણ નથી હોતું. એ સ્વપ્ન ચિત્રમય બનીને માનસ પટલ ઉપર ઉપસ્થિત થાય છે એ દૃશ્ય આપણી સ્મૃતિ ઉપર પણ ઉપસી આવે છે. પછી યાદ આવે છે. કદાચ સ્વપ્ન જોતા ગમે તેટલી મજા આવતી હોય પરંતુ આંખ ઉઘડતાની સાથે બધું જ લોપ થઈ જાય છે, અદૃશ્ય થઈ જાય છે. વાસ્તવિક કંઈ રહેતું જ નથી. પછીનું દુઃખ-વિષાદ ઘણો ખેદજનક હોય છે. એવો જ આ સંસાર છે. આવા સંસારમાં સુખો-કામ ભોગો, પદ-પ્રતિષ્ઠા, ભાવિ-ભવિષ્યમાં શું પરિણામ આવશે... શું થશે વગેરેનો ખ્યાલ રહેતો નથી.

આ સંસારને ઉનાળા-ગ્રિષ્મઋતુ જેવો વર્ણવ્યો છે. જેમ ગ્રિષ્મઋતુના ભયંકર તાપના કારણે, લોકો વ્યાકુળ બની જાય છે. ત્રાહિમામ પોકારતા હોય છે. તાપની ભયંકરતાના કારણે નદીઓ-તળાવો-સરોવરો સુકાઈ જાય છે, શોષાઈ જાય છે. તેમ આ સંસારમાં ઘણાં જીવો બીજાઓના ક્રોધ આદિ કષાયોના તાપની સામે શેકાઈ જાય છે. અને એ તાપમાં બળતા હોય છે. હજી સૂર્યનો બહારનો તાપ તો સહન કરવો સહેલો છે. સહન થઈ શકે છે. પરંતુ આંતર તાપ જે ક્રોધાદિકષાય જન્ય છે તે સહન થવો ઘણો મુશ્કિલ છે. એમ આ સંસારને ગ્રિષ્મઋતુ જેવી ઉપમા આપવામાં આવી છે.

આ સંસારમાં જ્યાં જે સંબંધી આદિ લોકોમાં વિશ્વાસ રાખવામાં આવે છે. ત્યાં જ વિશ્વાસઘાત થતો હોય છે. પતિ-પત્ની ઉપર અવિશ્વાસ લાવીને જીવતી સળગાવી નાંખે છે. ભાઈ-પોતાના સગાભાઈ ઉપર પણ અવિશ્વાસ લાવી ખૂન કરે છે. કોર્ટોમાં લડે છે. આવી અવિશ્વસનીય સ્થિતિ આ સંસારની છે. ધંધા, વ્યાપારમાં પણ માણસ જ્યાં વિશ્વાસ મૂકવા જાય છે ત્યાં ક્યારેક અવિશ્વાસની સ્થિતિ ઉભી થતાં લાખોના

નુકશાનનો પણ ભય ઘણો મોટો થઇ જાય છે. આવી રીતે આ સંસાર ઘણાં દુઃખોથી ભરેલો છે. સુખ-શાન્તિનું નામ નિશાન ક્યાં છે?

આ સંસારની આ સમગ્ર પૃથ્વીને જ્ઞાનીઓએ મોહરાજાની રણભૂમિની ઉપમા આપી છે. યુદ્ધની રણ ભૂમિમાં સામ-સામા શત્રુઓ હથિયાર વડે લડતા હોય છે. મરતા જાય છે અને લોહીની નદીઓ વહેતી હોય છે. ઘાયલ યોદ્ધાઓના મૃતકો જ્યાં ત્યાં પડ્યા હોય છે, અને ગીધડાઓ માંસ ભક્ષણ આદિ કરતા હોય છે. ઉડતા રહે છે. એવા આ યુદ્ધના મેદાનમાં એક તરફ આત્મા અને બીજી તરફ મોહરાજા બંને સામસામા છે. આત્મા પાસે પોતાનું હથીયાર એકમાત્ર જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણો જ છે. જ્યારે સામા પક્ષે મોહરાજા પાસે, મિથ્યાત્વ, કષાયો, નોકષાયો અને વેદ મોહનીય કર્મરૂપ વિકૃતિઓ છે. જેવો તે ચારે બાજુથી હુમલો કરે છે. અને આત્માને ભીંસમાં લે છે. જ્યાં રાગ રૂપી રૂધિર વડે હૃદયરૂપી પ્રદેશો લિપ્ત થાય છે. સેંકડો વ્યસનોરૂપી ગીધડાઓ ઉડતા ફરતા હોય છે. આ રણ મેદાનમાં કોણ જીતશે? કોણ હારશે તે જોવાનું છે.

જેમ ભૂતાવેશના વળગાડમાં જીવ ઉપર પોતાનો અધિકાર જમાવી દીધો હોય ત્યારે મુખ્ય વ્યક્તિ પોતાની ભાષા કે પોતાના વિચારો વ્યક્ત નથી કરી શકતી અને એક માત્ર જે ભૂત-પ્રેત-પિશાચનો આવેશ-પ્રવેશ થયો હોય તે જ બોલતો જણાય છે. જ્યારે જેને ભૂત વળગ્યું છે તે પોતે પોતાના વિચારો ઉપર કંઇ જ સ્વાતંત્ર્ય તે વખતે નથી ધરાવતો. એવી જ રીતે આ મોહનીય આદિ કર્મો જે આત્મા ઉપર ચોંટી ગયા છે. હવે તે ઉદયકાળે કર્મો બોલતા-ચાલતા હોય છે. એમની ધ્વનિ બહાર અભિવ્યક્ત થતી હોય છે. ક્રોધાદિમાં સ્પષ્ટ ખબર પડી જાય છે કે કોણ બોલે છે. કષાય મોહનીય કર્મની પ્રકૃતિ બોલે છે. આ મૂળ આત્માનો અવાજ નથી. આપણા મૂળ ગુણો બધા દબાઇ ગયા છે, ઢંકાઇ ગયા છે. જ્યારે કર્મના આવરણોનું પ્રમાણ ઘણું વધારે છે. તે બોલી રહ્યા છે. ક્યારેક હાસ્યાદિનોકષાયની પ્રકૃતિઓ ઉદયમાં આવીને બોલતી હોય ત્યારે હાસ્ય, રતિ-અરતિના ભાવો વ્યક્ત થતા હોય છે. હસવા-રડવાની પ્રવૃત્તિ થાય છે. વેદ મોહનીયના ઉદયમાં કામ વાસના, કામ ક્રીડાના ચેનચાળા થાય છે. જ્ઞાનાવરણીયના તીવ્ર ઉદયમાં ગાંડા માણસની જેમ પ્રલાપ, અપલાપ થાય છે. એવા સમયે અનંતજ્ઞાન આત્માની મૂળ સત્તામાં ગુણ તરીકે પાયામાં પડ્યું છે. છતાં પણ એક અક્ષર પણ એનો ન નિકળે. માટે આ કર્મોના ઉદયને ભૂતાવિષ્ટ વ્યક્તિ જેવી પ્રલાપ કરતી દર્શાવી છે.

આવી રીતે અધ્યાત્મસાર ગ્રંથના પ્રથમ પ્રબંધમાં ભવ-વૈરાગ્યાધિકારમાં આ ભવ-રૂપ સંસારનું ગજબનું બીહામણું ચિત્ર રજુ કર્યું છે. વિવિધ ઉપમાઓ આપી ને સમજાવ્યું છે. ખરેખર સુજ્ઞ સજ્જનોએ એનો મર્મ સમજી લેવો જોઇએ. આ ભવરૂપી સંસાર ખરેખર કેવો છે? એનું વાસ્તવિક યથાર્થ સ્વરૂપ શું છે? કેવું છે? તે સમજવું

જરૂરી છે. જ્યાં સુધી સંસારનું વાસ્તવિક સ્વરૂપ આ જીવો નહીં સમજી શકે ત્યાં સુધી આ સંસારનું સાચું ભાન નહીં થાય એટલું જ નહીં આપણા આત્માનું પણ ભાન નહીં થાય. કારણ કે આત્માનું યથાર્થ સ્વરૂપ આ સંસારના નિમિત્તભૂત કારણરૂપ મૂળ કારણ કર્મોથી આવૃત્ત છે. ઢંકાયેલું છે. માટે જલ્દી આત્મજ્ઞાન થવું સહેલું નથી. આ કર્મોને જોવા માટે અથવા જાણવા માટે. સંસારની મોહ-માયા આદિની પ્રવૃત્તિઓને જોવી એ જ એક માત્ર ઉપાય છે, કારણ કે કર્મોના ઉદયના કારણે જીવ સંસારમાં મોહમાયાના ચેન-ચાળા કરે છે. એવા પ્રકારની ક્રિયા-પ્રવૃત્તિને જોતાં તે તે જીવ વિશેષના કર્મની પ્રકૃતિનો ઉદય સમજવો જોઈએ. અરે! બીજાની ક્યાં વાત કરો છો? આપણને પોતાને ક્રોધ-માન-રાગ-દ્વેષ આદિ ઉદયમાં આવે છે ત્યારે એના ઉદયમાં થતી આપણી ક્રિયા, ભાષા, વિચારો, ઉગ્રતા-ગર્મી આદિ બધાનો ખ્યાલ સ્પષ્ટ આવી શકે છે. કારણ કે ક્રોધ પૂરો થઈ ગયા પછી, શાંત થઈ ગયા પછી જ્યારે આપણે આપણા મૂળ સ્વભાવમાં આવી જઈએ છીએ ત્યારે વાસ્તવિકતાનો ખ્યાલ આવે છે. એવી જ રીતે ક્રોધ-આવેશ અને શાન્તિ-સમતાના આવેગનું અંતર આપણા અનુભવમાં આવતાની સાથે આપણે કર્મના ઉદયને અને આત્માના પોતાના મૂળ સ્વભાવનું ભાન કરી શકીશું.

આવો આ સંસાર કહ્યો છે. એને ઓળખવા-સમજવા ઉપાધ્યાયજી મહારાજે ઘણી વિધ-વિધ પ્રકારની ઉપમાઓ આપીને અનેક રીતે આપણને ભવ-સંસારનું સ્વરૂપ સમજાવ્યું છે. સંસારનો રાગ અને ધર્મધ્યાનનો રાગ, અથવા આત્મ કલ્યાણનો રાગ બંને કંઈ સાથે રહી શકે તેમ નથી. બંને પરસ્પર વિરોધી છે. માટે મોક્ષાર્થી સાધકે જો ધર્મધ્યાન કરતા કરતા આ મોક્ષમાર્ગ ઉપર આગળ પ્રયાણ કરવું જ હોય તો ભવસંસારનું સાચું સ્વરૂપ ઓળખી સમજીને એવી વૃત્તિને ઘટાડવી જોઈએ. ભવનો નિર્વેદ થવો જોઈએ. ઉદ્વેગ થવો જોઈએ અને એમ કરતાં આત્મા વૈરાગ્યવાસિત થશે. બસ, વિરક્તાત્માની રીતભાત પ્રવૃત્તિ બધું જ બદલાઈ જશે. એની મેળે બદલાઈ જશે. બીજા સંસારી જીવોના જીવનમાં અને સંસારથી વિરક્તાત્માના જીવનની પ્રવૃત્તિઓમાં આસમાન-જમીનનું અંતર સ્પષ્ટ દેખાશે, ખ્યાલ આવશે.

બાર પ્રકારની ભાવનાઓમાં જે સંસાર ભાવનાનું સ્વરૂપ છે. તેનું સ્વરૂપ ખાસ ચિંતવવું જોઈએ. એટલું જ નહીં. અનિત્ય આદિ બારે બાર ભાવનાઓનું સ્વરૂપ ભાવવું જોઈએ. ચિન્તવવું જોઈએ. જેથી આ સંસારનું આવું સ્વરૂપ આપણને ખ્યાલમાં આવી જાય અને એ સમજી ને આપણે સાવધાન બની જઈએ. જાગૃત થઈ જઈએ. અને અપ્રમત ભાવ લાવવાની કોશિષ કરી શકીએ ફરી-ફરી આ મોહમાયામાં ન લપટાતા હવે સાવધ થઈને જીવન જીવીએ.

યોગ દૃષ્ટિયોનો ક્રમિક વિકાસ

આત્માના વિકાસને ક્રમિક સમજવા માટે પૂ. હરિભદ્રસૂરિ મહારાજે યોગદૃષ્ટિયોની વિચારણા રજૂ કરી છે. જો કે આ ''યોગદૃષ્ટિ'' અંગે પૂ. હરિભદ્રસૂરિ મ.ની પોતાની સ્વતંત્ર નવી જ વિચારણા છે. આ અંગે પ્રાયઃ આગમ શાસ્ત્રોમાં આવી વિચારણા નથી મળતી. આગમશાસ્ત્રીય વિચારણા નથી મળતી. આગમ શાસ્ત્રીય વિચારણા ૧૪ ગુણસ્થાન વિષયક છે. ૧૪ ગુણસ્થાનકોમાં આત્માનો આધ્યાત્મિક વિકાસક્રમ દર્શાવવામાં આવ્યો છે. જીવ કયા ગુણસ્થાનકે ચઢે ત્યારે તેને કેટલું જ્ઞાન થાય છે? બોધ કેટલો વધે છે? દૃષ્ટિ કેવી નિર્માણ થાય છે? કેટલી કર્મ પ્રકૃતિઓનો ક્ષય થાય છે? આત્માના કયા અને કેટલા ગુણો પ્રગટ થાય છે? અને વિકાસની કઈ અવસ્થા આવે છે? આ બધું ગુણસ્થાનોનાં માર્ગમાં બતાવવામાં આવ્યું છે.

પરંતુ આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજે 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રંથમાં આ જ ગુણસ્થાનના વિકાસની પ્રક્રિયાને ફક્ત ૮ યોગદૃષ્ટિયોમાં સમાવીને વિચારણા કરી છે. ગુણસ્થાનો ૧૪ છે. જ્યારે દૃષ્ટિઓ ફક્ત ૮ જ છે. સંક્ષિપ્તીકરણ ઘણું કરેલ છે. એમાં ના નહીં. ૧૪ ગુણસ્થાનોમાં ૪થા ગુણસ્થાને આત્મા સમ્યગ્ દર્શન પામે છે. એ પહેલા મિથ્યાત્વમાં પ્રવર્તતો હોય છે. તે છતાં પણ, મિથ્યાત્વને જ પહેલું ગુણસ્થાન ગણવામાં આવ્યું છે. જ્યારે યોગદૃષ્ટિયોમાં પાંચમી દૃષ્ટિમાં સમ્યગ્દર્શન પામે છે અને તે પહેલાની ૪ દૃષ્ટિયો મિથ્યાત્વની બતાવી છે. ૧) મિત્રા, ૨) તારા, ૩) બલા, અને ૪) દીપ્રા આ ચારેય દૃષ્ટિઓ મિથ્યાવની બતાવી છે. અહીં યોગ દૃષ્ટિયોનો આધાર ક્રમશઃ વધતા પ્રકાશના પ્રમાણના આધારે છે. જેમ જેમ પ્રકાશનું પ્રમાણ વધતું જાય છે, તેમ તેમ દૃષ્ટિનો બોધ પણ વધતો જાય છે. અને એના આધારે દૃષ્ટિ બદલાતી જાય છે. દૃષ્ટિ શબ્દથી અભિપ્રેત પણ આત્માનો બોધ વિશેષ છે. આવા પ્રકારના બોધને પ્રકાશની સાથે સરખાવ્યો છે. માટે એના આધારે દૃષ્ટિ બતાવી છે. દા.ત. જેમ તૃણાગ્નિ તણખલો બળે અને કેટલો પ્રકાશ થાય? એનાથી આગળ ગોબરના છાણા બળે એ સમયે પ્રકાશ કેટલો વધે? લાકડું બને તો પ્રકાશ કેટલો વધે? અને દીપક પ્રગટાવીને આપણે ઘરના ભોંયરામાં લઈ જઈએ અને ત્યાં વસ્તુ શોધીએ તો ત્યાં પ્રકાશનું પ્રમાણ કેટલું વધે? અને હજી આગળ રત્ન કે મણિનો પ્રકાશ, તારાઓનો પ્રકાશ, એના પછી સૂર્યનો પ્રકાશ કેટલા પ્રમાણમાં વધે? અને ચન્દ્રમાં કેટલી સરસ, નિર્મળતા પવિત્રતા વગેરે રહે છે. ઠંડક રહે છે તે જોવાનું છે. આ રીતે પ્રકાશનું પ્રમાણ જેમ ક્રમશઃ વધતું જ જાય છે. તેવી જ રીતે આ જીવ વિશેષનો આત્મબોધ

સ્વરૂપ પ્રકાશ પણ વધતો જાય છે. અને એ વધેલા પ્રકાશના આધારે જે જીવની જેવી દૃષ્ટિ નિર્માણ થઇ હોય તે જીવ વિશેષ તે દૃષ્ટિવાળો કહેવાય છે. તેવો ઓળખાય છે. ૧-૨-૩ જેટલી દૃષ્ટિયો વિકસિત થઇ હોય તેટલી દૃષ્ટિવાળો તે જીવ ઓળખાશે. અને જેટલી દૃષ્ટિયો નથી વિકસિત થઇ તેમનો બોધ ન થાય. આ રીતે પૂ. હરિભદ્રસૂરિ મહારાજે આઠ યોગદૃષ્ટિયોનું વિવેચન કર્યું છે.

અનાદિકાલીન ઓઘદૃષ્ટિ-

અનાદિ-અનંત આ સંસારમાં અનંતા જીવો ઇન્દ્રિયની દૃષ્ટિએ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિયના વિભાગોમાં વહેંચાયેલા છે. વિકાસના ક્રમમાં જીવો એકેન્દ્રિયથી વિકલેન્દ્રિયમાં અને વિકલેન્દ્રિયમાંથી પંચેન્દ્રિયમાં જાય અને પંચેન્દ્રિયપણામાં પણ પાછા સંજ્ઞી પંચેન્દ્રિય બને. આ ઇન્દ્રિયોની દૃષ્ટિનો વિકાસ છે. અને એવી જ રીતે ગતિની દૃષ્ટિના વિકાસ ક્રમમાં તિર્યંચગતિમાં અનંતા ભવો કરીને જીવ નરકગતિમાં જાય છે. નરકમાંથી પાછો જીવ તિર્યંચનીગતિમાં આવે છે. અને પછી દેવગતિમાં જઇને દેવ બને છે. એ પછી દેવ ગતિમાંથી અંતે મનુષ્યગતિમાં આવે છે. આ ગતિની દૃષ્ટિએ વિકાસ થયો, એકેન્દ્રિય-વિકલેન્દ્રિય સુધીના જીવો ક્ષુદ્ર યોનિમાં ગણાય. જે જે જીવ છે તે સ્વ-સ્વકર્માનુસાર કોઇ ન કોઇ યોનિમાં આવીને જન્મ લઇને જ રહેવાનો છે. સંસારમાં રહેવું અને સર્વથા જન્મ લીધા વગર, શરીર ધારણ કર્યા વિના રહેવું તે સંભવ જ નથી. કૃતકર્માનુસાર ગમે તે યોનિમાં ઉત્પન્ન થઇ શરીર નિર્માણ કરીને જ તેમાં રહેવું પડશે. આગળ વધતો-વધતો જીવ અંતમાં મનુષ્ય યોનિમાં આવે તેજ ઉત્કૃષ્ટતમ વિકાસ છે. પરંતુ મનુષ્ય યોનીઓની સંખ્યા પણ ૧૪ લાખની છે. એમાં પણ નીચ ગોત્રમાં, હલકા કુળમાં, નિમ્નસ્તરના ઘરાનામાં જન્મ લઇને રહ્યો તેવા જન્મમાં શું વળે? એટલે માત્ર એકલી યોનિ જ પર્યાપ્ત નથી. પરંતુ સાથે સાથે. ઉચ્ચ ગોત્રના આધારે ઉંચામાં ઉંચું કુળ-વંશ-જાતિ, ઘર, ઉંચી ખાનદાની, ઉંચા સમાજ અને સર્વોચ્ચ કક્ષાના ધર્મમાં જન્મ મળે અને શ્રેષ્ઠ ખાનદાની મળે એ પણ ખૂબ જ જરૂરી છે. તીર્થંકરનો જીવ પણ અંતિમ જન્મ મનુષ્ય ગતિમાંજ અંતિમ જન્મ ધારણ કરે છે ત્યારે કોઇ ન ઘરમાં, કોઇ ન કોઇ માતાની યોનિમાં જ જન્મ ધારણ કરશે. ચોક્કસ તેમાં અનેક પ્રકારના નિયમો કામ કરે છે. જે કલ્પસૂત્રમાં જણાવે છે કે તુચ્છ, દરિદ્ર, કૃપણ, હીન, યાચક, ભિક્ષુ વગેરે કુળોમાં તીર્થંકરો જન્મ ધારણ નથી કરતા, હા, હરિવંશકુળ, રાજકુળ, ક્ષત્રિયકુળ, ભોગકુળ, આદિ એવા ઉંચી કક્ષાના કુળો-ગોત્રોમાં મુખ્ય પટ્ટરાણી આદિ સ્ત્રીની યોનિમાં જ ગર્ભપણે ઉત્પન્ન થાય છે. આ એક શાશ્વત વ્યવસ્થા છે. યોનિની દૃષ્ટિએ આ ટોચની કક્ષાનો અંતિમ વિકાસ છે. બસ, સંસારમાં આનાથી ઉંચી કોઇ યોનિ નથી કે જ્યાં જઇને જીવ જન્મી શકે?

આ તો થઈ યોનિની વાત... જ્યાં જઈને જીવને જન્મ ધારણ કરવાનો હોય છે. પરંતુ એમાં દૃષ્ટિની વિશેષતા વધુ મહત્ત્વ રાખે છે. એમાં કદાચ યોનિ હલકી-અધમ કક્ષાની મળી પણ જાય. પરંતુ દૃષ્ટિ બોધ જો ઉંચી કક્ષાનો થઈ જાય તો. હલકા કુળમાં જન્મેલા પણ મોક્ષમાં જઈ શકે છે. હરિકેશી અને મેતારજ મુનિ જેવા મહાત્માઓ હલકા કુલમાં જનમ્યાં હતા પરંતુ ચારિત્ર ગ્રહણ કરી કર્મક્ષય કરી સ્વ આત્માનું કલ્યાણ સાધી ગયા.

ઓઘદૃષ્ટિ.... એટલે સામાન્ય દૃષ્ટિ. સંસારમાં સાવ સામાન્ય કક્ષાના જીવો ઘણાં છે. સામાન્ય શબ્દથી જેમને વિશિષ્ટ કક્ષાનો બોધ નથી જાગ્યો એ અર્થ લેવો અહીં અપેક્ષિત છે. આત્મિક દૃષ્ટિએ પણ હજી જેમને હેય-જ્ઞેય-અને ઉપાદેયનો વિવેક નથી જાગ્યો એવા જીવો સામાન્યની ગણતરીમાં આવશે. હજી પાપ કર્મો પણ હેય નથી લાગતા, હજી આત્મા-મોક્ષાદિ તત્ત્વોનું સ્વરૂપ જેને જ્ઞેય પણ નથી લાગતું અને સદાચાર, શિષ્ટાચાર આદિ જેને ઉપાદેય પણ નથી લાગતા એવા વિવેકહીન જીવો સામાન્ય કક્ષામાં ગણી શકાય છે. આહાર, નિદ્રા, ભય અને પરિગ્રહ-મૈથૂનની સંજ્ઞાઓ જીવમાત્રમાં પડી જ હોય છે. પછી આ સંસારનો કોઇ પણ નાનો-મોટો જીવ હોય? દરેકમાં પડી હોય છે. આ બધી જ સંજ્ઞાઓની પ્રવૃત્તિઓ મોહનીય કર્મના ઘરની છે. અને મોહનીય કર્મ આઠે કર્મોનો રાજા છે. સર્વ સામાન્યપણે જીવોમાં આહારાદિની સંજ્ઞાઓ જોર કરતી હોય છે. હા... કદાચ એવું ચોક્કસ બને કે... આહારાદિ ૪ સામાન્ય સંજ્ઞાઓમાંથી કયા જીવોમાં કઈ સંજ્ઞા ઓછી હોય અને કઈ સંજ્ઞા વધારે હોય. આ રીતે ઓછી-વધારે સંજ્ઞાઓની પ્રવૃત્તિવાળા જીવો મળશે. આ રીતે સામાન્ય કક્ષાના ઓઘદૃષ્ટિવાળા જીવો આહારાદિ ચારે સામાન્ય સંજ્ઞાની પ્રવૃત્તિ કરવામાં જ ગળાબૂડ ડૂબેલા હોય છે. એમના જીવનમાં એની જ મહત્તા, એની જ પ્રાધાન્યતા દેખાય છે. એનાથી ઉપર ઉઠવાની વિચારધારા પણ નથી લાગતી. ઉપર ઉઠવાની વાત તો દૂર રહી પરંતુ પરિગ્રહ, મૈથૂન આદિના જ લક્ષ્યવાળા હોય છે. એવા જીવોના જીવનમાં એક માત્ર એવી જ દૃષ્ટિ બની ગઇ હોય છે કે... બસ આ સંસારમાં છે શું? વિષય-ભોગો ભોગવો, મોજ મજા કરો અને જીવન પસાર કરો. બસ..., એક જ લક્ષ્ય આ લક્ષ્યથી ઉપર ઉઠવા પણ તૈયાર નથી. યાદ રાખો... જીવો પ્રથમ પોતાની દૃષ્ટિને અનુરૂપ લક્ષ્ય બનાવી લે છે. અને પંછી એને અનુરૂપ પ્રવૃત્તિ કરતા રહે છે. "खाओ-पीओ और मौज़ करो" બસ આનાથી બીજી વધારે આગળ વિચારવાની પણ વાત નથી. એટલું જ નહીં... "ऋणं कृत्वा घृतं पिबेत्" અરે! એમાં શું? માથે દેવું કરીને પણ ઘી પીવું જોઈએ. ખાઈ-પીને મોજ કરો. ન આગળ છે કે ન પાછળ. નથી આત્મા કે નથી મોક્ષ. આવી વિચારણા કરવાવાળા ઘણાં જીવો છે. એ ઓઘસંજ્ઞાવાળા, ઓઘદૃષ્ટિવાળા જીવો ગણાય છે. ચાર્વાકના નામે ઓળખાતા એવા

નાસ્તિક મતવાળા-અર્થાત્ આવી વિચારધારાવાળા જીવોનું આ લક્ષણ છે. એવી વૃત્તિ-પ્રવૃત્તિવાળા ઓઘદૃષ્ટિવાળા આ જીવો હોય છે. પ્રવૃત્તિ બહારની હોય છે. કાયિક વધારે હોય છે. જ્યારે વૃત્તિ મનની માનસિક હોય છે. માટે જ મનોવૃત્તિ કહેવાય છે. જે જીવની જેવી વૃત્તિ હશે... તે જીવો તેવી પ્રવૃત્તિ કરશે. આ વૃત્તિ એ જ દૃષ્ટિના આધારે બને છે. અથવા દૃષ્ટિ ને જ વૃત્તિ તરીકે ઓળખાય તો પણ ઘણી સાદૃશ્યતા બન્ને વચ્ચે છે.

ભવાભિનંદી-પુદ્‌ગલાનંદી દૃષ્ટિ-

ભવ એટલે સંસાર. સંસારમાં જ આનંદ થાય છે, એવી વિચારધારાવાળા જીવો ભવાભિનંદી ગણાય છે. પુદ્‌ગલ શબ્દ અજીવ-જડ-સાધન-સામગ્રીઓ•વસ્તુઓ માટે વપરાય છે. બે પ્રકારના દ્રવ્યોમાં પુદ્‌ગલ એક જડ દ્રવ્ય છે. એમાંથી સંસારની અનંત પૌદ્‌ગલિક વસ્તુઓ, સાધન-સામગ્રીઓ બને છે. એવી વસ્તુઓને મેળવવા, વાપરવા, સાચવવા, ભોગવવા વગેરેમાં જ જીવોને મજા આવતી હોય છે. બસ, એમાં જ વિશેષ આનંદ આવતો હોય છે. અને આ લક્ષ્ય... વૃત્તિ અને પ્રવૃત્તિ બની જાય છે. કૂતરાઓને જેમ રોટલી ના ટૂકડામાં જ આનંદ આવે છે. માછલીને ખાવા માટે કંઇક આવ્યું છે એ જ દેખાય છે પણ પકડવાની જાળ નથી દેખાતી. પતંગીયાને દીપકની જ્યોતિ જ સારી ચળકાય મારતી દેખાય છે. પરંતુ એની પાછળ મૃત્યુ નથી દેખાતી, એવી રીતે જીવોની આ તુચ્છ સંકુચિત નાની-ટૂંકી દૃષ્ટિ બની જાય છે. દીર્ઘદૃષ્ટિ રહેતી નથી. લાંબી વિચારધારા નથી બનતી. માટે દીર્ઘદર્શી-દૂરદર્શી નથી બની શકતા. સંસારના બધા પૌદ્‌ગલિક સુખો એ ક્ષણિક છે, નાશવંત છે. શાશ્વત નથી. છતાં પણ આવા જીવો ભાવીનો, નરકાદિગતિઓનો વિચાર સુદ્ધા કરવા તૈયાર નથી થતા. પરંતુ મળેલા સુખ ભોગો-ભોગવી સુખી થવાની આશા રાખે છે. ચોક્કસ સુખો બધા કર્માધીન છે. કર્મોના આવરણથી ઢંકાયેલા છે. એમને એમ સંસારના બધા જીવોને સુખ મળી નથી જતું. છતાં પણ મોહવશ આશા-તૃષ્ણા જે બંધાયેલી છે એ નથી ટળતી. ઉપરથી અનાદિ-કાળથી કર્મના કારણે, અને તીવ્ર મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયના કારણે... "સુખ પ્રિય અને દુઃખ અપ્રિય લાગે છે." અનાદિકાલીન સ્વભાવ પડી ગયો છે જીવને સુખ ગમે છે. દુઃખ નથી ગમતું, સુખ જોઇએ છે, દુઃખ બિલકુલ નથી જોઇતું. સુખનો રાગ છે, અને દુઃખ પ્રત્યે દ્વેષ છે. જો કદાચ કર્મ સંયોગવશ પ્રતિકૂળ થઇ જાય... અર્થાત્ દુઃખ મળી જાય અને સુખ છૂટી જાય તો શું કરશો? એવું તો ઘણાં જીવો ના વિષયમાં બની રહ્યું છે. ન ઇચ્છવા છતાં પણ દુઃખ આવી પડે છે. હવે શું કરવું? શું બધું જ માનવીની ઇચ્છા મુજબ બનવાનું છે? ચાલવાનું છે? સંભવ છે? ના... કર્માધીન સ્થિતિમાં કર્મો પ્રમાણે બને છે. ઇચ્છા તો માત્ર એક મોહનીય કર્મના

કારણે ઉદયમાં આવી છે. બીજા ૭ કર્મો છે. એના ઉદયમાં આવતા ઘણું બધું બને છે. મોહનીય કર્મના ઉદયે ઇચ્છા જાગી, અને એ ઇચ્છા મુજબ બધું ઉભું કરવા જીવ ઘણાં પ્રયત્નો કરે છે, સુખ મેળવવા-ભોગવવા ઘણાં પ્રયત્નો કરવા છતાં પણ બીજી તરફ જ્યારે અંતરાય કર્મ ઉદયમાં આવીને વિઘ્નો ઉભા કરી દે છે. ન તો મળવા દે કે ન મળેલું ભોગવવા દે. શું થાય? પાંચ જાતના અંતરાય કર્મો છે. બધાનું કાર્ય વિઘ્ન ઉભું કરવાનું છે. સરવાળે જ્યારે જીવ સુખ મેળવી નથી શકતો, અથવા મેળવેલું ભોગવી નથી શકતો એવી સ્થિતિમાં આંતરિક બળાપો ખૂબ વધારે રહે છે. બીજી બાજુ ઇચ્છા ઘટી જતી નથી. મોહનીય કર્મનો ઉદય પણ તીવ્ર છે, અને સતત છે. માટે જ્ઞાનીઓ ખાસ ફરમાવે છે કે... પુણ્ય પ્રકૃતિઓ તમે કેટલી ઉપાર્જન કરી છે? અને તેના ઉધ્યે તમને સુખ-ભોગો-સાધન-સામગ્રીઓ કેટલી મળી છે તે મહત્ત્વનું નથી પણ તેના કરતા વધારે જો અંતરાયકર્મ ઉપાર્જન કરેલું હશે તો કંઇ જ સરવાનું નથી. મોટાભાગનું દ્રવ્યપુણ્ય હશે તો માત્ર ભૌતિક-પૌદ્ગલિક સાધન-સામગ્રીઓ ઉપલબ્ધ કરાવી આપશે. પરંતુ અંતરાય કર્મનો ઉદય તેની વચ્ચે વિઘ્નો ઉભા કરીને ભોગવવા નહીં દે.

બીજી બાજુ ભવાભિનંદી જીવ જે માત્ર સંસારના સુખોનો જ લક્ષી છે. એને એમાં જ રસ છે. એ મળે અને ભોગવવાની મજા આવે બસ... એને નથી કર્મનું જ્ઞાન કે નથી આત્માની ઓળખ અથવા નથી આ પુદ્ગલ પદાર્થના સાચા યથાર્થ સ્વરૂપનું ભાન. વસ્તુ સ્વરૂપને ઓળખવા પણ તૈયાર નથી. એક માત્ર સાંસારિક સુખ લક્ષી જીવ છે. એના કારણે પુદ્ગલાનંદી, પુદ્ગલજન્ય સુખોમાં સુખી થવાની વૃત્તિ ધરાવે છે. આવી પરિસ્થિતિમાં શું થાય? ન મળે અને ન ભોગવી શકે તો એને ભારે અફસોસ થાય છે. કર્મોના બંધ-ઉદય આદિનું કોઇ જ્ઞાન જ ન હોવાથી લાચાર છે. અને પુદ્ગલાનંદી વૃત્તિ હોવાના કારણે એવા જીવોનો એકમાત્ર સ્વાર્થ એ સુખની પ્રાપ્તિમાં જ રહેલો છે. સંસારના સ્વરૂપની સાચી ઓળખ જ નથી ત્યાં એ જીવને સંસારની અસારતા, અનિત્યતા આદિનું ભાન થાય તેમજ નથી જ્યાં સુધી એ જીવની ભવિતવ્યતા નહીં જાગે, તથા ભવ્યત્વ પરિપક્વ નહીં થાય ત્યાં સુધી આ સ્થિતિ રહેવાની જ છે. તથા ભવ્યત્વ શું માત્ર કાળના આધારે જ પરિપક્વ થવાનું છે કે એને પુરુષાર્થવિશેષની જરૂર પડશે? માત્રકાળના ભરોસે બેસી રહેવાની ભૂલ કરવા જેવી નથી. પરંતુ ભગીરથ પુરુષાર્થ કરવાની ખૂબ જ આવશ્યકતા છે. અને એ માટેના ઉપાયો પૂ. ચિરંતનાચાર્યજી મહારાજે પંચસૂત્રમાં જણાવ્યા છે. ૧) ચઉસરણ ગમણ, ૨) દુક્કડગરિહા, ૩) સુક્કડાણસેવણં આ ત્રણ પ્રબલ ઉપાયો દર્શાવ્યા છે. ચઉથી ૪ ગ્રાહ્ય છે. ૧) અરિહંત પરમાત્મા, ૨) સિદ્ધ ભગવાન, ૩) સાધુ મુનિરાજ, અને ૪) ધર્મ. આ ચારેયનું શરણ સ્વીકારવાની વાત કરી છે. બાહ્ય ઉપાય તરીકે એ ૪ શરણા છે, અને સીધા આંતરિક ઉપાયમાં દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદના છે. આ રીતે

ઉપાયોના માર્ગે પુરુષાર્થ વિશેષ કરવાથી ભવિતવ્યતા પરિપક્વ થવી સંભવ છે. અને એનાથી મોક્ષની દિશામાં આગળ વધી શકાશે.

એ માટે સંસારથી વિમુખીકરણની અને મોક્ષ તરફ સન્મુખીકરણની દૃષ્ટિ-વૃત્તિ બનવી જોઈએ. તો જ નિશ્ચિતરૂપે કલ્યાણ યથાશીઘ્ર સંભવ છે પરંતુ એકબાજુ મિથ્યાત્વ અતિશય વધારે પ્રમાણમાં પડ્યું હોય અને બીજી બાજુ સંસાર પ્રત્યે અરૂચિ-અણગમો, અને મોક્ષ તરફની રૂચિ, ગમો જાગવો પરસ્પર વિરૂદ્ધ વાત છે. મિથ્યાત્વથી સંસાર તરફ અરૂચિ-અણગમો થતો નથી. અને મોક્ષ પ્રત્યે સદ્‌ભાવ જાગતો નથી. મોક્ષ મેળવવાની તાલાવેલી કે ઝંખના જાગ્રત થતી નથી. ભવસંસારમાં જ પરિભ્રમણ કરતા રહેવું અને સંસારના ભૌતિક-પૌદ્‌ગલિક સુખ-ભોગો ભોગવતા રહેવાના વિચારો જ પ્રબળ રહે છે. એમાં જ આસક્તિ રહે છે. તૃષ્ણા સતત રહે છે.

જીવને સંસારચક્રમાં પરિભ્રમણ કરતી વખતે શું શું કરતા આવડે છે? અનંતા કાળથી આ ૮૪ના ચક્કરમાં ચારેય ગતિઓમાં પરિભ્રમણ કરતા કરતા અનાદિકાલીન કર્મોના કારણે જે સંસ્કારો જીવો ઉપર પડ્યા છે તે કેટલા ગાઢ અને પ્રબળ છે? પાપો કરવાના સંસ્કારો વધુ ગાઢ છે. હિંસામય આરંભ-સમારંભની ઘેલછા, અન્યાય-અનિતિ અને અસત્યની કુટેવો પડી છે. અસંયમની ટેવના કારણે ખાવા-પીવાની લાલસા ખૂબ જબરદસ્ત રહી છે. અબ્રહ્મની વૃત્તિના કારણે વિષયલંપટતા, કામ ભોગો ભોગવવાના સંસ્કારો, વિષય વાસના જન્ય સુખો પાછળ પતંગિયાની જેમ આસક્ત થવાની વૃત્તિ, પરિગ્રહ-સંગ્રહના પાપના સંસ્કારોની જડ પણ ઘણી ઉંડી છે. એનાથી પદાર્થોનો સંગ્રહ, ભેગા કરવાપણાનાં અને તેમાં મોહ મમત્વ રાખવાની બુદ્ધિ અને સંસ્કારો ઘણાં ગાઢ થયેલા છે. આ બધા બાહ્ય પાપપ્રવૃત્તિઓના સંસ્કારો જ્યારે આંતરિક પાપોના ઘરમાં પણ ક્રોધ, માન, માયા, લોભ, ઈર્ષ્યા, અસૂયા, રાગ, દ્વેષ, કામ-વાસના આદિના અનેક જાતના સંસ્કારો પડ્યા છે. આ બધા સંસ્કારો કર્મજન્ય છે. અને કર્મની સત્તા આત્મા સાથે અનાદિકાળથી રહેલી છે, માટે જ એક જન્મથી બીજા જન્મમાં જતા જીવની સાથે જાય છે. એના પરિણામે જીવનો સ્વભાવ એ પ્રકારનો બને છે. અને એવી વૃત્તિ નિમિત્ત મળતા પ્રગટ થઈને બાહરી પ્રવૃત્તિમાં આવે છે. ફરીથી જીવન એવું જ બની જાય છે.

.. આ છે ઓઘસંજ્ઞાનો સંસાર. આવી અનાદિકાલીન ઓઘસંજ્ઞા કંઈ સામાન્ય નથી. એટલે સુધી જોર કરે છે કે... કદાચ યોગમાર્ગમાં આગળ વધીને કોઈ સામાયિક કરતો હોય, કોઈ પૌષધ કરતો હોય તો એવી વિરતિમાં પણ આ સંજ્ઞા જોર કરતી હોય છે. એકાસણા વગેરેના તપમાં પણ સ્વાદિષ્ટ વાનગીઓ પ્રિય ભોજન, મનગમતું ભોજન, ખૂબ ગમે. આયંબિલના ભોજનને પણ મરી-મસાલાથી ભરપૂર બનાવીને સ્વાદિષ્ટ કરી દીધું છે. ઉપવાસમાં પણ ઘર સંસારની વાતો ગમે છે. દાન આદિ

આપીને પણ માન-સન્માનની તીવ્ર લાલસા ઘણી સતાવતી હોય છે. અરે! એટલે સુધી કે... સર્વવિરતી ધારણ કરીને સાધુ બની જવા છતાં પણ લોક-પરલોકના સુખો-ભોગો મેળવવાની લાલસા વધી જાય છે. ધર્મ કરતા પણ કર્મના સંસ્કારો જોર કરતા હોય છે. પ્રભુ દર્શન-પૂજા-ભક્તિ-જાપ આદિ વખતે પણ આ સુખેષણા સતાવતી હોય છે. અને સુખો તથા ભોગો મેળવવાના હેતુઓ વચ્ચે આવી જતા હોય છે. એ બધા-સુખો-ભોગો-મેળવવાની ઇચ્છાથી પૂજા-દર્શન-જાપ-ભક્તિ આદિ થઇ જતા હોય છે. આ... હા...! મહા મુશ્કેલીએ, મહાન પુણ્યોદયે આવા વીતરાગી પરમાત્મા મળ્યા, આવા ત્યાગી-તપસ્વી કંચન-કામિનીના ત્યાગી ગુરૂ ભગવંતો મળ્યા અને સર્વજ્ઞ પ્રણીત સુંદર ધર્મ મળ્યો તે છતાં પણ સંસારના સુખો અને ભોગો મેળવવા તરફ મન કેમ દોડે છે ? જેનાથી વિરક્ત થઇને ધર્મ કરવાનો હતો એના બદલે અંદરખાનેથી એમાં જ આસક્તિ અને એ માટે જ બધું કરવામાં આવતું હોય તો શું સમજવું? ઓઘદૃષ્ટિના પાયામાં ભવાભિનંદિતા અખંડપણે રહેલી છે. એ જોર કરે છે. એના અનાદિકાલીન સંસ્કારો પડ્યા છે. માટે એ પજવે છે.

ક્ષુદ્રતાદિ ૮ દોષોની તલ્લીનતા–

ઓઘદૃષ્ટિના કેન્દ્રમાં ભવાભિનંદીપણું હોવાના કારણે ક્ષુદ્રતાદિ ૮ જાતના દોષોનું આસેવન ઘણાં જીવોમાં જોવામાં આવતું હોય છે. પૂ. હરિભદ્ર સૂરિપુરંદર યોગદૃષ્ટિસમુચ્ચ ગ્રંથમાં સ્વયં આ પ્રમાણે વર્ણન કરે છે.

ક્ષુદ્રો-લાભરતિર્દીનો મત્સરી ભયવાન શઠઃ ।
અજ્ઞો ભવાભિનંદી સ્યાન્નિષ્ફલારમ્ભસંગતઃ ॥

–૧) ક્ષુદ્ર, ૨) લાભમાં રતિવાળો, ૩) દીન, ૪) માત્સર્ય-ઈર્ષ્યાવાળો, ૫) ભયવાળો, ૬) શઠ-કપટી, ૭) અજ્ઞ-મૂઢ અને ૮) નિષ્ફળ પ્રયત્ન કરવાવાળો હોય છે. આ ૮ લક્ષણો ભવાભિનંદી ઓઘદૃષ્ટિવાળા જીવના કહ્યા છે આવી મનોવૃત્તિ આ જીવોની બનેલી રહે છે.

(૧) ક્ષુદ્ર–ભવાભિનંદી જીવ અત્યંત હલ્કી-ક્ષુદ્ર વૃત્તિવાળો હોય છે. વિચાર-વાણી-વર્તન-વ્યવહારમાં એની અધમ કક્ષાની વૃત્તિ છાની નથી રહેતી. એની પાસે ઉમદા-ઉત્તમ કક્ષાના વિચારો નથી હોતા, નથી તેવી શોભનીય ભાષા. બીજાઓની સાથેના વર્તન-વ્યવહારમાં પણ એવા ગુણોનું દર્શન કરાવી ન શકે. શિષ્ટાચાર કે સભ્યતાપૂર્વકનું વર્તન-વ્યવહાર કરવાનું પણ તેના નશીબમાં નથી હોતું. શું થાય? જ્યાં વિચારધારા જ અધમ કક્ષાની હોય ત્યાં શું અપેક્ષા રાખી શકાય? સંસારમાં માણસ રૂપરંગથી દેખાવ આદિમાં ઘણો સારો-ગોરો વગેરે હોય એથી શું ફાયદો? જો એની વિચારધારા, ભાષા-વર્તન વ્યવહાર આદિ સાવ ખરાબ હશે તો લોકોમાં તે

સારો નહીં કહેવાય. માટે જેના વિચાર-વાણી-વર્તન સારા હોય તેને જ સારો ગણી શકાય છે. ઓઘદૃષ્ટિવાળા ભવાભિનંદી જીવો સાવ ઉંધી જ વૃત્તિવાળા હોય છે.

(૨) લાભરતિ—સંસારના જે જે પદાર્થો અને અવસરોનો લાભ થતો હોય તેમાં જ રતિ એટલે આનંદ આવતો હોય છે. વિરતિમાં આનંદ નહીં અને ફક્ત સાંસારિક-ભૌતિક-પૌદ્‌ગલિક પદાર્થોની પ્રાપ્તિ, સુખની સાધન સામગ્રીઓની પ્રાપ્તિમાં જ આનંદ માનવાની મનોવૃત્તિવાળા ઓઘદૃષ્ટિ જીવો હોય છે. એવા જીવોને ''વિરતિમાં સુખ''નો તો વિચાર સુદ્ધા નથી આવતો. વિરતિ અર્થાત્ પદાર્થોના ત્યાગાદિમાં સુખી થઈ શકાય છે''ની કલ્પના પણ ઓઘદૃષ્ટિ જીવ નથી કરી શકતો. માટે એની ઓળખમાં લાભરતિ વિશેષણ જ બેસે છે. જેમ જેમ જે-જે પદાર્થોનો લાભ થાય, સાધન-સામગ્રીઓ મળે તેમ-તેમ તેમાં રતિ થાય અર્થાત્ આનંદ આવે. સુખ મળ્યાની મજા આવે છે.

(૩) દીન—લાભરતિ જીવને ગમે એટલું મળી જાય તેમ છતાં પણ બધુ ઓછુ જ લાગ્યા કરે છે. કારણ કે લાલસા ખૂબ મોટી હોય છે, ઇચ્છાઓ-તૃષ્ણાઓ અસીમ-અમાપ હોય છે. એટલે દુનિયાભરનું મળે તો પણ દીનવૃત્તિવાળો અસંતોષ વ્યક્ત કરીને સદા રડતો જ રહે છે. હજી પણ લાવ... લાવ...ની જ વૃત્તિ રહ્યા કરે છે. સદા લાચારી જ બતાવતો ફરે છે. સુખ-ભોગના સાધનો મેળવવા માટે દીનતા દાખવતા ઓઘદૃષ્ટિવાળા જીવો જેવા-તેવાની આગળ પણ ગરીબડાપણું, ઓશિયાળાપણું દેખાડી માંગતા સંકોચ કે ક્ષોભ પણ નથી અનુભવતા, આવી દીનવૃત્તિના કારણે બિલકુલ શરમ રહિત બેશરમ બની જાય છે.

(૪) મત્સરી—ઓઘદૃષ્ટિના કારણે બીજાનું સારૂ ન જોઇ શકવાની વૃત્તિના કારણે, બીજાનું સારૂ સહન ન કરી શકવાના કારણે ઇર્ષ્યા કરવાની વૃત્તિ વધી જાય છે. સંસારમાં જીવમાત્ર સ્વકૃતકર્મને આધીન છે. કેટલાય જીવોએ શુભ (પુણ્ય) કર્મ ઉપાર્જન કર્યા હોય છે. જેના ઉદયમાં આવવાથી સુંખની પ્રાપ્તિ થાય છે. અને જેને પાપ કર્મ કર્યા હોય તેમને દુઃખ ઉદયમાં આવે છે. હવે જ્યારે દુઃખી જીવો બીજાનું સુખ જોશે ત્યારે ઇર્ષ્યા-અસૂયાની વૃત્તિથી બળી મરશે. વિના કારણે પોતે દુઃખી થવાની જરૂરત જ નથી. પરંતુ મત્સરીવૃત્તિનું આ લક્ષણ છે.

(૫) ભયવાન—ભયભીત અને બીકણ હોય છે. ઓઘદૃષ્ટિવાળા જીવોને ઘણી જાતના ભયો હોય છે. એમાં પાપકર્મ જન્ય જે ભય જાગે છે તે જુદી જ જાતનો હોય છે. હિંસા, ઝૂઠ, ચોરી, પરસ્ત્રીગમન, દુરાચાર-વ્યાભિચાર-આદિ સેંકડો જાતના પાપો કરી ચૂક્યા પછી એવા જીવોને પાંચ માણસોની વચ્ચે સમાજ કે જ્ઞાતિમાં ભય લાગે છે. અંદરથી ભયભીત વૃત્તિ થઈ જાય છે. પાપો કરતા મને કોઇ જોઇ તો નહીં ગયો હોય? કોઇ જાણતો હશે તો? કોઇને ખબર પડશે તો...? આવા બધા રાગ-દ્વેષ-ક્લેશ-કષાય-કલહ આદિના કારણે ભય જાગે છે.

(૬) શઠવૃત્તિ—માયા-દંભ-પ્રપંચ-વિશ્વાસઘાત-ઠગવાપણાની વૃત્તિ શઠતા ઓઘવૃત્તિવાળા જીવોમાં ઠાંસી-ઠાંસીને ભરેલી હોય છે. કોઈનો દ્રોહ કરવામાં ક્ષણભર પણ વિચાર કરવા તૈયાર નથી. પોતાની જબાન ઉપર સહેજ પણ લગામ ન રાખનારા આવા જીવો ક્ષણ-ક્ષણમાં ફરી જતા હોય છે. ધર્મના ક્ષેત્રે દેવ-ગુરૂની સામે પણ એવી જ વૃત્તિ રાખતા હોય છે. જડ-પુદ્ગલ પદાર્થોના લોભમાં એવા ગળાબુડ હોય છે કે એમને બિલકુલ અરેકારો પણ નથી થતો.

(૭) અજ્ઞ—અજ્ઞાનતાના અંધારામાં ઓઘદૃષ્ટિવાળા જીવો વસ્તુના મૂળ સ્વરૂપથી અજાણ હોય છે. અસંખ્ય પદાર્થો સંસારમાં છે. એવા પદાર્થોની સાચી સમજણના અભાવે, મુળભૂત દ્રવ્યના જ્ઞાનના અભાવમાં એવા મૂઢ થઈને રહે છે કે એનાથી વિરક્તિ સંભવ નથી. આવી અજ્ઞાનતાના કારણે જીવોની પણ સાચી ઓળખ નથી થઇ શકતી. જ્ઞાની-ગીતાર્થોની કદર પણ ન કરી શકે. તેમને ઓળખી જ નથી શકતા.

(૮) નિષ્ફળારંભી—સંસારનો તીવ્રરાગી ભવાભિનંદી જીવ આ સંસારમાં ઘણાં કામો કરશે, તેમાં વારંવાર નિષ્ફળતા પ્રાપ્ત કરતા હોય છે. સ્વભાવે અતિશય ચંચલ-ચપલવૃત્તિવાળા હોય છે. નિશ્ચિત નિર્ણય નથી કરી શકતા. અને એક કાર્ય પુરૂ થાય ન થાય ત્યાં તો બીજા કામમાં ભાગ લેતા હોય છે. અને દરેક કાર્યોમાં સ્વનો સ્વાર્થ-સુખ સાધવાની વૃત્તિ વધુ પ્રબળ હોય છે. કાર્યનો આરંભ કરશે. પણ જો કાર્યમાં સ્વાર્થ સરતો ન દેખાય તો અધવચ્ચેથી જ છોડીને બીજા-ત્રીજા કામોમાં ઝંપલાવશે. પરિણામે ચારે બાજુથી નિષ્ફળતા મળે છે. એમાં અજ્ઞતા-શઠતા વગેરે બધા ભેગાં ભાગ ભજવે છે. રાગ-દ્વેષ-કષાયોની તીવ્રતા આદિના કારણે પણ કાર્યોમાં ધારી સફળતા મળતી નથી.

ઉપરોક્ત ૮ પ્રકારના ક્ષુદ્રતાદિ દોષો ભવાભિનંદી વૃત્તિવાળા જીવોના લક્ષણો છે. એવા ૮ દોષોથી જીવોનો ખ્યાલ આવી જાય છે. આ જીવ કેવો છે? કેવી વૃત્તિવાળો છે? એનો ભલભલાને ખ્યાલ પણ ન આવે. પુદ્ગલાનંદી વૃત્તિ હોવાના કારણે પુદ્ગલના જડ પદાર્થો પ્રત્યેની એની વૃત્તિ વધારે હોય છે. પુદ્ગલના જડ પદાર્થોમાંથી સુખ કેમ મળે? એવી એક માત્ર દૃષ્ટિ હોય છે. કોઈ વ્યક્તિ વિશેષને જોશે તો પણ માત્ર એના જડ-પૌદ્ગલિક દેહ તરફ જ એની નજર હોય છે. એથી આગળ વધીને એના આત્માનો વિચાર સુદ્ધા એ જીવને નથી આવતો. ભવ-એટલે સંસાર. સંસારના સુખો-ભોગો-અને પદાર્થોમાં જ વધુ આનંદ આવતો હોવાથી ભવાભિનંદી વૃત્તિવાળા જીવો કહેવાય છે. પત્ની-પુત્ર-પરિવાર-ધન-માલ-મિલ્કત, વસ્તુઓ વગેરે બધા જ સંસારના આધારભૂત સાધનો છે, નિમિત્તો છે. માટે ઓઘદૃષ્ટિવાળા ભવાભિનંદી જીવોને એ જ ગમે છે, એમાં જ આસક્તિ હોય છે. બસ, એમની પ્રાપ્તિ કેમ થાય, એમાં સુખો કેમ ભોગવવા મળે? એવી એકમાત્ર દૃષ્ટિ હોય છે. એવા જીવોની સામે મોક્ષ તરફનું લક્ષ્ય સર્વથા

નથી હોતું. મોક્ષના લક્ષ્યની વાત તો દૂર રહી પરંતુ આ સંસારમાંથી કલ્યાણ થાય એવી પણ વૃત્તિ નથી હોતી. એક માત્ર પોતાનો સંસાર સુખમય-લીલીછમવાડી જેવો રહે એટલી જ ઇચ્છા હોય છે. એવી જ વૃત્તિ ઉંડે-ઉંડે પડી હોય છે. અને એવી જ સતત પ્રવૃત્તિ કરતા હોય છે. જેમ વિષ્ઠા ભક્ષણની મસ્તીમાં મસ્ત રહેલા ભૂંડને ઉગારવાની ભાવદયા આવી જાય તો પણ ભૂંડને બચાવવો કે ઉગારવો સંભવ નથી. કારણ કે એના માટે પ્રિય ખોરાક વિષ્ઠા જ છે. કર્માધીન જીવ છે.

—ગધેડાને રાખમાં કે ધૂળમાં આળોટતા જોઇને કોઇ માણસ ને દયા આવે કે... અરે...! બિચારાના આંખ-કાનમાં ધૂળ ભરાઇ જશે, અને ગંદો થઇ જશે તો... માટે એને એમાંથી બચાવીએ, પરંતુ ગધેડાને એમાંજ આનંદ આવે છે માટે એ એમાં જ મસ્ત છે. પતંગિયાને દીપકની જ્યોતમાં પડતા બચાવવાની દયા ઘણાંને આવી જાય એ સંભવ છે પરંતુ એ પતંગિયાને દીવડાની જ્યોત પ્રિયતમા જેટલી વ્હાલી લાગે છે માટે એને આલિંગન દેવાની લાલસા એ રોકી શકતો નથી. એ એમાં જ આસક્ત છે. એવી રીતે ભવાભિનંદી-ઓઘદૃષ્ટિવાળા જીવોને જ્ઞાની મહાત્માઓ પણ બચાવી શકતા નથી. એવા જીવો પુદ્ગલાનંદી હોય છે. જડ-ભૌતિક-પૌદ્ગલિક-વૈષયિક એવા સંસારના તુચ્છ-નાશવંત ભોગો-સુખો અને પદાર્થોને મેળવવા-ભોગવવાની એકમાત્ર વૃત્તિવાળા જ હોય છે. ઇહલોકના સુખોની જ ઝંખના છે, પરંતુ લોક-પરલોકની અંશમાત્ર પણ ચિંતા નથી. જેમ દૂધને જોતાની સાથે જ ઢોળીને પીવાની તીવ્ર લાલસાવાળી બિલાડીને ડંડો લઇને મારવા માટે સંતાઇને ઊભા રહેલા માણસો નજરે દેખાતા નથી. અરે... દેખાવાની વાત તો દૂર રહી પરંતુ એ હશે એનો વિચાર સુદ્ધા નથી આવતો. અરે...! બિલાડીની વાત જવા દો, એ બિચારી તિર્યંચ ગતિની પશુ છે. પરંતુ ચોરી ઝૂઠ અને બલાત્કારના પાપો કરવા માટે તલપાપડ થયેલા માણસોની સ્થિતિ બિલાડી કરતા પણ હજારં ગણી વધારે દયનીય છે. વિષય-વાસનાની તીવ્રતા કામાગ્નિમાં પીડાતા માણસો દુરાચાર-વ્યભિચાર, બળાત્કાર, પરસ્ત્રીગમન, અથવા વેશ્યાગમન આદિના કોઇ પણ પાપ કરતા સહેજ પણ ખચકાતા નથી. નથી પાપનો ભય કે નથી નરકનો ભય, નથી લોક-પરલોકનો ભય. બસ જે તુચ્છ વિચાર આવ્યો, કે ઇચ્છા થઇ કે તુરંત પાપો કરવા તૈયાર થઇ જાય છે. ફક્ત પાપ કરતા હું પકડાઇ ન જાઉં એટલો જ વિચાર હોય છે. કારણ કે એમાં પોતાની સુરક્ષા લાગે છે માટે હકીકતમાં આવા ઘોર પાપો કરનારા સામે થઇને, સામા ચાલીને નરકના મુખમાં પડે છે. કોઇ અજગર-અથવા મગરે જો બગાસુ ખાવા માટે મ્હોં ઉઘાડ્યું હોય અને સામે ચાલીને આવીને કોઇ માણસ એ મગર કે અજગરના મોઢામાં પડતો હોય એમાં મગર કે અજગરનો ક્યાં વાંક છે? એ શું કરે? એવી જ રીતે સાતે નરકો અધોલોકમાં અબજો માઇલ દૂર છે. પરંતુ જીવો સામે થઇને ઘોર પાપો કરીને નરકમાં જાય છે. સામે ચાલીને નરકના

મ્હોંમાં પડે છે, કૂદી પડે છે. એમાં કોઇ શું કરે? જે જીવ વિશેષની જેવી પરિણતિ હોય તે જીવોની તેવી પ્રવૃત્તિ થતી રહે છે. આવા ઓઘદૃષ્ટિ (સામાન્ય દૃષ્ટિ)વાળા ભવાભિનંદી-સંસારી પુદ્‌ગલાનંદી જીવો પ્રત્યે સ્વયં તીર્થંકર ભગવાન પણ કંઇ જાદુ-ચમત્કાર નથી કરી શકતા. પરમાત્માની પણ મર્યાદા છે. પ્રભુ વધુમાં વધુ ઉપદેશ આપી શકે છે, એ જીવના ભવો અને પાપ કર્મો જે કર્યા છે તે દેખાડીને નજર સમક્ષ ઉપસ્થિત કરાવી શકે છે. બસ, એનાથી વધારે જીવોના હાથ પકડીને ખેંચીને મોક્ષમાં નથી લઇ જઇ શકતા. એ હકીત છે. જો ભગવાન બધા જીવોને મોક્ષમાં લઇ જઇ શકતા હોત તો આજ દિવસ સુધીના ભૂતકાળમાં અનંતા તીર્થંકર પરમાત્માઓ થઇ ગયા છે. તે બધામાંથી એક-એક ભગવાને પણ આ પુરુષાર્થ કર્યો હોત તો આજ દિવસ સુધીમાં અનંતા આત્માઓ મોક્ષે પહોંચી ચુક્યા હોત. કોઇ પણ જીવ સંસારમાં બચ્યો જ ન હોત. પરંતુ આ જેટલું વિચારવું કે કલ્પના કરવી સહેલી છે. એટલું પ્રત્યક્ષમાં બનવું સંભવ જ નથી. બીજા જીવોને તારીને સંસારમાં લઇ જવા માટે તીર્થંકર ભગવાનો પણ સમર્થ નથી. સક્ષમ નથી. જીવ વિશેષની કર્મ પરિણતિ તેમાં કારણભૂત છે.

જેની તથાભવ્યત્વની સ્થિતિ પરિપક્વ ન થઇ શકે ત્યાં સુધી તે આગળ વધી શકતો નથી. તથાભવ્યત્વના પરિપાકથી યોગ્યતા પાત્રતા નિર્માણ થાય છે. આગળ વધે છે. એમાં જીવને ઓઘદૃષ્ટિમાંથી યોગ દૃષ્ટિમાં જવું પડે છે. ભવાભિનંદીપણામાંથી ભવભીરૂ બનવું પડે છે. સંસારથી વિમુખ થવું પડે છે. પુદ્‌ગલાનંદીમાંથી પુદ્‌ગલ સંતોષી, પૌદ્‌ગલિક પદાર્થોના ત્યાગી-વિરક્ત વૈરાગી થવું પડે છે. દુઃખના અણગમા ને બદલે હવે સુખનો અણગમો વધારવો પડે. અરે...રે...! આવા સુખો-ભોગો મારે ભોગવવા પડે છે...નો પસ્તાવો-અફસોસ થવો જોઇએ. આમ કરવાથી જે અનાદિ કાળથી ઘર કરી ગયેલી દુઃખ-અપ્રિય, સુખ-પ્રિય, દુઃખનો અણગમો અને સુખનો ગમાપણાનો ભાવ બદલાઇ જશે. સંસારના ઘણાં બધા પાપો સુખૈષણા કરાવે છે. સુખની લાલસા કરાવે છે. સુખો ભોગવવા, સુખ-ભોગના સાધનો-મેળવવાની તૃષ્ણા-લાલસા ઘણી ઉંડે-ઉંડે પડી હોય છે તે સતાવે છે. તે જ અંદરથી પ્રેરિત કરે છે. માટે આવી મનોવૃત્તિમાંથી બહાર નિકળવા-"વિમુખીકરણ"ની પ્રક્રિયાનો માર્ગ જ સર્વોત્તમ છે.

સંસાર અને મોક્ષ-ઉભયમાર્ગની શાશ્વતતા-

યાદ રાખવા જેવી વાત એ છે કે સંસારનો કર્મનો માર્ગ પણ શાશ્વત છે. અને એનાથી સર્વથા વિપરીત મોક્ષનો માર્ગ પણ ત્રિકાળ શાશ્વત છે. બંનેમાંથી કોઇનો પણ અંત આવે તેમ નથી. સંસારમાં કર્મનો માર્ગ ત્રિકાળ શાશ્વત કેવી રીતે? સંસારી

જીવો પાપ પ્રવૃત્તિ કરતા રહે અને કર્મો બાંધતા જ રહે... તો અનંતા જન્મો સુધી બાંધતા જ જાય એમાં કોઇ ના પાડે તેમ નથી. સંસારના ભોગો-સુખો-ના આધારભૂત સાધનો-પદાર્થો-વસ્તુઓ અનંત છે. એમાં અનંતીવાર સુખ ભોગવવા પ્રયત્ન કરતો જ રહે તો ક્યાં અંત આવે તેમ છે? એક એક પદાર્થને અનેકવાર ભોગવે, વાપરે, એમાં સુખ-બુદ્ધિ રાખીને સુખો ભોગવે તો છેડો આવે તેમ નથી. પદાર્થો નષ્ટ થાય તેમ નથી. એ જીવ સુખો ભોગવતા થાકી જશે પણ વસ્તુઓ ખૂટે તેમ નથી.

એવી જ રીતે હિંસા કરવી, જૂઠ બોલવું, ચોરી કરવી વગેરે અને મૈથુન સેવન કરવું, પરિગ્રહ-સંગ્રહમાં અનેક વસ્તુઓનો સંગ્રહ કરવો વગેરે કરતો જ જાય... તો સંસારમાં એકનો પણ અંત આવે તેમ નથી. ભલે ને અનંતીવાર ચોરી કરતો રહે, અથવા ભલેને અનંતીવાર મૈથુન સેવન કરતો રહે... સંસારમાં ક્યાં શું ખૂટે તેમ છે. અનંતાનંત જીવોનો અને અનંતાનંત વસ્તુઓનો બનેલો આ સંસાર છે. એમાં કંઇ જ ખૂટે તેમ નથી. માત્ર એ જીવનું આયુષ્ય જ મર્યાદિત સીમિત ઓછું પડે છે. આ જીવ અનેકવાર ચક્રવર્તી બનીને આવ્યો છ ખંડના રાજ-પાટ વૈભવો મેળવ્યા... અને ભોગવ્યા છતાં પણ મન હજી સુધી ધરાતું નથી. તૃપ્તિ થતી નથી. ઘણાં ઢગલાબંધ પદાર્થો એમને એમ ભોગવ્યા વિના મૂકીને આયુષ્ય પુરું થતા મૃત્યુ પામીને જીવ ચાલ્યો જાય છે. આવી રીતે કેટલા ભવો થયા? અનંતા જન્મો વીતિ ગયા. અનંતા જીવો આવી રીતે અનંતા ભવો કરે છે. અનંતા પદાર્થો ભોગવે છે. છતાં પણ ઇચ્છા પૂરી થતી નથી. અને અનંતકાળથી વસ્તુ અને વ્યક્તિ આ બંને નિમિત્તો અનંતીવાર ભોગવ્યા છતાં પદાર્થો-વસ્તુઓ અને વ્યક્તિઓ સંસારમાંથી સર્વથા લુપ્ત થઇ નથી. ખૂટી નથી. આજનું વર્તમાન જગત સર્વથા વસ્તુઓ અને જીવો વગરનું થઇ નથી ગયું. આ બધાની સામે પાપો કરવાના, કર્મો બાંધવાના અને કાળાંતરે ઉદયમાં આવે ત્યારે સુખ-દુઃખ ભોગવવાનું સતત ચાલ્યા જ કરે છે. એનો અંત નથી આવતો. આ છે સંસાર માર્ગ-કર્મજન્ય આ સંસાર માર્ગ પણ અનાદિ-અનંતકાલીન છે.

એની સામે મોક્ષમાર્ગ અર્થાત્ ધર્મમાર્ગ પણ અનાદિ અનંતકાલીન શાશ્વત છે. શાશ્વતનો અર્થ જ છે–"ત્રિકાળ-શાશ્વત" જેનું અસ્તિત્વ ત્રણે કાળમાં સદા રહે તે છે-શાશ્વત. મોક્ષમાર્ગ સ્વરૂપ આ ધર્મ પણ અનાદિ ભૂતકાળમાં હતો. વર્તમાનમાં પ્રચલિત છે. અને અનંત ભાવિમાં પણ રહેવાનો જ છે. અસ્તિત્વ સર્વથા લુપ્ત થવાનું નથી. ભરત-ઐરાવતાદિ ક્ષેત્રો જ્યાં આરાઓ પરિવર્તિત થાય છે ત્યાં ૧, ૨, અને ૬ઠ્ઠા આરામાં ધર્મ નથી રહેતો પણ... મહાવિદેહ ક્ષેત્રમાં જ્યાં સ્થિર-સ્થાયી સદા કાળ ચોથો જ આરો પ્રવર્તતો હોય છે ત્યાંથી જીવો સદા મોક્ષમાં જતા હોય છે. સદા કાળ ત્યાં તીર્થંકર પરમાત્માઓ સદેહે વિદ્યમાન હોય છે. અને સદાકાળ ત્યાં કેવળી ભગવંતો હોય છે. સદા કાળ ત્યાં સાધુ-સાધ્વીજી વિચરતા હોય છે. ચતુર્વિધ સંઘ ત્યાં

સદા-સતત હોય છે. માટે ત્યાં જીવો સદા મોક્ષમાર્ગ રૂપધર્મ પામતા હોય છે. આરાધતા હોય છે. અને મોક્ષે સદા જતા હોય છે.

ધર્મતીર્થની સ્થાપના તીર્થંકર અરિહંત પરમાત્મા કરે છે. ભૂતકાળમાં અનંતા તીર્થંકર ભગવંતો થઇ ગયા છે. અને ભાવિમાં પણ અનંત કાળ સુધી તીર્થંકર ભગવંતો થતા જ રહેવાના છે. જ્યારે-જ્યારે જે-જે તીર્થંકર ભગવાન થાય છે ત્યારે-ત્યારે તે તે તીર્થની સ્થાપના કરતા જ હોય છે. અચૂક કરે. ધર્મતીર્થ પ્રવર્તાવી ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. અને ધર્મમાર્ગ ચાલે છે. અનેક આત્માઓ આવો સુંદર આત્મ કલ્યાણકર ધર્મ આરાધીને મોક્ષે જતા હોય છે. આ રીતે પણ મોક્ષમાર્ગ સ્વરૂપ ધર્મશાશ્વત છે.

બીજી તરફ આત્મા નામક દ્રવ્ય અનાદિ-અનંત, અનુત્પન્ન-અવિનાશી સ્વરૂપી છે. તે પણ ત્રિકાળ શાશ્વત છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપાદિ બધા ગુણો પણ આત્મ દ્રવ્યની સાથે શાશ્વતપણે રહે છે. કારણ કે આ ગુણો આત્માથી અભિન્ન છે. અભેદપણે રહે છે. આ ગુણો અનુત્પન્ન છે. પાછળથી આવીને ઉત્પન્ન થતા નથી. તે ગુણોના સમૂહાત્મક પિણ્ડનું નામ જ આત્મદ્રવ્ય છે. માટે આ ગુણોનું અસ્તિત્વ આત્મા સાથે અનાદિ-અનંતકાળ સુધી રહેવાનું જ છે. સત્તા સ્વરૂપે સદાકાળ રહે છે. ફક્ત કર્મોના આવરણોથી આવરાય છે. અને તે જ આવરક કર્મોના ક્ષય થવાથી ફરી પ્રગટ થાય છે. આ રીતે આચ્છાદક કર્મો આત્મપ્રદેશો ઉપર છવાઇ જવાથી ગુણોનું ઢંકાવું, અને કર્મોના ક્ષય થવાથી ફરી નિવારણ થઇ પ્રગટ થવાની પ્રક્રિયા ચાલે છે. સર્વથા સર્વ કર્મોનો ક્ષય થઇ જવાથી સર્વ ગુણો પૂર્ણપણે વિકસિત થઇ જાય છે. આત્મા સિદ્ધ-બુદ્ધ-મુક્ત બની જાય છે. ગુણો શાશ્વત છે. ગુણો દ્રવ્ય વિના સ્વતંત્રપણે ક્યાંય રહેતા નથી માટે ગુણોની સાથે ગુણોનું આશ્રયભૂત-આધારભૂત દ્રવ્ય પણ શશ્વતસ્વરૂપે રહે છે. અને એ ગુણો ઉપર આવીને આવરક... આચ્છાદક બનીને રહેનારા કર્મોનો ક્ષય કરવા માટેનો માર્ગરૂપધર્મ પણ શાશ્વતપણે રહે છે. આવા ધર્મનું અસ્તિત્વ જો ત્રણે કાળમાં નિરંતર ન રહે તો જીવો કેવી રીતે મોક્ષ પામશે? જ્યારે જીવોનું મોક્ષે જવું પણ ત્રણે કાળમાં શાશ્વત સ્વરૂપે ચાલુ જ રહે છે. આ માર્ગ સદંતર બંધ થવાનો જ નથી. હા... આંતરૂં જરૂર પડે છે. થોડા કાળ માટે અંતર પડે... તો તે પણ ઉત્કૃષ્ટપણે ૬ મહિનાનું જ પડે છે. અઢી દ્વીપના ભરતાદિ પાંચે ક્ષેત્રોની ૧૫ કર્મભૂમિઓમાંથી જીવો મોક્ષે જાય છે. એમાં પણ ક્ષેત્ર અને કાળની બંને દૃષ્ટિએ વિચાર કરતા ભરત અને ઐરાવતના દશે ક્ષેત્રોમાં પરિવર્તનશીલ આરાઓવાળો કાળ છે. માટે ત્યાં ૬ આરાઓ ક્રમે-ક્રમે બદલાતા રહે છે. જ્યારે મોક્ષે જવા માટેનો મુખ્ય કાળ ફક્ત ત્રીજા આરાનો અંતિમ કાળ, અને ચોથો આરો આખો છે. ચોથો આરો ૧ કોડા કોડી સાગરોપમમાં ફક્ત ૪૨૦૦૦ વર્ષ ઓછાનો છે. જ્યારે ૧ ઉત્સર્પિણી અથવા ૧

અવસર્પિણીના છએ આરાઓનો મળીને કુલ કાળ ૧૦ કોડાકોડી સાગરોપમનો છે. અને બંનેનો મળીને ૨૦ કોડાકોડી સાગરોપમોનો છે. કરોડોને કરોડોથી ગુણતા જે આવે છે તેને કોડાકોડી કહેવાય છે. અસંખ્ય વર્ષોના પ્રમાણને સાગરોપમની સંજ્ઞા અપાયેલી છે. એમાંથી ફક્ત ૧ કોડાકોડી સાગરોપમ અને ત્રીજા આરાનો થોડો કાળ એ મળીને મોક્ષ યોગ્ય કાળ એ બધા કુલ કાળની સામે તો પ્રમાણમાં છે જ કેટલો?

પરંતુ એક અદ્‌ભૂત શાશ્વત વ્યવસ્થા છે– અઢીદ્વીપના પાંચે મહાવિદેહ ક્ષેત્રોમાં કાયમી ચોથા આરાની વ્યવસ્થા છે. ચોથા આરાનો સ્થિર કાળ છે. સદાકાળ ત્યાં ચોથો આરો જ વર્તે છે. આરાઓનું પરિવર્તન ત્યાં નથી થતું. ૬ આરાઓમાં મોક્ષે જવા યોગ્ય ચોથા આરાનો જ કાળ પ્રમુખપણે હોય છે. એવો ચોથો આરો પાંચે મહાવિદેહ ક્ષેત્રોમાં સદાકાળ હોય છે. આ શાશ્વત વ્યવસ્થા છે. કાળ-અને ક્ષેત્ર બંને મોક્ષગમન યોગ્ય મળ્યા હોય પછી તો પૂછવું જ શું? ક્ષેત્ર-કાળની યોગ્યતાની સાથે સાથે ત્યાં સદાકાળ વિદ્યમાન વિચરતા કેવળી ભગવંતો, ગણધર ભગવંતો, સાધુ-સાધ્વીજી શ્રમણસંઘ, અને ધર્મારાધના આદિ બધુ સદાકાળ રહે છે. આવી બધી સર્વોત્કૃષ્ટ કક્ષાની શાશ્વત વ્યવસ્થાના કારણે મોક્ષે જવાનું પણ ત્યાં શાશ્વત સ્વરૂપે ચાલુ જ રહે છે. જ્યારે આ સ્વરૂપથી સર્વથા વિપરીત-વિરુદ્ધ સ્વરૂપ-અહીંના ભરત અને ઐરાવત ક્ષેત્રોની વ્યવસ્થા છે. સદાકાળ શાશ્વતપણે ચોથા આરાના સ્થિરકાળની વ્યવસ્થા અહીં નથી. અહીં સદાકાળ તીર્થંકરભગવંતો, કેવળીઓ અને ગણધરભગવંતો, સાધુ-સાધ્વીજીઓ વિદ્યમાન-વિચારમાન નથી. સદાકાળ ધર્મ નથી. છ એ આરાઓ વારાફરતી બદલાતા-ક્રમે આવે-જાય છે. હાં, એમાં જ્યારે ત્રીજા આરાનો ઉત્તરાર્ધ અને ચોથો આરો આવે ત્યારે મહાવિદેહ ક્ષેત્ર જેવી જ બધી વ્યવસ્થા ટોચ કક્ષાએ પહોંચતી હોય છે. અહીં પણ ચૌવીશીના ૨૪ ભગવાન થાય છે. ફક્ત ૧ તીર્થંકર ત્રીજા આરાના ઉત્તરાર્ધમાં થાય છે. જ્યારે શેષ ૨૩ તીર્થંકરભગવંતો ચોથા આરામાં થતા હોય છે. એ વખતે કેવળીઓ, ગણધરો, સાધુ-સાધ્વીજીઓ બધા અહીં પણ લાખોની સંખ્યામાં થાય છે. બિલકુલ ટોચની કક્ષાએ ધર્મ આરાધાતો હોય છે. મોક્ષે ઘણાં જીવો જાય છે. પણ જ્યાં ચોથા આરાનો કાળ પૂરો થયો અને પાંચમો આરો શરૂ થયો કે પછી મોક્ષે જવાનું બંધ થઇ જાય છે. હાં, જે ચોથા આરામાં જન્મેલા મહાપુરૂષો હોય છે. એમાંના કોઇ વિશિષ્ટ કક્ષાના મહાત્માઓ પાંચમા આરાના પ્રારંભિક કાળમાં મોક્ષે જાય છે. પછી સર્વથા મોક્ષમાર્ગ બંધ થઇ જાય છે. જેવા કે આ અવસર્પિણી કાળમાં ભ. મહાવીરસ્વામીના નિર્વાણ પછી સાડા ત્રણ વર્ષે ચોથો આરો પૂરો થઇ ગયો. અને પછી પાંચમો આરો શરૂ થઇ ગયો. ગૌતમસ્વામી-સુધર્માસ્વામી જેવા ગણધર ભગવંતો અને અંતમાં શ્રી જંબુસ્વામી જેઓ ચોથાઆરામાં જન્મેલા વજ્રઋષભનારાચ સંઘયણ, તથા સમચતુરસ્ર સંસ્થાનવાળા હતા. તેઓ પાંચમાં આરાની

શરૂઆતના કાળમાં મોક્ષે સિધાવ્યા. બસ, ત્યાર પછીથી આજ દિવસ સુધી હજારો વર્ષોના કાળમાં કોઇ મોક્ષે નથી ગયા. આ રીતે ક્ષેત્ર અને કાળ પણ મોક્ષપ્રાપ્તિમાં કેટલા-સહાયક છે. તેનો ખ્યાલ આવે છે.

ઓઘદૃષ્ટિમાંથી યોગદૃષ્ટિ તરફ પ્રયાણ–

ઓઘદૃષ્ટિવાળા જીવોનું કલ્યાણ ક્યારેય નથી થતું. આવા જીવો સંસાર લક્ષી જ હોય છે. એમને સંસારના સુખો-ભોગો અતિશય ગમતા હોય છે. એટલે કલ્યાણની દિશાનું હજી કોઇ લક્ષ્ય જ નથી બન્યું. આ કલ્યાણનું લક્ષ્ય એક માત્ર યોગ દૃષ્ટિવાળા જીવોનું જ હોય છે. પરમગીતાર્થ યાકિની મહત્તરાસુનુ પૂ. હરિભદ્રસૂરિ મહારાજ યોગવિંશિકામાં ''**मोक्खेण जोयणाओ जोगो**'' પ્રથમ ગાથામાં જ યોગનું લક્ષણ આપતા જણાવે છે કે ''જે મોક્ષની સાથે આપણું જોડાણ કરી આપે તેને યોગ કહેવાય છે. સંસ્કૃતમાં ''યુજ્'' ધાતુ જોડાણ અર્થમાં પ્રસિદ્ધ છે. જોડવું અર્થ સ્પષ્ટ જણાવે છે કે એકનું બીજાની સાથે જોડાવું, જોડાણ થવું તેનું નામ છે યોગ. ''યુજ્'' ધાતુથી યોગ શબ્દની રચના થઇ છે. જોડાણ ક્યારે સંભવ છે? બેનું સ્વતંત્ર અસ્તિત્વ હોય તો જ. જો દ્વૈતભાવે બે વસ્તુઓ દ્રવ્યો-કે પદાર્થોનું સ્વતંત્ર અસ્તિત્વ જ ન હોય તો કોણ કોની સાથે જોડાય? ગમે તે ગમે તેની સાથે જોડાય તેને યોગ નથી કહ્યો? માત્ર–''જોયણાઓ જોગો'' એવી વ્યાખ્યા નથી કરી. પરંતુ ''મોકખેણ'' વિશેષણ-શબ્દ સાથે વાપર્યો છે. મોક્ષ શબ્દ સાથે વાપરીને અર્થ કરવાથી જ સાચો અર્થ થશે. મોક્ષ સ્થિર-સ્થાયી સ્વરૂપે છે. અનાદિ-અનંત શાશ્વત છે એની સાથે એનાથી વિરુદ્ધ-વિપરીત સ્વરૂપવાળો ચેતન-આત્મા જોડાય, જોડાણ કરે તે યોગ છે. વિરુદ્ધ-વિપરીત સ્વરૂપવાળો કહેવાનું તાત્પર્ય એ છે કે મોક્ષ સ્વરૂપથી ચેતન આત્માનું સંસારી સ્વરૂપ સર્વથા વિરુદ્ધ છે. માટે મોક્ષ અને સંસાર પરસ્પર એક-બીજાથી સર્વથા વિરુદ્ધ છે. બીજી બાજુ જીવ અહીં સંસારની અવસ્થામાં સંસારી છે. એવો સંસારી જીવ જ મોક્ષની સાથે જોડાણ કરશે. અને એ માટે ધ્યાન-યોગની સાધના કરશે. જ્યારે સંસારી ચેતનાત્મા મોક્ષ તરફનું લક્ષ્ય બનાવીને અને એકાગ્રપણે મન-વચન-કાયાના યોગો એકત્ર કરીને એકાકારતા લાવીને મોક્ષ સાથે જોડાશે ત્યારે યોગ કહેવાશે.

જો મોક્ષનું લક્ષ્ય જ ન રાખવામાં આવે તો આખો યોગનો હેતુ ખલાસ થઇ જશે. દ્વૈતભાવના આ બન્ને પદાર્થોમાં મોક્ષનાં અભાવે એક માત્ર સંસારી અવસ્થા જ રહે છે. તો પછી જીવ સંસારનું લક્ષ્ય રાખીને તેની સાથે જોડાણ કરવા જશે... પરિણામ સ્વરૂપે સંસારયોગ બની જશે. જોડાણ થવામાં કોઇપણ બે પદાર્થોને ભેગા કરીને જોડાણ સહયોગી દ્રવ્યની મદદથી જોડી શકાશે. દા.ત. ગુંદરથી કાગળ પણ ચોંટાડી શકાય છે. અને એ જ ગુંદરથી કાપડ પણ ચોંટાડી શકાય છે. કાગળની સાથે કાપડ

અને કાપડની સાથે કાગળ એમ ગમે તેની સાથે ગમે તે ચોંટાડી શકાય છે? એવી જ રીતે... લોખંડ ધાતુની સાથે પત્થર અને પત્થરની સાથે ઈંટ અથવા તાંબા-પીત્તળ પણ ચોંટાડી શકાય છે. એવી જ રીતે સંસાર પણ છે, અને મોક્ષ પણ છે. તમે કોની સાથે કોને જોડો છો તેના ઉપર આધાર છે. ગમે તેને ગમે તેની સાથે જોડવાથી, શુભ-યોગ નથી થતો.

શુભ-શ્રેષ્ઠ-સર્વોચ્ચ કક્ષાનો યોગ તો એક માત્ર સંસારી આત્માને મોક્ષની સાથે જોડાણ કરાવી આપવાથી જ થશે. તે સિવાય બિલ્કુલ સંભવ જ નથી. શેષ યોગો ઘણાં થશે. પરંતુ તે બધા નિમ્ન શ્રેણીના... અશુદ્ધ યોગો થશે. વિપશ્યનામાં માત્ર મનોયોગને કાયયોગની સાથે જોડાણ કરવામાં આવે છે. શ્વાસોચ્છ્વાસ કાયામાં (શરીરમાં) ચાલતી અખંડ પ્રક્રિયા છે. હઠયોગની ક્રિયાથી બળજબરી પૂર્વક મનને શ્વાસ ઉપર કેન્દ્રિત કરવું અને પછી ભાવ યોગને કાયા સાથે જોડવો જેનાથી કાયાની અંદર ચાલતી વેદના-સંવેદનાનો અનુભવ કરવો. શું આ પ્રક્રિયાને ધ્યાન સાધના કહી શકાશે? જેની આગળ મોક્ષ જેવા તત્ત્વની પ્રાપ્તિનું કોઈ લક્ષ્ય નથી, અને જેની પાછળ ધ્યાતા આત્મા ચેતન તત્ત્વનો પણ કોઈ વિચાર કરવાની વાત જ નથી. આ રીતે ચેતનાત્મા અને મોક્ષ બંને વિનાની માત્ર મનોયોગને કાયામાં સ્થિર કરવાની પ્રક્રિયાને કયા આધારે ધ્યાનસાધના પદ્ધતિ કહેવી? અને કયા સિદ્ધાંતના આધારે એને ધ્યાન કહેવું? એ વાત કોઈ રીતે પણ ગળે ઉતરતી નથી.

કાયામાં અખંડપણે રક્તપરિભ્રમણ ચાલતું જ હોય છે. એટલે એની ગતિના આધારે નાડી તંત્રમાં ધબકારા અખંડપણે ચાલવાના જ છે, ૨) હૃદય રક્ત પરિભ્રમણનું કેન્દ્ર કુંડ સમાન છે. નિરંતર શ્વાસોચ્છ્વાસના આધારે હૃદયનું સંકુચન-વિકાસ કાર્ય ચાલતું રહે છે. અને પરિણામે રક્ત પરિભ્રમણ-ધમનીઓ અને શિરાઓમાં ચાલુ જ રહે છે. અને એના આધારે હૃદયના ધબકારા અખંડપણે ચાલતા જ રહે છે. ૩) એવી જ રીતે શ્વાસોચ્છ્વાસની ક્રિયા પણ અખંડપણે ચાલતી જ રહે છે. શ્વાસોચ્છ્વાસના અંગ તરીકે મુખ્ય અંગ નાસિકા છે. નાકના બે ટેરવામાંથી એક તરફથી શ્વાસ આવે છે અને બીજી તરફથી જાય છે. અને શ્વાસ અંદર જવાથી પેટનું ફુલવું અને છોડવાથી પાછું અંદર જવું આ ક્રમ અખંડપણે ચાલતો જ રહે છે. જ્યાં સુધી મૃત્યુ ન આવે ત્યાં સુધી આ પ્રક્રિયા બંધ પડવાની નથી. આ તો થઈ કાયાની વાત.

બીજી તરફ મનના વિષયમાં પણ વિચાર કરતા સ્પષ્ટ લાગે છે કે—મન નિરંતર વિચારતંત્રમાં સંકળાયેલું છે. કદાચ રક્ત પરિભ્રમણની અને શ્વાસોચ્છ્વાસની જેટલી ગતિ-ઝડપ નહીં હોય એના કરતા હજાર ગણી ગતિ-ઝડપ મનના વિચારોની છે. આ અખંડ ગતિવાળા કાયાના સાધનો-માધ્યમો ઉપર મનને કેન્દ્રિત કરીને એકાગ્ર કરતા જવાથી ધ્યાન થઈ જશે? આ વાત કેટલી સાચી લાગે છે? હા... ચોક્કસ મન કાયા

ઉપર કેન્દ્રિત કરી શકાશે. અને કાયાની કોઇ પણ પ્રકારની અનુભૂતિ મન કરી શકશે. મનના વિચારો પણ ચાલ્યા જ કરશે. બધા જ વિચાર એક માત્ર કાયાના જ આવશે એ પણ સુનિશ્ચિત નથી. મનને સ્થિર કરવા માટે, થવા માટે શ્વાસ, રક્તપરિભ્રમણ આદિની સહજ સ્વાભાવિક ક્રિયા માધ્યમ બની શકશે, પરંતુ સ્થિર થશે તો અને કદાચ સ્થિરતામાં માત્ર કાયાના જ વિચારો કરતો રહેશે તો તે અશુભ આર્તની કક્ષાનું ધ્યાન થશે. જે કાયા જડ છે. પિંડ છે. એના બંધનમાંથી પણ છૂટવાનું છે. એના બદલે એમાંને એમાં જ સ્થિર થવાથી મન એના વિચારથી ઉપર ઉઠી નહીં શકે. તો એ ધ્યાન આત્મિકધ્યાન નહીં થાય. દૈહિક-કાયિક ધ્યાન થશે. પછી એવા ધ્યાનથી કર્મક્ષય કે મોક્ષની પ્રાપ્તિના લક્ષ્યની વાતો કરવી એ મૂર્ખતા ભરી રહેશે. જ્યારે અનિત્ય-નાશવંત-અને જડ પુદ્‌ગલના પિંડરૂપ આ દેહનું સર્વથા વિસ્મરણ કરીને આત્મા-પરમાત્મા, મોક્ષાદિમાં મન સ્થિર કરવાથી તદ્‌વિષયક ધ્યાન થશે. અને તેના નિમિત્તે મન દેહનું ભાન ભૂલીને આત્મા મોક્ષાકાર બનશે. તેમના જ્ઞાનની મસ્તીમાં મન મ્હાલશે. અને કર્મક્ષયનું પરિણામ આવશે. પરિણામે ધ્યેય અને ધ્યાતાની વચ્ચેનું અંતર ઘટશે. અલ્પકાળમાં ધ્યાતા-આત્મા ધ્યેયને પ્રાપ્ત કરી શકશે.

માટે માત્ર મન કાયાની વેદના-સંવેદનાને જોયા જ કરે... આવી પ્રક્રિયાને ધ્યાન કહી દેવું એ મોટી ભૂલ હશે? ભલે આવા લક્ષ્યવાળી અથવા આવી કરણીવાળી પ્રક્રિયાને કોઇ વિપશ્યના નામથી ઓળખતા હોય અથવા સંબોધતા હોય તો તેને પણ ધ્યાન સાધતા કેવી રીતે કહેવી? એ પ્રશ્ન વાક્ય છે. તેમ છતાં પણ સંસારના વ્યવહારમાં એની પણ પ્રચલિતતા છે. હા પ્રચલિતતા છે. એમાં કોઇ જ આશ્ચર્ય પામવા જેવું નથી. કારણ કે સંસાર ઘણોં વિશાળ છે. આ સંસારમાં મિથ્યા માર્ગ અને સમ્યગ્ માર્ગ બંને પ્રચલિત છે. સાચા હીરા છે તો એની સામે કાચના ટુકડાને ઘાટ ઘડીને નકલી હીરા તરીકે પણ વેચનારા ઘણાં છે.

સત્ય એટલું જ છે કે... આત્મા જે વખતે જે ધ્યેય રૂપ સાધ્ય પદાર્થનું ધ્યાન ધરે છે તે વખતે તેવા આકારવાળો બને છે. મન તો વિચાર વાહક માધ્યમ માત્ર છે. જ્ઞાનનું મુખ્ય કેન્દ્ર મન નથી. આત્મા છે. જ્ઞાનપ્રવાહિત કરવાની ક્રિયાનો કર્તા ચેતન-આત્મા છે. મુખ્ય આધારભૂત શ્રોત એ ચેતન આત્મા જ છે. મન નથી. મન તો માત્ર જડ-પુદ્‌ગલ પરમાણુઓનો બનેલો પિંડ છે. જે વિચારો કરવાની ક્રિયામાં સહાયક બને છે. સ્વયં એકલું મન પોતે વિચારી નથી શકતું. જો એમ આત્મા વિના પણ મન વિચારી શકતું હોય તો મૃતાવસ્થાના મડદાના શરીરમાં એકલું મન વિચાર કેમ નથી કરતું? મૃત શરીર (મડદા)માં પણ એકધારી વિચારધારા ચાલવી જોઇએ. પરંતુ સર્વ વિદિત સત્ય એ જ છે કે મૃત શરીર (મડદા)માં કોઇ વિચારધારા ચાલતી નથી. માટે સ્વતંત્રપણે મન જ વિચારો કરે છે. આ પક્ષ સર્વથા ખોટો છે. અસત્યથી ભરેલો છે.

ભ્રમણા છે. ભ્રાન્તિ છે. અજ્ઞાનથી ગઠિત છે. સાચુ જ્ઞાન જ તારક છે. અજ્ઞાન મારક છે.

ધ્યાતા કોણ? મન કે આત્મા?-

ધ્યાતા-ધ્યેય-અને ધ્યાનની આ ત્રિપદીમાં ધ્યાનને તો સાધનાની પ્રક્રિયા-પદ્ધતિ કહી છે. અને જેનું ધ્યાન કરવામાં આવે છે તે ધ્યેય સ્વરૂપ છે. જ્યારે ધ્યાનની ક્રિયાનો કર્તા ધ્યાતા કોણ? ધ્યાન કરનાર તો પાયામાં કેન્દ્રમાં અવશ્યપણે હોવો જ જોઈએ. તે વિના ધ્યાન થાય તેમ જ નથી. અને જો મનને ધ્યાતા તરીકે નક્કી કરવાનું હોય તો મનોવર્ગણાના જડ-પુદ્ગલ પરમાણુઓના જત્થામાંથી પિંડરૂપે બનેલ આ જડ મન સ્વયં ધ્યાતા કેવી રીતે બની શકશે. યાદ રાખો વિચારો જ્ઞાનાત્મક છે. જ્ઞાન-પ્રતિપાદન-સંપાદન કરનારા વિચારો છે. વિચારો સ્વ-પર ઉભયનો બોધ કરાવનાર છે. માટે જ્ઞાનાત્મક છે. હા... સારા... ખરાબ દ્રવ્ય વિશેષના કારણે જેવા સારા-ખરાબ વિચારો બન્યા હોય તેવા પ્રકારનું જ્ઞાન-બોધ થશે. જડ મનમાંથી જ્ઞાનનું ઝરણું ફૂટતું નથી. આદ્યસ્રોત તો એક માત્ર ચેતન-આત્મા જ છે. આત્માનો મુખ્ય ગુણ જ જ્ઞાન છે. આત્માના કેન્દ્રમાંથી જે જ્ઞાન પ્રગટ થાય છે. તેનો જ્ઞાનની તરંગોને ઝીલીને મન વિચાર કરવામાં વાહક સાધન બને છે. આ યથાર્થ સત્ય સર્વજ્ઞ પ્રણીત છે.

માટે આત્મા વિના ધ્યાન થઈ શકે જ નહીં. આત્માને ન માનનારા, અને માત્ર મન ને જ માનનારા, મતો કે પક્ષો, સંપ્રદાયો કે પંથો બિલ્કુલ મિથ્યા મતો છે. એમાં સાચા-સમ્યગ્ સત્યભૂત વિચારોની સંભાવના નથી. માટે વિપશ્યના જેવી પદ્ધતિમાં જ્યાં ધ્યેયનો પણ અભાવ છે અને ધ્યાતા-ચેતન-આત્માનો પાયામાં જ અસ્વીકાર છે. ત્યાં એ પદ્ધતિ ધ્યાનની પદ્ધતિ કેવી રીતે બની શકે? માટે વિપશ્યનાને ધ્યાન માર્ગ અથવા ધ્યાન સાધના કહેવામાં કહેનાર પોતાનું મિથ્યાત્વ પ્રગટ કરે છે. અંતિમ ધ્યેય મોક્ષ પ્રાપ્તિનું છે. અને અવાંતર ધ્યેયમાં મોક્ષાનુરૂપ કર્મક્ષયનું ધ્યેય રહે છે. પછી તે કર્મક્ષય પણ શા માટે? એનું કારણ શું છે? એના ઉત્તરમાં અંતે મોક્ષનું જ ધ્યેય બતાવવું પડે છે. સરવાળે ધ્યાન સાધનાના કેન્દ્રમાં મોક્ષના ધ્યેય વિના ચાલે તેમ જ નથી. અને આવા ધ્યેયની કોઈ વાત વિપશ્યના પદ્ધતિમાં આવતી જ નથી. અને આવા ધ્યેયને સાધવા માટે ધ્યાન કરનાર કર્તા તરીકે પણ જો આત્માને ન સ્વીકારવામાં આવે તો ધ્યાતાનું સ્થાન કોણ લેશે? ધ્યેય અને ધ્યાતા બંનેની ગેરહાજરી હોવા છતાં પણ શું વિપશ્યના આદિને ધ્યાન સાધના પદ્ધતિ કહી શકાય? કદાપિ સંભવ નથી.

બીજી તરફ ધ્યેય અને ધ્યાતા આ બંનેના વિષયમાં ગમે તે રીતે, ગમે તેમ મારી મચડીને મનને બેસાડી દેવા માત્રથી પણ તે સાચી પરિણામલક્ષી ધ્યાન સાધના પદ્ધતિ બની શકે તેમ નથી. શું સાધવું પડે? સાધ્ય શું છે? ''માનસિક શાંતિ'' જ જો સાધ્યરૂપે હોય... એટલું જ ધ્યેયરૂપે નિશ્ચિત કર્યું હોય તો એને અનુરૂપ માત્ર શ્વાસપર

કેન્દ્રિકરણ અથવા દેહની સંવેદનાઓ પર કેન્દ્રિત થવાની વિપશ્યના પદ્ધતિ બરોબર છે. બસ... એમાં માત્ર હઠયોગથી મનને શ્વાસાદિનું આલંબન આપીને સ્થિર કરી લેવાનું છે. અશાન્તિ, ઉદ્વેગ, ચિંતા-ટેન્શન આદિ દૂર કરવા પૂરતી જ આ પ્રક્રિયા રહેશે. કર્મક્ષય, મોક્ષપ્રાપ્તિ અથવા આત્માનુભૂતિ આદિ બીજા કોઇ પણ વિષય ને આ વિપશ્યના, અથવા અન્ય તેની સમકક્ષ બીજી કોઇ પણ ધ્યાનના લેબલ લગાડીને ઓળખાવાતી પદ્ધતિ હોય તે પણ કર્મક્ષય લક્ષી, અને મોક્ષપ્રાપક પદ્ધતિ તરીકે નો દરજ્જો પામી શકે તેમ નથી. આ બધી ક્ષુદ્ર પદ્ધતિઓ છે. ક્ષણિક માનસિક શાન્તિનો લાભ અપાવવા પૂરતી જ સહયોગી બની શકશે. બસ, તેની આગળ આધ્યાત્મિક લાભ, કર્મક્ષય, મોક્ષપ્રાપ્તિ, આત્મશુદ્ધિ-આત્મસિદ્ધિ આદિનો કોઇ પણ લાભ આપવામાં તે પદ્ધતિઓ સહાયક-સાધન બની શકશે નહીં.

જેવું સાધ્ય તેવો સાધક અને જેવી સાધના તેવો સાધક, આ બંને દૃષ્ટિએ વિચારણા કરતા સાધકની કક્ષા નક્કી થાય છે. સાધક વ્યક્તિ તરીકે કેવો છે? એ વાત જુદી છે. પરંતુ સાધક બનવાની કક્ષામાં બધા જ યોગ્યતાના પગથિયા ચઢીને આવ્યો હોય પછી તો સાધ્ય જ નક્કી કરવાનું બાકી રહે છે. સાધ્યને ઓળખવા માટે જ્ઞાન-દર્શનની પૂરતી જરૂરિયાત છે. સાધ્યનું સ્વરૂપ જ્ઞાન અને દર્શન ઉભય ગમ્ય છે. જ્ઞાન-દર્શન જો સમ્યગ્ સાવ સાચા હશે તો જ્ઞેય પદાર્થનો બોધ પણ સાચો થશે? અને એ સાચા સમ્યગ્ જ્ઞાનના આધારે સાધ્ય પણ સાચા અર્થમાં જ્ઞાનગમ્ય અને દર્શનગમ્ય બની શકશે. સાધ્ય મોક્ષનું, આત્મસ્વરૂપનું, આત્મગુણાનુભૂતિનું, પરમાત્માનું અથવા કર્મક્ષયનું જે પ્રકારનું નક્કી થશે તે પ્રકારે સાધક તેવી ભાવનાથી ભાવિત થશે. વ્યક્તિ માત્ર રૂપ-રંગ-શરીરથી સારો દેખાતો હોય તેને સારો કહેવો એ યોગ્ય નથી. રૂપ-રંગ-આકાર-પ્રકાર આદિ તો કૃત્રિમ પણ બનાવી શકાય છે. સૌંદર્ય પ્રસાધનના સેંકડો સાધનો આવે છે તેથી પણ શરીરને સજાવીને, શણગારીને દુનિયાને સારા દેખાડી શકાય છે. પરંતુ તે ક્ષણિક છે. પરિવર્તનશીલ છે. બાહ્ય નિમિત્ત માત્ર છે. જ્યારે સારામાં સારી ઉંચી કક્ષાના વિચારવાળા વ્યક્તિ ખરેખર સારા કહેવાય છે. જેની ભાવના ઉંચી હોય, જેના વિચારો વધુ ઉંચી કક્ષાના સારા હોય તેવો માણસ ચોક્કસ સારો કહેવાય છે. સારા વિચારોના સંસ્કારો સારા કહેવાય, સારા વિચારોના આધારે વાણી પણ સારી બને એવી રીતે વાણી-વર્તન-વ્યવહાર-વિચાર બધું જ સુધરી જાય. ભાવના જો ઉંચી કક્ષાની ભાવવામાં આવે તો આવો ભાવનાશીલ માણસ પણ સારો ઉચો કહેવાય. માટે સર્વોપરી શ્રેષ્ઠ કક્ષાનું સાધ્ય નક્કી કરવાથી સાધના પણ તેને અનુરૂપ નક્કી થશે. અને સાધનાને અનુરૂપ સાધન પણ સુનિશ્ચિત થશે. આ બધાના આધારે સાધકની ગુણવત્તા ઘણી ઉંચી વધશે.

વિપશ્યના સાધ્ય વિહોણી સાધના પદ્ધતિ છે. ધ્યાન માટે સાધ્ય મોક્ષનું-કર્મક્ષયનું

જે હોવું જોઈએ તે જરૂરી છે. અને જો સાચુ સાધ્ય જો લક્ષ્યમાં ન રહે તો સાધના થતી નથી. બાહ્ય શારીરિક અને માનસિક લાભોની સિદ્ધિ એ ધ્યાનની સિદ્ધિ નથી. આવા નિમ્ન શ્રેણીના લાભો ધ્યાન વિના બીજા અનેક માર્ગે પણ સંભવ છે. પરંતુ મોક્ષપ્રાપ્તિ, કર્મક્ષય, કૈવલ્યની પ્રાપ્તિ, આત્માનુભૂતિ આદિ સાધ્યોની ધ્યાન સાધનામાં જેવી ઉંચી કક્ષાની અનુભૂતિ-થાય છે એવી ધ્યાનસાધના વિના અન્યમાં ઘણી અસંભવ લાગે છે.

ધ્યાન કરનાર આત્મા છે. મન નથી. મન માધ્યમ છે. કર્તા આત્મા છે. ધ્યાન પણ એક પ્રકારની ક્રિયા છે. આ સંસારની બધી જ ક્રિયાઓનો કર્તા આત્મા છે. કર્તા અરૂપી-અવર્ણી, અમૂર્ત હોવાના કારણે દેખાતો નથી. દૃષ્ટિગોચર નથી થતો. પરંતુ ક્રિયાઓ આત્માને ઓળખવાના માધ્યમરૂપે છે. ઉંઘવા, બેસવા, ઉઠવા, ચાલવા, ફરવા ખાવા-પીવા, બોલવા-ચાલવા આદિની બધી જ ક્રિયા આત્મા વડે જ થાય છે. મુળભૂત રીતે બધી ક્રિયાઓનો કર્તા આત્મા જ છે. મન માત્ર આત્માની જ્ઞાન તરંગોને ઝીલવા માટે માધ્યમ છે. તે ઝીલીને વિચારરૂપે આત્માના જ્ઞાનને પ્રવાહિત કરે છે. પછી વચનયોગ તે જ વિચારોને ભાષારૂપે પ્રગટ કરે છે, અને કાયા તે રૂપે પ્રવર્તે છે. ત્યારે એક ક્રિયા થાય છે. મૃત શરીરમાંથી ચેતન-આત્મા નીકળી ગયો છે. જાણે પાંજરામાંથી પોપટ ઉડી ગયો હોય અને પાંજરૂ ખાલી પડ્યું હોય તેવી જ સ્થિતિ આત્મા વિનાના શરીરની છે. જો આત્મા ક્રિયાઓનો કર્તા ન હોય અને એકલું મન જ હોય તો આત્માની ગેરહાજરીમાં મને આ શરીરમાં રહીને હસવા-રડવા આદિની બધી ક્રિયાઓ કરવી જોઈએ. પરંતુ આજ દિવસ સુધી એક પણ મૃત શરીરમાં હસવા-રડવા આદિની કોઇ ક્રિયા દેખાણી નથી. થતી જ નથી. એટલું જ નહીં પણ કીડી-મકોડા, માખી-મચ્છર-ભમરા, તીડ-પતંગિયા, અળસીયા, જળો, ઉધઇ, આદિ વિકલેન્દ્રિય જીવો ચાલવા, ખાવા આદિની જે અને જેટલી ક્રિયાઓ કરતા હોય છે તેમને મન નથી. વિકલેન્દ્રિયો મન વગરના અસંજ્ઞી જીવો હોય છે. તો પછી મન વગર આ બધી ક્રિયાઓ કેવી રીતે થાય છે? ત્યારે સ્પષ્ટ છે કે મન ઘણાં જીવોમાં હોય છે અને નથી પણ હોતું. બે પ્રકારના જીવો છે. મનવાળા-સંજ્ઞી જીવો, અને મન વગરના અસંજ્ઞી જીવો. મનવાળા સંજ્ઞી પંચેન્દ્રિય જીવો મનવડે વિચારી શકે છે. જ્યારે મનવગરના અસંજ્ઞી જીવો વિચાર નથી કરી શકતા. એકેન્દ્રિયથી ચઉરિન્દ્રિય સુધીના બધા જીવો મનવગરના અસંજ્ઞીજીવો જ છે. પંચેન્દ્રિયની પ્રાપ્તિ પછી જ મન મળે છે. અને એમાં પણ પંચેન્દ્રિય જીવો મનવાળા અને મનવગરના એવા બંને પ્રકારના હોય છે. સંમૂર્છિમ પંચેન્દ્રિય મનુષ્યો પણ હોય છે. એમને મન નથી હોતું, પણ ઇન્દ્રિયો પાંચે પૂરી હોય છે. સંમૂર્છિમ હોવાના કારણે ફક્ત ૨ ઘડીનું જ આયુષ્ય હોય છે. અને સૂક્ષ્મતમ શરીર હોય છે. જેના કારણે દૃષ્ટિગોચર નથી થતા. આ રીતે યાદ રાખો, મન વગરના

અમનસ્ક જીવોની દુનિયા જ ઘણી મોટી છે. સંસારમાં મનવગરના અમનસ્ક જીવો અનંતા છે. જ્યારે એની સરખામણીમાં મનવાળા સમનસ્ક જીવો એના અનંતમાં ભાગના જ છે.

જો આત્માને મુળભૂત કર્તા ન માનવામાં આવે અને એને ભૂલીને માત્ર મનને જ કર્તા માનવામાં આવે તો કેટલું મોટું અનર્થ થશે? એકાંતે માત્ર મન ને જ સ્વીકારનારા મનવાદીઓ જ્યારે એકાંતે આત્માનો નિષેધ કરતા હોય છે. ત્યારે તેઓ આખા જગતની કોઇ વ્યવસ્થા બેસાડી નહીં શકે. જડ એવા મનનો સંચાલક કર્તા ચેતન આત્માને જ માનવો પડે એ વિના બીજો કોઈ વિકલ્પ નથી. અને નહીંતર વ્યવસ્થા જ નહીં બેસે. બીજી તરફ આત્માને માનીને પણ પાછો દેહરૂપ-શરીરને જ આત્મા માની લેવામાં આવે તો... બીજી અનર્થની મોટી પરંપરા સર્જાશે, અથવા-આત્માને માનીને પાછા અનિત્ય કે નાશવંત અથવા ક્ષણિક માનનારો એથી પણ વધારે અનર્થની પરંપરા સર્જે છે.

સર્વથા આત્માનું અસ્તિત્વ જ ન માનનારા ચાર્વાક મતવાદી નાસ્તિકો સંપૂર્ણપણે આત્માના અસ્તિત્વનો જ નિષેધ કરે છે. બીજી તરફ આત્મા શબ્દ વાપરીને આત્માને માનીને પણ સર્વથા ક્ષણિક-નાશવંત-અને શૂન્ય સ્વરૂપ સ્થાપનારા બૌદ્ધો બીજા પચ્છન્ન નાસ્તિકો જેવા જ છે. એટલે સરવાળે બંને મતો નાસ્તિક મત તરીકે જ ગણાય છે. આવા નાસ્તિકોને એક વાતની બરોબર ખબર છે કે આત્માને ન માનીએ એ બરોબર છે પરંતુ આ સંસારની બધી જ ક્રિયાઓનો કર્તા વગેરે કોને માનવો? સંસારમાં આત્મા થકી જેટલો અને જે જે વ્યવહાર સતત ચાલતો જ હોય છે તેને કોના નામે ખતવવો? કોના આધારે આ બધો વ્યવહાર ગોઠવવો? કોઈ તો આધારભૂત દ્રવ્ય જોઈએ. એક બાજુ આત્માનો નિષેધ કર્યો છે. તો પછી બીજી બાજુ એના વિકલ્પમાં કોઈ ન કોઈ પદાર્થને સ્વીકારવો પડશે. એ હિસાબે બે બાકળા બનીને મનને સ્વીકારી લીધું. મનને માનવામાં એમને કોઇ તકલીફ નહીં પડતી હોય એમ લાગે છે?

પરંતુ જે હેતુઓથી આત્માનો નિષેધ કરે છે તે જ હેતુઓ મનના વિષયમાં પણ એટલા જ બાધક બને તેમ છે. અદૃશ્યતા એ મોટામાં મોટું કારણ હોય તો મન પણ અદૃશ્ય જ છે. દૃશ્ય નથી. દૃષ્ટિગોચર થઇ શકવાની કોઇ શક્યતા જ નથી. બીજી બાજુ જે જે આધારભૂત પ્રમાણોં કે કારણોથી મનને સ્વીકારી શકાય છે. તેવા ઘણાં પ્રમાણો અને કારણો આત્માને માનવામાં પણ ઉપયોગી સિદ્ધ થાય તેમ છે. દા.ત. વિચાર કરવાની ક્રિયાના કારણે મનના અસ્તિત્વને માનવું બહુ સહેલું પડે છે તો આ વિચારોની ઉત્પત્તિમાં મુળભૂત આધાર આત્મા છે. આત્માના ધરાતલમાંથી જ વિચારો ઉદ્‌ભવે છે અને પછી મન એનું વાહક બને છે. આત્મા ઉપર લાગેલા કર્મોમાં ૮ વિભાગ છે. મોહનીય કર્મ રાગ-દ્વેષ-મોહ-મમતા આદિની ઇચ્છાઓ જગાડે છે અને

એ કર્મના ઉદયરૂપ ઉદ્‌ભવતી તરંગોને ઝીલીને મન વિચાર વાહકતાનું કામ કરીને બહાર ફેંકે છે. આ વિચારો કરવામાં સહાયક સાધન માત્ર મન છે. દા.ત. જેમ વિજળીની ઉત્પત્તિ ઉર્જામથકે થાય છે. ઉત્પન્ન થયેલી વિજળીને પ્રવાહિત કરીને ચારેબાજુ પહોંચાડવામાં સહાયક સાધન તરીકે તાંબાના વાયર (કેબલ) વાહક સાધન તરીકે કામ કરે છે. એ વાયર વિજળીના ઉત્પાદક નથી. તેમ છતાં તેવા માની લેનાર મોટી ભૂલમાં-ભ્રમણામાં છે એમ મનાશે. એવી જ રીતે આત્મા પોતે વિચારોની ઉત્પત્તિનું મૂળ સ્રોત છે. અને વાયરની જેમ જડ મન વિચારોનો વાહક બને છે. જડ હોવાને કારણે પોતે વિચારોની ઉત્પત્તિ કરનાર આદ્યસ્રોત નથી.

શું આવા મનને માની તેને શૂન્ય-ક્ષણિક-નાશવંતનો સિદ્ધાંત લાગુ પાડવામાં આવશે કે નહીં? જો આત્મા જેવા ત્રિકાળ શાશ્વત ચેતન દ્રવ્ય માટે બૌદ્ધમતવાદિઓએ ક્ષણિક-શૂન્ય અને નાશવંતનો સિદ્ધાંત લાગુ પાડીને એ ચેતન દ્રવ્યનો પણ નિષેધ કરી દીધો અને પરિણામે ધર્મ, ધ્યાન અને મોક્ષાદિની સાધના રૂપી વર્તુળમાં કેન્દ્રસ્થાને જે હતો, એના બદલે એનું અસ્તિત્વ જ ઉડાડી દીધું અને અનાત્મવાદી બની ગયા છે એવા બૌદ્ધો શું આત્માના સ્થાને વિકલ્પરૂપે મનને બેસાડે છે. અને એ મનને મુખ્ય માનીને આગળ વધે છે અને એવા બૌદ્ધ દર્શનના પાયાના સિદ્ધાંત ઉપર ઉભા રહેલા વિપશ્યના ધ્યાન સાધના પદ્ધતિવાળા શું મન માટે પણ એ જ ક્ષણિક-શૂન્ય અને નાશવંતપણાનો સિદ્ધાંત નહીં અપનાવે? અને જો અપનાવશે તો જેમ આત્માના વિષયમાં બૌદ્ધો અનાત્મવાદી બન્યા તેવી જ રીતે શું મનના વિષયમાં અમનવાદી નહીં બને? શું મનને એ સિદ્ધાંત લાગુ ન પાડી નેં એને ત્રિકાળ ધ્રુવ માની લેશે? ના... સંભવ નથી. બૌદ્ધો કોઇ પણ દ્રવ્યનું ધ્રુવપણાનું અસ્તિત્વ સર્વથા માનવા તૈયાર નથી. માટે બધા જ દ્રવ્યોનું મુલ્યાંકન ક્ષણિક-શૂન્ય અને નાશવંતના પાયાના સિદ્ધાંતના આધારે જ કરે છે.

આવી રીતે બધા પદાર્થોનું મુલ્યાંકન અને સ્થાપના આ ક્ષણિક-શૂન્ય અને નાશવંતના સિદ્ધાંતોથી કરનારા બિચારા બૌદ્ધોને એ ક્યાં ખ્યાલ છે કે આ ત્રણે સિદ્ધાંતો જ પહેલા પાયામાં જ સાચા નથી. પરસ્પર વિરોધાભાષી દેખાતા આ ત્રણે શબ્દોમાં મેળ કેવી રીતે બેસે?

ક્ષણિકવાદ અને શૂન્યવાદનું વિરોધાભાસીપણું-

બૌદ્ધ દર્શને પાયામાં માનેલો સ્વીકારેલો શૂન્યવાદ છે. શૂન્યવાદ અભાવસૂચક અર્થમાં છે. "સર્વં શૂન્યં" આ તથાગત બુદ્ધના સિદ્ધાંતને સર્વોપરિ માનવામાં આવે છે. બોધિપ્રાપ્ત બુદ્ધે ૧) સર્વં શૂન્યં, ૨) સર્વં ક્ષણિકં, ૩) અને સર્વં અનિત્યંના સિદ્ધાંતોની ત્રિસૂત્રી જગતને આપી છે. અને એના પાયાના સિદ્ધાંત ઉપર બૌદ્ધ ધર્મ રચાયો છે.

અને એ પાયાના સિદ્ધાંતો ને અનુસરીને વિપશ્યનાની સાધના પદ્ધતિને ધ્યાન સાધનાનો ઓપ-આપવામાં આવ્યો છે. બીજી બાજુ આવી ત્રિસૂત્રીમાં "સર્વ" શબ્દનો પ્રયોગ કરીને સમસ્ત-અખિલ બ્રહ્માંડના ૧ પણ પદાર્થને બાકી નથી રાખ્યો. ગાય, ભેંસ, કૂતરા, બિલાડા હાથી, ઘોડા, વાઘ, અને સિંહ બધાને એક જ લાકડીએ હાંકવામાં ડહાપણ માની લીધું છે. શું આ સંસારના બધા પદાર્થો એક સરખા જ છે? એક જેવા જ છે? શું દ્રવ્ય સ્વરૂપ એક સરખું છે? અથવા શું ગુણ સ્વરૂપમાં બધા એક સરખા છે? અથવા શું પર્યાય સ્વરૂપમાં એક સરખા છે? અથવા શું એકથી બીજા દ્રવ્યની રચના-એના ગુણધર્મો, અને એમના સ્વરૂપ આદિમાં કશાયમાં કોઇ જ તફાવત નથી? અથવા શું આ પદાર્થો પોતાના વાસ્તવિક સ્વરૂપમાં જેવા છે તેવા સ્વરૂપે ઓળખવામાં ઓળખનારે ભૂલ ખાધી છે કે શું? શું ઓળખનારનું જ્ઞાન બરોબર સાચુ-પાકું હતું કે નહીં? એના ઉપર શંકા જાય છે. કારણ કે પદાર્થોની આવી પ્રરૂપણા કરનાર જ એના મુળભૂત કારણરૂપે છે. માટે એમના ઉપર છેલ્લી શંકા જાય એ સ્વાભાવિક છે.

શું કરવું? માત્ર ભગવાન હોવાના નાતે બુદ્ધને શ્રદ્ધાના ભાવથી સ્વીકારીને બસ પછી તો તે જે કહે તે આંખો મીચીને માની લેવાનું જ છે? કે પછી પદાર્થનું જે પોતાનું વાસ્તવિક સ્વરૂપ હોય તે પ્રમાણે માનવું? શું પદાર્થનું પોતાનું મુળભૂત સ્વરૂપ જેવું હોય તેવું ભગવાનને ન દેખાય, ન જણાય અને આ ભુલના કારણે ભગવાન પદાર્થ છે એના કરતા વિપરીત રીતે પ્રરૂપણા કરીને જગતની સમક્ષ જ્ઞાનસ્વરૂપે રજૂઆત કરી દે તો શું એવા ભગવાનની ભૂલના ભોગ સંસારના બધા જીવોએ બનવું જરૂરી છે? અને આવી ખોટી પ્રરૂપણા કરવાની ભયંકર ભૂલ કરનારા ભગવાને પાછા સર્વજ્ઞ તરીકે નવાજીને એમના કહેવા પ્રમાણે સંસારના બાહ્ય જીવોએ એ ભૂલના ભોગ બનીને પદાર્થોને હોય તેના કરતા વિપરીત સ્વરૂપે માનીને ઉંધી દિશામાં ચાલવાની ભૂલ કરવી ક્યાં સુધી વ્યાજબી છે? સત્ય સ્વરૂપને સમજવા જતાં મૂળ કારણ સુધી પહોંચતા ભગવાન પણ ભેગા આવી જાય છે. માટે ભગવાનને માત્ર શ્રદ્ધાના આધારે જ માનવા કરતા જ્ઞાનના આધારભૂત પાયાના આધારે માનવામાં વધારે ડહાપણ છે. ચોક્કસ ભગવાનને ભગવાન તરીકે શ્રદ્ધાથી માનવાના છે. એમાં બે મત નથી પરંતુ દાર્શનિક ક્ષેત્રમાં એમની પ્રરૂપણાના તત્ત્વોની સત્યતા ને જ્ઞાનના આધારે સ્વીકારવાની છે. માટે ભગવાનની ભગવત્તામાં સર્વજ્ઞતા વગેરેના વિશેષણો ઉમેરાય છે. એમના ગુણ તરીકે છે માટે ઉમેરાય છે. જો ભગવાન સર્વજ્ઞ છે અને સર્વજ્ઞતાના આધારે પદાર્થોના ચરમ સત્ય સ્વરૂપની પ્રરૂપણા કરી હોય તો ભૂલ બિલકુલ ન કહેવાય. કારણ સર્વજ્ઞ ભૂલ કરે જ નહીં. તેમ છતા જો પદાર્થોનું યથાર્થ સ્વરૂપ ચરમ કક્ષાના સત્ય જેવું ન હોય તો ભગવાનમાં ભૂલની શંકા સ્વાભાવિક છે.

અથવા પછી ભગવાને કહ્યું હોય એના કરતા પણ એમના અનુયાયિઓ કાળાંતરે સાંપ્રદાયિક રાગ-દ્વેષના મોહપાશમાં બંધાઈને સ્વમતિ કલ્પનાના અસંત્યાંશનું મિશ્રણ મુળભૂત પદાર્થોના સ્વરૂપમાં કરીને પણ પરંપરામાં વહેતા મૂકતા હોય એવી સંભાવના પણ નકારી કાઢી શકાતી નથી. પરંતુ આનો નિર્ણય સંપ્રદાયવાદિઓએ કરવાનો છે. સંસારના બધા લોકો... બુદ્ધવચનને શ્રદ્ધાના આધારે માને એ સંભવ પણ નથી. પરંતુ બૌદ્ધેતર પ્રજા પણ જો બુદ્ધ વચનના આધારે દ્રવ્યો-પદાર્થોનું વાસ્તવિક યથાર્થપણું જ્ઞાનના આધારે ચરમ સત્ય સ્વરૂપે જાણશે સમજશે તો પણ લોકોના માનસ પટલ પર બુદ્ધ પ્રત્યે માન સન્માન જાગશે. માટે પદાર્થોની પ્રરૂપણા સાચી હોવી ખૂબ જરૂરી છે. જે ચરમસત્યની યથાર્થતા સર્વજ્ઞ મહાવીરની પ્રરૂપણામાં મળે છે.

યાદ રાખો, મહાવીરે સર્વં ક્ષણિકં, અથવા સર્વશૂન્યં અને સર્વં અનિત્યંની વાત નથી કરી. આવી પ્રરૂપણા નથી કરી... આપણા જેવા સર્વ સામાન્ય માણસો બુદ્ધ અને મહાવીર બંનેમાં જ્યારે સર્વજ્ઞપણું જુએ ત્યારે બંનેને એક સરખા નવાજે કે નહીં? હા શ્રદ્ધાનો પ્રશ્ન આવે ત્યારે ઠીક છે કે બંનેને એકસરખા સર્વજ્ઞ સ્વરૂપે માની લે... પરંતુ જ્ઞાનની કસોટી ઉપર પારખવાના હોય ત્યારે બંને એ પદાર્થો-દ્રવ્યો અને સમસ્ત અખિલ બ્રહ્માણ્ડનું જે સ્વરૂપ વર્ણવ્યું છે, જેવું સ્વરૂપ અને વ્યવસ્થાની પ્રરૂપણા કરી છે તેના આધારે તુલના કરીને માનવા પડે છે. શું સર્વજ્ઞપણું બંને ભગવાનોમાં એક સરખું હોવું જોઈએ કે નહીં? સંસારનું સ્વરૂપ, અને આ સંસારના પદાર્થોનું સ્વરૂપ તો જે છે તે છે જ. એમાં પરિવર્તન થવાનું નથી. તો શું સર્વજ્ઞપણું જુદું જુદું હોય છે? આત્મ સ્વરૂપ સંસારના સર્વ જીવોનું એકસરખું સમાન જ હોય છે. આત્માના જ્ઞાનાદિ ગુણોનું સ્વરૂપ પણ એક સરખું સમાન હોવા છતાં પણ શું સર્વજ્ઞપણામાં ફરક પડી શકે? મહાવીર અને બુદ્ધ બંનેનું સર્વજ્ઞપણું એક સરખું કેવી રીતે માનવું? મહાવીર પોતાના સર્વજ્ઞપણાના આધારે... અખિલ બ્રહ્માંડરૂપ સંસારના સર્વ પદાર્થો પ્રત્યે ત્રિપદીનું સૂત્ર બાંધે છે. એ જ સિદ્ધાંત બને છે એ છે "ઉત્પાદ-વ્યય-ધૌવ્ય. સંસારના સમસ્ત પદાર્થો-દ્રવ્યો ઉત્પન્ન થવાના સ્વભાવવાળા છે, વ્યય-નષ્ટ થવાના સ્વભાવાળા છે અને ધ્રુવ-નિત્ય રહેવાના સ્વભાવવાળા છે. દ્રવ્ય-ગુણ અને પર્યાય આવી ત્રણ અવસ્થા છે. ગુણ-પર્યાયાવસ્થામાં ઉત્પાદ-વ્યય થતો હોય છે. જ્યારે પરમાણુ સ્વરૂપે પણ મુળભૂત દ્રવ્ય ધ્રુવ-નિત્ય રહે છે. આવી ત્રિપદીની વ્યવસ્થા સર્વજ્ઞ શ્રી મહાવીર પરમાત્માએ પ્રરૂપી છે.

જ્યારે બુદ્ધ જે પોતાને બોધિપ્રાપ્ત સર્વજ્ઞ જ માને છે. તે એમાંથી ધ્રુવપણાનો-નિત્યતાનો પક્ષ કાઢી નાંખે છે. અને એકમાત્ર ઉત્પાદ-વ્યયનું જ સ્વરૂપ માને છે. એ બંનેમાં પણ મુખ્યપણે વ્યયનું સ્વરૂપ વધારે માને છે. ભાર આપીને સર્વં અનિત્યં, સર્વં ક્ષણિકં કહે છે. સર્વ શબ્દથી બધા જ પદાર્થોને એક સરખા અર્થમાં અનિત્ય-

ક્ષણિક-નાશવંત કહી દીધા છે. આત્મા નામક ચેતન પદાર્થમાં અથવા જડ પુદ્‌ગલ પદાર્થમાં પણ ભેદભાવ કરવા તૈયાર નથી. પરિણામે જડ-પુદ્‌ગલ પદાર્થને પણ નાશવંત અને ક્ષણિક જે રીતે કહ્યા છે, તે જ રીતે ચેતન આત્મ પદાર્થને પણ ક્ષણિક નાશવંત માની લીધો છે. બધાને એક સરખા જ ગણ્યા છે. જે વાસ્તવમાં નથી. સર્વં શબ્દનો પ્રયોગ કરીને બધાને એક સરખા ગણી દીધા છે.

કમ સે કમ બૌદ્ધોએ એટલો તો વિચાર કરવો જોઇતો હતો કે જો મુળભૂત અસ્તિત્વની દૃષ્ટિએ પદાર્થ-દ્રવ્ય નિત્ય નહીં હોય તો ક્ષણિક કે નાશવંત અનિત્ય કેવી રીતે રહેશે? નિત્ય પદાર્થોનું જ અસ્તિત્વ જગતમાં રહે છે. અને નિત્ય-પદાર્થ એને જ કહેવાય કે જે ત્રણે કાળમાં એક સરખો ટકી રહે. ભૂત-વર્તમાન-અને ભવિષ્ય ત્રણે કાળમાં એક સરખું અસ્તિત્વ રહે તો જ નિત્ય-ધ્રુવ કહેવાય છે. ધ્રુવ સત્તાના આધારે જ ઉત્પાદ-વ્યય સંભવશે. અન્યથા નહીં. દા.ત. જો સોનું મુળભૂત દ્રવ્ય જો નિત્ય નહીં રહે તો પછી એકવાર ચેન, અને બીજીવાર બંગડી, ત્રીજીવાર વીંટી વગેરે પર્યાયોની ઉત્પત્તિ અને વ્યય કેવી રીતે થશે? ગુણ-પર્યાયનો આધાર દ્રવ્ય ઉપર છે. દ્રવ્ય વિના ઉત્પાદ-વ્યયના બંને પર્યાયોનું ટકવું સંભવ નથી. એવી જ રીતે આત્મનામક ચેતનદ્રવ્યનું અસ્તિત્વ ત્રણેકાળમાં શાશ્વતપણે રહેશે તો જ મનુષ્ય-પશુ-દેવતા-નારકી તરીકેની પર્યાયો બદલાતી રહેશે. પરંતુ આત્મા દ્રવ્યના અભાવે દેવ-મનુષ્યાદિની પર્યાયો કેવી રીતે રહેશે? કોના આધારે રહેશે? ''मूलं नास्ति चेत् कुतो शाखा?'' આ કહેવત અનુસારે જેનું મૂળ જ નથી તો પછી તે વૃક્ષ કે અને તેની શાખા ડાળ-વગેરેનો વિચાર કરવાનું પણ શી રીતે યોગ્ય ગણાય? એવી જ રીતે આત્મા દ્રવ્ય વિના જન્મ-મરણ અને દેવ, નારકી કે મનુષ્ય, પશુ, પક્ષી આદિની પર્યાય માનવાનું પણ કેવી રીતે યોગ્ય ગણાય?

તેમ છતાં પણ બૌદ્ધોએ આ સર્વં ક્ષણિકં સર્વં શૂન્યં સર્વં અનિત્યંની ત્રિસૂત્રીની વ્યવસ્થા બેસાડીને ઘોષણા કરી દીધી અને આજ સુધી ઢોલ વગાડી-વગાડીને ઘોપણા કરતા જ જાય છે. સર્વ શબ્દનો પ્રયોગ કરીને જડ-ચેતન બધા પદાર્થોને એક સરખા અનિત્ય કહી દીધા છે. જ્યારે દ્રવ્યો-પદાર્થોના સ્વરૂપની વાસ્તવિકતા, યથાર્થતા એવી નથી. હા પુદ્‌ગલ દ્રવ્યના પૌદ્‌ગલિક પદાર્થોમાં ઉત્પાદ-વ્યય બહુ ઝડપથી થાય છે. પરંતુ બૌદ્ધોએ બુદ્ધમાં જો બોધિસત્વનું સર્વજ્ઞપણું માન્યું છે તો તેમના પૌદ્‌ગલિક પદાર્થમાં મુળભૂત પરમાણુઓની નિત્યતાનું ભાન પણ અવશ્ય થવું જ જોઇતું હતું. પરંતુ નથી થયું એ વાત એટલી જ સ્પષ્ટ જણાય છે.

સર્વં શૂન્યં કહ્યા પછી બધાનો અભાવ સૂચવે છે. કોઇનું અસ્તિત્વ નથી. કંઇ છે જ નહીં. આ તો માત્ર સ્વપ્નવત્ છે. જેમ સ્વપ્નમાં જે દેખાય છે તે આંખ ઉઘડ્યા પછી કંઇ રહેતું જ નથી. નિરર્થક મિથ્યા છે. એવી જ રીતે કંઇ છે જ નહીં. આવી

પણ વિચારણા કરવામાં આવી છે. સર્વ શબ્દથી વાચ્ય એવી બધી જ વસ્તુઓ જો અભાવાત્મક જ હોય–શૂન્યવત્ જ હોય તો પછી ક્ષણિક કે નાશવંત અથવા અનિત્ય કેવી રીતે હોય? પહેલા પદાર્થોનો અભાવ સૂચવવો અને પછી એને ક્ષણિક-નાશવંત-અનિત્ય કહેવું ક્યાં સુધી ઉચિત કહેવાય? ક્ષણિક અને અનિત્ય, પદાર્થ હોય એ પછીની અવસ્થાની વાત છે. નિત્ય અથવા અનિત્ય એ ગુણ-દોષો છે. એ દ્રવ્ય નથી એવી જ રીતે ક્ષણિક અર્થાત્ ક્ષણજીવી હોય કે દીર્ઘજીવી અથવા શાશ્વત હોય એ પણ કાળ સાપેક્ષિત અવસ્થા વિશેષ છે. ગુણ-દોષાત્મક છે. જ્યારે મૂળ દ્રવ્ય હોવો જરૂરી છે. દ્રવ્યના આધારે ટકનારા આ નિત્યાનિત્યાદિ ગુણ-દોષો છે. દ્રવ્ય જ જો ન હોય, દ્રવ્યનો જ સર્વથા અભાવ હોય, અસ્તિત્વ જ ન હોય, તે સર્વ શૂન્યસ્વરૂપ હોય તો પછી ક્ષણિક કે નાશવંત અથવા શાશ્વત, નિત્ય-અનિત્ય આદિ ગુણ દોષાત્મક અવસ્થાનો વિચાર કરી શકાય. પરંતુ દ્રવ્યના અસ્તિત્વના અભાવમાં જ નિત્યાનિત્યાદિ, ક્ષણિક, નાશવન્તાદિનો વિચાર કેવી રીતે થઈ શકે? સંભવ જ નથી તો પછી અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે બોધિપ્રાપ્ત એવા તથાગત બુદ્ધે આ બધુ કયા આધારે કહી દીધું? ભલે એ ભગવાન હોય! ના નથી. ભગવાનનું કહ્યું માનવું જોઈએ. એ વાતમાં પણ ના નથી. પરંતુ શું પરસ્પર વિરોધાભાસી નિવેદનો ભગવાન કરે ખરા? વાસ્તવમાં જે સત્ય સ્વરૂપ પ્રત્યક્ષસિદ્ધ હોય, સર્વ જન સિદ્ધ હોય તેને પણ શું વિકૃત-વિપરીત કરીને કોઈ પણ ભગવાન કહે તો કેવી રીતે માનવું? ભલેને મહાવીર સ્વામી કે પાર્શ્વનાથ વગેરે ભગવાનો હોય તો પણ તેમનું વચન પણ જો સત્યથી વિપરીત જતું હોય, તો કેવી રીતે માનવું? જ્યારે The God is truth & the truth is God સત્ય જ ભગવાન છે, અને ભગવાન જ સત્યસ્વરૂપ છે તો પછી બંનેમાંથી કોઈને છૂટા પાડવાનો પ્રશ્ન જ ક્યા રહ્યો? માટે સર્વજ્ઞ ભગવાન પણ જગતમાં શાશ્વત સત્ય હોય છે તે જ જાણે અને જૂએ છે અને પોતાના કેવળજ્ઞાનથી સમ્યગ્ રીતે જોયા અને જાણ્યા પછી વીતરાગ ભાવથી આપણા જેવા સામાન્ય સંસારી જીવોની આગળ રજૂઆત-કથન કરે છે. માટે સત્ય સ્વરૂપ અને સત્યસ્વરૂપ રજૂ કરનારા ઉભય સમાન અર્થમાં સ્વીકાર્ય ઠરે છે. હકીકતમાં પ્રભુની મોટામાં મોટી કીંમત ચરમ સત્યનું સ્વરૂપ કહેવામાં છે. હકીકતમાં આ બ્રહ્માંડમાં જે અને જેવું સ્વરૂપ પરમાત્મા જૂએ એવું અને એ જ સ્વરૂપની આપણા જેવા સામાન્ય કક્ષાના સંસારી જીવો આગળ રજૂઆત કરવામાં પરમાત્મા શા માટે ભેદ-ભાવ કરે? શું હજી ભગવાનને સ્વાર્થી સમજવા છે?

આ પ્રમાણે જો ખરેખર ભગવાનને પણ સ્વાર્થ હોય તો તેમને ભગવાન કેવી રીતે કહેવાય? ભગવાન અને સ્વાર્થપણું પરસ્પર વિરુદ્ધ છે. જે સ્વાર્થી હોય તે માણસ હોઈ શકે, પરંતુ ભગવાન તો નહીં અને ભગવાન હોય તે કોઈ કાળે સ્વાર્થી ન જ હોય. વીતરાગ ભાવથી માત્ર યથાર્થ ચરમસત્ય સ્વરૂપ જ વર્ણવાનું કર્તવ્ય છે તેમનું

અને જો આ વ્યાખ્યાના વર્તુળમાંથી ભગવાન બહાર નીકળી જતા હોય તો પછી ચોક્કસ તે ભગવાન ન જ કહેવાય. જો કહેવાય તો પછી સામાન્ય માણસ અને ભગવાનમાં કંઈજ તફાવત નહીં રહે.

બીજી બાજુ એવા ભગવાનને સર્વજ્ઞ-કેવળી અથવા બોધિસત્વ પામેલા-ધારક પણ ન જ કહેવાય અને જો સર્વજ્ઞપણું કાઢી નાંખો તો ભગવાનનું સ્વરૂપ રહે શું? તો તો પછી આપણે સર્વજ્ઞપણા વગરના અને સ્વાર્થવૃત્તિવાળા હાજર જ છીએ. સારૂ છે આપણા જેવા સામાન્ય માનવીને પણ ભગવાન તરીકે નવાજીને વ્યવહાર કરો તો પણ ચાલશે. પરંતુ ના એવું 'ન ભૂતો ન ભવિષ્યતિ' અર્થાત્ નથી બન્યું કે નથી બનવાનું. સર્વજ્ઞ વીતરાગીને જ ભગવાન કહેવાયા છે. આપણા જેવા ને નહીં, આપણા જેવાને ભગવાન કહેવાથી અનર્થની પરંપરા સર્જાઇ જશે અને અસત્યનું સામ્રાજ્ય જામી જશે.

રાતના ૧૨ વાગે આઇસ્ક્રીમ ખાનારા પણ સામાન્ય માણસો કહે કે હું ભગવાન છું, મહાવિદેહમાંથી અહીં આવ્યો છું, અને ખાસ સીમંધરસ્વામીએ મને મોકલ્યો છે. જા... ભરતક્ષેત્રના માનવીઓને કેવળજ્ઞાનની લ્હાણી કરજે... ત્યાં કળીયુગ છે માટે તું જઇને લોકોનો ઉદ્ધાર કરવા માંડ. એટલે આ ભાઇને પૂછવાનું મન થયું કે સાહેબ હું ભારતમાં જાઉં તો ખરો પણ ઉપકાર કેવી રીતે કરૂં? કેવળજ્ઞાનની લ્હાણી કેવી રીતે કરી શકું? એના ઉત્તરમાં સીમંધરસ્વામીએ કહ્યું કે તું પગ લાંબા કરીને બેસજે અને જે જે માણસો તારા પગના અંગૂઠે માથુ ટેકીને બેસશે તેમને કેવળજ્ઞાન થતું જ રહેશે બસ, તારા પગના અંગૂઠામાંથી કેવળજ્ઞાન પ્રવાહિત થતું થતું સંક્રમિત થઇને બીજામાં જતું જ રહેશે અને આ રીતે હજારો લાખો લોકો કેવળજ્ઞાન પામતા જશે.

આવી તદ્દન હલકી કક્ષાની વાતો કરીને પણ હજારો લોકોને ભોંળવીને પોતે ભગવાન તરીકે પૂજાવાની મહત્ત્વાકાંક્ષા સંતોષનારા પટેલિયા પણ આજના કળીયુગમાં થઇ ગયા છે. અરે! એ થયા એમાં નવાઇ નથી. પરંતુ એવા ધૂતારાને પણ ભગવાન માનનારા લોકો કઇ કક્ષાના મૂર્ખ કહેવાય? એ મોટામાં મોટું આશ્ચર્ય છે. શું એ લોકોમાં એટલી પણ અક્કલ નથી કે કેવળજ્ઞાન પગના અંગૂઠામાંથી પ્રવાહિત થઇ શકે? અને શું કેવળજ્ઞાનની લ્હાણી કરી શકાય? શું બધાને વહેંચીને પ્રભાવના કરી શકાય એવી વસ્તુ વિશેષે છે કેવળજ્ઞાન? શું આવી રીતે કેવળજ્ઞાનની લ્હાણી સ્વયં મહાવીરસ્વામી ભગવાને કરી હતી? કેટલાને આપ્યું હતું? છે એના કોઇ પૂરાવા-પ્રમાણ? ૩૦ વર્ષ સુધી ભ. મહાવીરની સેવા કરનારા ગૌતમને પણ મહાવીર કેવળજ્ઞાન ન આપી શક્યા અને મહાવીરના નિર્વાણ પછી વિયોગમાં વીતરાગભાવનું ચિંતન કરતા ધ્યાનની ધારામાં સ્થિર થતા કર્મક્ષય થતા કેવળજ્ઞાન પામ્યા હતા. પરંતુ ૩૦ વર્ષ સુધી સાથે વિચરવા છતાં પણ મહાવીર આપી નહોતા શક્યા. ભૂતકાળમાં

થયેલા અનંતા તીર્થંકરો કોઇ પણ કેવળજ્ઞાન આવી રીતે લ્હાણીમાં બીજાને આપી નથી શક્યા અને આજનાં કાળમાં થયેલ પટેલીયો બીજાને પગના અંગૂઠાથી કેવળજ્ઞાન આપી શક્યો? અરે વાહ એ પટેલીયો કેટલો હોંશિયાર અને ચતુર ચાલબાજ નિકળ્યો કે લોકોની અજ્ઞાનતા અને અંધશ્રદ્ધાનો કેટલો મોટો ફાયદો ઉઠાવ્યો કે કેટલાય લોકોને ભોળવીને તેમને મૂર્ખ બનાવીને પોતે ભગવાન બનવાનો સ્વાંગ રચી શક્યો. અને પોતાને ભગવાન તરીકે પૂજાવી મનાવીને મરી ગયો. આવા મૂર્ખાઓના ભગવાનરૂપ મૂરખના સરદારનું પણ આવું તરકટ આ સમાજમાં ચાલી શક્યું એનો મતલબ એ થાય છે કે આ સમાજ કેવો બોડી બાવડીના ખેતર જેવો છે? કોઇ પણ આવીને કંઇ પણ નાટક રચી શકે છે. સમાજના લોકો સમ્યગદર્શનની સાચી શ્રદ્ધા તથા સમ્યગજ્ઞાનના વિષયોમાં, તેમજ સિદ્ધાંત સ્વરૂપ જાણવા માનવા સમજવા આદિના વિષયમાં એટલા નબળા હશે તો આવી પરિસ્થિતિ સર્જાશે... અને ગમે તે અને ગમે તેવા માણસો આવી રીતે ભગવાન બનવાનું નાટક કરી શકશે. પરંતુ સમસ્ત શ્રી સંઘમાં જો સાચા સિદ્ધાંતોના જાણકારો, સમ્યગ્ દર્શની શ્રદ્ધાળુઓ, સમ્યગ્ જ્ઞાનીઓ નહીં હોય એવા સમાજમાં ગમે તે વ્યક્તિ ગમે તે પ્રકારનું નાટક રચી શકશે. પાંચમો આરો છે. હુંડા અવસર્પિણીનો હડહડતો કળીયુગ છે. આવા પડતા કાળમાં આવી સંભાવનાઓ ઘણી રહેવાની છે.

એટલું જ નહીં સ્વધર્મમાં રહીને પણ અંદર-અંદર પોતે જ પોતાના ધર્મની નીંદા ટીકા કરનારા પણ ધર્મને નુકશાન પહોંચાડે છે. જ્ઞાન-દર્શનના અભાવે પોતે જ બહારના બીજા રાગ-દ્વેષ પોષક નિમિત્તો-પ્રસંગોને મિથ્યાત્વની વૃત્તિના કારણે ધર્મરૂપે માનતા હોય છે. બહાર નવરાત્રીના નોરતામાં રાતભર નાચવાનું ગમે છે. ધર્મના ઓઠા નીચે રાગ-દ્વેષની પુષ્ટિ થતી હોય એવા અધર્મને પણ ધર્મ ગણીને ચાલવાની વૃત્તિ ઘણાં જીવોની થઇ ગઇ છે. કેટલાક કહેવાતા ભગવાનોંએ ઘણાં પ્રકારના પાપોને, અધર્મની વૃત્તિઓને પણ ધર્મના નામે ગણાવી દીધા છે. એ પ્રકારનું પ્રતિપાદન કરતા હોય છે. પરિણામે અધર્મ પણ બહુ સહેલાઇથી ચાલતો જાય છે. સર્વસામાન્ય રીતે ઓઘસંજ્ઞાથી પણ જીવો જન્મજાત પાપપ્રિય, પાપરૂચિ તો હોય જ છે. અને બીજી બાજુ સમજણ-જ્ઞાન નહીંવત હોય છે. અને એમાં પણ પાપને ધર્મના ઓઠા નીચે ચલાવનારા અને બની બેઠેલા ભગવાનો કે કુગુરૂઓ આવા ભદ્રિક જીવોને ઉંધા રસ્તે ચડાવી દેતા હોય છે. સાકર વડે ગળી બનાવેલી ચોકલેટ ખાતા બાળકને એના નુકશાનનું ભાન ક્યાં હોય છે? નાદાન બાળક શું સમજે? એવા ઘણાં નાદાન-અજાણ લોકો પણ પોતે જ પોતાના હાથે પોતાના ધર્મને ઘણું નુકશાન પહોંચાડતા હોય છે.

અનાત્મવાદી વિપશ્યના–

આત્મા ન માનનારા, આત્માને પણ ક્ષણિક-નાશવંત માનીને મોક્ષની પણ

શૂન્ય સ્વરૂપ દીપ નિર્વાણવત્ કલ્પના કરનારા આવા બૌદ્ધ દર્શનના સિદ્ધાંતોના આધારભૂત પાયા ઉપર વિપશ્યનાને સાધના પદ્ધતિ તરીકે વિકસાવી છે. અને એને પાછી ધ્યાન ના નામે ખપાવી છે. હજારો-લાખો સાવ અજ્ઞાન-નાદાન એવા તત્ત્વોના અજાણ માણસો બેચારા જે આધારભૂત પાયાને નથી જાણતા તેઓ બાહ્ય લાભોના નામે ભોળવાઈને ધ્યાનના નામે સાધના કરવા બેસશે. ચોક્કસ તેઓ માનસિક શાંતિ મેળવી શકશે. એને જ ઘણી મોટી સિદ્ધિ માની લેશે. માત્ર દેહને લક્ષ્યમાં, કેન્દ્રબિંદુમાં રાખીને ઉદ્ભવતી સંવેદનાઓને જોઈ શકશે પરંતુ આત્માનુભૂતિ, મોક્ષાનુભૂતિ, સચ્ચિદાનંદ સ્વરૂપાનુભૂતિની દિશામાં ક્યારેય પણ એક ડગલું નહીં ભરી શકે. કારણ કે આત્મ કેન્દ્રિત, મોક્ષ કેન્દ્રિત ધ્યાનની દિશામાં જ નથી. અને ક્યાંથી હોય? આત્માદિને માનવા જ તૈયાર નથી.

ખૂબીની વાત તો એ છે કે બધો જ વ્યવહાર આત્માના આધારે કરે છે અને તે છતાં પણ આત્માને માનવા તૈયાર નથી. આ કેવી વિડંબના છે? અરે... નામની શબ્દ રચનાનું પણ રહસ્ય ન જાણનારા બેચારા વિપશ્યના... વિપશ્યના કરે રાખે છે તે આગળ વધી શકે એવી કલ્પના પણ કેવી રીતે કરવી? विशेषेण पश्यतीति विपश्यना આ વ્યાખ્યામાં વિશેષરૂપે જૂએ છે એને વિપશ્યના કહેવામાં આવે છે. આ વ્યાખ્યાના આધારે પહેલા તો એમને નિર્ણય કરવો જોઈએ કે... કોણ કોને જુએ છે? જોવાની ક્રિયા આવે છે ત્યાં બે જણાં હોવા જરૂરી છે. એક જોનાર અને બીજો જેને જુએ છે તે. અહીં એ લોકો જેને જૂએ છે તેનું નામ આપ્યું દેહ. અમે દેહને જોઈએ છીએ, દેહમાં જોઈએ છીએ. અને જોનાર કોણ? ત્યાં નામ આપે છે-મન, શું મન શબ્દનો આત્માના પર્યાયવાચી સમાનાર્થક નામ તરીકે ઉપયોગ કરે છે? અથવા આ બંને નામોથી વાચ્ય દ્રવ્ય જુદા જુદા છે? કેવી રીતે છે? અથવા શું બંનેને એક જેવા જ માને છે? એક તરફ આત્માને શૂન્ય સ્વરૂપ માની ને પાછો તેને ક્ષણિક-નાશવંત માને છે. અને મનને કેવું માને છે? શું એ શૂન્યસ્વરૂપ નથી અને શું એ ક્ષણિક-નાશવંત નથી? જો આત્મા હોય તો મન કેમ નહીં? જોનાર અને જેને જૂએ છે તે એ બંનેમાંથી કોણ શૂન્યસ્વરૂપ અને કોણ ક્ષણિક-નાશવંત છે અને કોણ નથી? આનો નિર્ણય કોણ કરશે? બીજી બાજુ એમના પોતાના સિદ્ધાંત "सर्वं शून्यं", सर्वं क्षणिकं, सर्वं अनित्यंના આધારે સર્વં શબ્દથી બધાને લીધા છે. સર્વં શબ્દ આવી ગયા પછી એક પણ પદાર્થ અપવાદરૂપે બાકી રહેતો નથી.

આ એમના જ સિદ્ધાંત ના આધારે જોનારા બંને દ્રવ્યો શૂન્ય સ્વરૂપ નાશવંત ક્ષણિક અને અનિત્ય ઠરે છે. અહીં થોડો અક્કલનો ઉપયોગ કરીને જો જો કે જો જોનાર અને જેને જૂએ છે તે બંને શૂન્યરૂપ ક્ષણિક નાશવંત હોય તો પછી કોણ કોને જોશે? ક્યાં સુધી જોતો રહેશે? અરે! જોનાર જ નષ્ટ થઇ ગયો છે તો પછી કોણ જોયા

કરશે? બીજી બાજુ સામા પક્ષે જેને જૂએ છે તે પણ નાશવંત ક્ષણિક છે અને તે પણ શૂન્યરૂપ અનિત્ય છે. તો પછી હવે જોવા કરવાનો પ્રશ્ન જ ક્યાં રહ્યો? એમના મત પ્રમાણે બંનેની શૂન્યરૂપતા-અભાવ સિદ્ધ થઈ ગયા-હવે જેનો અભાવ સિદ્ધ થતો હોય તે આપણા જ્ઞાનનો વિષય પણ બની શકતા નથી. દા.ત. અત્યંતાભાવવાળા પદાર્થો વન્ધ્યાપુત્ર, શશશૃંગ આદિ જેવા પદાર્થોનો અભાવ સદંતર-સર્વથા હોવાથી તેમનું જ્ઞાન ક્યારેય પણ કોઇને પણ થવાનું નથી. કોઇનાય જ્ઞાનનો વિષય વન્ધ્યાપુત્ર બની શકે તેમ નથી. કારણ કે વન્ધ્યા ના પુત્ર જેવી કોઇ સત્તા છે જ નહીં. માટે સર્વથા અભાવાત્મક પદાર્થનું જ્ઞાન ક્યાંથી સંભવે? એવી જ સ્થિતિ આત્માદિના અભાવો માનવાના કારણે સર્જાશે. સર્વથા શૂન્યવાદ માનવાના કારણે. માટે જ પ્રથમ શૂન્ય સ્વરૂપ સિદ્ધ કરનારા-''સર્વં શૂન્યં'' માનનારા બૌદ્ધમતની કફોડી સ્થિતિ થશે. અને એના પાયા ઉપર રચાયેલ વિપશ્યના પણ પાયા વિહોણી સિદ્ધ થશે. માટે આ પૂછડું પકડીને રોજ ઢોલ વગાડવા ક્યાં સુધી ઉચિત છે?

બીજી બાજુ શું મન નું કામ જોવાનું છે ખરૂં? શું મન જૂએ છે? જોઇ શકે છે? કોણ જૂએ છે? મન કે આત્મા? આત્માના અસ્તિત્વના આધારે જ અને આત્માના જ ગુણોના આધારે બધો વ્યવહાર કરનારા બૌદ્ધો આત્માનો અભાવ માની ક્ષણિક-નાશવંત અને અનિત્ય કહીને આત્માનો નાશ માની લે છે. અને એવી જગ્યાએ પાછા મન પદાર્થને સ્થાપીને મનના આધારે બધો વ્યવહાર કરતા જાય છે. આત્માનો જ કાર્ય વ્યવહાર બધો મનના માથે થોપીને મન વડે બધું જ કામ કરતા જાય છે? આ હા... ઓ તે કેવી હોંશિયારી? કે ચાલાકી? શું સમજવું? અરે ના... ના... આ તો માત્ર અજ્ઞાનતા છે. મૂર્ખતા છે. ચેતનનો વ્યવહાર અથવા એનું કામ કોઇ જડ દ્રવ્ય ક્યાંથી કરી શકે? શું એવું એક પણ દૃષ્ટાંત દાખલારૂપે પણ બૌદ્ધો આપી શકશે? સિંહ મરી ગયા પછી એનું ચામડું પોતાના માથે ઓઢીને કૂતરો અથવા શિયાળ એ સિંહ ગર્જના ક્યાંથી કરી શકશે? તેમ છતાં પણ અવિચારી બેચારા આવું માનીને પોતાનો મત ચલાવે છે. આત્મા જે જ્ઞાતા-દૃષ્ટા હતો એની જગ્યાએ આત્માને શૂન્યરૂપ-ક્ષણિક-નાશવંત માની લઈને મનને જ્ઞાતા-દૃષ્ટા માને છે. અરે... રે.... ચેતના શક્તિવાળા મુળભૂત ચેતન દ્રવ્યને શૂન્યરૂપ કહીને નાશવન્ત - ક્ષણિક સિદ્ધ કરી દીધો અને જડ-પુદ્ગલ પરમાણુ વિશેષથી બનેલા મનને શૂન્યરૂપ ક્ષણિક-કે નાશવંત-અનિત્યતાનો સિદ્ધાંત લાગુ ન પાડનારા ''સર્વ''ના સિદ્ધાંતની પ્રતિજ્ઞાનો ભંગ કરે છે? જડમાં જ્ઞાતા-દૃષ્ટા ભાવ ક્યાંથી આવવાનો?

આ રીતે મન પણ જડ છે અને શરીર પણ જડ છે. તો પછી કોણ કોને જૂએ છે? શું જડ જોઇ-જોણી-વેદી શકે છે? શું આ શક્તિઓ જડમાં હોઇ શકે ખરી? અને જો વિપશ્યના મતવાદીઓ હા પાડતા હોય તો... તો પછી શા માટે મનને જ જ્ઞાતા-

દ્રષ્ટા માને? તો તો પછી શરીર ને પણ જ્ઞાતા-દ્રષ્ટા માની શકાય. પરંતુ શરીરને તો તેઓ જ્ઞાતા-દ્રષ્ટા શક્તિમાન માનતા નથી. ચોક્કસ પણ બે પક્ષોરૂપે માનીને જ વ્યવહાર કરે છે. શરીર જડ છે. અને એનાથી જુદો જ કોઇ જ્ઞાતા-દ્રષ્ટા છે. વિપશ્યનામાં આવી રીતે સાક્ષી ભાવથી જોવાની વાતો ઘણી કરવામાં આવે છે. પરંતુ સાક્ષી ભાવ શું છે? કોનો સાક્ષીભાવ છે? શા માટે સાક્ષી ભાવ છે? સાક્ષી ભાવ કઇ રીતે સિદ્ધ થાય છે. વગેરેની દ્રષ્ટિ બિચારાઓ પાસે નથી. વાહ... ભાઇ... વાહ આત્માના ગુણધર્મો જ્ઞાતા-દ્રષ્ટાભાવના શબ્દોનો વ્યવહાર મનના માટે કરીને ભ્રમણામાં જ આખી જિંદગી સુધી અસ્થિરપણે રહેનારા પોતાના મનને ક્યારેય સ્થિર કરી શકવાના નથી. અને માટે જ આખી જિંદગી સુધી વિપશ્યના કરનારા એક ડગલું પણ આગળ વધી શકતા નથી. જડ એવા મનને જ્ઞાતા-દ્રષ્ટા બનાવી દીધો. અરે... રે... એ બિચારાઓને જડ-ચેતનનું પણ પુરું ભાન નથી, જડ-ચેતનના ગુણધર્મોનું પણ પૂરું ભાન નથી અને ધ્યાન કરવા નિકળી પડ્યા છે? અરે... રે! ભવ વનમાં ભૂલા પડેલા બિચારાઓની દયા ચિંતવવા જેવી છે.

આત્માને અનિત્ય-ક્ષણિક-નાશવંતમાનીને શૂન્યવાદના ઘરમાં ઘૂસીને અનાત્મવાદીપણાનું કલંક માથે ચડાવીને મોઢું નીચું રાખીને ચાલનારા આ બિચારા બૌદ્ધો મનને શા માટે આત્માની જેમ જ ક્ષણિક-નાશવંત-અનિત્ય-શૂન્યરૂપ માનવું કે ન માનવું એની પણ ગતાગમ પડતી નથી. માટે જ આજ દિવસ સુધી વિપશ્યનામાં જેને તમે જોઇ રહ્યા છો એ નાશવંત છે, ક્ષણિક છે, અનિત્ય છે, શૂન્યરૂપ છે ના ઢોલ વગાડી-વગાડીને શિખવાડવામાં આવે છે. પરંતુ ક્યારેય એમ નથી શીખવાડ્યું કે અરે! આ જે જોનાર જ્ઞાતા-દ્રષ્ટા જેને માન્યો છે તે મન પણ ક્ષણિક-નાશવંત છે, અનિત્ય છે એ પણ શૂન્યસ્વરૂપ છે. આવું કેમ નથી શીખવાડતા? અને હજારો વિપશ્યના સાધકોને કોઇને કેમ આ ખ્યાલ નથી આવતો કે આ જોનાર પોતે પણ શૂન્યસ્વરૂપ નાશવંત અને ક્ષણિક છે. અનિત્ય છે? કેમ આ વિચાર કોઈને નથી આવતો? આ વાત કેમ નથી શિખવાડાતી? જ્યારે ''સર્વ''ના પ્રયોગથી મનનું પણ ગ્રહણ સ્વાભાવિકપણે સહજ થઇ જ જાય છે. જોનાર પણ સર્વં ક્ષણિકં આદિના સિદ્ધાંતને આધીન થઇ જાય તો એનો પણ અભાવ થઇ જશે. તો પછી જોનાર કોણ રહેશે? એક પણ પદાર્થનું ત્રિકાળ શાશ્વતપણે અસ્તિત્વ ન માનનારા આ બૌદ્ધોના મતમાં જોનાર દ્રવ્ય કાયમ ક્યાંથી ટકી શકે? અને એ જોનાર દ્રવ્યને કેમ એમણે ક્ષણિક-નાશવંત નથી માન્યો? અને જો માન્યો હોય તો આજ દિવસ સુધી કોણે એનાં નાશવંતતાનો અનુભવ કર્યો છે? અને ક્યાં આવું શીખવાડવામાં આવ્યું છે? અને જો આવું શીખવાડે તો સાધક એમ પણ પૂછે કે જો જોનાર અને જેને જૂએ છે તે બન્ને જો નષ્ટ થઇ જાય છે. તો પછી રહ્યું શું? એમના મતે તો એમને રાજી થવું જોઇએ કે આ રીતે ''સર્વં

શૂન્યં'' સિદ્ધાંતની મોટી સિદ્ધિ થઈ. પરંતુ આ સિદ્ધિ સાધવા જતા તો સાધના સાવ જ હાથમાંથી જતી રહે તેમ છે. પછી શું કરવું? માથે હાથ દઈને બેસીને રડ્યા જ કરવું? કે શું કરવું? માટે આ સર્વ શૂન્યની સિદ્ધિનો યશ ન લઈને પણ સાધના ચાલુ રાખવી એમાં જ યશ-કીર્તિ મળ્યા કરે છે. બસ... રાજી રહો... ભૂંડ બિચારૂં વિષ્ઠાં ખાવામાં જ મસ્તી અને સુખ માને છે. એવી હાલત છે માટે જ ન તો ગુરૂ આવું શીખવાડે કે ન તો સાધક એવું પૂછે, માને બસ જે જોનારો છે તે કાયમ છે કાયમ જોતો જ રહે છે. એ નાશવંત કે ક્ષણિક નથી. અનિત્ય નથી. એવી માન્યતા ઉંડે-ઉંડે સ્થિર માની લીધી હોય છે. અને જેને જોઈએ છે તે જ માત્ર ક્ષણિક-નાશવંત-કે અનિત્ય છે. આવી રીતે જોયા જ કરો આનું નામ વિશેષરૂપે જોવાની વિપશ્યના પદ્ધતિ છે. આવું ઢોલ વગાડીને કહેવામાં આવે છે.

જો આવું ન માને તો વિશેષરૂપે જોવાની પદ્ધતિને વિપશ્યના રૂપે કેવી રીતે નવાજે? બીજી બાજુ મનને માનીને મનમાં જોવાની શક્તિ થોપી દેવામાં આવી છે. જે હકીકતમાં છે જ નહીં. સમસ્ત સંસારના અસંખ્ય સમનસ્ક-મનવાળા જીવોનો સ્પષ્ટ અનુભવ છે કે મન માત્ર વિચાર કરવામાં સહાયક સાધન માત્ર છે. ''मननात् मनः'' મનન-ચિંતન કરવાના કારણે મન એવું નામ પડ્યું છે. યાદ રાખજો, અહીં શબ્દ રચનાનો ખ્યાલ રહે... મન સ્વયં સ્વતંત્રપણે એકલું ચિન્તન મનન કે વિચાર નથી કરતું, પરંતુ વિચાર-ચિંતન-મનન કરવામાં સહાયક સાધન માત્ર છે. માધ્યમ માત્ર છે. વિચારોનો સ્વતંત્ર કર્તા મન નથી. ક્યાંથી હોય? જડ સાધન છે. જડ એવી મનોવર્ગણા વિશેષના પુદ્ગલ પરમાણુઓની વર્ગણાના જત્થામાંથી બનેલ પિંડ માત્ર છે. બનાવનાર કર્તા ચેતન-આત્મા છે. આત્મા જ ન માનનારા, અથવા નાસ્તિક ચાર્વાકોના ટોળા વચ્ચે બેસવાથી કપાળે કાળો ચાંદલો લાગશે એવા ભયથી નામમાત્રથી આત્માને માની લઈને પછી એને ક્ષણિક-નાશવંત-અનિત્ય માનનારા બૌદ્ધ મતવાદિઓ મન બનાવવાનું કામ આત્માનું છે તેવું કેવી રીતે માની શકે? એમના મત પ્રમાણે તો... આત્મા મન બનાવવા જાય અને બનાવે એ પહેલા તો ક્ષણના આધારે નષ્ટ થઈ જાય છે. પ્રથમ ક્ષણે જ્યાં મન બનાવવા જાય છે ત્યાં તો પ્રથમ ક્ષણનો કર્તા એવો ચેતન આત્મા નષ્ટ થઈ જાય છે. આ એમનો ક્ષણવાદનો સિદ્ધાંત એમને આવું માનવાની ફરજ પાડે છે. અનિત્ય માનવાનું નાશવંત માનવાનું મુખ્ય કારણ જ આ છે.

હવે પોતાના પક્ષનો બચાવ કરનારા બૌદ્ધ મતવાદિઓ એમ કહે છે કે ના અમો ક્ષણિક ભલે માનીએ પણ ક્ષણની સંતાન-ધારાના આધારે પાછું નિત્ય પણ માનીએ છીએ શું આ પ્રમાણે કહેવું માનીને બીજી ક્ષણે ક્ષણિક-નાશવંત કહી દેશે, ઉત્પાદ-પછી-વ્યય અને ફરી ઉત્પાદ-ફરી વ્યય-ફરી ઉત્પાદ અને ફરી વ્યય-આ ક્રમની

સંતાન ધારા ને ક્ષણિકવાદના સિદ્ધાંત રૂપે માને છે. શું આ બરોબર છે? સારૂ... તો પછી આત્માને માનીને પછી ફરી આત્માની ઉત્પત્તિ માનીને, ફરી તેનો વ્યય, અને ફરી તેની ઉત્પત્તિ માનીને આવી રીતે નદીના પ્રવાહની જેમ નિત્યપણું માનતા હોય તો... આ બિચારા બૌદ્ધોને ખબર નથી કે એક ઘાસના તણખલે ડૂબતા બચવાનો પ્રયાસ કરનારા છે. વધારે ઉંડા ડૂબી જશે અને ક્યાં ફેંકાઈ જશે? એનો ખ્યાલ નથી...

ચાલો, તમે આ સિદ્ધાંત સંતાનધારાના આધારે ક્ષણિક રૂપે સિદ્ધ કરવા જશો તો થશે? ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય સતત અખંડપણે નિરંતર થયા જ કરે છે. ચાલ્યા જ કરે છે. અને એ રીતે પદાર્થો અનિત્ય-ક્ષણિક છે? સિદ્ધ થાય છે.

આવું બોલનારા બિચારા બૌદ્ધો અને આ માન્યતાના આધારે વિપશ્યના પદ્ધતિમાં ધ્યાનની સાધના કરનારા ઉત્પાદ-વ્યય-સતત અનુભવનારા આ પાખંડિયો-ઢોંગીયોને એટલી ખબર છે ખરી કે... જે દ્રવ્ય છે... તે ઉત્પાદ પછી ..... વ્યય થઈ ગયા પછી ફરી પાછો એ જ દ્રવ્ય સ્વરૂપે ઉત્પન્ન થશે? કે કેમ? .... પછી એવીને એવી જ પર્યાયો ઉત્પાદ થઈ જશે? શું થાય છે ખરી? શું આવો તેમનો અનુભવ છે? અરે! એક દ્રવ્ય કપડું છે અને એના ઉત્પાદ પછી જ્યારે વ્યય થઈ જશે... અર્થાત્ માનો કે કપડું બળી ગયા પછી વ્યય થઈ ગયા પછી તરત પાછી બીજી પર્યાય કપડાની જ ઉત્પાદ થવાની છે? શું થાય છે? શું કપડું બળી ગયા પછી ફરીથી તરત બીજી જ ક્ષણે કપડું બની જાય છે? શું સંસારમાં પ્રત્યક્ષ સત્ય છે? કોઈ બાળક ને પૂછો તો શું તે પણ હા પાડશે? અરે... રે... આટલી સાદી પણ સમજ ન ધરાવનારૂ આ બિચારૂ અજ્ઞાનીઓનું ટોળું શું ધ્યાન કરવા નિકળી પડ્યું છે? અને ઘેટાં-બકરાઓને ચરાવનારા ભરવાડ જેવા આ બિચારા અભણ-અજાણ મિથ્યા પ્રરૂપણા કરનારા ભરવાડ જેવા ગુરૂઓ શું શિખવશે સાધકોને? અને સાધકો પણ એવાઓની પાસે શું શીખશે? મિથ્યામતિઓ પાસેથી સાચાસમ્યગ્ જ્ઞાનની અપેક્ષા કેવી રીતે રાખવી? આના જેવી બીજી મોટી મૂર્ખતા કઈ? ઉત્પાદ-વ્યય ચોક્કસ થાય છે. પરંતુ શેમાં થાય છે? કેવી રીતે થાય છે? અને ઉત્પાદ-વ્યય થવા છતા પણ શું ધ્રુવપણું રહે છે કે નથી રહેતું? જૈન સિદ્ધાંતાનુસાર... ઉત્પાદ-વ્યય પછી પણ મુળભૂત દ્રવ્યનું નિત્યપણું રહે છે. સોનામાં ઉત્પાદ વ્યય થવાથી બદલાતી પર્યાયોમાં પણ સુવર્ણ દ્રવ્યની ધ્રુવતા-નિત્યતા બરોબર કાયમ રહે છે. અને પરમાણુઓમાં થતી સંઘાત-વિઘાતની પ્રક્રિયાના આધારે પૌદ્ગલિક પદાર્થોમાં ઉત્પાદ-વ્યયપણું હોય છે. પરંતુ એની સાથે સાથે પુદ્ગલ દ્રવ્યના પરમાણુઓનું ધ્રુવપણું અર્થાત્ નિત્યપણું કાયમ રહે છે. શું આ અને આવું જ સ્વરૂપ બૌદ્ધો પણ એ જ રીતે માને છે?

બૌદ્ધમતવાદિઓ પણ... ઉત્પાદ-વ્યય સ્વીકારીને એની સાથે ક્ષણસંતતિની ધારાનો પક્ષ સ્વીકારે છે. જો આ ક્ષણ સંતતિની ધારાને જૈનોના ધ્રુવપણાના અર્થમાં એની

જેમ જ સ્વીકારતા હોય તો પછી ક્યાં ભેદ રહ્યો? પરંતુ ના... જૈનોની દ્રવ્યગત ધ્રુવતાની જેમ સ્વીકારવા જાય તો અનાત્મપણું શૂન્યવાદ-આદિ માનવાની સ્થિતિ ન આવે આત્મા ચેતન દ્રવ્ય-દ્રવ્ય સ્વરૂપે અનાદિ-અનંતકાલીન શાશ્વત રહે છે. અને આવું અનાદિપણું માનીએ એટલે અનુત્પન્નપણું અનાદિપણાના આધારે સ્વયંસિદ્ધ જ છે તે પણ સ્વીકારવું જ પડે અને બીજા છેડે... અનંતપણું પણ અવિનાશીના અર્થનું સૂચન કરે છે. આવી રીતે શાશ્વતનો અર્થ છે. અનાદિ-અનુત્પન્ન-અવિનાશી અનંત સ્થિતિવાળો દ્રવ્ય અને આવો હોવા છતાં પર ગુણ-પર્યાયની દૃષ્ટિએ ઉત્પાદ-વ્યયપણું રહે છે. આ જ સિદ્ધાંત સાચો સિદ્ધાંત છે. અને આ સિદ્ધાંત પદાર્થોમાં બરોબર ઘટે છે. એ જ રીતે પંચાસ્તિકાય પદાર્થોની વ્યવસ્થા છે. અને આ અખિલ બ્રહ્માંડ રૂપ સંસાર આ પંચાસ્તિકાયાત્મક જ છે. માટે બધા પદાર્થો આ સ્વરૂપ છે. સિદ્ધાંતો પદાર્થોના યથાર્થ સ્વરૂપના આધારે સાચા અર્થમાં બેસવા જોઈએ તો જ સમસ્ત સંસારની વ્યવસ્થા સાચી સુયોગ્ય બેસશે. અને પહેલેથી જ સિદ્ધાંતો ખોટા બેસાડવામાં આવે તો આખી સંસારની વ્યવસ્થા છેક સુધી ખોટી જ બેસશે.

આ રીતે માત્ર ક્ષણિકવાદ, શૂન્યવાદ, અનિત્યવાદ, અને નાશવંતપણાના એક પક્ષી એકાંતવાદી સિદ્ધાંતો સાવ ખોટા પૂરવાર થાય છે. ખોટા સિદ્ધાંતોના આધારે સંસારનું સાચું ચિત્ર (સ્વરૂપ) નિશ્ચિત નહીં થઈ શકે. તે પણ ખોટું જ ઠરશે. એક તરફ ક્ષણિકવાદ માનીને પાછા ક્ષણસંતતિની ધારા માનીને પદાર્થોની દીર્ઘકાળ સુધી નિત્યપણું ઠરાવવા જાય છે. બૌદ્ધો તો બીજી બાજુ નાશવંત કહેવાની વાત કરે છે. આ પરસ્પર વિરોધાભાસી પ્રતિપાદનો તેમની સર્વજ્ઞતાને સાબિત નથી કરતા કારણ કે ક્યારેય કોઈપણ સર્વજ્ઞ અસંબદ્ધ પ્રલાપ નથી કરતા. જેવા તથાગત બુદ્ધે કર્યા છે. ક્ષણિક કહીને નાશવંત સિદ્ધ કરી દીધા પછી ફરી પાછા ક્ષણસંતતિની ધારાથી દીર્ઘકાલીન સિદ્ધ કરવાની શી જરૂર હતી? આ તો વાત એવી થઈ કે મુખ્ય પ્રવેશ દ્વારથી ઘરમાં ન આવવાની પ્રતિજ્ઞા કરી લીધા પછી હવે ઈજ્જતનો સવાલ વચ્ચે લાવીને પાછળના બારણે ચુપ ચાપ ઘરમાં પ્રવેશ કરે છે. ત્યારે શું ડાહ્યા સજ્જન લાગશે? પ્રત્યક્ષપણે જ્યારે પદાર્થોનું વાસ્તવિક સ્વરૂપ જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત છે, એ જ સિદ્ધાંતથી સિદ્ધ કરવું જોઈતું હતું એના બદલે વિપરીત ભાવે પહેલા માત્ર સર્વશૂન્યં, સર્વં ક્ષણિક, સર્વં અનિત્યં કહીને પદાર્થોનું સ્વરૂપ વાસ્તવમાં છે એના કરતા વિરુદ્ધ-વિપરીત સિદ્ધ કરી દે છે અને પછી આભને થીગડા મારવાની જેમ ક્ષણસંતતિની ધારાથી દીર્ઘકાલિકપણું સિદ્ધ કરવા જવાનો પુરુષાર્થ બૌદ્ધો કરે છે, આકાશને થીગડા દેવાતા નથી. લાગતા નથી. એમ આ વિકૃત સિદ્ધાંતો બનાવીને પદાર્થોને વિપરીત-વિરુદ્ધ સિદ્ધ કરીને પછી પાછા દીર્ઘકાલીન સ્થિતિવાળા સિદ્ધ કરવાની બાલીશ ચેષ્ટા જે ક્ષણસંતતિની ધારાના આધારે કરી છે તે ઉપરથી તેમની મૂર્ખતા

સાબિત થાય છે.

ક્ષણસંતતિની ધારાના આધારે જો પદાર્થની દીર્ઘકાલિકતા સિદ્ધ થતી હોય તો પછી અનાત્મવાદ-દીપ નિર્વાણવત્ મોક્ષ માનવાની શી જરૂર? શું આત્માની ક્ષણસંતતિની ધારાના આધારે નિત્યતા-શાશ્વતતા સિદ્ધ નથી થતી? કે પછી થાય છે? જો થતી હોત તો અનાત્મવાદની ઉપજ ક્યાંથી થઈ? અને જો આત્મ દ્રવ્યની ક્ષણસંતતિની ધારાના આધારે નિત્યકાલીન સિદ્ધિ થઈ શકતી હોય તો પછી દીપનિર્વાણવત્ મુક્તિનો પણ અભાવ માનવાની વાત ક્યાંથી આવી? તો પછી શું સમજવું? અનાત્મવાદ અને દીપનિર્વાણવત્ મુક્તિના સિદ્ધાંત સાચા સમજવા? કે પછી ક્ષણસંતતિની ધારાના આધારે નિત્યતા કે શાશ્વતતાના સિદ્ધાંતો સાચા સમજવા? કે પછી ક્ષણિકવાદ-અનિત્યવાદ, નાશવંતપણું અને શૂન્યવાદના સિદ્ધાંતો સાચા સમજવા? આ એવો ખિચડો કર્યો છે કે એક પણ સાચો પક્ષ જ દૃષ્ટિ સમક્ષ નથી આવતો. કેવો ગુંચવાડો સર્જી દીધો છે? જેમ કરોળિયો પોતાની જ જાળમાં ફસાતો જાય છે. તેમ જ બૌદ્ધોએ પહેલા સર્વ શૂન્ય સર્વક્ષણિકના ખોટા સિદ્ધાંતો અપનાવવાની ભૂલ કર્યા પછી, જ્યારે પદાર્થો વાસ્તવમાં જેવા છે તેવા નથી સિદ્ધ થતા ત્યારે તે માટે સિદ્ધાંતોને ફેરવવાની બાલીશ ચેષ્ટા કરી. તે બાલક જેવી અજ્ઞાનતા રજૂ કરનારી થઈ. પરંતુ પદાર્થોના સ્વરૂપની યથાર્થતા રજૂ કરનારી સાબિત ન થઈ. જ્યારે ભગવાન મહાવીર જેવા સર્વજ્ઞના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના સિદ્ધાંતની ધારામાં પદાર્થોનું યથાર્થ સ્વરૂપ અભિવ્યક્ત થાય છે. સાચા ફુલો જેમ બાગમાં ખીલે છે અને બાગની શોભા વધારે છે. તેમ સર્વજ્ઞ વીતરાગી મહાવીરના સિદ્ધાંતોએ પદાર્થોની સત્યતાને રજૂ કરીને વિશ્વના સત્યોના દ્વાર ખોલી નાંખ્યા છે. અનંતા પદાર્થોની સચ્ચાઈ-યથાર્થ સ્વરૂપ એક ત્રિપદીના સિદ્ધાંતથી ઉજાગર કરી દીધી એ ભગવાન સાચા અર્થમાં સર્વજ્ઞ કહેવાય વિસંગત સિદ્ધાંતોની હારમાળા ખડકીને પણ પદાર્થોના યથાર્થ સ્વરૂપના તાગને ન પામનારા તથાગત બુદ્ધની સર્વજ્ઞતા કોઈપણ દૃષ્ટિએ સિદ્ધ નથી થઈ શકતી. આ સત્ય નજર સમક્ષ સ્પષ્ટ થાય છે.

ક્ષણવાદના આધારે પદાર્થોની ક્ષણિકતા-ક્ષણજીવીપણું સિદ્ધ કરવાની મનોવૃત્તિ બૌદ્ધોની રહી... એ પદાર્થોને ક્ષણજીવી-અનિત્ય સિદ્ધ કર્યા પછી પાછા સંસારની દીર્ઘકાલિક સ્થિતિમાં પદાર્થોની પણ દીર્ઘકાલિકતા ને સિદ્ધ કરવા માટે ક્ષણસંતતિની ધારાના આધારે પદાર્થોને દીર્ઘજીવી સિદ્ધ કર્યા. આ રીતે અખિલ બ્રહ્માણ્ડરૂપ સંસારમાં જે પંચ મહાભૂતરૂપ આધારભૂત પદાર્થો-પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ અને આકાશાદિની નિત્યતા શું ક્ષણસંતતિની ધારાના આધારે સિદ્ધ થશે? એક તરફ પહેલા સર્વ શૂન્ય-કહીને આ બધા વાસ્તવિક અસ્તિત્વ ધરાવતા પદાર્થોનો પ્રથમ અભાવ સૂચવ્યો. અને પછી પાછા ક્ષણિક કહ્યા અને ક્ષણિકતાના આધારે નાશવંત સિદ્ધ કર્યા અને છેલ્લે

પાછા તેમને ક્ષણસંતતિની ધારાના આધારે નિત્ય પણ સિદ્ધ કર્યા આ રીતે કરીને સંસારની વ્યવસ્થા સર્વ સામાન્ય જનતાને સમજાવી. પરંતુ વિદ્વાનોને આ ત્રણે વાતમાં પરસ્પર વિરોધાભાસી વક્તવ્ય સ્પષ્ટ દેખાય છે. શું જે પદાર્થોનો અભાવ હોય તેની ક્ષણિકતા હોઈ શકે? શું જે પદાર્થોનો અભાવ હોય, શૂન્યરૂપ જ હોય તો શું તે પદાર્થો નિત્ય હોઈ શકે? અને જે નાશવંત હોય તે પદાર્થોને ફરી નિત્ય કહી શકાય?

અફસોસ તો એ વાતનો છે કે કહેવાતા સર્વજ્ઞ તથાગત બુદ્ધ હોવા છતાં પણ આવા પરસ્પર વિરોધાભાસી વક્તવ્યે રજૂ કર્યા શા માટે? શું આવી પરસ્પર વિરોધાભાસિતાના કારણે એમની સર્વજ્ઞતાને માનવામાં શંકા ઊભી નહીં થાય? બીજી બાજુ શું બધા જ પદાર્થો સ્વભાવે એક સરખા જ હોય? શું પદાર્થોના પોતાના ભિન્ન-ભિન્ન ગુણધર્મો નથી હોતા? અને જો દરેકના પોતપોતાના ભિન્ન-ભિન્ન ગુણધર્મો જ ન માનો તો પદાર્થો એકબીજાથી જૂદા કેવી રીતે પડે? શું આખા સંસારમાં બધા પદાર્થોને એકરૂપ જ માનવા છે? તો તો પછી એક પદાર્થનું જ અસ્તિત્વ સિદ્ધ થશે? અથવા અનેક કહેવા જશો તો તે બધા સમાન ગુણધર્મી સિદ્ધ થશે? હા, પદાર્થો તો ઘણાં છે, પરંતુ તે બધા એક જેવા-એક સરખા જ છે આવું માનવાની આપત્તિ બૌદ્ધોના માથે આવશે. પરંતુ એમને એ પણ સ્પષ્ટ સમજવું જોઈએ કે ગુણધર્મો વિના એક પદાર્થની બીજા પદાર્થથી ભિન્નતા ક્યારેય સિદ્ધ નહીં થાય. તો શું બૌદ્ધો જડ ચેતનનો ભેદ નથી સમજતા? શું આ બંને દ્રવ્યોના ગુણધર્મો એક સરખા જ છે? ભેદ નથી? શું ચેતન આત્મદ્રવ્યમાં જ્ઞાન, અને સુખ-દુઃખની સંવેદના આદિ ગુણો છે તે અને તેવા જ ગુણધર્મો જડ પદાર્થોમાં પણ છે ખરા? જો હા પાડે તો જે આ બંને જડ-ચેતનની સ્વતંત્રતા સિદ્ધ થઈ શકે અને ના પાડે તો બંનેની સમાનતા ને જગતમાં પ્રત્યક્ષ રીતે બાધ આવે છે. સર્વ સામાન્ય માનવની સમક્ષ વાત વિરુદ્ધ સિદ્ધ થશે?

ચાલો, કદાચ આ બંને પદાર્થોના ગુણધર્મો જુદા જુદા માની પણ લે પરંતુ અંતે ક્ષણિકતા-નાશવંતતા આદિ બધા ગુણધર્મો બંને પ્રકારના પદાર્થોમાં એક સરખા જે માનવામાં આવ્યા છે તે વાસ્તવમાં છે કે નહીં? શું જડ પણ નાશવંત? અને ક્ષણિક છે, અને ચેતન આત્મા પણ નાશવંત અને ક્ષણિક છે, એમ? સર્વથા પદાર્થોને શૂન્યવાદની દૃષ્ટિએ અભાવ માનનારા બૌદ્ધોને કેવી રીતે પૂછવું કે પદાર્થો કેટલા પ્રકારના છે? અને સંસારમાં અસ્તિત્વ ધરાવતા કેટલા પદાર્થો છે? જો પદાર્થોની સંખ્યા અને જુદા-જુદા નામાદિ બતાવે તો શુન્યવાદ ખોટો ઠરે છે, અને જુદા જુદા સ્વતંત્ર સિદ્ધ કરે તો બધાની ક્ષણિકતા-નાશવન્તતાદિ ખોટા પડશે? આ રીતે બૌદ્ધો બંને બાજુથી ફસાઈ જાય છે. બીજી બાજુ પદાર્થોનું અસ્તિત્વ માનવાની વાત બૌદ્ધો કરે તો ક્ષણિકવાદની મૂર્ખતા સાબિત થશે. કારણ કે પદાર્થોનું અસ્તિત્વ ક્યારથી માનવું? શું અનાદિકાલીન માનવાની હા પાડશે? તો તો ક્ષણિકવાદ-નાશવંતનું શું

થાય? એ ખોટા ઠરે. તો પછી પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે ક્ષણિકતા-અનિત્યતા-અને નાશવંતતા એ પદાર્થગત ગુણધર્મો છે કે પછી કહેવાતા તથાગત બુદ્ધે આ ગુણોને પોતાની દૃષ્ટિ-બુદ્ધિ વિશેષથી થોપી દીધા છે? એનું સ્પષ્ટીકરણ થતું નથી. જો પદાર્થગત ધર્મો હોય તો શું સાસારના સમસ્ત પદાર્થોમાં તે એક સરખા રહેવાના છે? જો આ બધા પદાર્થોનું અસ્તિત્વ માને છે તો તે કેટલા કાળથી અસ્તિત્વ ધરાવે છે? આ વિષયમાં શું માને છે? શું બીજા હિન્દુ ધર્મની જેમ પદાર્થોની ઉત્પત્તિ કરનાર બુદ્ધ પોતે છે? શું વૈદિક પક્ષની જેમ ભગવાનના સ્વરૂપમાં તે કર્તા-હર્તા માને છે પોતાને? જેના આધારે પદાર્થોનું અસ્તિત્વ નિશ્ચિત થાય? જો બુદ્ધ કર્તૃત્વવાદી પક્ષમાં હોય તો પદાર્થોને અનાદિ અનંત ન માની શકે તે સાદિ-સાંત સ્થિતિવાળા જ માનવા પડે અને જો કર્તા અર્થમાં બૌદ્ધો ન હોય તો પછી પદાર્થોનું અસ્તિત્વ અનાદિ-અનંત માનવું પડે અને અનાદિ-અનંત માનવા જાય તો ત્રિકાળ શાશ્વત સ્થિતિ માનવાની વાત સ્વીકારવી જ પડે. એમાં મતભેદ ન ચાલે જો ત્રિકાળ શાશ્વત પક્ષ સ્વીકારવા જાય તો બૌદ્ધોનું પોતાનું ઘર જ સળગી જાય. કારણ કે ક્ષણિકવાદ અનિત્યવાદ આદિની માન્યતાના પાયા જ હચમચી જાય છે. પછી તો બૌદ્ધોનું પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ કંઈ રહેતું જ નથી એટલે આવી નાગચૂડમાંથી છટકવા હવાતિયા મારતા બૌદ્ધોએ આ કડાકૂટમાંથી છટકવા ''સર્વ શુન્ય'' કહી અભાવ જ માની લીધો. એટલે ખોટી માથાકૂટ થાય જ નહીં. પરંતુ અભાવાત્મક શૂન્ય સ્વરુપ જગતને માનવા જતા પોતાના જ માનેલા ક્ષણિકવાદ-અનિત્યવાદના સિદ્ધાંતને ધક્કો લાગે છે. પછી એ મતને કેવી રીતે સાચો ઠરાવે?

જો તે પદાર્થોને ક્ષણિક અને નાશવંત કહે તો અનાદિ-અનંતપણું નથી રહેવાનું અનાદિ અનંતપણાના અભાવે સાદિ-સાંતપણું સિદ્ધ થશે. આવા સાદિ-સાન્ત પદાર્થોનું સાદિપણું અર્થાત્ આરંભવાદ સ્વીકારવા જતા ઉત્પત્તિ કરવાનો કર્તા પક્ષ માનવો પડશે. આમ કરવા જતા પાછલા બારણે ક્યાંય વૈદિકો કે નૈયાયિકોના ઘરમાં ઘૂસવું પડશે? પદાર્થોનું સાદિ-સાન્તપણું સ્વકૃત માનશે? કે પછી પદાર્થગત ધર્મ માનશે? શું પદાર્થો પોતાની મેળે જ ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે? કે પછી ઈશ્વરકૃત વ્યવસ્થા માનશે કે માનવ સર્જિત વ્યવસ્થા માનશે? વૈદિકો-નૈયાયિકો છેવટે આ કળશ ઈશ્વર ઉપર ઢોળે છે. માનવ શક્તિ સીમિત હોવાના કારણે ઈશ્વર ઉપર આધાર રાખવામાં તેઓ વધારે સલામતિ સમજે છે. પરંતુ ઈશ્વર ઉપર આ પસંદગી ઉતારી તો દીધી. હવે સૃષ્ટિની ઉત્પત્તિ આદિ વ્યવસ્થા કેવી રીતે બેસાડવી? આ મુંઝવણમાં નૈયાયિકો વૈદ્દિકોએ માત્ર ઈશ્વરની ઈચ્છા શક્તિ ઉપર ઢોળી દીધી. ઉત્પત્તિની વાત આવી ત્યાં ઈશ્વરની ઈચ્છા શક્તિના આધારે વાત બેસાડી દીધી અને નાશની વાત આવી ત્યાં પાછી ઈચ્છા શક્તિના બદલે ઈશ્વરદ્વારા કર્તાપણાનું કાર્ય જાતે કરવાની

વાત બેસાડી સૃષ્ટિનો પ્રલય કરવા ઈશ્વર પોતે નટરાજનું રૂપ લઈને આવશે, નૃત્ય કરશે. અને સૃષ્ટિના બધા પદાર્થોનો અંત આવી જશે આવી વિચારધારા અપનાવી છે કેમ ઉત્પત્તિ સમયે જેમ ઈશ્વરની ઈચ્છા શક્તિ સ્વીકારી, ત્યાં સાક્ષાત્ કર્તારૂપ સશરીરી ધારણ ન કર્યો અને ઈચ્છા માત્રથી ઉત્પત્તિ માની તો પછી પ્રલય વખતે પાછી ઈચ્છા શક્તિ કેમ ન માની? મહાપ્રલય વખતે ઈશ્વરને શરીર ધારણ કરીને આવવું પડે છે, અને નટરાજ બનીને ડમરૂ વગાડતા-વગાડતા એક પગ ઉપર ઉભા રહી શંકરજી નૃત્ય કરે અને ત્રીજું નેત્ર ખોલે ત્યાં આ સૃષ્ટિનો ફટાફટ મહાપ્રલય થવા માંડશે. આવી જબરદસ્ત સંહારક શક્તિ મહારૂદ્ર-શંકરજીમાં માનવામાં આવી છે. બસ, મહાપ્રલય પછી સર્વનાશ થઇ ગયા પછી કંઇ શેષ રહેશે નહીં? આ તાંડવમાં હાહાકાર મચી જશે. અને જીવસૃષ્ટિ સંપૂર્ણપણે નષ્ટ થઇ જશે. આવી વૈદિક સંસ્કૃતિની માન્યતા છે. માટે વૈદિક દર્શનો આ માન્યતા પ્રમાણે પોતાના મતોની રજૂઆત કરે છે.

બૌદ્ધ મતમાં સર્વનાશ છે કે નહીં?-

સર્વં ક્ષણિકં, સર્વં અનિત્યંનો ઢોલ વગાડનારા બૌદ્ધોના મતમાં બધા જ પદાર્થો, ક્ષણિક, અને અનિત્યની કક્ષાના જ છે. જો આ સિદ્ધાંત પ્રમાણે ચાલીએ તો અત્યાર સુધીમાં કેટલા પદાર્થોનો નાશ થઇ ગયો છે? આ અખિલ બ્રહ્માંડમાં આકાશ, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, પુદ્ગલના બનેલા અનંત પૌદ્ગલિક પદાર્થો તેમજ અનંત જીવાત્માઓ આદિ પદાર્થોમાંથી અત્યાર સુધીમાં કેટલા નષ્ટ થઇ ગયા? સર્વં ક્ષણિકં, સર્વં અનિત્યંના સિદ્ધાંતના આધારે ઉત્પાદ-વ્યયની નિરંતર ધારા જે ચાલે છે તેના કારણે કેટલા પદાર્થો અત્યાર સુધીમાં સદંતર નષ્ટ થઇ ગયા? અનિત્યતાના સ્વભાવવાળા હોવાના કારણે પદાર્થો પ્રતિ ક્ષણે નષ્ટ થતાં જ જાય છે. માની લો કે એક એક પદાર્થના પરમાણુઓની સંખ્યા અનંતની છે અને એક એક ક્ષણે એક એક પરમાણુ નષ્ટ થતો હોય તો પણ આ ક્રમે કેટલો કાળ વીત્યો? જો ભૂતકાળમાં અનંતકાળ વિતી ગયો છે, તો શું આ બધા અનંતા પદાર્થોનો સર્વથા સર્વનાશ થઇ ગયો કે નહીં? કે હજી પણ આ પદાર્થોનું અસ્તિત્વ છે? છે તો કેમ છે? સતત દરેક ક્ષણે ક્ષણે વ્યય નાશ તો થઇ જ રહ્યો છે. અવિરતપણે આ ક્રમ ચાલતું જ રહે છે. અટક્યા વગર અખંડપણે ચાલતો જ રહે છે. તો પછી આજે વિતેલા અનંતકાળમાં અનંતા પદાર્થોનું અસ્તિત્વ જ સર્વથા લુપ્ત થઇ જવું જોઇતું હતું. પરંતુ પ્રત્યક્ષમાં આ સિદ્ધાંતથી સર્વથા વિરુદ્ધ આ વાતો લાગે છે. કારણ કે અનંતા પદાર્થોનું અસ્તિત્વ આજે પણ આ સંસારમાં છે. હિમાલય આજે કેટલા વર્ષોથી છે? કેટલો કાળ વિત્યો? અને નિરંતર-પ્રતિક્ષણ વ્યય-નાશ તો થતો જ જાય છે. તેમ છતાં આજે પણ હિમાલય અડીખમ ઉભો જ છે. હવે એ સિદ્ધાંતનું શું? એમાં શું કહેવું છે? તો કહે છે કે તરત સામે

ઉત્પાદ પણ છે પાછું બનતું પણ જાય છે? ઉત્પાદ અને વ્યય બંને પ્રક્રિયા સાથે ચાલતી જ જાય છે.

જો ઉત્પાદ અને વ્યયનો સ્વભાવ સાથે જ માનવાનો હોય તો તેના આધારે પદાર્થોની નિત્યતા એના આધારે સિદ્ધ થાય છે. હિમાલયમાં જેનો પ્રતિક્ષ વ્યય થતો ગયો એનો જ પ્રતિક્ષણ ઉત્પાદ પણ થતો જ ગયો છે. માટે જ લાખો વર્ષો વિતી જવા છતાં પણ આજે હિમાલય અડીખમ ઉભો છે. હા... જો બૌદ્ધો એકલો વ્યયનો જ સિદ્ધાંત માનતા હોત અને એની સાથે એ જ વખતે જો ઉત્પાદનો સિદ્ધાંત ન માનતા હોત તો ચોક્કસ પદાર્થો નષ્ટ થઇ જાત અને બધા જ પદાર્થો ના નાશ પછી કંઇજ ન બચત તો જ અનિત્ય-ક્ષણિક અને નાશવંત કહી શકાય. પરંતુ એકલા વ્યયપણાનો જ સિદ્ધાંત બૌદ્ધોએ બાંધ્યો નથી. એ પણ ઉત્પાદ-વ્યય-સાથે જ બોલે છે. આ રીતે ઉત્પાદ અને વ્યય બંનેનું સાથે જ સ્વરૂપ સ્વીકારે છે તો પછી બૌદ્ધો માત્ર એક વ્યયના આધારે સર્વં ક્ષણિકં, સર્વં અનિત્યં, સર્વં નાશવંતનો ઢોલ શા માટે વગાડે છે? તો પછી સર્વ ઉત્પન્નશીલ સર્વ ઉત્પતિમત્વં, નો સિદ્ધાંત સાથે કેમ ન જોડાયો? જ્યારે ઉત્પાદ-વ્યય ઉભય સ્વભાવવાળા માનો જ છો... તો પછી એક માત્ર એક વ્યયપક્ષના આધારે વ્યવહાર કરવો અને બીજા ઉત્પાદ પક્ષના વ્યવહારની વાત સુદ્ધા ન કરવી? ક્યાં સુધી ઉચિત છે?

હા... જૈન દર્શનના સ્યાદ્વાદના સિદ્ધાંતની જેમ બંને શબ્દો ભેગા કરીને સિદ્ધાંત રચના કરવી જોઇતી હતી. તો જ સાચા ઠરી શક્ત. દા.ત. જૈન સ્યાદ્વાદ પદ્ધતિમાં પદાર્થ માત્ર ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય યુક્ત છે. તેને નિત્યાનિત્ય ઉભય સ્વભાવી માનવામાં આવે છે. આત્મા-ઉત્પન્નશીલ પણ છે અને નાશશીલ પણ છે. જન્મ થાય છે તેની અપેક્ષાએ ઉત્પત્તિમત્વ, અને મરણ થાય છે તેની અપેક્ષાએ વ્યય સ્વભાવી પણ છે. જ્યારે આ બંને જન્મ-મરણની અપેક્ષાથી ઉપર ઉઠીને મુળભૂત દ્રવ્ય સ્વરૂપે આત્માને ધ્રુવ-નિત્ય-શાશ્વત જ માન્યો છે. આ સિદ્ધાંતના આધારે આત્માને નિત્યાનિત્ય સ્વભાવી છે એવો ઉભયસ્વરૂપ સિદ્ધાંત બાંધવામાં આવ્યો છે. આ છે જૈન સિદ્ધાંતની વિશેષતા. જ્યારે બૌદ્ધ દર્શન માનવાના વિષયમાં ઉત્પાદ વ્યય બંને પક્ષોને માને છે અને સિદ્ધાંત બાંધવાની વાત આવે, અથવા વ્યવ્રહાર કરવાની વાત આવે ત્યારે શા માટે એકલા વ્યયના આધારે જ સિદ્ધાંત બાંધે છે? અને ફક્ત એકાન્તવાદની દૃષ્ટિથી સર્વં અનિત્યં, સર્વં ક્ષણિકંની જ વાત શા માટે કરે છે. અહીં ક્ષણિકં અથવા અનિત્યં માત્ર વ્યય (નાશ)ના આધારે છે. તો પછી ઉત્પાદવાદ સ્વીકારીને પણ તેના આધારે આગળ કોઇ શબ્દ વાપરવામાં નથી આવ્યો? શા માટે? અને ત્રીજી તરફ ક્ષણ સંતતિના આધારે નિત્યપણું બૌદ્ધો માને છે. તેમ છતા પણ તેના આધારે નિત્યતાનો સૂચક-વાચક કોઇ જ શબ્દ નથી વાપર્યો શા માટે?

જૈન ધર્મના ત્રિપદીના સિદ્ધાંતની જેમ જ બૌદ્ધ દર્શનમાં પણ ત્રિપદીની માન્યતા તો આવી જ જાય છે. તે આ પ્રમાણે ૧) ઉત્પાદપણું ૨) વ્યયપણું, અને ત્રીજું ક્ષણસંતતિના આધારે નિત્યપણું. એવી રીતે ત્રણે પદો બરોબર સ્વીકારે જ છે. તો પછી જૈન દર્શન જેવી જ ત્રિપદીના આધારે સ્યાદ્વાદનો વ્યવહાર કરવામાં બૌદ્ધોને શું વાંધો છે? ઉપરથી આવી યથાર્થ સાચી સિદ્ધાંતની માન્યતા સ્વીકારવાથી અસત્ય-મૃષા કથનમાંથી તેઓ બચી જશે. આત્માને ન માનવાની દોષાપત્તિ તેઓના માથે નહીં આવે. અને અથથી ઇતિ સુધી બધી જ પદાર્થવ્યવસ્થા સિદ્ધાંતને આધારે સાચી સમ્યગ્ થઇ જશે. પછી અસત્યવાદી-મૃષાવાદીનો ટોપલો તેમના માથે નહીં આવે. બીજી બાજુ તેઓ સ્વયં પ્રરૂપણામાં ઢોલ વગાડીને જાહેર કરે જ છે કે ઉત્પાદ વ્યય યુક્ત પદાર્થ છે. અર્થાત્ ઉત્પન્ન થાય છે, નષ્ટ થાય છે, ફરી ફરી ઉત્પન્ન થાય છે અને ફરી-ફરી નષ્ટ થાય છે. અને ક્ષણ સંતતિની ધારાના આધારે નિત્યપણ રહે છે. જ્યારે અંદરખાને ઉત્પાદપણું, વ્યયપણું અને ક્ષણસંતતિના આધારે નિત્યપણું માને છે, સ્વીકારે છે અને તેવી તેઓ પ્રરૂપણા કરે જ છે તો પછી શા માટે ત્રિપદીની સંગીનતા નથી સ્વીકારતા? શું વાંધો છે?

બીજી બાજુ વ્યય પછી પાછું ઉત્પાદપણું માને છે તો સિદ્ધ થઇ જ ગયું કે પર્યાયના ઉત્પાદ વ્યય થાય છે. મુળભૂત દ્રવ્યના નહીં. મુળભૂત દ્રવ્ય જો નિત્ય ન જ રહેતું હોય તો પછી આગળની ક્ષણસંતતિની ધારામાં ફરી બીજીવાર ઉત્પાદ-વ્યયપણું કોના આધારે માનશે? શું બૌદ્ધોનું એવું માનવું છે કે ઉત્પાદ-વ્યય એક પદાર્થમાં એક જ વાર થાય છે? અને બીજીવાર અથવા આગળ વારંવાર થાય છે કે નહીં? જો આગળ વારંવાર ન થતા હોય તો ક્ષણસંતતિની ધારામાં પદાર્થનું અસ્તિત્વ સતત કેવી રીતે સ્વીકારો છો? અથવા જો એકવારના વ્યયમાં પદાર્થનો સર્વથા અભાવ-નાશ થઇ જતો હોય તો ૧ વારના નાશ (વ્યય) પછી પદાર્થનું અસ્તિત્વ જ નહીં રહે તો આગળ ફરી ફરીને ઉત્પાદ-વ્યય કેવી રીતે થશે? અથવા બૌદ્ધે શું એક જ વખતના વ્યયમાં મૂળ દ્રવ્યનો પણ નાશ માને છે? અથવા પર્યાયનો નાશ માને છે? શેનો નાશ થાય છે તે નિર્ણય કરવો બહુ અગત્યનું છે. જો દ્રવ્યનો જ નાશ થઇ જાય છે એમ કહે તો ક્ષણસંતતિની ધારા કોના આધારે માને? વસ્તુ તત્ત્વના અસ્તિત્વના અભાવે ક્ષણસંતતિની ધારા રહેવી કે ચાલવી સંભવ જ નથી અને બીજી બાજુ જો દ્રવ્યનો પ્રથમ વ્યય વખતે નાશ ન થતો હોય તો... અનાત્મવાદ સ્વીકારવાનો આધાર શું રહે છે? શું આત્મા દ્રવ્યને પ્રથમ ક્ષણે બૌદ્ધો માને છે કે નહીં? જો પ્રથમ ક્ષણે સ્વીકારીને પછી આગળની ક્ષણો વખતે તે આત્માનું અસ્તિત્વ ન માને તો પ્રથમ-ક્ષણે વ્યય વખતે મૂળ દ્રવ્યનો જ સર્વથા નાશ થઇ જાય છે. આ પક્ષ સ્પષ્ટ થશે. પણ જો દ્રવ્યના બદલે પર્યાયનો નાશ માને તો ક્ષણિકવાદ માનવા છતાં પણ ક્ષણસંતતિની ધારાના

આધારે મૂળ દ્રવ્યરૂપ આત્માનો અભાવ સિદ્ધ નહીં થઈ શકે? આવી રીતે બૌદ્ધો માટે આ બાજુ વાઘ અને બીજી બાજુ નદી જેવી સ્થિતિ થશે. જો આત્માની પર્યાયનો વ્યય-નાશ માને તો જ ક્ષણસંતતિની ધારાનો સિદ્ધાંત ટકશે નહીંતર નહીં ટકે એ પણ હકીકત છે. બીજી બાજુ આત્માની પર્યાયનો જ નાશ-વ્યય માને અને મૂળ દ્રવ્યનો વ્યય ન માનતા તેનું અસ્તિત્વ સ્વીકારે તો અનાત્મવાદનો પક્ષ તેમનો રહેતો જ નથી. એ ઉડી જશે. કાં તો અનાત્મવાદની પ્રતિજ્ઞા જતી રહેશે. અથવા પછી ક્ષણસંતતિની પ્રતિજ્ઞા જતી રહેશે.

પદાર્થોનું યર્થાથ સ્વરૂપ શોધવું તે જ્ઞાનનું કાર્ય છે. આપણું જ્ઞાન પદાર્થમાં તેનું સ્વરૂપ આરોપણ કરવા માટે નથી. પરંતુ પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ જે હોય તેને સ્પષ્ટ કરવા માટે જ્ઞાન છે. હકીકતમાં આપણા વધેલા જ્ઞાનથી આપણે પદાર્થમાં સ્વરૂપનું આરોપણ કરી શકતા નથી, પરંતુ પદાર્થના વાસ્તવિક-યથાર્થ સ્વરૂપના આધારે આપણે આપણું જ્ઞાન સમ્યગ્ સાચું બનાવીએ છીએ. આપણું જ્ઞાન જો મિથ્યા હોય તો તેને સાચુ સમ્યગ્ બનાવીએ છીએ. સંસારમાં જીવો અનાદિ મિથ્યાજ્ઞાનથી ગ્રસ્ત છે. તેમનામાં પદાર્થનું જ્ઞાનસ્વરૂપ વિકૃત-વિપરીત છે. આત્માદિ પદાર્થો જેવા છે. તેવા તે જીવો હકીકતમાં નથી જોતા, નથી જાણતા, નથી માનતા અને બીજી બાજુ મિથ્યામતિના આધારે જેટલું જ્ઞાન હોય તે પ્રમાણે પદાર્થો તેવા હોતા નથી. એટલે બંને બાજુ દ્વિધા રહે છે. છેલ્લે સત્ય શું છે? સાચું શું? આ સચ્ચાઈને શોધવા જતા પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ શોધવા-સમજવા અથાગ સમ્યગ્ પુરુષાર્થ આપણે કરવો જ જોઈએ. આપણે પદાર્થનું સ્વરૂપ જે છે તે બદલી શકતા નથી. તો પછી તેનું સાચું જ્ઞાન મેળવીને આપણે આપણી મતિ-દૃષ્ટિ સુધારવી જોઈએ. આ રીતે અજ્ઞાનની નિવૃત્તિ થશે. અને જેમ જેમ અજ્ઞાનની નિવૃત્તિ થશે તેમ તેમ સાચુ સમ્યગ્ જ્ઞાન પ્રાપ્ત થતા મિથ્યાત્વની પણ નિવૃત્તિ થશે. અને આત્મા સમ્યગ્ શ્રધ્ધા પ્રાપ્ત કરશે. આ રીતે આત્મ કલ્યાણ ના દ્વાર ઉઘડશે. ક્રમે-ક્રમે વિકાસ (કલ્યાણ) થશે.

બૌદ્ધો હજારો વર્ષોથી આ મુળભૂત પદાર્થો વિશેના પોતાના અજ્ઞાનની નિવૃત્તિ કરી શક્યા નથી. ઉપરથી પદાર્થનું સાચુ સ્વરૂપ ન સ્વીકારતા... જેવું પોતે જાણે છે તેવું જ માત્ર માની રહ્યા છે. માત્ર ઉત્પાદ-વ્યયની પ્રક્રિયાને માનનારા બૌદ્ધો એટલું પણ સમજવા તૈયાર નથી કે મુળભૂત પદાર્થનું ધ્રૌવ્યપણું (નિત્યપણું) જો ન સ્વીકારે ન માને તો ઉત્પાદ-વ્યય પણ કેવી રીતે ટકશે? દા.ત. સોનું મૂળ દ્રવ્યને કાયમ માને તો જ તેની પર્યાયો રૂપ દાગિનામાં ઉત્પાદ-વ્યયની પ્રક્રિયા માની શકાશે. નહીંતર મૂળદ્રવ્યના અભાવે ઉત્પાદ-વ્યય માનવા અસંભવ છે. પાણી વાટકી કે ગ્લાસમાં રહે તે વખતે તે આકારનું જણાશે. પણ દ્રવ પદાર્થ પાણીને આકાર આપનાર આધારભૂત દ્રવ્ય જ જો ન રહે તો પાણી તે આકારની પર્યાયવાળું ક્યારેય નહીં ઓળખાય, માટે

આ આકાર પર્યાયને ઉત્પાદ-વ્યય યુક્ત માનવા માટે આકારકારક આધાર દ્રવ્યને માનવો પડશે. એવી જ રીતે આત્મા મુળભૂત દ્રવ્ય છે. સંસારી અવસ્થામાં આત્માને રહેવા માટે શરીર એ આધારભૂત દ્રવ્ય છે. શરીર વિના આત્મા સંસારમાં સંસારી અવસ્થા (પર્યાય)માં રહી શકે જ નહીં. અશરીરી પર્યાય એ સિદ્ધપર્યાય છે. આત્મા મૂળ દ્રવ્યનું અસ્તિત્વ રહે છે તો જ તેની પર્યાયો રહે છે. અન્યથા સંભવ જ નથી. સંસારી કોઇ પણ શરીર ઉત્પન્ન કરીને આત્મા રહે ત્યારે ઉત્પાદ સ્વરૂપ છે. અને એ પર્યાય વિશેષ નષ્ટ થઇ જાય ત્યારે-વ્યય થાય છે. આ વ્યય પછી આત્માની સાથે જ એના કર્મો રહે છે. તે કર્મોના કારણે ફરી બીજો જન્મ ધારણ કરવો પડશે એટલે ફરી ઉત્પાદ થશે. આ રીતે જ્યાં સુધી મોક્ષે નહીં જાય ત્યાં સુધી સંસારમાં સંસારી અવસ્થામાં અનંતીવાર ઉત્પત્તિ-ઉત્પાદ (જન્મ) અને અનંતવાર મરણ-વ્યય થતું જ રહેશે. અનંતી પર્યાયો ઉત્પાદ-વ્યયના આધારે બદલાતી જ રહેશે. સ્પષ્ટ છે કે મુળભૂત આત્મ દ્રવ્ય અનાદિ-અનંત, અનુત્પન્ન-અવિનાશી ત્રિકાળ અસ્તિત્વ ધરાવતું શાશ્વત દ્રવ્ય છે. તો અનંતકાળ સુધી તેની અનંત પર્યાયો ઉત્પાદ-વ્યયના આધારે પરિવર્તનશીલ જ રહે છે. પરંતુ અંતિમ પર્યાય સિદ્ધપર્યાયની થઇ ગયા પછી હવે એ અંતિમ પર્યાય અપરિવર્તનશીલ છે. અને જે અપરિવર્તનશીલ હોય તેને જ અંતિમ પર્યાય કહી શકાય તે વિના નહીં. સિદ્ધ અવસ્થા બદલાઇને ફરી સંસારી પર્યાય થઇ શકે તેમ નથી. હિંદુઓમાં મોક્ષ પછી ફરી સંસારી અવસ્થા પાછી માને છે. બ્રહ્મની ઇચ્છાના આધારે સ્વીકારે છે. માટે વૈદિકોમાં અંતિમ પર્યાય જેવી અવસ્થા જ નથી. તો તેને અંતિમ પર્યાય સ્વરૂપ મોક્ષ કહી જ ન શકાય.

અંતિમ પર્યાય માનવા જાય તો બૌદ્ધોને સિદ્ધાંત ક્ષયની બીક લાગે છે. સિદ્ધાવસ્થામાં હવે ઉત્પાદ-વ્યયની અખંડ પ્રક્રિયાને કેવી રીતે સ્વીકારવી? અને ઉત્પાદ-વ્યયની પ્રક્રિયાબંધ થઇ જાય અને એની અખંડ પરંપરા જ જો ન ચાલે તો આ સિદ્ધાંતનું નુકશાન થતું બૌદ્ધો સ્વીકારવા તૈયાર નથી. માટે પોતાનો મિથ્યા ખોટો સિદ્ધાંતપણ અખંડપણે રાખવા કે સ્વીકારવા માટે બૌદ્ધોએ આત્મ તત્ત્વનો જ ભોગ લઇ લીધો એના કરતા આત્માને જ ન માનવો. અનાત્મવાદ સ્વીકારી લેવો, અને એવી જ રીતે મોક્ષની અવસ્થાનું પણ અસ્તિત્વ ન સ્વીકારવું. આત્માનું અસ્તિત્વ જ રહે એવા મોક્ષની વિચારણા કરવી આવુ સ્વીકારનારા બૌદ્ધો શું બિચારા દયાને પાત્ર નથી લાગતા? અરે રે... પુત્ર ન હોય તો પણ વંધ્યાને પુત્ર શબ્દ સંભળાવીને પુત્ર છે નો કાલ્પનિક આનંદ-સંતોષ કરાવી લેવાની વૃત્તિવાળા બૌદ્ધો વાસ્તવિકતાનો અભાવ કરીને કાલ્પનિકતામાં જ મ્હાલવાનું શિખવાડે છે. પરંતુ કહેવાતા બુદ્ધિના ખાં એવા બૌદ્ધોને એ ક્યાં ખબર છે કે વંધ્યા સ્ત્રીને વાસ્તવિકતાનું ભાન છે. સચ્ચાઇએ પોતે જાણે છે કે મારે સંતાન નથી. અને માત્ર શાબ્દિક વાતાવરણ ઉભું કરીને માત્ર

કલ્પનાના ઘોડાઓ દોડાવીને મને સુખી-કે રાજી કરવા માંગે છે પરંતુ એનું અંતર સ્પષ્ટ સમજે છે. માટે સાચો આનંદ નથી થતો. એવી જ રીતે બૌદ્ધો આત્માનામક પુત્ર વિના આ સંસારી જીવને રાજી કરવા માંગે તો ક્યાંથી સુખી થવાય? અને દીપનિર્વાણ વત્ આત્માનો અભાવ થઈ જવો સ્વીકારીને અભાવાત્મક મોક્ષને સ્વીકારવાની માત્ર શબ્દોમાં ઉડતી વાતો કરીને કાલ્પનિક બનાવટથી મોક્ષાનંદ પામવાની વાત કરે છે તે ક્યાં સુધી સાચુ લેખાશે? ''मूलं नास्ति चेत् कुतो शाखा''? આ કહેવત એવી છે કે... ઝાડનું મૂળ જ ન હોય તો પછી ડાળ-વગેરેનો સવાલ જ ક્યાં ઉભો થાય? તેવી જ રીતે આત્મા જ ન હોય તો પછી મોક્ષની વાત જ ક્યાં ઉભી થાય? આ રીતે ચતુર બૌદ્ધોએ મોક્ષને ઉડાડી દેવા મૂળમાં આત્માને જ ન સ્વીકાર્યો અને મૂળમાં આત્માને જ ન સ્વીકારીને મોક્ષરૂપી અંતિમ ફળ-સ્વીકારવાની ભૂલ નથી કરતા અર્થાત્ તેઓ મોક્ષ જ નથી સ્વીકારતા, છતાં પણ મોક્ષ-નિર્વાણના શબ્દો વાપરીને કાલ્પનિક સુખ-આનંદ-પમાડવાની બાલીશ ચેષ્ટાઓ રોજ કરે છે.

આ સિદ્ધાંતની આવી વિપરીતતા સ્વીકારીને મિથ્યાત્વના ઘરમાં ઘૂસવાનું કામ કરનારા બૌદ્ધોને મિથ્યાત્વની ચિંતા નથી. શું સ્વીકારવું? સત્ય કયા પક્ષે છે? પદાર્થનું સ્વરૂપ સાચું સ્વીકારવું કે પછી તે પદાર્થોની વ્યવસ્થા તેમજ સ્વરૂપ નક્કી કરનાર સિદ્ધાંતની પ્રક્રિયાને સ્વીકારવી? જે સિદ્ધાંતની પ્રક્રિયા તત્વભૂત પદાર્થોના યથાર્થ સાચા સ્વરૂપને સ્વીકારવામાં, સિદ્ધ કરવામાં સક્ષમ જ ન હોય, તેવી સિદ્ધાંત પ્રક્રિયા સ્વીકારવામાં મિથ્યાત્વનું બિરૂદ ન મળે તો શેનું મળે? આવી રીતે પોતે બાંધેલા સિદ્ધાંતની પ્રક્રિયા પણ અશુદ્ધ-ખોટી હોય, અને બીજી બાજુ એના વડે પદાર્થોનું સ્વરૂપ પણ ખોટું સ્વીકારવાની વૃત્તિથી બૌદ્ધો બંને બાજુથી ફસાય છે. અને એ બંનેના આધારે... વિપશ્યના ને ધ્યાન સાધના પદ્ધતિ તરીકે બેસાડનારાની ગાડી સીધી ચાલશે કે ઉંધી ચાલશે? એનો વિચાર કોને આવશે?

આવા ૪ ભંગો છે. આ ચતુર્ભંગીમાંથી કયો ભંગ સાચો અને કયા ભાંગા-સાવ ખોટા અહિતકારી ઠરે છે તેની તપાસ કરવામાં ઉંડા ઉતરીને સૂક્ષ્મતાથી શોધવું જોઈએ. જેથી વધુ ખ્યાલ આવશે. આ ચતુર્ભંગીના ૪ ભંગો આ પ્રમાણે છે–

૧) પદાર્થનું સ્વરૂપ યથાર્થ છે–પરંતુ તેને સમજવાની સિદ્ધાંતની પ્રક્રિયા અશુદ્ધ છે.
૨) પદાર્થનું સ્વરૂપ ખોટું પકડવામાં આવ્યું હોય અને સિદ્ધાંતની પ્રક્રિયા શુદ્ધ રાખી હોય.
૩) પદાર્થનું સ્વરૂપ પણ ખોટું ધાર્યું છે અને સિદ્ધાંતની પ્રક્રિયા પણ ખોટી ધારી છે.
૪) પદાર્થનું સ્વરૂપ તેમજ તેને ઓળખવાની સિદ્ધાંત પ્રક્રિયા બંને સાવ સાચી રાખી છે.

ઉપરોક્ત ચારે ભંગોને બરોબર ધ્યાનપૂર્વક સમજવાની કોશીસ કરજો. સરળ છે. સ્પષ્ટ સમજાશે કે–બ્રહ્માંડના પદાર્થોનું જે અને જેવું વાસ્તવિક યથાર્થ સ્વરૂપ છે. પરંતુ આવા પદાર્થોને ઓળખવા-પારખવા માટેની પોતાની નક્કી કરેલી સિદ્ધાંતની

પ્રક્રિયા જ સાવ ખોટી બેસાડવામાં આવી હોય અને એનાથી એ પદાર્થોને પારખવા-ઓળખવા મહેનત કરવામાં આવે તો પરિણામ શું આવશે? દા.ત.: કપડા, શંખ, દૂધ વગેરે ચોક્ખા સફેદ હોવા છતાં પણ કાળા, પીળા રંગના કાચવાળા ગોગલ્સ પહેરીને જોવામાં આવે તો તે કેવા દેખાશે? આનો ઉત્તર તો નાનો બાળક પણ આપી શકશે. કાળા, લીલા, પીળા દેખાતા દૂધ, કપડા આદિ પદાર્થો શું વાસ્તવમાં એવા છે? ના... પરંતુ જોનાર માણસ જ્યારે એ પદાર્થોનું સ્વરૂપ આવું વર્ણન ઢોલ વગાડીને કરતો હોય તો શું સમજવું? બૌદ્ધોની આ દશાં છે. બૌદ્ધોએ મોટામાં મોટી ભૂલ એમની સિદ્ધાંતની પ્રક્રિયા ગોઠવીને કરી છે. સર્વં શૂન્યં, સર્વં ક્ષણિકં, સર્વં અનિત્યં એમ કહીને ઢોલ વગાડીને બધા પદાર્થોને એક જ કક્ષામાં લાવી મૂક્યા છે. હકીકતમાં પદાર્થો તેવા નથી છતાં પણ તેમને તેવા છે. એમ વાત બેસાડીને ગોઠવી દીધી છે.

૨) પદાર્થોનું સ્વરૂપ પહેલા ખોટું ગોઠવી દીધું હોય? પહેલાથી જ ખોટું અસત્ય સ્વરૂપ દ્રવ્યોનું નક્કી કરી લે અને પછી સિદ્ધાંતની સાચી પ્રક્રિયા પણ રાખે તો પણ શું વળે? દા.ત. કાચના ટુકડા ઘાટ ઘડીને હીરાનું રૂપ આપી દેવામાં આવે અને પછી એની ચળકાટ વગેરેથી એનો એ હીરા તરીકે જ વ્યવહાર કરવામાં આવે. બધાને સમજાવતી વખતે હીરો છે એમ કહીને જ ઓળખાવવામાં આવે તો શું વળે? એવી જ રીતે આત્મા નિત્ય છે.

અનિત્ય નથી. આકાશ નિત્ય છે, એ નષ્ટ નથી થતો. અવિનાશી અનુત્પન્ન સ્વભાવવાળા આવા પદાર્થોને વિનાશી-ઉત્પન્ન થવાવાળા માનીને બૌદ્ધો તેવો વ્યવહાર કરે છે. એવા પદાર્થોને પણ એમના ગુણધર્મોથી વિપરીત સ્વરૂપે ક્ષણિક અને અનિત્ય માનીને સર્વં ક્ષણિકં સર્વં શૂન્યંની ભાષામાં ઢોલ વગાડીને વાતો કરવી શું મૂર્ખતા ભરી નથી? અને વળી પાછા એવી વિચારધારા ઉપર ધ્યાન સાધના પદ્ધતિ ગોઠવીને હજારોને શીખવાડવામાં આવે તો અજ્ઞાન અને મિથ્યાત્વનો ગુણાકાર કરીને પ્રચાર-પ્રસાર કેટલો વધારે કરાય છે? આ રીતે તો માત્ર અસત્યનો જ વધારો થવાનો છે. લોકો સાચી દિશામાં પ્રવેશી પણ નહીં શકે.

૩) ત્રીજા ભાંગામાં પદાર્થનું સ્વરૂપ અને તેને ઓળખવાની પદ્ધતિ એમ બંને વિપરીત-સાવ વિરુદ્ધ છે. દા.ત. ચાર્વાક મતવાળા નાસ્તિકો આત્મા-મોક્ષાદિ પદાર્થોનો અભાવ જ સ્વીકારે છે. અને બીજી બાજુ પ્રત્યક્ષ પ્રમાણની જ સિદ્ધાંતની પ્રક્રિયા નિશ્ચિત કરે છે. બસ, અમને તો આંખે દેખાશે તો જ અમેં માનીશું નહીંતર નહીં. આવા ગધેડાના પૂછડાને પકડી રાખીને એમ કહે કે અમે તો સાચા સિદ્ધાંતને વળગીને બેઠા છીએ. તો એવા મૂઢ માણસોને કોણ સમજાવશે.

એવી જ રીતે બૌદ્ધો પણ ભૂલ કરી બેઠા છે. પ્રથમ આત્મા વગેરે પદાર્થોનું સ્વરૂપ જ ખોટું માની બેઠા અને વળી પાછા તેને શોધવાની પારખવાની સિદ્ધાંત

પ્રક્રિયા જ શૂન્ય માની બેઠા છે. સર્વ શૂન્યં કહીને પદાર્થોનો અભાવ રજૂ કરી દીધો હવે શું કરવાના?

૪) આ ચોથો એક જ ભંગ એવો છે કે જેમાં પ્રથમ પદાર્થનું સ્વરૂપ જ સર્વજ્ઞ વચનાનુસાર સાચુ સ્વીકારવામાં આવ્યું છે. એમાં જે નિત્ય છે, તેને જ નિત્ય માનવાની વાત છે. અને જે અપેક્ષાથી અનિત્ય છે, તેને અપેક્ષાથી અનિત્ય કહ્યા છે. જે અવિનાશી-અનુત્પન્ન છે તેને જ તેવા કહ્યા છે. તે વિનાશી નાશવંત છે તેને તેવા કહ્યા છે. જે સાદિ-સાંત સ્થિતિવાળા છે તેને તેવા કહ્યા છે, અને જે અનાદિ-અનંતકાલીન સ્થિતિવાળા છે તેને તેવા કહ્યા છે, આ રીતે પદાર્થો જે સ્વરૂપે જેવા છે તેને તેવા સર્વજ્ઞવચનાનુસાર સાચા અર્થમાં સ્વીકારીને તેને અનુરૂપ સાચા સિદ્ધાંની પ્રક્રિયા ગોઠવવામાં આવી છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત પદાર્થો છે. આવી અકાટ્ય સિદ્ધાંતની ધારા ગોઠવવામાં આવી છે. આ રીતે બંને પક્ષે યથાર્થતા-સત્યતા પૂરેપૂરી રાખવામાં આવી છે. માટે ક્યાંય ભૂલ ન થઇ જાય અસત્ય અને મિથ્યાત્વની સામે ખૂબ જ સાવધાન-અને સજાગ રહીને સમ્યગ્-સત્યપણાને વળગી રહીને ઉભય પક્ષે સાચી પ્રક્રિયાને ગોઠવવાનું શ્રેય એકમાત્ર સર્વજ્ઞ-વીતરાગી-તીર્થંકર ભગવંતોના ફાળે જાય છે. આવા વીતરાગી સર્વજ્ઞ ભગવંતોની શ્રેણીમાં ભલે પછી મહાવીર આવે કે આદીશ્વર આવે તે બધાય ચરમસત્યના સ્થાપક છે. માટે તેમની જ વાત ગ્રાહ્ય છે. તેમના જ સિદ્ધાંતો અંતિમ સત્ય સુધી પહોંચાડવામાં સક્ષમ અને સમર્થ છે. માટે આર્હત્ ધર્મ પન્થ જ સાચો માર્ગ છે. બીજા મિથ્યા માર્ગમાં અસત્યનું પોષણ ઘણું છે. આવા સમ્યગ્ સિદ્ધાંતની ધારાના આધારે ધ્યાન-યોગ સાધના પદ્ધતિ ગોઠવવામાં આવે તો જ તે સાચી ઠરે અને પરિણામ આવી શકે. કર્મક્ષય થઇ શકે. અને મોક્ષ પ્રાપ્તિનું લક્ષ્ય સાધી શકાય. અન્યથા અજ્ઞાન અને મિથ્યાત્વ ભવભ્રમણ કરાવતા રહેશે.

ધ્યાનમાં જ્ઞાન–

જેમ કસોટીનો પત્થર સોનું કસવા માટે છે તેમ ધ્યાન સાધના જ્ઞાનની અનુભૂતિ કરવા માટે છે. કસોટી ઉપર કસાયા પછી એ સોનાને સાચા સોના તરીકે સ્વીકારવામાં આવે છે. પછી વ્યવહાર જીવનમાં તે સોનાનો ઉપયોગ-વપરાશ કરવામાં આવે છે. એવી રીતે આધ્યાત્મિક સાધનાના ક્ષેત્રમાં ધ્યાન એ કસોટીના પાષાણ જેવું છે જે જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તેને ધ્યાનમાં અનુભૂતિના સ્તર ઉપર ચકાસવામાં આવે છે. જો જ્ઞાન જ સમ્યગ્ના બદલે મિથ્યા હશે તો ધ્યાનની પ્રક્રિયાનું શું પરિણામ આવશે? કાં તો પછી એક જ થશે કે જે પદાર્થોનું જ્ઞાન વિપરીત હશે તેની અનુભૂતિ તેવી જ થશે. અથવા તો પહેલાથી જ જે પદાર્થોના જ્ઞાન ના જેવા સંસ્કારો આપણા ઉપર પડ્યા હોય એ સંસ્કારોના આધારે ધ્યાનમાં તેવા માની લેવાની વિચારધારા સ્થિર થઇ જતી

હોય છે. પરિણામે મિથ્યા-વિપરીત જ્ઞાનના સંસ્કારોના આધારે ધ્યાન પણ મિથ્યા-વિપરીત જ થશે. બધા જ જીવો ધ્યાનમાં જ્ઞાન પ્રાપ્ત કરી શકતા નથી. કેટલાક પ્રાપ્ત જ્ઞાનના આધારે જ ધ્યાન કરીને સંતોષ માનતા હોય છે. કદાચ આ વર્ગની સંખ્યા જ ઘણી મોટી હશે? ટકાવારી આવા લોકોની જ વધારે હોય છે. જ્યારે ધ્યાનથી જબરદસ્ત કર્મનિર્જરા કરીને અભિનવ જ્ઞાન પ્રાપ્ત કરનારા કોઇક વિરલા જ હોય છે. ધ્યાનમાં ઉતરીને વિપરીત-વિરુદ્ધ જ્ઞાનને સમ્યગ્ બનાવી દેનારા પણ વિરલા હોય છે. આ વિષયમાં ચતુર્ભંગી થાય છે. તેમાં ૪ ભંગો આ પ્રમાણે થાય છે.

૧) જ્ઞાન સાચુ-સમ્યગ્ હોય પણ ધ્યાન વિપરીત થાય છે.

૨) જ્ઞાન સાચુ-સમ્યગ્ હોય અને ધ્યાનપણ સાચુ-સમ્યગ્ થાય.

૩) જ્ઞાન પણ મિથ્યા-વિપરીત હોય અને ધ્યાન પણ સર્વથા વિપરીત થાય.

૪) ધ્યાન સાચુ સમ્યગ્ હોય અને જ્ઞાન સર્વથા મિથ્યા-વિપરીત મળ્યું હોય.

આ રીતે ઉપરોક્ત ૪ ભાંગા જે પડે છે તેમાં પ્રત્યેક ભંગના આધારે આવી રીતે વિચારણા કરી શકાય છે. ૧) પ્રથમ ભંગમાં જ્ઞેય પદાર્થોનું જ્ઞાન સાચું સમ્યગ્ હોય તેમ છતાં ધ્યાન વિપરીત કરવામાં આવે છે. જૈન સિદ્ધાંતને સમજનાર સાધક જે આત્મા, પરમાત્મા, અને મોક્ષાદિ વિષયોનું જ્ઞાન સમ્યગ્ સાચુ ધરાવે છે, એવા સાધકો જો વિપશ્યયના આદિ અન્ય ધ્યાન સાધના પદ્ધતિમાં જાય ત્યાં આત્મા નથી, મોક્ષ નથી, બસ, જે છે તે મન છે, અને કાયામાં થતી સંવેદનાને જોતા જ રહેવાનું ધ્યાન કરતા રહે. એમાં એમનું આવા પ્રકારનું ધ્યાન જ્ઞાનની સાથે મેચ નથી થતું. માટે આવા સાધકો દ્વિધામાં મૂંઝાય છે. ઉપરથી ભ્રમમાં પડે છે. દેહભાવ પણ ન ઘટે.

૨) સર્વશ્રેષ્ઠ કક્ષાનો બીજો ભંગ છે. આમાં જ્ઞેય ભૂત પંચાસ્તિકાય, અને આત્મા-પરમાત્મા-મોક્ષાદિ પદાર્થોનું જ્ઞાન સર્વજ્ઞ વચનાનુસાર બિલકુલ સાચું સમ્યગ્ છે. અનેં બીજી બાજુ એ બધાની અનુભૂતિ માટે ધ્યાન પણ સાચુ-સમ્યગ્ કરે છે. માત્ર દેહમાં ઉદ્ભવતી સંવેદના જોવારૂપ એકડે એક અને બારાખડી ભણનારા બાળક જેવું બાળપોથીનું કહેવાતું ધ્યાન નથી. પરંતુ ધર્મધ્યાન ના ૪ ભેદોનું ધ્યાન શુદ્ધ ધ્યાન છે. એમાં સંસ્થાન વિચયના પ્રકારમાં સમસ્ત લોક-અલોક તેમજ તેના ઘટક દ્રવ્યોનું અને તેના ગુણ-ધર્મો, પર્યાયોનું યથાર્થ ધ્યાન કરવામાં આવે તે શુદ્ધ ધ્યાન છે. એમાં જ્ઞેયભૂત પદાર્થોને અનુભૂતિના સ્તર ઉપર લાવીને સત્ય-સમ્યગ્પણાની છાપ લગાડતા જવાય છે. અને સ્થાયી શ્રદ્ધામાં ભેગુ કરતા જવાય છે. આ રીતે જ્ઞેય પદાર્થોનું જ્ઞાન અને ધ્યાન બંને શુદ્ધ થવા જોઇએ.

૩) બૌદ્ધ દર્શન મુજબ પદાર્થોનો યથાર્થ બોધ પણ નહીં થાય અને એમની સિદ્ધાંતધારા પ્રમાણે જ્ઞેય પદાર્થોનું જ્ઞાન જ જો સાચું સમ્યગ્ નહીં થાય તો ધ્યાન ક્યાંથી સાચું સમ્યગ્ થશે? ધ્યાન સાચુ-સમ્યગ્ કરવા માટે જ્ઞાન સાચુ-સમ્યગ્ કરવું-

હોવું અનિવાર્ય છે. કારણ કે ધ્યાનનો આધાર જ્ઞાન ઉપર છે. એકબાજુ બૌદ્ધ દર્શનના પાયાના આધારે પદાર્થોનું જ્ઞાન જ સાચું યથાર્થ નથી થતું અને બીજી તરફ બૌદ્ધ દર્શનના પાયા ઉપર રચાયેલી વિપશ્યનાની ધ્યાન સાધના પદ્ધતિમાં માત્ર સંવેદનાનું નિરીક્ષણ જ કરવાનું છે. એટલે આત્મા-પરમાત્મા કે મોક્ષાદિ વિષયોનો સ્પર્શ માત્ર પણ નથી અને લોક-અલોકના તત્ત્વભૂત પદાર્થોનું કોઈ ધ્યાન નથી અને જ્ઞાન પણ નથી. આ રીતે જ્ઞાન અને ધ્યાન બંને જેના બગડ્યા છે, સાવ વિપરીત છે એવા ત્રીજા ભંગનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

ચોથ ભંગ પ્રમાણે વિચાર કરવા જઈએ તો ધ્યાનની પ્રક્રિયા સાચી મળી હોય, રાગ-દ્વેષથી નિવૃત્ત થવાની પ્રક્રિયા મળી હોય, ધર્મધ્યાન, વગેરે કરતા હોય, અથવા કેટલાક રાજયોગ, સમાધિ વગેરેની વાતો પણ વિચારે છે. બનવા જોગ છે કે તે પ્રક્રિયા સાચી મળી હોય પરંતુ એમાં ધ્યાનના આધારભૂત પદાર્થોનું જ્ઞાન સાચું ન હોય. સર્વથા વિપરીત ભાવનું મિથ્યા હોય. અથવા અજ્ઞાન હોય તો પણ ધ્યાન કેવી રીતે થશે?

એક વાત અહીં સમજવા જેવી એ પણ છે કે... અજ્ઞાન અને મિથ્યા જ્ઞાનમાં પણ આસમાન-જમીનનું અંતર છે. મિથ્યાજ્ઞાન સર્વથા વિપરીત જ્ઞાન છે. દા.ત. આત્મા હોવા છતાં પણ નથી એમ કહીને અસ્તિત્વનો નિષેધ કરવો અથવા આત્મા નિત્ય ધ્રુવ હોવા છતાં પણ અનિત્ય કહીને એને પણ ક્ષણિક નાશવંત માનીને અનાત્મવાદનો સિદ્ધાંત માનવાની વાતો કરવી એ મિથ્યાજ્ઞાન છે. જ્યારે આત્મા, પરમાત્મા, મોક્ષાદિ તત્ત્વો શું છે? કેવા છે? કેવા સ્વરૂપે છે ઇત્યાદિ વિષયક સહેજપણ જાણકારી ન હોવી તેને અજ્ઞાન કહેવાય છે. તત્ત્વોથી અજાણ વ્યક્તિ જ્ઞાન વિના ધ્યાન કેવી રીતે કરી શકે? માટે સાચુ કલ્યાણકારી પક્ષ માત્ર એક જ છે... જ્ઞાન અને ધ્યાન બંને સાચા-સમ્યગ્ શુદ્ધ કક્ષાના જોઈએ. તો જ સંવર-નિર્જરા કર્મક્ષયાદિ થઈ શકે. અને આત્મ કલ્યાણ થઈ શકે. સાચો ધ્યાન તેજ છે કે જેના આધારભૂત પાયામાં પદાર્થોનું જ્ઞાન સાચુ સમ્યગ્ હોય. જેમ એક મકાનના પાયા મૂળમાં મજબૂત હોય તો ઉપરના મકાનનું ચણતર વગેરે પણ સંશય વિનાનું ઉત્તમ થશે.

ધ્યાનમાં જ્ઞાન અને જ્ઞાનમાં ધ્યાનની પ્રક્રિયા સાધક માટે સુંદર સાધના છે. અજ્ઞાન વસ્તુના વિષયની અજ્ઞાનતાને સૂચવે. અજ્ઞાન શબ્દમાં વાપરવામાં આવેલો ''અ'' અક્ષર બંને અર્થમાં વપરાય છે. ૧) અ ને સર્વથા ''નિષેધવાચી'' અર્થમાં લઈએ તો જ્ઞાનનો સર્વથા અભાવ સૂચવે છે. દા.ત. આ બાળકને આત્મા-મોક્ષ વિષયનું અંશમાત્ર પણ જ્ઞાન નથી. ત્યાં મુળભૂત સર્વથા જ્ઞાનના હોવા પાના અસ્તિત્વનો અભાવ નથી સૂચવતો. પરંતુ આત્મા-મોક્ષાદિ વિષયક જ્ઞાનનો અભાવ સૂચવે છે. સર્વથા જ્ઞાનનો અભાવ અર્થાત્ અસ્તિત્વનું જ નિષેધ માત્ર જડ-અજીવ પદાર્થમાં

જોવા મળશે. જ્યારે જડ-અજીવ પદાર્થ કરતા ભિન્ન અસ્તિત્વ આત્માનું એકમાત્ર જ્ઞાન-દર્શનાદિ ગુણોના કારણે જ છે. માટે આવો અત્યંતઅભાવ સંભવ નથી. બીજા અર્થમાં 'અ' અલ્પાર્થસૂચક પણ છે. અજ્ઞાનમાં અ-અલ્પાર્થ સૂચક હોવાના કારણે આ વ્યક્તિ વિશેષમાં આત્મા-મોક્ષાદિ વિષયક જ્ઞાનની અલ્પતા, ન્યૂનતા સૂચવાય છે. માત્ર દ્રવ્યશ્રદ્ધા, બાહ્યશ્રદ્ધાવાળી વ્યક્તિમાં આત્મા-મોક્ષાદિ તત્ત્વભૂત પદાર્થો છે એટલું જ માત્ર જ્ઞાન છે. વ્યવહારિક શ્રદ્ધાના આધારે એટલું જ માને છે. પણ આત્મા કેવો છે? આત્માનું સ્વરૂપ કેવું છે? ઈત્યાદિ અનેક વાતોમાં વિશેષ વધારે જ્ઞાન ન હોવાના કારણે અલ્પજ્ઞાનને પણ અજ્ઞાન કહેવાય છે. અથવા કોઈ વ્યક્તિ વિશેષમાં એકાદ વિષયનું જ્ઞાન ઘણું ઉંડું હોય પણ બીજા વિષયનું જ્ઞાન બિલ્કુલ ન હોય તો તેને પણ અજ્ઞાનની સ્થિતિ કહેવાય છે.

મિથ્યાજ્ઞાનની વાત સાવ અજ્ઞાનથી જૂદી જ પડે છે. મિથ્યાજ્ઞાન શબ્દ રચનામાં જ્ઞાન શબ્દ પ્રયુક્ત છે. નહીં કે અજ્ઞાન શબ્દ. જ્ઞાન શબ્દથી સૂચિત જે જ્ઞાન છે તે કેવું છે તે સૂચવવા આગળ મિથ્યા શબ્દ વિશેષણાત્મક પ્રયુક્ત છે એવું સ્પષ્ટ લાગે છે. મિથ્યા શબ્દનો સીધો અર્થ છે... વસ્તુનું સ્વરૂપ યથાર્થ રીતે સાચા અર્થમાં જેવું છે તેના કરતા વિપરીત અર્થમાં માનવું, જાણવું. એનાથી સ્પષ્ટ થાય છે કે... મિથ્યાત્વવૃત્તિવાળા જીવો પદાર્થોનું થોડું આછું-પાતળું જ્ઞાન સાચા અર્થમાં જાણે છે ખરા... પરંતુ તેને જ તેઓ વિપરીત અથવા વિકૃત અર્થમાં માનતા હોય છે. દા.ત. આત્મા મોક્ષાદિ પદાર્થો વિષે સાચા જ્ઞાનનું સ્વરૂપ અંદરખાને જાણતા હોય છે. ભલે પ્રમાણ થોડુંક જ હોય છે. પરંતુ તેને વિપરીત, કે વિકૃત કરી દેતા હોય છે. કોઈ કહી દે છે કે ના... આત્મા છે જ નહીં, કોઈ કહેશે કે આત્મા અનિત્ય, નાશવંત, કે ક્ષણિક છે. ચાર્વાક મતવાદી નાસ્તિકો... જેઓ મૂળમાંથી આત્માની સત્તા જ માનવા તૈયાર નથી. તેઓ આત્મા નામના કોઈ પદાર્થના અસ્તિત્વનો અભાવ સ્વીકારે છે. તે સૌપ્રથમ મોટા મુખ્ય મિથ્યાત્વી ગણાય. જ્યારે બૌદ્ધો આત્માનામક દ્રવ્યનું અસ્તિત્વ માનીને પાછા તેને ક્ષણિક-નાશવંત કહીને અનિત્ય કહે છે. અને અંતમાં નિર્વાણની સ્થિતિમાં આત્માનું વિલય માની ને ફરી પાછી અભાવની સ્થિતિ લાવે છે. આશ્ચર્ય તો એ છે કે પહેલા છે એમ માનીને તેની સ્થિતિ ક્ષણિક કે નાશવંત માનીને પછી અનિત્ય માનવામાં પણ મોટી ભૂલ કરે છે. કારણ કે હકીકતમાં આત્મા તેવો પદાર્થ નથી. અને બૌદ્ધ મતમાં પણ ક્ષણસંતતિવાદના આધારે આત્મા પદાર્થનું પણ નિત્યપણું સિદ્ધ થઈ જાય છે. તો પછી અંતે જઈને નિર્વાણ વખતે આત્માનો લોપ માનવો અર્થાત્ અભાવાત્મક સ્થિતિ માની ને પાછી મોક્ષની સ્થિતિ ખરાબ કરી નાંખી તેનું ભાન તેમને કેમ નથી? પરંતુ મૂળ પાયો જ ખોટો હોય ત્યાં શું થાય? માટે માત્ર આત્મા-મોક્ષાદિ દ્રવ્યોને માનવા જ પર્યાપ્ત નથી. પરંતુ ખરેખર સાચા અર્થમાં પદાર્થો જેવા છે

તેવા જ માનવામાં સાચુ સમ્યગ્ જ્ઞાન-દર્શન છે. માટે આવી પદાર્થની છે એના કરતા વિપરીત વિકૃત સ્થિતિ માનવાની વાતો પણ મિથ્યાત્વના ઘરની છે. વિપરીતમાં પદાર્થ જેવું છે તેના કરતા તેનું જ્ઞાન વિપરીત અર્થાત્ ઉલ્ટું-સાવ ઉંધુ ધરાવવાની વાત છે, જ્યારે વિકૃતમાં આત્માદિ પદાર્થોના સ્વરૂપમાં ગુણ-ધર્મો, પર્યાયો, દ્રવ્યસ્વરૂપ આદિ તેમજ નિત્યત્વ-આદિ ધર્મોમાં છે એના કરતા સાવ જ મારી-મચડીને એવી કરી નાંખે છે કે તે પદાર્થ ખરેખર જેવો છે તેવો ન જ ભાષે ન જ જણાય. જેમ કે આત્મા નિત્ય છે અને એના બદલે તેને સર્વથા અનિત્ય જ કહી દે. સદાકાળ શાશ્વત હોય તેને નાશવંત-ક્ષણિક કહી દે. ઈત્યાદિ એવી સાવ ઉંધી-વિપરીત મનઘડંત-કપોળ કલ્પિત પાયા વિનાની વિચારધારા પદાર્થની મુળભૂત વિકૃતિ કહેવાય છે. આ બધું મિથ્યાત્વનું સ્વરૂપ છે. મિથ્યાત્વ ક્યારેય કોઈપણ એક પદાર્થનું જેવું છે તેવું યથાર્થ સ્વરૂપ જાણવા-સમજવા-માનવા-જોવા દે જ નહીં. માટે સર્વ પ્રથમ મિથ્યાત્વની નિવૃત્તિ થવી જોઈએ, તો જ સાચું સમ્યગ્ જ્ઞાન-દર્શન થાય અને એનાથી જ આત્માનો વિકાસ સારો થાય. માટે ધ્યાન કરવાની ઉતાવળ ન કરતા જ્ઞાન સાચું સચોટ સમ્યગ્ થાય તે અંગે હજારગણો પ્રયત્ન કરવો જોઈએ. યાદ રાખજો, સમ્યક્ત્વ માત્ર દેવ-ગુરૂ ધર્મના જ સાચા-સમ્યગ્ સ્વરૂપની વાત નથી કરતું. પરંતુ જગતના તમામ દ્રવ્યો-પદાર્થોના પણ સાચા યથાર્થ સ્વરૂપને જેવા છે તેવા જ માનવાની સ્પષ્ટ વાત કરે છે. જો માત્ર દેવ-ગુરૂ-ધર્મના સાચા સમ્યગ્ સ્વરૂપને જાણતા-માનતા હો તેમ છતાં પણ જીવ-અજીવાદિ સંસારના બધા પદાર્થોના વિષયમાં તે જેવા છે તેવા સાચા સમ્યગ્ યથાર્થરૂપે ન જાણીએ ન માનીએ તો સાચું સમ્યક્ત્વ નહીં કહેવાય. માટે જ જૈન ધર્મના પાયાના સિદ્ધાંતમાં નવતત્ત્વોની સાચી સમજ આપવામાં આવે છે. જીવ-અજીવાદિ સમસ્ત પદાર્થો, તત્ત્વોનું જ્ઞાન-સમ્યગ્ મળી જાય. આ નવ તત્ત્વોમાં જીવ અને અજીવ એ બે પદાર્થો-દ્રવ્યો છે. જ્યારે શેષ સાતેય તત્ત્વો છે. પદાર્થો નથી. આશ્રવ-સંવર-નિર્જરા અથવા મોક્ષાદિ દ્રવ્યો નથી. પરંતુ તે બધા તત્ત્વો છે. આ બધાનું પાયાનું જ્ઞાન સાચુ-સમ્યગ્ યથાર્થ હોવું અત્યંત જરૂરી છે.

જેવું જ્ઞાન તેવું ધ્યાન–

ધ્યાનનો આધાર જ્ઞાન છે. માટે જ્ઞાનનું મહત્ત્વ ઘણું વધારે છે. જ્ઞાનના આધારે ધ્યાન થશે. જેવું જ્ઞાન હશે તેવું ધ્યાન થશે. જો જ્ઞાન મિથ્યા હશે? આત્માદિ પદાર્થોને માનવાનું અથવા છે તેના કરતા પણ વિપરીત કે વિકૃત માનવાની વિચારધારા હશે તો નિશ્ચિત સમજજો કે તેવા મિથ્યા-વિપરીત-વિકૃત જ્ઞાનના આધારે ધ્યાન પણ મિથ્યા-વિપરીત જ થવાનું છે. જેવું દર્પણ હશે તેવું મોઢું દેખાશે, અને જેવું મોઢું હશે તેવું દર્પણમાં દેખાશે. એવી જ રીતે જેવું જ્ઞાન હશે? તેવું ધ્યાન થશે, અને જેવું ધ્યાન

કરશો તેવું જ્ઞાન થશે? એમ બંને બાજુ છે. માટે કોનું ધ્યાન કરે છે? કેવું ધ્યાન કરે છે. એ કરતા પ્રથમ તેની જ્ઞાનની કક્ષા જોવી-માપવી અત્યંત અનિવાર્ય છે. જો જ્ઞાન સાચું સમ્યગ્ યથાર્થ છે. આત્મા-પરમાત્મા-મોક્ષાદિ પદાર્થો સાચા-વાસ્તવિક સ્વરૂપમાં જાણતો માનતો હોય તે સાધક ધ્યાન કરશે તો પ્રગતિમાં ગુણાકાર સારો થશે.

પ્રસ્તુત પુસ્તકમાં જ્ઞાન-ધ્યાન ઉભયની યથાર્થતાનું વર્ણન કરીને સાધકને સાચી દિશામાં લઇ જવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. જેથી સાધક સાચી સાધના પદ્ધતિને સમજી શકે. સાધનોનો સાચો સદુપયોગ કરી શકે. અને અંતે સાચા સાધ્ય ને પામી શકે. અહીં માત્ર શારીરિક આસનો-પ્રાણાયામોના યોગની વાત નથી કરવી પરંતુ યોગની આધ્યાત્મિકતાના પાંસાને રજૂ કરવાનો પ્રયત્ન છે. જેથી સાધક કર્મક્ષયની દિશામાં આગળ વધીને સાધ્યને સાધવા વચ્ચેના અંતરને ઘટાડી શકે. આધ્યાત્મિક યોગ-વિજ્ઞાન પુસ્તકના પ્રસ્તુત પ્રથમભાગને પાયાની ભૂમિકારૂપ સમજવું અને આગળના ભાગો અવશ્ય પૂર્ણ-પણે-સારી રીતે વાંચવા.



आ श्रीकैलाससागरसूरि ज्ञानमन्दिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पिं ३८२००९













श्री हथुण्डी राता महावीर स्वामी तीर्थ.
पो. बीजापुर बाया. बाली. स्टे. फालना. रा
पीनकोड. ३०६७०७.

प्रकाशक: मुद्रक: श्री महावीर विद्यार्थी कल्याण केन्द्र.
३४ वसन्तविलास. ओशे माळे.
डॉ. डी.डी. साठे मार्ग वी.पी. रोड. प्रार्थना समाज
मुंबई. ४०००४

प्रकाशक: मुद्रक: श्री महावीर
३४ वसन्तविलास.
डॉ. डी.डी. साठे मार्ग
मुंबई

MULTY GRAPHICS (022) 2665747 / 3880208